# અનોખી ઇઝરાયલ પ્રજા

## અનોખાં ભૂત, વર્તમાન ને ભાવિ




રેવ.ડૉ.જયાનંદ ભાઈ ચૌહાન

# અનોખી ઇઝરાયલ પ્રજા

રેવ.ડૉ.જયાનંદ ભાઈ ચૌહાણ

# અનોખી ઇઝરાયલ પ્રજા

## અનોખાં ભૂત, વર્તમાન ને ભાવિ

પાંચમી આવૃત્તિ

લેખક :

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

*એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.*

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન,

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ **અનોખી ઈઝરાયલ પ્રજા**

◆ *પ્રકાશક :*
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ *લેખક :*
**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન,**
*એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.*

◆ **પાંચમી આવૃત્તિ :** જુલાઈ-૨૦૦૦

◆ **પ્રત :** ૧૦૦૦

◆ **કિંમત : રૂ. ૧૨૫-૦૦**

◆ *મુદ્રક :*
**જેન્સન કોમ્પ્યુટર્સ,**
એ-૪ બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી, મ્યુ. સ્નાનાગાર સામે,
ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.
**ફોન : ૨૧૬૨૪૪૧**

# અર્પણ - ૧



**સ્વ. માર્થાબહેન ગુલાબભાઈ ક્રિશ્ચિયન**

મૃત્યુ તા. ૨૪-૧૧-૧૯૭૦

**સ્વ. પાળક ગુલાબભાઈ શીવલાલ ક્રિશ્ચિયન**

મૃત્યુ તા. ૩૦-૧-૧૯૬૦

સ્વ. શ્રીમતી માર્થાબહેન ગુલાબભાઈ ક્રિશ્ચિયન અને
સ્વ. પાળક ગુલાબભાઈ શીવલાલ ક્રિશ્ચિયનના
સ્મરણાર્થે તેમના અમેરિકા સ્થિત
પૌત્ર શ્રી. સીમ્પસનભાઈ લ્યુથરભાઈ ક્રિશ્ચિયન તરફથી

આ પુસ્તકના પ્રકાશન માટે રૂ. પંદર હજાર
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને ભેટ મળ્યા છે.

આ માટે તેમનો આભાર માનીએ છીએ.

# અર્પણ - ૨



**સ્વ. શ્રી. ફ્રાન્સિસ શેમ્યુલ સોલંકી**

સ્વ. શ્રી. ફ્રાન્સિસ શેમ્યુલ સોલંકીના
સ્મરણાર્થે
તેમનાં દીકરી જમાઈ - શ્રીમતી ડૉરીસ અને
શ્રી. સેસીલ અર્નેસ્ટ ચૌહાણ તથા
બાળકો બિટ્રેસ તથા ડેલ્વીન (કુવૈત)
તરફથી
રૂ. ૧૦,૦૦૦/- ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને
ભેટ આપવામાં આવ્યાં છે.

# અર્પણ - ૩

**કુ. કલેરા ખુશાલદાસ દાસ**

(નિવૃત્ત માધ્ય. શિક્ષિકા, નડિયાદ)

તરફથી

**આ પુસ્તકના પ્રકાશન માટે કુલ**

**રૂ. ૪૦,૦૦૦/-**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને**
**નીચે જણાવ્યા પ્રમાણે ભેટ આપવામાં આવ્યા છે.**
**આ માટે તેમનો આભાર માનીએ છીએ.**

| | |
|---|---|
| ◆ કુ. કલેરા ખુશાલદાસ દાસ | રૂ. ૧૦,૦૦૦ |
| ◆ સ્વ. રેવ. માધવલાલ નાથાલાલ તથા જીવીબાઈ દાદા-દાદીની યાદમાં દૌહિત્રી તરફથી | રૂ. ૧૦,૦૦૦ |
| ◆ સ્વ. મંજુલાબહેન તથા રેવ. ખુશાલદાસ બી. દાસ માતપિતાની યાદમાં પુત્રી તરફથી | રૂ. ૧૦,૦૦૦ |
| ◆ સ્વ. સીરીલ માધવલાલ ઠાકોર (નિવૃત્ત પ્રિન્સિપાલ - લખનૌ ક્રિશ્ચિયન કોલેજ) મામાની યાદમાં ભાણેજ તરફથી | રૂ. ૧૦,૦૦૦ |

# નિવેદન

જનતાએ અનોખી ઈઝરાયલ પ્રજા વિષેના મારા પુસ્તકનો ખૂબખૂબ ઉમળકાભર્યો આવકાર કર્યો ! એ જોઈ ઊંડા આભારની લાગણી અનુભવું છું. પહેલી આવૃત્તિની ૩,૦૦૦ નકલ છપાઈ. એ જાહેરમાં મૂકવામાં આવતાં દોઢ-બે માસમાં ખલાસ થઈ ગઈ. આથી વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને એની ૫,૦૦૦ નકલની બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી. આ બીજી આવૃત્તિનો ઉપાડ પણ અઢી માસમાં જ થઈ ગયો. એની માંગ વધતી જ ચાલી. આખરે ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી. ફરી પુસ્તકની બધી નકલો ખલાસ, અને માંગ ચાલુ જ ! એટલે ચોથી આવૃત્તિ બહાર પાડી. આ આવૃત્તિમાં ઇઝરાયલ રાજયની ઝડપથી બદલાતી પરિસ્થિતિ અને સતત બદલાતા આંકડાનો ફેરફાર કર્યો. વળી અદ્યતન નવી માહિતી અને નવાં ચિત્રોનો સમાવેશ કર્યો છે.

યહૂદીઓ વિષેના અભ્યાસનો રસ તો છેક સને ૧૯૪૩થી લાગ્યો હતો. એમાં વળી ૧૯૫૪માં મને આ પ્રદેશમાં એક માસનો પ્રવાસ કરવાને મળ્યો, અને ૧૯૮૬માં પચાસ વ્યક્તિઓના જૂથને લઈને આ દેશનું પર્યટન કર્યું, તેથી ઘણો જાત અનુભવ પણ મળ્યો.

"યહૂદીઓ ઈશ્વરનું ઘડિયાળ છે." સમયનાં એંધાણ પારખવાને એ અચૂક ઘડિયાળ છે. યહૂદી પ્રજા માનવ-ઈતિહાસના સમય, સંજોગો અને "હવામાન"ની પ્રદર્શક છે, - જોવા ઇચ્છે તેને માટે ! એટલે એને લગતાં આ સંશોધનમાં મને તો રસથાળ મળ્યો ! અને પછી તો એ રસથાળ બીજાંને પણ પીરસી દેવાની ભારે તાલાવેલી લાગે જ ને ! સને ૧૯૬૭ના જૂનની પાંચમીનું યુદ્ધ શરૂ થતાં એમાંથી થોડુંક લખવાના સંજોગો ઊભા થયા, એમ એ પુસ્તિકા સાકાર બની.

ચોથી આવૃત્તિની નકલો પણ ખલાસ થઈ ગઈ. તેની રડીખડી આવૃત્તિ પણ મળતી નથી.

નકલો મળતી નથી, અને યરુશાલેમની ૩૦૦૦ વર્ષની જયુબિલીનું ટાણું આવ્યું તેથી તેની પાંચમી આવૃત્તિ જયુબિલી આવૃત્તિ તરીકે તૈયાર કરવાનું

નક્કી કર્યું. અનેક રંગીન ચિત્રો, અને રસસભર માહિતી સાથે આ પાંચમી આવૃત્તિ તૈયાર કરી છે.

દાવીદ રાજાએ યબૂસીઓની પાસેથી યરુશાલેમ જીતી લીધું, તેને ૩૦૦૦ વર્ષ થયાં, તેથી ઈઝરાયલમાં બહુ ભવ્ય રીતે જયુબિલી ઊજવવામાં આવી હતી. દેશદેશનાં ગાયકગણો ઈઝરાયલમાં આવ્યાં હતાં. ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી.

દાવીદે યરુશાલેમને પાટનગર બનાવ્યું. યરુશાલેમ તો 'અનંતકાળ' માટે પાટનગર છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન થશે, ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તના રાજયની ગાદી યરુશાલેમમાં થશે.

આ પુસ્તકમાંનાં અવતરણો અને માહિતી માટે ઉપયોગી નીવડેલાં પુસ્તકોના લેખકોનો અને ચિત્રો વાપરવા આપનાર બધાંનો અંતરથી આભાર માનવાની અહીં તક લઉં છું.

આ પુસ્તક તૈયાર કરવામાં મને મદદ કરનાર સર્વ ભાઈબહેનોનો હું હૈયાસભર આભાર માનું છું : શ્રી. રમણિકભાઈ ટી. પરમાર (નડિયાદ), શ્રી. જ્હોનભાઈ એસ. મેકવાન (નડિયાદ), શ્રી. જોનભાઈ મગનભાઈ મેકવાન (નડિયાદ), શ્રી. જોનભાઈ આઈ. ક્રિશ્ચિયન (નડિયાદ), કેરીનબહેન ફ્રેડ્રિકભાઈ ક્રિશ્ચિયન (નડિયાદ), હાન્નાબહેન ડેવિડભાઈ ક્રિશ્ચિયન (આણંદ), શ્રી. કેતનભાઈ જે. ક્રિસ્ટી (વણાકબોરી), રેવ. મગનલાલભાઈ દાસ (નડિયાદ).

જુલાઈ-૨૦૦૦ જયાનંદ આઈ. ચૌહાન

# પ્રસ્તાવના

'અનોખી ઈઝરાયલ પ્રજા'ની પાંચમી આવૃત્તિ વાચક ભાઈબહેનોનાં હાથોમાં મૂકતા ભારે હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ પાંચમી આવૃત્તિની ૧૦૦૦ નકલો સાથે કુલ ૧૫,૦૦૦ નકલો છપાઈ તે જ આ પુસ્તકની લોકપ્રિયતા બતાવે છે, આ માટે ઈશ્વરપિતાનો પુષ્કળ આભાર માનીએ છીએ. અને રેવ. ડો. જયાનંદ આઈ. ચૌહાન સાહેબને અભિનંદન પાઠવીએ છીએ. યરુશાલેમની ૩૦૦૦ વર્ષની જ્યુબિલી ઉજવવાના સમયે આ પુસ્તકની પાંચમી આવૃત્તિ પ્રસિદ્ધ કરવી તેવું નક્કી કરવામાં આવ્યું, અને તે માટે રેવ. જયાનંદ સાહેબે શારિરીક મર્યાદાઓનો સામનો કરીને અથાગ પ્રયત્નો અને પરિશ્રમ કર્યો છે. ખૂબ મોટાં અને દળદાર માહિતીસભર આ પુસ્તકમાં ઈઝરાયલની અત્યારની પરિસ્થિતિને પણ સમાવવામાં આવી છે અને પુસ્તકની મધ્યમાં રંગીન આકર્ષક ચિત્રો પણ મૂકવામાં આવ્યા છે. ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યના પ્રકાશનમાં આ પુસ્તકની પાંચમી આવૃત્તિ એક રેકોર્ડ છે, જે આપણા માટે ગૌરવ સમાન છે.

આ પુસ્તકના પ્રકાશન સમયે રેવ. ડો. જયાનંદ ચૌહાન સાહેબના જીવન માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. ઈશ્વરપિતાએ તેમના આ સેવક દ્વારા ગુજરાતની ખ્રિસ્તી મંડળીને અજાયબ જેવો સાહિત્ય વારસો આપ્યો છે. રેવ. જયાનંદ સાહેબે સાહિત્ય દ્વારા સુવાર્તા પ્રચારની આ સેવાને ફળવંત બનાવી છે. સમગ્ર ખ્રિસ્તી સમાજને તેમના વિવિધ સાહિત્ય સર્જન દ્વારા આત્મિક પોષણ મળ્યું છે. તેમના પુસ્તકોને માટે રેવ. જે. આઈ. ચૌહાન રિવોલ્વિંગ ફંડ પણ ઊભું કરી ખૂબ મોટા પ્રમાણમાં દાનો પણ એકત્ર કર્યા છે. આમ નાણાં જે, પુસ્તકો છપાવવા માટેની મુખ્ય જરૂરિયાત છે તે પણ તેઓશ્રીએ ઊભા કર્યા છે તે બદલ આભાર માનીએ છીએ. આ મહત્વનાં પ્રકાશન કાર્યમાં શ્રીમતિ જયવંતિબહેન ચૌહાનના ફાળાની ખૂબ આભારસહ નોંધ લઈએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી સિમ્પસનભાઈ લ્યુથરભાઈ ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) તરફથી તેમના દાદા સ્વ. પાળક ગુલાબભાઈ શીવલાલ ક્રિશ્ચિયન તથા દાદી સ્વ. માર્થાબહેન ગુલાબભાઈ ક્રિશ્ચિયનના સ્મરણાર્થે રૂ.૧૫,૦૦૦/-નું ઉદાર દાન મળ્યું છે. તે બદલ શ્રી સિમ્પસનભાઈ તથા સમગ્ર કુટુંબનો આભાર માનીએ છીએ.

આ ઉપરાંત શ્રીમતી ડોરીસબહેન, શ્રી સેસીલ અર્નેસ્ટ ચૌહાણ તથા બાળકો બિટ્રેસ અને ડેલ્વીન (કુવૈત) તરફથી તેમના પિતાશ્રી સ્વ. ફ્રાન્સિસ શેમ્યુલ સોલંકીના સ્મરણાર્થે રૂ. ૧૦,૦૦૦/-નું દાન મળ્યું છે. તે બદલ સર્વ સ્નેહીજનોનો આભાર માનીએ છીએ.

નડિયાદના કુ. કલેરાબહેન ખુશાલદાસ દાસ તરફથી રૂ. ૧૦,૦૦૦/- તેમના દાદા સ્વ. રેવ. માધવલાલ નાથાલાલ તથા દાદી સ્વ. જીવીબાઈની યાદમાં ૧૦,૦૦૦/-, માતા સ્વ. મંજુલાબહેન તથા પિતા રેવ. ખુશાલદાસ બી. દાસની યાદમાં રૂ. ૧૦,૦૦૦/-, મામા સ્વ. સીરીલ માધવલાલ ઠાકોરની યાદમાં રૂ. ૧૦,૦૦૦/- એમ કુલ રૂ. ૪૦,૦૦૦/-નું ખૂબ ઉદાર દાન આ મહત્ત્વના પ્રકાશન માટે મળ્યું છે.

આ પુસ્તકના પ્રકાશનને માટે જેન્સન કોમ્પ્યુટર્સનો પણ ખાસ આભાર માનીએ છીએ. આ દળદાર પુસ્તક અને તેમાં મૂકેલા ફોટા, માહિતી યોગ્ય રીતે ગોઠવવા તેમણે જે શ્રમ ઉઠાવ્યો છે તે બદલ જેન્સન કોમ્પ્યુટર્સ પરીવારનો પણ આ સમયે આભાર માનીએ છીએ.

આ અમૂલ્ય ગ્રંથના પ્રકાશન માટે જે દાતાઓએ ઉદારતાથી દાનો આપી ટ્રાક્ટ સોસાયટીની સાહિત્ય પ્રકાશનની સેવાઓને ઉત્તેજન આપ્યું છે તે બદલ સર્વ દાતામિત્રોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

અમને ખાતરી છે કે, પ્રભુના લોકો રેવ. જયાનંદ સાહેબના આ બહુમૂલ્ય ગ્રંથને અંતરના ઉમળકાથી વધાવી લેશે અને નવા યરુશાલેમ માટે પોતાની જાતને તૈયાર કરશે તેવી જ અંતઃકરણની પ્રાર્થના છે.

"પિતાને મહિમા, વળી પુત્રને, હા.
તને હો, શુભાત્મા સદા તે મહિમા
સદાકાળ એવો ગુણી-ગૌરવી હો.
ત્રિએકી પ્રભો ઓ, ત્રિધન્ય મનાજો."

ખ્રિસ્તમાં સાથી સેવક,
**રેવ. નિકોલસ પરમાર,**
*સેક્રેટરી*
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

**જુલાઈ-૨૦૦૦**

# એ ઈઝરાયલ પ્રજા કોણ છે ?

- એક ટૂંકામાં ટૂંકું યુદ્ધ ૧૯૬૭ના જૂનની પાંચમીએ શરૂ થયું, અને દુનિયાને આંચકો આપીને છ દિવસમાં તો ખલાસ પણ થઈ ગયું ! એક તરફ બાર આરબ રાજ્યોનું સંગઠન; બીજી તરફ એકલું ઈઝરાયલ ! એક બાજુ આરબજગતની અઢાર કરોડની મોટી સંખ્યા, ને અગિયાર વર્ષની તૈયારી; બીજી બાજુ ફક્ત ૧૯૪૮માં જન્મેલું અને માત્ર અર્ધા મુંબઈ શહેરની વસતી જેટલું ટચૂકડું ઈઝરાયલ! છતાં માત્ર છ દિવસમાં ઈઝરાયલે શત્રુસેનાને ભયંકર હાર પમાડી. એ ઈઝરાયલ પ્રજા કોણ છે ?
- ઓગણીસ સૈકાં સુધી જેને વતન વગરની બનીને દુનિયાના ૧૦૪ દેશોમાં રઝળવું પડયું, છતાં પ્રજા તરીકે મટી ગઈ નહિ, એ ઈઝરાયલ પ્રજા કોણ છે ?
- બે દાયકામાં બબ્બે વખત જેના ત્રીજા ભાગના લોકોનો અમાનુષી સામૂહિક સંહાર થાય, છતાં એ જ અરસામાં એનું રાજ્ય સ્થપાય ! એ પ્રજા કેવીક ખમીરી અને ખુમારીવાળી હશે ?
- માત્ર ઓગણીસ જ વર્ષમાં ઉજ્જડ અને સૂકા પ્રદેશને લીલોછમ બગીચો બનાવી દેનાર આ ધ્યેયલક્ષી અને મહેનતુ પ્રજા કોણ છે ?
- વિમાની અપહરણમાં બાન પકડાયેલા પોતાના એકસો માણસોને અઢી હજાર માઈલ દૂરથી ઊડી આવીને એક જ કલાકમાં ઉપાડી લઈ જવાનું અભૂતપૂર્વ સાહસ કઈ પ્રજાએ કર્યું ?
- દુનિયાની માત્ર જે એક જ પ્રજાનો સળંગ કડીબદ્ધ ઈતિહાસ ૪,૦૦૦ વર્ષ સુધીનો મળી શકે છે : એ પ્રજા કોણ છે ?

***વાંચો : અનોખી ઈઝરાયલ પ્રજા...***

**મુખપૃષ્ઠ ચિત્ર :**

બાળક મોશે રડી રહ્યો છે,
માતા ગોમતૃણની ટોપલી તૈયાર કરે છે.
ચિત્રની પશ્ચાદ્‌ભૂમિકામાં નેતા મોશે અને
ડોમ ઑફ દ રૉક દ્રશ્યમાન થાય છે.

**રંગીન ચિત્રો (પુસ્તકની મધ્યમાં આપેલા):**

પુસ્તકની મધ્યમાં આપેલા રંગીન-ચિત્રો, પુસ્તકમાં નિરૂપાએલા અથવા ઉલ્લેખ ધરાવતા પ્રસંગો, વિગતો તથા પાત્રોને આધારીત છે.

# સૃજનકાર્ય : પૃથ્વી તથા માણસની ઉત્પત્તિ - માણસનું પતન

**(બાઈબલમાં સૃજન કાર્ય - પૃથ્વી તથા માણસની ઉત્પત્તિ - માણસનું પતન વિષે બાઈબલનાં પ્રથમ પુસ્તક ઉત્પત્તિમાં આપેલો શાસ્ત્રપાઠ અક્ષરશઃ નીચે આપ્યો છે. આ સમજૂતિ માટે અભ્યાસ-૧ (પેજ નં. xi) તથા અભ્યાસ-૨ (પેજ નં. xx) ચાર્ટ્સ આપેલ છે.)**

## અધ્યાય-૧

૧ આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં. ૨ અને પૃથ્વી
અસ્તવ્યસ્ત તથા ખાલી હતી; અને જળનિધિ પર અંધારું હતું; અને
દેવનો આત્મા પાણી પર હાલતો થયો. ૩ અને દેવે કહ્યું, અજવાળું
થાઓ, ને અજવાળું થયું. ૪ અને દેવે તે અજવાળું જોયું કે તે સારું
છે; અને દેવે અજવાળું તથા અંધારું જુદાં પાડયાં. ૫ અને દેવે
અજવાળાને દહાડો કહ્યો, ને અંધારાને રાત કહી અને સાંજ થઈ તથા
સવાર થઈ, પહેલો દિવસ.

૬ અને દેવે કહ્યું કે, પાણીની વચ્ચે અંતરિક્ષ થાઓ, ને પાણીને
પાણીથી જુદાં કરો. ૭ અને દેવે અંતરિક્ષ બનાવ્યું, ને અંતરિક્ષની
તળેનાં પાણીને અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં; અને તેવું
થયું. ૮ અને દેવે તે અંતરિક્ષને આકાશ કહ્યું અને સાંજ થઈ તથા
સવાર થઈ, બીજો દિવસ.

૯ અને દેવે કહ્યું કે, આકાશ તળેનાં પાણી એક જગામાં એકઠાં
થાઓ, ને કોરી ભૂમિ દેખાઓ; અને તેવું થયું. ૧૦ અને દેવે તે કોરી
ભૂમિને પૃથ્વી કહી, ને એકઠાં થયેલાં પાણીને સમુદ્રો કહ્યા; અને દેવે
જોયું કે તે સારું છે. ૧૧ અને દેવે કહ્યું કે, પૃથ્વી પર ઘાસ તથા
બીજદાયક શાક તથા ફળવૃક્ષ પોતપોતાની જાત પ્રમાણે ફળદાયક,
જેનાં બીજ પોતામાં છે, તેઓને પૃથ્વી ઉગાવે; અને એમ થયું.
૧૨ અને ઘાસ તથા પોતપોતાની જાત પ્રમાણે ફળદાયક વૃક્ષ, જેનાં
બીજ પોતામાં છે, તેઓને પૃથ્વીએ ઉગાવ્યાં; અને દેવે જોયું કે તે
સારું છે. ૧૩ અને સાંજ થઈ તથા સવાર થઈ, ત્રીજો દિવસ.

૧૪ અને દેવે કહ્યું કે, રાત ને દહાડો જુદાં કરવા સારુ આકાશના

# "આદિએ" (સૃજનકાર્ય)






મૂળ ઉત્પતિ કાર્ય (ઉત્પત્તિ ૧:૧) • પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી (ઉત્પતિ ૧:૨) • માણસના વસવાટ માટે પૃથ્વી તૈયાર કરવામાં આવી •

ઉત્પતિ ૧-૨ અધ્યાય

અંતરિક્ષમાં જ્યોતિઓ થાઓ; અને તેઓ ચિહ્નો તથા ઋતુઓ તથા દિવસો તથા વર્ષોને અર્થે થાઓ. ૧૫ અને તેઓ પૃથ્વી પર અજવાળું આપવા સારુ આકાશના અંતરિક્ષમાં જ્યોતિઓ થાઓ; અને તેવું થયું. ૧૬ અને દેવે દિવસ પર અમલ ચલાવનારી એક મોટી જ્યોતિ ને રાત પર અમલ ચલાવનારી એક તેનાથી નાની જ્યોતિ એવી બે મોટી જ્યોતિ બનાવી; અને તારાઓને પણ બનાવ્યા. ૧૭ અને દેવે પૃથ્વી પર અજવાળું આપવાને, ૧૮ તથા દહાડા પર તથા રાત પર અમલ ચલાવવાને, અજવાળું તથા અંધારું જુદાં કરવાને, આકાશના અંતરિક્ષમાં તેઓને મૂક્યાં; અને દેવે જોયું કે તે સારું છે. ૧૯ અને સાંજ થઈ તથા સવાર થઈ, ચોથો દિવસ.

૨૦ અને દેવે કહ્યું કે, પાણી પુષ્કળ જીવજંતુઓને ઉપજાવો, તથા પૃથ્વી પરના આકાશના અંતરિક્ષમાં પક્ષીઓ ઊડો. ૨૧ અને દેવે મોટાં માછલાંને તથા હરેક પેટે ચાલનારાં જીવજંતુઓને, જે પોતપોતાની જાત પ્રમાણે પાણીએ પુષ્કળ ઉપજાવ્યાં, તથા પોતપોતાની જાત પ્રમાણે હરેક જાતનાં પક્ષીને, ઉત્પન્ન કર્યાં; અને દેવે જોયું કે તે સારું છે. ૨૨ અને દેવે તેઓને આશીર્વાદ દઈને કહ્યું કે, સફળ થાઓ, ને વધો, ને સમુદ્રમાંનાં પાણીને ભરપૂર કરો, ને પૃથ્વી પર પક્ષીઓ વધો. ૨૩ અને સાંજ થઈ તથા સવાર થઈ, પાંચમો દિવસ.

૨૪ અને દેવે કહ્યું કે, પ્રાણીઓને પોતપોતાની જાત પ્રમાણે, એટલે ગ્રામ્યપશુઓ તથા પેટે ચાલનારાં તથા વનપશુઓ પોતપોતાની જાત પ્રમાણે, તેઓને પૃથ્વી ઉપજાવો; અને તેવું થયું. ૨૫ અને પોતપોતાની જાત પ્રમાણે વનપશુઓને, તથા પોતપોતાની જાત પ્રમાણે ગ્રામ્યપશુઓને, તથા પોતપોતાની જાત પ્રમાણે પૃથ્વી પરનાં બધાં પેટે ચાલનારાંને દેવે બનાવ્યાં; અને દેવે જોયું કે તે સારું છે. ૨૬ અને દેવે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ; અને સમુદ્રનાં માછલાં પર, તથા આકાશનાં પક્ષીઓ પર, તથા ગ્રામ્યપશુઓ પર, તથા આખી પૃથ્વી પર, તથા પૃથ્વી પર પેટે ચાલનારાં સઘળાં પ્રાણીઓ પર તેઓ અમલ ચલાવે. ૨૭ એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું, દેવના

# પહેલો જમાનો (એદનનો)

નિર્દોષાવસ્થા




માણસની ઉત્પત્તિ • પરીક્ષણ • પતન અને શિક્ષા • વચન • કાઢી મુકાયાં •

ઉત્પત્તિ ૧-૩ અધ્યાય

સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કર્યું; તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં. ૨૮ અને દેવે તેઓને આશીર્વાદ દીધો; અને દેવે તેઓને કહ્યું કે, સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને તેને વશ કરો; અને સમુદ્રનાં માછલાં પર, તથા આકાશનાં પક્ષીઓ પર, તથા પૃથ્વી પર ચાલનારાં સઘળાં પ્રાણીઓ પર અમલ ચલાવો. ૨૯ અને દેવે કહ્યું કે, જુઓ, હરેક બીજદાયક શાક જે આખી પૃથ્વી પર છે, ને હરેક વૃક્ષ જેમાં વૃક્ષનાં બીજદાયક ફળ છે, તેઓને મેં તમને આપ્યાં છે; તેઓ તમારો ખોરાક થશે. ૩૦ અને પૃથ્વીનું હરેક પશુ, તથા આકાશમાંનું હરેક પક્ષી તથા પૃથ્વી પર પેટે ચાલનારું હરેક પ્રાણી જેમાં જીવનનો શ્વાસ છે, તેઓના ખોરાકને સારુ મેં સર્વ લીલોતરી આપી છે; અને તેવું થયું. ૩૧ અને દેવે જે સર્વ ઉત્પન્ન કર્યું તે તેણે જોયું; અને, જુઓ, તે ઉત્તમોત્તમ અને સાંજ થઈ તથા સવાર થઈ, છઠ્ઠો દિવસ.

## અધ્યાય-૨

૨ અને આકાશ તથા પૃથ્વી, અને તેઓનાં સર્વ સૈન્ય પૂરાં થયાં. ૨-અને દેવે પોતાનું જે કામ કર્યું હતું તે તેણે સાતમે દિવસે પૂરું કર્યું; અને પોતાનાં કરેલાં સંર્વ કામોથી તે સાતમે દિવસે સ્વસ્થ રહ્યો. ૩ અને દેવે સાતમા દિવસને આશીર્વાદ દીધો, ને તેને પવિત્ર ઠરાવ્યો; કેમ કે તે દિવસે દેવ પોતાનાં બધાં જ ઉત્પન્ન કરવાનાં તથા બનાવવાનાં કામથી સ્વસ્થ રહ્યા. ૪ આકાશ તથા પૃથ્વીનું ઉત્પત્તિવર્ણન એ છે.

ઈશ્વરે છ દિવસમાં કામ પૂરું કરીને સાતમે દિવસે આરામ કર્યો અને એ રીતે આજે આપણે પણ અઠવાડિયામાં એક દિવસે આરામ કરીએ છીએ.

*

# અનુક્રમણિકા

## ભાગ-૧
## અનોખી ઈઝરાયલ પ્રજા


- અજોડ પ્રજા ........................................ ૧
- યહૂદીઓની શરૂઆત અને તેમના પૂર્વજો .............. ૮
- ઈજિપ્ત (મિસર)માં ગુલામી અને છુટકારો .............. ૧૪
- ઈશ્વરે આપેલું અજાયબ કાયદાશાસ્ત્ર .................. ૧૭
- પાલેસ્તાઈનમાં યહૂદીઓનો વસવાટ અને તેમનું રાજ્ય .. ૨૪
- બંદી તરીકે પરદેશમાં ................................ ૩૮
- બંદીવાસમાંથી પાછા ફરવું ............................ ૪૦
- બાઈબલના જૂના અને નવા કરાર વચ્ચેનો ગાળો ....... ૪૬
- બાઈબલનો સપ્તાતિ તરજુમો ......................... ૪૬
- મક્કાબી ભાઈઓનું રાજ ............................ ૪૬
- રોમની સત્તા નીચે ..................................... ૪૭
- યહૂદી પંથો (ફરોશી, સાદુકી અને ઝેલોત) ............. ૪૭
- મહાન હેરોદ ......................................... ૪૮
- ઈસુનો જન્મ ......................................... ૪૯
- ઈશ્વરે શા માટે એક પ્રજાને પસંદ કરી ? ............... ૫૩
- ઈઝરાયલ : ઈશ્વરની વરેલી પ્રજાને મળેલા આશીર્વાદ અને શાપ ........................................ ૫૬
- રોમનોને હાથે યરુશાલેમનો નાશ અને એ વિષેનાં ભવિષ્યકથન ........................................ ૫૭
- મસાદાના કિલ્લાની કરુણ કથની ......................... ૬૯
- ઈ.સ. ૭૦થી માંડીને બ્રિટિશ મેન્ડેડ સુધીનો સમય ...... ૭૧

◆ ઓગણીસ સૈકાં સુધી યહૂદીઓનું દેશદેશમાં ભટકવું અને એ સંબંધીનાં ભવિષ્યકથન ................ ૭૪

◆ યહૂદીઓની દેશેદેશમાં થયેલી સતામણી ................ (ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, સ્પેન, તુર્કસ્તાન, જર્મની, રશિયા, પોલેન્ડ) ૭૪

◆ યહૂદીઓનું વતનમાં પાછા ફરવું ...................... ૯૦

◆ ઝાયનિસ્ટ ચળવળ ................................ ૯૦

◆ પાલેસ્તાઈન 'વચનનો દેશ' કેમ કહેવાય છે ? .......... ૯૨

◆ બાલ્ફરની જાહેરાત ................................ ૯૫

◆ પાલેસ્તાઈનમાં યહૂદીઓની વસ્તી ...................... ૯૮

◆ ઈઝરાયલ રાજયની સ્થાપના ........................ ૧૦૦

◆ ઈઝરાયલ રાજયનો ઝંડો, પ્રતીક અને રાષ્ટ્રગીત .......... ૧૦૯

◆ યહૂદીઓના પાછા ફરવા સંબંધી ભવિષ્યવચનો ......... ૧૧૦

◆ પુનર્વસવાટના પ્રશ્નો ................................ ૧૧૭

◆ ઈઝરાયલમાં ચાર પ્રકારનાં ગામ ...................... ૧૧૮

◆ રાષ્ટ્રભાષા, કેળવણી તેમજ દેશની સરકાર .............. ૧૨૧

◆ ઈઝરાયલ રાજયની હાલની વસતી .................... ૧૨૧

◆ વેરાન અને સૂકા પ્રદેશને બગીચામાં ફેરવી દીધો ........ ૧૨૩

◆ ડુંગરાળ અને કસહીન જમીન ........................ ૧૨૪

◆ પાણીની ભારે અછત .............................. ૧૨૫

◆ ખેતીવાડી અને ફળદ્રુપતા .......................... ૧૨૬

◆ નાહલ ........................................ ૧૩૦

◆ ફળદ્રુપતા વિષે ભવિષ્યકથનો ........................ ૧૩૧

◆ સિંચાઈ અને ભવિષ્યવચનો ........................ ૧૩૪

◆ ડેરી અને પોલ્ટ્રી ફાર્મ - દુધાળ ઢોરો અને મરઘાંનો ઉછેર ................................ ૧૩૭

◆ વેપાર-ઉદ્યોગ અને ખનીજ ........................ ૧૩૮

◆ હીરા-ઉદ્યોગ .................................... ૧૩૯

◆ પેટ્રોલ ........................................ ૧૪૧

◆ યર્દન નદી .................................... ૧૪૨

- ધનભંડારસમું અજાયબ મૃત સરોવર .................... ૧૪૩
- મૃત સરોવરમાંથી વીજળીનો પુરવઠો .................... ૧૪૮
- દવાખાનામાં ખાટલાની વ્યવસ્થા .................... ૧૫૧
- છ દિવસ ચાલેલો સંગ્રામ (૧૯૬૭) .................... ૧૫૨
- અડધી રાતે એન્ટેબી પર આક્રમણ (૧૯૭૬) .......... ૧૬૨
- સોમવાર, ૨૮ જૂન .................... ૧૬૫
- ઈઝરાયલ પ્રજાનું ભવિષ્ય ....................
  આરબ પ્રજાઓ ઈઝરાયલને ખતમ કરશે ? ............ ૧૭૨
- ઈઝરાયલ જિતાયેલા પ્રદેશો પાછા સોંપશે ? ............ ૧૭૫
- યોમ કીપુર યુદ્ધ - ૧૯૭૩ .................... ૧૮૨
- ઈઝરાયલ, ઈજિપ્ત અને શાંતિ-કરાર .................... ૧૮૩
- 'આરબ લીગ'ની શિખર પરિષદ, ૧૯૮૭ ............ ૧૯૧
- મંદિર ફરી બાંધવાની તૈયારી .................... ૧૯૩
- 'પાપના માણસ'નું પ્રગટ થવું .................... ૧૯૪
- યહૂદીઓનો ભયંકર કસોટીકાળ .................... ૧૯૫
- ઈશ્વરે યહૂદી પ્રજાને આપેલું વરદાન .................... ૧૯૫
- યહૂદીઓનો સુવર્ણયુગ .................... ૧૯૭
- ધરતીકંપ અને જૈતૂન પર્વતના બે ભાગ .................... ૧૯૭
- પ્રભુ ઈસુનું પુનરાગમન .................... ૧૯૮


♣

# ભાગ-૨
# અનોખી વાર્તાઓ અને વિશેષ વિગતો


પ્રકરણ-૧ **બાઈબલ વિષે શિક્ષણ** ૨૦૩

૧. બાઈબલ એટલે શું ? બાઈબલ શબ્દ ક્યાંથી આવ્યો ? ૨૦૩

૨. બાઈબલનાં વચનો ઈશ્વરપ્રેરિત છે તેની કેટલીક સાબિતીઓ, ભવિષ્યવાણીઓ ૨૦૪

ક. પ્રભુ ઈસુ વિષેની ભવિષ્યવાણીઓ

ખ. ચાર સામ્રાજ્યો વિષેની ભવિષ્યવાણીઓ

ગ. છેલ્લા સમય અંગેનાં ભવિષ્યવચનો

ઘ. તૂર નગરી વિષે

ચ. સિદોન શહેર વિષે ભવિષ્યવાણી

છ. સમરૂન શહેર વિષે ભવિષ્યવાણી

જ. બાબિલોન વિષે ભવિષ્યવાણી

ઝ. ખોરાજીન, બેથસાઈદા અને કાપરનાહુમ વિરુદ્ધ ભવિષ્યવાણી

૩. ઈતિહાસ, પુરાવિદ્યા અને ભૂગોળ દ્વારા મળતાં પ્રમાણો ૨૧૬

ક. બાબિલનો બુરજ

ખ. સદોમ અને ગમોરાહનો આગ અને ગંધકથી નાશ

ગ. ખાલદી રાજાઓ નબોનિદસ અને બેલ્શાસ્સાર

ઘ. યૂનાને મોટું માછલું ગળી ગયું અને ત્રણ દિવસ પછી તેને જીવતો ઓકી કાઢયો.

પ્રકરણ-૨ **બાઈબલનું કાલમાન** ૨૨૧

**ભાગ ૧ થી ૯**

ભાગ-૧ વિશ્વની ઉત્પત્તિ, માણસની ઉત્પત્તિ ૨૨૧

| | | | |
|---|---|---|---|
| | ભાગ-૨ | પિતૃકાલિન યુગ | ૨૨૨ |
| | ભાગ-૩ | ઈઝરાયલપુત્રોનો પ્રવાસકાળ | ૨૨૪ |
| | ભાગ-૪ | ન્યાયીધીશોનો કાળ | ૨૨૬ |
| | ભાગ-૫ | ઈઝરાયલનો સંયુક્ત રાજ્યકાળ | ૨૨૭ |
| | ભાગ-૬ | ઈઝરાયલના વિભાજિત રાજ્યનો કાળ | ૨૨૮ |
| | ભાગ-૭ | યરુશાલેમનું પતન અને નવા યુગનો આરંભ | ૨૨૮ |
| | ભાગ-૮ | માલાખી યુગનો પ્રારંભ | ૨૨૯ |
| | ભાગ-૯ | રોમન શાસનકાળ | ૨૩૦ |
| **પ્રકરણ-૩** | **વાર્તાઓ અને વિગતો** | | **૨૩૨** |
| | ૧. | કનાન દેશનું નામ કેવી રીતે પડયું | ૨૩૨ |
| | ૨. | અબ્રાહમનું જીવનચરિત્ર | ૨૩૩ |
| | ૩. | અબ્રાહમના દીકરા ઈસાકનું બલિદાન | ૨૩૫ |
| | ૪. | બે ભાઈઓનો અખંડ અજાયબ પ્રેમ | ૨૩૭ |
| | ૫. | બિન વફાદાર પત્ની - વેશ્યાપણું ચલાવનાર પત્ની પર પતિનો અનહદ પ્રેમ | ૨૩૮ |
| | ૬. | એક યહૂદી કુટુંબમાં સાસુ વહુનો અચંબો પમાડે તેવો પ્રેમ : બાઈબલ પાઠ રૂથનું પુસ્તક | ૨૪૨ |
| **પ્રકરણ-૪** | **શેતાન વિષે** | | **૨૫૧** |
| | ૧. | શેતાનની ઉત્પત્તિ | ૨૫૧ |
| | ૨. | શેતાન એક વ્યક્તિ છે. | ૨૫૧ |
| | ૩. | લ્યુસીફર | ૨૫૧ |
| | ૪. | પ્રભાતનો પુત્ર | ૨૫૧ |
| | ૫. | આચ્છાદાન કરનાર અભિષિક્ત કુટુંબ | ૨૫૨ |
| | ૬. | જ્ઞાનપૂર્ણ અને સર્વાંગ સુંદર | ૨૫૨ |
| | ૭. | આચરણમાં સંપૂર્ણ - પાપરહિત | ૨૫૨ |
| | ૮. | શેતાનનું પાપ | ૨૫૨ |
| | ૯. | શેતાનનું પતન | ૨૫૨ |
| | ૧૦. | અશુદ્ધ આત્માઓનો તે સરદાર છે. | ૨૫૩ |
| | ૧૧. | શેતાનનાં નામો અને પ્રવૃત્તિઓ | ૨૫૩ |

ક. શેતાન
ખ. દિયાબલ
ગ. બાલઝબૂલ
ઘ. બેલ્યાલ/બેલ્યાસ

૧૨. જગતનો દેવ ૨૫૫

૧૩. જગતનો અધિકારી ૨૫૫

૧૪. શેતાનની પ્રવૃત્તિઓ ૨૫૬

૧૫. શેતાન ઉપર કેવી રીતે જીત મેળવી શકાય ૨૬૦

૧૬. શેતાનને શિક્ષા ૨૬૧

૧૭. શેતાન વિષે કંઈક વધુ માહિતી ૨૬૧

**પ્રકરણ-૫ શું માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા ? ૨૬૫**

૧. માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા ? ૨૬૭

૨. બાઈબલમાં ઈશ્વરનું પ્રકટીકરણ ૨૭૦

૩. પ્રભુ ઈસુનું પ્રથમ આગમન ૨૭૧

ક. પડેલું ભંગાણ સંધાવું જોઈએ
ખ. પ્રભુ ઈસુ દેહધારી કેમ બન્યા ?
ગ. ઈશ્વર સદેહ થયા
ઘ. ઈશ્વર માનવી જીવનમાં પોતાને સંડોવે છે.
ચ. મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને માણસનું નવું જીવન

**પ્રકરણ-૬ મધ્યપૂર્વ - મીડલ ઈસ્ટ ૨૭૮**

૧. મધ્યપૂર્વ - મીડલ ઈસ્ટનું મુખ્ય એકીકરણ ૨૭૮

૨. મીડલ ઈસ્ટનાં રાજ્યોની સ્થાપના ૨૭૯

૩. ઈઝરાયલના રાજકીય ભાગો ૨૮૨

૧. યહૂદિયા પ્રાંત

૨. સમરૂન પ્રાંત

૩. ગાલીલ પ્રાંત

૪. ઈઝરાયલ પ્રજાના સમયના તબક્કા ૨૯૫

૫. યહૂદી વર્ષ (ચિત્ર) ૨૯૬

| | | | |
|---|---|---|---|
| | | ૧. યહૂદી અને ઈ.સ.ના મહિનાઓની સરખામણી | |
| | | ૨. યહૂદી પર્વો | |
| | | ૩. પાલેસ્તાઈનની ઋતુઓ અને પાઠો | |
| | ૬. | યહૂદીઓનો એક ગોઝારો દિવસ | ૨૯૭ |
| **પ્રકરણ-૭** | **એક લાંબો ઈતિહાસ** | | **૨૯૯** |
| | ૧. | પ્રથમ સંસદ કેનસાસ | ૩૦૦ |
| | ૨. | આરબો પ્રથમથી જ નારાજ | ૩૦૦ |
| | ૩. | લેબેનોન, જોર્ડન ને સિરિયા | ૩૦૧ |
| | ૪. | ઈઝરાયલની નવી સરકાર | ૩૦૧ |
| | ૫. | આરબો માટે એક જ માર્ગ | ૩૦૨ |
| **પ્રકરણ-૮** | **ઈઝરાયલ સ્વતંત્રતાની જાહેરાત** | | **૩૦૪** |
| **પ્રકરણ-૯** | **પલિસ્તીઓ, સમરૂનીઓ અને કૂર્દો કોણ હતા ?** | | **૩૦૭** |
| | ૧. | પલિસ્તીઓ કોણ હતા ? | ૩૦૭ |
| | ૨. | સમરૂનીઓ કોણ હતા ? | ૩૧૩ |
| | ૩. | કૂર્દો કોણ હતા ? | ૩૧૪ |
| **પ્રકરણ-૧૦** | **શાંતિ સમિતિના આદેશ અનુસાર હેબ્રોન અને યરુશાલેમ શહેરો સોંપવામાં ઈઝરાયલ કેમ ખોટકાય છે ?** | | **૩૧૭** |
| **પ્રકરણ-૧૧** | **યરુશાલેમ** | | **૩૨૦** |
| | ૧. | યરુશાલેમ શહેર | ૩૨૦ |
| | ૨. | મોરિયા પર્વતવાળું યરુશાલેમ | ૩૨૧ |
| | ૩. | પ્રભુ ઈસુની કબર - ગાર્ડન ટૂમ્બ | ૩૨૩ |
| | ૪. | યાદ વશમ | ૩૨૫ |
| | ૫. | રાજાઓની કબર | ૩૨૫ |
| | ૬. | રુદનની દીવાલ | ૩૨૫ |
| | ૭. | વાયા ડોલરસા (વધસ્તંભની વાટે) | ૩૨૬ |
| | ૮. | બાઈબલમાં નોંધાયેલ ઈતિહાસ પહેલાંનો ભૂતકાળ | ૩૨૭ |

૯. યહૂદી સાહિત્યમાં યરુશાલેમ ૩૩૪
૧૦. તવારીખ ૩૩૭

પ્રકરણ-૧૨ **પ્રભુ ઈસુનું પુનરાગમન** **૩૪૦**
૧. બાઈબલ પાઠ. માથ્થીની સુવાર્તા અધ્યાય ૨૪ ૩૪૧
૨. પ્રભુના પુનરાગમનની કેટલીક એંધાણીઓ ૩૪૩
૩. પ્રભુનું પુનરાગમન ક્યારે થશે ? ૩૪૭
૪. વિપત્તિકાળનાં પાછલાં સાડાત્રણ વર્ષ ૩૫૧
૫. પ્રજા અને દેશમાં થનાર ફેરફારો ૩૫૬
૬. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર ઊતરે છે ૩૫૭
૭. પ્રભુ ઈસુનું પુનરાગમન અને બીજા આનુષાંગિક વિષયો ૩૫૮
૮. પ્રભુ ઈસુના આવવાની વેળાએ રંજુ ગુમ થઈ ગઈ! ૩૫૯
૯. પ્રકટીકરણ ૧૨:૧-૧૭ ૩૬૬

પ્રકરણ-૧૩ **પ્રભુ ઈસુ ખ્રિસ્તનું યરુશાલેમની ગાદી પરથી સહસ્રાબ્દી રાજ્ય** **૩૬૮**
૧. પૃથ્વી ઉપર પ્રભુ ઈસુનું એક હજાર વર્ષનું રાજ્ય કેવું હશે ? ૩૬૯
૨. સાતમો જમાનો - સહસ્ત્રાબ્દી રાજ્યનો જમાનો ૩૭૦
૩. આ સહસ્રાબ્દી રાજ્ય દરમિયાન પૃથ્વી ઉપર કેવા કેવા ફેરફાર થશે ? ૩૭૨
૪. વિદેશીઓના સમયો ૩૭૮

પ્રકરણ-૧૪ **યુગનો અંત** **૩૮૦**
૧. યુગના અંતનો અંત અને ચાર્ટ ૩૮૧
૨. ચાર સામ્રાજ્યો, દશ શીંગડાં ૩૮૨
૩. ઈ.ઈ.સી. યુરોપનું મઝિયારું બજાર ૩૮૩

પ્રકરણ-૧૫ **શું આપણે છેલ્લી પેઢી છીએ ? યુગનો અંત આવી ચૂક્યો છે, તેનાં દશ ચિહ્નો** **૩૮૫**
૧. જ્ઞાન ઘણું વધી ગયું છે ૩૮૫

| | | | |
|---|---|---|---|
| | ૨. | મધ્યપૂર્વની એક પ્રકારની મરકી | ૩૮૬ |
| | ૩. | ઈઝરાયલનો પુનર્જન્મ | ૩૮૬ |
| | ૪. | યહૂદીઓ દેશમાં પાછા આવે છે | ૩૮૭ |
| | ૫. | હવે યરુશાલેમ પરદેશીઓની સત્તા નીચે નહિ હોય | ૩૮૭ |
| | ૬. | ટેલિવિઝનનો જમાનો | ૩૮૭ |
| | ૭. | જૂઠાણાના દિવસો | ૩૮૮ |
| | ૮. | પુષ્કળ દુકાળો અને મરકી | ૩૮૯ |
| | ૯. | ધરતીકંપ | ૩૮૯ |
| | ૧૦. | નૂહના દિવસો જેવા દિવસો આવશે | ૩૮૯ |
| **પ્રકરણ-૧૬** | | **ભવિષ્યકથન પ્રમાણે પેલેસ્ટાઈનની પુનઃરચના** | **૩૯૧** |
| | ૧. | પેલેસ્ટાઈન સફળતાની ભૂમિ | ૩૯૧ |
| | ૨. | રણપ્રદેશમાંથી એદનબાગ સુધી | ૩૯૨ |
| | ૩. | યરુશાલેમના મહિમાનો પુનરુદ્ધાર | ૩૯૨ |
| | ૪. | સૈકાંઓ જૂના પ્રશ્નોનું નિરાકરણ | ૩૯૨ |
| | ૫. | મૃત સરોવર પરનું જીવન | ૩૯૩ |
| | ૬. | હાઈફા - એક સુંદરતા | ૩૯૪ |
| | ૭. | યહૂદી વસાહતની કથા | ૩૯૪ |
| | ૮. | બીજી મહાન હિજરત | ૩૯૫ |
| | ૯. | યરદન નદી પરની જળધોધ યોજના | ૩૯૫ |
| | ૧૦. | પાંગરતું અંજીર વૃક્ષ | ૩૯૬ |


*નોંધ : યહૂદીઓ વિષેની માહિતી બાઈબલમાંથી આવી છે, અને હવે પછી રજૂ થનાર સર્વ માહિતી બાઈબલમાંથી જ આવી છે. યહૂદીઓનો ભૂતકાળ બાઈબલમાં છે, યહૂદીઓનો વર્તમાનકાળ અને ભવિષ્યકાળ પણ બાઈબલમાં ભવિષ્યકથનરૂપે આપવામાં આવ્યા છે. જે અમે આ વિભાગમાં રજૂ કરીએ છીએ.*

♣

# ભાગ-3
# વિશ્વનાં ચાર મહા યુદ્ધો


પ્રકરણ-૧ અંત ભાગમાં થનાર ત્રણ મહાયુદ્ધોના જુદા જુદા સમય અને સંજોગો ૩૯૯

૧. પહેલું મહાયુદ્ધ : રશિયા અને તેની સાથી પ્રજાઓનું ઈઝરાયલ સામેનું આક્રમણ ૩૯૯

૨. બીજું મહાયુદ્ધ : હાસ્માગેદોનનું યુદ્ધ રશિયાના આક્રમણ અને હાર-માગેદોનના યુદ્ધ વચ્ચે તફાવત ૪૦૦

૩. ત્રીજું મહાયુદ્ધ : હજાર વર્ષના રાજ પછી શેતાનનો બળવો ૪૦૪

૧. આગલાં બે યુદ્ધ અને ત્રીજા યુદ્ધ વચ્ચેનો તફાવત

૨. હઝકીએલના ગોગ-માગોગ અને પ્રકટીકરણના ગોગ-માગોગ વચ્ચે તફાવત

પ્રકરણ-૨ હઝકીએલના અધ્યાયો અને એમાંની ભવિષ્યવાણીઓ ભાવિ ઘટનાઓમાં કાળક્રમ પ્રમાણે લખાયેલાં છે. ૪૦૯

પ્રકરણ-૩ રશિયા શા માટે ઈઝરાયલ પર ચઢાઈ કરશે ? ૪૧૧

પ્રકરણ-૪ રશિયાને પડકાર કરનારી પ્રજાઓ ૪૨૨

પ્રકરણ-૫ રશિયાનાં આક્રમણના પરિણામ ૪૨૫

પ્રકરણ-૬ ઈઝરાયલ પ્રજાનો હૃદયપલટો : ઈઝરાયલ ઈશ્વરને અર્પિત પ્રજા બનશે ૪૩૪

પ્રકરણ-૭ સર્વમાં ઈશ્વરને મહિમા ૪૩૬


♣

# ભાગ-૪
# ખાલી કબરનો ચુકાદો


| | | |
|---|---|---|
| પ્રકરણ-૧ | કોર્ટનાં પાત્રો | ૪૪૫ |
| પ્રકરણ-૨ | આરોપનામું | ૪૪૬ |
| પ્રકરણ-૩ | પ્રભુ ઈસુનું ટૂંક જીવનવૃત્તાંત | ૪૪૮ |
| પ્રકરણ-૪ | ચોકીદારો અને શિષ્યોની તપાસ | ૪૪૫ |
| પ્રકરણ-૫ | કબરે ગયેલી સ્ત્રીઓની તપાસ | ૪૫૯ |
| પ્રકરણ-૬ | ઈસુના શિષ્યોની તપાસ | ૪૬૧ |
| પ્રકરણ-૭ | યોસેફ અને નીકોદેમસની જુબાની | ૪૬૭ |
| પ્રકરણ-૮ | ખાલી કબર સંબંધીનામદાર જજનો ચુકાદો | ૪૬૯ |


♣ ♣ ♣



- ૧૯૩૭ : યહૂદી રાજ્ય માટે પીલ કમિશનની ભલામણ
- ૧૯૩૮ : યહૂદી વિસ્તાર માટે વુડહેડ કમિશનની ભલામણ
- ૧૯૪૬ : યહૂદી રાજ્ય માટે યહૂદી એજન્સીની ભલામણ
- ૧૯૪૭ : યહૂદી રાજ્ય માટે યુનેસ્કોની ભલામણ
- ૧૯૪૯ : યહૂદી રાજ્ય માટેની સ્થાપના પછીનું ઈઝરાયલ
- ૧૯૬૭ : ૧૯૬૭ના છ દિવસના યુદ્ધ પછીનું ઈઝરાયલ રાજ્ય અને જીતેલો પ્રદેશ
- ૧૯૮૨ : હાલનું ઈઝરાયલ રાજ્ય (જુઓ પૃ..xxxvi)




**હાલનું ઇઝરાયલ રાષ્ટ્ર**



ઈઝરાયલી સ્ત્રી સૈનિક તમને સેલ્યુટ કરે છે.

# ભાગ - ૧

## અનોખી
## ઇઝરાયલ પ્રજા

# અનોખી ઇઝરાયલ પ્રજા

## ♦ અજોડ પ્રજા

ઈઝરાયલનું રાજય સ્થપાયાને આ ૫૮મું વર્ષ ચાલે છે. માનવ ઈતિહાસમાં ઈઝરાયલનો એટલે કે યહૂદી પ્રજાનો ઈતિહાસ અનોખો છો. ટચૂકડા દેશની આ નાની પ્રજાએ જગતના ઈતિહાસમાં અજાયબ ભાગ ભજવ્યો છે.

### *એચ. જી. વેલ્સનો સંદર્ભ*

મહાન ઈતિહાસકાર એચ.જી. વેલ્સે એના 'ઈતિહાસની રૂપરેખા'ના પુસ્તકની અગાઉની આવૃત્તિમાં આ યહૂદી પ્રજા વિષે ઉપર જેવા જ ઉદ્ગાર કાઢયા છે. આજે લગભગ બે હજાર વર્ષ થવા આવ્યાં આ પ્રજા પૃથ્વીના ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયેલી છે. બે હજાર વર્ષથી આ પ્રજા દેશેદેશમાં કચડાયેલી, દબાયેલી, દેશ વગરની, રાજા કે રાજયાધિકારી વગરની, રાજકીય માળખા વગરની, સરકાર કે ઝંડા વગરની, રાજધાની અને મંદિર વગરની હોવા છતાં પ્રજા તરીકેનું તેનું અસ્તિત્વ ચાલુ જ રહ્યું છે. ઈતિહાસનો આ એક ચમત્કાર છે.

### *યહૂદીઓ પર સતામણી અને જુલમ ૧૦૪ દેશોમાં*

ઓગણીસ સૈકાં સુધી વિશ્વની અનેક પ્રજાઓમાં યહૂદીઓ એક દેશથી બીજે દેશ રઝળ્યા છે; પ્રજાઓએ તેમને કૂતરાની જેમ હડધૂત અને 'હાડેહાડે' કર્યાં છે; અસંખ્ય પ્રમાણમાં તેમની સામૂહિક કતલ કરવામાં આવી છે; અનેક વાર તેમની માલમિલકત લૂંટી લેવામાં આવી છે; તોયે તેમનું પ્રજાપણું મટી ગયું નથી.

ધારો કે અન્ય કોઈ પ્રજાને યહૂદી પ્રજાની જેમ બે હજાર વર્ષ સુધી દેશ કે વતન વગરની, સરકાર વગરની, ઝંડા વગરની બનીને જગતની અન્ય પ્રજાઓમાં અને દેશોમાં ભટક્યા કરવું પડે, તો એ પ્રજાનું નોખું અસ્તિત્વ બે હજાર વર્ષ પછી રહે ખરું ?

### *ઈઝરાયેલના બચાવનાં વચનો*

ઈ.સ. પૂર્વે ચૌદમી સદીમાં આ પ્રજા ઈજિપ્ત (મિસર અથવા

મિસાઈમ)માં ગુલામી ભોગવી રહી હતી. ત્યારે તેમના છુટકારા માટે ઈશ્વરે મોશે (અં. મોજીસ) પયંગબરને સિનાયના અરણ્યમાં બળતા બળતા ઝાડવા મારફતે દર્શન દીધું. મોશે અજાયબ થતો હતો કે ઝાડ ક્યારનુંયે ભડભડ સળગ્યા કરે છે, પણ ભસ્મ થતું નથી - તેની રાખ થતી નથી - ને ઝાડ જેવું ને તેવું જ રહે છે ! (બાઇબલ : નિર્ગમન ૩:૧-૧૨) એ તો યહૂદી યા ઈઝરાયલ પ્રજાના પ્રતીકરૂપે અગમદર્શન હતું : ઈઝરાયલ પ્રજા જોકે માનવ ઈતિહાસમાં જલ્યા કરશે, પણ ભસ્મીભૂત કદી નહિ થાય, એવો એ સંદર્શનનો સાર હતો. અને વહી ગયેલાં ચાર હજાર વર્ષમાં એવું જ બન્યું છે.

## ડીન ઈન્જનું કથન

અંગ્રેજ લેખક ડીન ઈન્જ લખે છે કે, "યહૂદી પ્રજા તેના બધા શત્રુઓની કબર આગળ ઊભી રહેતી આવી છે." એ કથન તદ્દન સત્ય ઠર્યું છે ! તેને કચડનારી પ્રજાઓ ક્યારનીયે કાળના કોળિયા બની ગઈ છે ! હિત્તી, પરીઝી, અમોરી, યબૂસી, હિવ્વી, કનાની, અમાલેકી, પલિસ્તી, અદોમી, મોઆબી, આમ્મોની, આશ્શૂરી, ખાલદી અને એવી અનેક બીજી પ્રજાઓએ યહૂદીઓ સામે ઘાતકી હાથ ઉગામ્યો હતો. આજે તેઓનાં નામનિશાન ભૂંસાઈ ગયાં છે. નીનવે અને બાબિલોનના આજે ઉજ્જડ ઉકરડા જ રહ્યા છે. યહૂદી પ્રજાને પરાધીન બનાવી કચડનારું રોમનું સામ્રાજ્ય આજે તો ખેદાન મેદાન થઈ ગયું છે. વિશ્વના તખ્તા પરથી યહૂદી પ્રજાનું અસ્તિત્વ મિટાવી દેવાના શપથ લેનાર અને લાખોલાખ યહૂદીઓનો સંહાર કરનાર એડોલ્ફ હિટલર આજે ક્યાં છે? ચાર હજાર વર્ષથી યહૂદીઓનું પ્રજાપણું અને રાષ્ટ્રપણું સર્વ સંજોગોમાં, સંસ્કૃતિઓમાં અને દેશોમાં ચાલુ રહ્યું છે.

ગ્રીકો અને રોમનોનો ઉદય થયો ત્યાર પૂર્વે સૈકાંઓ પહેલાં યહૂદીઓનો સુવર્ણકાળ પ્રવર્તતો હતો. ભારતમાં આર્યો ઠરીઠામ થયા ત્યારે યહૂદીઓએ ઈજિપ્ત (મિસર)થી આવીને પાલેસ્તાઈનમાં મૂળ નાખવા માંડયાં હતાં.

એકલી યહૂદી પ્રજા જ પોતાની સળંગ વંશાવળી છેક ૪,૦૦૦ વર્ષ સુધીની ગણાવી આપી શકે છે, અને એની નોંધણી પણ જૂના કરાર (બાઇબલ)માં રાખવામાં આવી છે. છેક પાછળ તેમના આદિ પૂર્વજ અબ્રાહમ (ઈ.સ. પૂ. ૨,૦૦૦) સુધી વંશાવળીની ગણતરી કરી શકાય છે. બીજી કોઈ પ્રજાનો પાછલો ઈતિહાસ એટલે સુધી સળંગ કડીબદ્ધ નોંધાયેલો નથી. વળી

યહૂદીઓનો સળંગ ઈતિહાસ તો શું, ઝીણી ઝીણી કૌટુંબિક વિગતો પણ બાઈબલના 'જૂના કરાર' નામના ભાગમાં નોંધાયેલી છે.

'યહૂદીઓનો આ ઈતિહાસ ખોટો છે, માત્ર દંતકથાઓ છે, અને જગતના ઈતિહાસની કડીઓ સાથે એનો કાંઈ સુમેળ સધાતો નથી,' એવું કેટલાક ઈતિહાસકારો અને વિદ્વાનો થોડાં વર્ષો પૂર્વે કહેતા હતા; પણ આજે પુરાતત્ત્વવિદ્યાના પાવડા વડે બાઈબલ-પ્રદેશોમાં થયેલાં એકેએક ખોદકામ પોકારી પોકારીને એ ઈતિહાસને અણીશુદ્ધ સાચો ઠરાવે છે. હવે પછીનાં પૃષ્ઠોમાં આપણે એ વિષે જોઈશું.

મેક્સ આઈ. દિમોન્ત પોતાના "જયુઝ, ગોડ એન્ડ હિસ્ટ્રી" (યહૂદીઓ, ઈશ્વર અને ઈતિહાસ) નામના પુસ્તકમાં સાચું જ લખે છે : "યહૂદીઓના બચી જવામાં ત્રણ તત્ત્વો સમાયેલાં છે, જેથી અન્ય પ્રજાઓના ઈતિહાસ કરતાં એનો ઈતિહાસ અનોખો બની રહે છે. તેઓની પાછળ સતત અને સળંગ એવો ચાર હજાર વર્ષનો જીવંત ઈતિહાસ પડયો છે, અને ત્રણ હજાર વર્ષથી તેઓ જગતને માટે બૌદ્ધિક અને આત્મિક શક્તિરૂપ નીવડયા છે. પોતાને વતનનો દેશ ન હોવા છતાં તેઓ ત્રણ હજાર વર્ષ સુધી ટકી રહ્યા છે, અને પરદેશી સંસ્કૃતિઓ મધ્યે પોતાની જાત અને રાષ્ટ્રની અનોખી ઓળખ સાચવી



*છેલ્લા ભોજનનો ઓરડો*

શક્યા છે. તેઓએ પોતાના વિચારોને માત્ર પોતાની જ ભાષામાં નહિ, પણ લગભગ દુનિયાની બધી જ મુખ્ય ભાષાઓમાં વ્યક્ત કર્યા છે....."

"જે બધી માનવ-સંસ્કૃતિઓ વિષે આપણે જાણીએ છીએ તેઓએ પોતપોતાની તવારીખોની નોંધ ભૌતિક વાનામાં નોંધેલી રાખી છે. આપણે તેમના વિષે તેમના શિલાલેખો, તકતીઓ કે પુરાવિદોએ તેમનાં ખંડેરોના ખોદી કાઢેલા અવશેષો પરથી જાણી શકીએ છીએ. પણ પુરાણા સમયના યહૂદીઓને તો આપણે વિશેષે કરીને તેમણે જે આત્મિક મંતવ્યો શીખવ્યાં અને એ મંતવ્યોની જે અસરો અન્ય પ્રજાઓ તથા સંસ્કૃતિઓ પર થઈ તે દ્વારા પણ જાણી-ઓળખી શકીએ છીએ. યહૂદીઓએ યુદ્ધોની યાદીના તો બહુ જ થોડા શિલાલેખ મૂક્યા છે; અને પુરાણા યહૂદીઓની ગૌરવગાથા ગાતા બહુ જ થોડા ભંગાર-અવશેષો છે. છતાં વિરોધાભાસી વિચિત્રતા એ છે કે, જે પ્રજાઓ પોતાની હયાતીની નોંધ તરીકે પાછળ સ્મારકો મૂકતી ગઈ છે તેઓ જ સમયના વહેણ સાથે વિલીન થઈ ગઈ છે, પણ એથી ઊલટું, માત્ર વિચારો અને મંતવ્યો જ મૂકી જનારી યહૂદી પ્રજા આજ સુધી જીવતી રહી છે."

### *યહૂદીઓમાંથી નીકળેલા મહાન પુરુષો*

ખ્રિસ્તી લોકો જેમને પોતાના પ્રભુ અને મુક્તિદાતા માને છે તે ઈસુ યહૂદી પ્રજામાંથી આવ્યા. એ જ પ્રજામાંથી મોશે (મૂસા) જેવો ચોવીસ લાખ માણસોની પ્રજાને એકસામટા એક દેશમાંથી (મિસરમાંથી) ગુલામીમાંથી છોડાવીને બીજા જ દેશમાં સ્વાતંત્ર્યમાં લઈ જનાર, મહા ધારાશાસ્ત્રી અને નેતા નીકળી આવ્યો. એ જ પ્રજામાંથી આજની લગભગ ત્રણ હજાર વર્ષ ઉપર ઈ.સ. પૂર્વે ૯૭૦ વર્ષ ઉપર શલોમોન મહાજ્ઞાની રાજા પાક્યો. "પૂર્વના દેશોના બધા લોકોના જ્ઞાનથી અને મિસરીઓના સર્વ જ્ઞાનથી તેનું જ્ઞાન અધિક હતું. દુનિયામાં કદિયે એના જેવો મહાજ્ઞાની થયો નથી. અને તેની કીર્તિ આસપાસની સર્વ પ્રજાઓમાં પ્રસરી હતી. તેણે ત્રણ હજાર સૂત્રો લખ્યાં, અને તેનાં ગીત એક હજાર ને પાંચ હતાં. વળી તેણે લબાનોન પર્વતના એરેજવૃક્ષથી માંડીને ભીંતમાંથી ઊગી નીકળનાર ઝૂફા સુધીની વનસ્પતિ વિષે વિવેચન કર્યું. વળી તેણે પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનાર પ્રાણીઓ, અને માછલીઓ વિષે પણ વિવેચન કર્યુ. જે સર્વ લોકોએ અને પૃથ્વીના જે સર્વ રાજાઓએ શલોમોનના જ્ઞાન વિષે સાંભળ્યું હતું, તેમાંના ઘણા તેના જ્ઞાનની વાતો સાંભળવા આવ્યા." (બાઈબલ ૧ રાજા ૪:૩૦-૩૪).

૩૦ પૂર્વ દેશોના સર્વ લોકોના જ્ઞાનથી તથા મિસરીઓના સર્વ જ્ઞાનથી તેનું જ્ઞાન અધિક હતું. ૩૧ કેમ કે તે સર્વ માણસો કરતાં જ્ઞાની હતો, એથામ એઝ્રહી કરતાં, ને માહોલના પુત્રો હેમાન, કાલ્કોલ તથા દાર્દા કરતાં પણ [તે જ્ઞાની હતો]. અને તેની કીર્તિ આસપાસની સર્વ પ્રજાઓમાં પ્રસરેલી હતી. ૩૨ તેણે ત્રણ હજાર સૂત્રો કહ્યાં, અને તેનાં ગીત એક હજાર ને પાંચ હતાં. ૩૩ વળી તેણે વનસ્પતિ વિષે વિવેચન કર્યું, એટલે લબાનોન પરના એરેજવૃક્ષથી માંડીને તે ભીંતમાંથી ઊગી નીકળનાર ઝુફા સુધી[ની વનસ્પતિ વિષે તેણે વિવેચન કર્યું]. વળી તેણે પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનાર પ્રાણીઓ તથા માછલીઓ વિષે પણ વિવેચન કર્યું. ૩૪ જે સર્વ લોકોએ તથા પૃથ્વી પરના જે સર્વ રાજાઓએ સુલેમાનના જ્ઞાન વિષે સાંભળ્યું હતું, તેઓમાંના [ઘણા] તેના જ્ઞાન[ની વાતો] સાંભળવા આવતા.

એ જ પ્રજામાંથી દાવિદ જેવો રાજા ભક્ત અને કવિ પાક્યો, જેને 'ઇઝરાયલના મધુર ગીતકર્તા' તરીકે યહૂદીઓ તેમ જ ખ્રિસ્તીઓ આજ સુધી ગણતા આવ્યા છે. એ જ યહૂદી પ્રજામાંથી યશાયા, યિર્મેયા અને દાનિયેલ જેવા દ્રષ્ટાઓ; અબ્રાહમ, યાકોબ જેવા ગોત્રપતિઓ; અને પાઉલ જેવા ધર્મવેત્તાઓ પાક્યા હતા.

એજ પ્રજામાંથી અણુયુગનો જન્મદાતા મહા વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન આવ્યો, જેણે વિશ્વના વિજ્ઞાનના સીમાડા ફેરવી નાખ્યા. રેડિયમ શોધનાર મેડમ ક્યુરીમાં પણ પચાસ ટકા યહૂદી લોહી હતું. સુષુપ્ત માનવીમગજના અતાગપણાનો કંઈક તાગ મેળવનાર માનસશાસ્ત્રી સીગ્મન્ડ ફ્રોઇ (૧૮૫૬-૧૯૩૯), મહા સંગીતસમ્રાટ ફેલિક્સ મેન્ડલસન (ઈ.સ. ૧૮૦૯-૪૭) અને તેના વિખ્યાત ફિલસૂફ દાદા મોઝીસ મેન્ડલસન (ઈ.સ. ૧૭૨૯-૮૬), 'એસ્પેરાન્ટો' તરીકે જગમશહૂર એવી આંતરરાષ્ટ્રીય ભાષા ઉપજાવનાર મહાન ભાષાશાસ્ત્રી લાઝરસ લડવીઝ ઝેમેનહફ, 'હર્તઝિયન વિદ્યુત-તંરગો' નામે ઓળખાતાં વિદ્યુતનાં લાંબા કિરણોનો શોધક અને ઓગણીસમી સદીનો સૌથી મહાન વિજ્ઞાની હેનરિક હર્ત્ઝ, બ્રિટનનો એક વખતનો બાહોશ વડોપ્રધાન અને હાલના કોન્ઝર્વેટિવ પક્ષનો આદ્યસ્થાપક બેન્જામીન ડીઝરાયલી (ઈ.સ. ૧૮૦૪-૮૧), ફિલસૂફીના ઇતિહાસમાં સૌથી મહાન અધ્યાત્મવાદનો સ્થાપક અને 'ઈશ્વર-ચકચૂર' ફિલસૂફ બારૂખ સ્પીનોઝા (૧૬૩૨-૭૭) - એ બધા વંશે યહૂદી હતા. 'સામ્યવાદી સુવાર્તા'

ગણાતા પુસ્તક 'દાસ કેપિટલ'નો લેખક કાર્લ માર્કસ (૧૮૧૮-૮૩) પણ યહૂદી હતો. અણુબોમ્બ રચનારા નિષ્ણાતોનો મોટો ભાગ યહૂદી હતો. દુનિયાના દેશોને, રાજાઓને અને મોટા ઉદ્યોગોને વર્ષોથી નાણાં ધીરનાર રોથસચાઈલ્ડ કુટુંબો જેવા વિશ્વના ધનકુબેરો યહૂદીઓ જ હતા અને છે.

અણુબીજક ફાડવાના (એટમિક ફિઝનના) ૧૯૩૯માં સૌ પ્રથમ ૧૦ જેટલા વિજ્ઞાનીઓ હતા : આઈન્સ્ટાઈન, હાહ્‌ન, બોહર, સ્ટ્રાસમન, મેલ્નર, ફીશ, જોલિયટ, ચેડવિક, ફર્મી અને વ્હીલર. એમાંથી પાંચ જર્મન, એક ફ્રેંચ, એક ડેનિસ, એક ઈટાલિયન, એક અંગ્રેજ અને એક અમેરિકન હતા. એમાંના ઘણા યહૂદીઓ હતા.

આજે ઓગણીસો વર્ષ પછી જે પ્રજા ફરી પોતાના વતનમાં આવી છે, અને વેરાન અરણ્ય જેવા દેશને બગીચાસમ બનાવી દીધો છે. એ પ્રજાનો પૂર્વ ઈતિહાસ જરા જોઈ લઈએ.

### અબ્રાહામ

અબ્રાહમ કાસ્દીઓના ઉરમાં રહેતો હતો. એ પ્રદેશ યુક્રેટિસ અને ટાઈગ્રીસ નદી વચ્ચે આવેલો છે. તે મેસોપોટામીઆને નામે ઓળખાય છે. તેના નીચલા ભાગમાં ઉર શહેર આવેલું છે. ત્યાં અબ્રાહમ અને તેનાં કુટુંબીઓ રહેતાં હતાં.

અત્યારે જે પુરાતત્વ વિદ્યાનું ખોદકામ ચાલે છે, તેમાં આ બધાં નામો વારંવાર આવે છે. તે બધાં રજવાડાં હતાં. તેઓનાં ખાનદાન કુટુંબો હતાં. મેસોપોટામિયાના લોકો મૂર્તિપૂજકો હતા. અબ્રાહમને ઈશ્વરે તેડું આપ્યું, અને તેને કહ્યું કે આ દેશમાંથી નીકળીને હું જે બતાવું તે દેશમાં જા. ઉત્પત્તિ ૧૨:૧-૯.

અને યહોવાએ અબ્રાહમને કહ્યું કે, તું તારો દેશ, તથા તારાં સગાં, તથા તારા બાપનું ઘર મૂકીને જે દેશ હું તને દેખાડું તેમાં જા. અને હું તારાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ, ને તને આશીર્વાદ દઈશ, ને તારું નામ મોટું કરીશ; અને તું આશીર્વાદરૂપ થશે. અને જેઓ તને આશીર્વાદ દે તેઓને હું આશીર્વાદ દઈશ, ને જેઓ તને શાપ દે તેઓને હું શાપ દઈશ; અને તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે. અને યહોવાના કહ્યા પ્રમાણે અબ્રાહામ હારાનથી નીકળ્યો, અને તેની સાથે લોત ગયો; અને અબ્રાહામ હારાનથી નીકળ્યો, ત્યારે તે પંચોતેર વર્ષનો હતો.



અબ્રાહામની મુસાફરી

અને અબ્રાહામે પોતાની સ્ત્રી સારાયને તથા પોતાના ભત્રીજા લોતને, તથા જે સર્વ સંપત્તિ તેઓએ મેળવી હતી, તથા જે માણસો તેમને હારાનમાં પ્રાપ્ત થયાં હતાં. તેઓને સાથે લીધાં.

## ♦ યહૂદીઓની શરૂઆત અને તેમના પૂર્વજો :

ઈ.સ. પૂર્વે ૨,૦૦૦ વર્ષ પરની વાત છે. આજનો ઈરાક પ્રદેશ તે સમયે મેસોપોટિમિયા (= બે નદી વચ્ચેનો પ્રદેશ) તરીકે ઓળખાતો હતો. એ દેશ યુફ્રેતિસ અને તૈગ્રિસ નદી વચ્ચે આવેલો છે. આ દેશના ઉર નામે શહેરમાં તેરાહ નામના શેમવંશી માણસને ત્રણ દીકરા હતા : અબ્રાહામ, નાહોર અને હારાન. અબ્રાહમનો જન્મ લગભગ ઈ.સ. પૂર્વે ૨,૦૦૦માં થયો. તે જમાનાના અન્ય દેશોની જેમ આ દેશ મૂર્તિપૂજક હતો. ખરા અને એક જ ઈશ્વરનું ભાન અને તેડું થવાથી અબ્રાહમ પંચોતેર વર્ષની ઉંમરે ઉર શહેરમાંથી નીકળી કુટુંબ-કબીલા સાથે અને ઢોરઢાંખરની અઢળક મિલકત લઈને ઈશ્વર દોરે તે દેશમાં જવા નીકળ્યો. એમ તે કનાન (પાલેસ્તાઈન)માં આવી વસ્યો.

### *બાબેલોન શહેર*

આજે બસરાથી ઉત્તરે ૧૯૩ કિલોમીટર (૧૨૦ માઈલ) પર બગદાદ રેલવે લાઈન પર આ ઉરનું રેલવે સ્ટેશન આવેલું છે. હાલ અહીં કોઈ શહેર નથી, પણ અસલના ઉર શહેરનું પુરાવિદો તરફથી ખોદકામ ચાલે છે.

હવે પુરાતત્ત્વને લગતાં ખોદકામથી જાણી શકાયું છે કે અબ્રાહમ અને તેના વંશજો રાજા સમાન હતા, અને અઢળક મિલકત ધરાવતા માલધારીઓ હતા. આજથી તે છાસઠ વર્ષ પૂર્વે. (ઈ.સ. ૧૯૩૪-૩૯) યુફ્રેતિસ નદીના વાયવ્ય કિનારે મારી નામના પુરાણા શહેરની જગાએ પુરાવિદોએ ખોદકામ ચલાવ્યું. તે સમયે ત્યાંથી ૩,૦૦૦ વર્ષ પૂર્વેનાં લખાણો મળી આવ્યાં છે, જેમાં 'નાહોરનગર', 'હારાનનગર', 'સેરૂગનગર', 'પેલેગનગર' વગેરેનો ઉલ્લેખ મળે છે. અબ્રાહમના પિતા, ભાઈ અને પૂર્વજોનાં એ નામ હતાં. અહીં પણ બાઈબલમાં દર્શાવેલો ઈતિહાસ સાચો ઠરે છે. ('અંગરની પુરાતત્ત્વવિદ્યા અને જૂનો કરાર')

અબ્રાહમની પત્નીનું નામ સારાહ હતું. તેઓને કોઈ સંતાન નહોતું. આથી તે જમાનાની રીત પ્રમાણે સારાહે પોતાની હાગાર નામની મિસરી

દાસી અબ્રાહમને આપી. તે દેશના અને પ્રજાના રીતરિવાજ અને કાયદા પ્રમાણેની આ વ્યવસ્થા હતી. અબ્રાહમને તેનાથી થયેલો પુત્ર તે ઇશ્માએલ (બાઇબલ : ઉત્પત્તિ ૧૬:૧-૧૬). પાછળથી અબ્રાહમને ઘડપણમાં સારાહથી 'વચનનો પુત્ર' જન્મ્યો. એનું નામ ઇસહાક (બાઇબલ : ઉત્પત્તિ ૨૧:૧-૭).

**૨૧** અને યહોવાએ જેમ કહ્યું હતું તેમ સારા પર તેણે કૃપાદૃષ્ટિ કરી,
જેવું યહોવાએ તેને કહ્યું હતું તેવું તેણે સારાને કર્યું. ૨ અને સારા
ગર્ભવતી થઈ, ને તેણે ઇબ્રાહિમને સારુ, તેના ઘડપણમાં, જેમ દેવે તેને કહ્યું
હતું તેમ ઠરાવેલે સમયે દીકરાને જન્મ આપ્યો. ૩ અને ઇબ્રાહિમે જે દીકરો
સારાને પેટે તેને થયો તેનું નામ ઇસહાક પાડયું. ૪ અને તેનો દીકરો ઇસહાક
આઠ દહાડાનો થયો, ત્યારે દેવે તેને આજ્ઞા આપી હતી, તે પ્રમાણે
ઇબ્રાહિમે તેની સુન્નત કરી. ૫ જયારે તેનો દીકરો ઇસહાક જન્મ્યો ત્યારે
ઇબ્રાહિમ સો વર્ષનો હતો. ૬ અને સારાએ કહ્યું, દેવે મને હસાવી છે; અને
હરેક સાંભળનાર મારી સાથે હસશે. ૭ અને તેણે કહ્યું, ઇબ્રાહિમને કોણ
કહેત કે સારા છોકરાને ધવડાવશે ? કેમ કે તેના ઘડપણમાં મેં દીકરાને જન્મ
આપ્યો છે.

પણ પાછળથી ઇશ્માએલે ઇસહાકને હેરાન કરવા માંડયો, એટલે સારાહની માગણીથી અબ્રાહમે હાગાર અને તેના દીકરા ઇશ્માએલને કાઢી મૂક્યાં. આ ઇશ્માએલથી પાછળથી એક મોટી પ્રજા ઉત્પન્ન થઈ. (બાઇબલઃ ઉત્પત્તિ ૨૧:૮-૨૦). એ જ આરબ પ્રજા. ઇસહાકથી ઇઝરાયલ પ્રજા ઉત્પન્ન થઈ.

૮ અને તે બાળક મોટો થયો, ને તેને ધાવણ મુકાવ્યું; અને ઇસહાકે
દૂધ છોડયું, તે દહાડે ઇબ્રાહિમે મોટી મિજબાની કરી. ૯ અને હાગાર મિસરીને
પેટે ઇબ્રાહિમને જે દીકરો થયો હતો તેને સારાએ ચેષ્ટા કરતો દીઠો. ૧૦ તેથી
તેણે ઇબ્રાહિમને કહ્યું, આ દાસી તથા તેના દીકરાને કાઢી મૂક; કેમ કે એ
દાસીનો દીકરો મારા દીકરા ઇસહાકની જોડે વારસ નહિ થશે. ૧૧ પણ એ
વાત ઇબ્રાહિમની દૃષ્ટિમાં પોતાના દીકરાને લીધે બહુ માઠી લાગી. ૧૨ અને
દેવે ઇબ્રાહિમને કહ્યું, તારા દીકરા તથા તારી દાસીને લીધે તારે માઠું લગાડવું
નહિ; જે સર્વ સારાએ તને કહ્યું છે, તેમાં તેનું સાંભળ; કેમ કે ઇસહાકથી
તારું સંતાન ગણાશે. ૧૩ અને દાસીના દીકરાથી પણ હું એક દેશજાતિ ઉત્પન્ન
કરીશ, કેમ કે તે પણ તારું સંતાન છે. ૧૪ અને ઇબ્રાહિમે મોટી સવારે ઊઠીને

રોટલી તથા એક છાગળ પાણી લીધું, ને તે હાગારને આપી તેની ખાંધે મૂક્યું, ને છોકરો પણ તેને સોંપ્યો, ને તેને વિદાય કરી; અને તે નીકળીને બેરશેબાના અરણ્યમાં ભટકતી ફરી. ૧૫ અને છાગળનું પાણી થઈ રહ્યું ત્યારે તેણે છોકરાને એક ઝાડવા તળે મૂક્યો. ૧૬ અને તે એક તીરવા જેટલે અંતરે દૂર જઈને તેની સામે બેઠી; કેમ કે તેણે કહ્યું, છોકરાનું મરણ હું ન જોઉં. અને તે તેની સામે બેઠી, ને પોક મૂકીને રડી. ૧૭ અને દેવે છોકરાનો સાદ સાંભળ્યો; અને દેવના દૂતે આકાશમાંથી હાગારને હાંક મારીને કહ્યું, હાગાર, તને શું થયું છે? બી મા; કેમ કે જયાં છોકરો છે ત્યાંથી દેવે તેનો સાદ સાંભળ્યો છે. ૧૮ ઊઠ, છોકરાને ઊંચકીને તેને તારા હાથમાં લે; કેમ કે હું તેનાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ. ૧૯ અને દેવે તેની આંખ ઉઘાડી, ને તેણે પાણીનો એક કૂવો દીઠો; અને તેણે જઈને છાગળમાં પાણી ભર્યું, ને છોકરાને પાયું. ૨૦ અને દેવ તે છોકરાની સાથે હતો, ને તે મોટો થયો; અને તે અરણ્યમાં રહીને તીરંદાજ થયો.

હવે અબ્રાહમના દીકરા ઈસહાકને યાકોબ અને એસાવ નામના બે પુત્ર હતા. યાકોબનું બીજું નામ 'ઇઝરાયલ' પણ હતું, અને તે પરથી યહૂદી લોકો ઈઝરાયલ તરીકે પણ ઓળખાય છે. વળી તેઓ હિબ્રૂ લોકો તરીકે પણ ઓળખાય છે. 'હિબ્રૂ' નામનો અર્થ કદાચ હિબ્રૂ શબ્દ પરથી 'પેલી પારના' અથવા 'યુફ્રેતિસ નદીની પારના' લોકો એમ થઈ શકે; અથવા શેમના પુત્ર હેબેરના તેઓ વંશજ હોઈને તેઓ 'હેબેરુ', 'હાબીરુ' અને 'હિબ્રૂ' કહેવાયા હોય. યાકોબના બાર દીકરાનાં નામ ઉપરથી યહૂદી પ્રજાનાં બાર કુળનાં નામ પડયાં છે. યાકોબનો અગિયારમો દીકરો યોસેફ ઈજિપ્ત (મિસર)ના ફારૂન રાજાનો જમણો હાથ હતો. (ઈ.સ. પૂર્વે. આશરે ૧,૭૦૦); અને ફારૂને તેને 'આખા મિસર દેશનો ઉપરી ઠરાવ્યો હતો.' (ઉત્પત્તિ ૪૧:૪૧).

આ યોસેફે રાજાની સંમતિથી દેશમાં પુષ્કળ નહેરોની વ્યવસ્થા કરાવી, અનાજની ઊપજ પુષ્કળ વધારી દીધી અને સરકારી કોઠારો બનાવીને જથ્થાબંધ અનાજનો સંઘરો કરાવ્યો, જેથી માઠા સમયોમાં એ અનાજ કામ લાગે. બાઈબલમાં ઉત્પત્તિના પુસ્તકના ૪૧મા અધ્યાયમાં આપેલી યોસેફની આ વાત બહારના ઈતિહાસ દ્વારા અને પુરાતત્ત્વવિદ્યાનાં ખોદકામ દ્વારા આજે સાચી ઠરે છે. આ ખોદકામોમાં મળી આવેલાં લખાણો નીચે પ્રમાણે જણાવે છે :



***અબ્રાહમ હાગારને મોકલી દે છે.***

ઈજિપ્તની રાજગાદીનાં બારમાં વંશમાં આમેનેમ્હેટ ત્રીજાએ ઈજિપ્તની નાઈલ નદીનો અભ્યાસ કરાવ્યો, અને તેમાંથી નહેરો કાઢીને સિંચાઈની ખાસ વ્યવસ્થા કરાવી. મોયેરીસ સરોવરમાંથી કાઢેલી ખાસ નહેરને મિસરી લોકો આજે પણ 'બા'રે યુસુફ' (= યોસેફની નહેર) કહે છે. આ મોયેરીસ સરોવર નજદીક કેટલાયે એકર જમીનના વિસ્તારમાં રાજાએ બહુ મોટું બાંધકામ કરાવ્યું હતું. અને સુકાળનાં વર્ષોમાં એમાં સંઘરી રાખવામાં આવેલા અનાજમાંથી ૨૦ ટકા જેટલું દુકાળના કપરા સંજોગોમાં લોકોને વેચવામાં આવતું હતું.



કુંવારીનો ઝરો

## યોસેફ અને ઈજિપ્ત

બાઈબલમાં યોસેફના સમયમાં ઈજિપ્તમાં સાત સુકાળી વર્ષો પછી ભીષણ દુષ્કાળનાં સાત કપરાં વર્ષો વિષે ઉલ્લેખ છે. ઈજિપ્તની ગાદીના ત્રીજા વંશના ઝોસર રાજા વિષે બાર્ટનના પુરાતત્ત્વવિદ્યાના પુસ્તક (પૃષ્ઠ ૩૭૦-૩૭૧)માં એવું જ વર્ણન આપવામાં આવ્યું છે. એમાં ઝોસર રાજાને વિમાસણમાં પડેલો બતાવ્યો છે. એની વિમાસણ છે કે, કેટલાંયે વર્ષો સુધી નાઈલ નદીમાં પૂરતાં પાણી આવ્યાં નથી, ખેતરોમાં કંઈ જ પાક્યું નથી, ઘાસચારોયે થયો નથી, અને ચારે પાસ મહા ભીષણ દુકાળ વ્યાપી રહ્યો છે.

મિસરમાં ખેતીનો બધો જ આધાર નાઈલ નદી પર હતો, અને આજે પણ છે. થોડા સમય પર એલિફન્ટાઈન ટાપુ પરથી એક રસપ્રદ માહિતી મળી આવી છે. સતત સાત વર્ષ સુધી નાઈલ નદીમાં પાણી આવ્યું નહોતું તેની યાદીરૂપ એક પાટી મળી આવી છે. આ લખાણની ચોક્કસ તારીખ નક્કી કરવી મુશ્કેલ છે, પણ એનું લખાણ બ્રગ્શે શોધ્યું અને જાહેરમાં મૂક્યું હતું (બ્રગ્શ : હિસ્ટ્રી ઓફ ઈજિપ્ત ૧, પૃ. ૩૦૪).

## *મિસર અને આસપાસના દેશોમાં સાત વર્ષનો કપરો દુકાળ અને યહૂદીઓ મિસરમાં ગયા :*

બધી પરિસ્થિતિ જોતાં યોસેફના સમય સાથે એ બંધબેસતું આવે છે. કોઈ બાબા (કે બેબે)ની કબર પરથી એ લખાણ મળી આવ્યું છે. એમાં આમ લખેલું છે : 'મેં અનાજનો સંગ્રહ કર્યો... અને જયારે લાંબાં વર્ષો સુધી દુકાળ પડયો ત્યારે દુકાળના એ પ્રત્યેક વર્ષે મેં શહેરને અનાજ વહેંચી આપ્યું.'

જયારે મિસરમાં આ સાત વર્ષનો ભયંકર દુકાળ ચાલતો હતો ત્યારે કનાન (પાલેસ્તાઈન)માં પણ દુકાળ હોવાથી યોસેફના અગિયાર ભાઈઓ પોતાના કુટુંબો તથા વૃદ્ધ પિતા યાકોબને લઈને યોસેફના તેડાવ્યાથી તેઓ ઇજિપ્ત (મિસર)માં જાય છે. પછી તેઓ કાયમ માટે ત્યાં જ વસવાટ કરે છે. ઇજિપ્તના ફારૂન રાજાએ તેમને ગોશેન પ્રદેશ રહેઠાણ માટે તેમ જ તેઓનાં ધણના ગૌચર તરીકે આપ્યો. પ્રખ્યાત અંગ્રેજ ઇતિહાસકાર એચ. જી. વેલ્સ



*મિસર દેશમાં ઇઝરાયલ પ્રજા પર જુલમ ગુજારનાર ફારૂન રાજા રામસેસ બીજાનું મમી. કેરોના સંગ્રહસ્થાનમાં આ મમી સંપૂર્ણ હાલતમાં રાખવામાં આવ્યું છે.*

પોતાના ઇતિહાસમાં આ વિષે ઉલ્લેખ કરતાં જણાવે છે : ઇજિપ્ત (મિસર)નો એક વૃત્તાંતલેખ મળી આવ્યો છે. એમાં ફારૂન રાજા રામસેસ બીજાએ કોઈ શેમવંશી (સેમિટિક) લોકોને ગોશેન પ્રદેશમાં વસવાટ આપ્યો છે, એવું જણાવ્યું છે. વળી એમાં બીજી પણ નોંધણી છે કે ખોરાકની તંગીને લીધે ત્યાં એમને વસવા દીધા હતા ('આઉટલાઈન ઓફ હિસ્ટ્રી', પૃષ્ઠ ૨૫૫) (સરખાવો બાઇબલ : ઉત્પત્તિ ૪૧:૨૯-૩૨; ૪૭:૧-૨૭). અહીં એક બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે ઈજિપ્તના રાજાઓને 'ફારૂન' કહેવામાં આવતા હતા.

## ♦ ઇજિપ્ત (મિસર)માં ગુલામી અને છુટકારો :

યોસેફના ભાઈઓ, તેમનાં કુટુંબો અને પિતા યાકોબ ગોશેનમાં જઈને વસ્યાં. પછીનાં ત્રણ સૈકાં દરમિયાન તેમનાથી એક બહુ મોટી પ્રજા ઉત્પન્ન થઈ. તેમની પર ત્યાંના મિસરી રાજા રામસેસ બીજાએ પોતાના રાજયકાળમાં (ઈ.સ. પૂર્વે આશરે ૧૩૪૮ થી ૧૨૮૧) ભારે જુલમ ગુજાર્યો, અને તેમની પાસે કપરી વેઠ કરાવી. આથી પ્રજા ઘોર નિરાશામાં ડૂબી ગઈ હતી.

ઈજિપ્તનાં ભવ્ય મકાનોના બાંધકામ માટે પથ્થર ફોડવા, તેમને ઊંચકી લઈ જવા, મકાનો માટે ઈંટો પકવવી, એ ઈંટો બનાવવાનું પરાળ પણ તેમણે જ શોધી લાવવાનું - આવી તેઓ પર ગુજારેલી કપરી વેઠના રહ્યાસહ્યા પુરાવા આજે પણ જોવા મળે છે. રાજા રામસેસ બીજાના નામ પરથી ઓળખાતાં રામસેસ અને પીથોન નગરોનાં ખંડેર આજે પણ હયાત છે. એમાં પરાળવાળી અને પરાળ વગરની અને એવી ત્રણ પ્રકારની ઈંટો જોવા મળે છે. તે સમયે યહૂદી પ્રજા હિબ્રૂ પ્રજા તરીકે ઓળખાતી હતી.

હિબ્રૂ પ્રજાની વૃદ્ધિ અને બળ તોડવા માટે ફારૂન રાજાએ ફરમાન કાઢ્યું કે હવેથી જન્મનાર પ્રત્યેક નર-બાળકને મારી નાખવો. દાયણોને એવો હુકમ કરવામાં આવ્યો હતો.

લગભગ ચારસો વરસના મિસરી વસવાટના અંતભાગમાં યહૂદીઓમાં મોશે નામનો આગેવાન ઊભો થયો. તેણે યહૂદીઓને મિસરની કપરી ગુલામીમાંથી છોડાવ્યા. ઈ.સ. પૂર્વે ૧૨૭૦માં મોશેની આગેવાની નીચે ૨૪,૫૨,૯૨૦ (લગભગ પચીસ લાખ) લોકો ઈજિપ્ત છોડીને કનાન (પાલેસ્તાઈન) દેશમાં આવ્યા. છુટકારાના આ દિવસને 'પાસ્ખા પર્વ' તરીકે યહૂદીઓ આજ સુધી ઊજવતા આવ્યા છે.



*મિસરનો રાજા (ફારૂન) મેનેપ્તાહ. એના સમયમાં મોશે ઈઝરાયલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવી લઈ ગયો હતો.*

તે સમયે મિસરની ગાદી પર રામસેસ બીજાનો તેરમો પુત્ર મેનેપ્તાહ (અથવા મેરેન-પ્તાહ) બીજો રાજ કરતો હતો, એમ કેટલાક અભ્યાસકો માને છે. યહૂદીઓએ મિસરમાંથી સમૂહ-નિર્ગમન કર્યું તે સમયે મિસરમાં કયો રાજા હતો એ વિષે બે માન્યતા છે. જૂની માન્યતા છે કે યહૂદીઓ (અથવા હિબ્રૂઓ) પર જુલમ ગુજારનાર ફારૂન તે રામસેસ બીજો, અને સમૂહ-નિર્ગમન સમયનો ફારૂન તે મેનેપ્તાહ બીજો હતા. અભ્યાસકોમાં પ્રચલિત એવી માન્યતા છે કે જુલમ ગુજારનાર ફારૂન તે થોથમસ ત્રીજો, અને સમૂહ નિર્ગમનવાળો ફારૂન તે આમેન હોટેપ બીજો હતા.

## ૪૦૦ વર્ષની ગુલામગીરી અને તેમાંથી છુટકારો

આ અગાઉ લગભગ ૫૦૦ વર્ષ પહેલાં ઈશ્વરે યહૂદીઓની આ લગભગ ૪૦૦ વર્ષની ગુલામગીરી અને તેમાંથી છુટકારા વિષે અગમવાણી આપી હતી : (ઉપરની અગમવાણી અને બાઈબલ ઉત્પત્તિ ૧૫:૧૩-૧૬) "અને તેણે (ઈશ્વરે) અબ્રાહમને કહ્યું, તું ખચીત જાણ કે, તારો વંશ પરદેશમાં ભટકશે, ને ત્યાંના લોકોની સેવા કરશે; અને ચારસો વર્ષ લગી તેઓને દુઃખ



મોશેનો ફોટો

દેવામાં આવશે; અને જે લોકોની સેવા તેઓ કરશે તેઓનો ન્યાય પણ હું કરીશ; અને ત્યારપછી તેઓ ઘણી સંપત્તિ લઈને નીકળશે... અને તેઓ ચોથી પેઢીમાં અહીં (પાલેસ્તાઈનમાં) પાછા આવશે; કેમ કે અમોરીઓનાં પાપનો ઘડો હજુ ભરાયો નથી." (બાઈબલ ઉત્પત્તિ ૧૫:૧૩-૧૬)

### અરણ્યમાં ૪૦ વર્ષ કેમ ભટકવું પડ્યું ?

આમ તો ઈજિપ્તથી પાલેસ્તાઈન જતાં ચાલીસ દિવસ લાગતા. પરંતુ યહૂદી પ્રજાને એ રસ્તે ચાલીસ વર્ષ લાગ્યાં ! એમાંનો મોટો ભાગ તેઓએ સિનાયના અરણ્યમાં ગાળ્યો. એ એમને માટે ઘણું જરૂરનું પણ હતું. જે પ્રજા લગભગ સાડાચારસો વર્ષ સુધી પારકા મુલકમાં ગુલામીમાં હતી તે પ્રજા પરાવલંબી હોય, અને સ્વયંપોષિત ન જ હોઈ શકે. જોખમ સામે ટકી રહીને ઝૂઝવાનું મનોબળ તેમ જ નૈતિક બળ તેમની પાસે ક્યાંથી હોય ! યુદ્ધકળા, રાજયકારભાર, દેશ કે સમાજના સંચાલનની જાણકારી તેમને ભાગ્યે જ હોય. અરણ્યની અથડામણનાં ચાળીસ વર્ષ દરમિયાન જૂની પેઢી ગુજરી ગઈ, અને એમાંથી એક નવી જ અને ખમીરવંતી પ્રજા બહાર આવી.

## ♦ ઈશ્વરે આપેલું અજાયબ કાયદાશાસ્ત્ર

આ સમય દરમિયાન તેઓ એક માત્ર જે ખરો ઈશ્વર તેના અંગત અનુભવમાં આવ્યા, અને તેમને ભાન થયું કે તેમને છોડાવનારો અને સતત દોરનારો આ ઈશ્વર જ છે. એ તબક્કામાં તેમના સામાજિક, નૈતિક, આર્થિક, વૈદકીય, ધાર્મિક તેમજ આંતરરાષ્ટ્રીય કાયદાઓની સ્થાપના પણ થઈ. યહૂદીઓનું આ કાયદાશાસ્ત્ર (નિયમશાસ્ત્ર) રોમન સામ્રાજયના કાયદાશાસ્ત્રનું પાયારૂપ બન્યું; અને એ પરથી કાયદાકચેરીઓનાં શાસ્ત્રો



*અહરામ અલ-ખલીલ, અબ્રાહમ, અને સારાહની કબરો*

ઘડાયાં. ભારતનું ધારાશાસ્ત્ર પણ અંગ્રેજો મારફતે એ જ યહૂદી નિયમશાસ્ત્ર પર મહદ્ અંશે આધારિત છે. મુસલમાન દેશોનાં કાયદાશાસ્ત્રો પણ એને જ આધારિત છે.

આ નિયમશાસ્ત્ર યહૂદીઓને ઈશ્વરે આપ્યું હતું, એવું બાઈબલ જણાવે છે. આ નિયમશાસ્ત્રમાં મનુષ્યજીવનનાં બધાં પાસાંને લગતા નિયમ આપવામાં આવ્યા હતા : ધાર્મિક, કૌટુંબિક, સામાજિક, અદાલતી (સિવિલ અને ક્રીમીનલ); વૈદકીય, રાજકીય, વારસાસંબંધી, ખેતી અને ધંધા સંબંધી, ખોરાક સંબંધી, સ્વચ્છતા સંબંધી વગેરે અનેક પ્રકારના નિયમો આપવામાં આવ્યા હતા.

આ કાયદા જીવદયા, માનવતા અને અસહાયને માટે સહાયની લાગણીથી ભરેલા હતા, એટલું જ નહિ પણ શુદ્ધતા, સ્વચ્છતા અને વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ અણીશુદ્ધ હતા. એમાંના કેટલાક વિધિઓ અને કાનૂનો તો આપણને તાજુબીમાં તરબોળ કરી દે તેવાં છે. એક-બે દાખલા જોઈએ :

ઈશ્વરે તેમને સુન્નતનો વિધિ ફરમાવ્યો : 'અને તમારામાં આઠ દિવસના હરેક છોકરાની, એટલે તમારી પેઢી દર પેઢી હરેક નર-બાળક જે તમારા ઘરમાં જન્મ્યો હોય તેની, અથવા કોઈ પરદેશી પાસેથી પૈસે વેચાતો લીધો હોય, કે જે તમારા વંશનો ન હોય તેને પણ સુન્નત કરવી...' (બાઈબલ : ઉત્પત્તિ ૧૭:૯-૧૪, ૨૩-૨૭).

સ્ત્રીઓને થતા અનેક પ્રકારનાં કેન્સરમાં ચોથા ભાગનાં કેન્સર ગર્ભાશયદ્વારનાં કેન્સર છે, અને જનનેંદ્રિયનાં બધા પ્રકારનાં કેન્સરમાં ગર્ભાશયના મુખના કેન્સરનો આંક ૮૦ ટકા છે. પુરુષની સુન્નત કરવાથી તેમની પત્નીઓને આ પ્રકારનાં કેન્સર ભાગ્યે જ થાય છે. સને ૧૯૦૦માં ડો. હિરામ એન. વાઈનબર્ડોએ ન્યૂયોર્કની માઉન્ટ સિનાય હોસ્પિટલનાં નોંધણીપત્રકોનો અભ્યાસ કરતાં જોયું કે યહૂદી સ્ત્રીઓમાં આ પ્રકારનાં કેન્સર કેસ તદ્દન નજીવા હતા. ("ધી રેર અકરન્સ ઓફ કેન્સર ઓફ ધ વુમ્બ અમન્ગ જયુઈશ વીમન" બૂલેટીન ઓફ માઉન્ટ સિનાય હોસ્પિટલ, ૧૯૧૯).

પછી તો ન્યૂયોર્કની બેલેવ્યુ હોસ્પિટલનાં નોંધણીપત્રકોનો અભ્યાસ ત્યાંના ડો. ઈરા. આઈ. કેપ્લાન અને તેમના સાથીદારોએ કર્યો, અને ત્યાં પણ એ જ પરિણામ જોવામાં આવ્યું. (અમેરિકન જર્નલ ઓફ રોન્ટજેનોલોજી - જૂન, ૧૯૪૭, પૃ. ૬૫૯-૬૬૪, આઈ. કેપ્લાન અને આર. રોશ). સને

૧૯૪૯માં મેયો ક્લીનિકના સ્ત્રીરોગ નિષ્ણાતોએ એ દવાખાનામાં આવેલા સળંગ ૫૬૮ ગર્ભાશયનાં કેન્સરના કેસોનો અભ્યાસ કરતાં જોયું કે એમાં એક પણ યહૂદી સ્ત્રીનો કેસ નહોતો. જોકે એ દવાખાનામાં આવનારામાં સાત ટકા યહૂદી સ્ત્રીઓ હોય છે, છતાં તેઓમાં આ પ્રકારનું કેન્સર નહોતું. ("કેન્સર ઓફ સરવીક્સ એન્ડ નોન-જયુઝ." જર્નલ ઓફ ધ અમેરિકન મેડિકલ એસોસિયેશન - જુલાઈ, ૨૩, ૧૯૪૯, પૃ. ૧૦૬૯) જુદાં જુદાં શહેરોમાં આવી અનેક તપાસનું પરિણામ ઉપર જેમ જ આવ્યું ! યહૂદી સ્ત્રીઓના ખોરાક, રહેણીકરણી વગેરે બધાંનો અભ્યાસ કરવાથી નિદાન થયું કે યહૂદી પુરુષોની સુન્નત કરવામાં આવતી હોવાથી યહૂદી સ્ત્રીઓમાં આ પ્રકારનું કેન્સર નહિવત્ છે.

ભારતમાં પણ એ પ્રકારનો અભ્યાસ હાથ ધરવામાં આવતાં એ જ પરિણામ જોવામાં આવ્યું. ભારતમાં અન્ય ધર્મી સ્ત્રીઓ કરતાં મુસ્લિમ સ્ત્રીઓમાં ગર્ભાશયદ્વારનું કેન્સર તદ્દન ઓછું - નહિવત્ જેવું છે. કેમ કે મુસ્લિમોમાં સુન્નતનો રિવાજ છે. (એ સિમિયોનીદિસ, "એક્ટા યુનિયન ઈન્ટરનેશનલે કોન્ત્રે લે કાન્સર", બૂલેટીન ઓફ યુ. એસ. પબ્લિક હેલ્થ સર્વિસ, વોલ્યુમ ૭, નં. ૧, પૃ. ૧૨૭. વળી પી.એસ. રાવ, આર એસ. રેડ્ડી, એન્ડ ડી. જે. રેડ્ડી, "એ સ્ટડી ઓફ ધી એટીઓલોજિકલ ફેક્ટર્સ ઈન ગંતૂર," જર્નલ ઓફ ધી અમેરિકન મેડિકલ એસોસિયેશન - નવેમ્બર ૭, ૧૯૫૯, પૃ. ૧૪૨૧).

### *સુન્નતનો વિધિ*

ફીજી ટાપુઓમાં પણ જે જાતિઓમાં સુન્નતનો રિવાજ છે ત્યાં આ પ્રકારનું કેન્સર નહિવત્ છે. (એસ.એલ. ઈઝરાયલ, "રીલેટિવ ઈનફ્રીકવન્સીઝ ઓફ સરવીકલ કાર્સિનોમા ઈન જયુઈસ વીમન : ઈઝ ધી એનીગ્મા સોલ્વડ ?" - અમેરિકન જર્નલ ઓફ ઓબસ્ટેરિક્સ ગાયનેકોલોજી, માર્ક ૧૯૫૫, પૃ.૩૫૮-૩૬૦).

એટલું જ નહિ, પણ પુરુષોની જનનેંદ્રિય પર થતું અમુક પ્રકારનું કેન્સર અગાઉથી સુન્નત કરવાથી નથી થતું. સુન્નતવાળી પ્રજાઓમાંથી પુરુષની જનનેંદ્રિયના કેન્સરનો માત્ર ચોથો જ કેસ વૈદકીય ઇતિહાસમાં ઈ.સ. ૧૯૫૫માં જોવા મળ્યો હતો ! (એ. જે. પેકવીન, જુ., એન્ડ જે. એમ. પિયર્સ, "જર્નલ ઓફ યુરોલોજી." નવેમ્બર ૧૯૫૫, પૃ. ૬૨૬-૬૨૭.)

વિજ્ઞાને હમણાં હમણાં જ શોધ્યું કે સ્ત્રીઓના ગર્ભાશયદ્વારનું અને પુરુષની જનનેંદ્રિયનું કેન્સર થતું અટકાવવા માટે અગાઉથી સુન્નત કરવી એ જ માત્ર એક ઈલાજ છે ! જયારે ઈશ્વરે તો આજથી ૪,૦૦૦ વર્ષ પૂર્વે આ ઈલાજ વિધિરૂપે અબ્રાહમ અને તેના વંશજોને (યહૂદીઓ અને આરબોને) આપ્યો હતો. આ અગાઉ અબ્રાહમના પૂર્વજોમાં કે આસપાસની કોઈ પ્રજામાં સુન્નતનો રિવાજ હતો જ નહિ.

હવે પ્રશ્ન રહે છે કે બીજા કોઈ દિવસે નહિ, પણ આઠમે જ દિવસે સુન્નત કરવાનું અબ્રાહમને કેમ ફરમાન કરવામાં આવ્યું હતું ? આઠમો દિવસ સૂચવવામાં પણ ઈશ્વરનો જ હાથ જોવા મળે છે.

ઈ.સ. ૧૯૪૬ અને તે પછી વૈદકીય વિજ્ઞાને શોધી કાઢયું કે બાળકના જન્મ પછી પહેલા પાંચથી સાત દિવસમાં એના લોહીમાં થીજવાનો ગુણ તદ્દન ઓછો હોય છે. (એલ. એમ્મેટ હોલ્ટ અને રસ્ટીન મેકીનટોશ, "હોલ્ટ પેડિયાટ્રીક્સ" ૧૨મી આવૃત્તિ, ન્યૂયોર્ક, એપલ્ટન - સેન્ટયુરી - ક્રોફ્ટસ, ઈન્ક, ૧૯૫૩, પૃ. ૧૨૫-૧૨૬). કારણ, લોહીનો જામવાનો ગુણ વિટામિન 'કે' ને લીધે હોય છે, અને બાળકના પહેલા પાંચથી સાત દિવસ સુધી વિટામિન 'કે' પૂરતા પ્રમાણમાં રચાયું હોતું નથી. આઠમા દિવસે જ એ પદાર્થ પૂરતા પ્રમાણમાં હોય છે. અને તેથી બાળકના લોહીમાં જામવાનો ગુણ પૂરેપૂરો આઠમા દિવસે ખીલે છે. તેથી માણસના જીવનમાં એની જિંદગીનો આઠમો દિવસ ખૂબ સહીસલામત દિવસ હોય છે. અને ઈશ્વરે સુન્નત માટે એ જ દિવસ સૂચવ્યો હતો. જેથી વાઢકાપ દરમિયાન કે પછી બાળકનું લોહી ન જામતાં વહી જઈ બાળકનું મૃત્યુ નીપજે નહિ.

વળી, માણસના લોહીને જામવા માટે બીજા એક પદાર્થની પણ એના લોહીમાં જરૂર હોય છે. એ છે પ્રોથ્રોમ્બીન. બાળકના લોહીમાં આ પ્રોથ્રોમ્બીન તત્ત્વ તદ્દન નહિવત્ હોય છે. એ દિવસોમાં એના શરીર પર કંઈ પણ ઘા થાય કે વાઢકાપ કરવામાં આવે તો લોહી અટક્યા વગર ખૂબ વહી જવાની મોટી શક્યતા હોય છે, અને એમ એ ઘા અગર વાઢકાપ જીવલેણ પણ બની જાય ! બાળકના ત્રીજા દિવસે જરૂરી પ્રમાણના માત્ર ૩૦ ટકા જ જથ્થો આ તત્ત્વનો હોય છે. પરંતુ ખૂબીની વાત એ છે કે બાળકની જિંદગીના આઠમા દિવસે એના લોહીમાં પ્રોથ્રોમ્બીન તત્ત્વનો પુરવઠો એટલો બધો (૧૧૦ ટકા જેટલો) વધી ગયેલો હોય છે કે તે પછી જિંદગીના કોઈપણ દિવસે ફરી કદી

એટલો થતો નથી, - માત્ર ૧૦૦ ટકા અથવા ઓછો હોય છે. આમ, વાઢકાપ માટે આખીયે જિંદગીભરમાં આઠમો દિવસ સૌથી સાનુકૂળ અને સહીસલામતભર્યો હોય છે. ઈશ્વરે એ આઠમો દિવસ જ સુન્નત માટે સૂચવ્યો હતો.

જે વાત વિજ્ઞાને માત્ર હજી હમણાં જ શોધી કાઢી તેની જાણ અબ્રાહમના જમાનાના લોકોને નહોતી. અબ્રાહમ કે ખાલદીઓના ઉર શહેરની કે આસપાસની પ્રજા સુન્નત કરનારી પ્રજા જ નહોતી. એટલે આ કાયદો માનવી જ્ઞાન-ભાન દ્વારા રચાયેલો નહોતો. પણ ઈશ્વરે જ ૪,૦૦૦ વર્ષ અગાઉ અબ્રાહમને સુન્નત માટે આઠમો દિવસ ઠરાવી આપ્યો હતો. આમ, આ નિયમનો આપનાર ઈશ્વર સિવાય બીજો કોણ સંભવી શકે ? (આ આખો મુદ્દો ડો. એસ. આઈ. મેકમીલેનના "નન ઓફ ધીઝ ડીઝીઝીઝ" પૃ.૧૯-૨૩ને આધારે રજૂ કર્યો છે.).

ઈશ્વરે યહૂદીઓને આપેલા એ નિયમોમાં સ્વચ્છતા, અસ્વચ્છતા અને શુદ્ધીકરણના નિયમો આજથી ૩,૫૦૦ વર્ષ પર તો બહુ તાજુબીભર્યા ગણાય. (બાઈબલ : ગણના ૧૯:૧૧-૨૨).

યહૂદી લોકો આંતરડાંના રોગોથી બહુ મોટા પ્રમાણમાં મુક્ત હતા. ટાઈફોઈડ, કોલેરા, મરડો વગેરેની મરકી ઓગણીસમી સદી પહેલાંના સૈકાંઓમાં હજારો અને લાખો માણસોને કફન, દફન અને દહન ભેગા કરી દેતી હતી એ હકીકત માનવ-ઇતિહાસમાં ભૂલાય તેમ નથી. એવી એવી મરકીઓના સમયે યહૂદી પ્રજાને થોડીક જ અસરો થવા પામી હતી. કારણ શુદ્ધતા-સ્વચ્છતા સંબંધીના ઈશ્વરે આપેલા નિયમો તેઓ ચુસ્તપણે પાળતા હતા.

### *શુદ્ધ-અશુદ્ધ ખોરાક અને સ્પર્શ અને મળ સંબંધી નિયમો*

કયા પ્રકારના ખોરાક શુદ્ધ છે, અને કયા અશુદ્ધ છે તે વિષેની નામાવળી તેમના કાયદાપુસ્તકમાં જણાવેલી છે. (બાઈબલ : લેવીય અધ્યાય ૧૧મો). અશુદ્ધ વસ્તુ અને મુડદાનો સ્પર્શ અશુદ્ધ બનાવે છે તે વિષે, તેમ જ અનેક પ્રકારના રોગો અને તેમનાથી દૂર રહેવું એ બધું પણ વિગતવાર આપવામાં આવ્યું છે. (બાઈબલ : લેવીય ૧૧:૩૯, ૪૦, ૧૩:૧-૫૯). તેમ જ ઘરના પથ્થરો તથા રાચરચીલામાં લાગતા રોગો વિષે તેમ જ તેમનાથી દૂર રહેવા વિષે પણ સ્પષ્ટ નિયમો છે. (બાઈબલ : લેવીય ૧૪:૩૩-૫૩). શરીરના

સ્રાવો વિષે પણ ઝીણવટભર્યું વર્ણન આપ્યું છે. (બાઈબલ : લેવીય ૧૫:૧-૩૨).

સ્વચ્છતાના નિયમોનો એક જ દાખલો લઈએ. મનુષ્ય-વિષ્ટા સંબંધીનો નીચે પ્રમાણે નિયમ આપવામાં આવેલો છે : "વળી દિશાએ (= જાજરૂ) જવાને માટે છાવણીની (ગામની) બહાર તારે એક જગા રાખવી, ને ત્યાં તારે દિશાએ જવું. તારાં હથિયારોમાં તારી પાસે પાવડો રહે, અને જ્યારે તું દિશાએ જાય ત્યારે તેનાથી તારે ખોદીને તારામાંથી નીકળતો મળ ઢાંકી દેવો." (બાઈબલ : પુનર્નિયમ ૨૩:૧૨-૧૪). એ ગંદકી નહિ દાટવાથી ઈતિહાસમાં કેટલાં ભયંકર પરિણામ આવેલાં છે ! આપણાં શહેરોના રસ્તા અને ફૂટપાથો જુઓ તો ખરા ! વિજ્ઞાનની આ વીસમી સદીમાં પણ જ્યાં ને ત્યાં મનુષ્ય-મળ જોવા મળે છે ! ગામડાંની તો વાત જ મૂકો !

વળી મધ્ય યુગમાં મરકી (બ્લેક પ્લેગ) આવવાથી યુરોપભરમાં લાખો ને લાખો લોકો મરી ગયા ત્યારે યહૂદીઓને નહિ જેવી જ અસર થયેલી. કારણ, બાઈબલમાં ઈશ્વરે તેમને શુદ્ધિના જે નિયમ આપ્યા હતા તે તેઓ કાળજીપૂર્વક પાળતા હતા. આથી તો બિન યહૂદીઓએ યહૂદીઓ પર તહોમત મૂકેલું કે તેઓ જ આ ધંતરમંતર કે જાદુ કરે છે !

### *ચરબી ખાવાની મના*

અનેક શોધખોળ પછી આજે વિજ્ઞાન કહે છે કે પ્રાણિજ ચરબી માણસના લોહીમાં 'કોલેસ્ટરોલ' નામનું તત્ત્વ વધારી દે છે, અને એ તત્ત્વ લોહીની નળીઓમાં જામતાં નળીઓ સાંકડી બને છે, એટલે કે (આર્ટીરીઓસ્કેલરસીઝ) નામનો રોગ થાય છે. આથી લોહીનું દબાણ વધી જાય છે. હૃદયરોગ અને બીજાં દરદો એમાંથી ઉદ્ભવે છે. આથી વિજ્ઞાન પ્રાણિજ ચરબી વાપરવા ના પાડે છે. બાઈબલમાં ઈશ્વરે જ્યારે ૩,૫૦૦ વર્ષ પૂર્વે નિયમો આપ્યા ત્યારે યહૂદીઓને ફરમાવ્યું હતું કે : "સઘળી ચરબી યહોવાની (ઈશ્વરની) છે. તમારી વંશપરંપરા તમારાં સર્વ રહેઠાણોમાં એ હંમેશને માટે તમારો વિધિ થાય, એટલે કે ચરબી કે રક્ત તમારે ખાવું જ નહિ." વળી "યહોવાએ (ઈશ્વરે) મોશેને કહ્યું કે, ઇઝરાયલપુત્રોને એમ કહે કે, બળદની કે ઘેટાની કે બકરાની કંઈ પણ ચરબી તમે ન ખાઓ." (બાઈબલ : લેવીય ૩:૧૬-૧૭; ૭:૨૧-૨૩).

### પરદેશીઓ, અનાથો, ગરીબો માટે દયાભાવ વાળા નિયમો

ઈશ્વરે આપેલા આ નિયમોમાં પરદેશીઓ, અનાથો, ગરીબો, મૂંગાં પ્રાણીઓ વગેરે માટે કેટલી બધી અનુકંપા ભરી-ભરી પડી છે ! જુઓ તો ખરા, ઈશ્વર કહે છે, 'તું પરદેશીને હેરાન ન કર, ને તેના પર જુલમ ન કર. કેમ કે તમે મિસર દેશમાં પરદેશી હતા. તમે કોઈ વિધવાને કે અનાથ છોકરાંને દુઃખ ન દો. જો તું તેઓને કોઈપણ પ્રકારે દુઃખ દે, ને તેઓ જો મને જરા પણ પોકારશે, તો હું નિશ્ચે તેમનો પોકાર સાંભળીશ." વળી તે કહે છે : "જો તું કદી તારા પડોશીનું વસ્ત્ર ગીરો રાખે, તો સૂર્યાસ્ત થયા અગાઉ તે તેને પાછું આપવું, કેમ કે તેને ઓઢવાનું તે એટલું એ જ છે, ને તે તેનું અંગ ઢાંકવાનું વસ્ત્ર છે, તે બીજું શું ઓઢીને સૂએ ? અને તે મને પોકારશે તો એમ થશે કે હું તેનું સાંભળીશ. કેમ કે હું કૃપાળુ છું." "પરદેશીનો કે નબાપાનો ન્યાય તું ન મરડ; તેમ જ વિધવાનું વસ્ત્ર ઘરેણે ન રાખ."

વળી, ઈશ્વર યહૂદીઓને નિયમો આપતાં કહે છે, "જયારે તમે જમીનની ફસલ કાપો ત્યારે તું તારા ખેતરના ખૂણા પૂરેપૂરા ન કાપ, ને તારી કાપણીનો મોડ તું વીણી ન લે, અને તારી દ્રાક્ષવાડીનો સળો તું વીણી ન લે, તેમ તારી દ્રાક્ષાવાડીની ખરી પડેલી દ્રાક્ષો પણ તું સમેટી ન લે, તું ગરીબને સારુ અને વટેમાર્ગુને સારુ તે રહેવા દે."

### પ્રાણીઓ પર દયા ભાવ સંબંધીના નિયમો

મૂંગા પ્રાણીઓને પણ ઈશ્વર કેવાં યાદ રાખે છે ! યહૂદીઓને આપેલા નિયમશાસ્ત્રમાં એના અનેક ઉલ્લેખ છે, જેમ કે, "જો તું તારા દુશ્મનના ગધેડાને તેના ભારથી ચગદાઈને પડી રહેલું દેખે, ને જો તેની (દુશ્મનની) ખાતર તેને છૂટું કરવાની મરજી તને ન હોય, તોપણ તેને સહાય આપીને તારે તેને છૂટું કરવું જ." "પારે ફરતા બળદના મોં પર તું શેંકી ન બાંધ."

### વિશ્રામવાર સંબંધીનો નિયમ માણસો ને પ્રાણીઓ માટે

વળી માત્ર માણસોને જ નહિ, પણ મૂંગાં પ્રાણીઓને પણ અઠવાડિયામાં એક દિવસ આરામ મળે એ માટે ઈશ્વર કાયમી કાયદો આપે છે, "છ દિવસ તું ઉદ્યોગ કર ને તારું બધું કામ કર. પણ સાતમો દિવસ પ્રભુ તારા પરમેશ્વરનો વિશ્રામવાર (હિબ્રૂ : સાબ્બાથ) છે : તેમાં તું કંઈ કામ ન કર. તું કે તારો દીકરો કે તારી દીકરી કે તારો ચાકર કે તારી ચાકરડી, કે તારો બળદ કે તારું ગધેડું કે તારું કોઈપણ ઢોર કે તારા દરવાજાની અંદર વસનાર પરદેશી, એ

માટે કે જેમ તને તેમ જ તારા ચાકરને અને તારી ચાકરડીને વિશ્રામ મળે." (બાઈબલ : નિર્ગમન ૨૦:૮-૧૧, ૨૨:૨૧-૨૭. ૨૩:૧-૫, ૧૦-૧૨. લેવીય ૧૯:૯-૧૨, ૨૫:૧-૭, પુનર્નિયમ ૫:૧૩-૧૫, ૧૪:૨૮-૨૯, ૨૦:૨૯, ૨૨:૪, ૮, ૨૪:૬, ૧૦:૧૫, ૧૯-૨૨, ૨૫:૪. વગેરે).

## ♦ પાલેસ્તાઈનમાં યહૂદીઓનો વસવાટ અને તેમનું રાજય

યહૂદી પ્રજા પાલેસ્તાઈનમાં પ્રવેશે ત્યાર પૂર્વે થોડા જ સમય પહેલાં મોશે મરણ પામ્યો. એટલે જુવાન યહોશુઆ યહૂદી પ્રજાને પાલેસ્તાઈનમાં દોરી લાવે છે, અને ત્યાં વસતી પ્રજાઓ પર જીત મેળવે છે.



*યરુશાલેમનો જાફ્ફા દરવાજો*

આ દેશ ભૂમધ્ય સમુદ્રના નીચલા પૂર્વ કિનારે સાંકડી પટ્ટીરૂપ આવેલો છે. દુનિયાનું એ કેન્દ્રસ્થાન છે. એશિયા, આફ્રિકા અને યુરોપના રસ્તાઓના ત્રિભેટે આ દેશ આવેલો છે. ઈઝરાયલની ડાબી તરફ (પશ્ચિમે) ભૂમધ્ય અથવા મેડિટરેનિયમ સમુદ્ર આવેલો છે. આ દેશ અને આસપાસના કેટલાક પ્રદેશો મળીને 'બીજચંદ્રાકાર ખીણ' (ક્રિસન્ટ વેલી) તરીકે ઓળખાય છે. આ વિસ્તારને 'દુનિયાનું પારણું' પણ કહેવામાં આવે છે, કારણ, અહીં જ મનુષ્યજીવન પ્રથમ પાંગર્યું.

### ધોરીમાર્ગોનું કેન્દ્ર બેરૂત

ઈઝરાયલની ઉત્તરે આવેલા લબાનોન દેશના પાટનગર બેરૂતમાં દુનિયાનાં મોટાભાગનાં વિમાનો ઊતરે છે. પ્રાચીન કાળમાં મિસર, આશ્શૂર અને બાબિલોનનાં લશ્કરો અહીં થઈને જ પસાર થતાં, કારણ, એ ધોરી માર્ગ હતો. આજે પણ આ બધી પ્રાચીન પ્રજાઓના શિલા લેખો લીબાની પર્વતો પર જોવા મળે છે. એમાં ઉત્તર-દક્ષિણે યર્દન નદી વહે છે; અને આ નદીનાં પાણી ગાલીલના સરોવરમાં થઈને આગળ જતાં મૃત સરોવરમાં વિરમે છે.

### પલિસ્તીઓ કોણ છે ?

ઈજિપ્તમાંથી આવેલા યહૂદીઓના પચીસ લાખ જેટલા લોકોને બાર કુળો પ્રમાણે પાલેસ્તાઈન વહેંચી આપવામાં આવ્યો. (ઈ.સ. પૂર્વે ૧૨૩૦). એ જ અરસામાં પલિસ્તી નામની એક પ્રજા પણ ક્રીત અને એજિયન ટાપુ તરફથી આવીને આ દેશના નીચલા ફળદ્રુપ કંઠાર પ્રદેશમાં વસવા લાગી હતી. મિસરના રાજાએ આ પલિસ્તીઓને ઈ.સ. પૂર્વે ૧૧૯૪માં ક્રીત અને એજિયન ટાપુમાંથી હાંકી કાઢયા હતા. એટલે તેઓ અહીં પાલેસ્તાઈનમાં આવીને ઠરીઠામ થવા માગતા હતા. એચ.જી. વેલ્સ તેમને આર્ય લોકો ગણાવે છે. તેમના નામ ઉપરથી આ દેશનું નામ 'પાલેસ્તાઈન' પડયું. વળી આ દેશમાં અસલ કનાની પ્રજા વસતી હોવાથી એને 'કનાન' પણ કહેવામાં આવતો.

તે વખતે હિબ્રૂ લોકો તરીકે ઓળખાતી આ યહૂદી પ્રજા પાલેસ્તાઈનમાં આવીને ત્યાંની અન્ય પ્રજાઓને હરાવે છે, અને તેમનો પ્રદેશ કબજે કરે છે એ વિષે પુરાતત્તવવિદ્યાના ચોક્કસ પુરાવા મળી આવ્યા છે. ટેલ-એલ-આમના સ્થળેથી મળેલી માટીની પતરીઓ (પુરાતત્ત્વવિદ્યા) મિસરના ટેલ-એલ-આર્મના સ્થળે ભૂતકાળનો ભંગાર દટાયેલો હતો. ત્યાં ઈ.સ. ૧૮૮૭માં ખોદકામ કરતાં એક મિસરી સ્ત્રીને શંકુ આકારની લિપિમાં લખેલી ૩૦૦ જેટલી માટીની તખ્તીઓ મળી આવી. તેણે તે માત્ર દોઢ-બે રૂપિયામાં (બે શિલિંગમાં) વેચી. હાલ તેનો મોટો ભાગ બ્રિટિશ મ્યુઝિયમમાં છે.

એમાં મિસરના રાજાઓ આમેન હોટેપ ત્રીજા અને ચોથાએ પાલેસ્તાઈનના તે સમયના તેમના તાબેદારો સાથે કરલો સંદેશવ્યવહાર આપ્યો છે. કેટલાક સંદેશા યરુશાલેમના કોઈ અબ્દી-ખીબા નામના રાજાએ ફારૂનને કરેલી ફરિયાદોના છે. એમાં લખેલું છે. કે, "ખબીરીપ્રજા રાજાના

મુલકોનો નાશ કરે છે. જો આ વર્ષે લશ્કર મોકલવામાં આવશે તો બધા પ્રદેશો રાજાના કબજામાં રહેશે. પણ જો લશ્કર નહિ આવે, તો મારા માલિક રાજાના પ્રદેશો તેઓ લઈ લેશે." વળી તેમાં લખ્યું છે કે, "હવે તો આ ખબીરી પ્રજા રાજાનાં શહેરોને કબજે કરી લેવા લાગી છે, અને મારા માલિક રાજાના પક્ષના હવે કોઈ સ્થાનિક સત્તાધીશો રહ્યા નથી, તેઓ બધા નાશ પામ્યા છે." આ 'ખબીરી' પ્રજા તે ઈતિહાસમાં 'હાબીરી' અને 'હેબ્રી' પ્રજા તરીકે ઓળખાતા યહૂદી લોકો જ હતા. (એ. રેન્ડલ શોર્ટ : મોર્ડન ડીસ્કવરી એન્ડ ધ બાઈબલ, લંડન, ૧૯૪૫, પૃ. ૧૧૬). એમ તેઓએ પાલેસતાઈન દેશ કબજે કર્યો.

## *ન્યાયાધીશો અને રાજાઓ*

યહોશુઆના મરણ પછી ૪૫૦ વર્ષ સુધી યહૂદી પ્રજા પર શાસન કરનાર કોઈ કેન્દ્રીય વ્યક્તિ કે સત્તા ન હતી. પરંતુ આસપાસ રહેતી પ્રજાઓના દમન કે હુમલાઓમાંથી છોડાવવાને માટે જરૂરને સમયે કોઈને કોઈ આગેવાન ઊભો થતો. તે આગેવાન ઈઝરાયલ પ્રજા પર શાસન પણ ચલાવતો. આવા કુલ બાર આગેવાનો એ ગાળા દરમિયાન પાક્યા હતા. પુરોહિત એલીને અને પયગંબર શમૂએલને ગણતાં એ આંકડો ચૌદનો થાય. આ ચૌદ આગેવાનોમાં આજથી ૩,૦૦૦ વર્ષ પર દબોરા નામની અતિ હોશિયાર અને પ્રભાવશાળી સ્ત્રી પણ હતી.

હવે, આ પ્રજાને અન્ય પ્રજાઓની માફક પોતા પર રાજા જોઈતો હતો. આમ બિન્યામીન કુળના શાઉલ નામના પ્રભાવશાળી જુવાનને તેમના સૌથી પહેલા રાજા તરીકે ઈ.સ. પૂર્વે ૧૦૫૦માં નીમવામાં આવ્યો. તેના ચાળીસ વર્ષના રાજ્યકાળ પછી ઈઝરાયલનો અતિ પ્રિય રાજા, ભક્ત તથા કવિ દાવિદ (હિબ્રૂ : દાવુદ અથવા દાવિદ. અં. ડેવીડ) ગાદી પર આવ્યો. એ યહૂદાના કુળનો હતો. તેણે રાજ્યને બહુ વ્યવસ્થિત અને સમૃદ્ધિશાળી બનાવ્યું. વળી તેણે હુમલા કરતી આસપાસની પ્રજાઓને મહાત કરી, અને રાજ્યની સરહદો ઘણી વધારી. લગભગ આખોયે પાલેસ્તાઈન પ્રદેશ તેની હકૂમત નીચે આવ્યો. દાવિદના નામનો ઉલ્લેખ પણ ઉપર જણાવેલા મારી શહેરનાં મળી આવેલાં લખાણોમાં જોવા મળે છે.

દાવિદ પછી તેના પુત્ર મહાજ્ઞાની શલોમોને ગાદી સંભાળી. એના જ્ઞાનની અનેક વાતો દુનિયાભરમાં ફેલાયેલી છે. એના વખતમાં ફિનિશ્યન વહાણવટીઓ મારફતે દેશના વેપારી કાફલા દૂર દેશાવરમાં જતા. એ કાફલા

ભારતમાંથી પણ મોર, વાંદરાં, સુગંધી દ્રવ્યો, તેજાના અને અત્તરો ભરી જઈને પાલેસ્તાઈનના જોપ્પા બંદરે ઠાલવતા. 'રાજાનો તાર્શીશ વહાણનો એક કાફલો હીરામના કાફલા સાથે સમુદ્ર પર ફરતો હતો. દર ત્રણ વર્ષે એક વાર તાર્શીશનો કાફલો સોનું, રૂપું, હાથીદાંત વાનરો અને મોર લઈને આવતો હતો.' (બાઈબલ : ૧ રાજા ૧૦:૨૨)

## *દેશદેશાવરનો વેપાર અને યરુશાલેમનું મંદિર*

આ સમયે સોનું તો દેશમાં અઢળક વધ્યું હતું. "શલોમોનને ત્યાં જે સોનું આવતું તેનું વજન છસો છાસઠ તાલંત હતું. વળી મુસાફર લોકો લાવતા હતા તે, ને વેપારીઓના વેપારથી તથા મિશ્ર લોકોના સર્વ રાજાઓ તરફથી અને દેશના સૂબાઓ તરફથી મળતું તે જુદું. શલોમોન રાજાએ ઘડેલા સોનાની બસો ઢાલ બનાવી. દરેક ઢાલમાં છસો શેકલ સોનું જતું. તેણે ઘડેલા સોનાની બીજી ત્રણસો ઢાલ બનાવી. એ દરેક ઢાલમાં ત્રણ માનેહ સોનું હતું. રાજાએ તે લબાનોનના વનગૃહમાં મૂકી." (બાઈબલ ૧ રાજા ૧૦:૧૪-૧૭).

શલોમોન રાજાએ અનેક મહેલો બંધાવ્યા, તેમ જ યરુશાલેમનું ભવ્ય અને વિશાળ મંદિર પણ બંધાવ્યું, જેની અંદરની ભીંતો સળંગ સોનાથી મઢેલી હતી. પરમપવિત્રસ્થાનના ભાગનું ભોંયતળિયું પણ સોનાથી મઢયું હતું. (બાઈબલ : ૧ રાજા ૬:૧૯-૨૨, ૩૦). વળી શલોમોન રાજાએ શોભાને સારુ મંદિરને મૂલ્યવાન જવાહિરથી શણગાર્યું... મંદિરને, ભારોટિયાઓને, ઊમરાઓને ને તેની ભીંતોને તથા તેનાં બારણાંને સોનાથી મઢયાં અને ભીંતો પર (સોનામાં) કરૂબો (દૂતો) કોતર્યા." (બાઈબલ : ૨ કાળવૃત્તાંત ૩:૬, ૭). તે જમાનાના જગતમાં આ અતિ પ્રખ્યાત મંદિર હતું.

આ મંદિરના પાયાની કોણશીલાઓ આજે પણ જમીનમાં દટાયેલી જોવા મળે છે. તેઓ ૧૪ થી ૧૫ ફૂટ લાંબી અને ૩.૫ થી ૪.૫ ફૂટ ઊંચી એવી ભવ્ય કોણશિલાઓ છે (૧ રાજા ૫:૧૭, ૧૮). એમાંની એક કોણશિલા તો ૨૬ ફૂટ લાંબી, ૬ ફૂટ ઊંચી અને ૭ ફૂટ પહોળી છે. એમાંની કેટલીક પર શલોમોનના ફિનિશ્યન ગબાલીઓએ અને સલાટોએ ફિનિશ્યન લિપિમાં લખેલું જોવા મળે છે. આ મંદિર સ્થાપત્ય કલાના નમૂનાસમ હતું. એક નહિ પણ અનેક મકાનોની હારમાળા જેવું આ મંદિર અતિ વિશાળ હતું.

આ મંદિરના બાંધકામ તથા શોભા માટે દાવિદ રાજાએ અગાઉથી અઢળક ખજાનો ભેગો કરી રાખ્યો હતો. તેણે ૧,૦૦,૦૦૦ તાલંત સોનું



યરુશાલેમના મંદિરનું આંગણું. આગણા પછી મંદિર શરૂ થાય છે. અહીં મંદિરનો ભવ્ય દરવાજો દેખાય છે. દરવાજા

અને ૧૦,૦૦,૦૦૦ તાલંત રૂપું આ માટે ભેગું કર્યું હતું (બાઈબલ : ૧ કાળવૃત્તાંત ૨૨:૧૪). આજના તોલમાપના હિસાબે એકલું સોનું જ ૩,૨૮,૯૩૮ મણ થાય ! એક હિબ્રૂ સોનાતાલંત બરાબર આશરે રૂપિયા ૨,૦૫,૬૨૧ અને એક હિબ્રૂ રૂપાતાલંત બરાબર આશરે રૂપિયા ૧૩,૬૫૦ થાય. આ ઉપરાંત દાવિદ રાજાએ તેમાં પોતાની ખાનગી મિલકતમાંથી ૩,૦૦૦ તાલંત સોનું અને ૭,૦૦૦ તાલંત રૂપું થનાર મંદિરના ભંડોળ પેટે આપ્યું હતું. વળી સરદારોએ ૫,૦૦૦ તાલંત સોનું અને ૧૦,૦૦૦ 'દારીક' સોનું અને ૧૦,૦૦૦ તાલંત રૂપું આપ્યું હતું.

## *મોરિયા પર્વત*

જે મોરિયા પર્વત ઉપર અબ્રાહમ પોતાના પુત્ર ઈસહાકને અર્પણ તરીકે હોમવા લઈ ગયો હતો એ જ મોરિયા પર્વત પર પાછળથી આ મંદિર બાંધવામાં આવ્યું હતું. વળી એ જ સ્થળ પર અગાઉ યબૂસી ઓર્નાનની ખળી હતી. (બાઈબલ : ૨ કાળવૃત્તાંત ૩:૧). દાવિદે મંદિર બાંધવા માટે એ જગા ખરીદી લીધી હતી.

યહૂદીઓને મન આ મંદિર અતિ પવિત્ર ધામ હતું, અને તેમને જીવ કરતાં પ્યારું હતું. યજ્ઞો અને અર્પણો ચઢાવવા તેમ જ પર્વોની વિધિસરની ઉજવણી માટે આખાયે દેશમાં આ એક જ મંદિર હતું. આ મંદિર આજે તો નથી, અને ઓગણીસસો વરસથી યહૂદીઓ મંદિર વગરના રહ્યા છે. હા, જેમ પ્રાચીન કાળમાં હતું તેમ આજે પણ તેમનાં 'સભાગૃહો' (સીનેગોગ) છે. હવે એ સભાગૃહોમાં તેઓ ભક્તિ અને શાસ્ત્રાભ્યાસને માટે ભેગા મળે છે; પરંતુ મંદિર તો નથી જ. તેઓની શ્રદ્ધા છે કે પાલેસ્તાઈનમાં પાછા ભેગા થઈને તેઓ યરુશાલેમમાં અસલ જગાએ પહેલા કરતાં પણ અતિ ભવ્ય એવું મંદિર બાંધશે (જુઓ લેખકનું 'યરુશાલેમનું મંદિર').

## *રાજ્યના ભાગલા*

શલોમોન રાજાના મૃત્યુ પછી તેના રાજ્યના બે ભાગલા પડી ગયા. (ઈ.સ. પૂર્વે ૯૩૫). પ્રજાનાં બાર કુળમાંથી યહૂદાના કુળનું દક્ષિણનું રાજ્ય બન્યું અને તે 'યહૂદિયાના રાજ્ય' તરીકે ઓળખાવા લાગ્યું. તેની રાજધાની યરુશાલેમમાં રહી, અને શલોમોનનો પુત્ર રહાબામ તેના પર રાજ કરવા લાગ્યો. બાકીનાં દશ કુળોનું ઉત્તરનું રાજ્ય બન્યું, જે ઈતિહાસમાં 'ઈઝરાયલના રાજ્ય' તરીકે ઓળખાયું. તેની રાજધાની સમરૂનમાં

31כָּל־הַפְּקֻדִים לְמַחֲנֵה דָן מְאַת אֶלֶף וְשִׁבְעָה וַחֲמִשִּׁים אֶלֶף וְשֵׁשׁ
מֵאוֹת לָאַחֲרֹנָה יִסְעוּ לְדִגְלֵיהֶם׃ ס 32אֵלֶּה פְּקוּדֵי בְנֵי־יִשְׂרָאֵל
לְבֵית אֲבֹתָם כָּל־פְּקוּדֵי הַמַּחֲנֹת לְצִבְאֹתָם שֵׁשׁ־מֵאוֹת אֶלֶף וּשְׁלֹשֶׁת
אֲלָפִים וַחֲמֵשׁ מֵאוֹת וַחֲמִשִּׁים׃ 33וְהַלְוִיִּם לֹא הָתְפָּקְדוּ בְּתוֹךְ בְּנֵי
יִשְׂרָאֵל כַּאֲשֶׁר צִוָּה יְהוָה אֶת־מֹשֶׁה׃ 34וַיַּעֲשׂוּ בְּנֵי יִשְׂרָאֵל כְּכֹל
אֲשֶׁר־צִוָּה יְהוָה אֶת־מֹשֶׁה כֵּן־חָנוּ לְדִגְלֵיהֶם וְכֵן נָסָעוּ אִישׁ
לְמִשְׁפְּחֹתָיו עַל־בֵּית אֲבֹתָיו׃
3 1וְאֵלֶּה תּוֹלְדֹת אַהֲרֹן וּמֹשֶׁה בְּיוֹם דִּבֶּר יְהוָה אֶת־מֹשֶׁה בְּהַר
סִינָי׃ 2וְאֵלֶּה שְׁמוֹת בְּנֵי־אַהֲרֹן הַבְּכֹר ׀ נָדָב וַאֲבִיהוּא אֶלְעָזָר
וְאִיתָמָר׃ 3אֵלֶּה שְׁמוֹת בְּנֵי אַהֲרֹן הַכֹּהֲנִים הַמְּשֻׁחִים אֲשֶׁר־מִלֵּא
יָדָם לְכַהֵן׃ 4וַיָּמָת נָדָב וַאֲבִיהוּא לִפְנֵי יְהוָה בְּהַקְרִבָם אֵשׁ זָרָה
לִפְנֵי יְהוָה בְּמִדְבַּר סִינַי וּבָנִים לֹא־הָיוּ לָהֶם וַיְכַהֵן אֶלְעָזָר וְאִיתָמָר
עַל־פְּנֵי אַהֲרֹן אֲבִיהֶם׃ פ 5וַיְדַבֵּר יְהוָה אֶל־מֹשֶׁה לֵּאמֹר׃
6הַקְרֵב אֶת־מַטֵּה לֵוִי וְהַעֲמַדְתָּ אֹתוֹ לִפְנֵי אַהֲרֹן הַכֹּהֵן וְשֵׁרְתוּ אֹתוֹ׃
7וְשָׁמְרוּ אֶת־מִשְׁמַרְתּוֹ וְאֶת־מִשְׁמֶרֶת כָּל־הָעֵדָה לִפְנֵי אֹהֶל מוֹעֵד
לַעֲבֹד אֶת עֲבֹדַת הַמִּשְׁכָּן׃ 8וְשָׁמְרוּ אֶת־כָּל־כְּלֵי אֹהֶל מוֹעֵד וְאֶת־
מִשְׁמֶרֶת בְּנֵי יִשְׂרָאֵל לַעֲבֹד אֶת־עֲבֹדַת הַמִּשְׁכָּן׃ 9וְנָתַתָּה אֶת־
הַלְוִיִּם לְאַהֲרֹן וּלְבָנָיו נְתוּנִם נְתוּנִם הֵמָּה לוֹ מֵאֵת בְּנֵי יִשְׂרָאֵל׃
10וְאֶת־אַהֲרֹן וְאֶת־בָּנָיו תִּפְקֹד וְשָׁמְרוּ אֶת־כְּהֻנָּתָם וְהַזָּר הַקָּרֵב
יוּמָת׃ פ 11וַיְדַבֵּר יְהוָה אֶל־מֹשֶׁה לֵּאמֹר׃ 12וַאֲנִי הִנֵּה לָקַחְתִּי
אֶת־הַלְוִיִּם מִתּוֹךְ בְּנֵי יִשְׂרָאֵל תַּחַת כָּל־בְּכוֹר פֶּטֶר רֶחֶם מִבְּנֵי
יִשְׂרָאֵל וְהָיוּ לִי הַלְוִיִּם׃ 13כִּי לִי כָּל־בְּכוֹר בְּיוֹם הַכֹּתִי כָל־בְּכוֹר
בְּאֶרֶץ מִצְרַיִם הִקְדַּשְׁתִּי לִי כָל־בְּכוֹר בְּיִשְׂרָאֵל מֵאָדָם עַד־בְּהֵמָה
לִי יִהְיוּ אֲנִי יְהוָה׃ פ 14וַיְדַבֵּר יְהוָה אֶל־מֹשֶׁה בְּמִדְבַּר סִינַי
לֵאמֹר׃ 15פְּקֹד אֶת־בְּנֵי לֵוִי לְבֵית אֲבֹתָם לְמִשְׁפְּחֹתָם כָּל־זָכָר מִבֶּן־

બનાવવામાં આવી, અને યરોબામ નામના એક શૂરવીરે એ રાજગાદી ધારણ કરી. લેવી કુળ પુરોહિતોનું કુળ હોઈને પ્રવેશ-વહેંચણીમાં એને ગણવામાં આવતું નથી.

ઉત્તરનું અથવા 'ઇઝરાયલનું રાજય' અનેક ચડતી-પડતીમાં ૨૧૫ વર્ષ સુધી ટક્યું, અને તેમાં કુલ ૧૯ રાજાઓ થયા. આખરે ઈ.સ. પૂર્વે ૭૨૧માં તૈગ્રિસ નદી તરફના આશ્શૂર રાજા સારગોન બીજાએ એને જીતી લીધું. તેણે ત્યાંની મોટા ભાગની પ્રજાને ઉપાડી આશ્શૂર તરફ લઈ જઇ વસાવી.

### માલાખીથી માથ્થી સુધીના ચારસો વર્ષ મક્કાબીઓનો બળવો

જૂના અને નવા કરાર વચ્ચે ચારસો વર્ષ જેટલો લાંબો ગાળો પસાર થયો હતો. બાઈબલમાં આ ગાળા વિષે કંઈ પણ ઉલ્લેખ નથી, કે એની કંઈ નોંધ પણ લેવામાં આવી નથી. પણ એ ગાળા વિષેની માહિતી ઈસવીસનની પહેલી સદીમાં થઈ ગયેલા ઇતિહાસકાર જોસીફસનાં લખાણોમાંથી, 'અપોકિફા'નાં કેટલાંક પુસ્તકોમાંથી, તેમજ ગ્રીક અને રોમન લખાણોમાંથી આપણે મેળવી શકીએ છીએ.

આ સમયનો યહૂદી ઇતિહાસ ભારે જુલમ, વારંવાર થતા હુમલાઓ, અને લોહિયાળ લડાઈઓથી ભરેલો છે. પણ યહૂદીઓના આ અંધકાર તથા કાળા કેર ભર્યા સમયમાં કેટલાક યહૂદી લોકોએ ઈશ્વરનાં વચનોનું જીવના જોખમે જતન કર્યું. જૂનો કરાર અત્યારના સ્વરૂપમાં આ સમયે તૈયાર હતો, એટલે કે જૂના કરારનું નિયમગણ પૂરું થઈ ચૂક્યું હતું. નિયમશાસ્ત્ર, પ્રબોધકો અને ગીતશાસ્ત્ર - જૂના કરારના એ ત્રણેય વિભાગને એક પુસ્તક તરીકે એકત્રિત કરાયા હતા. બાઇબલના આ જૂના કરારને તેમજ આવનાર તથા છૂટકારો પમાડનાર મસીહ સંબંધી લાંબા સમયથી આપવામાં આવેલાં વચનોને કેટલાક વિશ્વાસુ યહૂદીઓ પ્રાણસમા વળગી રહ્યા હતા. જૂના કરારનો હિબ્રૂમાંથી ગ્રીકમાં તરજુમો આ ગાળામાં થયો હતો.

આ ચારસો વર્ષના ગાળા દરમિયાન બનેલા બનાવોએ ભાવિ યહૂદી સમાજને ઘડયો અને એને નવું સ્વરૂપ આપ્યું, તેમજ સ્પષ્ટ વિચારધારા બક્ષી. વળી આ ગાળાએ જ પ્રભુ ઈસુના આગમન માટે તેમજ સુવાર્તાના પ્રસારણ માટે તૈયાર કર્યો. આ સમયગાળાને ચાર ભાગમાં વહેંચી શકાય. ઈરાની રાજયકાળ, ગ્રીક રાજયકાળ, યહૂદી સ્વતંત્રતાનો કાળ, અને રોમન

રાજયકાળ. જૂના કરારનાં લખાણનો અંત ઈરાની કાળમાં આવ્યો, અને નવા કરારની શરૂઆત રોમન કાળમાં થઈ.

### માલાખીથી માથ્થી સુધીનો ગાળો

જૂના અને નવા કરાર વચ્ચે ચારસો વર્ષ જેટલો લાંબો ગાળો પસાર થયો હતો. બાઈબલમાં આ ગાળા વિષે કંઈ પણ ઉલ્લેખ આપવામાં આવ્યો નથી, કે એ ગાળાની કંઈ નોંધ પણ લેવામાં આવી નથી. પણ એ ગાળા વિશેની માહિતી ઈસ્વીસનની પહેલી સદીમાં થઈ ગયેલા યહૂદી ઇતિહાસકાર જોસીફસનાં લખાણોમાંથી, 'અપૉક્રિફા'નાં કેટલાંક પુસ્તકોમાંથી, તેમ જ ગ્રીક અને રોમન લખાણોમાંથી આપણે મેળવી શકીએ છીએ.

### ૧. ઈરાની રાજયકાળ :

આ ચારસો વર્ષના ગાળાની શરૂઆતમાં માદી-ફારસી (ઇરાની) રાજાઓની કારકિર્દીમાં, અને એ પછી મહાન એલેકઝાન્ડર (ગ્રીક)ના સમયમાં યહૂદીઓએ શાંતિ અનુભવી હતી. યહૂદીઓ સિત્તેર વર્ષના બંદીવાસમાં ઈ.પૂર્વે ૬૦૬ અને ૫૮૬માં બાબિલોનમાં લઈ જવામાં આવ્યા હતા. અને સિત્તેર વર્ષ પૂરાં થતાં ફારસી રાજા કોરેશે યહૂદીઓને છૂટ આપતી જાહેરાત કરી કે યહૂદીઓ યરુશાલેમ જાય અને પોતાના ઈશ્વરનું મંદિર ફરીથી બાંધે. આ માટે કોરેશે તેમને નાણાકીય અને લશ્કરી રક્ષણની સહાય આપી હતી. એમ ઝરુબ્બાબેલે યરુશાલેમ આવીને નવું મંદિર બાંધ્યું (ઈ.પૂ. ૫૩૫-૫૧૫). એ અરસામાં ભારતમાં ગૌતમ બુદ્ધ (ઈ.પૂર્વે. ૫૬૩-૪૮૩) ધર્મપ્રવર્તન કરતા હતા. પાછળથી એઝરા શાસ્ત્રી ઈ.પૂ. ૪૫૮માં અને ઈરાની આર્તાહશાસ્તા (આર્તઝર્કઝીસ લોન્જીમાનસ)ના રાજયકાળના વીસમા વર્ષે નહેમિયા બાબિલોનથી યરુશાલેમ પાછા આવ્યા અને યરુશાલેમનો તૂટી પડેલો કોટ ફરીથી બાંધ્યો (નહેમિયા ૨:૧-૮, ૬:૧૫).

એ પછી પણ આ ચારસો વર્ષના ગાળાની શરૂઆતે ઈરાની રાજકર્તાઓએ યહૂદીઓ પ્રત્યે રહેમનજર રાખી હતી. યહૂદિયા ઉપર ઈરાની રાજાઓની હકૂમત નીચે પ્રમુખ યાજકો રાજકર્તા હતા. એને લીધે યહૂદીઓને ઠીક ઠીક સ્વતંત્રતા મળી હતી. પણ એને લીધે પ્રમુખ યાજકનું પદ એક ધાર્મિક પદ હતું એ રાજસત્તાનું પદ બની ગયું હતું. આથી એ પદ પામવા માટે અદેખાઈ, છળકપટ અને ખૂનરેજી વધી ગયાં હતાં. યોઈયાદા (નહે.

૧૨:૨૨)ના દીકરા યોહાનાને પોતાના ભાઈ યોશુઆનું ખૂન મંદિરમાં જ કર્યું હતું.

### ૨. ગ્રીક કાળ :

ગ્રીસ દેશથી આવીને દુનિયા જીતતો મહાન એલેકઝાન્ડર એશિયામાઈનર આગળના યુદ્ધમાં (ઈ.પૂ. ૩૩૩) ઈરાન ઉપર વિજેતા બન્યો. તૂર નગરીને જીતીને એલેકઝાન્ડર મિસર તરફ જતાં યરુશાલેમ આવ્યો. એક દંતકથા ચાલે છે કે પ્રમુખ યાજક યહુદા તેને મળવા આવ્યો, અને જૂના કરારમાંથી દાનિયેલનું પુસ્તક (દાનિ. ૮) ખોલીને બતાવ્યું કે બાઇબલમાં આપ્યું છે કે તેનું (એલેકઝાન્ડરનું) લશ્કર વિજયી બનશે. એટલે એલેકઝાન્ડર યહૂદીઓ પ્રત્યે કૂણી લાગણી ઊભી કરીને ત્યાંથી આગળ વધ્યો. ઇતિહાસકારો આ દંતકથાને ગંભીરતાથી જોતા નથી. ગમે તેમ પણ એલેકઝાન્ડરે યહૂદીઓને પોતાનો ધર્મ અને કાયદાકાનૂન પાળવાની છૂટ આપી, સાબ્બાથ (સાતમા) વર્ષે તેમને કર-મુક્તિ આપી, અને પોતે મિસરમાં એલેકઝાન્ડ્રિયા શહેર બાંધ્યું (ઈ.પૂ. ૩૩૧) ત્યારે યહૂદીઓ ત્યાં આવીને રહે, વેપાર કરે એ માટે તેમને ઉત્તેજન આપ્યું, અને પોતાની ગ્રીક પ્રજા જેવા હકો અને છૂટછાટ બક્ષ્યાં.

### ૩. જૂના કરારનો સપ્તતી તરજુમો :

મહાન એલેકઝાન્ડરના મૃત્યુ (ઈ.પૂ. ૩૨૩) પછી તેનું રાજ્ય તેના ચાર સરદારોમાં ચાર ભાગે વહેંચાઈ ગયું. એમાંનો એક સરદાર ટૉલેમી I મિસરનો ધણી બન્યો. તેણે યહૂદીઓ પ્રત્યે રહેમનજર રાખી. ઘણા બધા યહૂદીઓ એલેકઝાન્ડ્રિયા (મિસર) જઈ વસ્યા. એ પછી ઘણા સૈકા સુધી એલેકઝાન્ડ્રિયા શહેર યહૂદી વિચારધારાનું કેન્દ્ર બની રહ્યું. ટૉલેમી IIના સમયમાં ત્યાંના યહૂદીઓએ મોશેનાં પાંચ પુસ્તકો (બાઇબલનાં પહેલાં પાંચ પુસ્તકો)નો હિબ્રૂ ભાષામાંથી ગ્રીક ભાષામાં (સેપ્ટુઆગિન્ટ) તરજુમો કર્યો. પાછળથી એ તરજુમો 'સપ્તતી' તરીકે ઓળખાયો. પાછળથી જૂના કરારનાં બાકીનાં પુસ્તકોનો પણ ગ્રીકમાં તરજુમો થયો,અને એ આખો જૂનો કરાર 'સપ્તતી' તરીકે ઓળખાયો.

હિબ્રૂમાંથી ગ્રીકમાં તરજુમો શા માટે કરવામાં આવ્યો ? બાબેલના સિત્તેર વર્ષના બંદીવાસ દરમિયાન હિબ્રૂ ભાષા વીસરાઈ ગઈ હતી. અને હવે યહૂદીઓ અરામી ભાષા વાપરતા થયા હતા. પ્રભુ ઈસુના સમયમાં પણ લોકો અરામી ભાષા બોલતા હતા. આમ છતાં ગ્રીક સામ્રાજ્ય પછી ગ્રીક ભાષા

વપરાશમાં આવતી થઈ હતી, અને પ્રભુ ઈસુના સમયમાં તો ગ્રીક ભાષા વિશ્વવ્યાપી બની ગઈ હતી, એટલે જ આ પ્રભુ ઈસુના જન્મ અગાઉ લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે જૂના કરારને હિબ્રૂમાંથી ગ્રીકમાં ઉતારવાની ભારે જરૂર પડી. એટલે આ 'સપ્તતી' તરજૂમો કરવામાં આવ્યો. અને પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી નવો કરાર ગ્રીકમાં લખાયો.

### ૪. *જૂના કરારનું નિયમગણ પૂરું :*

આ ચારસો વર્ષના શરૂઆતના ભાગ સિવાય બાકીના ગાળાનો યહૂદી ઈતિહાસ ભારે જુલમ, વારંવાર થતા હુમલાઓ અને લોહિયાળ લડાઈઓથી ભરેલો છે. પણ યહૂદીઓના આ અંધકાર અને કાળા કેર ભર્યા સમયમાં કેટલાક વિશ્વાસુ યહૂદીઓએ ઈશ્વરનાં વચનોનું જતન જીવના જોખમે કર્યું. જૂનો કરાર અત્યારના સ્વરૂપમાં આ સમયે તૈયાર હતો, એટલે કે જૂના કરારનું નિયમગણ પૂરું થયેલું હતું. નિયમશાસ્ત્ર, પ્રબોધકો અને ગીતશાસ્ત્ર - જૂના કરારના આ ત્રણેય વિભાગને એક પુસ્તક તરીકે એકત્રિત કર્યા હતા. બાઈબલના આ જૂના કરારને, તેમ જ ભવિષ્યમાં આવનાર તથા છૂટકો પમાડનાર મસીહ સંબંધી લાંબા સમયથી આપવામાં આવેલા વચનને કેટલાક વિશ્વાસુ યહૂદીઓ પ્રાણની પેઠે વળગી રહ્યા હતા.

યહૂદી ધાર્મિક ઈતિહાસમાં છેલ્લા ઝખાર્યા અને માલાખી એ બે પ્રબોધક થઈ ગયા. એ પછી છેક યોહાન બાપ્તિસ્ત સુધીનાં ચારસો વર્ષના ગાળા દરમિયાન કોઈ અન્ય પ્રબોધક ઊભો થયો નહોતો, કે ઈશ્વરપ્રેરણાથી લખાયેલું હોય અને બાઈબલમાં મુકાય તેવું બીજું કોઈ લખાણ લખાયું નહોતું.

આ ચારસો વર્ષના ગાળા દરમિયાન બનેલા બનાવોએ ભાવિ યહૂદી સમાજને ઘડયો અને નવું સ્વરૂપ આપ્યું, તેમ જ સ્પષ્ટ વિચારધારા બક્ષી. વળી આ ગાળાએ જ પ્રભુ ઈસુના આગમન માટે તેમ જ સુવાર્તાના પ્રસારણ માટે માર્ગ તૈયાર કર્યો. આ સમયગાળાને ચાર ભાગમાં વહેંચી નાખી શકાય : ઈરાની રાજયકાળ, યહૂદી સ્વતંત્રતાનો કાળ, અને રોમન રાજયકાળ. જૂના કરારના લખાણનો અંત ઈરાની કાળમાં આવ્યો અને નવા કરારની શરૂઆત રોમન કાળમાં થઈ. આપણે આ અગાઉ ઈરાની અને ગ્રીક રાજયકાળો વિશે જોઈ ગયા.

### ૫. *યહૂદીઓમાં બે ભાગલા અને અંત્યોખસ એપિફાનસ*

યહૂદીઓ ઉપર મિસરી ટૉલેમીઓની સત્તા ચાલુ રહી, એ પછી

સિરિયાના રાજા અંત્યોખસ ત્રીજાએ આ મિસરીઓના હાથમાંથી સિરિયા અને પાલેસ્ટાઈન પોતાના હાથમાં આંચકી લીધાં (ઈ.પૂ. ૧૯૮). સિરિયાના રાજાઓ સેલ્યુસીદને નામે ઓળખાતા હતા. શરૂઆતમાં તો આ સેલ્યુસીદોએ યહૂદી પ્રજા ઉપર માયાભાવ બતાવ્યો, અને તેમના પ્રમુખ યાજકોને તેના વતી યહૂદીઓ ઉપર રાજ્યસત્તા ચલાવવા સત્તા આપી હતી. પણ એવામાં યહૂદીઓમાં ભાગલા પડયા.

અંત્યોખસ એપિફાનસ (અંત્યોખસ ચોથો ઈ.પૂ. ૧૭૫-૧૬૦) સિરિયાની ગાદીએ આવ્યો, એ પછી એ યહૂદીઓમાં ભાગલા પડાવ્યા. તેણે યહૂદીઓ પર ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક ધર્મ લાદવા ખૂબ દમનનીતિ આદરી. યહૂદીઓમાંથી કેટલાક હેલેનિક (ગ્રીક) સંસ્કૃતિ તરફ ઢળતા હતા, તેઓ અંત્યોખસ એપિફાનસના પક્ષે આવ્યા, અને બાકીના યહૂદીઓ ચુસ્ત યહૂદી રહ્યા. અંત્યોખસે એક એવા યહૂદીને પ્રમુખ યાજકના સ્થાને નીમ્યો કે જેણે પોતાનું યહૂદી નામ યેશુઆ બદલીને યાસન રાખ્યું. આ યાસને યહોવાને બદલે તૂરના દેવ હરક્યુલસની પૂજા કરવા લોકોને ઉત્તેજન આપ્યું. બે જ વર્ષમાં તેને પ્રમુખ યાજક પદેથી ઉઠાડી મૂકવામાં આવ્યો, અને મનાહેમ (ગ્રીક નામ મેનેલાઉસ) નામના માણસને એ પદ સોંપ્યું.

આ બંનેના પક્ષકારો વચ્ચે ભારે વિખવાદ ઊભો થયો. આવો લાભ લઈ અંત્યોખસ એપિફાનસ લશ્કર લઈને યરુશાલેમ સામે ચડી આવ્યો, મંદિરને લૂંટી લીધું, અને ત્રણ દિવસમાં ચાલીસ હજાર યહૂદીઓને મારી નાખ્યા, યહૂદીઓની સામાજિક, રાજકીય અને ધાર્મિક છૂટછાટ બંધ કરી દેવામાં આવી, અને દહનાર્પણની વેદી ઉપર ગ્રીક દેવ જ્યુપિટરની વેદી સ્થાપવામાં આવી. ત્યાં જ્યુપિટરની મૂર્તિ મંદિરમાં પરમ પવિત્ર સ્થાનમાં ઊભી કરવા હુકમ કર્યો. એટલું જ નહિ પણ દેશભરમાં જ્યુપિટરની વેદીઓ બાંધવા હુકમ કર્યો. તેણે યરુશાલેમનો કોટ તોડી પાડયો, સુન્નતનો વિધિ બંધ કરવા ફરમાવ્યું, અને યહૂદીઓનાં મળ્યાં તે બધાં ધર્મપુસ્તકો બાળી નંખાવ્યાં.

આટલું જાણે ઓછું હોય તેમ યરુશાલેમના મંદિરની વેદી ઉપર તેણે ભૂંડ વધેરાવ્યાં. આમ, તેણે પવિત્ર મંદિરને ઈ.પૂ. ૧૬૪માં અમંગળ તથા ભ્રષ્ટ કર્યું. યહૂદીઓ ભૂંડને અશુદ્ધ-નાપાક પશુ ગણતા હતા, અને ભૂંડો રાખવા-ઉછેરવાનો ધંધો પણ યહૂદીઓમાં વર્જ્ય હતો, ત્યારે પવિત્ર મંદિરમાં

આવું નાપાક ભૂંડ ભૂંડ વધેરાય એ યહૂદીઓ કેવી રીતે સાંખી શકે ? એથીય આગળ વધીને તેણે આ ભૂંડનું નાપાક માંસ યહૂદીઓને ખવડાવ્યું.

### ૬. મક્કાબી કાળ :

આવા જુલમ, ત્રાસ અને ધર્મભ્રષ્ટતા સામે હાસ્મોનિયન વંશના મતાથિયસ નામના એક યહૂદીએ સખત સામનો કર્યો. દેશભરમાં અંત્યોખસ એપિફાનસ સામે બળવો જાગ્યો. આ મતાથિયસ અને તેના પાંચ પુત્રોએ બળવાનું સુકાન પોતાના હાથમાં લીધું. તેઓને ઇતિહાસમાં ‘મક્કાબીઓ’ તરીકે ઓળખવામાં આવે છે (મક્કાબી=હથોડો).

અંત્યોખસ એપિફાસને પોતાના ખાસ સંદેશવાહકોને મતાથિયસ પાસે ખાસ હુકમ લઈને મોકલી આપ્યા. તેઓ યરુશાલેમની પશ્ચિમે પંદરેક માઈલ પર આવેલા મોદિન ગામે આવી પહોંચ્યા. અંત્યોખસના હુકમ પ્રમાણે મતાથિયસ જયુપિટર આગળ બલિદાન ચડાવશે એવું તેઓ ધારતા હતા. પણ મતાથિયસે તો તેમ કરવા ના પાડી દીધી, એકાદ સંદેશવાહકને મારી પણ નાખ્યો, વળી તેણે પતિત થયેલા એક યહૂદીને પણ પેલી વેદી પાસે મારી નાખ્યો તેમ જ એ વિધિના સંચાલકને પણ મારી નાખ્યો અને પછી પહાડી પ્રદેશમાં નાસી ગયો. મતાથિયસના મરણ પછી તેના દીકરા યહૂદાએ બળવાનો દોર પોતાના હાથમાં લીધો. સિરિયા તરફથી જે હલ્લાઓ યહૂદીઓ પર આવ્યા તે દરેકમાં યહૂદા મક્કાબીએ વિજય મેળવ્યો. અંત્યોખસે આ બળવાના સમાચાર સાંભળ્યા એ પછી થોડા જ સમયમાં એલિમાઈસ અને બાબિલોન વચ્ચે તે મરી ગયો. યહૂદીઓએ જાહેર કરેલા બળવા દ્વારા ત્રણ જ વર્ષમાં તેઓએ પરદેશી સત્તાને ફગાવી દીધી.

આ મુક્તિના સ્મારક તરીકે અને મંદિરના પુનઃ શુદ્ધીકરણની યાદગીરીમાં યહૂદીઓ આજ સુધી ‘હાનુખા પર્વ’ (દીપોત્સવી) ઊજવે છે. એમાં તેઓ દીવા સળગાવે છે. યોહાન ૧૦:૨૨માં જે ‘પ્રતિષ્ઠાપર્વ’નો ઉલ્લેખ છે, તે પર્વ પણ મંદિરના શુદ્ધીકરણ પછી મંદિરની કરવામાં આવેલી પ્રતિષ્ઠાક્રિયાનો સ્મરણદિન છે.

આમ, યહૂદીઓ ફરી એક વાર સ્વતંત્ર થયા, અને રાજયના અગાઉના મહિમાને તેમણે પાછો આણ્યો. આ હાસ્મોનિયન વંશે એ પછી લગભગ એક સૈકા સુધી રાજય કર્યું, અને રાજયના સીમાડા દાવિદ રાજાના સમયમાં હતા તેટલા વધાર્યા. આમ, લગભગ ઈ. પૂ. ૪૩ સુધી યહૂદી પ્રજા સ્વતંત્ર રહી.

જૉન હરકાનસ (ઈ.પૂ. ૧૩૫-૧૦૬)ના અમલ સુધી યહૂદીઓ એકદિલ બનીને રહ્યા.

## ૭. મક્કાબીઓનું પતન અને રોમન રાજ્યની સત્તા

મક્કાબી આગેવાનો પાછળથી સ્વાર્થી અને સત્તાલાલચુ બની ગયા. સત્તા માટે તાણાતાણી અને ભૌતિક વાનાં તરફ લક્ષ વધતું ગયું, અને દેશહિત ઓસરતું ગયું. યહૂદીઓમાં ભાગલા પડી ગયા, અને એને લીધે સૌના સહિયારા ઉદયનું હિત ઠંડું પડતું ગયું. આ અરસામાં આવા સંજોગોમાં આવા સંજોગોમાં યહૂદીઓમાં ત્રણ પક્ષો ઊભા થયા :

### ફરોશીઓ, સાદુકીઓ અને એસેનીઓ

અંત્યોખસ એપિફાનસના પછી થયેલા સિરિયાના રાજકર્તાઓએ યહૂદીઓને મળેલી સ્વતંત્રતા છિન્નભિન્ન કરવા વારંવાર મોટાં લશ્કરો યહૂદીઓ સામે મોકલ્યા કર્યાં. મક્કાબી યહૂદાનો ભાઈ એવા એક યુદ્ધમાં માર્યો ગયો. આવા ત્રાસને લીધે યહૂદાએ રોમની સાથે મૈત્રી-જોડાણ કર્યું. રોમ બહુ ઝડપથી એક મહા બળવાન સત્તા બની રહ્યું હતું.

એરિસ્તોબુલસ (પહેલો) મક્કાબીએ પહેલ પ્રથમ "યહૂદીઓનો રાજા" એવો ખિતાબ ધારણ કર્યો. એના ટૂંકા રાજયકાળ પછી જુલમી એલેકઝાન્ડર જાનુસ સત્તા પર આવ્યો. એણે રાજય પોતાની માના હાથમાં સોંપ્યું. એનું નામ એલેકઝાન્દ્રિયા હતું. એલેકઝાન્દ્રિયાના મૃત્યુ પછી એના નાના દીકરા એસ્સિતોબુલસ (બીજા)ના હાથમાં આવ્યું. તેણે પોતાના ભાઈ હરકાનસનો હક પચાવી પાડયો. એટલે ઈદુમિયાના હાકેમ આન્તીપાતર II(B) હરકાનસનો પક્ષ લીધો. દેશમાં આંતરવિગ્રહ થાય એવું વાતાવરણ ઊભું થયું. આ પરિસ્થિતિનો લાભ લેવા રોમન સત્તાધીશ પૉમ્પી મોટું લશ્કર લઈને યરુશાલેમ સામે ચઢી આવ્યો (ઈ.પૂ. ૬૩), અને યરુશાલેમ તથા યહૂદિયાનો પ્રદેશ જીતી લીધો. ત્યારથી પાલેસ્તાઈન રોમના સામ્રાજયની સત્તા નીચે આવ્યું. રોમે એ પ્રદેશના જ વતની અદોમી આન્તીપાતરને (B) રાજા તરીકે નીમ્યો. તે ઠરાવેલી ખંડણી રોમને નિયમિત ભરી આપતો. તેણે ૨૦ વર્ષ સુધી રાજય કર્યું.

## ૮. મહાન હેરોદ

આન્તીપાતર II (B)નું (જુલિયસ સીઝર સાથે) ખૂન થયા પછી તેનો દીકરો 'મહાન હેરોદ યહૂદિયાનો તેત્રાર્ખ (ચોથા ભાગનો સત્તાધીશ) એકવીસ વર્ષની ઉંમરે નિમાયો (ઈ.પૂ.૪૧).' પાછળથી ઈ.પૂ. ૩૭માં તેને રોમે

યહૂદિયાનો રાજા બનાવ્યો. આ હેરોદનો બાપ, ઉપર જોયું તેમ, અદોમી હતો, અને તેની મા સૈપ્રસ પણ અદોમી હતી. આમ, હેરોદમાં યહૂદી લોહીનો છાંટોય નહોતો. આ મહાન હેરોદના સમયમાં પ્રભુ ઈસુનો જન્મ થયો. પ્રભુ ઈસુનો જન્મ થયા પછી આશરે ત્રણ ચાર માસમાં જ આ હેરોદ મરી ગયો. અહીંથી વાતનો દોર માથ્થી પોતાની સુવાર્તામાં ઉપાડી લે છે.

પ્રભુ ઈસુ દેહધારી બનીને આવ્યા તે સમયે રોમન સામ્રાજ્ય પશ્ચિમી દુનિયા પર અને એશિયા પર પણ સત્તા ચલાવતું હતું. આખા સામ્રાજ્યને મોટા નાના અનેક રસ્તાઓથી ગૂંથી લેવામાં આવ્યું હતું, અને સામ્રાજ્યનાં સર્વ સ્થળોએ પહોંચવાનું આ રસ્તાઓ દ્વારા સહેલું બન્યું હતું. એલેકઝાન્ડરે દુનિયાને જીતી લીધી હતી તેને કારણે, અને ગ્રીસના સામ્રાજ્યને કારણે, તે વખતની દુનિયાની સહિયારી ભાષા ગ્રીક ભાષા બની ગઈ હતી. આખી દુનિયામાં વ્યવહાર માટે અને વિચારવિનિયમ માટે ગ્રીક ભાષા ખૂબ પ્રચલિત બની ગઈ હતી. વળી તે સમયે ત્રણ મહાન રાષ્ટ્રીય સમૂહો અસ્તિત્વ ધરાવતા હતા. રોમનો, ગ્રીકો અને યહૂદીઓ. આ બધી બાબતોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવવા માટે અને સુવાર્તાના સર્વત્ર ફેલાવા માટે ભૂમિકા તૈયાર કરી દીધી હતી. અને સમયની સંપૂર્ણતાએ શબ્દ સદેહ થયો, અને સ્ત્રીથી જન્મેલા પ્રભુ ઈસુ દેહધારી બનીને આવ્યા.

જિતાયેલી પ્રજાઓની વસતી અહીંથી તહીં હેરફેર કરી નાખવાની આશ્શૂરી રાજાઓની નીતિ હતી. પોતપોતાના વતનમાં વસતી પ્રજાઓ પર કાબૂ રાખવાનું મુશ્કેલ બને પણ એક જથ્થે હેરફેર કરાયેલી પ્રજાને નવા અને અજાણ્યા દેશમાં તેમ જ અજાણ્યા લોકોમાં કાબૂમાં રાખવી સહેલી પડે. કારણ, ત્યાં મુખ્ય સત્તાને આધીન થવામાં જ એ પ્રજાની સલામતી સમાયેલી હોય.

ખાલી કરવામાં આવેલાં ગામો અને નગરોમાં આશ્શૂરના રાજાએ બાબિલ, કૂછાહ, આવ્વા, હમાથ અને સફાર્વાઈમથી લોકોને લાવીને વસાવ્યા. આ લોકોએ યહૂદીઓના ધર્મને અડધોપડધો અપનાવ્યો. પ્રભુ ઈસુના સમયાં પાલેસ્તાઈનમાં જે સમરૂનીઓ હતા તે આ લોકોના જ વંશજ હતા. (બાઈબલ : ૨ રાજા ૧૭:૨૪-૪૧).

### ♦ બંદી તરીકે પરદેશમાં :

ત્યારપછી દક્ષિણનું અથવા 'યહૂદિયાનું રાજ્ય' બીજાં ૧૩૫ વર્ષ સુધી ટક્યું. શાઉલ રાજાથી ગણતાં ૪૬૫ વર્ષ સુધી એ રાજ્ય ચાલ્યું, અને કુલ

બાવીસ રાજાઓ ગાદી પર થઈ ગયા. આ યહૂદિયાના રાજય પરથી એ પ્રજા યહૂદી પ્રજા તરીકે ઓળખાતી થઈ. આખરે ઈ.પૂ. ૫૮૬માં એ રાજયનો પણ સમૂળો અંત આવ્યો.

## *ઈઝરાયેલ રાજયનો બંદીવાસ*

બાબિલોનનો ખાલદી રાજા નબૂખાદનેસ્સાર બીજો યરુશાલેમ પર પ્રથમ ઈ.સ. પૂર્વે ૬૦૬માં ચઢી આવ્યો, રાજયને લૂંટી લીધું, અને રાજયના મોટા ભાગના ઉપયોગી માણસોને બાબિલોન લઈ ગયો. (જુઓ એચ.જી. વેલ્સનો 'આઉટલાઈન ઓફ હિસ્ટ્રી' - ઇતિહાસની રૂપરેખા, પૃષ્ઠ ૨૬૪). બાઈબલમાં પણ નીચે પ્રમાણે વર્ણન છે :

"તે વેળાએ બાબિલના રાજા નબૂખાદનેસ્સારના સૈનિકો યરુશાલેમ પર ચઢી આવ્યા, ને તે નગરને ઘેરો ઘાલ્યો. જયારે તેના સૈનિકોએ શહેરને ઘેરો ઘાલ્યો હતો, ત્યારે બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર ત્યાં આવી પહોંચ્યો.... તેણે યહોયાખિન રાજાને તથા તેના ઘરનાંને પકડી લીધાં." પ્રભુએ પયગંબર મારફતે ભવિષ્યવચન કહ્યું હતું, તે પ્રમાણે પ્રભુમંદિરનો બધો ભંડાર તથા રાજાના મહેલનો ભંડાર તે હરી ગયો.... "તે બધાં યરુશાલેમવાસીઓને, બધા અમલદારોને અને બધા પરાક્રમી યોદ્ધાઓને, એટલે દશ હજાર બંદિવાનોને અને સર્વ કારીગરો તથા કસબી લોકોને પકડી લઈ ગયો." (બાઈબલ : ૨ રાજા ૨૪:૧૦-૧૭).

નબૂખાદનેસ્સાર ફરી પાછો **ઈ.સ. પૂર્વે ૫૯૮માં ચઢી** આવ્યો અને યરુશાલેમના કિલ્લેબંધી નગરની સામે અઢાર મહિનાનો ઘેરો નાખ્યો. શહેરમાં બિલકુલ ખોરાક ન રહેવાથી તેમ જ કારમો દુષ્કાળ ચાલતો હોવાથી શહેરના લોકોએ જ કોટમાં ગાબડાં પાડયાં. ફરી એક વાર યહૂદિયાનું રાજય જિતાઈ ગયું.

ત્રણ ખંડિયા રાજાઓનો* અખતરો કર્યા પછી નબૂખાદનેસ્સારે ઈ.સ. પૂર્વે ૫૮૬માં યરુશાલેમનો સમૂળો નાશ કર્યો. દેશના સૌથી કંગાલ લોકોને પાછળ રહેવા દઈ બાકીના બધા લોકોને તે બંદી કરીને બાબિલોન લઈ ગયો. તેણે "ઈશ્વરનું મંદિર, રાજાનો મહેલ અને યરુશાલેમનાં ઘરો બાળી નાખ્યાં; એટલે દરેક મોટું ઘર અગ્નિથી બાળી નાખ્યું" (બાઈબલ : ૨ રાજા ૨૫:૯).

---

* ત્રણ ખંડિયા રાજાઓ : યહોયાકિમ, યહોયાકિન અને સિદિકિયા

બંને વખતના મળીને લગભગ ૫૦,૦૦૦ યહૂદીઓ બંદી તરીકે લઈ જવાયા. એ સમયથી માંડીને આજ સુધીનો સમય યહૂદી પ્રજા માટે 'વિદેશીઓનો સમય' ગણાય છે.

આ અરસામાં ઈરાનમાં જરથોસ્તી ધર્મનો સ્થાપક ઝોરાસ્ટર ધર્મપ્રવર્તન કરતો હતો (ઈ.સ. પૂર્વે ૬૬૦-૫૮૩).

બંદી તરીકે લઈ જવાતી વખતે એક યહૂદી કવિએ જે ગીત રચ્યું હતું, તેનો ગુજરાતી ગદ્ય અનુવાદ નીચે પ્રમાણે છે :

"બાબિલની નદીઓને કાંઠે અમે બેઠા, અને અમને સિયોન (યરુશાલેમ)નું સ્મરણ થઈ આવ્યું, ત્યારે અમે રડયા અને ત્યાંનાં ઝાડો ઉપર અમે અમારી સિતારો ટાંગી દીધી. કારણ, ત્યાં અમને બંદી તરીકે લઈ જનારાઓએ ગીત ગાવા ફરમાવ્યું. અમારા પજવનારાઓએ કહ્યું, 'અમને જરા ગમત થાય માટે સિયોનનાં ગીતોમાંનું કોઈ એક ગીત લલકારો.' પણ પારકા દેશમાં અમે ઈશ્વરનું ગીત કેમ ગાઈ શકીએ ? હે યરુશાલેમ, જો હું તને વીસરી જાઉં, તો મારો જમણો હાથ પોતાનું કર્તવ્ય વીસરી જાય. જો હું તારું સ્મરણ ન કરું, અથવા જો હું મારા મુખ્ય આનંદ કરતાં યરુશાલેમને શ્રેષ્ઠ માનતો ન હોઉં, તો મારી જીભ મારા તાળવાને ચોંટી જાય." (બાઇબલ : ગીતશાસ્ત્ર ૧૩૭:૧-૬).

## ♦ બંદીવાસમાંથી પાછા ફરવું

યહૂદીઓ બરાબર ૭૦ વર્ષ સુધી ઈ.સ. પૂર્વે ૬૦૬ થી ૫૩૬ સુધી બાબિલોનના ગુલામીવાસમાં રહ્યા. ગુલામીવાસમાં છતાં તેઓ ત્યાંના જાહેર જીવનમાં સારો ભાગ લેતા હતા; અને કેટલાક તો ઉચ્ચ પદવી પણ પામ્યા હતા.

તેઓ પોતાની સાથે ધર્મશાસ્ત્ર લઈ ગયા હતા. પયગંબરોએ ભવિષ્ય ભાખ્યું હતું તેમ આ દુઃખો અને આફતની તાવણીમાં તવાઈને તેમના જીવનમાં અજાયબ પલટો આવ્યો. તેઓ એકેશ્વરવાદી હોવા છતાં છેક મિસરમાંથી નીકળ્યા ત્યારથી માંડીને રાજ્યના પતન સુધી મૂર્તિપૂજા ઓછાવત્તા અંશે તેમનામાં ઘર ઘાલી બેઠી હતી. પણ આ બંદીવાસનાં ૭૦ વર્ષો દરમિયાન મૂર્તિપૂજા તેમનામાંથી છેક જ સમૂળી સદાને માટે દૂર થઈ ગઈ. મધ્યવર્તી મંદિર ત્યાં બંદીવાસમાં નહોતું; એટલે સભાસ્થાનોની સ્થાપના થઈ. એમાં

તેઓ શનિવારે (સાબ્બાથે) ભક્તિ માટે અને નિયમશાસ્ત્રના અભ્યાસ માટે એકઠા મળતા થયા.

### સભાસ્થાનો

એ સભાસ્થાનો છોકરાંને નિયમશાસ્ત્ર શીખવવાની શાળાઓ તરીકે પણ વપરાવા લાગ્યાં. એ સભાસ્થાનો યહૂદી જીવનનાં કાયમી અંગ બની ગયાં.

એ અરસામાં બાબિલોનનું રાજ્ય માદી રાજા દારિયસના હવાલામાં આવ્યું, અને પાછળથી એ ગાદી ઈરાનના ફારસી રાજા કોરેશે (અ. સાયરસે) સંભાળી લીધી. બાઇબલમાં એ બધો ઇતિહાસ દાનિયેલના પુસ્તકમાં આપ્યો છે.

### દર્યાવેશ રાજા

કેટલાક અભ્યાસીઓ આ ઇતિહાસને ખરો નથી ગણતા, અને કહે છે કે બેલ્શાસ્સાર તેમ જ દાર્યાવેશ (અ. દારિયસ) જેવા કોઈ રાજા બાબિલોનમાં થઈ ગયા નથી. પણ આપણે હવે પછી જોઈશું કે બાઇબલમાં આપેલો ઇતિહાસ તદ્દન સત્ય છે.

બાઇબલમાં (દાનિયેલ ૫:૩૦, ૩૧) આ પ્રમાણે છે : "તે જ રાત્રે ખાલદીઓનો રાજા બેલ્શાસ્સાર માર્યો ગયો. તેનું રાજ્ય સુમારે બાસઠ વર્ષની વયના માદી દાર્યાવેશ (દારિયસ)ના હાથમાં આવ્યું." આમાં બાબિલોનના રાજ્ય પર બેલ્શાસ્સારને રાજ કરતો દર્શાવ્યો છે, અને માદી દાર્યાવેશ (અં. દારિયસ) તેને મારી નાખે છે, અને તેનું રાજ લઈ લે છે. પણ જગતના ઇતિહાસમાં તો ખાલદીઓનો છેલ્લો રાજા નબોનીદસ બતાવ્યો છે. વળી તેનું રાજ્ય લઈ લેવાતા તે મારી નંખાતો નથી. પણ તેને વર્ષાસન બાંધી આપવામાં આવે છે. વળી જગતના ઇતિહાસમાં બેલ્શાસ્સાર જેવો કોઈ રાજા થઈ ગયો હોય તેવું પણ જણાતું જ નથી.

પુરાણા ઇતિહાસકારો બેરોસ્સુસ (ઈ.સ. પૂર્વે આશરે ૨૫૦) અને એલેકઝાન્ડર પોલિહિસ્ટોર એ બંને જણ નબોનિદસને ખાલદી વંશનો છેલ્લો રાજા ગણાવે છે.

આ બધા પરથી અભ્યાસીઓ કહેતા કે બાઇબલનો ઇતિહાસ સાચો નથી, અને બેલ્શાસ્સાર તો બાઇબલમાં દાનિયેલના પુસ્તકના લેખકની

કલ્પનાસૃષ્ટિનું પાત્ર છે. (હિતઝીગ : 'કોમેન્ટ્રી ઓન ડેનિયલ' (દાનિયેલ પર ભાષ્ય) પૃષ્ઠ ૭૫).

અહી પણ પુરાતત્ત્વવિદ્યાના ખોદકામે અજાયબ પ્રકાશ પાડયો છે, અને બાઈબલને ફરી એક વાર સાચું ઠરાવ્યું છે. ઓગણીસમી સદીના મધ્યકાળમાં બાબિલોન પ્રદેશમાં ખોદકામ કરતાં ત્યાંથી કેટલીક માટીની પાટીઓ મળી આવી. લંડનના આશ્શૂર વિદ્યાના ખ્યાતનામ નિષ્ણાત ડૉ. થીઓફિલસ જી. પીન્ચીઝે એમનો વિગતવાર પૂરો અભ્યાસ કર્યો છે.

એ પાટીઓમાંથી એક પાટીમાં બેલ્શાસ્સારનું નામ છે. એ બતાવે છે કે બેલ્શાસ્સાર નામનો કોઈ મહત્ત્વનો માણસ બાબિલોનમાં થઈ ગયો. બીજી એક પાટીમાં બેલ્શાસ્સાર અને નબોનિદસનાં નામ ભેગાં આપ્યાં છે, જે બતાવે છે કે આ બે વ્યક્તિ વચ્ચે કંઈક સંબંધ હતો. વળી ત્રીજી એક પાટીમાં બેલ્શાસ્સારને રાજાનો દીકરો ગણાવ્યો છે. આગળ જતાં ચોથી એક પાટીમાં કોઈ બે પક્ષો વચ્ચેનું કરારનામું આપ્યું છે, અને એ કરારનામામાં નબોનિદસ તથા બેલ્શાસ્સારના નામના સોંગદ લીધેલા બતાવ્યા છે. પુરાણા બાબિલોનમાં ચાલુ રાજાના સોગંદ લેવાનો ધારો હતો. એ પરથી સમજાય છે કે નબોનિદસ તેમ જ બેલ્શાસ્સાર સહરાજકર્તા હતા.

ત્યારપછી યેલ યુનિવર્સિટીના આશ્શૂરવિદ્યાના પ્રોફેસર રેયમન્ડ પી. ડૉઘર્ટીની શોધખોળથી આ વાતને વધુ પ્રકાશ મળ્યો. પ્રો. ડૉઘર્ટીના લખાણમાં બતાવ્યું છે કે નબોનિદસ એના રાજયકાળના પાછલા સમયનો મોટો ભાગ અરબસ્તાનમાં જ ગાળતો હતો; એટલે બાબિલોનની ગાદી ખાલી ન રહે, માટે તેણે પોતાના પુત્ર બેલ્શાસ્સારને બાબિલોનની ગાદી સોંપી હતી (આર.પી. ડૉઘર્ટી : 'નબોનિદસ અને બેલ્શાસ્સાર'). બ્રિટિશ પુરાવિદ સીડની સ્મીથે એક શિલાલેખનો અનુવાદ બહાર પાડયો છે, જેમાં આપ્યું છે : "તેણે તેને રાજગાદી સોંપી." એમ બેલ્શાસ્સાર બાબિલોનનો રાજા બન્યો.

માદી રાજા બાબિલોન જીતી લે છે ત્યારે બેલ્શાસ્સારને મારી નાખે છે (કારણ બેલ્શાસ્સાર ત્યાં રાજકર્તા હતો). બાઈબલની આ વાત સાચી, તેમ જ નબોનિદસ જે અરબસ્તાનમાં હતો તે મારી નંખાયો નથી, અને પાછળથી તેને વર્ષાસન બાંધી આપવામાં આવે છે, એ બહારના ઈતિહાસની વાત પણ સાચી. આમ, બાઈબલની હકીકત ફરી એક વાર સાચી ઠરી છે, અને સાચા ઈતિહાસ તરીકે બાઈબલ વધુ આદરપાત્ર અને વિશ્વસનીય બન્યું છે.

હવે કેટલાક અભ્યાસીઓનો દાવો હતો કે દાર્યાવેશ જેવો કોઈ માદી રાજા બાબિલોન પર થયો જ નથી. એ વાત વિષે જોઈએ :

એમ કહેવા માટે સમર્થનમાં તેમની પાસે કોઈ પુરાવા નથી. ઊલટું, ઝેનોફોન નામના ગ્રીક ઇતિહાસકારે ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં 'સાયરોપાઈદિયા' લખ્યું, તેમાં તે બાઇબલને તદ્દન મળતી જ વાત જણાવે છે. ઝેનોફોનના જ શબ્દો ગુજરાતી અનુવાદમાં નીચે ટાંક્યા છે :

"કોરેશ (અં. સાયરસ) જયારે બાબિલોન પહોંચ્યો (ઈ.સ. પૂર્વે ૫૩૯માં), ત્યારે બાબિલોનના દરવાજાઓની નીચે થઈને યુફ્રેતિસ નદીનાં જે પાણી વહેતાં હતાં, તેમને બીજી તરફ વાળી દેવાના હેતુથી તેણે નહેરો ખોદાવી.

## *બાબિલોનને જીતી લેવામાં આવ્યું*

પછી તે તેમ જ માદી-ફારસી લશ્કર છૂપી રીતે નદીના કોરા પટમાં થઈને નદી પર આવેલા દરવાજાઓમાં ચાલી રહેલી ઉજાણી વિષે, તેમ જ બધા બાબિલોનવાસીઓ દારૂમાં ચકચૂર હતા અને આખી રાત તેમાં આળોટયા હતા, એ બધા વિષે સાંભળ્યું." જયાં બેલ્શાસ્સારે દીવાલ પર હસ્તલેખ જોયો હતો એ રાજમહેલે આવી પહોંચતાં તેઓ "અંદર ઘૂસી ગયા અને ભાગનારાઓનો પીછો પકડતાં અને લોકોને મારતાં મારતાં તેઓ આગળ વધ્યા, અને રાજા પાસે આવી પહોંચ્યા, ત્યારે તેને તલવાર તાણીને ઊભેલી સ્થિતિમાં જોયો (તેઓએ) તેને પકડયો." પયગંબર દાનિયેલે લખ્યું છે એમ જ એ રાત્રે બેલ્શાસ્સાર મારી નંખાયો.

જયારે શાંતિ થઈ ત્યારે કોરેશે ઈરાનમાં પોતાના પિતાને મળવા જવા નક્કી કર્યું ! ઝેનોફોન આગળ જણાવે છે : "જયારે તેઓ મીડિયામાં આવ્યા ત્યારે કોરેશ (પોતાના કાકા) સીઆઝરેસને મળવા ફંટાયો. તેઓ એકબીજાને ભેટયા પછી કોરેશે સીઆઝરેસને કહ્યું કે, બાબિલોનમાં તમારે માટે ખાનગી ઘર તથા મહેલો અલગ રાખવામાં આવ્યાં છે, અને જયારે તમે ત્યાં (બાબિલોનમાં) જાઓ, ત્યારે તમે તમારા પોતાના ઘરમાં રહેજો."

પહેલી સદીના યહૂદી ઇતિહાસકાર જોસીફ્સ પોતાના લખાણમાં જણાવે છે કે આ સીઆઝરેસ રાજા એ જ માદી દાર્યાવેશ (અં. દારિયસ) છે (એન્ટીક્વીટીઝ ઓફ ધ જયુઝ ક. ૧૧:૪). કોરેશ પોતાના પિતાને મળવા




ઈઝરાયલના પહાડો અને સરોવર

ઈરાન ગયો ત્યારે દાર્યાવેશે બાબિલોન પર રાજ કર્યું હતું. આમ, બાઈબલનું કથન સત્ય ઠરે છે.

આ કોરેશ રાજાએ યહૂદીઓ પર રહેમ નજર રાખી અને જેઓને પોતાના વતન પાછા જવું હોય તેમને જવા દીધા. (ઈ.સ. પૂર્વે ૫૩૬). વળી યરુશાલેમનું મંદિર અને શહેરનો કોટ બાંધવા આર્થિક સહાય પણ આપી. એ ઉપરાંત નબૂખાદનેસ્સાર જે સોનું અને સોનારૂપાનાં પાત્રો યરુશાલેમના મંદિરમાંથી લૂંટી લાવ્યો હતો, તે બધું યહૂદીઓને પાછું આપ્યું. આ સમયે બાબિલોનથી લગભગ ૪૨,૩૬૦ યહૂદીઓ ઝરૂબ્બાબેલ સાથે વતનમાં એટલે કે પાલેસ્તાઈનમાં પાછા આવ્યા હતા.

કોરેશે પ્રથમ ઝરુબ્બાબેલને ગવર્નર તરીકે પાલેસ્તાઈનમાં મોકલ્યો, અને પાલેસ્તાઈનનો રાજયકારભાર સોંપ્યો. અગાઉ બંદીવાસ પહેલાં યહૂદિયાની ગાદી પર થઈ ગયેલા રાજા યહોયાકિનનો એ પૌત્ર થતો હતો, અને એમ રાજવારસ પણ હતો. તેણે યરુશાલેમનું મંદિર ફરીથી બાંધવાનું શરૂ કર્યું (ઈ.સ. પૂર્વે ૫૩૫). એ અરસામાં ભારતમાં ગૌતમ બુદ્ધ ઈ.સ. પૂર્વે ૫૬૩-૪૮૩) અને ચીનમાં કુન્ગ-ફૂ-ત્સે (કન્ફયુસસ, ઈ.સ. પૂર્વે ૫૪૧-૪૭૯) ધર્મપ્રવર્તન કરતા હતા, વચ્ચે મંદિરના બાંધકામનું કાર્ય થોડો સમય અટક્યું, પણ આખરે ૨૦ વર્ષે પૂરું થયું. પહેલા મંદિરની સરખામણીમાં આ નવું મંદિર કંઈ વિસાતમાં નહોતું. પાછળથી એઝરા શાસ્ત્રી (ઈ.સ. પૂર્વે ૪૫૮માં) અને નહેમ્યા (ઈ.સ. પૂર્વે ૪૪૪માં) યરુશાલેમ પાછા આવ્યા. તેઓએ શહેરનો તૂટી ગયેલો કોટ ફરી બાંધ્યો. એ બધું બાઈબલમાં એઝરા તેમ જ નહેમ્યાના પુસ્તકોમાં આપ્યું છે.

મંદિર અને કોટના બાંધકામમાં સમરૂનીઓ તરફથી યહૂદી લોકોને ઘણાં વિધ્ન નડયાં હતાં; પરંતુ તેઓની અથાગ ધગશ અને શ્રમ, તેમ જ ઈશ્વર પરની અડગ શ્રદ્ધાને લીધે આખરે તેઓ એ બધાં કામ પૂરાં કરી શક્યા. આ સમયે હાગ્ગાય અને ઝખાર્યા નામના બે પયગંબરો (ઈ.સ. પૂર્વે ૫૨૦) ના પ્રેરણાભર્યા સંદેશા લોકોમાં પ્રેરણા પૂરવામાં બહુ લાભદાયી નીવડયા હતા.

બાઈબલમાં 'જૂના કરાર'ના સમયનો માલાખી નામનો છેલ્લો પયગંબર ઈ.સ. પૂર્વે ૪૦૦માં લોકોને ઈશ્વરનો પયગામ સંભળાવવા લાગ્યો. એ પછી ઈસુના જન્મ સુધીના લગભગ ૪૦૦ વર્ષના ગાળાનો ઇતિહાસ બાઈબલમાં આપવામાં આવ્યો નથી. પરંતુ બહારના લખાયેલા ઇતિહાસગ્રંથોમાં એ

વિષેની કડીબદ્ધ માહિતી મળી શકે છે. આ ગાળામાં યહૂદીઓ આધ્યાત્મિક વિકાસમાં ઘણા આગળ વધ્યા હતા.

## ◆ બાઇબલના જૂના અને નવા કરાર વચ્ચેનો ગાળો

ઈ.સ. પૂર્વે ૩૫૦માં યહૂદી પ્રજાનો વડો પુરોહિત જદુઆ કરીને હતો. એ અરસામાં મહાન સિકંદર પાલેસ્તાઈનમાં આવ્યો. (ઈ.સ. પૂર્વે ૩૩૨) ત્યારથી માંડીને ૧૬૪ વર્ષ સુધી પાલેસ્તાઈન દેશ ગ્રીકોની સત્તા નીચે રહ્યો.

## ◆ બાઇબલનો 'સપ્તતિ' તરજુમો

અત્યાર સુધી મોટા ભાગના યહૂદીઓ વતનની બહાર રહ્યા હતા, અને તેઓ માતૃભાષા હિબ્રૂથી બહુ પરિચિત રહ્યા નહોતા. વળી યુરોપ, આફ્રિકા અને એશિયા ખંડના કેટલાક દેશોમાં યહૂદીઓ જઈ વસ્યા હતા, તેઓ પણ હિબ્રૂ ભાષાના પરિચિત રહ્યા નહોતા. તે વખતની દુનિયામાં ગ્રીક ભાષા અને સંસ્કૃતિ બહુ પ્રચલિત હતાં. આથી હિબ્રૂ ભાષામાં તરજુમો કરવામાં આવ્યો. (ઈ.સ. પૂર્વે આશરે ૨૭૦). આ તરજુમાને 'સેપ્ટયૂઆંગિસ્ટ' (ગુ. સપ્તતિ) તરજુમો કહેવામાં આવે છે. કારણ, કહેવાય છે કે ૭૦ જણે એ તરજુમો કર્યો હતો. ભારતમાં આ અરસામાં અશોક રાજાની આણ પ્રવર્તતી હતી. (ઈ.સ. પૂર્વે ૨૬૪-૨૨૭).

બાઈબલના જૂના કરારનાં બધાં પુસ્તકો આ સમય અગાઉ લખાઈ ચૂક્યાં હતાં. મહાન ઈતિહાસવેત્તા એચ. જી. વેલ્સ તેના "આઉટલાઈન ઓફ હિસ્ટ્રી" (ઈતિહાસની રૂપરેખા) નામના પુસ્તકમાં લખે છે કે, "જૂના કરારમાં આવેલાં બધાં જ પુસ્તકો લગભગ હાલમાં છે એ જ રૂપમાં ઓછામાં ઓછું ઈ.સ. પૂર્વે ૧૦૦માં હયાત હતા."

## ◆ મકકાબી ભાઈઓનું રાજ

સિરિયાના રાજા અંત્યોખસ ચોથા (એપીફાનસ)એ આ દેશની સત્તા હાથ ધરી, પછી તેણે યહૂદીઓ પર ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક ધર્મ લાદવા ખૂબ દમનનીતિ આદરી, અને યહૂદીઓની ભારે સતામણી કરી. તેણે એ આખાયે દેશમાં ઠેરઠેર ગ્રીક દેવતા ઝયુસની વેદીઓ બાંધવા હુકમ કર્યો. યહૂદીઓના યરુશાલેમના મંદિરમાં પણ એ મૂર્તિની સ્થાપના કરવા અને એની વેદી પર ભૂંડો વધેરવા એપીફાનસે કડક ફરમાન કાઢ્યું. તેણે એ રીતે આ મંદિરને ઈ.સ. પૂર્વે ૧૬૮માં ભ્રષ્ટ કર્યું.

હાસ્મોનિયન વંશના મતાથિયસ નામના એક યહૂદીએ તો આનો સખત સામનો કર્યો, અને તેથી બળવો જાગ્યો. મતાથિયસના પુત્ર યહૂદાએ એ બળવાની નેતાગીરી સંભાળી. આખરે ત્રણ જ વર્ષમાં તેઓએ પરદેશી સત્તાને ફગાવી દીધી. આમ સૈકાંઓ પછી યહૂદીઓ પરદેશીઓની સત્તામાંથી મુક્ત થયા. ઈ.સ. પૂર્વે ૧૬૫માં મંદિરને શુદ્ધ કર્યું. આ મુક્તિના સ્મારક તરીકે યહૂદીઓ આજ સુધી 'હાનુખા પર્વ' (દીપોત્સવી) ઊજવે છે. મક્કાબી વંશે લગભગ એક સૈકા સુધી રાજય કર્યું, અને રાજયના સીમાડા દાવિદ રાજાના સમયમાં હતા તેટલા વિસ્તાર્યા.

આમ, લગભગ ઈ.સ. પૂર્વે ૪૩ સુધી યહૂદી પ્રજા સ્વતંત્ર રહી. એ સમયને **મક્કાબીકાળ** કહેવાય છે. 'મક્કાબી' એટલે 'હથોડો' એ ઉપનામ યહૂદાને અને ત્યાર પછી સત્તાધીશો બનનાર તેના ભાઈઓ યોનાથાન અને સિમોનને આપવામાં આવ્યું હતું. જોન હરકાનસ ((ઈ.સ. પૂર્વે ૧૩૫-૧૦૬)ના અમલ સુધી યહૂદીઓ એકદિલ બનીને રહ્યા. પણ એ સમય પછી ઈશ્વરની સત્તાને સર્વોપરી ગણતા ફરોશીઓ અને રાષ્ટ્રવાદી સાદુકીઓ વચ્ચે પ્રજાના ભાગલા પડી ગયા.

## ♦ રોમની સત્તા નીચે

આ દરમિયાન રોમ પોતાના સામ્રાજયના સીમાડા પૂર્વ તરફ વધુ ને વધુ વિસ્તારતું જતું હતું. યહૂદીઓના અંદર-અંદરના ભાગલાનો લાભ લઈ રોમે યહૂદિયાના પ્રદેશમાં પણ પગપેસારો કર્યો. ઈ.સ. પૂર્વે ૬૩માં યરુશાલેમ અને યહૂદિયાનો પ્રદેશ રોમન બાદશાહ પોમ્પીએ જીતી લીધો, અને ત્યારથી એ દેશ રોમના સામ્રાજયની સત્તા નીચે આવ્યો. રોમે એ પ્રદેશના જ વતની આન્તિપાસને રાજા તરીકે નીમ્યો, જે ઠરાવેલી ખંડણી નિયમિત ભરી આપતો હતો.

## ♦ યહૂદી પંથો

ઈસુ ખ્રિસ્તના જન્મ અગાઉ લગભગ ૧૦૩ વર્ષ પૂર્વે યહૂદીઓમાં ફરોશી અને સાદુકી નામના બે પંથ ઊભા થયા. **ફરોશી પંથ** સનાતની અને ચુસ્ત હતો, અને પિતૃઓના પરંપરાગત કાનૂનોને કાળજીપૂર્વક સંભાળી રાખવા પર ભાર મૂકતો હતો; જયારે બીજો એટલે **સાદુકી પંથ** નાનો પણ પૈસાદાર, લાગવગ ધરાવનાર અને મુક્ત વિચારનો હતો. સાદુકીઓ દૂતો, આત્માઓ, શેતાન, મૃત્યુમાંથી પાછા ઊઠવું, આત્માનું અમરપણું, મૃત્યુ પછીનો

ન્યાયકાળ, સ્વર્ગ-નરક - એ બધી માન્યતાઓને નકારી કાઢતા હતા. પરંતુ એમનું શિક્ષણ યહૂદી ધર્મના શિક્ષણથી તદ્દન વિરુદ્ધનું હતું. આ બંને પંથો ઈસુ ખ્રિસ્તના જમાનામાં હયાત હતા. તે વખતના વડા પુરોહિતો આન્નાસ અને કાયાફાસ સાદુકીપંથી હતા, અને તેમની લાગવગ ભારે હતી.

પરદેશીઓના હાથમાં સત્તા જતાં સ્વદેશાભિમાની ગેરીલા ટોળીઓ ઊભી થઈ. જો કે તેઓ દેશભરમાં પથરાયેલી હતી, પણ ગાલીલના ડુંગરાળ પ્રદેશમાં તેઓનું પ્રમાણ વિશેષ હતું. તેઓ રોમન સત્તાની સામે પડીને તેને હેરાન-પરેશાન કરતા અને તેનો વ્યવહાર ખોરવી નાખતા. બાપ પછી દીકરો, અને પછી તેનો દીકરો એમ આગેવાની પસાર કરતાં એકસો વર્ષ સુધી તેઓએ રોમન રાજયને હંફાવ્યું હતું. તેઓ 'ઝેલોત' (= આસ્થાવાદી) તરીકે ઓળખાતા. પાછલા કાળમાં ઈસુના શિષ્યમંડળમાં પણ એક 'ઝેલોત' (સિમોન ઝેલોત, કે કનાની કે આસ્થાવાદી) જોડાયો હતો.

રોમન હકૂમત જયાં સુધી યહૂદી પ્રજાથી ખમી શકાય તેવો વર્તાવ રાખતી ત્યાં સુધી યહૂદી પ્રજા તેને નભાવી લેતી. પણ જયારે પોંતિયસ પિલાતની જેમ રોમન સૂબાઓ યહૂદીઓને કનડતા અને તેમની પ્રત્યે તુચ્છકારભર્યું વર્તન દાખવતા, ત્યારે યહૂદી લોકો ઝેલોતોના તરફ વળી જતા. એમ. ઈ.સ. ૬૬માં આ ઝેલોતોની મારફતે આખાયે દેશમાં રોમની સત્તા સામે ભારે બળવો થયો હતો, અને તેઓ રોમની સામે ચાર વરસ સુધી ટકી રહ્યા હતા. પણ આખરે ઈ.સ. ૭૦માં રોમનોએ યરુશાલેમનો વિનાશ કર્યો. એ વિષે આપણે પાછળથી જોઈશું.

## ♦ મહાન હેરોદ : સત્તા પર

આન્તિપાસ પછી રાજા તરીકે ઈ.સ. પૂર્વે ૩૭માં મહાન હેરોદ નિમાયો. આ રાજા સત્તાનો તેમ જ નવનવાં બાંધકામનો બહુ શોખ ધરાવતો હતો. તેણે જ ઈસુના જન્મ સમયે, રખેને કોઈ નવો જન્મેલો રાજા એની સત્તા છીનવી લેશે એવી ધાસ્તીને કારણે, યરુશાલેમ અને બેથલેહેમની આસપાસના પ્રદેશમાંના બે વર્ષથી નીચેના એવા લગભગ બે હજાર નર-બાળકોને મારી નંખાવ્યા હતા.

### *હેરોદે બનાવેલું નવું મંદિર*

તેણે ઝરૂબ્બાબેલના સમયના મંદિરને તોડયા વગર, એક ભાગ પછી

બીજો ભાગ એમ, ૪૬ વર્ષમાં કકડે કકડે તદ્દન નવું અને અતિ ભવ્ય બનાવ્યું હતું. એ કાર્ય એની કારકિર્દીના અઢારમા વર્ષે (ઈ.સ. પૂર્વે ૨૦માં) શરૂ કરવામાં આવ્યું, અને તદ્દન પૂરું તો આગ્રીપા બીજાના સમયમાં ઈ.સ. ૬૪માં થયું. (જોસીફ્સ : એન્ટીકવીટી XV. ૧૧:૫-૬ અને XX. ૯:૭ અને વોર V. ૫ વળી જુઓ યહૂદી મિશ્રા-મિદ્દોથ). પૂર્વના કોઈપણ દેશમાં એના જેવી ભવ્ય ઈમારત નહોતી. મહાન હેરોદનું મૃત્યુ ઈ.સ. પૂર્વે ૪માં આખરી ભાગમાં થયું. આ અદોમવંશી હેરોદથી યહૂદીઓ પુષ્કળ કંટાળ્યા હતા, અને મુક્તિ ઝંખતા હતા. આથી યરુશાલેમમાં કોઈ યહૂદી બેન હકકિયાની શસ્ત્રસજ્જ આગેવાની હેઠળ આખા દેશમાં બળવો ફાટી નીકળ્યો. પણ યહૂદીઓ ન ફાવ્યા, ઊલટા ૨,૦૦૦ જેટલા યહૂદી દેશપ્રેમીઓને રોમનોએ વધસ્તંભે જડીને મારી નાખ્યા.

### *હેરોદવંશના અધિકારીઓ*

હેરોદનું રાજય એના ત્રણ દીકરાઓમાં વહેંચી નાખવામાં આવ્યું. યહૂદિયા આર્ખિલાઉસને સોંપવામાં આવ્યું. બે વર્ષ પછીથી રોમન બાદશાહ ઑગસ્તસે આર્ખિલાઉસને કમતાકાત ઠેરવીને યહૂદિયાની ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો, તથા એ પ્રદેશને ખાલસા કરીને રોમન ગવર્નર (હાકેમ)ની હકૂમત નીચે સોંપ્યો. ગાલીલ હેરોદ આન્તિપાસને સોંપાયું અને ઉત્તર પાલેસ્તાઈનમાંનું ઇતુરિયા અને ત્રાખોનીતીસ ફિલિપને સોંપાયું. બીજા નંબરના દીકરા હેરોદ આન્તિપાસે પોતાના ભાઈ ફિલિપની પત્નીને બિનકાયદેસર રીતે રાખી હતી. આ હેરોદ આન્તિપાસે યોહાન બાપ્તિસ્તનું માથું કપાવ્યું હતું.

### *ઈસુનો જન્મ*

મહાન હેરોદના રાજયકાળના છેલ્લા વર્ષે ઈ.સ. પૂર્વે ૪માં ઈસુ ખ્રિસ્તનો જન્મ પાલેસ્તાઈન (હાલના ઇઝરાયલ) દેશના યહૂદિયા પ્રાંતના બેથલેહેમ ગામમાં કુંવારી મરિયમને ઉદરે થયો. સૈકાંથી યહૂદી ધર્મશાસ્ત્રોમાં જે ઉદ્ધારક 'મસીહ'ના આવવા વિષે ભવિષ્યકથન આપવામાં આવ્યાં હતાં, અને પયગંબરોએ પોકારી પોકારીને જેના વિષે અગમ ભાખ્યાં હતાં, એ ઉદ્ધારક અને મસીહની યહૂદીઓ સૈકાંથી રાહ જોતા હતા.

દાવિદ રાજાના કુળમાં, બેથલેહેમમાં અને કુંવારીને પેટે ઉદ્ધારક મસીહ જન્મ લેશે, એવાં ભવિષ્યવચન હોવાથી ઘણાં દાવિદવંશી કુટુંબ પોતાની


હેરોદનું મંદિર
આરસપહાણનું બાંધેલું ને સોને મઢેલું
બાંધવાની શરૂઆત ઇ.સ.પૂર્વે ૨૦માં થઈ.
ઇ.સ. ૭૦માં યરૂશાલેમના ઘેરા વખતે
આગમાં તેનો નાશ થયો
એન્ટોનિયોનો કિલ્લો
પરમ પવિત્ર સ્થાન
વિદેશીઓનું આંગણું
હેરોદની આ
ભવ્ય અને પથરાયેલી
ઇમારતમાંથી આજે માત્ર
બહારની દીવાલનો એક નાનો
ભાગ રહ્યો છે. 'રુદનની દીવાલ'
તરીકે એ જાણીતો ભાગ છે. યરૂશાલેમના
વીતી ગયેલા ગૌરવને માટે રુદન કરવા
યહૂદીઓ સૈકાંથી આ પથ્થરો આગળ
એકઠા મળે છે.

કુંવારી દીકરી વિષે એ આશીર્વાદની આશા સેવતા હતાં, અને ઘણીયે કુંવારી કન્યાઓનાં હૈયાં પણ આ આશીર્વાદને ઝંખતાં હતાં.

પણ અક્ષરશઃ એ ભવિષ્યવચનો પ્રમાણે જ જયારે ઉદ્ધારક મસીહ (ગ્રીકઃ ખ્રિસ્ત = અભિષિક્ત) આવ્યો. ત્યારે યહૂદી પ્રજાએ એને પિછાન્યો નહિ, પણ રોમન અધિકારીઓની મારફતે તેને ક્રૂસ પર જડી મારી નંખાવ્યો. ઈસુની અનેક વાર ઊલટસૂલટ તપાસ કરવા છતાં રોમન ગવર્નર પિલાતને તે તદ્દન નિર્દોષ માલૂમ પડયા; પણ યહૂદી આગેવાનોની ઉશ્કેરણીથી ઉગ્ર બનેલાં લોકોનાં ગાંડાતુર ટોળાંઓના પોકાર અને યહૂદી આગેવાનોની રાજપ્રકરણીય ચાલાકી આગળ ભીરુ પિલાતનું કંઈ ન ચાલ્યું. તે ઢીલો બન્યો, અને યહૂદીઓના પોકાર પ્રમાણે ઈસુને ક્રૂસે જડાવવા સિપાઈઓના હાથમાં સોંપી દીધા, અને પાણીનું વાસણ મંગાવીને પોતે એ નિર્દોષ લોહી સંબંધી હાથ ધોઈ નાખ્યા. ત્યારે યહૂદી આગેવાનોએ પોકાર્યું, 'એનું લોહી અમારે માથે અને અમારાં સંતાનોને માથે' (બાઇબલ : માથ્થી ૨૭:૨૫). (આ વિષે વધુ જાણવા વાંચો : લેખકનું પુસ્તક, "વધસ્તંભની વાટે").'

પ્રભુ ઈસુના કુળ (દાવિદનું કુળ), બેથલેહેમ ગામ અને જન્મકાળ વિષે 'જૂના કરાર'માં ભવિષ્યવચન કહેવામાં આવ્યાં હતાં. વળી કુંવારી પેટે તે જન્મ ધારણ કરશે એ વિષે તેમ જ તે કેવાં કામ કરશે, અને તેમનું મૃત્યુ કેવા પ્રકારનું થશે - એ બધાં વિષે સેંકડો વર્ષ પૂર્વે ભવિષ્યકથન આપવામાં આવ્યાં હતાં. ત્રીસ ચાંદીમહોરોમાં તેમને વેચી દેવામાં આવશે, એમનો જ ચેલો એમને દગો દઈને પકડાવી દેશે, ક્રૂસ પર બે ચોરોની વચ્ચે જડીને તેમને મારી નાખવામાં આવશે, અને ત્રીજે દિવસે મૃત્યુંજય બનીને કબરમાંથી તે પાછા ઊઠશે, એ બધાં સંબંધીનાં ભવિષ્યવચન બાઇબલના 'જૂના કરાર'માં સેંકડો વર્ષ પૂર્વેથી આપવામાં આવ્યાં હતાં, અને એ બધાં અક્ષરશઃ પૂરાં પણ થયાં.

પ્રભુ ઈસુના સમય પૂર્વે સેંકડો વર્ષો અગાઉ ઈશ્વરે પોતાના પયગંબરોની મારફતે એ ભવિષ્યવચન આપ્યાં હતાં, અને 'જૂના કરાર'માં એ બધાં નોંધવામાં આવ્યાં હતાં. અજાણપણે કદાચ કોઈ કહી બેસે કે એ બધાં તો ઈસુના જીવનકાળ પછી યોજી કાઢવામાં આવેલાં; પરંતુ એ દલીલ ચાલી શકે તેમ નથી. એ તો ઇતિહાસમાન્ય વાત છે કે, બાઇબલના 'જૂના કરાર' વિભાગનાં પુસ્તકો ઈ.સ. પૂર્વે એક સૈકા પહેલાં આજના રૂપે જ હયાત હતાં;

## નવા કરારના સમયનું યરૂશાલેમ શહેર
## ઈ.સ. પૂર્વે ૨૦થી ઈ.સ. ૭૦



અને લગભગ ઈ.સ. પૂર્વે આશરે ૨૭૦માં એમનો હિબ્રૂમાંથી ગ્રીકમાં તરજૂમો પણ થઈ ચૂક્યો હતો. અને આ બધાં ભવિષ્યકથનો ત્યારે પણ 'જૂના કરાર'માં હતાં. આ કથનને પહેલી સદીના યહૂદી ઈતિહાસકાર જોસીફ્સ સમર્થન આપે છે. વળી મહાન ઈતિહાસકાર એચ.જી. વેલ્સ પણ એને ટેકો કરે છે.

પ્રભુ ઈસુએ પોતે એ ભવિષ્યકથનોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'સાંભળો, હવે આપણે યરુશાલેમ જઈએ છીએ, અને પયગંબરોએ માનવપુત્ર વિષે જે જે લખેલું છે તે બધું સાચું પડશે. તેને પરદેશી સત્તાવાળાઓને સોંપી દેવામાં આવશે, તેઓ એની મશ્કરી કરશે, એનું અપમાન કરશે, એના ઉપર થૂંકશે, અને ફટકા માર્યા પછી એનો વધ કરશે, ત્યાર પછી ત્રીજે દિવસે તે પાછો સજીવન થશે." (બાઈબલ : લૂક ૧૮:૩૧-૩૩).

દુનિયાનાં માણસોને પાપમુક્તિ મળે અને સ્વર્ગપ્રાપ્તિ થાય એ માટે જ પ્રભુ ઈસુ જગતમાં આવ્યા હતા. તેમની અગાઉ ૨,૦૦૦ વર્ષ પૂર્વે અબ્રાહમને ભવિષ્યવચન આપવામાં આવેલું હતું કે, "તારા વંશમાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે." એ ભવિષ્યવાણી અબ્રાહમવંશી પ્રભુ ઈસુમાં ખરી પડી. ઈસુએ પોતાના વિષે બોલતાં આ પ્રમાણે કહ્યું, "ખુદ 'માનવપુત્ર' (તે પોતા વિષે કહે છે) સેવા લેવા નહિ, પણ સેવા કરવા, અને માનવસમુદાયની મુક્તિ અર્થે પોતાનું જીવન અર્પી દેવા અવતર્યો છે." (બાઈબલ માર્ક ૧૦:૪૫).

## ♦ ઈશ્વરે શા માટે એક પ્રજાને પસંદ કરી ?

ઈ.સ. પૂર્વે બે હજાર વર્ષ ઉપર પૃથ્વીની બધી પ્રજાઓ સત્યસ્વરૂપ ઈશ્વરને તરછોડીને મૂર્તિપૂજક બની હતી. તેઓ મૂર્તિઓ, ભૌતિક પદાર્થો અને ભૂતપ્રેતમાં માનતી અને તેમનું પૂજન કરતી હતી. તેવે સમયે ઈશ્વરે (૧) પોતાનું પ્રકટીકરણ જગતની આગળ ધરવા માટે, (૨) એ સત્ય જ્ઞાન તથા અનુભવને સાચવી રાખવા માટે, અને (૩) પોતાની ઈચ્છા પૃથ્વી પર પૂરી કરાવવા માટે અબ્રાહમને તેડું આપ્યું. એ વિષે આપણે શરૂઆતમાં જોઈ ગયાં. અબ્રાહમને તેડું આપતી વખતે ઈશ્વરે તેને વચન આપ્યું કે :

"તું તારો દેશ, અને તારાં સગાં તથા તારા બાપનું ઘર મૂકીને, જે દેશ હું તને દેખાડું તેમાં જા. હું તારાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ, ને તને આશીર્વાદ દઈશ અને **તારામાં** પૃથ્વીનાં બધાં કુટુંબ આશીર્વાદ પામશે." (બાઈબલ : ઉત્પત્તિ ૧૨:૧-૪). વળી અબ્રાહમ પાલેસ્તાઈનમાં આવ્યો ત્યારે પણ ઈશ્વરે તેને આશીર્વાદ દીધો કે, "તું તારી નજર ઊંચી કરીને જો. તું જ્યાં



યરુશાલેમ મંદિરની બહાર પ્રભુ ઈસુની ખાલી કબર

છે ત્યાંથી ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભણી જો; કારણ, જે દેશ તું જુએ છે તે બધો હું તને તથા તારા વંશજોને સદાને માટે આપીશ. અને હું તારો વંશ પૃથ્વીની રજના જેટલો કરીશ; એવો કે જો કોઈ પૃથ્વીની રજને ગણી શકે તો તારો વંશ પણ ગણી શકાય. ઊઠ, આ દેશની લંબાઈ અને પહોળાઈની હદ સુધી ફર; કેમ કે એ હું તને આપીશ." (બાઇબલ : ઉત્પત્તિ ૧૩:૧૪-૧૭). ફરીથી એ વચન તાજું કરતાં ઈશ્વરે તેને કહ્યું, "હવે તું આકાશની ગમ જો, ને તું તારાઓ ગણી શકે તો ગણ... તેટલાં તારાં સંતાન થશે." (બાઇબલ : ઉત્પત્તિ ૧૫:૫).

વચનના પાળનાર તથા અવિચળ ઈશ્વરે અબ્રાહમમાંથી આ યહૂદી પ્રજા ઊભી કરી, જેથી એકલા સત્ય ઈશ્વરનું પ્રકટીકરણ અને તેનો અંગત અનુભવ સાચવીને જગતની આગળ ધરે. ઈશ્વરે ઇઝરાયલ પ્રજાને કહ્યું, "તું પ્રભુ તારા પરમેશ્વરની પવિત્ર પ્રજા છે; પ્રભુ તારા પરમેશ્વરે તને પૃથ્વીની સપાટી પરની સર્વ પ્રજાઓમાંથી પોતાની ખાસ પ્રજા થવા સારુ પસંદ કરી છે." (બાઇબલઃ પુનર્નિયમ ૭:૬).

વળી એ પ્રજામાંથી જગતનો ઉદ્ધારક નીકળી આવે માટે પણ એ પ્રજાને ઈશ્વરે ખાસ તાલીમ આપી. પ્રભુ ઈસુ અબ્રાહમના વંશજ યહૂદા કૂળના દાવિદના વંશમાં આવવાના હતા. એમ, ઈશ્વર પોતે દેહધારી થઈને આ પૃથ્વી પર અવતરે એની પૂર્વે તૈયારીરૂપે આ પ્રજાને ઈશ્વરે પસંદ કરી. પસંદગી પછી જવાબદારી પ્રમાણેની તેને તાલીમ પણ આપી.

વળી ઈશ્વરે અબ્રાહમને જણાવ્યું હતું કે, "પૃથ્વીનાં સર્વ કુળ તારાં સંતાનમાં આશીર્વાદ પામશે." (બાઇબલ : ઉત્પત્તિ ૨૬:૪). એમ, યહૂદી પ્રજા દુનિયાની પ્રજાઓ તથા કુટુંબોને આશીર્વાદરૂપ બને માટે ઈશ્વરે તેને પસંદ કરી, તેમ જ યોગ્ય આશીર્વાદ અને શિક્ષા દ્વારા તાલીમ પણ આપી. 'તમે જગતનું મીઠું છો,' ઈસુનું એ વચન યહૂદીઓ માટે પણ હતું.

આમ, ઇઝરાયલ પ્રજાની પસંદગી કરવામાં ચાર બાબતો સમાયેલી હતી : (૧) ખરા ઈશ્વરની વાસ્તવિકતા અને તેનો સ્વભાવ માણસજાત આગળ સતત ધરવાં. (૨) ઈશ્વરના પ્રકટીકરણ અને તેના સંબંધીના અનુભવને સાચવી રાખવાં. એમાં બાઇબલનો સમાવેશ થાય છે, કેમ કે બાઇબલમાં ઈશ્વરનું સ્વયં-પ્રકટીકરણ સમાયેલું છે. (બાઇબલ : રૂમી. ૩:૧, ૨). (૩)

મસીહ (= ખ્રિસ્ત) અને મુક્તિદાતાની તૈયારીરૂપ બનવું. (૪) દુનિયાને માટે આશીર્વાદના વાહક બનવું. (બાઇબલ : રૂમી. ૧૫:૮-૧૨).

યહૂદી પ્રજામાં બીજી પ્રજાઓ કરતાં કંઈ વિશિષ્ટતા હતી, માટે તેને પસંદ કરવામાં આવી એમ તો નહિ જ (બાઇબલ : પુનર્નિયમ ૭:૬-૮). ઈશ્વરે તો ગમે તે પ્રજાને ઉપરના હેતુઓ માટે પસંદ કરી હોત. પસંદગીમાં તો ઈશ્વરની કેવળ કૃપા જ હતી.

## ♦ ઇઝરાયલ :
## ઈશ્વરની વરેલી પ્રજાને મળેલા આશીર્વાદ અને શાપ :

જેવી જવાબદારી એ પ્રમાણેની તાલીમ પણ જોઈએ જ ને ! તેથી જ પૃથ્વી પરની અન્ય કોઈપણ પ્રજાએ આ યહૂદી પ્રજા જેટલાં દુઃખ નથી વેઠયાં. ઈશ્વરે પયગંબર મોશે મારફતે આ પ્રજાને (ઈ.સ. પૂર્વે આશરે ૧૨૪૦માં) વચન આપ્યું :

"હે ઈઝરાયલ, જો પ્રભુ તારા પરમેશ્વરની વાણી ખંતથી સાંભળીને તેની જે આજ્ઞાઓ હું આજે તને આપું છું તે સર્વ પાળીને તું તેમને અમલમાં મૂકશે, તો એમ થશે કે પ્રભુ તારો પરમેશ્વર પૃથ્વીની સર્વ પ્રજાઓ કરતાં તને શ્રેષ્ઠ પ્રજા કરશે... નગરમાં તું આશીર્વાદિત થશે. તારા પેટનું ફળ, અને તારી ભૂમિનું ફળ, અને તારા ઢોરનું ફળ,... તેમ જ તારી ટોપલી અને તારી કથરોટ પણ આશીર્વાદિત થશે. તું અંદર આવતાં તેમ જ બહાર જતાં આશીર્વાદિત થશે... તારા દેશ પર મોસમમાં વરસાદ સારુ, અને તારા હાથનાં સર્વ કામ પર આશીર્વાદ આપવા સારુ, પ્રભુ તારે માટે પોતાનો અખૂટ ભંડાર, એટલે આકાશ ઉઘાડશે. તું ઘણી પ્રજાઓને ઉછીનું આપશે, પણ તું ઉછીનું લેશે નહિ." (બાઇબલ : પુનર્નિયમ ૨૮:૧-૧૨).

એ જ સમયે ઈશ્વર તરફથી ઇઝરાયલ પ્રજાને જણાવવામાં આવ્યું કે જો તેઓ તેની આજ્ઞાઓનો અનાદર કરશે તો ઉપર જણાવેલા આશીર્વાદોને બદલે એ બધી બાબતોમાં તે શાપ વહોરશે. સ્થળ સંકોચને લીધે એ બધાં વચન અહીં આપી શકાયાં નથી (જુઓ બાઇબલ : પુનર્નિયમ ૨૮:૧૫-૬૮).

આ ઇઝરાયલ અથવા યહૂદી પ્રજાને જે ૭૦ વર્ષનો બંદીવાસ ભોગવવો પડયો તે પણ આ કડક તાલીમમાં શિક્ષારૂપે જ અપાયો હતો. એ સંબંધી તેમને પયગંબર યિર્મેયા મારફતે ભવિષ્યવચન આપવામાં આવ્યું હતું કે,

"આ આખો દેશ ઉજ્જડ તથા ત્રાસદાયક થઈ પડશે; અને આ પ્રજા સિત્તેર વર્ષ સુધી બાબેલના રાજાની સેવા કરશે." પયંગબર આમોસ મારફતે ઈશ્વરે કહ્યું હતું કે, "પૃથ્વીની સર્વ કોમોમાંથી ફક્ત તમારી જ કાળજી મેં રાખી છે, માટે તમારા સર્વ અન્યાયોની શિક્ષા હું કરીશ." (બાઈબલ : આમોસ ૩:૨).

પુનર્નિયમ અધ્યાય ૨૮ અને ૨૯માં આ વિષે સવિસ્તાર વિગતો આપેલી છે. હવે આપણે યહૂદી પ્રજાના ઈતિહાસની વાત આગળ ચલાવીએ.

## ♦ રોમનોને હાથે યરુશાલેમનો નાશ અને ભવિષ્યકથન

આ ખમીરી યહૂદી પ્રજા પરદેશી રાજ્યની સત્તામાંથી હરદમ મુક્તિ ઝંખતી હતી, તેથી જ એણે ઈ.સ. ૫૦માં રોમ સામે બળવો ઉઠાવ્યો. એ તોફાની બંડમાં યરુશાલેમ શહેરમાંથી ૩૦,૦૦૦ યહૂદીઓ માર્યા ગયા. વળી ગેસિયસ ફ્લોરસ નામનો રોમન ગવર્નર યહૂદિયા પર હતો ત્યારે ફરીથી ઈ.સ. ૬૬માં ઝેલોતોની આગેવાની નીચે યહૂદીઓએ બળવો કર્યો. યહૂદી ધાર્મિક આગેવાનોએ રોમ અને શહેનશાહ તરફથી નિયમિત મળતી અર્પણ-સહાય નકારી કાઢી. રોમન બાદશાહ નીરોએ વેસ્પાસિયન સરદારને અને વેસ્પાસિયનના દત્તક પુત્ર તિતસને છ લાખના લશ્કર સાથે મોકલ્યા.

ઉપલાણના ગાલીલમાં યુદ્ધ થયું. એમાં આસ્મોનિયન વંશના જાણીતા જનરલ અને પ્રખ્યાત યહૂદી ઈતિહાસકાર ફ્લેવિયસ જોસીફસે પણ ભાગ લીધો હતો. એણે યહૂદીઓનો ઈતિહાસ લખ્યો છે. તે લખે છે : સુડતાળીસ દિવસ યુદ્ધ ચાલ્યું, અને આ સમયે ૪૦,૦૦૦ યહૂદીઓ માર્યા ગયા. આખરે ગાલીલ ખાલસા કરવામાં આવ્યું. યહૂદિયા પ્રાંત અને યરુશાલેમ બચી ગયાં; કારણ, એ સમયે રોમમાં નીરો બાદશાહનું મૃત્યુ થવાથી આ સરદારોને એટલે કે વેસ્પાસિયન અને તિતસને પાછા ફરવું પડયું. હવે રોમમાં નીરોની જગાએ વેસ્પાસિયન બાદશાહ બન્યો.

યહૂદીઓના વારંવાર બળવા ચાલુ રહેવાથી ઈ.સ. ૭૦માં (એટલે કે ઈસુ પછી માત્ર ૪૦ વર્ષ બાદ) વેસ્પાસિયન બાદશાહે પોતાના પાલકપુત્ર તિતસને એક લાખ સૈનિકોનું લશ્કર લઈને યહૂદીઓ સામે મોકલ્યો. એપ્રિલ માસથી માંડીને ચાર માસ સુધી યરુશાલેમ સામે સતત ઘેરો ઘાલવામાં આવ્યો.

શહેરને ફરતી પ્રચંડ કોટની ત્રણ-ત્રણ દીવાલો લગભગ અભેદ્ય હતી, અને તેમાં ૯૦ બુરજો હતો. એ દીવાલો તોડવા રોમનોએ તોતિંગ કોટભંજન

યંત્રો કામે લગાડયાં. એમાં ભારે તારનાં આમળીને ગૂંથેલાં દોરડાં અને મજબૂત પાટિયાંઓથી ભારે પથ્થરોની ગોલંદાજી દીવાલો અને દરવાજો પર કરવામાં આવતી. અનાજપાણી શહેરમાં જતાં અટકાવવામાં આવ્યાં હતાં. આથી શહેરમાં ભયંકર દુકાળ ફેલાયો હતો. ભૂખની વેદના એવી કાતિલ હતી કે, માણસો કમરપટાનું ચામડું, કે ચંપલો, કે ઢાલ પરનું ચામડું પણ કરડીને ભૂખ મટાડવા ફાંફાં મારતાં હતાં. એ યુદ્ધમાં દરમિયાનગીરી કરનાર યહૂદી ઈતિહાકાર જોસીફસે પોતાનાં પુસ્તકોમાં એ ઘેરાનું હૃદય હચમચાવે એવું વર્ણન કર્યું છે :



યરુશાલેમનો એક આરબ વિભાગ

"ભયંકર દુકાળ હતો.... પિતાઓ છોકરાંના મોંના જે કોળિયા ખાઈ જતા હતા, તે કોળિયા પડાવી લેવા સારુ છોકરાં ઊછળી ઊછળીને સામાં થતાં હતાં. એથીયે વધારે કરુણાજનક તો એ હતું કે માતાઓ પોતાનાં પેટનાં છોકરાં પ્રત્યે એમ જ કરતી, અને તેમને અતિ પ્રિય એવાં તેમના બાળકો જયારે તેમના હાથોમાં મરવા લાગ્યાં ત્યારે તેમની પાસેનો છેલ્લો કોળિયો, પોતાને બચાવવા માટે, તેમની પાસેથી લઈ લેતી ને ખાઈ જતી. એમ કરતાં તેમને કંઈ શરમ કે હાયકારો લાગતાં નહોતાં." મિર્યમ નામની એક સ્ત્રી વિષે લખતાં જોસીફસ કહે છે : "તેના કુટુંબ અને પૈસાટકાને લીધે તે નામીચી હતી. તેણે અને બીજાં કુટુંબીઓએ ખોરાકને અભાવે પોતાના દીકરાને કાપ્યો, અને તેઓએ તેને તળ્યો, અને તેનો અર્ધો ભાગ ખાધો. તેણે (મિર્યમે) અર્ધો ભાગ પોતાને માટે છાનામાના સંતાડી રાખ્યો."

આ બનાવ બન્યા પહેલાં ૧,૨૦૦ વર્ષ અગાઉ આ સંબંધીનું ભવિષ્યકથન બાઈબલમાં લખવામાં આવ્યું હતું કે :

"જે ઘેરાથી તથા સંકડામણથી તારા શત્રુઓ તને સંકડાવશે, તેને લીધે તું પોતાના જ પેટનું ફળ, એટલે તારા દીકરા અને દીકરીઓ જેઓને તારા પ્રભુ પરમેશ્વરે તને આપ્યાં છે, તેઓનું માંસ ખાશે. તમારામાંનો જે કોઈ કોમળ અને બહુ નાજુક પુરુષ હશે તેની આંખ પોતાના ભાઈ પ્રત્યે, ને પોતાની પ્રાણપ્રિય પત્ની પ્રત્યે, ને પોતાનાં બાકી રહેલાં છોકરાં પ્રત્યે ભૂંડી થશે; એટલે પોતાનાં જ છોકરાંને તે ખાતો હશે, તેમનું માંસ તેઓમાંના કોઈને તે નહિ આપે. કારણ, જે ઘેરાથી અને સંકડામણથી તારી સર્વ ભાગળોમાં તારા ગત્રુઓ તને સંકડાવશે, તેને કારણે તારી પાસે પોતાને માટે કંઈ રહ્યું નહિ હોય."

"તમારામાંની જે કોમળ અને નાજુક સ્ત્રી તેની કોમળતા અને નાજુકપણાને લીધે પોતાના પગની પાની જમીન પર મૂકવા માગતી હોય, તેની આંખ પોતાના દિલોજાન પતિ પ્રત્યે અને પોતાના દીકરા પ્રત્યે અને પોતાની દીકરી પ્રત્યે, તેમ જ પોતે જન્મ દીધેલા નાના બાળક પ્રત્યે અને પોતે જન્મ આપવાની હોય તે બાળકો પ્રત્યે ભૂંડી થશે. કારણ, જે ઘેરાથી અને સંકડામણથી તારા શત્રુઓ તારી ભાગળોમાં તને સંકડાવશે, તેમાં એકાએક વસ્તુની અછતને લીધે તે તેઓને છાનીમાની ખાઈ જશે." (બાઈબલ : પુનર્નિયમ ૨૮:૫૩-૫૮). બારસો વર્ષ પછી એ અગમવાણી અક્ષરશઃ ખરી પડી.

યરુશાલેમના કોટની અંદરના યહૂદીઓ પર ધાક બેસાડવા સારુ રોમન સૈનિકો પકડાયેલા કેદીઓમાંથી સામા થનારને મારતા, રિબાવતા અને પછી શહેરની દીવાલો આગળ થંભે જડી દેતા, જેથી અંદરના યહૂદીઓ આ કરુણ અંજામ જોઈ શકે. આ રીતે દરરોજ સેંકડો કેદીઓને થંભે જડવામાં આવતા. આવું સતત ચાલુ રહ્યું. યહોશાફાટની ખીણમાં અને કાલવરીના સ્થળે એટલા બધા થંભો રોપવામાં આવ્યા હતા કે વચ્ચે થઈને જવાની જગા પણ રહી નહોતી. વળી ચારે બાજુ ઢગલાબંધ મુડદાં પડયાં હતાં.

આખરે ઈ.સ. ૭૦ના ઓગસ્ટની પાંચમીએ રોમનોએ કોટનો એન્ટોનિયો બુરજ કબજે કર્યો. રોમન લશ્કર શહેરમાં ઘૂસી ગયું, અને યરુશાલેમ શહેર કબજે કરાયું. જોસીફસ જણાવે છે કે બધાં મળી દશ લાખ યહૂદીઓ દુકાળ, મરકી અને તલવારથી મરાયાં. જોસીફસ જણાવે છે તે પ્રમાણે આ સમયે યહૂદીઓના પાસ્ખા પર્વનો પ્રસંગ હતો, અને રીતરસમ પ્રમાણે લાખો યહૂદીઓ પર્વ પાળવાને માટે અનેક દેશોમાંથી યરુશાલેમમાં ભેગા મળ્યા હતા. પાસ્ખા પર્વ વખતે યરુશાલેમમાં સ્પેનના કિનારેથી, મારશેં (ફ્રાંસના મારશેલ્સ)ની ગોદીઓ ઉપરથી, મિસરનાં પુસ્તકાલયોમાંથી, ઈરાનના ડુંગરાઓમાંથી અને એમ દુનિયાભરમાંથી યહૂદીઓ યરુશાલેમમાં પર્વ પાળવા આવતા, અને થોડો વખત રહેતા પણ ખરા. એવા જ એક સમયનું ચિત્ર બાઈબલમાં નીચે પ્રમાણે જોવા મળે છે :

"હવે, યરુશાલેમમાં પૃથ્વીના બધા દેશોના ભક્તિપરાયણ યહૂદીઓ રહેતા હતા; અને આ અવાજ સાંભળીને ત્યાં ટોળું જામી ગયું. તેમાંના દરેક માણસે આ લોકોને પોતાની જ ભાષામાં બોલતા સાંભળ્યા, એટલે તેઓ મૂંઝવણમાં પડી ગયા, અને આશ્ચર્યચકિત થઈને કહેવા લાગ્યા, 'આ બોલે છે એ લોકો બધા ગાલીલના નથી શું ? તો પછી આપણે દરેક જણ એમને આપણી માતૃભાષામાં બોલતા કેમ સાંભળીએ છીએ ?' આપણામાં તો પાર્થીઓ, માદીઓ અને એલોમીઓ તેમ જ મેસોપતામિયા, યહૂદિયા, કપ્પદોકિયા, પંતસ અને આસિયા, ફ્રુગિયા, પમ્ફૂલિયા, મિસર અને લીબિયાના કૂરેનેની આસપાસના પ્રદેશના વતનીઓ, તેમ જ રોમથી આવેલા પ્રવાસીઓ, યહૂદીઓ અને યહૂદી ધર્મ સ્વીકારનારાઓ છે, અને ક્રેત અને અરબસ્તાનના વતનીઓ પણ છે, તેમ છતાં આપણે એમને આપણી

પોતપોતાની ભાષામાં ઈશ્વરનાં ગુણગાન કરતા સાંભળીએ છીએ !" (બાઈબલ : પ્રેરિતોનાં કૃત્ય ૨:૫-૧૧).

પ્રભુ ઈસુએ યરુશાલેમ શહેર વિષે રડીને અગમવાણી કહી હતી : ઈસુ નજીક આવ્યા એટલે શહેરને જોઈને રડી પડયા અને બોલ્યા, "ઓ યરુશાલેમ, યરુશાલેમ, શાંતિ શામાં છે, એનું મોડું મોડું આજે પણ તને ભાન થયું હોત તો કેવું સારું થાત ! પણ એ તો તારી આંખને સૂઝતું નથી. એવો સમય આવી રહ્યો છે, જયારે તારા દુશ્મનો મોરચાબંધી કરીને તને ઘેરી લેશે. અને ચારે બાજુએથી તારા ઉપર ભીંસ લાવશે, અને તને તથા તારી અંદર વસતાં બાળકોને ભોંયભેગાં કરી દેશે, અને તારામાં એક પથ્થર ઉપર બીજો પથ્થર નહિ રહેવા દે. કારણ, ઈશ્વરના આગમનની ઘડી તું ન ઓળખી શક્યું." (બાઈબલ : લૂક ૧૯:૪૧-૪૪). ચાળીસ વર્ષ પછી એમ જ બન્યું.

જોસીફસે તેમ જ ઈતિહાસકાર મિલમેને પણ એના 'હિસ્ટ્રી ઓફ ધ જયુઝ' (યહૂદીઓના ઈતિહાસ)માં જણાવ્યું છે તેમ, યરુશાલેમ શહેરની શેરીઓમાં લોહીની નીકો વહેવા લાગી.

લશ્કરના અધિપતિ રોમન સરદાર તિતસે અતિ ભવ્ય અને સુંદર મંદિરનો નાશ ન કરવા પોતાના લશ્કરને ખાસ ફરમાન કર્યું હતું; પણ એક રાત્રે જયારે તિતસ પોતાના તંબુમાં સૂવા ગયો ત્યારે વિશાળ મંદિરના આંગણામાં ભરાયેલા યહૂદીઓ બહાર નીકળી આવ્યા, અને બહાર જે રોમન સૈનિકો હતા તેમના પર તૂટી પડયા. આથી ઝનૂનમાં આવેલા સૈનિકોમાંથી કોઈએકે મંદિરના પ્રવેશ વિભાગના ખુલ્લા ભાગમાંથી અંદર સળગતું ખોયણું ફેંક્યું; એટલે દીવાલો પરનાં એરેજવૃક્ષનાં જડેલા પાટિયાં ભડભડ સળગી ઊઠયાં.

રોમન અધિકારીઓ તેમ જ તિતસ દોડી આવ્યા, અને આગ બુઝાવવા હુકમ કર્યો; પણ વીફરેલા લશ્કરે કંઈ જ ધ્યાન આપ્યું નહિ. ઊલટું, વધુ ને વધુ સળગાવ્યું, અને અંદર આંગણામાં ભરાયેલા યહૂદીઓની કતલ કરી. મંદિરના પગથિયાંએથી પાણીના રેલાની જેમ લોહી રેલાવા લાગ્યું. બચેલા યહૂદીઓ 'ઈખ્ખાબોદ ! ઈખ્ખાબોદ !' (= ગૌરવ નાશ પામ્યું ! ગૌરવ નાશ પામ્યું !) એમ ગાંડાતુર બની બૂમો પાડવા લાગ્યા.

મંદિરનું મુખ્ય મકાન હજી અકબંધ હતું. તિતસે ઉઘાડી બારીઓ મારફતે અંદર ડોકિયું કર્યું, તો અંદરની ગૌરવભરી દૈદીપ્યમાન સજાવટ જોઈને તે



*ઈ.સ. ૭૦માં યરુશાલેમનો નાશ કરનાર તિતસ*

દંગ થઈ ગયો. આસપાસ પ્રજળી રહેલી જવાળાઓમાં મંદિરની સોનામઢેલ ભીંતો, સોનાનાં પાત્રો વગેરે ઝળાંઝળાં થઈ રહ્યાં હતાં. મંદિરના એ અંદરના મકાનનો નાશ ન કરવા ફરીથી તિતસે હુકમ કર્યો. પણ કોઈ સૈનિકે અજાણતાં સળગતી મશાલ દરવાજાનાં તોતિંગ મિજાગરાં વચ્ચે થઈને અંદર ધરી. તરત જ કીમતી એરેજકાષ્ટના પાટિયાંથી શરૂ થઈ અંદરનો કાઠમાળ સળગી ઊઠયો. પછી તો મંદિર આખું ભડભડ સળગવા લાગ્યું. પર્વતનો આ શિખરી ભાગ જાણે કોઈ પ્રચંડ જલતો જવાળામુખી ન હોય એમ આસપાસનું બધું જ ભભૂકી ઊઠયું હતું. મંદિરના વિસ્તારનાં મકાનો એક પછી એક સળગવા તથા ભયાનક અવાજો સાથે તૂટવા લાગ્યાં અને આગમાં અદ્રશ્ય થવા લાગ્યાં.

મંદિરના મકાનોના તપી તપીને રક્તવર્ણા બનેલા સુવર્ણ મિનારા જાણે રાતા પ્રકાશથંભો ન હોય ! બચેલા યહૂદીઓનાં ટોળાં ભયથી થરથરતાં આ દારુણ વિનાશને નિહાળી રહ્યાં હતાં. આગમાં તૂટતું લક્કડકામ, સૈનિકોની કિલકારીઓ, મરતા યહૂદીઓના બૂમબરાડા - આ બધાંના પ્રચંડ પડઘા આસપાસના પર્વતોની ગુહાઓમાં ગાજી ઊઠતા. સૈનિકોએ માણસોનાં મુડદાં પર ચઢી ચઢીને કતલનું કામ ચાલુ જ રાખ્યું હતું.

શહેરમાં જીવતા રહેલા યહૂદીઓ હવે મંદિર તરફ નાઠા. મંદિર તરફ જવાનાં બે કારણ હતાં : એક તો મંદિર કિલ્લા સમાન હતું, એટલે ત્યાં રક્ષણ મળે અને સહીસલામત રહી શકાય, અને બીજું કે, મંદિરનું રક્ષણ કરાય. આટલા બધા લોકો મંદિર વિસ્તારમાં એકત્ર થાય, એટલે ઊભા રહેવાની પણ જગા રહે કે કેમ ? એવી ગીચ ગિરદીમાં રોમન સૈનિકો સાથે કેવું યુદ્ધ થયું હશે ! કેવું કાપાકાપ થયું હશે, અને કેટલાં બધાં શબો ઢળ્યાં હશે !

યરુશાલેમનું પવિત્ર પ્રભુનું મંદિર અભેદ્ય અને અજેય છે એવું યહૂદીઓ માનતા હતા. પણ આખરે એનો કેવો કરુણ વિનાશ થયો !

એ લડાઈમાં ભાગ લેનાર યહૂદી ઇતિહાસકાર જોસીફસનાં લખાણ પરથી એવો ભાસ થાય છે કે જાણે ખુદ ઈશ્વર પોતે યરુશાલેમ અને મંદિરનો વિનાશ કરવા આ ઉપાય યોજતો ન હોય ! અગાઉનું શલોમોનનું મંદિર અને આ ઝરુબ્બાબેલ - હેરોદવાળું મંદિર - બંનેનો વિનાશ એક જ મહિનાની એક જ તારીખે થયો હતો. બંને વિનાશ વચ્ચે ૬૫૬ વર્ષ થયાં હોવા છતાં બંને વખતે (ઈ.પૂર્વે ૫૮૬માં અને ઈ.સ. ૭૦માં) એક જ માસની એક જ તારીખે મંદિરોનો વિનાશ થાય એમાં કંઈક સાંકેતિક ગૂઢ રહસ્ય હોય એવું જોસીફસનું કહેવું છે. યહૂદીઓ એ માસ-દિવસને 'તિશાબ એવ' (એવ માસની નવમી) 'પાંચમા માસની નવમી' તરીકે યાદ રાખે છે, અને ખાસ કરીને એ દિવસે 'રુદનની દીવાલ' આગળ જઈ વિલાપ કરે છે. (એવ માસ 'એબ' તરીકે પણ બોલાય છે.) એ લગભગ આપણા ઓગસ્ટ માસની અધવચ ગણાય.

જોસીફસ આ પ્રમાણે લખે છે : "જાણે કે કોઈ અટલ દૈવી દુર્ભાગ્યે, આ લોકો, સ્થળો અને કામોને માટે આ વિનાશ યોજયો હોય એમ લાગે છે. છતાં બંને પ્રસંગોના સમય બાબતની ચોક્કસાઈ આપણને તાજુબ બનાવે છે. કારણ બંને વખતે (મંદિરોનો) વિનાશ એક જ માસની એક જ તારીખે થયો - પ્રથમ વખતે બાબિલોનિયનોએ પવિત્ર મંદિરનો એ જ તારીખે વિનાશ કર્યો હતો."

"મને લાગે છે કે જો રોમનોએ આ લોકો (યહૂદીઓ) પર ચઢી આવવામાં થોડોકેય વિલંબ કર્યો હોત તો જમીન ફાટત, અને આ શહેર (મંદિર સહિત) તેમાં ગરક થઈ જાત, અથવા તો પાણીના પૂરમાં તણાઈ જાત, અથવા તો સદોમના પ્રદેશને થયું તેવી ગર્જનાઓ દ્વારા ભસ્મીભૂત થઈ જાત. કારણ, એ સદોમ ગમોરાહની પ્રજાઓના કરતાં યહૂદીઓ અતિશય





હીટલરના ચિત્રો

ઈશ્વરવિરોધી બની જવા પામ્યા હતા. તેઓના આવા ગાંડાતૂર જીવનને લઈને તેઓનો વિનાશ થયો."

અસંખ્ય યહૂદીઓ મરણશરણ થઈ ગયાં, અને બીજાંઓને ગુલામીમાં લઈ જવામાં આવ્યાં. તેઓની સંખ્યા પણ એટલી બધી મોટી હતી કે તદ્દન નજીવી કિંમતે તેમને વેચી નાખવામાં આવતાં. એમાંનાં ઘણાંને રોમ લઈ જવામાં આવ્યાં, અને રોમના વિજયની ઉજવણી તરીકે સેંકડો યહૂદીઓને રમતના મેદાનમાં જંગલી પ્રાણીઓ મધ્યે ફેંકવામાં આવ્યાં.

કેટલાંક મિસરમાં ગુલામીમાં ધકેલી દેવાયાં. સત્તર વર્ષથી ઉપરનાં હજારોના પ્રમાણમાં મિસરમાં લઈ જવાયાં. તે જમાનાનો ઇતિહાસકાર ડીઓડોરસ આ પ્રમાણે લખે છે : "અહીંની (મિસરની) ખાણોમાં સાંકળોએ બાંધીને તેમની પાસે મજૂરી કરાવવામાં આવતી. રાત અને દિવસ બિલકુલ અટક્યા વગર. એક ઘડીના પણ આરામ વગર, અને છુટકારાની કોઈ આશા વગર, તેમની પાસે સતત મજૂરી કરાવવામાં આવતી... તેમનાં શરીર પર એક ચીંથરું પણ નહોતું... તેઓ માંદાં થાય કે ઘવાય કે તેમને ગમે તે થાય, વૃદ્ધાવસ્થાને લીધે શરીર નિર્ગત થઈ ગયું હોય કે સ્ત્રીની અમુક નબળાઈઓ



*રોમ શહેરના પ્રવેશદ્વારની કમાન પરનું કોતરકામ એ કમાનને 'તિતસની કમાન' કહેવામાં આવતી. ઈ.સ. ૭૦માં તિતસે યરુશાલેમ કબજે કર્યું. ત્યારે ત્યાંના મંદિરનો કીમતી સામાન તે સાથે લઈ ગયો એ દેખાવની આ કોતરણી છે.*

હોય - ગમે તે હોય, ફટકાથી સતત કામ લેવાતું; તે એટલે સુધી કે આ અસહ્ય ત્રાસ અને વેદનાથી મજૂરી કરતાં કરતાં તેઓ ઢળી પડે ને જીવ ઊડી જાય ત્યારે જ છૂટકો થતો."

વળી પહેલી સદીનો યહૂદી ઇતિહાસકાર જોસીફસ લખે છે કે, એકલા યરુશાલેમમાંથી જ ૯૭,૦૦૦ યહૂદીઓને ગુલામો તરીકે લઈ જવામાં આવ્યાં. યહૂદિયા અને ગાલીલના પ્રાંતવિભાગોમાંથી લઈ જવાયાં એ તો ઉપરાંતનાં! અગાઉથી આ સંબંધી ભવિષ્યકથન હતું કે, "જે માર્ગ વિષે મેં (ઈશ્વરે) તને કહ્યું હતું કે, તું તે માર્ગ (મિસરનો માર્ગ) ફરી કદી જોશે નહિ, તે માર્ગે વહાણોમાં ઈશ્વર તને ફરીથી મિસરમાં લાવશે, અને ત્યાં તમે દાસો અને દાસીઓ થવા સારુ તમારા શત્રુઓને ત્યાં વેચાઈ જવા માગશો, પણ તમને કોઈ ખરીદશે નહિ." (બાઈબલ : પુનર્નિયમ ૨૮:૬૮). પાલેસ્તાઈનમાં બાકી રહેલાં યહૂદીઓ દેશ છોડી નાઠાં, અને પૃથ્વીની પીઠ પર અનેક દેશોમાં વિખેરાઈ ગયાં.

### *ઈસુની ભવિષ્યવાણી*

યરુશાલેમના આ વિનાશ પામેલા મંદિર વિષે પ્રભુ ઈસુની અગમવાણી હતી. એ વિષે આવી બીના છે : ઈસુ મંદિરમાંથી નીકળીને જતા હતા એવામાં તેમના શિષ્યો તેમને મંદિરનાં મકાનો બતાવવા પાસે આવ્યા. એક શિષ્ય બોલી ઊઠયો, "પ્રભુજી, જોયા આ પથ્થરો ! જોયાં આ મકાનો !" એટલે ઈસુએ કહ્યું, "તમે આ બધું જુઓ છો ને ! હું તમને ખાતરીથી કહું છું કે, એમાંનો એકપણ પથ્થર બીજા ઉપર રહેવાનો નથી. બધા જ તોડી પાડવામાં આવશે." (જુઓ મંદિરનું ચિત્ર, પૃષ્ઠ).

અને અત્યારે એમ જ બન્યું. આશરે અમદાવાદની સિવિલ હૉસ્પિટલના સમગ્ર વિસ્તાર કરતાં પણ વધુ વિસ્તરેલાં મંદિરનાં મકાનોની જંગી દીવાલોનો એકપણ પથ્થર બીજા પથ્થર પર રહેવા પામ્યો નથી. દશ-દશ ફૂટ અને તેથીયે વધુ લાંબા અને ત્રણથી ચાર ફૂટ ઊંચા એવા પથ્થરો છેક જ પડી ગયા. બધું ખેદાનમેદાન કરી નાખવામાં આવ્યું. માત્ર 'રુદનની દીવાલ' તરીકે ઓળખાતી એક દીવાલ જ આજે ઊભી રહેલી છે.

સૈકાંથી દુનિયાભરના યહૂદીઓ આવીને એ દીવાલના પુરાણા પથ્થરોને ચુંબન કરે છે, ચાટે છે ને કરુણ વિલાપ કરે છે. આ દીવાલ જમીનની સપાટીથી ૪૦ ફૂટ નીચે પણ આવેલી છે. આજે હજારો વર્ષ થયાં એ મંદિર ફરી બંધાયું



યરુશાલેમ - જુનું શહેર

નથી. ઈશ. ૩૬૩માં રોમના શહેનશાહ જુલિયને, ઉપર જણાવી તે ઈસુ ખ્રિસ્તે કહેલી અગમવાણીને (બાઈબલ : માથ્થી ૨૪:૧-૨) જૂઠી પાડવાના હેતુથી, આ સ્થળે ફરીથી યહૂદી મંદિર બાંધવા માથે લીધું; પણ ઓચિંતાં વિઘ્નોને કારણે એનો ઈરાદો સફળ થયો નહિ. એ સ્થળ પર આરબોએ ઈ.સ. ૬૯૧માં 'ડોમ ઓફ ધ રોક' - 'હરમ એશ-શેરીફ' બાંધ્યું. એ સમયે અબ્દેલ-મલિદ દમસ્કમાં ખલીફ તરીકે રાજ કરતો હતો. પાછળથી ઈ.સ. ૮૧૦માં અને ફરી ૯૧૩માં એનો વિસ્તારપૂર્વક પુનરુદ્ધાર કરવામાં આવ્યો. અને તે સમયે એના ઘુમ્મટ (અં. ડોમ)ને સોને મઢવામાં આવ્યો. આ મકાન પાછળથી તૂટી પડતાં ઈ.સ. ૧૦૨૨માં ખલીફ હકીમે એને ફરીથી બાંધ્યું હતું. પાછળથી ઈ.સ. ૧૦૯૯માં ક્રુઝેડરોએ (ધર્મયુદ્ધવીરોએ) એને મંદિર તરીકે પલટી નાખ્યું હતું. પણ 'સોલીમન ધી મેગ્નીફીસન્ટે' મુસ્લિમ ઈમારત તરીકે રંગીન લાદીઓ, આરસપહાણ અને મોઝેઈક કારીગરીથી એની પુનઃ સજાવટ કરી હતી. મુસ્લિમ શિલ્પકળાના પરિપાક જેવું એ મકાન આજે પણ ખડું છે. એને ભૂલથી 'ઓમારની મસ્જિદ' તરીકે ઓળખળામાં આવે છે. પણ ન તો એ મસ્જિદ છે, કે ન તો એને ઓમારે બંધાવેલું.

## ♦ મસાદાના કિલ્લાની કરુણ કથની (ઈ.સ. ૭૦-૭૩)

તિતસે યરુશાલેમને ખતમ કર્યું ખરું, પણ પછી ત્રણ વર્ષ સુધી યહૂદિયામાં યુદ્ધ લંબાયા જ કર્યું. આખરે એનો અંત યહૂદિયાનાં જંગલમાં મૃત સરોવરના પશ્ચિમ કિનારે મૃત સરોવરથી અઢી માઈલ દૂર ખડક પર આવેલા મસાદાના કિલ્લાને સર કર્યા પછી જ આવ્યો. આ કિલ્લો બહુ મોટો, અભેદ્ય અને અજેય



મસાદાનો કિલ્લો

મનાતો હતો. વર્ષો પહેલાં મહાન હેરોદ રાજગાદીનો હક્ક મેળવવા રોમ ગયો હતો ત્યારે તેણે પોતાના કુટુંબને આ કિલ્લામાં રાખ્યું હતું. આ કિલ્લો હેરોદના નામથી ઓળખાય છે. ઈ.. પૂર્વે ૪૦માં હેરોદે એ બંધાવ્યો હતો.

ઈ.સ. ૭૩માં યહૂદી આગેવાન એલેઝાર બેન યાઈ રે આ કિલ્લો જીતી લીધો અને પછી તેની સરદારી નીચે પુરુષો, સ્ત્રીઓ અને બાળકો મળીને ૯૬૦ જેટલાં દેશપ્રેમી યહૂદીઓ આ કિલ્લામાં ભરાયાં હતાં. એલેઝાર બેન યાઈર 'સીકારી' નામના ઉદ્દામવાદી ઝેલોતપક્ષનો આગેવાન હતો. કિલ્લાને ૧૫,૦૦૦ જેટલા રોમન સૈનિકોએ ઘેરો ઘાલ્યો હતો. યહૂદીઓ અત્યાર સુધી રોમનોની સામે ઝૂઝયા હતા. પણ હવે તેમને લાગ્યું કે રોમનો પકડી લેશે. રોમનોએ આ કિલ્લા પાસે જ પડાવ નાખ્યો હતો, એટલે આ બધાં ૯૬૦ યહૂદીઓએ રોમનોના હાથમાં પકડાવા કરતાં સ્વયં-સંહારનો આશરો લીધો. આગેવાન એલેઝાર બેન યાઈરે તે બધાંને આખરી સંબોધનમાં કહ્યું :

"જેને માનવી હૃદય હોય એવો કોઈ માણસ આવતી કાલનો સૂર્ય જોવા કદી ઝંખશે શું ? અરે, જો તેને સહીસલામત સ્થળે રહેવાનું મળે તોપણ તે એવું ઇચ્છે ખરો ? શું કોઈ એવો હલકટ હશે, શું કોઈ એવા ક્ષુદ્ર જીવનો હશે જેનામાં છાંટોયે દેશાભિમાન નહિ હોય, જેથી આવો ગોઝારો દિવસ જોવા પોતે જીવતા રહ્યાનો અફસોસ નહિ કરતો હોય ? આપણે બધાં દેશ ખાતર હોમાઈ ગયાં હોત તો કેવાં સુખી હોત..."

### *હેડ્રિયનના વખતમાં બળવો - મિખાહનું ભવિષ્યકથન : હળની પેઠે ખેડાયું*

તેઓના સમૂહ-મરણની છેલ્લી રાતે બેન યાઈરે એ શબ્દો ઉચ્ચાર્યા: પછી તો તેઓએ મરવાનું નક્કી કરી લીધું. પ્રત્યેક જણે આંસુભરી આંખે અને ડૂસકાં ખાતાં હૈયે પ્રથમ પોતાનાં સ્ત્રી-છોકરાંને 'અલવિદા' - આખરી સલામ - કરી લીધી. કેવી હતી એ વસમી વિદાય ! પછી પ્રત્યેક પુરુષે પોતપોતાનાં સ્ત્રી-છોકરાંને કાપી નાખ્યાં. અને હવે બાકી રહેલા પુરુષોએ ચિઠ્ઠીઓ નાખીને પોતામાંથી દશ જણને ચૂંટી કાઢયા. આ દશ જણે બાકીના બધાને વધેરી નાખ્યા. હવે બાકી રહેલા દશ જણે એક જણને ઠરાવ્યો, જેણે બાકીના નવ જણની કતલ કરી, અને છેવટે એ પોતે પોતાની જ તલવાર પર પડીને મૃત્યુ પામ્યો. આમ, વતનભોમના વહાલ માટે, રોમનોના હાથમાં પકડાવા કરતાં તેઓએ મોતને વહાલું ગણ્યું. યહૂદીઓના લાંબા ઇતિહાસમાં મસાદાના

કિલ્લાની કરુણ કથની અને કીમતી બલિદાન એક ગૌરવગાથા બની રહી છે. આજે પુરાવિદો એ કિલ્લાના ભંગાર અવશેષોનું ખોદકામ ચલાવી રહ્યા છે ત્યારે જાણે કે એ ગૌરવગાથા ફરીથી ગવાતી હોય એવું લાગ્યા વગર રહેતું નથી. ત્રણ હાડપિંજરો મળી આવ્યાં છે.

## ♦ ઈ.સ. ૭૦થી માંડીને બ્રિટિશ મેન્ડેટ (હકૂમત) સુધીનો સમય :

ઈ.સ. ૭૦માં યરુશાલેમના થયેલા આ વિનાશ પછી કેટલાક યહૂદીઓ આવીને યરુશાલેમ તેમ જ આસપાસના વિસ્તારમાં વસ્યા હતા. તેમણે અને નવી થયેલી પ્રજાએ ફરી ઈ.સ. ૧૧૭માં, પછી ૧૩૨માં સિમોન બારકોચબાની આગેવાની નીચે બળવો ઉઠાવ્યો અને એણે ત્રણ વરસ સત્તા હાથમાં રાખી અને બળવો ચાલુ રાખ્યો. એટલે ઈ.સ. ૧૩૫માં રોમન બાદશાહ હેડ્રિયન બળવો સમાવવા લશ્કર લઈને આવ્યો. ઈતિહાસકાર જણાવે છે કે, સાડા ત્રણ વરસ લડાઈ ચાલી. ૫,૮૦,૦૦૦ લોકો મરાયા. આખરે યરુશાલેમનો સંદતર નાશ થયો. શહેરને ઉજ્જડ ઉકરડો કરી નાખવા માટે હેડ્રિયને આ નગરના અમુક ભાગોમાં તો હળ ફેરવ્યું. એમ પયંગબર મિખા મારફતે અગાઉ ૮૮૫ વર્ષ પૂર્વે આપેલું ભવિષ્યકથન પૂરું થયું કે, "એથી તમારે લીધે સિયોન (યરુશાલેમનો અમુક વિસ્તાર) ખેતરની પેઠે ખેડાશે, ને યરુશાલેમના ઢગલા થઈ જશે....." (બાઈબલ : મિખાહ ૩:૧૨). હેડ્રિયને યહૂદીઓને પૂરેપૂરા વિખેરી નાખ્યા. આમ યહૂદીઓનું વતન વેરાન થઈ ગયું. તેણે નકશા પરથી યરુશાલેમનું નામ કાઢી નાખીને ત્યાં **એલિયા કેપિટોલિના** નામ મૂક્યું, અને અસલ યહૂદી મંદિરને સ્થળે ગ્રીક દેવતા જયુપિટરના માનમાં જયુપિટર કેપિટોલિનસનું મંદિર બાંધ્યું. વળી યહૂદીઓનું આદેશ સાથેનું નામનિશાન ભૂંસાઈ જાય માટે રોમનોએ દેશનું નામ પણ બદલી નાખીને એનું નામ 'પાલેસ્તાઈન' પાડયું.

યહૂદીઓ અને તેમના ધર્મનું નામનિશાન ભૂંસી નાખવાના હેતુથી હેડ્રિયને તેઓનો સુન્નત વિધિ ન પાળવા ફરમાન કર્યું. વળી સાબ્બાથ તથા અન્ય યહૂદી પર્વો બિલકુલ નહિ પાળવા કડક હુકમ કર્યો. વળી જાહેરમાં કોઈ યહૂદી ધર્મક્રિયા તેઓ કરે નહિ એવો જાપ્તો મૂક્યો. યહૂદીઓ પર નવા કરવેરા નાખ્યા અને આખા વર્ષમાં માત્ર એક જ વખત ખાસ મુકરર દિવસે જ તેઓ વિનાશ પામેલા મંદિરની જગાએ (રુદનની દીવાલે) જઈને રુદન

કરી શકે એવું ફરમાવ્યું. 'એલિયા કેપિટોલિના' (પુરાણા યરુશાલેમ)માં ઠેર ઠેર ગ્રીક દેવદેવીઓનાં પૂતળાં ઊભાં કરી દીધાં. વળી એ શહેરમાં અને અન્ય ઠેકાણે ગ્રીક નાટકો ભજવાય એવાં નાટ્યગૃહો, જાહેર હમામખાનાં અને રોમન સૈનિકોની ટુકડીઓ માટે કિલ્લા બાંધવામાં આવ્યા.

રોમન સલ્તનતના અંત પછીયે યરુશાલેમના મોરિયા પર્વત ઉપરનું જ્યુપિટરનું મંદિર ટકી રહ્યું પણ ચોથી સદીના પાછલા ભાગમાં (ઈ સ. ૩૭૦માં) કોન્સ્ટનટાઈન બાદશાહ ખ્રિસ્તી બન્યા પછી આ જ્યુપિટરના મંદિરમાં ફેરફાર કરીને એને ખ્રિસ્તી મંદિર તરીકે ખ્રિસ્તીઓએ વાપરવા માંડ્યું. શહેરમાં બીજા ખ્રિસ્તી મંદિરો ઊભાં કરવામાં આવ્યાં. લગભગ સાતમી સદીના અંત ભાગ સુધી એ ખ્રિસ્તી મંદિર તરીકે વપરાતું રહ્યું. રોમન સત્તા આથમ્યા પછી પાલેસ્તાઈન દેશ બેઝન્ટાઈન સામ્રાજ્યના એક ભાગ તરીકે ૫૫૦ વર્ષ સુધી રહ્યો હતો. એ પછી ઈ.સ. ૬૩૮માં મુસ્લિમ ખલિફ ઓમારે શહેરને જીતી લીધું.

એ પછી મુસ્લિમ આરબોએ એની ઉપર ચઢાઈ કરી. આ આરબોની સત્તા પાલેસ્તાઈન પર ઈ.સ. ૬૭૩ થી ૧૦૭૨ સુધી એટલે કે ૩૯૯ વર્ષ સુધી રહી. હાલમાં મંદિરના સ્થળ પર જે 'ડોમ ઓફ ધ રોક' તરીકે ઓળખાતી ઈમારત છે તે ઈ.સ. ૬૯૧માં બંધાઈ.

એ પછી સેલ્જુગોએ દેશને જીતી લીધો. પણ તેમની સત્તા માત્ર ૨૭ વર્ષ જ રહી. ક્રુઝેડરોએ (જેહાદવીરોએ, ધર્મયુદ્ધવીરોએ) તેમને હરાવીને ઈ.સ. ૧૦૯૯ થી ૧૨૯૧ સુધી પોતાની રાજસત્તા પાલેસ્તાઈન પર સ્થાપી. તેઓ મધ્ય યુગના એ જમાનામાં યુરોપના દૂર દૂરના જુદા જુદા દેશોમાંથી ધર્મને ખાતર છેક યરુશાલેમ સુધી આવ્યા હશે ! - રાજ્ય જીતવાને માટે નહિ, પણ ધર્મના પ્રતીક શો એ મુલક અન્યધર્મીના અખત્યાર નીચે ન જાય, અને પોતે અહીં આવીને પ્રાર્થના કરી શકે એ હેતુથી એમની એ આસ્થાને ધર્મઆસ્થા કહો કે ધર્મ ઘેલછા ગણો, પણ ક્રૂસના નિશાનવાળા ઝંડા નીચે એકત્ર થઈને ધાડેધાડાંએ અનેક આક્રમણો કર્યાં હતાં. ક્રુઝેડરોએ ઘણા બધા યહૂદીઓને મારી નાખ્યા હતા.

એમાંના કેટલાક તો કાયમ માટે પાલેસ્તાઈનમાં વસી પણ ગયા. આજે પણ બેથલેહેમ અને એવાં સ્થળોએ જઈએ તો યુરોપીય લોહીના સંમિશ્રણવાળાં આરબ કુટુંબો જોવા મળે છે. હું જ્યારે ૧૯૫૪માં એ પ્રદેશમાં

ફર્યો હતો ત્યારે એવા યુરોપીય છાપવાળા ઘણા બધા ચહેરામહોરા જોવા મળ્યા હતા.

એ પછી મામલુકોએ ક્રુઝેડરો પાસેથી રાજય પડાવી લઈ ૨૨૬ વર્ષ (૧૨૯૧-૧૫૧૭) રાજ કર્યું. છેલ્લે, ઓટોમાન તુર્કોના સુલતાન સેલિમ પહેલાએ આ મુલકનો કબજો લીધો, અને છેક પહેલા વિશ્વયુદ્ધ સુધી (૧૫૧૭-૧૯૧૭) ઓટોમાન તુર્કોની સત્તા ટકી. આ સેલિમે તુર્કી સત્તા નીચેના દેશોમાં વસતા યહૂદીઓને પાલેસ્તાઈનમાં આવીને વસવા ઉત્તેજન આપ્યું હતું. એમ ‘જૂની વસાહતો (હિબ્રૂ : યીશુવ) ત્યારથી શરૂ થઈ હતી. તા. ૧૨-૧૨-૧૯૧૭ના રોજ અંગ્રેજ જનરલ એલનબીના લશ્કરે આ મુલક કબજે કર્યો. તે પછી ત્યાં બ્રિટિશ મેન્ડેટ (બ્રિટનની હકૂમત) સ્થપાતાં ઈઝરાયલીઓને આ પ્રદેશ રાષ્ટ્રીય વતન (નેશનલ હોમ) તરીકે રહેવા માટે પાછો મળ્યો.

### ♦ મંદિરનો નાશ થયા પછી નીચે પ્રમાણે પરદેશીઓએ શાસન કર્યું :

| વર્ષ | શાસનકર્તા |
|---|---|
| ૭૦-૩૧૩ | રોમનો |
| ૩૧૩-૬૩૬ | બેઝન્ટીનો |
| ૬૩૭-૧૦૯૧ | આરબો |
| ૧૦૯૧-૧૦૯૮ | સેલ્જુગો |
| ૧૦૯૯-૧૨૯૧ | ક્રુઝેડરો |
| ૧૨૯૧-૧૫૧૬ | મામ્લૂકો |
| ૧૫૧૭-૧૯૧૭ | ઓટોમન તુર્કો |
| ૧૯૧૮-૧૯૪૮ | બ્રિટિશ મેન્ડેટ |

ઓટોમન તુર્કોનું રાજય ઈજિપ્તથી મેસોપોટામિયા (ઈરાક) સુધી અને એશિયા માઈનરથી બાલ્કન સુધી ફેલાયેલું હતું. તેઓના શરૂઆતના રાજયકાળ દરમિયાન, અને ખાસ કરીને સોલીમન મેગ્નીફિસન્ટ (૧૫૬૬માં મૃત્યુ)ના અમલ દરમિયાન પાલેસ્તાઈમાં ઘણું નવું નવું બાંધકામ કરવામાં આવ્યું હતું. યરુશાલેમની આસપાસ તેણે કોટ બંધાવ્યો, જે આજ સુધી છે. એના અમલ દરમિયાન યહૂદીઓ બળ પામવા લાગ્યા, અને તેમની સ્થિતિ

સુધરી. પણ સોલીમન મેગ્નીફિસન્ટ પછી કોઈ સારા રાજકર્તા આવ્યા નહિ. મોટા ભાગની જમીન પરદેશોમાં વસતા પરદેશી માલિકોના હાથમાં હતી, અને દેશમાં રહેનાર એમના ગરીબ ખેડૂતોની સ્થિતિ બહુ કફોડી હતી. પરંતુ તરંગી કર એમની કેડ ભાંગી નાખતા હતા. ગાલીલ અને કાર્મેલનાં વિશાળ જંગલો ઝાડો કાપી નાખવાને લીધે બોડાં થઈ ગયાં હતાં, અને જમીન સૂકી તથા રસકસવિહોણી બની ગઈ હતી. કલણો અને બીજી તરફથી વધતું જતું રણ ખેતીની જમીનની પાયમાલી સર્જી રહ્યા હતા.

## ♦ ઓગણીસ સૈકાં સુધી યહૂદીઓનું દેશદેશમાં ભટકવું.. અને એ સંબંધીનાં ભવિષ્યકથન

આપણે આગળ જોઈ ગયા કે ઈ.સ. ૭૦ અને ૧૩૫ના ભયંકર પરાજય પછી બચેલા યહૂદીઓ પૃથ્વીના અનેક દેશોમાં વિખેરાઈ ગયા, અને આ ઓગણીસ-ઓગણીસ સદીઓ સુધી તેઓએ દેશેદેશમાં અથડા અથડા જ કર્યું છે; ક્યાંયે ઠરીઠામ થઈ શકયા નથી. પ્રજાઓએ તેમને કૂતરાની જેમ હડધૂત અને હાડેહાડે કર્યા છે. આ બધું ઈશ્વરે પયંગબરો મારફતે કહાવેલાં તેમના વિષેનાં ભવિષ્યવચનો પ્રમાણે જ બનતું ગયું છે. એમાંના એક-બે ભવિષ્યવચન આપણે જોઈ લઈએ :

"પૃથ્વીના સર્વ રાજ્યોમાં તું અહીંથી તહીં નાસાનાસ કરશે..." "પ્રભુ તને પૃથ્વીના એક છેડાથી તે બીજા છેડા સુધી સર્વ લોકોમાં વિખેરી નાખશે... એ પ્રજાઓમાં તને કંઈ ચેન નહિ પડે, ને તારા પગના તળિયાને કંઈ આરામ નહિ મળે; પણ પ્રભુ ત્યાં તને કંપિત હૃદય અને ધૂંધળી આંખો અને ઝૂરતું મન આપશે; અને તારા જીવનો તને કંઈ ભરોસો નહિ રહે." (બાઇબલ : પુનર્નિયમ ૨૮:૨૫, ૬૪-૬૬).

દુનિયાનો ભાગ્યે જ કોઈ દેશ હશે જ્યાં યહૂદી જઈને નહિ વસ્યા હોય. તેઓ ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા. જેમ કે ઈથોપિયા, આસ્સિરિયા, બાબિલોન, યમન, ઈરાન, કોકેસસ, ભારત, ચીન, અફઘાનિસ્તાન, તુર્કિસ્તાન, ખજારિયા, યુક્રેન, પોલેન્ડ, રૂમાનિયા, ક્રીમિયા, બલ્ગેરિયા, લીથુઆનિયા, કીવ, રશિયા, હંગેરી, ઈંગ્લેન્ડ, સ્પેન, ફ્રાન્સ, મઘરેબ, મિસર, સૈપ્રસ, જર્મની, ગૉલ, મધ્ય એશિયા, ઈટાલી, ઉત્તર આફ્રિકા, મધ્ય અમેરિકા, દક્ષિણ અમેરિકા, હોલાંડ, યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, બેલ્જિયમ, એશિયા માઈનર વગેરે વગેરે...

ઈંગ્લેન્ડ, ફ્રાંસ, સ્પેન,રશિયા, જર્મની, ઈટાલી અને મિસર એ દેશોમાં તો તેઓએ ઘણું સહન કર્યું છે. આજે અમેરિકામાં ઘણા યહૂદીઓ છે. ચીનમાં પણ યહૂદીઓ આવીને વસ્યા છે. ત્યાં હોનાનના કાઈ ફેન્ગ ફૂમાં તો બહુ પુરાણા સમયનું યહૂદી સભાગૃહ (સીનેગોગ) છે અને એને અનેક વખત સમારવામાં પણ આવ્યું છે. સૈકાંથી ૩૦૦ જેટલાં યહૂદી કુટુંબો ચીનના નૈઋત્ય વિભાગમાં વસેલાં છે.

ભારતમાં ઈ.સ. ૧૯૨૭ની સાલમાં 'બેની ઈઝરાયલીઓ' ૧૦,૦૦૦ જેટલા હતા. તેમના પૂર્વજો યરુશાલેમના મંદિરના નાશ પછી પ્રથમ કોચીનમાં જઈને વસ્યા હતા. ભારતમાં છેક શરૂઆતમાં આવેલા યહૂદીઓ સંબંધીનાં લખાણ મેળવવાં મુશ્કેલ છે, પણ છેલ્લી ચાર સદીઓની નોંધણી ઠીકઠીક મળી આવે છે. કેલિફોર્નિયા યુનિવર્સિટી (બર્કલી)ના વિદ્વાન પ્રાધ્યાપક ડો. વૉલ્ટર જે. ફિશેલે એ સંબંધી ઊંડો અભ્યાસ કર્યો છે, અને એ માટે તેઓ બે વખત ભારત પણ આવ્યા હતા. તેમના અભ્યાસ પ્રમાણે નીચે પ્રમાણે તારવણી કાઢી શકાય :

ભારતમાં આવી વસેલા આ યહૂદીઓમાંથી ઘણા જવાબદારીભર્યાં સ્થાન ભોગવતા હતા. જુદી જુદી ઈસ્ટ ઈન્ડિયા કંપનીઓમાં પણ તેઓમાંના ઘણાનાં સ્થાન જવાબદારીભર્યાં હતાં. તેઓ વેપારીઓ, આડતિયાઓ, વેપારદલાલો, એલચીઓ, રાજદૂતો અને વેપારધંધાના વિસ્તરણમાં અગ્રગામીઓ હતા. તવારીખોમાં જેની નોંધણી પ્રથમ થઈ હોય (ઈ.સ. ૧૪૯૮) એવો ભારતમાં આવેલો બહુ ખ્યાતનામ યહૂદી જેસ્પર દ'ગામા હતો. તે પોલેન્ડના પોસેનથી આવ્યો હતો. તેણે બીજાપુરના મુસ્લિમ રાજાને ઉમદા સેવા આપી હતી. વળી પોર્ટુગીઝ (ફિરંગી) વાઈસરૉયોના દુભાષિયા અને આડતિયા તરીકે પણ તેણે અજાયબ જેવો ભાગ ભજવ્યો હતો.

## *યહૂદીઓનો વેપાર ભારત સાથે*

આ ભારતમાં વસેલા યહૂદીઓ અઠંગ વેપારી પણ હતા. તેઓમાંના ઘણાએ અમુક અમુક માલના ઈજારા રાખ્યા હતા, જેવા કે : મરી-મરચાં, ઈમારતી લાકડું, કેરમ્બો, સુતરાઉ કાપડ, હીરા, કીમતી પથ્થરો, મસાલા, ગળી વગેરે. બીજા કેટલાંક કંટ્રાટીઓ, બંદૂકના પાવડરના ઉત્પાદકો, નારિયેળનાં વાવેતર કરનારા, કઠિયારા અને વહાણ બનાવનારા હતા.

ઘણા તો વહાણોના કાફલા ધરાવનારા હતા. યહૂદી કપ્તાન અને યહૂદી

ખલાસીઓ યહૂદી વહાણોમાં હિંદી મહાસાગર, અરબી સમુદ્ર, બંગાળના ઉપસાગર એને ઈરાની અખાતમાં ઘૂમતા રહેતા. ભારતમાં બનાવેલાં કેટલાંક યહૂદી વહાણોને બાઈબલનાં નામ આપવામાં આવેલાં, જેવાં કે દાનિયેલ, ઈસહાક, રાહેલ વગેરે...

વેપારી વહાણોના કાફલા રાખનારા અઢારમી સદીના યહૂદીઓમાં સૌથી તવંગર તોબિયાસ હતો. તે વેપાર કોચીનમાં કરતો હતો, પણ રહેતો હતો સુરતમાં. તેનાં વહાણ ભારતનાં બંદરોએ તેમ જ એશિયાઈ બંદરોએ માલસામાનની હેરફેર કરતાં હતાં. (૧૭૩૬-૧૭૫૦). સુરતની પોર્ટુગીઝ (ફિરંગી) ફેકટરીનો તે લાંબા સમય સુધી ડાયરેકટર હતો. સુરત અને મદ્રાસના કેટલાક યહૂદી વેપારીઓને મનીલા, બર્મા (પેગુ), સિયામ, ચીન, સુમાત્રા, મક્કા, ઈરાની અખાત અને મસ્કત સાથે નિકટના વેપારી સંબંધો હતા.

## રેખાબીઓના વંશજો

ગુજરાતમાં પણ ઓછામાં ઓછું ચારેક સદીઓથી યહૂદીઓની હયાતી નોંધાયેલી જોવા મળે છે. તે અગાઉ પણ અહીં યહૂદીઓ હશે, પણ તેમની કોઈ ઐતિહાસિક નોંધ મળી આવી નથી. સુરતમાંની અંગ્રેજની ફેકટરીના હિસાબ કિતાબના ચોપડા પરથી માલૂમ પડે છે કે અઢારમી સદીના પાછલા બે દાયકાઓમાં સુરતમાં યહૂદીઓનું સભાગૃહ હતું. અને રાબ્બી (ધર્મગુરુ) નિયમિત રીતે સભાઓ વગેરે ચલાવતો હતો.

પશ્ચિમ આફ્રિકામાં પણ ઘણા યહૂદીઓ હતા. 'અમેરિકન હિબ્રૂ' જણાવે છે કે ઈ.સ. ૧૯૨૯ની સાલમાં સહરાની મધ્યમા ટીમ્બકટુથી દશ દિવસની મુસાફરી જેટલે છેટે એલૌના નામનું ગામ જોવામાં આવ્યું હતું. એ યહૂદી વસાહતનું ગામ હતું.

'ક્રિશ્ચિયન હેરલ્ડ' નામના અમેરિકાના એક સામયિકમાં એક વખતે અરબસ્તાનના રણની મધ્યમાં વસેલા યહૂદી સમાજ વિષે લખાણ આપવામાં આવ્યું હતું. એ સમાજનો કોઈ એક આગેવાન સરહદ પર આવી ચઢયો હશે, તેની પાસેથી આ માહિતી મળી છે. તેઓ પોતાને બાઈબલમાં યિર્મેયાના પુસ્તકના ચોવીસમાં અધ્યાયમાં જે રેખાબી વંશજોની વાત છે, એ વંશના કહેવડાવે છે. અરબસ્તાનના અંદરના ભાગમાં કોઈ રણટાપુમાં તેઓ પોતાનાં ઘેટાં સહિત રહે છે. તેઓની સંખ્યા ૨,૫૦૦ કુટુંબની છે. તેઓમાં ચાલતી આવેલી વાત છે કે તેમને યિર્મેયા પયગંબર પોતે અહીં લાવ્યો હતો. સરહદેથી

તેમના રહેઠાણ પર આવતાં ૫૩ રાત લાગે. દિવસે મુસાફરી કરવી બની શકે નહિ, કેમ કે દિશાભાન રહે નહિ. તેઓ રાત્રે તારાના દિશાસૂચન દ્વારા મુસાફરી કરે છે.

ઈથિયોપિયાની ૧,૫૦,૦૦૦ જેટલી ફાલાસા (= દેશવટો પામેલી) નામની પ્રજા પણ યહૂદી વંશની જ છે.

ઈ.સ. ૧૯૩૩ના અંતભાગમાં વિશ્વભરમાં બધાં મળી એક કરોડને સાઠ લાખ યહૂદીઓ નીચે પ્રમાણે જુદા જુદા દેશોમાં વિખેરાયેલા પડયા હતા : પોલેન્ડમાં ૩૦,૦૦,૦૦૦; રશિયા (યુક્રેન)માં ૧૬,૫૦,૦૦૦, (શ્વેત રશિયા)માં ૪,૦૦,૦૦૦; (સેન્ટ્રલ રશિયા)માં ૭,૦૦,૦૦૦; રૂમાનિયામાં ૯,૦૦,૦૦૦; જર્મનીમાં ૫,૫૦,૦૦૦; હંગેરીમાં ૫,૦૦,૦૦૦; ઝેકોસ્લોવેકિયામાં ૪,૧૦,૦૦૦; ગ્રેટ બ્રિટનમાં ૪,૦૦,૦૦૦; ઓસ્ટ્રિયામાં ૨,૩૦,૦૦૦; ફ્રાન્સમાં ૨,૦૦,૦૦૦; લિથુનિયામાં ૧,૬૩,૦૦૦; નેધરલેન્ડમાં ૧,૨૦,૦૦૦; લેટવિયામાં ૯૫,૦૦૦; ગ્રીસમાં ૮૦,૦૦૦; યુગોસ્લાવિયામાં ૭૦,૦૦૦; બેલ્જિયમમાં ૬૦,૦૦૦; ઈટાલીમાં ૫૫,૦૦૦; તુર્કસ્તાનમાં ૫૫,૦૦૦; બલ્ગેરિયામાં ૫૦,૦૦૦; યુ.એસ.એ.માં ૪૫,૦૦,૦૦૦; અર્જેન્ટિનામાં ૨,૪૦,૦૦૦; કેનેડામાં ૧,૭૦,૦૦૦; બ્રાઝિલમાં ૪૫,૦૦૦; પાલેસ્તાઈનમાં ૨,૩૦,૦૦૦; એશિયાટિક રશિયામાં ૧,૨૦,૦૦૦; ઈરાકમાં ૧,૦૦,૦૦૦; ઈરાનમાં ૪૦,૦૦૦; યમનમાં ૩૦,૦૦૦; સિરિયામાં ૨૫,૦૦૦; ભારતમાં ૨૦,૦૦૦; અફઘાનિસ્તાનમાં ૨૦,૦૦૦; ચીન અને મંચુરિયામાં ૨૦,૦૦૦; મોરોક્કોમાં ૧,૪૦,૦૦૦; અલ્જીરિયામાં ૯૦,૦૦૦; બ્રિટિશ સાઉથ આફ્રિકામાં ૮૦,૦૦૦; ટ્યુનિસિયામાં ૬૬,૦૦૦; ઈજિપ્તમાં ૬૫,૦૦૦; ત્રીપોલીમાં ૪૩,૦૦૦; અને ઓસ્ટ્રેલિયામાં ૩૦,૦૦૦ (ડો. આર્થર રૂપિન : 'ધ જયુઝ ઈન ધ મોર્ડન વર્લ્ડ'), પેલું ભવિષ્યકથન કેવું સાચું પડયું છે કે, 'પ્રભુ તને પૃથ્વીના એક છેડાથી તે બીજા છેડા સુધી સર્વ લોકોમાં વિખેરી નાખશે !"

## ♦ યહૂદીઓની દેશદેશમાં થયેલી સતામણી :

**(ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, સ્પેન, તુર્કસ્તાન, જર્મની, રશિયા, પોલેન્ડ)**

જાણીતા બ્રિટિશ ઇતિહાસકાર નેમિયરને ડર્બીના ૧૭માં અર્લે પૂછયું કે, "તમે યહૂદી હોવા છતાં યહૂદીઓનો ઇતિહાસ ન લખ્યો, પણ બ્રિટનનો

ઈતિહાસ લખ્યો એમ કેમ ?" એના જવાબમાં નેમિયરે કહ્યું, "યહૂદી ઈતિહાસ જેવું કંઈ છે જ નહિ; યહૂદીઓની તો માત્ર સળંગ શહીદી જ છે !"

'ધી મર્ચન્ટ ઓફ વેનિસ' નામના મહાનાટકમાં વિલિયમ શેક્સસ્પિયરે શાયલોક નામના યહૂદી પાત્રના મુખમાં કેવા સાચા શબ્દો મૂક્યા છે ! શાયલોક બોલે છે : "એણે (ખ્રિસ્તીઓએ) મને અપમાનિત કર્યો છે. મને બધે અટકાવ કર્યો છે, મારી ખુવારીમાં ખોંખાર્યો છે, મારા નફાની ઠેકડી ઉડાવી છે, મારા લોકનો તિરસ્કાર કર્યો છે, મારા સોદા ઉથલાવી દીધા છે, મારા મિત્રોને હતાશ કરી દીધા છે., અને મારા દુશ્મનોને ચગાવ્યા છે. અને આ બધાંનું કારણ શું ? કારણ, હું યહૂદી છું ! શું યહૂદીને આંખો નથી ? શું યહૂદીને હાથો, અવયવો, કદ, સૂઝબૂઝ, ચાહના અને લાગણીઓ નથી ? યહૂદીઓ એ જ ખોરાક ખાય છે, એ જ શસ્ત્રોથી એને હણાય છે. એજ રોગ અને માંદગી એનેય લાગુ પડે છે, અને એ જ ઓસડોથી એને પણ ઉગારી શકાય છે. અને ખ્રિસ્તીને ઠારતો કે ઉષ્મા આપતો શિયાળો અને ઉનાળો યહૂદીને પણ એજ દેણ દે છે ! અમને વીંધો તો શું અમારામાંથી પણ ગરમ ગરમ લોહી નહિ વહે શું ?"

યહૂદીઓ પૃથ્વી પર બધે વિખરાઈ ગયા; એટલું જ નહિ, પણ જુદા જુદા દેશોમાં તેઓની અનેક પ્રકારની સતામણી કરવામાં આવી. પાલેસ્તાઈનમાંથી નાઠા પછી, એટલે કે ઈ.સ. ૧૩૫ની સાલ પછી કોન્સ્ટન્ટીન બાદશાહ (ઈ.સ. ૩૧૨)ના સમય સુધી રોમન સામ્રાજ્યમાં તેઓને શાંતિ રહી. પણ કોન્સ્ટન્ટીનના ખ્રિસ્તી થયા પછીથી યહૂદીઓની સતામણી શરૂ થઈ, અને વીસમી સદીની અધવચ સુધી એ પરિસ્થિતિ રહી. ઈ.સ. ૧૦૯૬માં 'ધર્મયુદ્ધ' (જેહાદ) શરૂ થયા પછી તો યહૂદી પ્રજા પ્રત્યે બહુ ક્રૂરતાભરી સતામણી આદરવામાં આવી હતી. એના થોડા દાખલા જોઈએ :

***ફ્રાન્સ :***

ફ્રાન્સમાં યહૂદીઓને બહુ સહન કરવું પડયું છે. પ્રથમ ક્રુઝેડ. વખતે ઈ.સ. ૧૦૩૬માં ફ્રાન્સ અને જર્મનીના યહૂદીઓને ભયંકર સતામણી સહન કરવી પડી, અને બીજા ક્રુઝેડ વખતે પણ એમ જ બન્યું. એક વખતે ઈ.સ. ૧૩૦૬માં ફ્રાન્સમાં બધા યહૂદીઓ યરુશાલેમના પતનના સ્મરણદિને ઉપવાસી હતા, ત્યારે તેમની તમામ મિલકત લૂંટી લેવામાં આવી, અને નાનાંમોટાં બધાં મળી લગભગ એક લાખ યહૂદીઓને પહેરેલે કપડે ફ્રાન્સમાંથી

દેશપાર કરવામાં આવ્યાં. જોકે દશ વર્ષ પછી તેમને દેશમાં પાછાં આવવા દીધાં, તોપણ ધર્માંધો અને ઝનૂનીઓએ તેમાંથી હજારોને લૂંટી લઈ દેશમાંથી ફરી હાંકી કાઢયાં. ફરી ઈ.સ. ૧૩૯૧માં યહૂદીઓ પર સિતમ ગુજારવામાં આવ્યો, અને તેમને હાંકી કાઢવામાં આવ્યાં. ઈ.સ. ૧૬૮૩માં ફ્રાન્સની સરકાર તરફથી યહૂદીઓને ફ્રાન્સનાં બધાં જ સંસ્થાનોમાંથી નીકળી જવા ફરમાવવામાં આવ્યું. આ દેશમાં યહૂદીઓ પ્રત્યે આવી નીતિ ઈ.સ. ૧૭૨૩ સુધી ચાલુ રહી. લૂઈ પંદરમાએ ઈ.સ. ૧૭૨૫માં યહૂદીઓને ફ્રાન્સમાં રહેવા અને મિલકત વસાવવા છૂટ આપી.

*ઈંગ્લેન્ડ :*

રાજા કેન્યુટે ઈ.સ. ૧૦૨૦માં ઈંગ્લેન્ડમાંથી બધા યહૂદીઓને દેશપાર કર્યા હતા. ફરી આવીને વસેલા યહૂદીઓ માટે ઈ.સ. ૧૦૬૮માં કાયદો ઘડવામાં આવ્યો. આ કાયદા મુજબ બધા જ યહૂદીઓ પોતાનાં મરેલાંને આખા ઈંગ્લેન્ડમાં ફક્ત એક જ સ્થળે દફનાવી શકે ! તે જમાનામાં જ્યારે વાહનવ્યવહારની મુશ્કેલી હતી, ઝડપી વાહનો હતાં નહિ, ત્યારે આખા ઇંગ્લેન્ડ દેશના કોઈપણ ગામમાંથી શબને લંડનમાં ક્રીપલગેટ્સ સ્થલે લાવવાની કેવી હાડમારી પડતી હશે, અને સમય લાગતો હશે ! વળી પાછી ઈ.સ. ૧૦૯૬માં આખા યુરોપમાંથી યહૂદીઓની કતલ કરવાની જેહાદ શરૂ થઈ. ઈંગ્લેન્ડમાં હેનરી બીજાએ યહૂદીઓને ફરજ પાડી કે ધર્મયુદ્ધના ખર્ચની ખોટ ટાળવા માટે યહૂદીઓ ૬૦,૦૦૦ પાઉન્ડ (રૂ. ૧૨,૦૦,૦૦૦) આપે.

રીચર્ડ પહેલો (ઈ.સ. ૧૧૮૯) ગાદીએ આવ્યો ત્યાર પછી દેશભરમાં યહૂદીઓ સામે હિંસક તોફાનો અને ખૂનરેજી ફાટી નીકળ્યાં, અને યહૂદીઓની માલમતા લૂંટી લેવામાં આવી. 'યોર્કના કિલ્લાની કરુણ કથની' (ટ્રેજેડી ઓફ યોર્ક કેસલ) એ વખતે બની, તેમાં ૫૦૦ યહૂદીઓ તથા યોર્કના મુખ્ય રાબ્બીને યોર્કના કિલ્લામાં ઘેરી લેવામાં આવ્યા; અને એમ બધાને મરણધામ પહોંચાડવામાં આવ્યાં.

છેક એડવર્ડ પહેલાના સમય સુધી ઈંગ્લેન્ડમાં એક કાયમી કાયદો હતો કે યહૂદીઓ તેમ જ તેમની સર્વ મિલકત રાજાનાં ગણાતાં, અને રાજા પોતાની ઇચ્છા પ્રમાણે એ બધાંનો નિકાલ તથા ઉપભોગ કરી શકતો. રાજા એડવર્ડે પણ (ઇસ. ૧૨૭૨) ઈંગ્લેન્ડમાં વસતા ૧૬,૫૦૦ યહૂદીઓને ઈંગ્લેન્ડમાંથી હાંકી કાઢયા. પછી ઈ.સ. ૧૨૯૦માં પણ બીજા કેટલાક યહૂદીઓને હાંકી

કાઢવામાં આવ્યા. તે પછી ચાર સદીઓ સુધી યહૂદીઓ ઈંગ્લેન્ડમાં પગ મૂકી શક્યા નહિ.

યહૂદીઓ ઈંગ્લેન્ડને પોતાનો દેશ માનીને દેશમાં રહી શકે તે માટે પાર્લમેન્ટમાં નેચરલાઇઝેશન બીલ ઈ.સ. ૧૭૫૩માં પસાર થયું. અને ઈ.સ. ૧૭૭૬માં સ્વાતંત્ર્યના ઢંઢેરા પર સહીસિક્કા કરવામાં આવ્યા. ત્યાર પછી જ યહૂદીઓ ઈંગ્લેન્ડમાં શાંતિમાં રહેતા થયા.

***સ્પેન :***

સ્પેનમાં પણ યહૂદીઓને ખૂબ વેઠવું પડયું હતું. 'ગુનાશોધન' (ઈન્કવીઝીશન) પદ્ધતિનું દેશમાં ખૂબ જોર હતું. અને એમાં યહૂદીઓને પુષ્કળ સહન કરવું પડયું. એટલું જ નહિ પણ હજારો યહૂદીઓ દેશભરમાં માર્યા ગયા. સેંકડો યહૂદીઓનાં જૂથ દરરોજ અદશ્ય બની જતાં. અંધારિયાં અને પાણીભર્યાં ભોયરામાં તેમને પૂરી દેવામાં આવતાં. લાંબા સમયે કદાચ કોઈ બહાર આવવા પામતું તો તે ભંગાર હાલતમાં જ આવતું. મોટા ભાગનાં તો એ ભોંયરામાં જ ખલાસ થઈ જતાં.

વળી 'લોખંડી કન્યા' નામનાં યંત્રો ઊભાં કરવામાં આવ્યાં હતાં. તેમાં યહૂદીઓને એક પછી એક પૂરવામાં આવતા. આ યંત્રમાં માણસ પુરાયા પછી યંત્ર બંધ થતું. ચાંપ દબાતાં તે ભીંસાતું. અંદરના લોખંડી ખીલા માણસના આખાયે શરીરમાં ખૂંપી જતા અને તીવ્ર વેદનામાં આખરે માણસ મૃત્યુ પામતો. પછી યંત્ર ખૂલતાં શબ નીચેના કૂવામાં પડતું. અસંખ્ય યહૂદીઓને એવા ક્રૂર મોતે મારી નાખવામાં આવ્યા હતાં.

રાજા ફર્ડીનાન્ડ અને રાણી ઇઝાબેલાએ ઈ.સ. ૧૪૯૨માં સ્પેનમાંથી બધા યહૂદીઓની હદપારીનું ફરમાન કાઢયું હતું. જો રાજા એ ફરમાન ઉઠાવી લે, તો રાજયની તિજોરીમાં ૬,૦૦,૦૦૦ ક્રાઉન આપવાનું એક ધનાઢય યહૂદીએ માથે લીધું. રાજારાણી એ રકમ સ્વીકારવાની તૈયારીમાં હતાં, પણ તેટલામાં તોકર્વમાદા નામનો સ્પેનિશ ગુનાશોધક (ઇન્કવીઝીટર) ક્રૂસ હાથમાં લઈને ધસી આવ્યો, અને બોલ્યો, "જુઓ તો ખરા ! યહૂદાએ ત્રીસ ચાંદીમહોરમાં ઈસુને વેચ્યા ! અને હવે તમે એ કરતાં ભારે કિંમતે ઈસુને વેચો ને પછી ઈશ્વરની આગળ એનો જવાબ આપજો !" એટલે રાજારાણી એ રકમ ન લઈ શક્યાં, ને યહૂદીઓને આખા દેશની બહાર નીકળી જવું પડયું. આવકાર દેનાર કોઈ દેશ નહોતો. ક્યાં જવું તે પણ પ્રશ્ન હતો. બે

લાખ જેટલા યહૂદીઓ ત્યાંથી નીકળીને ઉત્તર આફ્રિકા, ઇટાલી અને તુર્કી પ્રદેશોમાં ચાલ્યા ગયા. કેટલાક આફ્રિકા જવા નીકળ્યા, પણ તેમને પકડીને ગુલામો તરીકે વેચી માર્યા. જેઓ ઇટાલી ગયા તેમની યાતનાઓનો તો પાર ન હતો.

આ રાજારાણીએ પોતાના જમાઈ (અને પોર્ટુગલના રાજા) મેન્યુઅલને પણ ચઢાવીને પોર્ટુગલમાંથીયે યહૂદીઓની હદપારીનું ફરમાન કઢાવ્યું હતું. સ્પેન અને પોર્ટુગલમાંથી યહૂદીઓની જે હદપારી અને સતામણી થઈ તે વીસમી સદીમાં જર્મનીમાં હિટલરે કરેલી સતામણીથી ઊતરે નહિ તેવી ભયંકર હતી.

આ સમયથી સ્પેનની પડતી થઈ. ખ્રિસ્તી મંડળી સાથે સંબંધવાળાં એવાં ધંધાકીય અને કારીગરોનાં મંડળોમાં યહૂદીઓ જોડાઈ શકતા નહોતા. તેઓને ધંધા મળતા નહિ. ઈ.સ. ૧૫૬૬માં પોપ પીયૂષ પાંચમાએ આવી નીતિ પર જાણે કે મહોર મારી. ખ્રિસ્તીઓ સાથે સંબંધ ધરાવતા કોઈપણ ધંધામાં યહૂદીઓ જોડાઈ ન શકે. તેઓ માત્ર જૂનાં વસ્ત્રોનો વેપાર કરી શકે. તેઓ જમીનની માલિકી પણ ધરાવી શકે નહિ. આથી યહૂદીઓ વ્યાજવટાવનો ધંધો કરતા થયા.

ક્રિસ્ટોફર કોલંબસ નવી ધરતીની શોધમાં નીકળ્યો, ત્યારે તેના કેટલાક ખલાસીઓ યહૂદી હતા. એણે પોતાની રોજનીશીમાં લખ્યું કે, મેં જ્યારે દરિયામાં ઝંપલાવ્યું તે સમયે મેં કેટલાંયે વહાણ જોયાં, જેમાં સ્પેનમાંથી નિર્વાસિતો તરીકે નીકળેલા કેટલાયે યહૂદીઓ હતા.

સ્પેનનું યહૂદીઓ પ્રત્યેનું વલણ ઈ.સ. ૧૬૮૦ સુધી એવું જ રહ્યું હતું. આ વીસમી સદીમાં પણ આજથી ૪૦ વર્ષ ઉપર જનરલ ફ્રાંકોએ સ્પેનમાંથી બધા યહૂદીઓને દેશપાર કરવાનું નક્કી કર્યું હતું. મોરોક્કોના યહૂદીઓ પ્રત્યે પણ એવું જ વર્તન દાખવવામાં આવેલું.

### *તુર્કસ્તાન :*

તુર્કસ્તાનમાં પણ યહૂદીઓ પર કેર વર્તાવવામાં આવ્યો છે. સ્થળસંકોચને લીધે એ વિગત લંબાણથી આપી શકાય તેમ નથી. યહૂદીઓ પર ફરજ પાડવામાં આવી કે તેઓ ઇસ્લામ ધર્મનો સ્વીકાર કરે, નહિ તો તેઓને લૂંટી લેવામાં અને મારી નાખવામાં આવશે. આથી યહૂદીઓ એક

શહેરથી બીજે શહેર નાઠા, પણ ઘણા માર્યા ગયા. તોપણ બીજાં રાષ્ટ્રો કરતાં તુર્કસ્તાને યહૂદીઓને વધુ આશરો આપ્યો છે.

**જર્મની :**

પહેલા અને બીજા ક્રુઝેડ (જેહાદ, ધર્મયુદ્ધ) વખતે જર્મનીમાં યહૂદીઓએ ઘણું ઘણું વેઠયું છે. જયારે પ્લેગે (ઈ.સ. ૧૩૪૮-૫૦) યુરોપ આખાની મોટા ભાગની વસતીને ભરખી લીધી, ત્યારે એ મરકીનો દોષ યહૂદીઓને માથે નાખવામાં આવ્યો હતો. એ મરકીમાં યહૂદી માણસો તેમના સ્વચ્છતાના અને શુદ્ધ-અશુદ્ધ ખોરાકના નિયમોને લીધે ભાગ્યે જ મરતાં. આથી યુરોપભ-ા લોકોનું માનવું હતું કે યહૂદીઓ જ આ જાદુ કરે છે અથવા મેલીવિદ્યા અજમાવે છે. તેઓ જ પીવાના પાણીના કૂવામાં તથા જળાશયોમાં ઝેર નાખે છે. આવા ખોટા આક્ષેપ નાખીને યુરોપભરમાંથી અસંખ્ય યહૂદીઓને મારી નાખવામાં આવ્યા, તેમની મિલકત લૂંટી લેવામાં આવી અને તેમને ઘરબાર વગરના કરી દેવામાં આવ્યા.

જર્મનીમાં તો યહૂદીઓએ કહેવાતા બનાવેલા ઝેરના નમૂના, કેવા રંગનાં પડીકામાં એ ઝેર મોકલવામાં આવતું, તે અને કોની મારફતે એ પડીકાં મોકલવામાં આવતાં તે પણ જાણવામાં આવ્યું છે, એમ જાહેર કરવામાં આવ્યું હતું. જર્મનીમાં કેટલાક ધર્માંધો ટોળેટોળાં મળીને બધે ઘૂમતા અને દેશમાંથી યહૂદીઓને અને અન્ય બિનખ્રિસ્તીઓને કાઢી મૂકવા પ્રચાર કરતા હતા. યહૂદીઓ પર આ સમયે ભયંકર જુલમ ગુજારવામાં આવ્યો હતો.

સ્ટ્રાસબર્ગના યહૂદીઓની ૨,૦૦૦ જેટલી બધી જ વસતીને લાકડાના મંચ પર ચઢાવી આખો મંચ બાળી મૂકવામાં આવેલો. તેઓ ખ્રિસ્તીઓનાં છોકરાં ચોરી જાય છે અને પાસ્ખા પર્વના ઘેટાની જગાએ તેમને કાપીને ખાય છે, એવો જૂઠો આરોપ યહૂદીઓ પર મૂકવામાં આવતો. પ્રાગ શહેરમાંથી ઈ.સ. ૧૫૬૦માં બધા યહૂદીઓને કાઢી મૂકવામાં આવ્યા હતા. પાછળથી કોન્સ્ટાન્ટીનોપલમાં યહૂદી વિસ્તારનાં ૩,૦૦૦ ઘરો બાળી મૂકવામાં આવ્યાં, ને તેમની તમામ મિલકત જપ્ત કરી લેવામાં આવી. એ બધી રકમ લગભગ ૫,૦૦,૦૦,૦૦૦ ક્રાઉન જેટલી થઈ.

ઓગણીસમી સદીના મધ્યભાગમાં થઈ ગયેલા એક જાણીતા તત્ત્વજ્ઞાની હેગલે એવો મત ફેલાવ્યો હતો કે, કોઈપણ રાષ્ટ્ર કે રાજય ફક્ત એક જ પ્રજા (લોક)ની, એક જ વંશની અને એક જ ભાષા બોલનારની બનેલી હોવી

જોઈએ. હેગલના એ મતની અસર જર્મનીમાં તો જાદુભરી થઈ. ફ્રાન્સ તરફથી ઈ.સ. ૧૮૭૦માં દેશને જે પરાજય મળ્યો, તેથી રાષ્ટ્રવાદનો અગ્નિ દેશભરમાં ભભૂકી ઊઠયો. પરિણામે ઈ.સ. ૧૮૭૯માં શેમવંશી (સેમેટિક) લોકો વિરોધી મંડળ સ્થાપવામાં આવ્યું. યહૂદીઓ શેમવંશી લોકો છે, એટલે આ વિરોધ તેમની સામે જ ઉગ્ર રીતે વાપરવામાં આવ્યો.

રાજપ્રકરણના ફિલસૂફ ટ્રોટસ્કીએ હેગલની ફિલસૂફીને તીક્ષ્ણ ધારદાર બનાવી. તેનો પોકાર હતો કે, "જર્મનીએ રાષ્ટ્રપ્રેમનો જુવાળ એવો પ્રગટાવવો જોઈએ કે એ એનો કાયમી સ્વભાવ બની જાય, અને જર્મન-સ્વભાવની વિરુદ્ધનું કંઈ પણ હોય તેને કુદરતી રીતે જ તે ધિક્કારી કાઢે. આ સિદ્ધાંતને જીવનની એકેએક દિશામાં વિકસાવવો જોઈએ.... જયારે જયારે યહૂદી સંસર્ગથી કોઈપણ જર્મનને એનું જીવન કલુષિત થતું લાગે, ત્યારે ત્યારે જર્મને એનાથી દૂર થવું, અને એના વિષે છડેચોક પોકારવું. આવી બાબતમાં જો કોઈ નમતું જોખે તો દેશમાં શેમવંશી (સેમેટિક) વિરોધી આગ સળગે તો તેની જવાબદારી એને શિર રહેશે." (હેનરીક વોન ટ્રોટસ્કી, પોલિટિક્સ (અંગ્રેજી તરજૂમા પરથી), પુસ્તક ૧, પૃષ્ઠ ૩૦૧).

હિટલરે પણ એ જ ફિલસૂફી પર જર્મનીનું ચણતર ચાલુ રાખ્યું. જર્મન પ્રજા શુદ્ધ આર્યલોહી છે, ને તેમાં અશુદ્ધિ ભેળવનાર શેમવંશી યહૂદીઓને દૂર કરવા જોઈએ, એવું તેનું પણ મંતવ્ય હતું. તેણે પોતાની જીવનકથા (માઈન ધ કામ્ફ)માં યહૂદીઓને તુચ્છકારી અને નકારી કાઢયા છે.

હિટલરે એ પુસ્તકમાં યહૂદી પ્રજાના દોષ ટાંકયા છે. તેણે પહેલો દોષ એ કાઢયો હતો કે, યહૂદીઓ કલા સામે વિશોભિત વર્તાવ દાખવે છે. 'કાળી મરકી' (પ્લેગ) કરતાંયે તેઓ જે માનસિક મરકી ફેલાવે છે તે બહુ પ્રાણઘાતક નીવડે છે. તેણે બીજો દોષ એ કાઢયો હતો કે, પહેલા વિશ્વયુદ્ધ અને નાઝી ક્રાંતિના વચગાળામાં જર્મન રાજય મિશ્ર એવી 'યહૂદી જર્મન રીશ' નું બનેલું હતું. કારણ એ આંતરરાષ્ટ્રીય પ્રકૃતિવાળી છે અને એવી બીજી પણ કમજોરીઓ ધરાવે છે, તેથી જર્મન રાષ્ટ્રને માટે એવી મિશ્ર રીશ (= પાર્લામેન્ટ) ખતરનાક છે. ત્રીજો દોષ એ કે, યહૂદીઓ યુદ્ધ સમયે જર્મની માટે લડયા નહિ.

આ તો નક્કર હકીકતને બિલકુલ મચડી નાખવાની વાત થઈ ! લડાઈની શરૂઆતે જર્મનીમાં બધા મળીને ૫,૫૦,૦૦૦ જેટલા યહૂદીઓ હતા. તેમાંથી ૯૬,૦૦૦ જેટલાએ યુદ્ધમાં ભાગ લીધો હતો; ૧૨,૦૦૦ યુદ્ધમાં માર્યા ગયા

હતા, અને ૩૫,૦૦૦ જેટલાને લશ્કરી માનઅકરામ મળ્યાં હતાં. "યહૂદી-જર્મન રીશ' સંબંધી સાચી હકીકત તો એ છે કે, એની ઓગણીસ કેબિનેટોમાં ૨૫૦ પ્રધાનોમાંથી માત્ર પાંચ જ અસલ યહૂદી કે યહૂદી અંશવાળા હતા, અને તેમના પ્રધાનપદનો કુલ સમય માત્ર ત્રણેક વર્ષ જ હતો. ઈ.સ. ૧૯૩૨ની રીશટેગમાં ૬૦૮ સભ્યો હતા, જેમાંથી ફક્ત બે જ યહૂદી હતા.

આપણા પોતાના જ સમયમાં હિટલરે સાઠ લાખ યહૂદીઓને લૂંટી લઈ મારી નાખ્યા. આખી દુનિયાની યહૂદી વસ્તીનો આ ત્રીજો ભાગ થયો ! આ બહુ ગંભીર વાત થઈ. દુનિયાના એક-તૃતીયાંશ યહૂદીઓ આમ એકે સપાટે હિટલરે મારી નાખ્યા ! એટલે ઘણાબધા યહૂદીઓ જર્મની છોડીને બીજા દેશોમાં જઈ વસ્યા. જર્મની અને ઇટાલીમાંની ઈ.સ. ૧૯૩૮-૩૯ની યહૂદીઓની સતાવણી પણ મહા ભયંકર હતી. બીજા વિશ્વયુદ્ધ સમયે જર્મન આગેવાન આઈકમને યહૂદીઓ પર સિતમ ગુજાર્યો હતો. એણે હેનરિક હિટલરને ૧૯૪૨માં વચન આપ્યું હતું કે, "જ્યારે હું મારું કાર્ય પૂર્ણ કરીશ, ત્યારે યુરોપમાં એકપણ યહૂદી રહ્યો નહિ હોય."

હિટલરે સાઠ લાખ યહૂદીઓને મારી નાખ્યા હતા એની વસમી યાદ તરીકે યરૂશાલેમમાં "યાદ વશેમ સંહાર સ્મારક" રચવામાં આવ્યું છે. તેલઅવીવની મ્યુનિસિપલ શાળા ટેટ નાં ૧૨મા વર્ગના વિદ્યાર્થીઓ યરૂશાલેમમાં એ સ્મારક જોવા ગયા હતા ત્યારે તેમને દિલ હચમચાવતો અનુભવ થયો, તેનું કેટલાક વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણે વર્ણન કર્યું છે. :

"શું આવું બની શકે ? શું આ સાચું છે ? અમારા પ્રત્યેકના મુખ પર આ પ્રશ્નો તરતા દેખાતા હતા. આ સત્યઘટના ન માનવાની મને બહુ ઇચ્છા હતી - પણ એ માન્યા વિના છૂટકો નહોતો, મારી ઇચ્છાશક્તિ કરતાં નક્કર હકીકત વધુ બળવાન હતી. એ બધાં ચિત્રો આંખ આગળ એક પછી એક ખડાં થતાં હતાં - એ યહૂદી મહોલ્લા, શ્રમ, કોન્સનટ્રેશન કેમ્પો (યાતનાની છાવણીઓ), - ત્યાં યહૂદીઓનાં વહેલાં રુધિર, તેમનાં ખૂન, પીડા ભોગવનારની ચીસો, તેમનાં ઉઘાડાં હાડપિંજરોથી ભરેલા ખાડાઓ, માનવવાળના ઢગ, જોડાના ઢગ, તેમનાં ચશ્માંના ઢગ, ઐતિહાસિક ઘટનાના અંશસમી એ પ્રત્યેક ચીજ, મહા ભયંકર સતામણીની સાક્ષીસમી એ ચીજો

જાણે એમની મૂંગી વાણીમાં કહેતી ન હોય કે તમે અમારા વારસદાર છો - ભૂલશો નહિ !" - ઈલાના લેવીનસન.

"અમે **યાદ વશેમ**ની મુલાકાતે ગયાં ત્યારે આ અકલ્પ્ય સંહારનો અસાધ્ય જખમ, આપણાં રાષ્ટ્રોના હૈયાનો આ અસાધ્ય જખમ અમારાં દિલોમાં તાજો થયો. જે પ્રજા આટલું બધું જ્ઞાન પામેલી છે, અને જે પ્રજા ગોથે અને બિથૂવન જેવા મહાન પુરુષોને જન્માવી શકી હતી, તે પ્રજા આટલી નીચ કક્ષાએ ઊતરી શકે અને એડોલ્ફ હિટલર સંચાલિત ગાંડા ટોળાને આધીન બની શકે એ માન્યમાં નથી આવતું ! અને એ પણ સમજી શકાતું નથી કે જેની સામે આખા જગતે વિરોધ કરવો જોઈતો હતો તેવી ઘટનાની સામે આંખ-મિચામણાં કરી દુનિયા એને કેમ કરીને સાંખી શકે છે. ? - મોશે ઓસેનહોલ્ટસ"

બધેથી - ફ્રાન્સ, હોલેન્ડ, બેલ્જિયમ, ઇટાલી, ગ્રીસ - એમ બધેથી નાઝીઓથી ધ્રૂજી ઊઠેલા લોકોએ અને ખંડિયા અધિકારીઓએ યહૂદીઓને પકડી પકડી નાઝીઓના હાથમાં સોંપી દીધા. એકલા ડેનમાર્કના રાજાએ આ બાબતે નાઝી જુલમનો વિરોધ કર્યો હતો. ડેનમાર્કના લોકોએ યહૂદીઓને હોડીઓમાં બેસાડીને સ્વીડનમાં સહીસલામત પહોંચાડયા હતા.

જર્મનીથી નસાડેલા યહૂદીઓને આશ્રયસ્થાન મેળવવું ખૂબ કપરું બન્યું હતું. ઓસ્ટ્રેલિયામાં બેકારી વધી જાય તે કારણથી તેમણે ના પાડી હતી. પણ ઈ.સ. ૧૯૩૮ના ડિસેમ્બરમાં તેમને થોડી જ સંખ્યામાં હા પાડી. ગ્રીસ દેશે પણ ધમકી આપતાં ચોખ્ખું જણાવી દીધું કે જર્મનીથી નીકળી આવેલા આ નિર્વાસીત યહૂદીઓ જો સૈપ્રસ ટાપુમાં આવી વસશે, તો ગ્રીસ દેશ સાલોનિકામાં વસતા ૬૦,૦૦૦ યહૂદીઓને ખદેડી મૂકશે. સ્વીત્ઝર્લેંડે પણ દેશની અંદર આવતા યહૂદીઓને ફ્રાન્સ જતા રહેવા કહેલું. આમ યહૂદી લોકો કૂતરાંની માફક હડધૂત અને 'હાડેહાડે' થતા રહ્યા.

### *રશિયા :*

રશિયામાં પણ યહૂદીઓએ ઓછો ત્રાસ નથી વેઠયો. નિકોલાસ પહેલાએ (ઝારઃ ઈ.સ. ૧૮૨૫-૫૫) તે સમયે રશિયામાં રહેતા ૬૦,૦૦,૦૦૦ યહૂદીઓમાંથી ૫૬,૫૦,૦૦૦ યહૂદીઓને માત્ર અમુક ઠરાવેલાં ગામોમાં જ રહેવા ફરમાન બહાર પાડયું હતું. એલેકઝાન્ડર ત્રીજાએ (ઝાર : ૧૮૮૧-૯૪) આ પ્રજા પર ખૂબ જુલમ ગુજાર્યો હતો. નિકોલાસ

બીજાએ (ઝાર : ૧૮૯૪-૧૯૧૭) ગાદીએ આવ્યા પછી ઈ.સ. ૧૯૦૩માં અને ઈ.સ. ૧૯૦૬માં યહૂદીઓનો મોટી સંખ્યામાં સંહાર કર્યો હતો.

પહેલા વિશ્વયુદ્ધનાં દશ વર્ષ અગાઉ દશ લાખ જેટલા યહૂદીઓ રશિયાથી નીકળી જઈને યુ.એસ. અમેરિકામાં નિર્વાસિતો તરીકે જઈ વસ્યા હતા. એ સમયે કેટલાક યહૂદીઓ પાલેસ્તાઈનમાં પણ જઈ વસ્યા હતા. તેઓ 'બિલુ' તરીકે ઓળખાતા હતા. હિબ્રૂ ભાષામાં "ઇઝરાયેલના ઘર, ચાલો, આપણે જઈએ" (બાઇબલ : યશાયા ૩ : ૫)ના દરેક શબ્દનો પ્રથમાક્ષર લેતાં 'બિલુ' શબ્દ બને છે. આ સમયથી માંડીને યહૂદીઓનું આધુનિક સમયમાં પાછા ફરવું શરૂ થયું. તેઓ પ્રથમ 'એલિયા' (= પાછા ફરનાર) કહેવાયા. એ જ અરસામાં 'જૂની વસાહતો' વાળા કેટલાક યહૂદીઓએ સૌપ્રથમ 'યહૂદી ગામ' સ્થાપ્યું, અને ખેતીવાડી શરૂ કરી. તેઓ નાણાભીડ અનુભવતા હતા. ત્યારે બેરન એડમંડ ડી રોધસચાઈલ્ડે તેમને આર્થિક સહાય કરી.

પહેલા વિશ્વયુદ્ધ વખતે યહૂદીઓને માથે પારાવાર વિટંબણા આવી પડી.



*એથોડોકસ કાલવરી (યરુશાલેમ)*

યહૂદીઓ દેશના હિતમાં નથી, લડાઈમાં લડતા નથી, જાસૂસો તરીકે કામ કરે છે વગેરે દોષ તેઓ પર મૂકવામાં આવતા.

રશિયાને એ યુદ્ધમાં જે બધું નુકસાન વેઠવું પડયું અને આફતો વહોરવી પડી, તેના દોષનો ટોપલો યહૂદીઓને માથે ઓઢાડતો એક પરિપત્ર રશિયાના પોલીસખાતાએ ઈ.સ. ૧૯૧૬માં કાઢયો હતો. પણ ખરી વાત તો એ હતી કે એ વિશ્વયુદ્ધ વખતે રશિયાના લશ્કરમાં કુલ ૩,૨૫,૦૦૦ યહૂદી સૈનિકો હતા, એટલે કે લશ્કરમાં રશિયનો કરતાં વધુ સંખ્યા તો યહૂદીઓની હતી. વળી યુદ્ધ દરમિયાન જર્મનો જે રશિયન વિસ્તારમાં આગળ વધી રહ્યા હતા તેમાં લગભગ પંદર લાખ જેટલા યહૂદીઓ વસેલા હતા, ને દેશને ખાતર તેમને ઘણું સહન કરવું પડયું હતું.

સોવિયેટ યુનિયનમાં ઈ.સ. ૧૯૩૪ ની સાલમાં ૭,૫૦,૦૦૦ યહૂદીઓ હતા, એટલે કે સમગ્ર વસતીના ૧.૮ ટકા યહૂદીઓ હતા. રશિયન ક્રાંતિ પછી અગાઉ યહૂદીઓની થયેલી ખૂનરેજી કરતાં અધિક મોટી ખૂનરેજી થઈ હતી. યુક્રેન લશ્કરે હજારો યહૂદીઓનો કચ્ચરઘાણ વાળ્યો હતો. ઈ.સ. ૧૯૧૯ થી ૧૯૨૨ સુધીમાં યુક્રેનમાં ૧,૫૦,૦૦૦ યહૂદીઓનો સંહાર થયો હતો. જનરલ ડેન્ટીનના 'શ્વેત લશ્કરે' યહૂદીઓનો વ્યવસ્થિત સંહાર આદર્યો હતો. એ વખતે એક લાખ જેટલા યહૂદીઓ મરાયા, અને લગભગ સાત લાખ જેટલાં યહૂદી બાળકો અનાથ બની ગયાં. 'સોવિયેટ પ્રેસ' (ઈ.સ. ૧૯૨૩) પ્રમાણે યુક્રેનમાં આંતરવિગ્રહ વખતે ૨,૫૦,૦૦૦ યહૂદીઓ એના ભોગ થઈ પડયા હતા. હજારો યહૂદી ઘરો, તેમ જ યહૂદી કારખાનાં, ઉદ્યોગઘરો અને દુકાનોનો નાશ કરવામાં આવ્યો હતો.

*પોલેન્ડ :*

પોલેન્ડમાં પણ યહૂદીઓ પ્રત્યે છેલ્લાં દશ સૈકાંથી જુલમી વર્તન દાખવવામાં આવ્યું હતું, અને આ વીસમી સદીમાં પણ ભારે અત્યાચાર ગુજારવામાં આવ્યો છે. પોલૅન્ડની સરકારે ૧૯૩૯માં પાર્લામેન્ટમાં જે આખરી કાયદા ઘડયા હતા તેમાંના એક કાયદા દ્વારા હજારો અને લાખો યહૂદીઓની રોજી અને રોજગાર છીનવી લેવામાં આવ્યાં હતાં.

કેટલા યહૂદીઓ ૧લી સપ્ટેમ્બર, ૧૯૩૯ થી ૮ મી મે, ૧૯૪૫ સુધીમાં જુદા જુદા દેશોમાં મારી નાખવામાં આવ્યા તેના આંકડા નીચે આપ્યા છે (સાભાર માર્ટીન ગીલ્બર્ટ, ૧૯૮૨) :

| દેશ | મારી નાખેલ યહૂદીઓ |
|---|---|
| ઝેકોસ્લોવેકિયા | ૨,૧૭,૦૦૦ |
| પોલૅન્ડ | ૩૦,૦૦,૦૦૦ |
| સોવિયટ યુનિયન | ૧૦,૦૦,૦૦૦ |
| બુકોવિના | ૧,૨૪,૬૩૨ |
| બેસા રબિયા | ૨,૦૦,૦૦૦ |
| ઉત્તર ટ્રાન્સીલ્વાનિયા | ૧,૦૫,૦૦૦ |
| રૂમાનિયા | ૪૦,૦૦૦ |
| માસેડોનિયા | ૭,૧૨૨ |
| થ્રેસ | ૪,૨૨૧ |
| અલબેનિયા | ૨૨૦ |
| ગ્રીસ | ૬૫,૦૦૦ |
| ક્રીત ટાપુ | ૨૬૦ |
| રોડસ (ટાપુ) | ૧,૭૦૦ |
| કોસ | ૧૨૦ |
| રૂથેનિયા | ૬૦,૦૦૦ |
| ઓસ્ટ્રિયા | ૬૫,૦૦૦ |
| હંગેરી | ૨,૦૦,૦૦૦ |
| જર્મની | ૧,૬૦,૦૦૦ |
| ડેન્ઝીગનું મુક્ત શહેર | ૧,૦૦૦ |
| લિથુઆનિયા | ૧,૩૫,૦૦૦ |
| લેટવિયા | ૮૦,૦૦૦ |
| ઈસ્ટોનિયા | ૧,૦૦૦ |
| નોર્વે | ૭૨૮ |
| ડેન્માર્ક | ૭૭ |
| હોલાંડ | ૧,૦૬,૦૦૦ |
| બેલ્જિયમ | ૨૪,૩૮૭ |

| | |
|---|---|
| લક્ષેમ્બર્ગ | ૭૦૦ |
| ફ્રાન્સ | ૮૩,૦૦૦ |
| ઇટાલી | ૮,૦૦૦ |
| લીબિયા | ૫૬૨ |
| મેમલ | ૮,૦૦૦ |
| **કુલ** | **૫૬,૯૮,૭૨૯** |

કુલ : ૫૬ લાખ, ૯૮ હજાર, સાતસો ઓગણત્રીસ.

બ્રિટનના એક સમયના વડોપ્રધાન બેન્જામીન ડીઝરાયેલી (ઈ.સ. ૧૮૦૪-૮૧) જાતે યહૂદી હતા. તેમણે યહૂદીઓની સતામણી સંબંધી આવું લખ્યું છે :

"યહૂદીઓનો વિધ્વંસ કરવા માટેના પ્રયત્નો સાનુકૂળ સંજોગો અને સાનુકૂળ આશ્રયો હેઠળ અને બહુ વિસ્તૃત પ્રમાણમાં કરવામાં આવ્યા છે. તે માટે બની શકે તેટલાં બધા જ પ્રકારનાં સાધનો અને નાણાં વપરાયાં છે. બીજા કોઈપણ કાર્યને માટે લાગેલા સમય કરતાં આ વિધ્વંસ સૌથી લાંબો (સૈકા સુધી) ચાલ્યો છે. ઈજિપ્તના ફારુનો, આશ્શૂરના રાજાઓ, રોમના બાદશાહો, સ્કેન્ડીનેવિયન ક્રુઝેડરો (ધર્મ યુદ્ધવીરો, જેહાદવીરો) ગોથિક સરદારો ને રાજાઓ, અને ધાર્મિક ગુનાશોધકો (હોલી ઇન્કવીઝીટરો)એ બધાએ પોતપોતાની શક્તિઓ આ સૌના સહિયારા હેતુને માટે એટલે કે યહૂદીઓના વિનાશને માટે ખર્ચી છે. યહૂદીઓના નાગરિકપણાના હક્કો લઈ લેવા, તેમને દેશપાર કરવા, બંદીવાસમાં લઈ જવા, તેમની મિલકત જપ્ત કરવી. અમાનુષી રિબામણ આપવી અને મહામોટા પાયા પર તેમનો સંહાર કરવો, તેમ જ તેમની સામે હલકટ રિવાજો ધરવા, તેમને હલકા બનાવી દે તેવા કાયદા ઘડવા અને આવું તો કેટકેટલુંયે યહૂદીઓ સામે ગુજારવામાં આવ્યું છે. એ બધું અન્ય કોઈપણ પ્રજાની પીઠ તોડી નાખવા, અને કાયમને માટે એ પ્રજાની હસ્તી મટાડી દેવા પૂરતું છે. પણ યહૂદી એ બધાં સામે અજેય, અણનમ રહ્યો છે, અને એ બધાંને તરીને પાર નીકળ્યો છે."

વિલ ડયુરાં લખે છે : "આ યાતનાઓની ભવ્યતા, આ બધાં કારુણ્યભર્યાં દશ્યોની વિવિધતા, અને યહૂદીની મહિમાવંત પુનઃસ્થાપનામાં સમાયેલાં મહિમા અને ન્યાય - એ બધાંને બીજો ક્યો ડ્રામા આંબી શકે ?"

### ♦ યહૂદીઓનું વતનમાં પાછા ફરવું :

પ્રત્યેક યહૂદી સૈકાંઓથી પાસ્ખા પર્વ પાળતી વખતે એક વચન અવશ્ય ઉચ્ચારતો આવ્યો છે : પાસ્ખા પર્વ "આ વર્ષે અહીં, આવતે વર્ષે યરુશાલેમમાં," યહૂદી માણસ પૃથ્વીના ગમે તે ખૂણામાં રહેતો હોય, પણ તે દરરોજ દિવસમાં ત્રણ વખત ઈશ્વરની પ્રાર્થના કરવાનો જ કે, "તું દયાળુ બનીને સિયોનમાં (યરુશાલેમમાં) ફરી પાછો આવે ત્યારે અમારી આંખો તને નિહાળે એવું કર." વળી તહેવારને દિવસે યહૂદી જન પ્રાર્થના કરવાનો કે, "અમારાં પાપોને લીધે અમને અમારી ભૂમિમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે, અને અમારા દેશમાંથી અમને હડસેલી કાઢવામાં આવ્યા છે. ઓ પ્રભુ, અમારા ઈશ્વર અને અમારા પિતૃઓના ઈશ્વર તારી એવી ઇચ્છા થાય અને તું અમારા પર દયા કરે તો કેવું સારું ! અમે જેઓ પ્રજાઓમાં વિખેરાઈ ગયા છીએ, તેઓને તું એકત્ર કર, અને પૃથ્વીના ચાર ખૂણેથી અમારા છૂટા પડી ગયેલાઓને તું પાછા લાવ. તારા શહેર સિયોનમાં તું અમને હર્ષભેર પાછા લાવ, અને અનંતકાલિક આનંદ સહિત તારા મંદિરની જગાએ અમને પાછા લાવ !"

વતનની આ અદમ્ય ઝંખના તેમનામાં વધુ અને વધુ તીવ્ર બનતી ગઈ. ભલે કોઈ યહૂદી ગરીબ હોય, પણ પૈસા એકઠા કરીને તે પાલેસ્તાઈનની માટીની થેલી મંગાવી રાખે છે, જેથી એની મૃત્યુશય્યા વખતે 'વતનની માટી' એના માથા નીચે મૂકવામાં આવે.

સૈકાંથી યહૂદીઓમાં વતનની ઝંખના તો હતી જ. એવામાં વળી જર્મનીમાંથી નાઝીઓએ સાઠ લાખ યહૂદીઓને મારી નાખ્યા. અને ઘણાને નસાડી મૂક્યા. આ યહૂદીઓને બીજા દેશોમાં આશ્રય મેળવવા પારાવાર મુશ્કેલીઓ નડી, એટલે તેમને પોતાના સ્થાયી વતનની ખોટ વધુ સાલી, અને એ માટેની ઝંખના વધુ તીવ્ર બની.

### ♦ ઝાયનિસ્ટ ચળવળ :

હવે તો એ ઝંખનાએ ચળવળનું નક્કર રૂપ લીધું. એનું મુખ્ય ધ્યેય હતું: યહૂદીઓને વચનના વતનમાં વસાવવા માટે પાલેસ્તાઈન દેશ પાછો મેળવવાનું.

'ઝાયનિયમ' એ શબ્દપ્રયોગ જો કે ૮૦ વર્ષ પૂર્વે યોજવામાં આવ્યો,

પણ એની શરૂઆત તો ઈશ્વરે અબ્રાહમને કહ્યું કે, "હું તારા વંશજોને આ દેશ આપીશ" (બાઈબલ : ઉત્પત્તિ ૧૨ : ૭) ત્યારથી યહૂદીઓ માને છે. મોશે માત્ર યહૂદી ધર્મનો આદિસ્થાપક અને નિયમશાસ્ત્ર આપનાર હતો, એટલું જ નહિ પણ પોતાના લોકોને પાલેસ્તાઈન દેશમાં વસાવવા માટે મિસર (ઈજિપ્ત) દેશમાંથી બહાર કાઢી લાવનાર સૌથી પહેલો અને મહાન 'ઝાયનિસ્ટ' હતો. એ પછી લગભગ ૯૫૦ વર્ષો પછી (આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે) ઈરાનના રાજા કોરેશ (અં. સાયરસે) યહૂદીઓને બાબિલોનના બંદીવાસમાંથી પાછા ફરવા સહાય કરી હતી. આ કોરેશ જાણે કે આ સદીના આર્થર જેમ્સ બાલ્ફરનો પુરોગામી ન હોય !

ઈ.સ. ૧૨૧૧માં ઈંગ્લેન્ડ અને ફ્રાન્સમાંથી ૩૦૦ જેટલા રાબ્બીઓ પાલેસ્તાઈનના પવિત્ર નગર યરુશાલેમની યાત્રાએ ચાલી નીકળ્યા. ત્યારે તેઓ જયુદા હલેવી નામના હિબ્રૂ કવિરચિત ગીતો લલકારતા લલકારતા જતા હતા. આ રહ્યું એમાંનું એક ગીત :

> વસું છું હું પશ્ચિમમાં, પણ હૈયું મારું છે પૂર્વમાં,
> કેમ કરીને મને ભોજનિયાં ભાવે ?
> કયમ કરીને રસ - સ્વાદ મન એનો માણે ?
>
> સિયોન મારું વતન અદોમની સાંકળે ગુલામ છે,
> અને હું આરબોની જંજીરે જકડાયો છું.
> ત્યારે મારા શપથ હું કયમ કરીને પૂરી શકું ?
> કઈ રીતે ઋણમુક્ત બની શકું ?
>
> સ્પેનનાં સર્વોત્તમ વાનાં છાંડીને ચાલી
> નીકળવું એ સાથે જ સહેલું છે !
>
> હા, જો વેરાન માભોમના પરમધામની
> ધૂલિકાયે ઝાંખવા મળે !
>
> એ ધૂલિકા પણ મારાં નયનને કેવી
> પ્યારી પ્યારી છે, ઓ યરુશાલેમ !

યરુશાલેમનું એક નામ 'સિયોન' (અં. ઝાયન) છે, અને એ પરથી આ ચળવળને 'ઝાયનિસ્ટ ચળવળ' એવું નામ આપવામાં આવ્યું છે. એની શરૂઆત ઈ.સ. ૧૮૯૬માં ડૉ. થિયોડોર હર્ત્ઝલે (૧૮૬૦-૧૯૦૪) કરી.એની પહેલી પરિષદ ઈ.સ. ૧૮૯૭ના ઓગસ્ટની ૨૯-૩૧મીએ મળી

હતી. સ્વીત્ઝર્લાંડના બાસ્લે શહેરમાં એ ભરવામાં આવી હતી. ઈ.સ. ૧૯૪૭ સુધીમાં તો દુનિયાના મોટા ભાગના દેશોમાં ઝાયનિસ્ટ ફેડરેશનની શાખા ખોલવામાં આવી હતી.

યહૂદી પ્રજાને દુનિયાની બધી પ્રજાઓમાંથી ધુતકારી કાઢવામાં આવી હતી, એટલે એ પ્રજાઓને આશ્રયે રહેવું અને તેમના પર ભરોસો રાખવો એ જોખમભર્યું હતું. વળી ઘણાબધા દેશોમાં 'સેમેટિક' (શેમવંશી યહૂદી) પ્રજા તરફ વિરોધભાવ ઉગ્ર બનતો જતો હતો. (જેમ કે જર્મની, રશિયા, ફ્રાન્સ, રૂમાનિયા વગેરે). ઝાયનિસ્ટ ચળવળનું ઊભા થવું એ આવાં આવાં કારણોને આભારી છે. હિટલરે 'જર્મન રીશ'માં ટયુટોનિક જાતિની શુદ્ધિ સ્થાપવા માટે યહૂદિઓનો કચ્ચરઘાણ વાળ્યો હતો. એવી એવી સતામણીઓનો સામનો કરવા અને યહૂદીઓનું ખરું રાષ્ટ્રીય ઘર સ્થાપવા આ ચળવળને વધુ ઉત્તેજન મળ્યું. ઈ.સ. ૧૯૩૩માં વિશ્વ યહૂદી પરિષદ (વર્લ્ડ જયુઅરી) બોલવવામાં આવી હતી.

આમ, યુરોપના યહૂદીઓની સડ સડ સળગતી ચેહમાંથી એ અગન-પિછોડાના અંગારમાંથી ચમત્કારભર્યું મહાભવ્ય અને સાર્વભૌમ ઈઝરાયેલ રાજય પાછળથી અસ્તિત્વમાં આવ્યું.


*ડૉ. થિયોડોર હર્ત્ઝલ*

ડૉ. થિયોડોર હર્ત્ઝલ ઝાયનિસ્ટ ચળવળનો પિતા હતો. તેણે અને વૈજ્ઞાનિક ડૉ. ચેઈમ વાઈઝમને ઇઝરાયેલનું વતન પુનઃ મેળવવા ઘણું કર્યું છે. ડૉ. હર્ત્ઝલે ઈ.સ. ૧૯૦૪ માં ૪૪ વર્ષની વયે વિયેનામાં મૃત્યુ પામ્યો, ત્યારે પાછળથી યહૂદીઓ એનાં હાડકાંને વિયેનામાં ઉઠાવીને પાલેસ્તાઈન લઈ ગયા હતા અને ત્યાં દાટયાં હતાં, તેથી દર વર્ષે એની કબરે જતા સરઘસને કોઈ દેશની આડખીલી નડે નહિ.

### ♦ પાલેસ્તાઈન 'વચનનો દેશ' કેમ કહેવાય છે ?

યહૂદીઓ શા માટે પાલેસ્તાઈનને 'વચનનો દેશ' અને પોતાનું 'વતન'




પાલેસ્તાઈન 'વચનનો દેશ'

ગણે છે ? ઈશ્વરે યહૂદીઓના આદિપિતા અબ્રાહમને તેડું આપતાં આ દેશ વિષે વચન આપ્યું હતું, માટે એને 'વચનનો દેશ' ગણવામાં આવે છે. એ વચન નીચે પ્રમાણે છે :

"પ્રભુએ અબ્રાહમને દર્શન આપીને કહ્યું કે, 'હું તારા વંશજોને આ દેશ આપીશ" (બાઈબલ : ઉત્પતિ ૧૨ : ૭) ફરી બીજે એક સમયે પણ એ વચન તાજું કર્યું : અબ્રાહમથી લોટ જુદો થયા પછી પ્રભુએ અબ્રાહમને કહ્યું કે, 'તું તારી આંખો ઊંચી કરીને તું જ્યાં છે ત્યાંથી ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ તરફ જો. કેમ કે જે દેશ તું જુએ છે, તે બધો હું તને અને તારા વંશજોને સદાને માટે આપીશ. અને હું તારો વંશ પૃથ્વીની રજના જેટલો કરીશ... ઊઠ, આ દેશની લંબાઈ અને પહોળાઈની હદ સુધી ફર, કેમ કે એ હું તને આપીશ" (બાઈબલ : ઉત્પતિ ૧૩ : ૧૪-૧૭)

ફરી બીજે એક સમયે પણ પ્રભુએ અબ્રાહમને જણાવ્યું કે "મિસર (ઇજિપ્ત)ની નદીથી તે ફ્રાત નામની મહા નદી સુધી આ દેશ મેં તારા વંશજોને આપ્યો છે, એટલે કેનીઓનો, કનિઝીઓનો, કાદમોનીઓનો અને હિત્તીઓનો, પરિઝીઓનો, રફાઈઓનો, અને કનાનીઓનો, અમોરીઓનો, ગિર્ગાશીઓનો અને યબૂસીઓનો દેશ આપ્યો છે" (બાઈબલ : ઉત્પતિ ૧૫ : ૧૮)

ફરી પણ પ્રભુ અબ્રાહમને કહે છે :"જે દેશમાં તું પ્રવાસ કરે છે, એટલે આખો કનાન દેશ, તે હું તને અને તારા પછીના તારા વંશજોને સદાનું વતન થવા સારુ આપીશ" (બાઈબલ : ઉત્પત્તિ ૧૭ : ૮). એ જ વચન ફરીથી અબ્રાહમના પુત્ર ઇસહાકને અને ત્યાર પછી ઇસહાકના પુત્ર યાકોબને આપવામાં આવ્યું (જુઓ બાઈબલ : ઉત્પત્તિ ૨૬ : ૧-૪ ૨૩, ૨૪, ૨૮:૧૦-૧૫)

એ પછી ઈસ્વીસન પૂર્વેનાં પંદર સૈકાં સુધી પાલેસ્તાઈન દેશ યહૂદીઓના વતન તરીકે ઓળખાતો હતો. બાબિલોનના રાજા નબૂખાદનેસ્સારે ઈ.સ. પૂર્વે ૫૮૬ માં યહૂદીયાના રાજયને જીતી લીધું અને ઘણા યહૂદીઓને બાબિલોનમાં બંદિ તરીકે લઈ ગયો, એ પછી બે પેઢી વીતી ગયા બાદ ઈરાનના રાજા કોરેશે (અ. સાયરસે) તેમને વતનમાં પાછા જવાનો પરવાનો આપ્યો હતો, અને સહાય કરી હતી.

## ♦ બાલ્ફરની જાહેરાત : બાલ્ફરનો ઢંઢેરો

પહેલા વિશ્વયુદ્ધ વખતે લૉઈડ જયોર્જ બ્રિટનના શસ્ત્રસંરજામ અને દારૂગોળાનો પ્રધાન હતો, અને આર્થર જેમ્સ બાલ્ફર વિદેશમંત્રી હતો. એ સમયે તમામ પ્રકારનાં કારતૂસો બનાવવામાં બહુ ઉપયોગી એવું એક રસાયણ 'એસિટોન' તદ્દન ખૂટી જવા આવ્યું હતું અને જો અતિ ઝડપથી અને મોટા પ્રમાણમાં એનું ઉત્પાદન કરવામાં ન આવે, તો લડાઈમાં હાર મળવાનો પૂરો સંભવ હતો. શું કરવું ? આ 'એસિટોન' શામાંથી બનાવવો ? કોણ બનાવે? કેવી રીતે બનાવે ? લડાઈના વાતાવરણમાં અમેરિકાથી એ મેળવવું તે પણ જોખમકારક તેમ જ અશક્ય જેવું હતું.

લોઈડ જયોર્જ 'માન્ચેસ્ટર ગાર્ડિયન' ના તંત્રીને આ સંબંધી વાત કરતાં, આ તંત્રીએ ઈંગ્લેન્ડના એક યહૂદી રસાયણશાસ્ત્રી પ્રો. ડૉ. વાઈઝમનનું નામ આપ્યું. એમણે કહ્યું કે જો કોઈ એ મહાભારત કામ કરી શકે એમ હોય તો આ યહૂદી વૈજ્ઞાનિક જ છે. આ રસાયણ બનાવી આપવાની વિનંતી કરવામાં



*પ્રો. આઈન્સ્ટાઈન અને ડૉ. વાઈઝમન*

આવતાં ડૉ. વાઈઝમને અથાગ પરિશ્રમ અને અનેક અખતરાઓ કર્યા પછી થોડાં જ અઠવાડિયાંમાં જોઈતા પ્રમાણમાં એસિટોનનું ઉત્પાદન કરી આપ્યું.

આથી લૉઈડ જયોર્જે ડૉ. વાઈઝમનને કહ્યું, "તમે રાજયની ભારે સહાય કરી છે. આને માટે હું વડાપ્રધાનને કહીને રાજા મારફતે તમને સારું ઈનામ આપવા માગું છું." ડૉ. વાઈઝમને ઉત્તર વળ્યો, "મારે કંઈ જ જોઈતું નથી. મેં તો માત્ર દેશની સેવા કરી છે." પરંતુ લૉઈડ જયોર્જે હઠેઠથી પૂછયું, "પણ દેશ માટેની તમારી આ ઉત્તમ સેવા બદલ અમારે કંઈક કરવું જ છે." એટલે ડૉ. વાઈઝમને જણાવ્યું, "ભલે જો કંઈક કરવા જ માગતા હો, તો મારા લોકોને માટે કરો." પછી પોતાના યહૂદી લોકોને તેમના વતન પવિત્ર ધામ પાલિસ્તાઈનમાં પુનર્વસવાટ મળે એ વિષેનાં પોતાનાં અરમાનો જણાવ્યાં. આ પરથી લૉઇડ જયોર્જે ઘટતું કરવા જણાવ્યું હતું. (લડાઈનાં સંસ્મરણો સંબંધી લૉઈડ જયોર્જે લખેલાં છ પુસ્તકોમાંથી).

આ પછી ઈતિહાસમાં જાણીતો ' બાલ્ફરનો ઢંઢેરો' (બાલ્ફર ડેકલેરેશન) જાહેર કરવામાં આવ્યો. એ ઢંઢેરા દ્વારા યહૂદીઓને 'વચનના દેશ' પોતાના વતન પાલેસ્તાઈનમાં વસવાનો પરવાનો આપવામાં આવ્યો. એ બાલ્ફરનો ઢંઢેરો નીચેના ઐતિહાસિક પત્રમાં સમાયેલો છે :

વિદેશખાતું<br>
નવેમ્બર ૨, ૧૯૧૭

સ્નેહી લૉર્ડ રોધસચાઈલ્ડ,

નામદાર મહારાજાની સરકાર વતી આપને કૅબિનેટની મંજૂરી પામેલો અને યહૂદી ઝાયનિસ્ટ ચળવળની આશાઓ સાથે સહાનુભૂતિભર્યો નીચે પ્રમાણેનો ઢંઢેરો જણાવતાં મને હર્ષ ઊપજે છે :

નામદાર મહારાજાની સરકાર પાલેસ્તાઈનમાં યહૂદી લોકોનું રાષ્ટ્રીય વતન સ્થપાય એ વાતને આવકારદાયક ગણે છે, અને આ હેતુને બર લાવવા તે પોતાથી બનતું બધું કરશે. આ બધામાં એક બાબત ધ્યાનમાં રાખવાની કે પાલેસ્તાઈનમાં વસતી બિનયહૂદી કોમોના રાજકીય કે ધાર્મિક હક્કોને તેમ જ બીજા દેશોમાં વસતા યહૂદીઓને ત્યાં મળતા હક્કો અને રાજકીય સ્થાનને કંઈ નુકસાન પહોંચવું ન જોઈએ.

તમે ઝાયનિસ્ટ ફેડરેશનને આ ઢંઢેરાની જાણ કરશો તો હું તમારો આભારી થઈશ.

શુભેચ્છાપૂર્વક તમારો,

આર્થર જેમ્સ બાલ્ફર



*૧૯૮૮ નું જોપ્પા (જાફ્ફા)*
*આ બંદરેથી યૂના તાર્સિસ જવા વહાણમાં ચઢી બેઠો હતો.*

## બીજા વિશ્વયુદ્ધ વખતે યરુશાલેમ જીતાઈ ગયું

આમ, આ જાહેરાત મારફતે યહૂદીઓને ઓગણીસો વર્ષ પછી પાલેસ્તાઈન દેશ વતન તરીકે પાછો મળ્યો. ફ્રાન્સ, ઈટાલી અને યુ.એસ. અમેરિકાએ તેમ જ બીજા કેટલાક દેશોએ પણ બાલ્ફરના જાહેરનામાને બહાલી આપી. ખુદ આરબોએ પણ આ જાહેરનામાને માન્ય રાખ્યું.

પહેલા વિશ્વયુદ્ધ વખતે પાલેસ્તાઈન ઓટોમન તુર્કોના હાથમાં હતો, પણ યુદ્ધ દરમિયાન જનરલ એલનબીની સરદારી નીચે અંગ્રેજોએ ડિસેમ્બર ૧૨, ૧૯૧૭ના રોજ, એક કાંકરો પણ નાખ્યા વગર યરુશાલેમનો કબજો લીધો. અને ઉપર જણાવ્યા તે બાલ્ફરના ઢંઢેરા પ્રમાણે આ પ્રદેશ યહૂદીઓને પાછો મળ્યો. તા. ૧૦-૮-૧૯૨૦ની સેવ્રેઝની સંધિ દ્વારા તુર્કે એ દેશ પરનો પોતાનો હક્ક ઉઠાવી લીધો, અને ત્યાં 'બ્રિટીશ મૅન્ડેટ' (બ્રિટનની હકૂમત) સ્થપાઈ. તા. ૨૪-૭-૧૯૨૦ રોજ લીગ ઑફ નૅશન્સે એ 'મૅન્ડેટ' નો અધિકાર પણ માન્ય રાખ્યો. લૉર્ડ હર્બર્ટ સેમ્યુઅલ પાલેસ્તાઈનના સિવિલ એડમિનિસ્ટ્રેટર નિમાયા. એમ.ઈ.સ. પૂર્વે ૬૩ પછી ફરી ઓગણીસ સૈકાં વીત્યા બાદ જાતે યહૂદી એવો માણસ આ દેશનો રાજયકર્તા બન્યો. અને દાવિદની ધ્વજા ફરી એક વાર આ દેશ પર ફરકતી થઈ.

### ♦ પાલેસ્તાઈનમાં યહૂદીઓની વસ્તી :

કાર્મેન્ટ ઉરહાર્ટ પોતાના પિતા જોન ઉરહાર્ટના પુસ્તકની સુધારેલી આવૃત્તિમાં પાલેસ્તાઈનના ભોગવટાની નીચે પ્રમાણે ગણતરી રજૂ કરે છે :

ઈ.સ. ૬ સુધી યહૂદીઓએ ૧૫૫૧ વર્ષ આ દેશનો ભોગવટો કર્યો. રોમની સલ્તનતની હકૂમત આ દેશ પર ઈ.સ. ૬ થી ૬૦૭ સુધી અને ફરી (૨૧ વર્ષની ઈરાની સત્તા પછી) ઈ.સ. ૬૨૮ થી ૬૩૭ સુધી, અને ફરી (આરબોની ૩૨૯ વર્ષની સત્તા પછી) ઈ.સ.૯૬૬ થી ૧૦૧૦ સુધી મળીને કુલ ૬૫૪ વર્ષ સુધી રહી. આરબોની સત્તા આ દેશ પર ૬૩૭ થી ૧૨૯૯ના ગાળામાં કુલે ૪૧૩ વર્ષ રહી. તાર્તરોઅને મોંગલ મામ્લૂકો સુદ્ધાં તુર્કોએ ૧૨ વર્ષ (ઈ.સ. ૧૦૮૪ - ૧૦૯૬), અને બીજાં ૬૦૮ વર્ષ (ઈ.સ. ૧૩૦૯ - ૧૯૧૭) મળીને કુલ ૬૨૦ વર્ષ આ દેશનો ભોગવટો કર્યો. પણ એ બધા જ જમાનામાં યહૂદીઓની ઓછીવત્તી સંખ્યા પાલેસ્તાઈનમાં રહી જ હતી. (વન્ડર્સ ઓફ પ્રોફેસી, જોન ઉરહાર્ટ, ૧૯૪૫ પીકરીંગ એન્ડ ઈંગ્લિશ લિ.લંડન, પૃ. ૧૯૪).

*પાલેસ્તાઈનમાં યહૂદીઓની વસ્તી :*

આજથી સવાસો વર્ષ પહેલાં યહૂદીઓની તદ્દન નજીવી સંખ્યા પાલેસ્તાઈનમાં રહેતી હતી, અને સામાન્ય ગુજારો કરતી હતી. જોકે ઈ.સ. ૧૩૫માં રોમન બાદશાહ હેડ્રિયને યરુશાલેમનો સંપૂર્ણ નાશ કર્યો હતો, અને યહૂદીઓને હાંકી કાઢયા હતા, તોપણ પાલેસ્તાઈન દેશમાં – અને ખાસ કરીને ગાલીલ પ્રદેશમાં થોડાક યહૂદીઓ રહ્યા હતા. અને કાયમ આજ સુધી થોડાક યહૂદીઓ તો પાલેસ્તાઈનમાં રહ્યા જ છે. ઓગણીસમી સદીની પાછલી પચીસીમાં કેટલાક યહૂદીઓએ દેશની પુનઃસ્થાપનાની શરૂઆત કરી હતી. તે અગાઉ કેટલાંક સૈકાંથી પાલેસ્તાઈનમાં યહૂદીઓની વસતી નીચે પ્રમાણે હતી :

(ઈ.સ. ૧૦૦૦) : ૫,૦૦૦; (૧૮૦૦) : ૧૦,૦૦૦; (૧૯૦૦) ૫૫,૦૦૦; (૧૯૧૦) : ૮૦,૦૦૦; (૧૯૨૦) : ૭૫,૦૦૦; (૧૯૩૦): ૧,૭૦,૦૦૦; (૧૯૩૩) : ૨, ૨૦,૦૦૦; (૧૯૩૪) : ૨, ૫૦,૦૦૦.

ઈ.સ. ૧૮૮૨માં કુલે ૨૪,૦૦૦ યહૂદીઓ પાલેસ્તાઈનમાં હતા, અને ઈ.સ. ૧૯૦૦માં ખેતીવાડીની ૨૪ યહૂદી વસાહતો સ્થાપવામાં આવી હતી. ઈ.સ. ૧૯૧૪માં દેશમાં યહૂદીઓની કુલ સંખ્યા ૮૫,૦૦૦ જેટલી થઈ હતી. પણ યુદ્ધ વગેરે કારણોને લીધે ઈ.સ. ૧૯૧૮માં ૫૬,૦૦૦ રહ્યા. પણ પછી ઈ.સ. ૧૯૧૯ થી ૧૯૪૮ના ગાળામાં ૪,૫૨,૦૦૦ યહૂદીઓ અહીં આવ્યા, અને કુદરતી વૃદ્ધિ મળીને કુલે ૬,૫૦,૦૦૦ થયા.

ઈઝરાયેલ રાજયની સ્થાપના અગાઉ યહૂદીઓનું પાલેસ્તાઈનમાં સાલવાર પ્રમાણેનું પુનરાગમન નીચે પ્રમાણે છે :

(ઈ.સ. ૧૯૨૧) : ૮, ૫૧૭ ; (૧૯૨૨) : ૯,૪૮૧ ; (૧૯૨૩) : ૯, ૪૭૮; (૧૯૨૪): ૧૬, ૨૯૭; (૧૯૨૫) : ૩૬, ૯૩૩ ; (૧૯૨૬): ૧૪, ૬૫૬ : (૧૯૨૭) : ૩, ૪૫૦; (૧૯૨૮) : ૨, ૦૦૧; (૧૯૨૯) : ૫, ૨૪૯; (૧૯૩૦) ; ૪, ૯૪૪; (૧૯૩૧) : ૪, ૦૭૫ ; (૧૯૩૨) : ૯, ૫૫૩; (૧૯૩૩) : ૩૦, ૩૨૭; (૧૯૩૪ ની સાલમાં ઑગસ્ટ સુધીમાં). ૨૭,૮૬૨. (ડૉ. આર્થર રૂપ્પીન : 'ધ જયુઝ ઈન ધ મોડર્ન વર્લ્ડ) ૧૯૩૪ થી ૧૯૪૮ સુધીના આંકડા અહીં નથી."

'બાલ્ફર જાહેરાત' પછી ઈ.સ. ૧૯૨૧ થી નિયમિત રીતે અને મોટી સંખ્યામાં યહૂદીઓ અન્ય દેશોમાંથી આવીને અહીં વસ્યા છે. તેમણે પાલેસ્તાઈની ભૂમિને બદલી નાખીને બગીચાસમ બનાવી દીધી છે.

તેલઅવીવ નામનું તદ્દન નવું અને આખું જ યહૂદીનગર અદ્યતન ઢબે ઈ.સ. ૧૯૦૯માં બાંધવામાં આવ્યું હતું. આજે તો એની મહા (તેલ અવીવની) વસતી ૧૩,૦૦,૦૦૦ છે. એમ અનેક બધાં ગામડાં અને શહેરો બંધાતાં ગયાં; પુરાણાં ગામો અને શહેરો ફરી તાજાં થતાં ગયાં. દેશના નવનિર્માણનાં મંડાણ મંડાઈ ચૂકયાં હતાં.

આ દરમિયાન ખેતીવાડી અને નવા નવા ધંધારોજગારને લઈને રોટલો રળવાની સારી સારી તકો ઊભી થયેલી જોઈને આરબો પણ મોટી સંખ્યામાં અહીં આવીને વસ્યા. તેઓ પરવાના વગર છાનામાના આવીને વસતા હતા.

## ♦ ઇઝરાયેલ રાજયની સ્થાપનાને પક્ષ કરનાર અને વિરોધ કરનારની નામાવલી

### *ઈઝરાયલ રાજયની સ્થાપના : (૧૪-૫-૧૯૪૮)*

યહૂદીઓના આગમનથી ત્યાં વસતા તેમ જ આવીને વસેલા આરબોમાં બીજાઓની ચઢવણીને કારણે ભારે ઉશ્કેરાટ પેદા થયો, અને ત્યાર પછી તો વારંવાર તોફાનો થવા લાગ્યાં.

### *બ્રિટનનો શ્વેતપત્ર*

પાછળથી ઈંગ્લેન્ડે તા.૧૭-૫-૧૯૩૯ના રોજ પાલેસ્તાઈનમાં પુનરાગમન કરતા યહૂદીઓનો આંકડો મર્યાદિત બનાવતો 'શ્વેતપત્ર' જાહેર કર્યો. એ 'શ્વેતપત્ર' માં ઠરાવ્યા પ્રમાણે હવે પછીનાં પાંચ વર્ષ દરમિયાન માત્ર ૭૫,૦૦૦ યહૂદીઓ પાલેસ્તાઈનમાં આવી શકે ! આથી યહૂદીઓની સ્થિતિ ભયંકર થઈ. એક તરફ હિટલરે લાખો યહૂદીઓને નસાડી મૂકયા, અને બીજી તરફ કોઈ દેશ તેમને સંઘરે પણ નહિ, તેમ જ પાલેસ્તાઈનમાં પણ બહુ થોડા જ યહૂદીઓ પ્રવેશી શકે. એક વખતે 'સ્ટ્રુમા' નામના કાણા અને પાણી ભરાતા વહાણમાં ભરાઈને ૭૬૯ જેટલા યહૂદી નિર્વાસિતો જર્મનીથી પાલેસ્તાઈન નાસી આવ્યા. પણ 'શ્વેતપત્ર' ના ધોરણે તેમને પાલેસ્તાઈનમાં પેસવા દેવામાં આવ્યા નહિ. આખરે આ કાણું વહાણ કાળા સમુદ્રનાં પાણીને તળિયે બેસતાં એ ૭૬૯ યહૂદીઓમાંથી એક સિવાય બધા જ ડૂબી ગયા !

પછી તો યહૂદી અને બ્રિટીશ સંબંધો વણસતા જ રહ્યા. આખરે ઈ.સ. ૧૯૪૭માં બ્રિટને પાલેસ્તાઈનનો પ્રશ્ન યુ. એન. ઓ. આગળ ધર્યો. અને

*પાલેસ્તાઈનમાં યહૂદીઓની વસ્તી :*



***ઈઝરાયલ રાજ્યની સ્થાપનાની જાહેરાત ડેવિડ બેન ગ્યુરિયોત કરે છે (૧૪ મી મે ૧૯૪૮) રાજકીય ઝાયનીઝમના સ્થાપક થિયોડોર હત્ઝલનો દીવાલ પર ફોટો***

એને માટે યુ. એન. ઓ. એ ખાસ સમિતિ નીમી. એ સમિતિ પાલેસ્તાઈનના આ પ્રશ્નનો સંપૂર્ણ અભ્યાસ કરે, અને હેવાલ રજૂ કરે એમ નક્કી થયું. એ સમિતિએ રજૂ કરેલા ખરડાને આખી એસેમ્બલીએ બે-તૃતીયાંશ કરતાં વધુ મતે તા. ૨૯-૧૧-૪૭ને રોજ માન્ય રાખ્યો. એ ઠરાવ પ્રમાણે નીચે પ્રમાણેની વસતી ત્રણ વિભાગમાં વહેંચાતી હતી :

| | યહૂદીઓ | આરબ અને બીજા | કુલ |
|---|---|---|---|
| યહૂદી રાજ્ય | ૫,૦૦,૦૦૦ | ૪,૧૬,૦૦૦ | ૯,૧૬,૦૦૦ |
| આરબ રાજ્ય | ૮,૦૦૦ | ૭,૧૫,૦૦૦ | ૭,૨૩,૦૦૦ |
| યરુશાલેમ રાજ્ય | ૧,૦૦,૦૦૦ | ૧,૦૬,૦૦૦ | ૨,૦૬,૦૦૦ |

વધારામાં એમ સૂચવવામાં આવ્યું હતું કે યહૂદી રાજયો ૯૦,૦૦૦ બેદુઈનો, ખેતીકારો અને માલધારીઓ જેઓ સુકવણાના સમયમાં દૂર આઘે આઘે પોતાનાં ધણ ચરાવવા લઈ જતા હોય તેમને પોતામાં આશરો આપે. (પસાર થયેલા ઠરાવમાં આકારાયેલી સરહદો માટે જુઓ પૃષ્ઠ નં. ૧, ઈ.સ. ૧૯૪૭વાળો નકશો).

આ ત્રણ વિભાગો બનાવવા અંગે યુનેસ્કોની જનરલ એસેમ્બલીમાં જે મતદાન થયું તે નીચે પ્રમાણે :

**તરફેણમાં :** ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બોલિવિયા, બ્રાઝિલ, બેઈલોરૂશિયા, કૅનેડા, કોસ્ટારીકા, ઝેકોસ્લોવેકિયા, ડેનમાર્ક, ડોમિનિયન રિપબ્લિક, એકવેડોર, ફ્રાન્સ, ગૌટેમાલા, હેઈટી, આઈસલૅન્ડ, લીબેરિયા, લક્ષેમ્બર્ગ, નેધરલૅન્ડ, ન્યુઝીલેન્ડ નિકારાગુઆ, નોર્વે, પનામા, પારાગુવે, પેરૂ, ફિલિપાઈન્સ, પોલૅન્ડ, સ્વીડન, યુક્રેન, દક્ષિણ આફ્રિકા, યુ. એસ.એસ. આર., યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ઉરૂગવે અને વેનીઝુલા.

**વિરોધમાં :** અફઘાનિસ્તાન, કયુબા, ઇજિપ્ત (મિસર), ગ્રીસ, ભારત, ઈરાન, લબાનોન, પાકિસ્તાન, સાઉદી અરેબિયા, સિરિયા, તુર્કસ્તાન અને યમન.

**મત નહિ આપનારાં :** અર્જેન્ટીન, ચીલી, ચીન, કોલંબિયા, એલસાલ્વાડોર, ઇથોપિયા, હોન્દુરાસ, મેક્સિકો, યુનાઈટેડ કિંગ્ડમ અને યુગોસ્લાવિયા.

ઇઝરાયેલીઓનું આ વિભાજીતપણું સંતોષકારક નહોતું, છતાં તેમણે આ ઠરાવને સ્વીકારી લીધો, જયારે આરબોએ એનો સખ્ત વિરોધ કર્યો, અને જનરલ એસેમ્બલી કે સિક્યુરીટી કાઉન્સિલ બેમાંથી કોઈ એ ઠરાવ પ્રમાણે અમલ કરાવવા તૈયાર નહોતાં. યહૂદીઓ પોતાનું રાજય સ્થાપવા ખડે પગે તૈયાર હતા; પણ આરબ રાજયો તો પાલસ્તાઈન પર હલ્લો લઈ જઈને પણ આ નવા થતા રાજયને કળીમાંથી ડામવા તત્પર હતાં. બ્રિટને પોતાનાં રક્ષકદળ અને સિવિલ અધિકારીઓને પાછાં ખસેડી લીધાની જાહેરાત કરતાંની સાથે જ આરબ ગેરીલા પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ.

### *યરુશાલેમ શહેર અને દેશના બે ભાગ*

આ ખાસ સમિતિની ભલામણો પ્રમાણે બ્રિટીશ મૅન્ડેટ હવે મટી ગયું,

અને પાલેસ્તાઈનમાં બે રાજયોની હસ્તી થઈ ; યહૂદીઓનું રાજય 'ઇઝરાયલ' અને આરબોનું રાજય 'જોર્ડન' અસ્તિત્વમાં આવ્યાં. પુસ્તિકામાં (પહેલા પૃષ્ઠની સામે) આપેલો નકશો જોવાથી આ ભાગલા સ્પષ્ટ સમજાશે. આ ભાગલા પ્રમાણે યરુશાલેમ શહેરના પણ બે ભાગ કરવામા આવ્યા. અડધા કરતાં ઓછો વિસ્તાર ઇઝરાયલ રાજયને મળ્યો અને બાકીનો મોટો વિસ્તાર આરબ રાજય 'જોર્ડન'ને મળ્યો. યરુશાલેમના આ જોર્ડનવાળા વિસ્તારમાં જ જૈતૂન પર્વત, કાલવરી, ઈસુની ખુલ્લી કબર, પિલાતની કચેરી તેમ જ અડધો સિયોન પર્વત જેમાં અસલ મંદિરનો વિસ્તાર તથા 'રુદનની દીવાલ' એ બધાંનો સમાવેશ થાય છે. મંદિરની જગાએ લાંબા સમયથી મુસ્લિમ મકાન છે, એ અગાઉ આપણે જોઈ ગયા.

આ બધું હોવા છતાં તા. ૧૪-૫-૧૯૪૮ (ઇઝરાયલી પંચાંગ પ્રમાણે ૫, ઇયાર ૫૭૦૮)રોજ તેલ-અવીવ શહેરના આર્ટ મ્યુઝિયમમાં યુ. એન.ઓ. તરફથી ઇઝરાયેલ રાજયની સ્થાપનાની જાહેરાત થઈ, અને ૧૫મીથી બ્રિટીશ હકૂમત પૂરી થઈ. ઇઝરાયલના પહેલા પ્રમુખ તરીકે ડૉ.વાઈઝમન ચૂંટાયા અને વડાપ્રધાન તરીકે ડેવિડ બેન ગ્યુરિયોન આવ્યા. આ સમયે યહૂદીઓ ઘણાબધા દેશોમાંથી વિમાનો અને વહાણો દ્વારા ઇઝરાયલમાં આવ્યા.

આરબોએ આરબ લીગ મારફતે ઇઝરાયેલ રાજયની સ્થાપનાનો ઉગ્ર વિરોધ કર્યો, અને સામે ચઢીને ઇઝરાયલ ઉપર ત્રાટકી પડયા. એમાં સિરિયા, ઇરાક, જોર્ડન, લબાનોન અને ઇજિપ્તે ઘણો ભાગ ભજવ્યો. ઇજિપ્તના પાટનગર કેરોમાં આરબ આગેવાનોએ જાહેર કરી દીધું કે, " ઇઝરાયલના વિધ્વંસ માટે આ યુદ્ધ કરવામાં આવશે, અને થોડી જ ક્ષણોમાં મોંગોલિયન અને ધર્મયુદ્ધોના સમયના કચ્ચરઘાણની યાદ ભુલાવી દે તેવો કચ્ચરઘાણ યહૂદીઓનો કરવામાં આવશે." આ યુદ્ધ ૨૭ દિવસ ચાલ્યું. સંયુક્ત રાષ્ટ્રસંઘની દરમિયાનગીરીથી ૧૯૪૯ના ફેબ્રુઆરીની ૨૪મીએ યુદ્ધવિરામ થયો તો ખરો, પણ આરબોએ અત્યાર સુધી ઇઝરાયલ સામે આદરેલા યુદ્ધનું પરિણામ એ આવ્યું કે જોર્ડને કબજે કરેલો મોટો વિસ્તાર પોતામાં સમાવી દીધો, અને ઇજિપ્તે ભૂમધ્ય સમુદ્ર તરફની ગાઝાની કંઠારપટ્ટી કબજે કરી લીધી, જે 'ગાઝાપટ્ટી' તરીકે ઓળખાય છે. તેઓએ કબજે કરેલો મુલક કદી પાછો વાળ્યો નહિ.

તા. ૧૧-૫-૧૯૪૯ રોજ ઇઝરાયલ રાજ્યને રાષ્ટ્રસંઘમાં ૫૯મા સભ્ય તરીકે સ્થાન મળ્યું. સિક્યુરીટી કાઉન્સિલની ભલામણની દરખાસ્તને નવ તરફેણમાં અને એક (ઇજિપ્ત) વિરુદ્ધમાં અને એક તટસ્થ રહેતાં એ મંજૂર થયું. જનરલ એસેમ્બલીમાં ૩૭ મત તરફેણમાં, ૧૨ વિરોધમાં અને ૯ તટસ્થ રહેતાં એ દરખાસ્ત મંજૂર થઈ.

ઇઝરાયલનું રાજ્ય સ્થપાયા પછી આ રાજ્યમાં સાલવાર નીચે પ્રમાણે લોકો બીજા દેશોમાંથી આવીને વસ્યા છે :

## બીજા દેશોમાંથી પાછા ફરેલા યહૂદીઓ

(સને ૧૯૪૮ના સાડાસાત મહિનામાં) : ૧,૦૧, ૮૨૮ ; (૧૯૪૯) : ૨, ૩૯, ૫૭૬; (૧૯૫૦) : ૧, ૭૦, ૨૪૯; (૧૯૫૧) : ૧, ૭૫, ૦૯૫; (૧૯૫૨): ૨૪, ૩૬૯ ; (૧૯૫૩) : ૧૧, ૩૨૬; (૧૯૫૪) : ૧૮, ૩૭૦; (૧૯૫૫) : ૩૭, ૪૭૮ ; (૧૯૫૬) : ૫૬, ૨૩૪ ; (૧૯૫૭) : ૭૧, ૨૨૪; (૧૯૫૮) : ૨૭, ૦૮૨; (૧૯૫૯) : ૨૩, ૮૯૫; (૧૯૬૦) : ૨૪, ૫૧૦; (૧૯૬૧) : ૪૭, ૬૩૮; (૧૯૬૨) : ૬૧, ૩૨૮ ; ૯૧૯૬૩) : ૬૪, ૩૬૪; (૧૯૬૪) : ૫૪, ૭૧૬ ; (૧૯૬૫) : ૩૦, ૭૩૬; (૧૯૬૬) ૧૫, ૭૩૦.

ઇઝરાયલમાં ૧૯૪૮થી માંડીને ૧૯૮૪ સુધીમાં બીજા દેશોમાંથી નીચે પ્રમાણે યહૂદીઓ આવીને વસ્યા. (આ આંકડા ‘ફેક્ટ્સ એબાઉટ ઇઝરાયલ’ ૧૯૮૫માંથી લીધા છે. આભાર)

| યુરોપમાંથી | | એશિયામાંથી | |
|---|---|---|---|
| ૮,૧૩,૮૬૭ | કુલ | ૩,૫૭,૨૩૦ | કુલ |
| ૧,૯૯,૪૬૭ | રશિયા | ૬૦,૧૩૪ | ટર્કી |
| ૧,૬૮,૫૩૩ | પોલૅન્ડ | ૧,૨૯,૪૯૭ | ઇરાક |
| ૨,૬૦,૧૮૮ | રૂમાનિયા | ૪૬,૪૧૧ | યમન |
| ૩૯,૮૮૭ | બલ્ગેરિયા | ૬૯,૭૫૫ | ઇરાન |
| ૧૫,૬૪૯ | જર્મની | ૨૪,૭૮૯ | ભારત, પાકિસ્તાન |
| ૨૩,૪૫૯ | ઝેકોસ્લોવાકિયા | | |
| ૨૮, ૧૭૫ | હંગેરી | ૨૬,૬૪૪ | બાકીના એશિયામાંથી |
| ૧૯,૭૯૮ | યુ. કિંગ્ડમ | | |

*પાલેસ્તાઈનમાં યહૂદીઓની વસ્તી :*

| | |
|---|---|
| ૨૧,૭૦૨ | ફ્રાન્સ |
| ૩૭,૦૦૯ | બાકીના યુરોપમાંથી |

| **અમેરિકા, ઓસાનિયાથી** | | **આફ્રિકામાંથી** | |
|---|---|---|---|
| ૧,૧૫,૭૬૨ | કુલ | ૪,૩૦,૭૪૫ | કુલ |
| ૫૭,૮૩૨ | યુએસએ અને કેનેડા | ૧,૪૦,૩૬૫ | મોરોક્કો |
| ૩૨,૬૭૦ | અર્જેન્ટિના | ૧૪,૭૦૩ | ટ્યુનિસિયા |
| ૨૫,૨૬૦ | બાકીના લાટીન અમેરિકા અને ઓસાનિયામાંથી | ૩૫,૭૭૮ | લિબિયા |
| | | ૩૦,૦૦૨ | ઈજિપ્ત સુદાન |
| | | ૧૧,૯૧૮ | દક્ષિણ આફ્રિકા |
| | | ૧૩,૫૫૬ | બાકીના આફ્રિકામાંથી |

એમ આ ગાળામાં બધા મળીને ૧૨,૫૫,૭૪૮ આવીને વસ્યા. (ઈઝરાયલ રાજયના માહિતીખાતા તરફથી પ્રસિદ્ધ થયેલા આંકડા પરથી ઉતારો.) ૧૯૭૬ માં કુલે ૨૦,૦૦૦ આવ્યા.

- ઈ.સ. ૧૯૬૫ની શરૂઆતમાં ઈઝરાયલ રાજયની કુલ વસતી ૨૫,૨૫,૬૦૦ હતી; જેમાં ૨૨, ૩૯,૨૦૦ યહૂદીઓ, ૨,૦૨,૩૦૦ મુસલમાન, ૫૫,૫૦૦ ખ્રિસ્તી અને ૨૮,૬૦૦ અન્ય પ્રજાઓના લોકો હતા. રાજયની સ્થાપના પછી યહૂદીઓની વસતી લગભગ ચારગણી બની છે. એમાંથી ૩૯.૪ ટકા લોકો ઈઝરાયલના રાજયમાં જ જન્મેલા છે અને બાકીના ૬૦ ટકા લોકો પરદેશોમાંથી આવેલા છે.

૧૯૮૫માં ઈઝરાયલ દેશની કુલ વસતી ૪૧,૦૬,૧૦૦ (એકતાલીસ લાખ, છ હજાર, એકસો)ની હતી. એમાં યહૂદીઓ ૩૪,૦૪,૦૦૦ (૮૨.૯ ટકા); મુસ્લિમોમાં ૫,૫૪,૦૦૦ (૧૩.૫ ટકા), ખ્રિસ્તીઓ ૯૪,૪૪૦ (૨.૩ ટકા) અને દ્રુસ તથા અન્ય લોકો ૫૩,૩૮૦ (૧.૩ ટકા) હતા.

ઈઝરાયલમાં બિન-યહૂદીઓ ૭,૧૦,૦૦૦ છે, જેના ૭૭ ટકા સુન્ની મુસ્લિમ આરબો છે, અને ૧૩.૫ ટકા ખ્રિસ્તીઓ છે, (જેનો મોટો ભાગ આરબ ખ્રિસ્તીઓ છે) અને ૯.૫ ટકા દ્રુસ તથા અન્ય લોકો છે.

મુસ્લિમોનો મોટો ભાગ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. જયારે ખ્રિસ્તી આરબો

મોટા ભાગનાં શહેરોમાં રહે છે. લગભગ ૫૩,૦૦૦ દ્રુસ લોકો કાર્મેલ પર્વતની હારમાળા આસપાસ, તેમજ ગાલીલ વિસ્તારનાં ગામડાંમાં રહે છે. ત્યાં તેઓ પાછલાં ૮૦૦ વર્ષ થી રહે છે. વળી ૧૨,૦૦૦ બીજા દ્રુસ ગોલન હાઈટ વિસ્તારમાં રહે છે.

ઈઝરાયલમાંના ૬૭,૦૦૦ જેટલા આરબોમાંથી ૧૦ ટકા જેટલા બેદુઈનો છે. એમાંનો મોટો ભાગ દક્ષિણના રણમુલક નેગેબમાં રહે છે. અને એમાંનો મોટો ભાગ જૂની ઢબછબ પ્રમાણે અહીંતહીં ભટકતો રહે છે, જો કે હવે ધીમે ધીમે તેઓ એક રહેઠાણમાં ઠરીઠામ થતા જણાય છે.

ઈ.સ. ૧૯૪૮ થી ૧૯૮૦ની આખર સુધીમાં ૩૦,૦૦,૦૦૦ જેટલા યહૂદીઓ ઈઝરાયલમાં આવ્યા; ૪૦૭ ખેતીવિષયક ગામડાં સ્થપાયાં, અને ૮,૫૦,૦૦૦ (સાડાઆઠ કરોડ) ઝાડો વાવવામાં આવ્યાં, અને ૧,૬૦,૦૦૦ જેટલાં પાણી ભરાઈ રહેતાં કલણોને સૂકવી સુધારી નાખ્યાં.

બિનયહૂદીઓની અને ખાસ કરીને આરબોની વસતી પણ બેવડી થઈ છે. કુદરતી વૃદ્ધિ, સગાંને આવવા દેવામાં આવ્યાં, કુટુંબોનું પુનજોડાણ થયું, અને સરકારે જે નીતિ અખત્યાર કરી એ બધાંને પરિણામે ઇઝરાયેલમાં આરબોની વસતી પણ બેવડી બની છે.

### *કેટલાક નાના સમાજ :*

**કરાઈતીઓ :** તેઓ યહૂદીઓનો એક ફાંટો છે, અને ઈસવીસનની નવમી સદીથી અલગ રહેતા આવ્યા છે. એમના સભ્યો ચુસ્તપણે તોરાહ (મોશેનાં પાંચ પુસ્તકો)ના શબ્દોને વળગી રહે છે. રાબ્બીઓની રૂઢિઓ અને પ્રણાલિકોને પણ તેઓ માન્ય રાખતા નથી. આ સિવાય પ્રણાલીગત યહૂદી ધર્મથી તેઓ જુદા નથી.

કરાઈતીઓ બહારના બીજાઓ સાથે લગ્ન-વ્યવહાર કરતા નથી, અંદરોઅંદર જ કરે છે. તેઓનો દેશમાં અલગ સમાજ ગણવામાં આવતો નથી. પણ તેઓની અલગ ધાર્મિક કોર્ટ કચેરીઓ હોય છે. આજે (૧૯૮૫માં) ૧૫,૦૦૦ જેટલા કરાઈતીઓ છે,અને તેઓ મુખ્યત્વે રમલા, આશ્દોદ અને બેરશેબામાં રહે છે.

**સમરૂનીઓ :** બાઈબલમાં સમરૂનીઓ વિષેનો સૌપ્રથમ ઉલ્લેખ બીજા મંદિરના બાંધકામ સમયે (એઝરા ૪) જોવા મળે છે. પણ હું માનું છું કે ર

રાજા ૧૭મા અધ્યાયમાં આપ્યા પ્રમાણે ઉત્તરના રાજયના લોકોને આશ્શૂરીઓ દેશમાંથી લઈ ગયા, અને પરદેશમાંથી કેટલાક લોકોને લાવીને સમરૂન પ્રાંતમાં વસાવ્યા. પાછળથી એ જ લોકો સમરૂનીઓ તરીકે ઓળખાયા.

હાલ સમરૂનીઓ પોતાને યહૂદી માને છે. તેઓ મોશેનાં પાંચ પુસ્તક અને 'યહોશુઆ' ના પુસ્તકને માન્ય રાખે છે. તેઓ પોતાને યોસેફ અને તેના દીકરા મનાશ્શા તથા એફ્રાઈમથી ઊતરી આવેલા માને છે. ગીરીઝીમ પર્વતને તેઓ પોતાના પવિત્ર સ્થળ તરીકે માને છે. તેલ-અવીવ પાસે ૨૭૫ જેટલા સમરૂનીઓ રહે છે, અને બીજા એટલા જ (૨૭૫) સમરૂનીઓ શખેમમાં (આજે એ ગામ નેબ્લ્યુસ તરીકે ઓળખાય છે ત્યાં) રહે છે. એ ગીરીઝીમ પર્વત પાસે આવેલું છે.

સમરૂનીઓ અરબી ભાષા બોલે છે (દરરોજના જીવનમાં), અને તેમની ધર્મક્રિયાઓમાં પુરાણી હિબ્રૂ ભાષા વાપરે છે.

**સરકાસિયનો (Circassions) :** બધા મળીને ૪,૦૦૦ સરકાસિયનો છે અને મુખ્યત્વે તેઓ ગાલીલનાં બે ગામમાં જ રહે છે. તેઓ સુન્ની મુસ્લિમો છે, અને પુરાણા સમયમાં કોકેસસથી આવીને અહીં વસ્યા છે. ઇઝરાયલી સમાજ સાથે તેઓ એક થઈ ગયા છે.



*યરુશાલેમનો દમસ્ક દરવાજો*

પૃથ્વી પર યહૂદીઓની વસતી ૧૯૮૦માં આ પ્રમાણે હતી : ઈઝરાયલમાં પાંત્રીસ લાખ, રશિયામાં પચીસ લાખ, અમેરિકામાં સિત્તેર લાખ અને બીજા બધા દેશોમાં વીસ લાખ છે. એમ પૃથ્વી પર યહૂદીઓની કુલ વસતી એક કરોડ અને પચાસ લાખની છે. ઈઝરાયલી સરકારની એવી ઈચ્છા છે કે ઈઝરાયલમાં એક કરોડ યહૂદીઓ આવીને વસે. જરૂરથી હજી બીજા યહૂદીઓ ઈઝરાયેલ સ્ટેટમાં આવશે. કારણ નીચે પ્રમાણે ભવિષ્યકથન છે : (પ્રભુ પરમેશ્વર કહે છે :) "હું ઉત્તરને કહીશ કે છોડી દે, અને દક્ષિણને કહીશ કે અટકાવ ન કર, મારા દીકરાઓને વેગળેથી ને મારી દીકરીઓને પૃથ્વીને છેડેથી લાવ. (બાઈબલ : યશાયા ૪૩ : ૬).

જાન્યુઆરી ૧, ૧૯૬૯ રોજ ઈઝરાયલનાં નીચેનાં શહેરોમાં એમની સામે જણાવેલી વસતી હતી. પાછળથી આપેલી વસતી ૧૯૮૦ની છે :

| | ૧૯૬૯ | ૧૯૮૦ |
|---|---|---|
| એક્રે | ૩૩,૦૦૦ | -- |
| આશ્દોદ | ૩૧,૯૦૦ | ૬૫,૭૦૦ |
| બેરશેબા | ૭૨,૦૦૦ | ૧૧૦,૮૦૦ |
| હાઈફા | ૨,૧૨,૨૦૦ | ૨,૨૫,૮૦૦ |
| હરઝલિયા | ૩૬,૯૦૦ | ૬૩,૨૦૦ |
| યરૂશાલેમ | ૨,૭૫,૦૦૦ | ૪,૨૮,૭૦૦ |
| નાઝરેથ | ૩૧,૯૭૦ | ૪૪,૮૦૦ |
| બેથલેહેમ | ૩૧,૯૦૦ | -- |
| ગાઝા | ૧,૧૮,૩૦૦ | ૨,૦૦,૦૦૦ |
| નેબ્લ્યુસ | ૪૪,૨૦૦ | -- |
| એલાત | -- | ૧૮,૯૦૦ |
| નતાનિયા | ૬૦,૧૦૦ | ૧,૦૨,૩૦૦ |
| પેતાતીકવા | ૭૬,૭૦૦ | ૧,૨૩,૯૦૦ |
| રીહોવોત | ૩૪,૮૦૦ | ૬૭,૯૦૦ |
| રીશોન લી ઝાયન | ૪૨,૦૦૦ | ૧,૦૨,૨૦૦ |
| મહા તેલઅવીવ જાફ્ફા | ૩૮૪,૭૦૦ | ૧૩,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| ઉપલાણનું નાઝરેથ | ૧૧,૮૦૦ | -- |
| હેબ્રોન | ૩૮,૩૫૦ | ૬૫,૮૦૦ |
| યરિખો | ૬,૮૦૦ | -- |
| ખાન યુનિસ | ૫૩,૦૦૦ | -- |
| રાફા | ૪૯,૮૦૦ | -- |



*ઈઝરાયલ રાજયનું પ્રતીક સાત ચાડાંવાળી દીવી*

ઈઝરાયલ રાજયનું પ્રતીક સાત ચાડાંવાળી દીવી (અથવા શમાદાન) છે. ભારતની દીવી છ ચાડાંવાળી હોય છે, જયારે ઈઝરાયલની દીવી સાત ચાડાંવાળી હોય છે. હિબ્રૂમાં એને 'મેનોરાહ' કહે છે. અંગ્રેજીમાં 'કેન્ડલાબ્રમ' કહેવાય છે.

## ◆ ઇઝરાયલ રાજયનો ઝંડો, પ્રતીક અને રાષ્ટ્રગીત

ઈઝરાયલ રાજયે આ પ્રતીકને ૧૯૪૯માં સ્વીકાર્યું. દીવીની આસપાસ



જૈતુનની ડાળીઓ છે. અને બે ડાળીઓ વચ્ચે 'ઇઝરાયલ' એમ હિબ્રૂમાં લખેલું છે. જૈતુનની ડાળીઓ શાંતિ સૂચવે છે. નૂહના વહાણમાંનું કબૂતર બહારથી જૈતુનવૃક્ષનું પાન લઈને પાછું આવ્યું હતું (ઉત્પત્તિ ૮ : ૧૧). બાઇબલમાં જણાવેલા 'મુલાકાતમંડપ'માં અને પાછળથી યરુશાલેમના મંદિરમાં, સોનાની દીવી યા દીપવૃક્ષ હતું (નિર્ગમન ૨૫ : ૩૧-૪૦) વળી ઝખાર્યા ૪ : ૧-૧૪માં આ 'મેનો-રાહ' યા 'દીપવૃક્ષ' અને તેની આસપાસ બે જૈતવૃક્ષો દર્શાવવામાં આવ્યાં છે.

## ♦ યહૂદીઓના પાછા ફરવા સંબંધી ભવિષ્યવચનો :

આજે ઓગણીસો વર્ષ સુધી દેશેદેશમાં આથડયા પછી યહૂદીઓ વચનના દેશમાં પાછા ફરે છે, એ હકીકત તો અદ્‌ભુત જ કહેવાય ! ઈશ્વરે ૩,૦૦૦ થી ૩,૫૦૦ વર્ષ અગાઉ પોતાના પયગંબરો દ્વારા આ સંબંધી ભવિષ્યવચનો આપીને જણાવ્યું હતું.બાઇબલમાં એ અગમવાણીઓ આજે પણ જોવા મળે છે. એમાંથી થોડી અહીં જોઈએ :

"હું મારા ઇઝરાયલ લોકની ગુલામગીરી પાછી ફેરવીશ, ને તેઓ ઉજજડ નગરો ફરી બાંધીને તેઓમાં વસશે. તેઓ દ્રાક્ષની વાડીઓ રોપીને તેઓનો દ્રાક્ષારસ પીશે. તેઓ બાગબગીચા પણ બનાવીને તેમનાં ફળ ખાશે. હું તેઓને

તેઓના પોતાના દેશમાં રોપીશ, જે દેશ મેં તેઓને આપ્યો છે તેમાંથી તેઓને ફરીથી કદી પણ ઉખેડી નાખવામાં આવશે નહિ, એ પ્રમાણે તારો પ્રભુ પરમેશ્વર કહે છે." (બાઇબલ :આમોસ ૯ : ૧૪, ૧૫)."

"તે સમયે પ્રભુ પોતાના લોકોના શેષને મેળવવાને માટે એટલે જેઓ બાકી રહેલા છે. તેઓને આશ્શૂરમાંથી, મિસરમાંથી, પાથ્રોસમાંથી, કૂશમાંથી, એલામમાંથી, શિનઆરમાંથી, હમાથમાંથી અને સમુદ્રના ટાપુઓમાંથી મેળવવાને **ફરી બીજી વાર** પોતાનો હાથ લાંબો કરશે. વિદેશીઓને માટે તે ધ્વજા ઊંચી કરશે, ને ઇઝરાયલ (ઉત્તરના રાજયા)ના કાઢી મૂકેલાને એકત્ર કરશે, ને યહૂદિયા (દક્ષિણના રાજય)ના વિખરાઈ ગયેલાને **પૃથ્વીની ચારે દિશાથી** ભેગા કરશે. (બાઇબલ : યશાયા ૧૧ : ૧૧, ૧૨). પહેલી વખતે બાબિલના બંદિવાસમાંથી ઈશ્વર યહૂદીઓને પાછા લાવ્યો હતો. હવે **બીજી વાર** દુનિયાના બધા દેશોમાંથી તે તેમને પાછા લાવીને પાલેસ્તાઈનમાં વસાવશે."

"પણ હવે હે યાકોબ, તારા ઉત્પન્નકર્તા પ્રભુ, ને હે ઇઝરાયલ, તારો બનાવનાર એવું કહે છે કે, તું બીશ નહિ.... કેમ કે હું તારી સાથે છું. હું તારાં સંતાનને પૂર્વથી લાવીશ, ને પશ્ચિમથી તને એકત્ર કરીશ. હું ઉત્તરને કહીશ કે, છોડી દે; અને દક્ષિણને કહીશ કે, અટકાવ ન કર; મારા દીકરાઓને વેગળેથી, ને મારી દીકરીઓને પૃથ્વીને છેડેથી લાવ..." (બાઇબલ : યશાયા ૪૩ : ૧, ૫, ૬),

## *યહૂદીઓ તે ઈઝરાયેલીઓ*

અગાઉ આપણે જોઈ ગયા કે યાકોબનું બીજું નામ ઇઝરાયલ હતું, અને તેનાથી પેદા થયેલી પ્રજાને 'ઇઝરાયલ' અથવા વહાલમાં 'યાકોબ' પણ કહેવામાં આવે છે. અહીં સ્પષ્ટ બતાવ્યું છે કે, પૃથ્વીની ચારે દિશામાંથી યહૂદીઓને વતનમાં પાછા લાવવામાં આવશે.

## *ખીણમાંના હાડકાં સંબંધીનું સંદર્શન અને ભવિષ્ય વચન*

વળી ઇશ્વર પોતાના પયગંબર હઝકિયેલની મારફતે એક સંદર્શન દ્વારા ભવિષ્યવચન કહે છે. (જુઓ બાઇબલ : હઝકિયેલ ૩૭ : ૧-૧૪) એમાં ઈઝરાયેલ પ્રજાને ખીણમાંના ઢગલાબંધ સૂકાં હાડકાં જેવી ગણી છે. પણ પ્રભુ પોતે તેમને રાષ્ટ્રીય ઉત્થાન કરાવશે, એ બાઇબલ પાઠમાં આવાં વચનો છે :



## ♦ ખીણમાંનાં હાડકાં સંબંધીનું સંદર્શન અને ભવિષ્યવચન

*હઝકીયેલ ૩૭ : ૧-૧૪ :*

યહોવાનો હાથ મારા પર આવ્યો, ને તે મને યહોવાના આત્મા વડે
બહાર લઈ ગયો, ને મને એક ખીણમાં મૂક્યો. તે [ખીણ]માં નરદમ હાડકાં
હતાં. ૨ તેમણે મને તેમને પડખે પડખે ચારે તરફ ફેરવ્યો; અને જુઓ, તેઓ
ખીણની સપાટી પૂર પુષ્કળ હતાં. અને તેઓ બહુ સૂકાં હતાં. ૩ પછી પ્રભુએ
મને કહ્યું, "હે મનુષ્યપુત્ર, શું આ હાડકાં જીવતાં થઈ શકે? મેં ઉત્તર આપ્યો,
"હે પ્રભુ યહોવા, તમે જાણો છો." ૪ વળી તેમણે મને કહ્યું, "આ હાડકાંને
પ્રબોધ કરીને કહે, "હે સૂકાં હાડકાં, તમે યહોવાનું વચન સાંભળો. ૫ પ્રભુ
યહોવા આ હાડકાંને કહે છે કે, જુઓ, હું તમારામાં શ્વાસ મૂકીશ, ને તમે
જીવતાં થશો. ૬ હું તમારા પર સ્નાયુઓ મૂકીશ, ને તમારા પર માંસ લાવીશ,
ને તમને ચામડીથી ઢાંકી દઈશ, તમારામાં શ્વાસ મૂકીશ, એટલે તમે જીવતાં
થશો; અને તમે જાણશો કે હું યહોવા છું."

૭ તેથી મને આજ્ઞા થઈ હતી તે પ્રમાણે મેં પ્રબોધ કર્યો. અને હું પ્રબોધ
કરતો હતો તે દરમિયાન એક ગડગડાટ સંભળાયો, ને એક ધરતીકંપ થયો;
તે હાડકાં એકબીજાની સાથે જોડાઈ ગયાં, એક હાડકું તેને લગતા હાડકાની



ખીણમાંનાં નરદમ હાડકાં

સાથે [જોડાઈ ગયું]. ૮ હું તો જોયા કરતો હતો, ને જુઓ, તેમના પર સ્નાયુઓ દેખાયા ને માંસ આવ્યું, ને તેમના પર ચામડીનું ઢાંકણ થયું; પણ તેઓમાં શ્વાસ નહોતો.

૯ પછી પ્રભુએ મને કહ્યું, "હે મનુષ્યપુત્ર, પવનને પ્રબોધ કર, પ્રબોધ કરીને પવનને કહે, પ્રભુ યહોવા કહે છે કે, હે પવન, ચારે દિશાથી આવ, ને આ મુડદાં પર ફૂંક માર કે, તેઓ જીવતાં થાય." ૧૦ તેથી પ્રભુએ મને આજ્ઞા કરી હતી તે પ્રમાણે મેં પ્રબોધ કર્યો, એટલે તેઓમાં શ્વાસોચ્છ્વાસ આવ્યો, તેઓ જીવતાં થયાં, ને બહુ મોટું સૈન્ય થઈને તેઓ પોતાના પગ પર ઊભા થયાં.

૧૧ ત્યારે પ્રભુના આત્માએ મને કહ્યું, "હે મનુષ્યપુત્ર, આ હાડકાં તે ઈઝરાયલનું આખું કુળ છે. જો, તેઓ કહે છે કે, 'અમારાં હાડકાં સુકાઈ ગયાં છે, અમારી આશા નાશ પામી છે. અમે તદ્દન નાબૂદ થઈ ગયા છીએ.' ૧૨ એ માટે પ્રબોધ કરીને તેમને કહે, પ્રભુ યહોવા કહે છે કે, હે મારા લોકો, જુઓ, હું તમારી કબરો ઉઘાડીશ ને તમને તમારી કબરોમાંથી ઉઠાડીને બહાર લાવીશ, અને હું તમને ઈઝરાયલના દેશોમાં પાછા લાવીશ. ૧૩ હે મારા લોકો, હું તમારી કબરો ઉઘાડીને તમને તમારી કબરોમાંથી ઉઠાડીને બહાર લાવીશ, ત્યારે તમે જાણશો કે હું યહોવા છું. ૧૪ વળી હું મારો આત્મા તમારામાં મૂકીશ, એટલે તમે જીવતા થશો, ને હું તમને તમારા પોતાના દેશમાં રાખીશ; ત્યારે તમે જાણશો કે હું યહોવા તે બોલ્યો છું, ને મેં તે પૂરું કર્યું છે, એમ યહોવા કહે છે."

પ્રભુ પોતાના પ્રબોધકને કહે છે શું આ હાડકાં, ફરી સજીવન થાય ખરાં? પ્રબોધક કહે છે કે, પ્રભુ તમે જાણો. એટલે કે દુનિયાભરમાં વીખેરાઈ ગયેલી પ્રજા અને સૂક્કાં હાડકાં જેવી થઈ ગયેલી પ્રજા તે શું ફરી પાછી સજીવન થાય ખરી ! શું પાછી ઊઠે ? શું બળવાન બને ?

આખી ખીણ નરદમ સૂક્કાં હાડકાંથી, વીખેરાઈ ગયેલાં હાડકાંથી ભરેલી હતી. એ શું ફરી એક બળવાન પ્રજા બની શકે ? શાસ્ત્રમાંથી પાંચ કલમ વાંચી જાઓ. (બાઈબલ : હઝ. ૩૭ : ૧૬-૨૩) પ્રભુ પોતાનો સંદેશો કહે છે. પ્રભુ કહે છે, હું તમને વીખરાઈ ગયા છો તે દેશોમાંથી બહાર કાઢી લાવીશ અને ઈઝરાયલ દેશમાં વસાવીશ અને હું તમારામાં જીવ લાવીશ અને


THE ROYAL GRANT TO ABRAHAM
CASPIAN SEA
MEDIA
PERSIA
PERSIAN GULF
ELAM
SHUSHAN
ECBATANA
MT. ORONTES
R. ARAXES
MT. ARARAT
ARMENIA
ASSYRIA
R. TIGRIS
NINEVEH
MESOPOTAMIA
R. EUPHRATES
CHALDEA
UR
BABYLON
BABYLONIA
ARABIA
SYRIA
"THE ROYAL GRANT"
GEN. 15:18
HARAN
PADAN ARAM
DAMASCUS
AMMON
MOAB
EDOM
JUDAH
KADESH
ARABIA PETRA
GULF OF AKABA
RIVER OF EGYPT
R. NILE
R. ORONTES
ASIA MINOR
CYPRUS
MEDITERRANEAN OR "GREAT SEA"

તમે બળવાન પ્રજા થશો. અને ફરીથી તમને અહીંથી બહાર કાઢી મૂકવામાં આવશે નહિ.

પ્રભુનું આ વચન અત્યારે કેવું અમલી બની રહ્યું છે ! પ્રભુ તેમને ૧૦૪ દેશોમાંથી પાછા વતનમાં લાવ્યા છે. અને તેઓનું રાજ્ય મે ૧૯૪૭માં સ્થપાઈ ચૂક્યું છે. અને તેઓ એક આબાદ પ્રજા બની ગઈ છે. અને દેશ બગીચાની પેઠે ખીલ્યો છે.

"હું તો જોયા કરતો હતો, ને જુઓ, તેમના પર સ્નાયુઓ દેખાયા ને માંસ આવ્યું, અને તેમના પર ચામડીનું ઢાંકણ થયું, પણ તેઓમાં શ્વાસ નહોતો."

"પછી તેણે મને કહ્યું, હે મનુષ્યપુત્ર પવનને પ્રબોધ કર, પ્રબોધ કરીને કહે, પ્રભુ પરમેશ્વર કહે છે કે, હે પવન, ચારે દિશાથી આવ, ને આ મુડદાં પર ફૂંક માર, કે તેઓ જીવતાં થાય. તેથી તેણે મને આજ્ઞા કરી હતી તે પ્રમાણે મેં પ્રબોધ કર્યો, એટલે તેઓમાં શ્વાસોચ્છ્શ્વાસ આવ્યો. તેઓ જીવતાં થયાં, ને બહુ મોટું સૈન્ય થઈને તેઓ પોતાના પગ પર ઊભાં થયાં."

"આ હાડકાં તે ઈઝરાયલનું આખું કુળ છે; જો, તેઓ કહે છે કે, અમારાં હાડકાં સુકાઈ ગયાં છે, અમારી આશા નાશ પામી છે; અને અમે તદ્દન નાબૂદ થઈ ગયા છીએ. એ માટે પ્રબોધ કરીને તેમને કહે, પ્રભુ પરમેશ્વર કહે છે કે, હે મારા લોકો, જુઓ હું તમારી કબરો ઉઘાડીશ, ને તમને તમારી કબરોમાંથી ઉઠાડીને બહાર લાવીશ; અને હું તમને ઈઝરાયલના દેશમાં પાછા લાવીશ. હે મારા લોકો, હું તમારી કબરો ઉઘાડીને તમને તમારી કબરોમાંથી ઉઠાડીને બહાર લાવીશ.... વળી હું મારો આત્મા તમારામાં મૂકીશ, એટલે તમે જીવતા થશો, ને હું તમને તમારા પોતાના દેશમાં રાખીશ...."

## *કબરો એટલે જે દેશમાં તેઓ ગયા હતા તે..*

ઈશ્વર આ પ્રજાને જુદા જુદા દેશોરૂપી કબરોમાં તેઓ દટાયેલા છે, તેમાંથી બહાર કાઢી લાવશે, ને પાલેસ્તાઈનમાં પાછા લાવીને એક જીવંત પ્રજા બનાવશે - એ સંદેશો ઉપરના સંદર્શનની દૃષ્ટાંતકથામાં આપેલો છે.

એ પછીનાં વાક્યોમાં (બાઈબલ : હઝકિયેલ ૩૭ : ૧૬-૨૩) બે લાકડી સંબંધીની દૃષ્ટાંતકથા આપેલી છે. એમાં બે લાકડીઓને જોડીને ફરી પાછી એક સળંગ આખી લાકડી બનાવી દેવાની દૃષ્ટાંતકથા છે. એ ઉપરથી ઈશ્વર

પોતાના પયગંબર દ્વારા સંદેશો આપે છે કે, એ જ પ્રમાણે દશ કુળો અને બાકીનાં બે કુળોમાં વિભાગેલી યહૂદી પ્રજાને ફરી પાછી એક કરવામાં આવશે. "જુઓ, જે પ્રજાઓમાં ઈઝરાયલ લોક ગયા છે, તેઓમાંથી તેઓને બહાર કાઢીને હું તેમને બધે ઠેકાણેથી ભેગા કરીશ, ને તેમને પોતાના દેશમાં લાવીશ. હું તેમને પોતાના દેશમાં, ઈઝરાયલના પર્વતો પર, એક પ્રજા કરીશ."

આવાં અનેક ભવિષ્યવચનો બાઈબલમાં આપવામાં આવ્યાં છે, જેમાં આ પાછલા સમયમાં યહૂદી પ્રજાને પૃથ્વીભરમાં એકત્ર કરવામાં આવશે, આબાદ કરવામાં આવશે વગેરે સંબંધી જણાવ્યું છે. આ વિષેની લગભગ બધી ભવિષ્યવાણી બાઈબલના 'જૂના કરાર' નામના ભાગમાં આપેલી છે. એ ભાગ, આજે છે તેવો જ ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં (એટલે આજથી ૨,૩૦૦ વર્ષ પૂર્વે) પણ હયાત હતો, અને એ અરસામાં એનો હિબ્રૂ ભાષામાંથી ગ્રીક ભાષામાં તરજુમો પણ કરવામાંઆવ્યો હતો, એ ઈતિહાસમાન્ય હકીકત છે. એ ભવિષ્યકથનો આપણી નજર સામે આપણા આ સમયમાં પૂરાં થતાં આપણે જોઈએ છીએ.

### ♦ પુનર્વસવાટના પ્રશ્નો :

એ ભવિષ્યકથનો પ્રમાણે દેશેદેશથી આટલા બધા લોકોની એકસામટી નિત્ય આવતી વણઝારને વસાવવાનો, ઘરો પૂરાં પાડવાનો, ધંધોરોજગાર શોધી આપી પગભર કરવાનો વગેરે પ્રશ્નો કાંઈ જેવા તેવા નથી. ભલભલા મુત્સદ્દીઓને પણ મૂંઝવી નાખે એવા એ પ્રશ્નો છે. ઈ.સ. ૧૯૬૧ થી ૧૯૬૪ સુધીમાં જ સવા બે લાખ યહૂદીઓએ ઈઝરાયલ રાજ્યમાં વસવાટ કર્યો !

મોટા ભાગના આવનારાઓને જુદા જુદા દેશોમાંથી આવવાનું મુસાફરી ખર્ચ 'યહૂદી એજન્સી' તરફથી મળે છે, અને એ માટે દુનિયાભરમાંથી યહૂદીઓ પૈસાનું દાન મોકલે છે. એજન્સી અને સરકાર મળીને આવનારાંને ઘર, નોકરીધંધો, નિશાળ વગેરેની વ્યવસ્થા કરી આપે છે. તેમને કામધંધો પણ શીખવવવામાં આવે છે. ઈઝરાયલમાં વસવા આવનારાંને પોતાના મૂળ દેશમાં હોય ત્યારથી મદદ મળવી શરૂ થાય છે. 'યહૂદી એજન્સી' અને 'મિનિસ્ટ્રી ઓફ એબ્સોર્બશન' દ્વારા આ બધી મદદ આપવામાં આવે છે, અને એ મદદ તેઓ ઈઝરાયલમાં આવીને ત્રણ વર્ષ રહે ત્યાં સુધી મળતી રહે છે. આ બધાંને માટે સતત નવાં નવાં ગામ અને કસબા સ્થપાતા જ જાય છે.

એજન્સી અને સરકારની સહયોજનાથી બનેલી, નફો નહિ કરતી એવી અમીદાર નૅશનલ હાઉસિંગ કંપની બધાં ઘરો બાંધે છે, અને આવનારાંને ધીમે ધીમે હપતા વાળી આપી શકાય તેવી યોજના અને શરતોથી ઘરો આપે છે. આવાં ત્રણ લાખ ઘરો ઊભાં કરવામાં આવ્યાં છે, અને તેમાં વસતીના ૪૫ ટકા કરતાં વધુ લોકો રહે છે. આપણી ગ્રામપંચાયતની જેમ ત્યાંના ગામડામાં સ્વાયત્ત સરકાર હોય છે. પાછલી બે પેઢીના ગાળા દરમિયાન ઈઝરાયલમાં ૭૦૦ નવાં ગામડાં રચાયાં. તેમાંનાં ૪૫૦ ગામ ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાયલ રાજ્ય સ્થપાયું ત્યાર પછી થયાં.

## ♦ ઇઝરાયલમાં ચાર પ્રકારનાં ગામ :

### *પહેલું અને બીજું નિર્ગમન :*

મોશેની આગેવાની નીચે જે પહેલું નિગર્મન થયું ત્યારે મીસરથી ૧,૬૫,૦૦૦ લોકો આવ્યા હતા. જ્યારે બીજા નિગર્મનમાં ૧૦૪ દેશોમાંથી સવા બે લાખ કરતાં વધારે યહૂદીઓ આવ્યા.

ઈઝરાયલમાં ચાર પ્રકારનાં ગામ જોવા મળે છે. તેઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકે :

૧. કિબુત્ઝ : કિબુત્ઝ પ્રકારનાં ગામોમાં લોકો સમૂહજીવનમાં રહે છે, અને બધું જ સહિયારું હોય છે. જમીન, સાધનો, નાણાં એ બધું સમાજની મિલકત ગણાય છે. દરેકને પોતપોતાની આવડત, કારીગરી અને ગુંજાશ પ્રમાણે કામની ફાળવણી કરવામાં આવે છે, અને નફાની વહેંચણી સરખી રીતે ચીજવસ્તુ અને સેવા સહાયના રૂપમાં આપવામાં આવે છે. પેલો સિદ્ધાંત અહીં બરાબર અમલી બને છે : " દરેકની પાસેથી એની ગુંજાશ પ્રમાણે અને પ્રત્યેકને એની જરૂર પ્રમાણે." ગામના બધા જ લોકો સામાન્ય રસોડે જમે છે. છોકરાં ઘણુંખરૂં તેમની શાળા, છાત્રાલય અને તેના વાતાવરણમાં રહેતાં હોય છે, અને ત્યાં જ તેમનું રહેવું, જમવું, સૂવું, ભણવું હોય છે. દિવસને અંતે તેઓ પોતાનાં માબાપને મળે ખરાં. સાબ્બાથવારે (શનિવારે) અને રજા દરમિયાન તેઓ માબાપ સાથે રહે છે. આવાં ગામો મોટે ભાગે ખેતીપ્રધાન હોય છે. તોપણ કેટલાંક કિબુત્ઝ ગામો હુન્નરધંધા પણ ચલાવતાં હોય છે અને એમાં ઠીકઠીક આગળ વધ્યાં હોય છે. ૧૯૮૫માં ૨૬૦ કિબુત્ઝ હતાં, અને એમની વસતી ૧,૧૬,૦૦૦ની હતી. ઈઝરાયલની કુલ વસતીનો ત્રીજો ભાગ થયો.

૨. **મોશેવ :** મોશેવ પ્રકારનાં ગામોમાં સહકારી જીવન હોય છે. આ ગામોમાં પ્રત્યેક ખેડૂત પોતાના કુટુંબની સાથે અલગ રહે છે અને પોતાની જમીનમાં ખેતી કરે છે. પણ વેચાણ કે ખરીદી કામો ગામના બધા જ સભ્યો સહકારી યોજના દ્વારા કરે છે. મોટાં મોટાં યંત્રો આખા ગામની સહિયારી મિલકત હોય છે. અને દરેક ખેડૂત જરૂર પ્રમાણે એમનો ઉપયોગ કરી શકે છે. શાળા, સાંસ્કૃતિક કેન્દ્ર અને સામાજિક સેવાઓ સહકારી ધોરણે ગામ પોતે ચલાવતું હોય છે. ગામના બધા જ સભ્યોની 'સામાન્ય સભા' બધી પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. પ્રત્યેક મોશેવમાં ૬૦ કુટુંબો સરેરાશ હોય છે, ૧૯૮૫માં ૪૫૦ મોશેવ હતાં.

૩. **મોશેવ-શીતુફી :** આ પ્રકારનાં ગામોમાં કિબુત્ઝનાં 'સહિયારાં કામ' ના સિદ્ધાંતો, અને મોશેવની ખાનગી કુટુંબવ્યવસ્થાનું સંયોજન જોવામાં આવે છે.

૪. **મોશાવોત :** આપણા ભારતમાં અને અન્ય દેશોમાં છે તેવા સામાન્ય પ્રકારનાં આ ગામો પણ હોય છે, અને એવાં ગામોનું કદ ઘણી જગાએ ખૂબ મોટું થયેલું જોવા મળે છે.

ઈઝરાયલ રાજયની સ્થાપના અગાઉ 'ઝાયનિસ્ટ ચળવળે' પાલેસ્તાઈનને સુધારવા અને આવનારા લોકોને ઘરબાર, ધંધોરોજગાર વગેરે પૂરું પાડવા માટે સારું એવું ભંડોળ ભેગું કર્યું તથા ખર્ચ્યું છે. એકલા કેરેન કાયામેથે (યહૂદી રાષ્ટ્રીય ફંડે) ઈ.સ. ૧૯૩૯ સુધીમાં એકસો ચાર કરોડ રૂપિયા જેટલી રકમ જમીન ખરીદવા અને સુધારવા પાછળ ખર્ચી. કેરેન હાયસોદે (પાલેસ્તાઈન ફાઉન્ડેશન ફંડે) આવનારાંને પગભર કરવા માટે લોકોને તેમ જ સંસ્થાઓને ચોવીસ કરોડ રૂપિયા જેટલી રકમનું ધીરાણ કર્યું હતું. હાદાસ્સાહે (મહિલા ઝાયનિસ્ટ મંડળે) કરોડો રૂપિયા સ્વાસ્થ્ય કાર્યો, બાળકેન્દ્રો, બાળકોનાં દવાખાનાં અને નર્સોની તાલીમ અર્થેની સંસ્થાઓ માટે ખર્ચ્યા. યહૂદીઓનાં આવાં રાષ્ટ્રીય ભંડોળો ઉપરાંત ખાનગી યહૂદી મૂડી ઈ.સ. ૧૯૪૦ સુધીમાં રૂપિયા ચારસો કરોડની હતી.

### *રાષ્ટ્રભાષા અને સામાન્ય શિક્ષણ :*

દેશની રાષ્ટ્રભાષા હિબ્રૂ છે. પણ એ ઉપરાંત અંગ્રેજી અને અરબી પણ વપરાશમાં છે. અનેક દેશોમાંથી આવેલા આ લોકો માટે હિબ્રૂ ભાષાના જુદા

જુદા ૭૪ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે, અને તેમાં હિબ્રૂ ઉપરાંત બીજા વિષયો પણ શીખવવામાં આવે છે.

તેઓ નવાં આવે ત્યારે તેઓને 'ઉલ્પાનીમ' નામનો હિબ્રૂ ભાષાનો ખાસ અભ્યાસક્રમ આપવામાં આવે છે. એમાં શિક્ષણનું માધ્યમ પણ હિબ્રૂ જ હોય છે. સામાન્ય રીતે તેઓ આ અભ્યાસક્રમ છ માસમાં સંતોષકારક રીતે પૂરો કરે છે. એટલા સમયમાં તેમને હિબ્રૂનું 'કામચલાઉ' અથવા ખપ પૂરતું જ્ઞાનભાન થઈ જાય છે.

આજથી ૩,૦૦૦ વર્ષ પહેલાંની ભાષાને પાછી જાગ્રત કરવી, અને તેયે આ ટૅકનોલૉજીના જમાનામાં એ જેવું તેવું સાહસ નહોતું. પણ તેમાં ઇઝરાયલ ઝળહળિત રીતે ફતેહમંદ થયું છે."

આ પ્રજાએ કેળવણી પર શરૂઆતથી જ ખૂબ ધ્યાન આપ્યું છે. એટલે તો યરુશાલેમ યુનિવર્સિટી દુનિયાની સારામાં સારી યુનિવર્સિટીઓમાંની એક છે. બહુ ઉત્તમ પ્રકારની કેળવણીથી આખા ઇઝરાયલ દેશને ગૂંથી લેવામાં આવ્યો છે. આ પ્રદેશનાં પહેલાંથી વતની તરીકે વસતાં, વળી ઘણાં વર્ષો પર આવીને વસેલાં, તેમ જ આ ચાલુ સમયમાં આવેલાં - એમ સર્વ પ્રકારનાં કુટુંબોઅને તેમની ઊછરતી પ્રજાને અરસપરસ સાંકળી લેનારી કડી તો કેળવણી છે. દેશમાં કુલે ૭,૪૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ત્રણથી પાંચ વર્ષની ઉંમરે કિન્ડરગાર્ટન્સ શરૂ થાય છે. મોડામાં મોડું પાંચ વર્ષે શાળામાં જોડાવું ફરજિયાત છે. પાંચથી ચૌદ વર્ષની ઉંમર માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત છે . જે જુવાનો ૧૪ થી ૧૮ વર્ષનાં થયાં હોવા છતાં એ શિક્ષણ પૂરું ન કર્યું હોય તેમણે ખાસ વર્ગોમાં ફરજિયાત હાજરી ભરવી પડે છે. શાળાઓમાં છોકરાઓની સરાસરી હાજરી ૯૫ ટકા અને છોકરીઓની ૭૫ ટકા કરતાં વધારે હોય છે. આમ વિદ્યાર્થીઓ શાળાનો લાભ સારો ઉઠાવે છે. ઉચ્ચ કેળવણી માટેનાં વિદ્યાલયોમાં ૨૫,૦૦૦ ચુનંદા વિદ્યાર્થીઓ હાલ તાલીમ પામી રહ્યાં છે.

વસતીના પ્રમાણમાં પુસ્તક પ્રકાશનમાં ઇઝરાયલનું સ્થાન દુનિયામાં બીજા નંબરનું આવે છે. વર્ષનાં ૨,૦૦૦ પ્રકાશનો બહાર પડે છે. અડધા મુંબઇ શહેર જેટલી ઇઝરાયલી વસતીમાં ૨૪ સવારનાં દૈનિક છાપાં અને બે સાંજનાં દૈનિક છાપાં બહાર પડે છે. એ ઉપરાંત બીજાં ૪૦૦ સામયિકો પણ

બહાર પડે છે. જેમાંનાં ૫૦ સરકારી પ્રકાશનો છે. અઠવાડિકો ૬૦, અને પખવાડિકો તથા માસિકો ૧૪૦ છે.

### ♦ દેશની સરકાર :

પાર્લમેન્ટની પદ્ધતિ પ્રમાણેની પ્રજાસત્તાક સરકાર છે. ઈઝરાયલમાં ઈ.સ. ૧૯૫૧ના કાયદા મુજબ સ્ત્રીઓને સમાન હક્ક છે. દેશમાં બહુપત્નીપણાને અને બાળવિવાહને સ્થાન નથી. ઈઝરાયલ સરકારની યાદી પ્રમાણે ત્યાં સિવિલ લગ્નો થતાં જ નથી, અને એક પણ ફારગતી થતી નથી.

### ♦ ઇઝરાયલ રાજયની ૧૯૮૫ની વસતી :

દુનિયાની કુલ વસતી સવાચાર અબજની છે. એમાંથી દુનિયાભરના યહૂદીઓ એક કરોડ પિસ્તાળીસ લાખ છે (૧૯૭૭)માં એટલે દુનિયાની સમગ્ર વસતીના ચાર ટકા કરતાં પણ ઓછા. આ યહૂદીઓમાંથી ચોત્રીસ લાખ ચાર હજાર ઈઝરાયલમાં (૧૯૮૫) છે. ભવિષ્યમાં બીજા યહૂદીઓ અન્ય દેશોમાંથી પાછા આવશે જ. ઈઝરાયલની મિનિસ્ટ્રી ઑફ એબ્સોર્બશને જણાવ્યું છે કે દેશને કુલ એક કરોડની વસતીની જરૂર છે. ઈઝરાયલી સરકાર પરદેશોમાં વસતા યહૂદીઓને કહેણ કહેવડાવી મોકલાવ્યા કરે છે કે તેઓ ઈઝરાયલમાં આવી વસે. મિલિટરી ભરતીને માટે અને દેશનાં કામોને પહોંચી વળવા માટે વધુ વસતીની ખૂબ જરૂર છે. રશિયા એકલામાં હજી પચીસ લાખ યહૂદીઓ છે, અને હજી અમેરિકામાં ૭૦ લાખ યહૂદીઓ છે. ઈઝરાયલ બહાર પરદેશોમાં વસતા યહૂદીઓ હજી કુલે એક કરોડ પંદર લાખ છે. ઈઝરાયલમાં યહૂદી સિવાયના લોકોની વસતી હાલમાં ૫,૯૫,૦૦૦ જેટલી છે. એટલે ઈઝરાયલ રાજયની આખી વસતીના ઓગણીસ ટકા જેટલી છે. લગભગ ૨૬,૦૦૦ જેટલા લોકો ૧૯૭૮માં ઈઝરાયલમાં નવા આવ્યા હતા જયારે ૧૯૭૭માં ૨૧,૩૦૦ આવ્યા હતા. સામ્યવાદી રશિયામાંથી ૧૯૭૭માં ૬,૩૦૦ યહૂદીઓ ઈઝરાયલમાં આવી વસ્યા, અને ૧૯૭૮માં એથી બમણી સંખ્યા એટલે કે ૧૨,૦૦૦ યહૂદીઓ રશિયાથી આવીને ઈઝરાયલમાં વસ્યા.

### *પાલેસ્તાઈનમાં જુદા જુદા પંથો :*

ઈઝરાયલમાં આરબોની વસતી ૫,૫૫,૦૦૦ ની છે (૧૯૮૫) ને તેમાંનો મોટો ભાગ મુસલમાન છે, અને તેમને માટે રાજય તરફથી પોષવામાં

આવતા ૨૦૦ મોલવીઓ છે, તેમ જ ૯૦ મસ્જિદો છે. એપ્રિલ ૧૯૬૭માં ૭૨,૫૦૦ અને (૧૯૮૫)માં ૯૪,૪૪૦ ખ્રિસ્તીઓ છે. તેઓમાંનો મોટો ભાગ આરબમાંથી થયેલા ખ્રિસ્તીઓ છે. લગભગ ૨૦૦ દેવળો અને ચૅપલો છે. પાદરીઓ (ધર્મગુરુઓ) ૧,૨૦૦ જેટલા છે, જેમાં ૧૬૦ રોમન કૅથલિક ફાધરો અને ૬૦૦ સાધ્વીઓનો સમાવેશ થઈ જાય છે. ખ્રિસ્તી વસતીમાં ૨૬,૦૦૦ ગ્રીક કૅથલિકો ૩૮,૦૦૦ ગ્રીક ઍર્થોડોક્ષ; ૨૪,૦૦૦ લૅટિન; ૩,૦૦૦ મેરોનાઈટ અને ૩,૦૦૦ પ્રોટેસ્ટંટો અને ૧૨,૦૦૦ બીજા ખ્રિસ્તીઓ છે.

યહૂદીઓને માટે ૬,૦૦૦ સભાસ્થાનો (સીનેગોગ) અને ૪૦૦ સત્તાવાર નિયુક્ત રાબ્બીઓ (ધર્મગુરુઓ) છે. કરેથીઓ રાબ્બીઓની પ્રણાલિકાઓ અને કાનૂનોને માનતા નથી. તેઓ ફક્ત બાઈબલમાં આપેલાં વિધિઓ યા કાનૂનોને માન્ય રાખે છે. આ કરેથીઓની કુલ વસતી ૧૦,૦૦૦ની છે, ને તેઓનો મોટો ભાગ રમલા શહેરની નજદીક રહે છે. તેઓનાં નવ સભાસ્થાનો (સીનેગોગ) છે, અને પ્રત્યેકને માટે એક ધર્મસેવક છે. વળી સમરૂનીઓનો પણ પુરાણો પંથ છે, અને તેઓ ફક્ત મોશેનાં પાંચ પુસ્તક 'તોરાહ અને 'યહોશુઆ' એમ બાઈબલનાં પહેલાં છ પુસ્તકને જ માન્ય રાખે છે. તેલ-અવીવની પાસે હોલોનમાં ૧૫૦ સમરૂનીઓ રહે છે, અને ત્યાં તેમને માટે સભાગૃહ બાંધવામાં આવ્યું છે. હાલના નેબ્લૂસ (બાઈબલના શખેમ) શહેરમાં ૨૫૦ જેટલા સમરૂનીઓ રહે છે. તેઓનો વડો પુરોહિત પણ અહીં જ રહે છે. પાસે આવેલા ગીરીઝીમ પર્વતને તેઓ પવિત્ર માને છે, અને ત્યાં વિના અટકાવ પાસ્ખા પર્વ પાળે છે.

જૂન ૧૯૬૭ના યુદ્ધ પછીની બિનયહૂદી વસતી જોવા માટે ૩,૧૨,૫૦૦ માં પૂર્વ યરૂશાલેમના ૬૬,૦૦૦ આરબો અને ઈઝરાયલે જીતેલા બીજા બધા વિસ્તારના ૯,૯૨,૦૦૦ જેટલા આરબો અને દ્રુસ ઉમેરવા પડે (૯,૫૬,૦૦૦ મુસ્લિમ, ૩૦,૦૦૦ ખ્રિસ્તી અને ૬,૦૦૭ દ્રુસ).

ભિન્ન ભિન્ન દેશથી, જુદી જુદી સંસ્કૃતિમાંથી તરેહ તરેહની ભાષા બોલનારાનાં મંતવ્યો, વિચારસરણી તેમ જ લાગણીઓ માગણીઓ જુદાં જુદાં જ હોય એ નિર્વિવાદ છે. એ બધા લોકોને એક સમાજમાં ગૂંથીને એમાંથી એક બળવાન, ગૌરવશાળી અને સહકારમાં રહેતી પ્રજા બનાવવી એ મહા ભગીરથ કાર્ય છે. છતાં ઈઝરાયલી સરકારે એ પાર પાડી બતાવ્યું છે.

હાલ સંયુક્ત યરૂશાલેમ શહેરની વસતી ૧૯૬૧ની વડોદરા શહેરની વસતી હતી તેટલી, એટલે ૪,૨૮,૭૦૦ છે, અને મહા તેલ અવીવની વસતી ૧૩,૦૦,૦૦૦ ની છે. હાઈફાની ૨,૨૫,૮૦૦ ની વસતી છે.

દેશમાં ભૂખમરોને બેકારી નથી વળી કારીગરોને જુદા જુદા ધંધાદારીઓને કેટલું વેતન મળે છે તે આપેલું છે.

વિશ્વભરમાં આ એક જ એવો દેશ છે જયાં નથી ભૂખમરો કે નથી બેકારી. ઈઝરાયલ રાજયના ૧૯૬૮ના સત્તાવાર આંકડા પ્રમાણે ખેતમજૂરની દૈનિક આવક ૨૫ થી ૩૦ રૂપિયા છે. ઘર બાંધનાર કડિયા - મિસ્ત્રીની દૈનિક આવક ૫૨ થી ૫૩ રૂપિયા છે.સારા સરકારી ટાઈપિસ્ટોને મહિને રૂ. ૧,૨૫૦નો પગાર અને ઉપરાંત મોંઘવારી ભથ્થું મળે છે. જુનિયર ઇજનેરોને માસિક પગાર રૂ. ૧,૪૫૫નો હોય છે. નિષ્ણાત ઇજનેરોનો માસિક પગાર રૂ. ૨,૭૨૫ જેટલો છે. સરકારી નોકરોને પગાર ઉપરાંત મોંઘવારી ભથ્થું, કુટુંબ એલાવન્સ અને બીજા કેટલાક લાભ મળે છે. ઈઝરાયલી એક પાઉન્ડ બરાબર આપણા રૂ. ૨.૧૪ થાય.

ઈઝરાયલમાં કામધંધો કરનારાંના પ્રમાણમાં કામધંધો નહિ કરનારાંની ટકાવારી ૧૯૬૧માં ૧.૦ ટકો, ૧૯૬૨માં ૦.૮ ટકા, ૧૯૬૩માં ૦.૫ ટકા અને ૧૯૬૪માં ૦.૪ ટકા હતી. આટલું પણ અન્ય દેશોમાંથી યહૂદીઓનો સતત પ્રવાહ આ દેશમાં આવતો જ જાય છે તેને કારણે છે.

## ◆ વેરાન અને સૂકા પ્રદેશને બગીચામાં ફેરવી દીધો :

ઈઝરાયલ રાજયનું ક્ષેત્રફળ ૨૭,૮૧૭ ચોરસ કિલોમીટર (૧૦.૮૪૦ ચો. માઈલ) છે. એમાંના ૪૪૫ ચો. કિ.મી. (૧૭૧.૮ ચો.મા.) ભાગ પાણી છે, અને જમીનનો માત્ર ચોથો ભાગ જ ખેતીલાયક છે. આ નાના અને સાંકડા દેશની ચારે બાજુની સરહદરેખા વધુ પડતી લાંબી છે. ૫૯૦ માઈલ સરહદરેખા જમીન વિસ્તારમાં અને ૧૫૯ માઇલ કિનારે કિનારે. તેલ અવીવ શહેરની ઉત્તરે તો આખો દેશ માત્ર બાર માઇલ પહોળો છે. જયારે વધારેમાં વધારે પહોળાઈ બેરશેબા શહેરની દક્ષિણે જોવા મળે છે, અને તે ૭૦ માઈલની છે. વળી દક્ષિણ છેડે ઐલાત પાસે તો દેશ માત્ર છ માઈલ પહોળો છે. જૂન ૧૯૬૭માં ઇઝરાયલ અને જોર્ડન વચ્ચેના યુદ્ધમાં જે બધો જોર્ડનનો વિસ્તાર ઈઝરાયલે કબજે લીધો છે તેનો ઉમેરો ઉપરના માપમાં મૂકવામાં આવે તો ૩૫,૦૦૦ ચો. માઈલનો આખોયે વિસ્તાર થાય.

### ♦ ડુંગરાળ અને કસહીન જમીન :

આ પ્રદેશ અતિ ડુંગરાળ પણ છે. જ્યાં જુઓ ત્યાં પહાડો, ખડકો અને ડુંગરાળ પ્રદેશ જ જોવા મળે છે. ખેડાણ જમીનમાં પણ પથ્થરોનો સુમાર ઓછો નથી. પથરા જાણે કે જમીનમાં ઊગતા ન હોય ! પ્રભુ ઈસુએ કહેલી 'બી વાવનારની દૃષ્ટાંતકથા' માંની પથરાળ જમીન વિષે આ પરથી સમજી શકાય છે.

એક પ્રચલિત કલ્પિત દંતકથા છે : એક દૂત ખડકોથી ભરેલો એવો મોટો થેલો લઈને પૃથ્વી પરથી ઊડતો ઊડતો જતો હતો. એ પાલેસ્તાઈન પરથી ઊડી રહ્યો હતો તેવામાં જ થેલો ફાટયો, અને મોટા ભાગના પથરા પાલેસ્તાઈનમાં ઠલવાઈ ગયા ! અને એટલે જ એ દેશ ખડકોથી ભરપૂર છે! આ તો દંતકથા થઈ. પરંતુ ખરેખર એ દેશ ખડકો અને પથ્થરોથી ભરપૂર છે. ખેડાણ જમીન ઓછી રહે છે. છતાં ઈઝરાયલે ઘણા પથ્થરો અને ખડકો દૂર કરીને ખેડાણલાયક જમીન વધારી છે, અને એ પથ્થરોને રસ્તા, દીવાલો, મકાનોના પાયા વગેરેમાં વાપર્યા છે.

સૈકાંથી આ પ્રદેશ ઉજ્જડ પડેલો હોવાથી એની જમીન સૂકીલૂખી અને રણપ્રદેશ જેવી બની ગઈ હતી. અગાઉ ત્યાં વસતા આરબ બેદુઈનોએ જમીનની કંઈ જ દેખભાળ રાખી ન હતી, એટલે જમીનમાંથી કસ જતો રહ્યો હતો. આ વેરાન જમીનને સુધારવી એ ઘણું કપરું કામ હતું. કોઈ જગાએ પાણી ભરાયાં હોય ત્યાં મલેરિયાથી ખદખદતાં કલણો જ હોય. ખારાશભર્યાં આવાં કલણો જમીન તદ્દન નિર્વીય બનાવી દે છે.

ખેતીવાડીને લગતા મૂંઝવી નાખતા આટલા બધા પ્રશ્નો અન્ય કોઈ પ્રજાને નહિ હોય. નેગેબ (=દક્ષિણ) નો ભાગ આપણા રાજસ્થાન જેવો તદ્દન રણપ્રદેશ છે. એ બધો પ્રદેશ તદ્દન લૂખો અને કસહીન ઉજ્જડ બની ગયો હતો. ઝાડો કાપી નાખવામાં આવેલાં, તેથી સૂર્ય અને પવનનો મારો એવી જમીન ન જ ઝીલી શકે. વળી નેગેબમાં વરસાદ પણ તદ્દન આછો, માત્ર ચાર ઈંચ જેટલો જ છે. કોઈ વખત વરસાદ પડે ત્યારે ઓચિંતો, ધસમસી આવતી રેલના જેવો તૂટી પડે છે, જેથી જમીનમાં પચ્યા વગર ઉપરથી ઉપર જ ઘસારાબંધ વહી જાય છે. સૈકાંથી આવું પાણી સૂકી નદીઓના પટ પર થઈને સમુદ્રમાં વહી જતું. પછી આકરા સૂર્યતાપમાં જમીન બળીને તેની

પીળચટી ધૂળ બની જતી. આવી જમીન ખેતીવાડીને માટે કસહીન અને વાંઝણી બની જાય છે.

## ♦ વરસાદના દિવસો તેમજ ઓછો વરસાદ ને પાણીની તંગી :

***પાણીની ભારે અછત :***

ઈઝરાયલના આખા વિસ્તારમાં પાણીની પણ ભારે અછત છે. સૈકાંથી વરસાદનું પણ કંઈ ઠેકાણું નહોતું. ઉજ્જડ અને વેરાન ભૂમિમાં વરસાદ પ્રતિ વર્ષ ઓછો ને ઓછો જ થતો જતો. ત્યાં વરસાદની મોસમ બે તબક્કે આવે છે : આગલો અથવા પાનખરનો વરસાદ ઑકટોબર - નવેમ્બરમાં આવે છે; અને પાછલો અથવા વસંતનો વરસાદ માર્ચ-એપ્રિલમાં આવે છે. સૈકાંથી આગલો વરસાદ બહુ કમ થઈ ગયો હતો અને પાછલો તો બિલકુલ બંધ જ હતો. બાઈબલમાં એ વિષે કહ્યું હતું :



*ઈઝરાયલના પહાડો પર ઢોળાવની ખેતીવાડી*

પ્રભુ કહે છે :"મારી આજ્ઞાઓ જે હું આજે તમને ફરમાવું છું, તે જો તમે ધ્યાનથી સાંભળીને પ્રભુ તમારા પરમેશ્વર પર પ્રેમ રાખશો, ને તમારા ખરા મનથી ને ખરા જીવથી તેની સેવા કરશો, તો એમ થશે કે, હું તમારા દેશમાં વરસાદ એટલે આગલો વરસાદ તથા પાછલો વરસાદ તેની ઋતુ પ્રમાણે મોકલીશ; એ સારુ કે તું તારા ધાન્યનો તારા દ્રાક્ષારસનો અને તારા તેલનો સંગ્રહ કરી શકે. અને હું તારાં ઢોરને સારુ તારાં ખેતરોમાં ઘાસ ઉગાવીશ, ને તું ખાઈને તૃપ્ત થશે. સાવચેત રહો, રખેને પ્રભુનો કોપ તમારા પર સળગી ઊઠે, ને તે આકાશ બંધ કરે, જેથી વરસાદ ન થાય અને જમીન પોતાની ઊપજ ન આપે" (બાઇબલ : પુનર્નિયમ ૧૧ : ૧-૧૭).

સૈકાંથી પાછલો વરસાદ બંધ હતો. તે હમણાં થોડાંક વર્ષ પર શરૂ થતાં ઘણા યહૂદીઓની આંખમાંથી આંસુ આવ્યાં. ભાવિકોએ તો કહ્યુંયે ખરૂં કે ઈશ્વરે આખરે પોતાના લોકોને સંભાર્યા છે. 'શલોમોનના કુંડ' તરીકે ઓળખાતું યરુશાલેમમાંનું જળાશય જ્યારે સૈકાંઓ પછી પહેલી જ વાર ઈ.સ. ૧૯૨૭માં છલકાઈ ઊઠ્યું, ત્યારે યરુશાલેમની મ્યુનિસિપાલિટીએ માર્ચ ૨, ૧૯૨૭ને રોજ જાહેર આભાર પ્રદર્શન (આભારસ્તુતિ)નો સમારંભ આ કુંડ પાસે રાખ્યો હતો. આ કુંડમાં છ કરોડ ગૅલન પાણી હતું.

### ♦ ખેતીવાડી અને ફળદ્રુપતા :

આવા સૂકા અને ઉજ્જડ પ્રદેશને ઇઝરાયલે બગીચામાં ફેરવી નાખ્યો છે. સૌથી પ્રથમ ઈ.સ. ૧૮૮૩માં બૅરન એડમંડ રોધસચાઈલ્ડે પાલેસ્તાઈનમાં ખેતીવાડીની એક વસાહત સ્થાપી હતી, અને એનું નામ રીશોન-લે-ઝાયન (= સિયોનની શરૂઆત) એવું પાડયું હતું. એમાં ૩,૧૮૦ એકર જમીન રોકવામાં આવી હતી, અને ખેડાણલાયક બનાવવામાં આવી હતી. એમાં ચાર લાખ ફળઝાડના રોપા રોપવામાં આવ્યા હતા, અને સ્પેનથી ત્રીસ લાખ દ્રાક્ષાવેલાની કલમો લાવીને રોપવામાં આવી હતી. દ્રાક્ષના રસને ભરી રાખવા માટે સોળ સત્તર હજાર ગૅલન રસ સમાય એવાં જંગી ભંડારિયાં બનાવવામાં આવ્યાં હતાં. વસાહતમાં સુંદર હોટલો, દુકાનો, સભાગૃહો, શાળાઓ વગેરે ઊભાં કરવામાં આવ્યાં હતાં.

ત્યાર પછી તો એવી અને એના કરતાંયે મોટી ખેતીવાડીની અનેક વસાહતો પાલેસ્તાઈનમાં ઊભી રાખવામાં આવી. ઈ.સ. ૧૯૦૦માં આવી ૨૪ વસાહતો હતી, અને તેમાં કામ કરનારાં ૩,૦૦૦ માણસો હતાં. ઈ.સ.

૧૯૩૬માં ૨૦૦ વસાહતો થઈ, અને તેમાં કામ કરનારાં ૧,૧૦,૦૦૦ થયાં. ઈ.સ. ૧૯૪૩માં ૩૦૦ વસાહત થઈ, અને ૨૬૦ ખેતીવાડીના વસવાટ થયા.

આજથી દોઢસો વર્ષ પૂર્વે પાલેસ્તાઈનમાં નારંગીની એક પણ વાડી નહોતી, જયારે ઈ.સ. ૧૯૦૧માં નારંગીની ૯૦૦ વાડી થઈ. ઈ.સ. ૧૯૨૨માં ૧૧,૦૦૦ વાડી, ઈ.સ. ૧૯૨૦માં ૧૮,૦૦૦ વાડી અને ઈ.સ. ૧૯૨૯માં ૪૫,૦૦૦ વાડી થઈ. આજે તો જાફ્ફાની નારંગી દુનિયામાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.

પાલેસ્તાઈનમાં ફળોની નિકાસના નીચેના આંકડા ત્યાંના નિકાસપત્રક મુજબ આપ્યા છે. ફળોની નિકાસની એક પેટી ૭૦ રતલની હોય. એ પ્રમાણે ઈ.સ. ૧૯૨૧-૨૨માં ૧૨,૩૪,૦૦૦ ફળ પેટીઓની નિકાસ થઈ. ઈ.સ. ૧૯૨૯-૩૦માં ૨૮,૯૮,૦૦૦ પેટીઓની; ૧૯૩૪-૩૫માં ૭૩,૩૧,૦૦૦ પેટીઓ અને ૧૯૩૬-૩૭માં ૧,૦૮,૦૧,૫૯૦ પેટીઓની નિકાસ થઈ. ૧૯૩૭-૩૮ માં સીટ્રસ (નારંગી, લીબું, ગ્રેપફ્રુટ) ફળોની ૧,૧૯,૮૭,૦૦૦ પેટીઓની નિકાસ થઈ. એમાં ૧,૦૧,૫૬,૦૦૦ નારંગીની પેટીઓ; ૧૭,૪૮,૦૦૦ ગ્રેપફ્રૂટની પેટીઓ અને ૮૩,૦૦૦ બીજાં સીટ્રસ ફળોની પેટીઓ હતી.

સીટ્રસ ફળોની ઈ.સ. ૧૯૪૮-૪૯માં ૨,૭૨,૦૦૦ ટનની નિકાસ થઈ, ઈ.સ. ૧૯૫૮-૫૯માં ૫,૮૭,૦૦૦ ટનની અને ૧૯૬૬-૬૭માં ૧૦,૮૨,૦૦૦ ટનની નિકાસ થઈ. સીટ્રસ ફળોની પેદાશમાંથી આ નાનકડા દેશે ઈ.સ. ૧૯૫૯ની સાલમાં ચોત્રીસ કરોડને બેંતાળીસ લાખ રૂપિયાની નિકાસ કરી; ઈ.સ. ૧૯૬૨ માં છત્રીસ કરોડને નેવું લાખ રૂપિયાની; ઈ.સ. ૧૯૬૪માં ઓગણચાળીસ કરોડને પંદર લાખ રૂપિયાની અને ૧૯૬૬માં છપ્પન કરોડ ને સાડત્રીસ લાખ રૂપિયાની નિકાસ કરી; જયારે ખેતીવાડીની સમગ્ર નિકાસ એ જ વર્ષો માટે નીચે પ્રમાણે હતી : ઈ.સ. ૧૯૫૯ માં તેંતાળીસ કરોડ ને સત્તાવન લાખ રૂપિયાની; ઈ.સ. ૧૯૬૨માં એકાવન કરોડને પંદર લાખ રૂપિયાની; ૧૯૬૪માં પચાસ કરોડ રૂપિયાની અને ૧૯૬૬માં એકોતેર કરોડ ને સત્તર લાખ રૂપિયાની.

## I. સીટ્રસ ફળોનો પાક અને ઉદ્યોગખાતાના આંકડા

(નીચેના આંકડા એટલા હજાર ટનની ગણતરીમાં છે)

| | ૧૮૫૮/૫૯ | ૬૦/૬૧ | ૬૨/૬૩ | ૬૪/૬૫ | ૬૬/૬૭ | ૬૭/૬૮ | ૭૪/૭૫ અંદાજ |
|---|---|---|---|---|---|---|---|
| કુલ ફસલ | | | | | | | |
| ઉદ્યોગ ખાતે | ૫૫૫ | ૪૬૯ | ૭૩૬ | ૮૭૮ | ૧૦૮૭ | ૧૨૭૬ | ૧૫૯૫ |
| આપેલાં ફળો | ૧૦૭ | ૮૨ | ૧૧૯ | ૨૨૩ | ૩૦૯ | ૪૨૧ | ૪૮૪ |

## II. તાજાં ફળો તેમ જ સીટ્રસ ફળોની પેદાશની થયેલી નિકાસ

(નીચેના આંકડા ૧૦ લાખ ડૉલર્સના રજૂ કર્યા છે) (આઠે ગુણવાથી રૂપિયાનો અંદાજ આવે)

| | ૧૯૫૮/૫૯ | ૬૦/૬૧ | ૬૨/૬૩ | ૬૪/૬૫ | ૬૬/૬૭ | ૬૭/૬૮ | ૭૪/૭૫ અંદાજ |
|---|---|---|---|---|---|---|---|
| સીટ્રસ ફળોની નિકાસ | ૫.૭ | ૫.૧ | ૯.૮ | ૧૮.૮ | ૨૧.૧ | ૨૬.૭ | ૪૦.૦ |
| (૧૯૮૩માં ૮૦ લાખ ડૉલર્સની થઈ હતી.) | | | | | | | |
| તાજાં ફળોની નિકાસ | - | - | ૪૯.૧ | ૫૨.૭ | ૭૪.૬ | ૮૮.૨ | ૧૧૦ |

## III. ખેતીવાડીની કાચી પેદાશ ૧૯૬૭-૬૮

| પેદાશ | જથ્થો (ટન) |
|---|---|
| સીટ્રસ ફળો | ૧૨,૬૫,૦૦૦ |
| કેળાં | ૪૪,૦૦ |
| દ્રાક્ષ | ૭૧,૯૫૦ |
| જૈતફળ (ઑલિવ) | ૯,૫૦૦ |
| બટાટા અને શાકભાજી | ૪,૯૧,૦૦૦ |
| તમાકુ | ૧,૮૮૦ |
| કપાસ | ૮૮,૦૦૦ |

ઈઝરાયલ રાજ્યના ખેડૂતે દેશની ખોરાકીનો (કિંમત પ્રમાણે) પોણો ભાગ પૂરો પાડયો છે. ખેતીવાડીની બાબતમાં આવો પ્રચંડ વિકાસ બીજે ક્યાંયે થયો નથી. અને તેયે વળી આસપાસનાં ઝનૂની અને એકસંપ થયેલાં પાડોશી આરબ રાજ્યોની સામે મોરચો સતત અજેય રાખીને !



તાજાં ફળો તેમ જ સીટ્રસ ફળોની પેદાશ

## દેશને મલેરિયા મુક્ત બનાવ્યો

પડતર દેશમાં ઠેકાણે ઠેકાણે મલેરિયા વ્યાપક હતો; એટલે ઈઝરાયલીઓએ મચ્છર પેદા કરનારાં ખાબોચિયાં દૂર કર્યાં, સતત દવાઓ છાંટી અને બીજા અનેક પ્રયત્નોથી દેશને મલેરિયામુક્ત બનાવ્યો. જ્યાં રેતીના ઢગ જામ્યા હતા, ત્યાં રેતીને આસપાસથી બાંધી દઈ ગૌચર બનાવ્યાં.

યર્દન નદીની શરૂઆતના ભાગમાં હુલાહ સરોવરની આસપાસનો લગભગ ૨૦ થી ૨૫ ચોરસ માઈલનો વિસ્તાર અતિશય ભેજવાળો, ઉષ્ણ અને મચ્છર, સાપોલિયાં અને એવી જીવાતોથી ખદબદતો હતો. કોઈ માણસોને ત્યાં વસવું ફાવતું નહોતું. ઈઝરાયલે ૧૯૫૮ સુધીમાં તો એને કોરો પ્રદેશ બનાવી દીધો, અને હવે તો એ વિસ્તાર ફળોથી લચી પડતા બગીચા અને શાકભાજીની લીલીછમ વાડીઓથી નંદનવનસમો બની ગયો છે.

## ♦ નાહલ એટલે એક ખાસ લશ્કર ઊભું કરવામાં આવ્યું

નાહલ : ઈઝરાયલમાં એક ખાસ પ્રકારનું લશ્કર (દળ) ઊભું કરવામાં આવ્યું છે. એને ‘નાહલ’ (= પુરોગામી યુવાન, અ. પાયોનિયર યુથ) કહેવામાં આવે છે. આ દળને નવ મહિનાની સર્વ પ્રકારની લશ્કરી તાલીમ અને અવનવા પ્રદેશ ખેડવાની અને નવાં કામ ઉપાડવાની તાલીમ આપવામાં આવે છે. ત્યાર પછી તેમને ખેતીપ્રધાન ગામડાંમાં એક વર્ષ માટે મોકલવામાં આવે છે. ત્યાં તેઓ લશ્કરી શિસ્ત નીચે પ્રત્યક્ષ જાતમહેનતથી ખેતિવિષયક અનુભવ મેળવે છે. તેઓ તદ્દન નવા ઉજ્જડ વિસ્તારોમાં જઈ નવાં ગામ વસાવે છે, અને નવેસરથી ખેતી કરે છે, અથવા હયાતી ધરાવતા કોઈ ગામને વિસ્તૃત અને આબાદ બનાવે છે. આ દળમાં યુવકો તેમ જ યુવતીઓ પણ હોય છે. આ નવાં બનેલાં ગામડામાં પાછળથી અન્ય નાગરિકો જઈને વસવાટ કરે છે, અને ખેતીનું કામ ઉપાડી લે છે. ઈઝરાયલનાં સાહસિક જુવાનો શહેરોની આરામભરી ખુરશીની નોકરીઓ ન શોધતાં ગામડાંમાં જઈ પોતાની જાતને જમીન સાથે ઓતપ્રોત બનાવી દે છે.

અગાઉ આપણે જોયું તેમ આ પ્રદેશની જમીન કસ વગરની થઈ ગઈ હતી. પરંતુ જમીનને રસાળ કરનારાં રસાયણો અને ખાતરો મૃત સરોવરમાંથી વિપુલ પ્રમાણમાં મળતાં હોવાથી એ તદ્દન સસ્તાં પડે છે, અને એ દ્વારા જમીનને ખૂબ જ ફળદ્રુપ બનાવવામાં આવી છે. દોઢસો વર્ષ અગાઉ જે જમીન

ઉજ્જડ, વેરાન, સૂકી અને કસ વગરની થઈ ગઈ હતી, તેનો ફળવંત લીલોછમ બગીચો બનાવી દીધો છે.

ઈ.સ. ૧૯૨૦-૨૯ સુધીમાં પચાસ લાખ ઝાડ અને વીસ લાખ દ્રાક્ષાવેલાઓ રોપવામાં આવ્યા. એકલા મગિદ્દોના મેદાનમાં ૧૦,૦૦૦ યુકેલિપ્ટસનાં ઝાડ રોપવામાં આવ્યાં. ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાયલનું રાજ્ય સ્થપાયા પછી થોડા જ સમયમાં ૬૦,૦૦,૦૦૦ ઝાડ રોપવામાં આવ્યાં. હિટલરે (સાઠ લાખ) યહૂદીઓને મારી નાખ્યા હતા, તેની યાદગીરીમાં એટલી જ સંખ્યામાં ઝાડ રોપ્યાં. સુકાણવાળા પ્રદેશમાં ૧૯૦૧ થી ૧૯૮૩ સુધીમાં કુલ પંદર કરોડ વૃક્ષો રોપવામાં આવ્યાં છે.

પાલેસ્તાઈનમાં ફૂલો આપતા ૩,૦૦૦ છોડ થાય છે. ઘઉં, જવ, દ્રાક્ષ, અંજીર, જૈતવૃક્ષ, દાડમ, મધ, ખજૂર, કેળાં, સંતરાં અને બીજાં સીટ્રસ ફળો, તેમ જ જામફળ અને કેરીથી દેશ ભરપૂર બન્યો છે. ટામેટાં અને અખરોટની પેદાશમાં તો ઈઝરાયલ કોઈપણ દેશને ટપી જાય એવું એમનું ઉત્પાદન છે. બાઈબલમાં આશીર્વાદનું ભવિષ્યવચન લખાયું છે કે, "પ્રભુએ સિયોનને દિલાસો દીધો છે... તેના રણને એદન બાગ સરખું, ને તેના વનને 'ઈશ્વરની વાડી' સરખું કર્યું છે." (બાઈબલ : યશાયા ૫૧ : ૩)

## ♦ ફળદ્રુપતા વિષે ભવિષ્યકથનો :

આ ફળદ્રુપતા સંબંધી અઢીથી ત્રણ હજાર વર્ષો પૂર્વે ઈશ્વરે પોતાના પયગંબરો મારફતે ઈઝરાયલ પ્રજાને જણાવેલાં ભવિષ્યકથનો તો જુઓ :

"અરણ્ય તથા સૂકી ભૂમિ હરખાશે; વન આનંદ કરશે ને ગુલાબની પેઠે ખીલશે. તે પુષ્કળ ખીલશે, વળી આનંદ અને હર્ષનાદ કરીને તે હરખાશે. તેને લબાનોન પર્વતનું ગૌરવ, કાર્મેલ પર્વત અને શારોનની ફળદ્રૂપ ખીણનો વૈભવ આપવામાં આવશે." (બાઈબલ : યશાયા ૩૫ : ૧,૨). " તમારી આગળ પર્વતો અને ટેકરીઓ હર્ષનાદ કરવા માંડશે.

અને ખેતરોનાં સર્વ ઝાડ તાળી પાડશે. કાંટાના ઝાડને ઠેકાણે દેવદાર, અને રાની ગુલાબને ઠેકાણે મેંદી ઊગશે. તે પ્રભુની નામના તરીકે, કદી નાશ પામે નહિ એવું અનંતકાળ સુધીનું સ્મારક થશે" (બાઈબલ : યશાયા ૫૫ : ૧૨,૧૩)

વળી, બીજું એક ભવિષ્યવચન જોઈએ : "જુઓ, પ્રભુ કહે છે, એવા



દિવસો આવે છે કે, ખેડનારનું કામ કાપણી કરનારના કામ સુધી ચાલશે, ને દ્રાક્ષ પીલનારનું કામ બી વાવનારના કામ સુધી ચાલશે, અને પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને સર્વ ડુંગરો પીગળી જશે. હું મારા ઈઝરાયલ લોકની ગુલામગીરી પાછી ફેરવીશ, ને તેઓ ઉજ્જડ નગરો બાંધીને તેઓમાં વસશે. તેઓ દ્રાક્ષવાડીઓ રોપીને તેઓનો દ્રાક્ષારસ પીશે; તેઓ બાગબગીચા પણ બનાવીને તેમનાં ફળ ખાશે. હું તેઓને તેઓના પોતાના દેશમાં રોપીશ, ને જે દેશ મેં તેઓને આપ્યો છે, તેમાંથી તેઓને ફરી કદી પણ ઉખેડી નાખવામાં આવશે નહિ, એ પ્રમાણે તારો પ્રભુ પરમેશ્વર કહે છે" (બાઈબલ : આમોસ ૯ : ૧૩-૧૫).

પુરાણા સમયનાં આ બધાં ભવિષ્યકથનોમાં એક વાત સ્પષ્ટ થતી હતીઃ ઈશ્વર યહૂદી પ્રજાને 'વતન' માં પાછી લાવશે, અને દેશની ફળદ્રુપતા વધારી દેવામાં આવશે. અને આજે એ ભવિષ્યકથનો પૂરાં થવા માંડયાં છે.

પૃથ્વી પર આજે આ જ દેશ એવો છે જ્યાં ભૂખમરો અને દુકાળ નથી.

એ વિષે બાઈબલમાં અગાઉથી કહેલી ભવિષ્યવાણી આ પ્રમાણે છે : ઈશ્વર જણાવે છે કે, "હું અનાજને આજ્ઞા કરીને બોલાવીશ, ને તેને વધારીશ, ને તમારા ઉપર દુકાળ નહિ પાડું. હું તમારાં વૃક્ષોનાં ફળ અને ખેતરની ઊપજ એવી રીતે વધારી દઈશ કે **ફરીથી તમને કદી પણ** પ્રજાઓમાં દુકાળ વિષે મહેણું મારવામાં આવશે નહિ" (બાઈબલ : હઝકિયેલ ૩૬ : ૨૯-૩૦). આ બધાં ભવિષ્યવચનો અક્ષરશઃ ખરાં પડતાં જાય છે.

લગભગ ઓગણીસ સદીઓથી યહૂદીઓ ખેતીકામથી બિનમાહિતગાર બન્યા હતા; કારણ મોટા ભાગના દેશોમાં જ્યાં તેઓ વિખેરાયા હતા, તેમાં તે દેશોના કાયદાને કારણે તેઓ જમીન ખરીદી શકતા નહિ. છતાં પાલેસ્તાઈનમાં આવીને તેઓએ ખેતીવાડીનાં જે ધારાધોરણ બાઈબલ તેમ જ બાઈબલ પછીનાં યહૂદી સાહિત્યોમાં આપવામાં આવ્યાં છે તે પ્રમાણે ખંતપૂર્વક ખેતી શરૂ કરી. એ ધારાધોરણોને તેઓ સંપૂર્ણપણે વળગી રહ્યા છે. પાછલાં સત્તર જ વર્ષમાં એટલે કે ઈઝરાયલ રાજય સ્થપાયા પછી, ખેડાણ જમીન (૧૯૬૭માં) લગભગ ત્રેવડી (અગિયાર લાખ એકર) થઈ, અને સિંચાઈવાળો ભાગ પાંચગણો વધ્યો, (૪,૧૦,૦૦૦ એકર) અને જમીનમાંથી ઉત્પન્ન પણ ચોગણું થઈ ગયું છે.

ત્યાંના ખેતીવાડીને લગતા સરકારી અમલદારો એમના કામના સાચી રીતે જાણકાર હોય છે. તેઓ ખેડૂતો સાથે સીધો સંબંધ કેળવે છે, અને તેમને શું કરવું, કેવી રીતે કરવું અને ક્યારે કરવું એ બધું રસપૂર્વક સમજાવે છે. શ્રમ, જમીન અને પાણીનો જરાયે બગાડ ન થાય, અને ઉત્પાદન વધતું જાય એ માટે આ પ્રજા બહુ બહુ ચીવટ રાખે છે. કેટલીક જગાએ તો પાણીનો બગાડ ન થાય તે માટે જમીનમાં પાણી ન પીતાં છોડોનાં મૂળમાં 'ઈંજેક્ટ' કરવામાં આવે છે.

ઈઝરાયલ પ્રજા ખેતી માટે યંત્રસામગ્રીનો બહોળો ઉપયોગ કરે છે. મોટા ભાગનાં યંત્રોની માલિકી રાજયની હોય છે, અને ખેડૂતોને વપરાશ માટે જયારે અને જયાં જોઈએ ત્યારે અને ત્યાં એ યંત્રો આપવામાં આવે છે.

ઈઝરાયલ રાજયમાં લગભગ ૯/૧૦ ભાગની જમીન રાષ્ટ્રની અથવા યહૂદી રાષ્ટ્ર ભંડોળની છે, જેથી ખેતીની એકસામટી સમગ્ર યોજના થઈ શકે. વાપરનારાઓને એ જમીન ૪૯ વર્ષના પટા પર આપવામાં આવે છે. બાઈબલને આધારે દર પચાસમું વર્ષ જયુબિલીનું એટલે કે છુટકારાનું વર્ષ

છે. લેણું કે દેણું, ગુલામો કે મિલકત, જમીન કે ગીરવેલું કે પટે આપેલું - એ બધું દર પચાસમા વર્ષે મુક્ત કરવાનું હોય છે. એ વિષેના બાઇબલના શબ્દો નીચે ટાંકયા છે :

"પ્રભુએ સિનાય પર્વત પર મોશેને કહ્યું કે, ઇઝરાયલપુત્રોને એમ કહે કે, જે દેશ હું તમને આપવાનો છું, તેમાં તમે આવો ત્યારે તે દેશ પ્રભુનો વિશ્રામ પાળે. છ વર્ષ તારા ખેતરમાં વાવવું, ને છ વર્ષ તારે તારી દ્રાક્ષવાડીમાં કાપકૂપ કરવી, ને તેની ઊપજનો સંગ્રહ કરવો; પણ સાતમે વર્ષે દેશને માટે પવિત્ર વિશ્રામનો સાબ્બાથ (= વિશ્રામ), એટલે પ્રભુનો વિશ્રામ થાય. તારે તારા ખેતરમાં વાવણી કરવી નહિ, ને તારી દ્રાક્ષવાડીમાં કાપકૂપ કરવી નહિ. તારી ફસલમાં જે પોતાની મેળે ઊગ્યું હોય તે તારે કાપવું નહિ, ને તારા કેળવ્યા વગરના દ્રાક્ષવેલાની દ્રાક્ષો તારે વીણી લેવી નહિ. એ વર્ષ દેશને માટે પવિત્ર વિશ્રામનું થાય. અને દેશના વિશ્રામથી તો તારે માટે ખોરાક નીપજશે. તેની બધી ઊપજ તારો, તારા નોકરનો, તારી નોકરાણીનો, તારા મજૂરનો, તારી સાથે પ્રવાસ કરતા તારા પરદેશીનો, અને તારાં ઢોરઢાંકનો તેમ જ તારા દેશનાં જાનવરોનો ખોરાક થશે.'

"અને તારે પોતાને સારુ વર્ષોના સાત વિશ્રામ એટલે સાતગણાં સાત વર્ષ ગણવાં; અને વર્ષોના સાત વિશ્રામની મુદત એટલે ઓગણપચાસ વર્ષ થશે..... પચાસમું વર્ષ તમારે પવિત્ર પાળવું, ને આખા દેશમાં તેના સર્વ રહેવાસીઓને માટે છૂટકાનો ઢંઢેરો પિટાવવો. તે તમારે સારુ જયુબિલીનું વર્ષ થાય... તમારે વાવણી કરવી નહિ, વળી પોતાની મેળે ઊગ્યું હોય તે કાપવું નહિ, ને તારા કેળવ્યાવગરના દ્રાક્ષવેલા પરથી વીણવું નહિ, કેમ કે એ તો જયુબિલી છે, તેને તમારે પવિત્ર ગણવી" (બાઇબલ : લેવીય ૨૫ : ૧-૧૨)

ઈઝરાયલમાં ડુંગરો ઘણા હોવાથી સમોચ્ચ ખેતી (કન્ટુર કલ્ટીવેશન) અથવા ઢોળાવની ખેતી કાયદાની મારફતે ફરજિયાત બનાવવામાં આવી છે. પહોળા પહોળા ચાસ અને રક્ષણાત્મક નીકો દ્વારા વધારાનું પાણી આગળ વહાવી દેવામાં આવે છે.

## ♦ સિંચાઈ અને ભવિષ્યવચનો :

ઈઝરાયલ રાજયમાં સિંચાઈ પર બહુ ધ્યાન આપવામાં આવે છે, એટલે ત્યાંની સિંચાઈ-વ્યવસ્થા બહુ ધ્યાન ખેંચે તેવી છે. વરસાદ ઓછો હોવાને લીધે નહેરોનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. ઈ.સ. ૧૯૪૮ થી આજ સુધીમાં

સિંચાઈ પામતો ભાગ પાંચગણો વધી ગયો છે. ઈ.સ. ૧૯૪૯ની સાલમાં ૭૫,૦૦૦ એકરમાં સિંચાઈ થતી હતી, તેની ઈ.સ. ૧૯૬૫ માં ૩,૮૦,૦૦૦ એકર, ૧૯૬૬ માં ૩,૯૫,૦૦૦ એકર; ૧૯૬૭ માં ૪,૧૦,૦૦૦ એકર અને ૧૯૮૫માં ૬,૦૦,૦૦૦ એકર થઈ. એને લઈને ઉત્પાદન ઘણું વધી ગયું. ત્યાંની સરકાર ખેતી-ઉત્કર્ષમાં બહુ ઊંડો રસ લે છે. ખેતી પેદાશની નિકાસ ૧૯૭૦માં ૧૬૯ કરોડ રૂપિયાની હતી જ્યારે ૧૯૮૩માં રૂપિયા ૬૭૬ કરોડની થઇ.

### ગાલીલ સરોવર

ઉત્તરે ગાલીલ (કિન્નરેથ, તિબેરિયસ અથવા ગન્નેસરેત)ના સરોવરમાંથી પાણી લઈને છેક નીચાણમાં નેગેબના સૂકા પ્રદેશ સુધી પહોંચાડવામાં આવે છે. ગાલીલનું સરોવર ઇઝરાયલ અને સિરિયાની સરહદો વચ્ચે આવેલું છે, અને પોણાતેર માઈલ લાંબું અને સાડાસાત માઈલ પહોળું એવું આ ગાલીલ (અથવા કિન્નરેથ, તિબેરિયસ, ગન્નેસરેત) સરોવર દરિયાઈ સપાટીથી ૬૮૨.૫ ફૂટ નીચું છે. પણ પાણી ઊંચે ખેંચનારાં યંત્રો વડે એમાંથી પ્રતિ વર્ષે બત્રીસ કરોડ ઘન મીટર પાણી ઊંચે ખેંચવામાં આવે છે અને છેક દક્ષિણમાં નેગેબ સુધી પહોંચાડવામાં આવે છે. એક ટચૂકડા અને નવા ઊગતા દેશ માટે આ તો હેરતભરી અને મહાભારત સિદ્ધિ કહેવાય.

આંતરરાષ્ટ્રીય કરાર પ્રમાણે એ સરોવરનાં પાણીના બે ભાગ સિરિયા વાપરે, અને બાકીનો એક ભાગ ઇઝરાયલ વાપરે એવી વ્યવસ્થા છે. સિરિયા બીજાં આરબ રાજ્યો સાથે મળીને બુમરાણ મચાવે છે કે ગાલીલ સરોવરનાં પાણીમાંથી અમને અમારા હક્કનું પાણી મળતું નથી. આવા તેના બૂમ-બરાડા અવાસ્તવિક છે. સિરિયા તો ઉપલાણના ભાગમાં હોવાથી ઇઝરાયલ લે તે પહેલાં જોઈએ તેટલું પાણી તે લઇ શકે છે. પણ સિરિયા એનો પૂરો લાભ લઈ શકતું નથી. કારણ, એને સમજ પડતી નથી કે એનાં પાણી શામાં અને કેવી રીતે વાપરવાં.

### સિંચાઈની સૌથી મોટી પાઈપલાઈન

ઇઝરાયલ તો મશીનો વડે પાણી ખેંચીને ઊંચાણમાં આવેલાં જળાશયોમાં એનાં પાણી સંઘરે છે, ને ત્યાંથી પાઈપ-લાઈનો તથા નહેરો મારફતે દેશભરમાં સિંચાઈ કરે છે. એમાંની એક પાઈપ લાઈન તો દશ ફૂટ વ્યાસવાળી છે. એ કિન્નેરેથ - નેગેબ પ્રોજેક્ટ તરીકે ઓળખાય છે. ઇઝરાયલની આ

સૌથી મોટી (૨૦૦ માઈલ લાંબી) અને અગત્યની સિંચાઈની યોજના છે. એવી બીજી ઘણી યોજનાઓ છે જે દ્વારા જમીનને સીંચવામાં આવે છે.

શરૂઆતમાં ઈ.સ. ૧૯૬૪માં યર્દનમાંથી બાવન કરોડ રૂપિયાને ખર્ચે ૮૮ માઈલ લાંબી પાઈપ લાઈન ઈઝરાયલે નાખી હતી. આરબ રાજયોએ આ સંબંધી વાંધો લીધો હતો, અને એની સામે આરબોએ યર્દનની શરૂઆતમાં એના આધારસમી હસ્બની અને બાનિયાસ નદીઓને કેનાલો બનાવીને પોતા તરફ વાળી લેવા ઠરાવ્યું હતું.

ઈઝરાયલમાં મહા પરિવર્તનકારી 'ડ્રીપ સિસ્ટમ' (ટીપે ટીપે પાણી છોડના મૂળ પાસે પડતું રહે એવી વ્યવસ્થાએ) પાણીનો ખૂબ બચાવ થાય છે. ઈ.સ. ૧૯૬૦માં એ પદ્ધતિ શોધી કાઢવામાં આવી હતી.

## *સમુદ્રનાં ખારાં પાણીને શુદ્ધ કરીને તેનો વપરાશ*

પાણીની તૂટને પહોંચી વળવા ખારા સમુદ્રમાંથી (મૃત સરોવરમાંથી) ક્ષારવાળાં પાણીને પણ શુદ્ધ કરીને ઉપયોગમાં લેવામાં આવે છે. આ અંગે ઓછા ખર્ચાળ અને બહુ સફળ અખતરા ઈઝરાયલમાં કરવામાં આવ્યા છે. આ દેશને થયેલા અનુભવો અને તેણે કરેલા અખતરાઓનો લાભ લેવા બીજા દેશો ઈઝરાયેલના નિષ્ણાતોને પોતાને ત્યાં બોલાવે છે. ભારત એ લાભ ઉઠાવતું નથી એ દુઃખકર હકીકત છે.

પાલેસ્તાઈનની સિંચાઈ વિષે પણ અઢીથી ત્રણ હજાર વર્ષ પૂર્વ ભવિષ્યવચનો આપવામાં આવ્યાં હતાં. એમાંનાં કેટલાંક અહીં આપણે જોઈએ:

"લંગડો હરણની પેઠે કૂદશે, ને મૂંગાની જીભ ગાયન કરશ; કારણ કે અરણ્યમાં પાણી, અને વનમાં નાળાં ફૂટી નીકળશે. મૃગજળ તે તલાવડી, ને તરસી ભૂમિ તે પાણીના ઝરા થઈ જશે. શિયાળોના રહેઠાણમાં તેમને સૂવાને ઠેકાણે, ઘાસની સાથે બરુ અને સરકટ ઊગશે." (બાઈબલ : યશાયા ૩૫ : ૬-૭), ઈઝરાયલમાં હાલ એવું જ જોવા મળે છે. પુરાણા ઝરા શોધી કાઢવામાં આવ્યા છે, અને નવનવાં ઝરણાં પણ ફૂટી નીકળ્યાં છે.

બીજી એવી જ એક ભવિષ્યવાણી જોઈ લઈએ : પ્રભુ કહે છે, "હું ઉજ્જડ ડુંગરો પર નાળાં ને ખીણોમાં કૂવા કરીશ, હું અરણ્યને પાણીનું તળાવસ ને સૂકી ભૂમિને પાણીના ઝરા બનાવીશ" (બાઈબલ : યશાયા ૪૧ : ૧૮.

વળી જુઓ યશાયા ૪૩ : ૧૯). વળી બીજી એક ભવિષ્યવાણી બતાવે છે કે, "તે દિવસે પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને ડુંગરોમાંથી દૂધ વહેશે. યહૂદિયાના સર્વ વહેળાઓમાં પાણી વહેશે" (બાઈબલ યોએલ ૩ : ૧૮). આ ઉપરાંત હઝકિયેલના પુસ્તકનો ૪૭મો અધ્યાય નવી થનાર નદી વિષેનું ભવિષ્યકથન આપે છે."

## ◆ ડેરી અને પોલ્ટ્રીફાર્મ-દુધાળ ઢોરો અને મરઘાંનો ઉછેરઃ

ઇઝરાયલ ડેરી ફાર્મિંગમાં પણ વધુ ને વધુ સમૃદ્ધ બનતું જાય છે. દુનિયાના બીજા પ્રગતિશીલ દેશોની સમકક્ષ રહી શકે એટલે સુધી આ ટૂંકા ગાળામાં તેમણે આગેકૂચ કરી છે. આ દેશમાં ગાયોની ઘણી બરદાસ્ત કરવામાં આવે છે. રાજયની સ્થાપનાનાં સોળ વર્ષમાં દુધાળ ગાયોની સંખ્યા ૧૯,૦૦૦ થી વધીને ૭૪,૦૦૦ ની થઈ છે, અને પ્રત્યેક ગાય વરસે સરેરાશ ૪,૭૯૦ લિટર દૂધ આપે છે. રજિસ્ટર્ડ થયેલી ગાયો ૫,૭૬૦ લિટર આપે છે. આ આંક દુનિયાનો ઊંચામાં ઊંચો આંક છે.

૧૯૮૭માં ઇઝરાયલના કિબુત્ઝ ગીવાત બ્રેનરમાં ત્યાંની કિબુત્ઝ કંપનીએ કૉમ્પ્યુટર તૈયાર કર્યું છે, જે દ્વારા કિબુત્ઝની ગાયોને ખોરાક આપવાનું, ગાયોની ઓલાદ ઉછેરવાનું, તેમની વૈદકીય સારવાર કરવાનું અને સંભાળ રાખવાનું અને આખા ધણને વ્યવસ્થિત રાખવાનું કામ કૉમ્પ્યુટર દ્વારા ઉપાડી લેવામાં આવે છે.

ઈંડાંને માટે મરઘાં ઉછેર બહુ વિસ્તારવામાં આવ્યો છે. ઈંડાની પેદાશોની નિકાસ સારો એવો પૈસો દેશમાં લાવે છે. તાજેતરમાં ઇઝરાયલે ઈંડાનો જે અઢળક જથ્થો યુરોપમાં મોકલાવ્યો, તેથી 'યુરોપીય કૉમન માર્કેટ' (=મજિયારું બજાર) ગભરાઈ ઊઠયું હતું, અને એ વેપાર પર બંધન મૂકયાં હતાં.

ખોરાકને માટે માંસ પણ મરઘાંમાંથી વિશેષ મેળવાય છે. ઈ.સ. ૧૯૬૪-૬૫ના વર્ષમાં ૫૮,૦૦૦ ટન માંસ મરઘાંમાંથી પૂરું પાડવામાં આવ્યું હતું, જયારે ૧૯૬૬-૬૭માં ૮૮,૫૦૦ ટન પૂરું પાડવામાં આવ્યું હતું. ઇઝરાયલમાં માનસશાસ્ત્રનો આધાર લઈને મરઘી પાસેથી દિવસનાં બબ્બે ઈંડાં મેળવવાના સફળ અખતરા કરવામાં આવ્યા છે, અને એ અખતરા અમલી પણ બન્યા છે.

ખોરાક માટે પણ ગાયો ઊછેરવામાં આવે છે. અઢાર વર્ષમાં (૧૯૪૮ થી ૧૯૬૬ સુધીમાં) ૨૦,૦૦૦ ઘેટાંમાંથી વધીને એની સંખ્યા ૧,૯૦,૦૦૦ સુધી પહોંચી છે. ઘેટાંના દૂધનું ઉત્પાદન વધતું જ જાય છે. માંસ તથા ઊન માટે સારામાં સારાં ઘેટાં ઉછેરવા સંબંધીના અખતરા ચાલુ જ છે.

## ♦ વેપાર - ઉદ્યોગ અને ખનીજ :

ઈઝરાયલનું રાજય જોકે ખેતીવાડી પર બહુ ધ્યાન આપે છે, છતાં વેપારઉદ્યોગ તરફ જરાયે બેદરકારી સેવતું નથી. પશ્ચિમના દેશોને ટક્કર મારે એવા ઉદ્યોગો દેશમાં વિકસતા જાય છે. ભવિષ્ય ખૂબ ઊજળું છે. ઉદ્યોગોમાં કામ કરનારની સંખ્યા ઈ.સ. ૧૯૫૫ની સાલમાં ૧.૨૭,૦૦૦ માણસોની હતી, અને તેની પેદાશમાંથી ઓગણચાળીસ કરોડ ને પંચોતેર લાખ રૂપિયા જેટલી રકમ નિકાસ દ્વારા પરદેશોમાંથી મેળવી હતી.જયારે ઈ.સ. ૧૯૬૫ની સાલમાં ઉદ્યોગોમાં કામ કરનારની સંખ્યા ૨,૩૬,૦૦૦ હતી અને ઉદ્યોગોની નિકાસમાંથી બસો અઠાવન કરોડ પંચોતેર લાખ રૂપિયા જેટલી રકમ પરદેશોમાંથી મેળવી હતી.

ઈઝરાયલના ૫૦,૦૦૦ વિજ્ઞાનીઓ અને એન્જિનિયરોમાંથી (૧૯૮૩) ૫૦૦૦ ને ઉદ્યોગના સંશોધન ખાતે રોકવામાં આવ્યા છે. હજી બીજા ૫૦૦૦ને આવતાં પાંચ વર્ષમાં ઉચ્ચ તકનિક ઉદ્યોગો ખાતે રોકવામાં આવશે.

ઈ.સ. ૧૯૬૭ માં ૩૭૫ કરોડ રૂપિયાની નિકાસ કરી હતી. જે ૧૯૬૬ કરતાં પાંચ ટકા વધારે હતી., અને ૧૯૬૩ કરતાં ૪૨ ટકા વધારે હતી. નિકાસ ૧૯૬૬માં ૬૦૮ કરોડ ૨૫ લાખ રૂપિયાની કરી, અને ૧૯૬૭માં ૫૩૨ કરોડ ૫૦ લાખ રૂપિયાની કરી. એમ દેશ ખૂબ આગેકૂચ કરી રહ્યો છે. ઈઝરાયેલનો આંતરરાષ્ટ્રીય વેપાર ઘણો જ વિકાસ પામ્યો છે. આગલા સમય કરતાં ૧૯૮૩માં આયાતની વૃદ્ધિ રૂ. ૧૦૪૦ કરોડની, અને નિકાસમાં વધારો રૂ. ૬૫૦ કરોડનો છે. સૌથી વધારે વેપાર ઈ.ઈ.સી. (યુરોપિયન ઈકોનોમિક કમ્યુનિટી) સાથે છે.

## *શલોમોનની તાંબાની ખાણ શોધી કાઢવામાં આવી*

બાઈબલમાં નોંધાયેલું હતું તે પર આધાર રાખીને તપાસ કરવાથી શલોમોનની તાંબાની ખાણો હાલ ચાલુ થઈ છે. લોખંડ, કોલસો, તેમ જ

અન્ય ખનીજોમાં પોટાશ, બ્રોમાઈન, મૅગ્નેશિયમ ફોસ્ફેટસ, મેંગેનીઝ, ડામર, આરસપહાણ ચીરોડી (જિપ્સમ), ખનીજવાયુ વગેરે પેદાશો ઘણી વધી રહી છે.

ઇઝરાયલનાં કેટલાં ઘરોમાં નીચેનાં સાધનો છે તેની ટકાવારી (એટલે દર ૧૦૦ ઘરોમાંથી કેટલાં ઘરોમાં એ સાધનો છે તે ૧૯૭૦માં કેટલાં હતાં, અને ૧૯૮૧ માં કેટલાં થયાં તે)

| સાધનો | ૧૯૭૦ | ૧૯૮૧ |
|---|---|---|
| રેફ્રિજરેટરો | ૮૯% | ૯૯% |
| મિક્સચર્સ ગ્રાઈન્ડર્સ | ૨૮% | ૫૬% |
| વૉશિંગ મશીનો | ૧૬% | ૪૩% |
| ટેલિફોન | ૩૫% | ૬૬% |
| એર કન્ડિશનરો | ૨૫% | ૧૫% |
| ટી.વી.સેટ્સ | ૫૦% | ૯૧% |
| પોતાની મોટરકાર | ૧૫% | ૩૩% |

## ◆ હીરા-ઉદ્યોગ

હીરાના ઉદ્યોગનું દુનિયાનું સૌથી મોટું કેન્દ્ર ઇઝરાયલના રામાત ગાનમાં છે. અઠાવીસ મજલાનું આરસનું રૂપિયા ચાળીસ કરોડનું આ આલિશાન મકાન ૧૯૬૮માં પૂરું થયું હતું. હીરાનો ઉદ્યોગ આધુનિક રીતે કરી શકાય એ માટે આ મકાનમાં અદ્યતન સગવડો રાખવામાં આવી છે. ભોંયતળિયે અભેદ્ય અને વિજાણુ નિયંત્રિત વૉલ્ટ્સ (કિલ્લેદારી કમરા) રાખવામાં આવ્યા છે, જેમાં તૈયાર થયેલા હીરા અથવા એનો કાચો માલ ભંડારવામાં આવે છે. આ કિલ્લેદારી કમરાઓની જોડાજોડ પોસ્ટ ઓફિસ અને નિકાસની બધી અદ્યતન વ્યવસ્થા રાખવામાં આવી છે. એને મેગેઝીન માટે હીરા ઉદ્યોગને પોષનારી ત્રણ બૅન્કો આવેલી છે. બીજા મજલે મુખ્ય હોલમાં દુનિયાભરના હીરાના સેંકડો વેપારીઓ સોદાબાજી કરતા હોય છે. દરરોજના દશ લાખ હીરાના સોદાની આપ લે થયા કરે છે. ઘસેલા એવા હીરાના દુનિયાભરના વેપારના ૮૫ ટકા ઇઝરાયલ એકલું પૂરા પાડે છે.

ચમકદાર હીરાના વિશ્વબજારમાં ૧૯૭૭માં બેલ્જિયમથી એનો બીજો નંબર હતો હવે તો ઇઝરાયલ બેલ્જિયમથી કયાંયે આગળ નીકળી ગયું. પરદેશ



*હીરાના એક ઝવેરીની દુકાન*
*મિ. ડેનિયમ લેગ્ઝીમ (જમણે), ઈઝરાયલનો હીરાનો નિકાસ કરનાર મુખ્ય વેપારી સ્વય સંચાલિત હીરાઘસુ યંત્રને તપાસે છે.*
*(હીરા કાપવાના એના એક કારખાનામાં)*

ખાતે થતી નિકાસના ૮૨ ટકા ઉદ્યોગોમાંથી થાય છે. એમાં ઘસેલા હીરાની નિકાસ ૩૭ ટકાની છે. ઈ.સ. ૧૯૬૪ની સાલમાં આયાતના ૪૪ ટકા જેટલી નિકાસ થઈ હતી, અને ઈ.સ. ૧૯૬૫માં ૫૪ ટકા હતી. ઈ.સ. ૧૯૬૯માં ઇઝરાયલે બધા મળીને કુલ ૩૯,૦૬,૯૫૪ કેરેટના હીરાની આયાત કરી હતી. એટલે કે ૧૯,૨૭,૫૦,૫૬૭ ડૉલર્સ (રૂ. ૧.૫૪, ૨૦, ૦૪, ૫૩૬) જેટલી આયાત થઈ. એ જ વર્ષમાં બધા મળીને કુલ ૧૫,૩૮,૪૭૭ કેરેટ જેટલા હીરાની નિકાસ કરવામાં આવી, એટલે કે ૨૧,૫૯,૦૭,૩૧૬ ડૉલર્સ (રૂ. ૧,૭૨,૭૨,૫૮,૫૨૮) જેટલી નિકાસ થઈ. ઈ.સ. ૧૯૭૧માં આમાં જંગી વધારો થયો હતો અત્યારે નાના ઘસેલા હીરાના દુનિયાના બજારમાં ૮૦% ઇઝરાયલ પૂરા પાડે છે. અને મોટા ઘસેલા હીરાના ૪૦% હીરાનું ૧૯૮૭નું વેચાણ ૧૯૮૬ કરતાં ૩૨ ટકા વધુ હતું. આમ, આ નાનો પણ અતિ ઉદ્યોગી દેશ બહુ ટૂંકા ગાળામાં પોતાની નિકાસ આટલી બધી વધારી

શક્યો છે અને હજી નિકાસ વધતી જ જાય છે; અને તે પણ "ઘરનાં છોકરાં ઘંટી ચાટે, ને ઉપાધ્યાયને આટો" એ ધોરણે તો હરગિજ નહિ.

પરદેશો ખાતે નિકાસ તરીકે નીચેની વસ્તુઓ જાય છે, ઘસેલા હીરા, સીટ્રસ ફળો, કેળાં, કાપડ, તૈયાર વસ્ત્રો અને પોશાકો, રસાયણો, રાસાયણિક ખાતરો, ટાયર-ટ્યૂબો, ડબ્બામાં ભરેલાં ફળો, ફળના રસ, ઈંડાં, પ્લાયવૂડ, ખાદ્ય તેલો, મગફળી, સિમેન્ટ, કાગળ અને કાર્ડબોર્ડની બનાવટો, પુસ્તકો, પ્લાસ્ટિક અને ધાર્મિક જરૂરિયાતોનાં સાધન.

## ♦ પેટ્રોલ :

ઈઝરાયલમાં હાલ ૩૮ કૂવામાંથી તેલ કાઢવામાં આવે છે. ઈ.સ. ૧૯૬૪-૬૫ની સાલમાં ૨,૦૦,૦૦૦ ટન તેલ ખેંચવામાં આવ્યું હતું. ૧૯૬૬માં પણ ૨,૦૦,૦૦૦ ટન તેલ મેળવ્યું હતું. એમ ઈઝરાયલ રાજ્યની જરૂરિયાતના આઠ ટકા તેલ દેશમાં જ પેદા કરવામાં આવ્યું હતું. હેબ્રોનના ડુંગરા અને ભૂમધ્ય સમુદ્રના કિનારા સુધીના વિસ્તારમાં ચેલેત્ઝ અને કોચાવનાં તેલક્ષેત્રોમાંથી ૧૯૬૭-૬૯ માં ૧,૧૫,૦૦૦ ટન ક્રૂડ ઑઈલ મેળવવામાં આવ્યું હતું.

### *પર્યટકો :*

અનેક દેશોમાંથી જે બધા પર્યટન માટે ઈઝરાયલ દેશમાં આવે છે. તે દ્વારા ઈઝરાયલને ખૂબ જ વિદેશી હૂંડિયામણ મળે છે. જંગી આવકનો એ મોટો સ્રોત છે. દર વર્ષે દશ લાખ જેટલા પર્યટકો આ દેશમાં આવે છે, અને તે દ્વારા ઈઝરાયલ દેશને કુલ આવક (ખર્ચ બાદ કર્યા સિવાયની આવક) તેરસો કરોડ (૧૩,૦૦,૦૦,૦૦,૦૦૦) રૂપિયાની થાય છે (વન બિલિયન ડોલર્સ). આ દશ લાખ પર્યટકોમાંથી ૫૦ ટકાના (પાંચ લાખ) લોકો યુરોપથી આવે છે. ૩૩ ટકાના (ત્રણ લાખ ત્રીસ હજાર) જેટલા લોકો ઉત્તર અમેરિકાથી આવે છે, અને બાકીના ૧૭ ટકા જેટલા લોકો (એક લાખ સિત્તેર હજાર) બીજા દેશોમાંથી આવે છે.

ઉપર જણાવેલા દશ લાખ પર્યટકોમાં ત્રણ લાખ જેટલા લોકો પવિત્ર ભૂમિની યાત્રાએ કે પર્યટન માટે આવે છે, અને એક લાખ જેટલા આરબ દેશોમાંથી મુલાકાત અર્થે આવે છે. આ મુલાકાતાર્થીઓ જોર્ડન અને ઈઝરાયલ

વચ્ચે ખુલ્લા પુલો છે. તે પરથી અથવા ઈજિપ્ત-ઈઝરાયેલની સરહદો યા લબાનોન-ઈઝરાયલી સરહદો ઓળંગીને આવે છે.

પર્યટન માટે આ આવેલા લોકો માટે ઈઝરાયલમાં સુખસગવડવાળી ૩૦૦ હોટેલો છે. ત્રીસ કીબુત્ઝોમાં જે ગેસ્ટ હાઉસો છે, તે પણ આ ૩૦૦માં આવી જાય. પર્યટકોને બધે જોવા ફરવા લઈ જાય અને બધું સમજાવે એવા લાયસન્સવાળા ૩૦૦૦ ભોમિયા (ગાઈડ) ઈઝરાયલમાં છે. આ ઉપરાંત ૩૨ યૂથ હૉસ્ટેલો છે. જેમાં ઊતરી શકાય. ઈન્ટરનેશનલ યૂથ હોસ્ટેલસ એસોસિયેશન સાથે આ હૉસ્ટેલો સંકલિત છે. વળી ખ્રિસ્તી સંસ્થાઓ દ્વારા સંચાલિત એવી મુસાફર હૉસ્ટેલો યરૂશાલેમમાં, હાઈફામાં, નાઝરેથમાં, તિબેરિયસમાં અને ગાલીલમાં પણ છે. કેમ્પિંગ કરવા માટે બધી સગવડવાળાં બારેક સ્થળો પણ છે.

આંતરરાષ્ટ્રીય આંતકવાદીઓના (ત્રાસવાદીઓના) ભયને લીધે ૧૯૮૬માં ઘણા ઓછા પર્યટકો આવ્યા હતા. તેઓની સંખ્યા ઘટીને ૧૨ લાખ થઈ હતી. પણ ૧૯૮૭ના પહેલા છ જ મહિનામાં ૭ લાખ પર્યટકો આવ્યા હતા. હજી ૧૯૮૭નો આંકડો મળ્યો નથી, પણ ૧૫ લાખ જેટલા થયા જ હશે. પ્રતિ વર્ષે ૨૦ લાખ પર્યટકો ઈઝરાયલ દેશમાં આવે એવું દેશનું પર્યટન ખાતું (મિનિસ્ટ્રી ઑફ ટૂરિઝમ) લક્ષ્યાંક રાખે છે, ને તે પ્રમાણેની વ્યવસ્થા કરવાની તજવીજમાં છે.

### ♦ યર્દન નદી :

પાલેસ્તાઈન દેશના પ્રાણસમી યર્દન નદી ઉત્તરમાં આવેલા હિમાચ્છાદિત હેર્મોન પર્વતમાંથી નીકળી આવે છે. એની શરૂઆત ત્રણ નાની નદીઓથી થાય છે : હેર્મોનની હારમાળાના લબાનોન પર્વતમાંથી હસ્બની અને બરઈઘીત નદીઓ, અને સિરિયામાંથી બાનિયાસ નદી નીકળે છે. તેઓ આગળ વધીને ઈઝરાયલમાં દાન નદીને મળે છે. થોડે આગળ જતાં અસલ યર્દન શરૂ થાય છે.

યર્દન ૧૫૮ માઈલ લાંબી છે. એના વળાંકોની લંબાઈ ન ગણીએ તો સીધી લીટીમાં ૧૦૪ માઈલ લાંબી ગણાય. એ નદી એની શરૂઆતથી જ એકદમ ઝડપથી નીચે ઊતરતી જાય છે. સરેરાશ દર એક માઈલે એ નવ ફૂટ નીચી ઊતરતી હોય છે. બાનિયાસની ગુફાઓમાંથી એની શરૂઆત થતાં એ દરિયાઈ સપાટીથી ૧,૦૦૦ ફૂટ ઊંચી હોય છે, પણ પછી ગાલીલ સરોવર



*વિમાનમાંથી યર્દનનો દેખાવ*

આગળ એટલે કે એની ત્રીજા ભાગની મુસાફરી પૂરી થતાં તો આ નદી દરિયાઈ સપાટીથી ૬૮૦ ફૂટ નીચી ઊતરી હોય છે, અને અંતે છેક મૃત સરોવરે પહોંચતાં દરિયાઈ સપાટીથી એ ૧,૨૮૭ ફૂટ નીચે ઊતરી પડી હોય છે ! 'યર્દન' નામનો અર્થ જ 'નીચે ઊતરનાર' થાય છે.

દુનિયાની અન્ય નદીઓ કરતાં આ નિરાળી નદી છે, કારણ એનો મોટો ભાગ એ દરિયાઈ સપાટીથી નીચે વહેતી હોય છે; પૃથ્વીભરમાં જમીનના પડની સહુથી મોટી અને ઊંડી ફાટોમાંની એકમાં થઈને એ નદી વહે છે. મોટા ઈતિહાસવાળી આ નાની નદી પ્રતિ વર્ષે હજારો ટન ક્ષારો મૃત સરોવરમાં ઠાલવ્યા જ કરે છે.

## ♦ ધનભંડારસમું અજાયબ મૃત સરોવર :

મૃત સરોવર એ 'મૃત' નહિ પણ ભારે અજાયબીભર્યું અને દુનિયાની પ્રજાઓના આકર્ષણસમું સરોવર છે. એમાં મબલખ ધનભંડાર ભર્યો છે.

મૃત સરોવરમાં યર્દન તેમ જ અન્ય નાની નદીઓનાં પાણી હજારો વર્ષોથી પડયે જાય છે. પણ એ પાણીને બહાર નીકળવાનો કોઈ દેખીતો માર્ગ



*મૃત સરોવર પર સૂતાં સૂતાં વાચન*

નથી. દર વર્ષે આ સરોવરમાં ૨૮ કરોડ ઘન ફૂટ બાષ્પીભવન થાય છે. બાષ્પીભવનને કારણે પાણી સતત ઊડી જતાં સરોવરમાં પુષ્કળ ક્ષારો જમા રહે છે. એનાં પાણી આ બધા ક્ષારોને લીધે એટલાં ઘટ થતાં જાય છે કે એમાં માછલાં કે કોઈ જીવ જીવી શકતા નથી. એના પાણીમાં ૨૫ ટકા ઘન પદાર્થોનું મિશ્રણ છે, જયારે બીજા સમુદ્રોમાં સામાન્ય રીતે ૪.૬ ટકા જ હોય છે. એમાં માણસ ડૂબવા ઇચ્છે તોપણ ડૂબી જઈ શકે નહિ એવાં ઘટ આ પાણી છે. ઘણા સહેલાણીઓ એમાં ચત્તા પડયા પડયા પુસ્તક વાંચતા જોવા મળે છે.

આ મૃત સરોવરમાં કોઈ જીવ જીવી શકતો નથી એમ આપણે જોયું, પણ કેટલાં ક્ષારચાહક સૂક્ષ્મ જીવાણુ એમાં માલૂમ પડયા છે. દશેક વર્ષ પર અમેરિકી વિજ્ઞાની ડૉ. વૉલ્થર સ્ટોકેનિયસે શોધી કાઢયું હતું કે હેલો બેકટેરિયમ હેલોબિયન નામના અતિ સૂક્ષ્મ જંતુઓ આ સમુદ્રમાં છે. આ જંતુઓ જાંબુડિયા રંગનું રંગદ્રવ્ય ઉત્પાદન કરે છે અને આ રંગદ્રવ્ય ફોટોસિન્થેટિક ગુણધર્મ - એટલે સૂર્યકિરણો લઇને તેમાંથી શક્તિ ઉત્પન્ન કરવાનો ગુણધર્મ ધરાવે છે. (બીજું એવું એક જ દ્રવ્ય કુદરતમાં છે કે જે સૂર્યકિરણો લઈને તેમાંથી શક્તિ ઉપજાવે છે. ને એ તો પાંદડાંમાં રહેલું કલોરોફિલ લીલા રંગનું રંગદ્રવ્ય છે.) હા, આ જાંબુડિયું રંગદ્રવ્ય (કલોરોફિલ) જેટલું કાર્યક્ષમ નથી, છતાં સૂર્યકિરણો દ્વારા શક્તિ ઉત્પન્ન કરવામાં આ તત્ત્વ

ઇઝરાયલ પ્રજાને કેટલું બધું ઉપયોગી થશે ! ઇશ્વરે કેવી વ્યવસ્થા કરી રાખી છે.

વળી આ સૂક્ષ્મ જંતુ દ્વારા સરોવરનાં ખારાં પાણીને અમુક જથ્થામાં ક્ષારરહિત બનાવવાની શક્યતા પણ છે. વળી એ જાંબુડિયા રંગદ્રવ્ય જેવું જ રંગદ્રવ્ય માનવીની આંખમાં હોવાથી માનવીની દૃષ્ટિ વિષેના સંશોધનમાં પણ એની ઉપયોગિતાની શક્યતાઓ છે.

આ મૃત સરોવરમાં ઇઝરાયલી વિજ્ઞાનીઓએ લગભગ ૩,૬૬૦ મીટર સુધી ઊંડું ડ્રિલીંગ કર્યું છે, પણ એ સરોવરમાં પેટ્રોલની શકયતા તેઓ જોઈ શક્યા નથી. પણ એમાં એક પ્રકારની ક્ષારચાહક શેવાળ યા લીલ વિપુલ પ્રમાણમાં થાય છે, (એલ્ગા ડુનાલિલા) જેને પેટ્રોલના રૂપમાં ફેરવી શકાય છે. વિજ્ઞાનીઓ સરોવરની આસપાસ અનેક તળાવો બનાવી આવી લીલ ઉગાડી જથ્થાબંધ પેટ્રોલ બનાવી લેવાની વિચારણામાં છે.

સરોવરનાં પાણી અને ખાસ કરીને એના કિનારા પરનો ગંધકયુક્ત કાળો કાદવ વા, પક્ષઘાત અને એવાં કેટલાંક દરદો પર લોકો દવા માટે વાપરે છે. આસપાસના ઊના પાણીના કુંડોના રસાયણને લીધે ચામડીનાં અનેક દરદોમાં એનો વપરાશ થાય છે. મહાન હેરોદ પોતાના શરીરનાં દરદ મટાડવા આ કુંડોમાં નાહતો હતો.

છેક ઉત્તરે આવેલા તિબેરિયસ શહેરના ઊના પાણીના કુંડમાંથી એવાં બધાં ક્ષારદ્રવ્યો યર્દન નદી વાટે મૃત સરોવરમાં સતત પડયા કરે છે. આ રીતે એકલું પોટૅશિયમ કલોરાઈડ જ સરેરાશ વર્ષે ચાળીસ હજાર ટન જેટલું આ સરોવરમાં પડે છે, બીજાં દ્રવ્યો તો જુદાં ! મૃત સરોવરને દક્ષિણ છેડે ગરમ પાણીના રાસાયણિક કુંડો છે,

મૃત સરોવરની સપાટી દરિયાઈ સપાટીથી ૧,૩૦૦ ફૂટ ઊંડી છે અને એનું તળિયું દરિયાઈ સપાટીથી ૨,૫૦૦ ફૂટ ઊંડું છે, એને દુનિયાનો સૌથી નીચામાં નીચો ભાગ ગણવામાં આવે છે, અને એને દુનિયાનું ભોયરું પણ કહેવામાં આવે છે. સરોવરની લંબાઈ ૪૭ માઈલ અને પહોળાઈ ૧૦ માઈલ છે. (૭૫ x ૧૫ કિ.મી.) એની આસપાસ ચુનાળ ખડકોનાં ઉજ્જડ શિખરો છે : પશ્ચિમ કિનારે પહાડ ૧,૫૦૦ ફૂટ ઊંચો, અને પૂર્વમાં ૨,૦૦ ફૂટ ઊંચો છે. દક્ષિણે મીઠાના અનેક પહાડો આવેલા છે."

આજની દુનિયામાં ક્ષારો મહા કીમતી ખજાનારૂપ છે. આ મૃત

સરોવરમાં પણ ક્ષારોનો અઢળક ખજાનો સમાયેલો છે. પણ આજ સુધી, એટલે કે તુર્કોના જમાના સુધી, એ તરફ કોઈનુંય ધ્યાન ખેંચાયું નહોતું. ન્યૂયોર્કના 'કેમિકલ્સ' નામના સામયિકના કસબી નિષ્ણાત (ટૅકનિકલ) તંત્રી ડૉ. થોમ્સ એચ. નોર્ટને આ મૃત સરોવરના ક્ષારોનો નીચે પ્રમાણે અંદાજ આપ્યો છે :

"મૃત સરોવરમાંથી કાઢી શકાય એવા બધા ક્ષારોની સમગ્ર ઓછામાં ઓછી કિંમત ડૉલરમાં ૧૨,૬૭,૬૨,૦૦,૦૦,૦૦૦ (એટલે રૂપિયા ૯૫, ૦૭,૧૫,૦૦,૦૦૦) થાય." ડૉ. નોર્ટને એ રસાયણોનો અંદાજ નીચે પ્રમાણે આપ્યો છે :

| રસાયણો | ટન | ડૉલરમાં કિંમત |
|---|---|---|
| પોટાશ | ૧,૩૦,૦૦,૦૦,૦૦૦ | ૭૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| બ્રોમાઈટ | ૮૫,૩૦,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| સૉલ્ટ | ૧૧,૯૦,૦૦,૦૦,૦૦૦ | ૨૭,૫૦,૦૦,૦૦,૦૦૦ |
| જિપ્સમ | ૮,૧૦,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦,૦૦૦ |
| કેલ્શિયમ ક્લોરાઈડ | ૬,૦૦,૦૦,૦૦,૦૦૦ | ૮૫,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| મેગ્નેશિયમ ક્લોરાઈડ | ૨૨,૦૦,૦૦,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| | ડૉલર | ૧૨,૬૭,૬૨,૦૦,૦૦,૦૦૦ |

સુમાર વિનાની આ રકમ થઈ ! એનો અંદાજ સમજવા આપણે આવો કંઈક હિસાબ લગાવીએ તો સમજવું સહેલું પડે. જો આ રૂ.૯૫,૦૭,૧૫,૦૦,૦૦,૦૦૦ ભારતના પંચોતેર કરોડ માણસોમાં વહેંચી આપવામાં આવે તો દરેક જણને ભાગે રૂ. ૧૨૬૭૬-૨૦ આવે !

વૈજ્ઞાનિકો કહે છે કે જો હજી વધારે કાળજીપૂર્વક આ સરોવરનાં પાણીનો અંદાજ કાઢવામાં આવે, તો ડૉ. નોર્ટને જણાવી તેના કરતાં દસગણી કિંમત મળે એટલા બધા ક્ષારો આ સરોવરમાં છે. એમાંથી અબજો ટનનું રાસાયણિક ખાતર પણ આખી દુનિયાને સસ્તા દરે પૂરું પાડી શકાય. પોતાની પસંદ કરેલી ઈઝરાયેલી પ્રજા માટે ભાવિ ખજાનો પ્રભુએ આમ ભરી રાખ્યો છે. પ્રભુની આ કેવી અજાયબ વ્યવસ્થા !

સૌ પ્રથમ ઈ.સ. ૧૯૩૦માં આ મૃત સરોવરના ક્ષારો કાઢવાનો પરવાનો પાલેસ્તાઈનના વતની અને યહૂદી ઇજનેર મિ. મોજીસ નોવોમેચસ્કીને અને

મેજર ટુલોખને આપવામાં આવ્યો હતો. અમેરિકન ઝાયનિસ્ટોના બ્રાન્ડેઈસ-મેક જૂથે બ્રિટનના યહૂદીઓની સાથે મળીને આ મોટી યોજના માટે નાણાં રોકયાં હતાં. આમાં થનાર ચોખ્ખી આવકનો મોટો હિસ્સો પાલેસ્તાઈનની સરકારને આપવા નક્કી કર્યું હતું. અને એ હિસ્સાની રકમ પાલેસ્તાઈનમાં બીજાં સાહસો ઊભાં કરવા માટે સરકારે વાપરવાની હતી.

આ રીતે ઈ.સ. ૧૯૩૭માં ૨૯,૧૦૦ ટન પોટાશ અને ૬૧૧ ટન બ્રોમાઈડની નિકાસ કરવામાં આવી હતી. જયારે ઈ.સ. ૧૯૩૯માં ૬૫,૦૦૦ ટન પોટાશની નિકાસ કરી હતી. ઈઝરાયલ રાજયે ઈ.સ. ૧૯૬૪-૬૫ના સપ્ટેમ્બરથી ઓગસ્ટ સુધીના બાર માસમાં ૪,૨૨,૦૦૦ ટન પોટાશ નીપજાવ્યું હતું. અગાઉનાં બે વર્ષ પહેલાંની નીપજ કરતાં એ ત્રણગણો જથ્થો કહેવાય. એ જ ગાળામાં બ્રોમાઈડનું ઉત્પાદન ૬૮ ટકા વધી ગયું હતું.

મૃત સરોવરની આસપાસના વિસ્તારમાં પણ ડામર, ગંધક, તાંબું, કોલસો અને તેલ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. યહૂદી પ્રજાની ભવિષ્યની સમૃદ્ધિ માટે આ મૃત સરોવરમાં દુનિયાની દોલત કરતાંયે અધિક ખજાનાનો સંગ્રહ પડયો છે.

ઐલાત પાસેના તિમ્નામાં શુદ્ધ તાંબાની ખાણો આવેલી છે, અને એની નજદીકમાં જ આવેલી 'કિંગ સોલોમન'ની ખાણોમાંથી પ્રતિ વર્ષે ૯,૫૦૦ ટન શુદ્ધ તાંબુ મળી રહે છે. એની કિંમત ૮૦ કરોડ ૧૦ લાખ રૂપિયા થાય.

આ સરોવર અને યર્દનની ખીણનો પ્રદેશ ધરતીકંપનો વિસ્તાર છે. વળી એના પેટાળમાં અનેક શીઘ્ર જવાલાગ્રાહી ખનીજો ભંડારાયેલાં પડયાં છે. બાઈબલમાં સદોમ, ગમોરાહ, સબોઈમ અને આદમાહ શહેરોના આગ અને ગંધકથી થયેલા વિનાશની જે વાત છે, તે શહેરો મૃત સરોવરની દક્ષિણે આવેલાં હતાં. દક્ષિણ તરફના વિસ્તારમાં ઘણી પશ્ચિમે ડામર પણ ઝરે છે. વિનાશ પામેલી એ વસાહતનાં એંધાણ આજે ત્યાં જોઈ શકાય છે. મૃત સરોવરની દક્ષિણે ૧૫૦ ફૂટ ઊંચા અને ઉત્તરથી દક્ષિણે દશ માઈલ લાંબા એવા મીઠાના ડુંગરા નેગેબ તરફ પથરાયેલા છે.આમાંના એક મોટા પહાડને આરબો 'જબલ ઉસદુમ' કહે છે. આ પ્રદેશમાં લોતની સ્ત્રી ખારનો થાંભલો થઈ ગઈ હતી (બાઈબલ : ઉત્પત્તિ ૧૯ : ૧૨-૧૮)

આ વિસ્તારમાં ફૉસ્ફેટના જામેલા થરોમાંથી ૧,૧૯,૦૦૦ ટન ફૉસ્ફેટ કાઢવામાં આવે છે. સિમેન્ટ જિપ્સમ, ચુનાળ પથ્થર, આરસ અને એવી



*સોલર લેસર માટેનો ઈઝરાયલનો શક્તિશાળી આયનો*

બાંધકામની તથા રસ્તાઓ બાંધવા માટેની ચીજો ખાણોમાંથી ખોદી કાઢવામાં આવે છે. સદોમની નજદીકના રોશ-ઝોહોર આગળ કુદરતી ગેસ મળી આવ્યો છે અને એમાંથી ૧,૨૭,૦૦૦ ટન જેટલું બળતણ ૧૯૬૮-૬૯માં પૂરું પાડવામાં આવ્યું હતું.

## ♦ મૃત સરોવરમાંથી વીજળીનો પુરવઠો :

હાલ તો ઈઝરાયલ દેશ પોતાને માટે વીજળીનો પુરવઠો પરદેશથી આયાત કરેલા તેલ દ્વારા ઊભો કરે છે,અને એ અતિશય ખર્ચાળ બની રહે છે. સહેલી અને સોંઘી રીતે આખા દેશ માટે પૂરતી વીજળી કેવી રીતે ઉત્પન્ન કરી શકાય એ માટે ત્યાંના વિજ્ઞાનીઓ અને તજ્જ્ઞો સંશોધન કર્યા કરતા હતા. સમગ્ર દેશ માટે વીજળી પુરવઠો ઉત્પન્ન કરવા મૃતસરોવરમાં કામગીરી ચાલી રહી છે.

ઈ.સ. ૧૯૭૯માં ઇઝરાયલના વીજળી અને શક્તિનાં પ્રધાન ઇત્ઝાક મોદાઈએ દુનિયાના સૌથી મોટા 'સૌર-વીજશક્તિ મથક' નું ઉદ્ઘાટન કરતાં જાહેર કર્યું હતું કે થોડાં જ વર્ષોમાં સૂર્યની ગરમી અને મૃતસરોવરનાં

પાણીમાંથી આખા દેશની તમામ વીજળિક જરૂરિયાતનો પૂરતો પુરવઠો અહીંથી (મૃત સરોવરમાંથી) ઊભો થઈ શકશે.

આ "સૌર-વીજશક્તિ મથક" મૃત સરોવર પાસે ઊભું કરવામાં આવ્યું છે. બે એકર વિસ્તારનું સૌર-સરોવર (સોલર પોન્ડ) તૈયાર કરવામાં આવ્યું છે.તે સમયે નજદીકમાં જ ૧૫૦ કિલોવૉટ પાવર પ્લાન્ટ નાખવામાં આવ્યો હતો. એ પાવર પ્લાન્ટની કામગીરી પરથી સહેલાઈથી સમજી શકાય છે કે વેપારી ધોરણે સસ્તું પડે એ રીતે નજદીકના ભવિષ્યમાં સમગ્ર દેશને માટે વીજળી ઉત્પન્ન કરી શકાશે. ઓર્માત ટરબાઈન્સ અને સોલમાત લિ. કંપનીઓએ આ પ્લાન્ટ નાખ્યો હતો. તેમના ઓફિસરોનું કહેવું હતું કે હજી મોટો પ્લાન્ટ અને મોટાં સૌર સરોવરો મૃત સરોવર આગળ જ બનાવીને આ સદી પૂરી થાય તે પહેલાં આખાય દેશની વીજળી જરૂરિયાત સહેલાઈથી પૂરી પાડી શકાશે.

આજથી નવ વર્ષ પહેલાં, ૧૯૭૯માં અહીં પાંચ મેગાવૉટ્સનો પાવર પ્લાન્ટ નાખવામાં આવ્યો, જે અગાઉના ૧૫૦ કિલો-વૉટ કરતાં ૩૩૩$\frac{૧}{૩}$ ગણો શક્તિશાળી છે. એવા તો બીજા ઘણા પાંચ મેગાવૉટ્સના પાવર પ્લાન્ટ




*સૌર-વીજશક્તિ મથક*

નાખવાની યોજના છે. આ સૌર પ્લાન્ટસ રાતે જયારે સૂર્ય ન હોય ત્યારે અને શિયાળામાં પણ ધમધોકાર ચાલતા રહેશે, અને સમગ્ર દેશને જરૂરી વીજળી પૂરી પાડશે.

ઈઝરાયલમાં (૧૯૮૫માં) ઈઝરાયલનાં ઘરોના ચોથા ભાગનાં (પચીસ ટકાનાં) ઘરોમાં સૂર્યની ગરમીથી પાણી ગરમ કરવામાં આવે છે, અને ખોરાક પકવવા માટે પણ વપરાય છે. કેટલીક કંપનીઓએ ઉદ્યોગો માટે પણ સૌર પ્લાન્ટ બનાવ્યા છે. નજદીકનાં વર્ષોમાં ઘરો અને ઑફિસોને વાતાનુકુલિત બનાવવા માટે સૂર્યશક્તિ વાપરવામાં આવશે.

મૃતસરોવરમાંથી વીજળિક પ્રવાહ પેદા કરવા માટે એક બોગદું બનાવવામાં આવનાર છે.

ઈઝરાયલના વિજ્ઞાનીઓ બીજી એક શક્યતા વિચારી રહ્યા છે. મૃત સરોવરની સપાટી દરિયાઈ સપાટીથી લગભગ ૧૩૦૦ ફૂટ (૩૯૫ મીટર) નીચે છે. એ ધ્યાનમાં રાખીને તેઓ ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રથી મૃત સરોવર સુધી ૧૦૦ કિ.મી. લાંબું એક કેનાલ-વત્તા-બોગદું બનાવવા વિચારી રહ્યા છે. આથી બે લાભ થવાની શકયતા છે :

૧. મૃત સરોવર પાસે પ્રચંડ વીજળિક પ્રવાહ પેદા કરી શકાય, અને



યરુશાલેમના રસ્તા

૨. મૃત સરોવરની સપાટી જાળવી શકાય. હમણાં યર્દનમાંથી નહેરો દ્વારા પુષ્કળ પાણી લેવાતું હોઈ મૃત સરોવરમાં યર્દનનાં પાણીનો જથ્થો બહુ જ થોડો પડે છે, તેમ જ હવામાનના ફેરફારોને લીધે પણ મૃત સરોવરનાં પાણી ઘટી રહ્યાં છે. તો આ કેનાલ વત્તા બોગદા દ્વારા ભૂમધ્ય સમુદ્રનાં પાણી લાવી સરોવરની સપાટી જાળવી શકાય.

આવા ટચૂકડા દેશમાં વૈદકીય સારવારની સુવિધા તદ્દન અદ્યતન અને વિપુલ પ્રમાણમાં રાખવામાં આવી છે : કુલ ૧૫૦ હોસ્પિટલોમાંથી ૫૫ ખાનગી છે, ૩૪ સરકારી છે, ૧૪ માંદગી ભંડોળની છે, ૩૫ નહિ નફોની છે, અને ૧૨ પરચૂરણ છે.

## ♦ દવાખાનામાં ખાટલાની વ્યવસ્થા :

| | ૧૮૪૮ | ૧૯૬૮ | ૧૯૮૫ |
|---|---|---|---|
| કુલ ખાટલા | ૪,૬૨૬ | ૨૨,૪૪૧ | ૨૬,૩૯૦ |
| જનરલ | ૨,૬૮૧ | ૯,૩૦૪ | ૧૧,૭૯૦ |
| ક્ષય માટે | ૬૨૩ | ૨૪૯ | - |
| માનસિક રોગો માનસિક રીતે પછાત | ૧,૧૯૭ | ૬,૮૫૪ | ૮,૨૩૦ |
| ચાલુ (ક્રોનિક) રોગો | - | ૨૮૫૮ | ૫,૮૫૦ |
| અવયવોને પુનઃ કામ કરતા બનાવવા | ૧૨૫ | ૪૧૩ | - |

દેશમાં, આ હૉસ્પિટલો ઉપરાંત ૮૭૦ મા-બાળકનાં સંભાળનાં કેન્દ્રો છે. અને એમાં મા તથા બાળકને મફત સર્વ પ્રકારની માવજત મળે છે. એમાં જન્મપૂર્વેની તપાસ, બાળકને સર્વ પ્રકારના ચેપ-પ્રતિરોધક રસીઓ, સારવાર તથા દવાઓ, શારીરિક કે માનસિક ખામીઓ વિષે શરૂઆતથી જ બરદાસ્ત, તેમ જ શારીરિક શિક્ષણ મફત આપવામાં આવે છે. જિલ્લે-જિલ્લે અને દરેક તાલુકે હેલ્થ ઓફિસો દ્વારા જરૂરી મદદ મળી રહે છે.

વળી દેશભરમાં, અને જરૂર પડે તો પરદેશોમાં પણ 'મેગન ડેવિડ અડોમ (રેડ શિલ્ડ ઑફ ડેવિડ, રેડક્રોસ જેવી જ સંસ્થા) પ્રાથમિક સારવાર, રક્તદાનના કાર્યક્રમ, રક્તબેન્ક, સાર્વજનિક એમ્બ્યુલન્સ સેવા વગેરે પ્રવૃત્તિઓ ચલાવે છે." દર ૪૧૫ માણસે એક દાકતર એ પ્રમાણે ત્યાં દાકતરો

છે, જે આખી દુનિયામાં ઊંચામાં ઊંચાં આંક છે. આ ઉપરાંત પાશ્ચાત્ય દેશોની જેમ જ 'સ્પેશ્યાલિસ્ટો' પણ છે. દેશના ૯,૦૦૦ દાકતરોમાંથી મોટા ભાગનાને નિયમિત વેતન મળે છે. વળી ૧૯૮૦ના વર્ષની અધવચમાં ઈઝરાયલમાં કુલ ૨૦,૦૦૦ નર્સો હતી. એક નાનકડા દેશ માટે આ સંખ્યા ઘણી મોટી ગણાય.

દેશમાં પાંચ મેડિકલ કૉલેજો છે, બે ડેન્ટલ કૉલેજો છે અને ફાર્મસીની એક કૉલેજ છે. આ બધી કૉલેજ જુદી જુદી યુનિવર્સિટીઓનાં અંગ છે. આ ઉપરાંત ૧૪ નર્સિંગ સ્કૂલો છે. ઈઝરાયલની રિસર્ચ (સંશોધન) સંસ્થાઓ કૅન્સર, હૃદય વિજ્ઞાન, મગજને લગતાં સંશોધન વગેરેમાં ઠીક ઠીક ઊંડા ઊતર્યા છે.

**વાચનરસ :** તાજેતરમાં યુનેસ્કો તરફથી એક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. એ દ્વારા જાણવા મળ્યું કે ઈઝરાયલમાં માથાદીઠ દુનિયાના અન્ય કોઈ પણ દેશ કરતાં લોકો વધુ વાંચે છે. ચૌદ વર્ષથી ઉપરની ઉંમરવાળાં એવાં દશ લાખ માણસો છે, જેઓ મહિનામાં ઓછામાં ઓછું એક પુસ્તક વાંચે છે. એક હજાર જેટલાં જાહેર અને યુનિવર્સિટીઓનાં પુસ્તકાલયો છે.

ઈ.સ. ૧૯૮૩માં હિબ્રૂ ભાષામાં ૧,૦૦૦ પુસ્તકો બહાર પડયાં હતાં, અને એના ૧૦૦ જેટલાં પ્રકાશકો હતા. દેશમાં બાળસાહિત્ય પર પણ બહુ ભાર મૂકવામાં આવે છે.

## ♦ છ દિવસ ચાલેલો સંગ્રામ (૧૯૬૭) :

આપણે અગાઉ જોયું તેમ મિસર, જોર્ડન, લબાનોન, ઈરાક, સિરિયા અને સાઉદી અરેબિયાનાં આરબ રાજયો ઈઝરાયલ રાજયનું અસ્તિત્વ મિટાવી દેવા શરૂઆતથી જ લાગ શોધી રહ્યાં હતાં, અને શરૂઆતમાં તેઓએ ઈઝરાયલનો કેટલોક પ્રદેશ આંચકી પણ લીધો હતો.

ઈજિપ્તમાં ૧૯૫૪માં કર્નલ અબ્દેલ નાસરે સત્તા હાથ ધરી, ત્યારે બ્રિટન અને ઈજિપ્ત સુએઝ કેનાલ વિસ્તારનાં પોતપોતાનાં થાણાં ઉઠાવી લેવા સહમત થયાં. એ પછી ૧૯૫૬માં નાસરે સુએઝ કેનાલનું રાષ્ટ્રીયકરણ કર્યું, અને પોતે ધારે તેને જ ત્યાંથી જવા દે એવું જાહેર કર્યું. આમ ઈઝરાયલ માટે સુએઝ કેનાલ બંધ કરવામાં આવી.




ઈઝરાયલ અને પાડોશી રાજ્યો
(કાળું ધાબું એ ઈઝરાયલ છે.)

સુએઝ કેનાલનો માર્ગ બંધ કરવામાં આવ્યો હતો અને ખુલ્લો કરાયો.
- યુ.એન. સિક્યુરીટી કાઉન્સિલે ઠરાવ કર્યો.

આથી યુ.એન. સિકયુરીટી કાઉન્સિલે એક ઠરાવ બહાર પાડયો, અને બધી પ્રજાઓને માટે સુએઝ કેનાલ ખુલ્લી મૂકી. ઠરાવ આ પ્રમાણે હતો : "સુએઝ કેનાલનો માર્ગ કોઈપણ જાતના ભેદભાવ વગર, બધી પ્રજાઓના વહાણોને માટે મુક્ત છે." ઈજિપ્તે યુ.એન.ના ઠરાવને ઠોકરે માર્યો, અને ઊલટું, તીરાનની સામુદ્રધુની સામે આવેલા શર્મ-અલ-શેખ આગળ શસ્ત્રસરંજામ સજ્જ્ પહેરો ગોઠવી દીધો. આટલામાં જ અકાબાનો અખાત આવેલો છે, અને ત્યાં ઈઝરાયલનું દક્ષિણનું બંદર આવેલું છે.

એટલે, મોશે દયાનના સેનાપતિપણા નીચે ઈઝરાયલે બ્રિટન અને ફ્રાન્સની મદદ લઈને ૧૯૫૬ના નવેમ્બરમાં ઈજિપ્ત પર હલ્લો કર્યો. સિનાય વિસ્તારમાં યુદ્ધ જામ્યું, અને ચાર જ દિવસમાં ઈઝરાયલે આખો દ્વીપકલ્પ કબજે કર્યો, ૬,૦૦૦ ઈજિપ્તના સૈનિકોને કેદમાં લીધા, અને સેંકડો ટેન્કો અને હથિયારો લૂંટી લીધાં. આ કામગીરીથી દુનિયા ચકિત બની ગઈ ! તીરાનની સામુદ્રધુની છૂટી થઈ, પણ સુએઝ કેનાલ ઈઝરાયલ માટે બંધ રહી. પણ અમેરિકા અને રશિયાના દબાણને લીધે બન્ને પક્ષે પોતપોતાનાં લશ્કરો પાછાં ખેંચી લીધાં, અને સંયુક્ત રાષ્ટ્રસંઘના કટોકટી (ઈમરજન્સીઃ દળે ઈઝરાયલ-ઈજિપ્તની સરહદે ગાઝા અને તીરાનની સામુદ્રધુની આગળ માર્ચ ૧૯૫૭માં પડાવ નાખ્યો. પછીનાં વર્ષો દરમિયાન સરહદી ઝઘડા અને અહીંતહીં ગોળીબારો ચાલુ જ રહ્યા.

એ દરમિયાન ૧૯૬૬ના ફેબ્રુઆરીમાં સિરિયામાં લશ્કરી છમકલામાં સમાજવાદી બાથ પક્ષ સત્તા પર આવ્યો. આ પક્ષે 'અલ ફતાહ' નામે ઓળખાતી ગેરીલા ટોળીઓને, ઈઝરાયલ પર છૂપી રીતે ત્રાટકી પડવા માટે ખૂબ ઉશ્કેરણી કરી. અલ-ફતાહીઓ સિરિયાની, લબાનોનની, તેમ જ જોર્ડનની સરહદો પરથી ઈઝરાયલમાં ઘૂસણખોરી કરીને લૂંટ ચલાવતા હતા.

વારંવારના એવા ત્રાસથી કંટાળી જઈ ઈઝરાયલે ૧૯૬૬ના નવેમ્બરમાં જોર્ડનના ગામડા પર હુમલો કર્યો. આવા ઝઘડા ચાલ્યા જ કર્યા. સિકયુરિટી કાઉન્સિલે નીમેલા કમિશનની બેઠક ૧૯૬૭ના જાન્યુઆરી ૨૫મીથી ફેબ્રુઆરી ૨ જી સુધી મળી. પણ બધું વ્યર્થ ! ફેબ્રુઆરી અને માર્ચમાં લગભગ દરરોજ અલફતાહીઓ ઈઝરાયલ પર અહીં તહીં હલ્લા કરતા જ રહ્યા. આથી

એપ્રિલની ૭મીએ આ દેશો વચ્ચે મોટી એવી વિમાની અને ખુશકી અથડામણ થઈ.

સને ૧૯૬૬ના નવેમ્બરની ૪થીએ સિરિયા અને ઇજિપ્તે અરસપરસ બચાવના કરાર કર્યા. હવે આરબ રાજ્યોએ સંગ્રામ માટે ભારે તૈયારીઓ કરવા માંડી. તા. ૧૬-૫-૧૯૬૭ના રોજ પોતાનાં લશ્કર અને સરંજામ ઉત્તરે સુએઝ તરફ ખડકયાં, અને બીજા લશ્કરનું મથક ઇઝરાયલની સરહદે સિનાયના અરણ્યમાં રાખ્યું.

હવે ઇજિપ્તે મેની ૧૭મીએ યુનોના કટોકટીના (ઇમરજન્સીના) શાંતિદળને નીકળી જવા કહ્યું. અને હજી તો ઇજિપ્તની આ માગણી અધિકારયુક્ત રીતે યુનોના સેક્રેટરી યુ થાન્ટને પહોંચે તે પહેલાં તો ઇજિપ્તે પોતે એ શાંતિદળને કાઢી મૂકવાની 'દાદાગીરી' એ જ દિવસે (મે ૧૭મી સવારના ૮ વાગ્યે) આદરી દીધી. આમ, શાંતિદળને મેની ૧૯મીએ ઉઠાવી લેવામાં આવ્યું.

આ શાંતિદળમાં ૯૭૮ ભારતીઓ, ૭૯૫ કૅનેડિયનો, ૫૭૯ યુગોસ્લાવીઓ, ૫૩૦ સ્વીડો, ૪૩૦ બ્રાઝિલવાસીઓ, ૬૧ નોર્વેજિયનો અને બે ડેન્માર્કીઓ હતા. સંયુક્ત રાષ્ટ્રસંઘ પરના કાયમી ભારતીય અને યુગોસ્લાવી પ્રતિનિધિઓએ તો નાસરની ઇચ્છાને સંપૂર્ણ માન આપી પોતાના સૈનિકો અને સામાન ઉઠાવી લેવા હા પાડી દીધી. મે ૧૮મીએ બપોર પછી થોડી જ વારમાં ઇજિપ્તે સંયુક્ત રાષ્ટ્રસંઘના ૩૨ સૈનિકોની જે ટુકડી શર્મ-અલ-શેખ આગળ દેખરેખ રાખતી હતી તેને પંદર જ મિનિટમાં એ સ્થળ ખાલી કરી દેવા ફરમાન કર્યું. શાંતિદળને ઉઠાવી લેવાની ઇજિપ્તની અધિકારયુક્ત માગણી યુ થાન્ટને તો મે ૧૮મી સાંજે ચાર વાગ્યે પહોંચી. 'યુનો' ની સિક્યુરીટી કાઉન્સિલની કે જનરલ એસેમ્બ્લીની સલાહ લીધા સિવાય યુ થાન્ટે શાંતિદળ પાછું ખેંચી લીધું.

દમસ્ક (સિરીયા)ના રેડિયોએ આરબ સંઘને આખરી જંગ લડી લેવા પડકાર કર્યો, ને મેની ૨૨મીએ ઇજિપ્તે ઇઝરાયલ સામે તીરાનની સામુદ્રધુની બંધ કરી દીધી. પ્રેસિડેન્ટ નાસરે જણાવ્યું કે સંયુક્ત આરબ પ્રજાસત્તાકે ઇઝરાયલીઓનાં વહાણો જઈ ન શકે માટે એની સામે અકાબાનો અખાત બંધ કર્યો છે, અને બિન-ઇઝરાયલી વહાણો લડાઈને લગતો સામાન ઇઝરાયલને પૂરો પાડવાના હેતુથી લઈને પસાર ન થઈ શકે, એ માટે પણ

અકાબાનો અખાત તેમને માટે બંધ છે. આથી મે ૨૩મીએ યરૂશાલેમમાં નેસ્સેત (ઇઝરાયલી પાર્લમેન્ટ)માં ઇઝરાયલના વડાપ્રધાન મિ. એશ્કોલે જાહેર કર્યું કે, તીરાનની સામુદ્રધુનીમાં થઈને ઇઝરાયલી વહાણોને પસાર થતાં અટકાવાશે કે કંઈ પણ દખલ કરવામાં આવશે તો એને અમે યુદ્ધના પગલા તરીકે ગણીશું.

તીરાનની સામુદ્રધુનીમાં થઈને મુક્ત વ્યવહાર કરવાના ઇઝરાયલના હક્ક પર તરાપ મારવી એ તો ઇઝરાયલના હૈયે કટારી ભોંકવા બરાબર છે. અકાબાના અખાતની છેક ઉત્તરે ઇઝરાયલનું ઐલાત બંદર આવેલું છે, અને એ દ્વારા ઇઝરાયલ પૂર્વના પ્રદેશો સાથે વ્યવહાર રાખે છે, અને તે દ્વારા પોતાને માટેનો પેટ્રોલનો જથ્થો મેળવે છે. વળી તીરાનની સામુદ્રધુની એ રીતે બંધ કરવી તે આંતરરાષ્ટ્રીય સહમતી અને વ્યવસ્થાને ઠોકરે મારવા બરાબર છે.

મે માસની ૩૦મીએ ઇજિપ્ત અને જોર્ડને સંરક્ષણના પંચવર્ષીય કરાર કર્યા, અને પાંચ દિવસ પછી ઈરાક પણ એ કરારમાં જોડાયું. બધાં આરબ રાજયો હવે લડી લેવા આતુર બન્યાં હતાં. ઈરાક, અલ્જીરિયા અને સુદાને તો ઈજિપ્તનાં સૈન્યોની પડખે રહીને લડવા માટે પોતાની ટુકડીઓ ઈજિપ્તમાં મોકલી પણ આપી.

મે માસની ૩૧મીએ રશિયા ઇજિપ્ત અને સિરિયાને હથિયારો અને શસ્ત્રસરંજામ પૂરાં પાડવા મંજૂર થયું, અને પોતાનાં દશ લડાયક જહાજો ભૂમધ્ય આણ્યાં પણ ખરાં. અમેરિકાનો વહાણોનો નંબર છ કાફલો પણ ભૂમધ્ય સમુદ્રમાં તરતો જ હતો. 'યુનો' ની બધી દરમિયાનગીરી નાકામયાબ નીવડી.

મેની ૨૭મીએ નાસરે ભાષણ કરતાં કહ્યું કે, આરબ સંગઠનનો મૂળ હેતુ ઇઝરાયલનું અસ્તિત્વ મિટાવી દેવાનો છે, અને એ હેતુથી આરબ રાજયો છેલ્લાં અગિયાર વર્ષથી તૈયારીઓ કરી રહ્યાં છે. હવે યુદ્ધ અનિવાર્ય બની ચૂક્યું હતું.

### આરબ રાજયોની વસતી :

ઇઝરાયલની કુલ વસતી ૪૩,૦૦,૦૦૦ છે, તેની સામે આરબોની વસતી આ પ્રમાણે છે :

| | |
|---|---|
| મોરોક્કો | ૨,૦૬,૫૦,૦૦૦ |
| અલ્જીરિયા | ૧,૮૬,૭૦,૦૦૦ |
| ટ્યુનિસિયા | ૬૭,૩૦,૦૦૦ |
| લિબિયા | ૩૨,૨૦,૦૦૦ |
| ઇજિપ્ત | ૪,૪૬,૭૦,૦૦૦ |
| સુદાન | ૧,૮૯,૦૦,૦૦૦ |
| લબાનોન | ૨૭,૪૦,૦૦૦ |
| જોર્ડન | ૨૪,૨૦,૦૦૦ |
| સિરિયા | ૯૬,૬૦,૦૦૦ |
| ઇરાક | ૧,૨૦,૦૦,૦૦૦ |
| યુનાઇટેડ આરબ અમીરાત | ૧૧,૮૦,૦૦૦ |
| સાઉદી અરેબિયા | ૯૬,૮૦,૦૦૦ |
| યમન | ૭૧,૬૦,૦૦૦ |
| દક્ષિણ યમન | ૨૦,૯૦,૦૦૦ |
| | **૧૫,૯૭,૭૦,૦૦૦** |
| છાવણીઓમાં ઇઝરાયલમાં (આશરે) | ૩,૦૦,૦૦૦ |
| **કુલ** | **૧૬,૦૦,૭૦,૦૦૦** |

ઇઝરાયલ અને આરબોના સૈન્યોની સંખ્યા અને ગમે ત્યારે લડાઇ થવાની વકી, જોખમી પરિસ્થિતિ.

### *આરબો પાસે સૈનિકો :*

ઇજિપ્ત પાસે ૨,૪૦,૦૦૦નું સૈન્ય, ૧,૨૦૦ ટેન્કો અને ૪૫૦ લડાયક વિમાનો હતાં. જોર્ડન પાસે ૫૦,૦૦૦નું સૈન્ય, ૨૦૦ ટેન્કો અને ૪૦ લડાયક વિમાનો હતાં. લબાનોન પાસે ૧૨,૦૦૦નું સૈન્ય, ૮૦ ટેન્કો અને ૧૮ લડાયક વિમાનો હતાં. સિરિયા પાસે ૫૦,૦૦૦નું સૈન્ય, ૪૦૦ ટેન્કો અને ૧૨૦ લડાયક વિમાનો હતાં. ઇરાક પાસે ૭૦,૦૦૦નું સૈન્ય, ૪૦૦ ટેન્કો અને ૨૦૦ લડાયક વિમાનો હતાં. સાઉદી અરેબિયા પાસે ૫૦,૦૦૦ સૈન્ય, ૧૦૦ ટેન્કો અને ૨૦ લડાયક વિમાનો હતાં. કુવાઇત પાસે ૫૦,૦૦૦નું સૈન્ય, ૨૪ ટેન્કો અને ૯ લડાયક વિમાનો હતાં, અને અલ્જીરિયા પાસે



*યાકોબનો કૂવો*

૬૦,૦૦૦ નું સૈન્ય, ૧૦૦ ટેન્કો અને ૧૦૦ લડાયક વિમાનો હતાં. આવા જંગી આરબસંઘના દળ સામે ઇઝરાયલ પાસે બધું મળીને ૨,૬૪,૦૦૦નું સૈન્ય, ૮૦૦ ટેન્કો અને ૩૦૦ લડાયક વિમાનો હતાં.

આ બધાં આરબ રાજ્યો ક્યારનાંયે યુદ્ધની તૈયારી કરતાં હતાં, પણ ઈઝરાયલના સૈન્યમાં દર પાંચ સૈનિકે માત્ર એક જ જણ કાયમી સૈનિક હતો, જ્યારે બાકીના ચાર જણ ધંધો રોજગાર કે ખેતી કરનાર સામાન્ય નાગરિકો હતા. યુદ્ધના ભણકારે લઈને આ બધા સામાન્ય નાગરિકોને છૂટા કરી શકાતા નહોતા. આમ ક્યાં સુધી - અચોક્કસ મુદત સુધી સામાન્ય નાગરિકોનું લશ્કર ઊભું રહેવા દેવાય ? મે માસની આખર સુધીમાં તો કેટલીયે દુકાનો અને કેટલાયે વેપારો માણસોની અછતે લીધે બંધ કરવા પડયા હતા. કારખાનાંમાં પણ બહુ થોડા માણસોથી નભાવી લેવું પડતું હતું અને પાકી ચૂકેલાં ખેતરો પૂરતાં માણસો વગર કાપણીની રાહ જોઈ રહ્યાં હતાં. તો શું સૈન્ય છૂટું કરી દેવું? એ પણ કેમ પાલવે ? અગિયાર આરબ રાજ્યોનાં સૈન્યો તૈયાર હતાં, અને ગમે ત્યારે ઓચિંતો હુમલો કરે તો !

આ ઉપરાંત, અલફતાહી ગેરીલાઓ સિરિયા અને જોર્ડનની સરહદ પરથી વારંવાર આવીને ખેતરોના પાકને ભારે નુકસાન પહોંચાડયા કરતા હતા, ભાંગફોડ કરતા હતા અને માણસોને મારી નાખતા હતા. આવું બધું ક્યાં સુધી નભાવી લેવાય ?

આરબ રાજ્યોએ તો યુદ્ધની પાકી તૈયારી કરી લીધી હતી. યુદ્ધ હવે અનિવાર્ય બની ચૂકયું હતું, અને એ ભભૂકી ઊઠે એટલું જ બાકી હતું. પણ ઇઝરાયલીઓ યુદ્ધને જુદી દષ્ટિએ જોતા હતા. યુદ્ધમાં જો આરબોની હાર થાય તો આરબોએ ઝાઝું ગુમાવવાનું નહોતું : થોડાક લશ્કરની અને થોડાક સરંજામની અને કદાચ થોડાક પ્રદેશની ખુવારી તેમણે વેઠવી પડે. પણ જો ઇઝરાયલની હાર થાય તો ઇઝરાયલનું અસ્તિત્વ જ ન રહે! આરબ રાજયો ઇઝરાયલનું અસ્તિત્વ મિટાવી દેવા જ ઝંખતાં હતાં. એટલે ઇઝરાયલ માટે યુદ્ધ તો જીવનમરણનો મોટો પ્રશ્ન હતો. આથી આરબોનો ઓચિંતો હલ્લો તેમને ભારે પડી જાય.

વળી જો આરબો પહેલા ત્રાટકી પડે તો એ યુદ્ધ ઇઝરાયલની ભૂમિ ઉપર ખેલાય. એટલે ઇઝરાયલનો મુલક જે આમેય ટચૂકડો છે, એ ખેદાનમેદાન થાય, ખેતરોનો પાક નાશ પામે. મહામહેનતે બાંધેલાં ગામડાં, ફેકટરીઓ, વગેરેનો ખુરદો વળી જાય, અને પોતાની નાની પ્રજાના અસંખ્ય નિર્દોષ નાગરિકો પણ માર્યા જાય! આમ, યુદ્ધ ઇઝરાયલની ભૂમિ પર ખેલાય એ ઇઝરાયલને જરાય પોષાય તેમ નહોતું.

જોર્ડનના રાજા હુસેને અને ઇજિપ્તના પ્રેસિડેન્ટ નાસરે ઇજિપ્તમાં મળીને મે ૩૦મીએ કરાર કર્યા એ યુદ્ધનો પાકો અણસારો હતો આમ, ઇઝરાયલને લડાઇ માટે નિર્ણય લેવો પડયો. જનરલ મોશે દયાનના હાથમાં જવાબદારી સોંપવામાં આવી. હવે, ઇઝરાયલે જૂન પહેલીએ યુદ્ધ માટે નિર્ણય કરી લીધો. જૂન ત્રીજીએ શનિવારે રાતે અને ચોથી રવિવારે સવારે કેબિનેટની છૂપી બેઠકમાં તેઓએ યુદ્ધ માટે સ્પષ્ટ નક્કી કરી લીધું. બીજો માર્ગ તેમને માટે રહ્યો જ નહોતો.

અને જૂન (૧૯૬૭)ની પાંચમીએ સંગ્રામ સળગી ઊઠયો. ઇઝરાયલની સામે ચાર મોરચે યુદ્ધ ખેલાયું ગાઝા, સિનાય, જોર્ડન અને સિરિયા. માત્ર ૭,૯૯૨.૬ ચો. માઇલ (૨૦,૭૦૦ ચો.કિલોમીટર)ના વિસ્તારવાળા અને અર્ધા મુંબઇ શહેર જેટલી જ (૨૭ લાખ) વસતીવાળા આ ઇઝરાયલ દેશની




જૂન ૫, ૧૯૬૭ સોમવારે ઇઝરાયલી હવાઇ બોંબમારો
(રેન્ડ ટેલિગ્રાફના સૌજન્યથી)

જૂન ૫, ૧૯૬૭ સોમવારે ઈઝરાયલી હવાઈ બોંબમારો

સામે અઢાર કરોડની સમગ્ર વસતીવાળાં ૧૪ આરબ રાજયોની બંદૂકો ધણધણાતી હતી. આ હતાં ઈજિપ્ત, જોર્ડન, લબાનોન, ઈરાક, સાઉદી અરેબિયા, કુવાઈત, અલ્જીરિયા, સુદાન, યમન, મોરોક્કો અને ટયુનિસિયા. પણ ઇઝરાયલે તો પહલે જ દિવસે ઈજિપ્તનાં ૨૫ વિમાનીમથકો પર દરોડો પાડયો, અને ઈજિપ્તનાં કુલ ૩૪૦ વિમાનોમાંથી ૩૦૦ વિમાનોનો સંહાર કરી નાખ્યો. આમ ઈજિપ્તનું વિમાની બળ નષ્ટપ્રાય કર્યું.

બીજે દિવસે ઇઝરાયલે ગાઝાનો કબજો લઈ લીધો. બીજા દિવસના અંત સુધીમાં ઇઝરાયલે ઇજિપ્તનાં ૩૦૯, સિરિયાનાં ૬૦, જોર્ડનનાં ૨૯, ઈરાકનાં ૧૭ અને લબાનોનનું એક મળીને કુલ ૪૧૬ વિમાનોનો સંહાર કર્યો, જયારે ઈઝરાયલનાં કુલ ૨૬ વિમાન નાશ પામ્યાં હતાં.

ત્રીજે દિવસે પણ તેઓએ સિનાય પ્રદેશ જીતી લીધો, અને ત્યાર પછી ઇઝરાયલી લશ્કર સુએઝ કેનાલને પૂર્વકાંઠે પહોંચી ગયું. પછી તેઓએ શર્મઅલ-શેખ લીધું અને ઇઝરાયલને રાતા સમુદ્રમાં પ્રવેશ ન મળે એ હેતુથી જેને નાસરે બંધ કર્યો હતો તે અકાબાનો અખાત પોતાની અવરજવર માટે ઈઝરાયલે ખુલ્લો કરી દીધો. યર્દન નદીની પશ્ચિમનો જોર્ડનનો ભાગ પણ ઈઝરાયલે કબજે લીધો. એમ આખુંયે યરુશાલેમ પણ હવે તેમને કબજે આવ્યું.

જૂનની પાંચમીને સોમવારે વહેલી સવારમાં જ ઇઝરાયલના વડા પ્રધાન મિ. એશ્કોલે યુનોના જનરલ ઓડ બૂલ મારફતે જોર્ડનના રાજા હુસેનને કહેવડાવ્યું હતું કે, "અમે જોર્ડનની સામે યુદ્ધનું કોઇ પણ પ્રથમ પગલું ભરીશું નહિ." પરંતુ જો જોર્ડન અમારી સામે યુદ્ધ શરૂ કરશે, તો અમે અમારા પૂરા બળથી સામા લડીશું. અને પરિણામની બધી જવાબદારી તેણે (રાજા હુસેન) ભોગવવી પડશે." પણ એજ સવારના ૮-૩૦ થતાંમાં તો જોર્ડને હલ્લો કર્યો. એટલે ઇઝરાયલે વળતા જવાબમાં જોર્ડનને હરાવીને જૂનું યરૂશાલેમ અને યર્દન નદીની પશ્ચિમનો જોર્ડનનો ભાગ કબજે લીધો. વળી સિરિયાનો ગોલન હાઈટસ વિસ્તાર પણ કબજે કર્યો.

રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડનાર સુએઝ કેનાલને લીધે નાસર બળ પકડે છે. તેથી ઇઝરાયલ બીજી એક પેરવીમાં છે. રાતો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને અકાબાના અખાતની આગળ ઉપર જોડાણ થઈ શકે માટે ઇઝરાયલ એક કેનાલ બાંધવા યોજે છે. એ ઐલાત (અથવા આઈલેટ)થી

હાઈફા સુધીની કેનાલ બનશે. હાલ તો ઐલાતથી હાઈફા સુધીની તેલ (પેટ્રોલ)ની ભૂગર્ભ પાઇપલાઇન તેણે શરૂ કરી છે.

જૂનની અગિયારમી સુધીમાં ઇઝરાયલે ગાઝાપટ્ટી સિનાય પ્રદેશ, યર્દન નદીના પશ્ચિમ કિનારાનો વિસ્તાર, અને ગોલન હાઇટસ કબજે કરી લીધાં.ઈ.સ. ૧૯૬૭ના જૂન પહેલાં ઇઝરાયલનો કુલ વિસ્તાર ૮,૦૦૦ ચો. માઇલનો હતો. હવે આરબો પાસેથી જીતી લીધેલો ૪૭,૦૦૦ ચો. માઈલનો વિસ્તાર એમાં ઉમેરાયો. જૂના યરુશાલેમનો બધો વિસ્તાર પણ ઇઝરાયલે કબજે કર્યો.

જૂનની સાતમીએ સિક્યુરીટી કાઉન્સિલે યુદ્ધવિરામ માટે ફરમાન કર્યું. જોર્ડને તો તરત એનો અમલ કર્યો. પણ ઈજિપ્તે તે દિવસે તો એ ફરમાન ગણકાર્યું નહિ. બીજે દિવસે તેણે પણ યુદ્ધવિરામ કર્યો. જૂનની નવમીએ ઇઝરાયલ અને સિરિયા લડાઇ બંધ કરવા સહમત થયાં. એમ જગતના એક તદ્દન ટૂંકા છતાં અપૂર્વ પરિણામો અને શકયતાઓવાળા યુદ્ધનો કામચલાઉ અંત આવ્યો.

પરંતુ જયાં સુધી આરબ રાજયો ઇઝરાયલ રાજયની હયાતી માન્ય રાખશે નહિ ત્યાં સુધી આ બધા વિસ્તારમાં શાંતિ થવાની નથી, બાઇબલના ભવિષ્યકથનો એક વાત સ્પષ્ટ કરે છે કે ઇઝરાયલનું રાજય અનેક સંકટોમાં થઈને પણ અહીં આબાદ થશે.

## ♦ અડધી રાતે એન્ટેબી પર આક્રમણ અને વિમાનનું હરણ (૧૯૭૬)

અડધી રાતે એન્ટેબી પર આક્રમણ કર્યાની ઇઝરાયલની આ કામગીરી અપૂર્વ અને અજોડ હતી. અડધી રાતે વતનથી અઢી હજાર માઈલ દૂર પારકા દેશમાં હવાઈ મથકે ઓચિંતો છાપો મારી વિમાનો ઉતારવાં, શત્રુઓના ઘેરામાંના સો જેટલા પોતાના લોકોને છોડાવવા, અને તાબડતોબ એ બધાને વિમાનો દ્વારા વતનમાં લાવવા! અને આ બધું આંખના પલકારામાં પતાવી દેવું, બીજો કયો દેશ - બીજા ક્યા લોક આવું કરી શકે ?

**વાત આમ હતી :** જૂન ૨૭ ૧૯૭૬ની સવારમાં એરફ્રાન્સની ફલાઇટ નં. ૧૩૯ ઇઝરાયલના તેલ-અવીવથી ઊપડી ફ્રાન્સના પારી (પેરીસ) સુધી જવા રવાના થઈ ચૂકી હતી. આ વિમાન ગ્રીસના આથેન્સ વિમાનીમથકે થોડી

વાર થોભવાનું હતું. એમાં ૨૫૩ યાત્રાળુઓ હતા, જેમાંના ૧૦૪ ઈઝરાયલીઓ હતા. આથેન્સના વિમાનઘર પર આ સમયે હડતાળ ચાલતી હતી. કદાચ સંભવ છે કે હડતાળ ઊભી કરવામાં વિમાની ચાંચિયાઓનો હાથ હતો. ફ્લાઈટ નં. ૧૩૯ આથેન્સમાં થોભ્યું ત્યારે વિમાનનું અપહરણ કરનારા છ ચાંચિયા એમાં ચઢ્યા. ઉડ્ડયન પછી ચાંચિયાઓએ ધાકધમકીથી વિમાનને દક્ષિણ તરફ હંકારાવ્યું.

ચાંચિયાઓની માગણી હતી કે ઈઝરાયલે અગાઉ ૫૩ જેટલા P.F.L.P. ના માણસોને નજરકેદ કર્યા હતા તેમાંથી ૪૦ માણસોને તરત જ છોડી મૂકવામાં આવે. જો એમને છોડી મૂકવામાં નહિ આવે તો ૧૩ કરોડ રૂપિયાનું આ વિમાન અને એના બધા યાત્રાળુઓનો ખાતમો બોલાવીશું. (પી.એફ.એલ.પી. એટલે 'પોપ્યુલર ફ્રન્ટ ફોર ધ લિબરેશન ઑફ પેલેસ્તાઈન'ના છુટકારા માટેની પ્રખ્યાત ટુકડી)

વિમાન આથેન્સથી ઊપડયું અને પછી શું બન્યું, છુટકારો કેવી રીતે થયો, એ બધાંની સિલસિલાબંધ વિગત એ જ વિમાનમાં મુસાફરી કરતા એક વિદ્યાર્થીએ હિબ્રૂ ભાષામાં નોંધ લીધી હતી. આ હતો ઈઝરાયલનો છવ્વીસ વર્ષનો મેડિકલ વિદ્યાર્થી મોશે પીરઝ. વિમાનમાં ઊલટી કરવા મુકાયેલી કાગળની કોથળી પર તે બધી વિગતો પોતાની મોજ માટે ટપકાવ્યે જતો હતો. એને ક્યાં ખબર હતી કે તેની આ ડાયરી ખૂબ જ ઉપયોગી અને જગપ્રસિદ્ધ બની જવાની હતી !



*વિમાનમાં ત્રાસવાદીઓ મુસાફરોને ધમકી આપે છે*

આથેન્સના વિમાનીમથકે ફલાઇટ નં. ૧૩૯ આવ્યું ત્યારે જૂન ૨૭, ૧૯૭૬ની સવારના ૧૧ વાગ્યા હતા. એ જ સમયે પાલેસ્તાઈન લિબરેશનના છ આતંકવાદીઓ આ વિમાનમાં ચઢયા. એમાંની એક વ્યકિત ૨૪ વર્ષની ગેબ્રિયલ ક્રોશ ટીટમન નામની સ્ત્રી હતી. પેલા મેડિકલ વિદ્યાર્થીની લખેલી નોંધ આ પ્રમાણે બોલે છે :

"૧૨-૧૦, વિમાન ઊપડયું. એવામાં જ એકાએક ભયંકર ત્રાડ સંભળાઈ. લાગ્યું કે કોઇ બેભાન તો નહિ થયું હોય ! ઓચિંતાં પેલી જુવાન સ્ત્રી અને બીજો ઘટ્ટ મૂછોવાળો પીળું ખમીસ પહેરેલો એ બંને લૉંજમાં દોડી આવ્યાં."

૧૨-૧૨, એકાદ મિનિટ પછી વિમાનના ઇન્ટરકોમ પર અમે એ સ્ત્રીનો ક્રોધિત અવાજ સાંભળ્યો. તેણે કહ્યું, "વિમાન 'ચે ગુએવારા જૂથ' ના લોકોના અને 'પોપ્યુલર ફ્રન્ટ ફૉર ધ લિબરેશન ઑફ પાલેસ્તાઇન' ની 'ગાઝા ટુકડી' ના અંકુશમાં છે." 'ચે ગુએવારા' નું નામ સાંભળી મને તો ભય વ્યાપી ગયો. મનમાં થયું કે એ લોકો તો અધ્ધર ગગનમાં જ વિમાનના ભૂકા બોલાવી દેતાં અચકાશે નહિ. એ સ્ત્રીએ બધી ઉતારુઓને હાથ ઊંચા કરવા કહ્યું, અને જરા પણ હલનચલનની મના કરી.



*બાનમાં લેવાયેલું વિમાન*

પ્રથમ વર્ગના પ્રવેશ પાસે બે ત્રાસવાદીઓ ઊભા હતા. તેમના હાથમાં હાથ-બૉમ્બ (હૅન્ડ-ગ્રેનેડ) હતો. એના પરની સહીસલામતીની પીન કાઢી નાખેલી હતી. બીજા હાથમાં પિસ્તોલ હતી., તેમણે બધા મુસાફરોની ઝડતી લેવા માંડી; અને કોઈની પાસે કાંઇ શસ્ત્ર કે એવું કંઈ પણ હોય તે આપી દેવા હુકમ કર્યો .... આ તપાસ લગભગ એક (વાગ્યા) સુધી ચાલી.

૩-૦૦, અમે ક્યાં અને કઈ દિશા તરફ ઊડી રહ્યા છીએ તેનો અમને ખ્યાલ નથી. ઓચિંતો દરિયાકાઠો અને વેરાન જમીન દેખાય છે વિમાનમથક પર ઊતરતાં પહેલાં વિમાન દશ ચક્કર લગાવે છે. એ પછી ત્રાસવાદીઓના નેતાએ જાહેરાત કરી કે ઉતરાણ બેન્ગાઝી પર થયું છે. વિમાનને હવેથી હાઈફા કહેવામાં આવશે, અને તેનો કપ્તાન ગાઝાનો નેતા બાઝિલ અલ નુબાઝી છે. બે કલાક અમે ખાલી વાટ જોતાં બેઠેલા રહીએ છીએ. એ લોકો વિમાનના ડાબી તરફના દરવાજે કંઈક ગોળ ડબ્બા જેવું મૂકે છે. એમાંથી જામગરી બહાર લટકતી દેખાય છે. જમણા દરવાજે પણ ચોરસ ડબ્બો મૂકે છે. એક ત્રાસવાદી કહે છે કે એમાં દારૂગોળો છે અને હવે બારણાં ઉઘાડી શકાશે નહિ.

૧૭-૧૫, તેઓ અમારા પાસપોર્ટ ઉઘરાવી લઈને એક થેલીમાં ભરે છે.

૨૦-૧૫, નવો કપ્તાન જાહેર કરે છે કે વિમાન હવે અડધા કલાકમાં ઊપડશે અને હવે પછીનું ઉડ્ડયન ત્રણ કલાકનું થશે. સ્થળ વિષે તે કંઈ કહેતો નથી.

૨૧-૩૫, સાડા છ કલાક બેન્ગાઝી પોર્ટ પર થોભ્યા પછી છેવટે વિમાન ઊંચે ચઢે છે.

***સોમવાર, ૨૮ જૂન :***

૦૦-૪૦, હું હાથ ઊંચા કરું છું. લાલ ખમીસધારી ત્રાસવાદીઓની રિવોલ્વર વડે, મને બાથરૂમમાં જવાની પરવાનગી આપતો સંકેત કરે છે.

૩-૧૫, ટૂંકી ઊંઘમાંથી હું સફાળો જાગી ગયો. કૅપ્ટન જાહેર કરે છે કે વિમાન યુગાન્ડાના એન્ટેબી વિમાનમથકે ઉતરાણ કરે છે. બારી પર પડદા પાડી દેવાનો તે હુકમ કરે છે.

૨૯મી જૂને એન્ટેબી વિમાનમથકે મુસાફરોમાંથી ઇઝરાયલીઓને જુદા પાડવામાં આવ્યા, અને મુખ્ય ઓરડામાંથી બાજુના ઓરડામાંલઈ જવામાં આવ્યા. સ્ત્રીઓ તો રડવા લાગી. બધા ઇઝરાયલી મુસાફરોને લાગ્યું કે હવે, ખલાસ, અમને મારી નાખવા માટે જ અલગ કરવામાં આવ્યા છે. ત્રાસવાદીઓએ જણાવ્યું હતું કે આ ઓરડામાં બધે દારૂગોળો ભરેલો છે. એટલે કોઈ ચૂંકે ચા કરશે તો બધાને ફૂંકી મારવામાં આવશે. ઇઝરાયલીઓ

સિવાયના મોટા ભાગના ઉતારુઓને કયારનાયે છોડી મૂકવામાં આવ્યા હતા. યુગાન્ડાના પ્રમુખ ઈદી અમીન આવ્યા. ઈઝરાયલી ઉતારુઓને મળ્યા અને કહ્યું કે હું પોતે ખૂબ પ્રયત્ન કરી રહ્યો છું. પણ ઈઝરાયલી સરકારે ત્રાસવાદીઓની માગણીઓનો સ્વીકાર હજી સુધી કર્યો નથી, એટલે પોતે લાચાર છે. છતાં હું પ્રયત્નો ચાલુ રાખીશ.

આ સમયે ઈઝરાયલમાં શું બની રહ્યું હતું તે જોઈએ. વિમાન અપહરણની ખબર મળતાં જ ઈઝરાયલી અધિકારીઓની બેઠક મળી. દરેકને ભય હતો કે જો આપણે ગેરીલાઓની માગણી સ્વીકારીએ તો તેમની આવી પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળે, અને ઈઝરાયલીઓને દેશની બહાર જવું ભયભરેલું બની રહેશે. તો પછી લશ્કરી પગલાં લેવાં કે કેમ ? રક્તપાત કર્યા વગર બાનમાં પકડાયેલાઓને છોડાવી શકાય તો વધારે સારું. છતાં દેશના લશ્કરને સાબદું કરી દેવામાં આવ્યું.

ખાસ ઈઝરાયલી ગુપ્તચર દળ (ઈન્ટેલિજન્સ ફોર્સ) દુનિયામાં અજોડ એવું તંત્ર છે. ખૂબ શક્તિશાળી અણુવીજ શ્રવણયંત્રો દ્વારા વિશ્વનાં ધ્વનિમોજાંનું અહીં મોનીટરિંગ થાય છે - લાગતીવળગતી સંસ્થાઓને ખાતાંઓને માહિતી-સંદેશા અહીંથી પહોંચાડવામાં આવે છે. ગુપ્ત માહિતી એકત્ર કરવા બીજી અનેક રીતો તેઓ અજમાવે છે. વળી વિમાની મુસાફરોનું પણ રડાર વગેરેથી તેઓ ધ્યાન રાખે છે.

જૂન ૨૭મીના રવિવારે જ લાપત્તા વિમાન વિષે ખબર મળતાં તરત જ બપોરે ૩-૩૦ વાગ્યે પ્રધાનમંડળની બેઠકમાં એક 'ક્રાઈસીસ મેનેજમેન્ટ ટીમ' (કટોકટી હલ કરનારી ટુકડી) રચવામાં આવી. એમાં વડાપ્રધાન, પ્રધાનમંડળના બીજા પાંચ સભ્યો (પાંચ પ્રધાનો) અને સરસેનાપતિ મોર્દખાય ગુર, અનેક બધા નિષ્ણાતો આ ટીમની સાથે કામે લાગી ગયા. આ બધા કેવા કેવા નિષ્ણાતો હતા ! ત્રાસવાદીઓના નવા આંતરરાષ્ટ્રીય તંત્રના જાણકાર, આયર્લેન્ડમાં બૉમ્બમારો થાય કે ઈઝરાયલ પર હુમલો થાય પણ આવા હુમલાઓનું સૈદ્ધાંતિક કે વૈચારિક મહત્ત્વ એક જ છે - એવું બધું ઝટમાં કળી જનારા નિષ્ણાતો, દુશ્મનની હિલચાલની આગાહી કરીને તત્ક્ષણ વ્યૂહ ગોઠવી દેતા નિષ્ણાતો, રાજકીય નિષ્ણાતો, લશ્કરી નિષ્ણાતો, મુત્સદ્દીગીરીના નિષ્ણાતો.

આ ઈઝરાયલી ટીમને ખબર મળી ગઈ કે યુગાન્ડાની એન્ટેબી

વિમાનમથકે આ ૧૦૪ ઇઝરાયલીઓને બાનમાં પકડયા છે. પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ઇઝરાયલીઓને કેટલી બધી મુશ્કેલીઓ હતી ! બચાવ માટેનાં વિમાનો હરકયુલિસ સી -૧૩૦ ને અઢી હજાર માઈલ દૂર એન્ટેબી સુધી લઈ જઈને પાછા આવવામાં વચ્ચે કોઇ જગાએ બળતણ લેવા માટે ઉતરાણ કરવું જ પડે. તે ક્યાં કરવું ? બળતણ ક્યાંથી લેવું ? વળી એન્ટેબીના વિમાનમથકેથી અઢી હજાર ફૂટ દૂર ઉતરાણ કરવું જોઈએ જેથી ગુપ્તતા જાળવી શકાય.

ઇઝરાયલે એ પણ બાતમી મેળવી લીધી કે બાન પકડાયેલા ઉતારુઓને ચોક્કસ ક્યા સ્થળે રાખ્યા છે, તેમના પર ચોકી કરતા ત્રાસવાદીઓની ચોક્કસ સંખ્યા કેટલી છે, એ લોકો ક્યા ક્યા સ્થળે અને કેવા વ્યૂહમાં ગોઠવાયેલા છે, તેમની પાસે ક્યાં અને કેટલાં શસ્ત્રો છે, વળી યુગાન્ડાનું કેટલું લશ્કર ત્યાં રાખવામાં આવ્યું છે, અને મથક પર રખાતાં તેમનાં મિગ લડાયક વિમાનો ક્યાં રાખ્યાં છે. એન્ટેબીના વિમાનીમથકનો સંપૂર્ણ વિગતોવાળો નકશો અને ઉપગ્રહ (સેટેલાઇટ) વડે લેવાયેલી તેની છબીઓ ઇઝરાયલી અફસરોએ મેળવી લીધી હતી, અને એ બધાંનો અભ્યાસ શરૂ કરી દીધો હતો.

પોતે ચોક્કસ અભ્યાસ કરી શકે, અને છાપો મારવાની સંપૂર્ણ તૈયારી કરી દે ત્યાં સુધી દેખાવ ખાતર, ત્રાસવાદીઓની સાથે વાટાઘાટો કરવાનું ઇઝરાયલી આગેવાનોએ ચાલુ રાખ્યું, બાનમાં રખાયેલા ક્યા ક્યા ઉતારુઓને છોડવા, કઈ કઈ શરતો ઇઝરાયલને માન્ય છે વગેરે બાબતો વિષે ઇઝરાયલીઓએ વાટાઘાટ ચાલુ રાખી.

અગાઉનાં વર્ષોમાં વિમાન અપહરણોના અનેક બનાવો બની ચૂકયા હતા, તેથી ઇઝરાયલે એક ખાસ એન્ટી-હાઇજેક સ્કવૉડ (વિમાન અપહરણ વખતે એ છોડાવવા પગલાં લેનારી ટુકડી) ઊભી કરી દીધી છે. એમાં મૂકેલી બધી જ વ્યક્તિઓ જાસૂસીમાં અત્યંત કાબેલ છે, અને ધારેલી કામગીરી પાર પાડવામાં અદભુત રીતે પારંગત છે. તેમણે તાલીમ માટે જુદાં જુદાં વિમાનીમથકેથી ઉતારુઓને બચાવવાના અનેક નકલી અભ્યાસ અને અખતરા યોજયા છે, અનેક જાતનાં વિમાનોની આંતરિક રચના ઝીણામાં ઝીણી વિગતોનો તલસ્પર્શી અભ્યાસ પણ કર્યો છે. તેમનાં રાક્ષસી કદનાં હરક્યુલિસ સી-૧૩૦ વિમાનોમાંથી હજુ તે વિમાનમથકે ઊતરે તે પહેલાં જ બંદૂકધારીઓથી ભરેલી જીપગાડીઓ છોડી મૂકવાનાં જોખમી સાહસોમાં કાબેલિયત મેળવી લીધી છે. આ પ્રસંગે પણ એન્ટેબી પર છાપો લઈ જાય

ત્યાર પહેલાં ઝીણાંમાં ઝીણી કામગીરીના સંપૂર્ણ પ્રયોગો ચાર ચાર દિવસ સુધી કર્યા હતા.

સરસેનાપતિ ગુરના વિમાની છાપા મારવામાં પારંગત માણસોએ આ સંભવિત હુમલાનો ફરી અભ્યાસ કર્યો, અને નકલી વિમાનમથકો પર નકલી હુમલા કરી નકલી મુસાફરોને છોડાવવામાં ઓછામાં ઓછો કેટલો સમય લાગે તેના પણ પ્રયોગો કર્યા. અને આખરે એવી નિપુણતા મેળવી કે એ બધી કામગીરી તેઓ ફક્ત પંચાવન મિનિટમાં જ પૂરી કરી શકતા. (જોકે એન્ટેબી વિમાની મથકે ખરેખરા છાપા વખતે તો ફક્ત બાવન મિનિટમાં જ એ બધી કામગીરી પૂરી કરી હતી).

છાપો મારનાર ટુકડીની આગેવાની લેફ્ટેનન્ટ કર્નલ યોના તાન નેતાન્યાહ નામના એક ૩૦ વર્ષના ભરજુવાન ઑફિસરને સોંપવામાં આવી. આ ટુકડી તેમના શસ્ત્રસરંજામ સાથે અઢી હજાર માઈલ પર આવેલા એન્ટેબી વિમાનમથકે પહોંચવા જુલાઈની બીજીએ બપોરના ત્રણ વાગ્યે ઊપડી. શસ્ત્રસરંજામમાં હતાં ચાર રાક્ષસકાયી હરક્યુલિસ સી-૧૩૦ વિમાનો, અને બે બોઈંગ-૭૦૭ જેટ વિમાનો. એમાંથી એક જેટ-વિમાનમાં અદ્યતન હૉસ્પિટલની સગવડ કરવામાં આવી હતી. આ હૉસ્પિટલવાળા વિમાનને વચ્ચે કેન્યાના નૈરોબીમાં ઉતારીને ત્યાં જ રાખ્યું, અને બાકીનાં વિમાનો એન્ટેબી જવા રવાના થયાં. કેન્યા સાથે ઈઝરાયલને જરાસરખો મીઠો સંબંધ હતો.

એ વખતે એન્ટેબી વિમાનમથકે ૧૦ ત્રાસવાદીઓ એકઠા થયા હતા.. તેઓ બધા બંદૂકધારીઓ હતા. તેઓ આરામ કરવા જાય ત્યારે યુગાન્ડાના સૈનિકો તેમની જગાએ પહોરો ભરતા હતા. બાનમાં પકડાયેલા ઈઝરાયલીઓ પર આમ કડક જાપ્તો રખાતો હતો. ઈદી અમીન પણ અવારનવાર આવતા, અને એક જ વાત રટયા કરતા કે હું ખૂબખૂબ પ્રયત્નો કરું છું, પણ ઈઝરાયલી સરકાર કંઈ મચક આપતી નથી, અને તમે બાનમાં પકડાયેલા હજી જીવતા રહ્યા છો તે મારા પ્રયાસો દ્વારા જ શક્ય બન્યું છે.

પેલી તરફ ઈઝરાયલી જાસૂસો વિક્ટોરિયા સરોવર તરફ રહીને બધી બાતમી મેળવતા હોય છે. વિમાનીમથકે દરરોજ જાપ્તાની કેવી વ્યવસ્થા હોય છે, રાતના કામગીરી કરનારાઓ ત્યાં ત્યાં અને શું શું કાર્ય કરતા હોય છે,

યુગાન્ડાના સૈનિકો કયે કયે સમયે ત્યાં હાજર હોય છે વગેરે માહિતી એકત્ર કરીને ઇઝરાયલ પર મોકલતા રહેતા.

હવે શનિવાર ત્રીજી જુલાઈ થઈ છે. રાતના અગિયાર વાગી ચૂકયા છે. લગભગ પોણાબારના સુમારમાં એકાએક ઇઝરાયલના વિમાનોનો કાફલો લેફટેનન્ટ કર્નલ યોના તાન નેતાન્યાહુની કાબેલ આગેવાની નીચે આખરે એન્ટેબી મથકે સાત કલાકે આવી પહોંચ્યો. ચંદ્ર હજી થોડી વાર પહેલાં જ આથમી ગયો હતો. આકાશ વાદળઘેર્યું હતું. પહેલા હરક્યુલિસ સી-૧૩૦ એ ઉતરાણ કરવા માંડયું. વિમાનમથકે ત્રાસવાદીઓની કે સૈનિકોની કોઈ હિલચાલ જણાતી નહોતી. એન્ટેબીના રડાર સંભાળનારાઓને પણ કંઈ ખબર પડી જ નહિ. બીજું હરક્યુલિસ વિમાન ઉતરાણ કરે તે પહેલાં એણે એન્ટેબીના કન્ટ્રોલ ટાવરને સંદેશો મોકલ્યો કે પોતે ઇસ્ટ આફ્રિકન વિમાની સર્વિસનું વિમાન છે. એ વાત માત્ર ધોખામાં નાખવા જ તેમણે કરી હતી; કારણ, એ ઇસ્ટ આફ્રિકન વિમાની સર્વિસના વિમાનને એન્ટેબી પર આવવાનો લગભગ એ જ સમય હતો. કન્ટ્રોલ ટાવરે ઊતરવાની મંજૂરી આપી. પેલું બીજું ૭૦૭-બોઈંગ વિમાન ઉપર ચકરાવા લેતું રહ્યું.

પહેલું હરક્યુલિસ એન્ટેબી વિમાનમથકના 'રનવે' (થોભ્યા પહેલાં વિમાન જમીન પર થોડીવાર સુધી દોડે છે તે રસ્તા) પર હજી થોભે તે પહેલાં જ તેનાં પાછલાં દ્વાર ખોલી નાખવામાં આવ્યાં, અને અંદરથી ઇઝરાયલી જીપગાડીઓ, સૈનિકો અને શસ્ત્ર સરંજામ સાથે ધસમસતી બહાર નીકળી,



*ઇઝરાયલીઓ વિમાનમાંથી ઊતરીને છાપા મારે છે.*

અને સેકન્ડ પણ ગુમાવ્યા વગર અડધો માઈલ દૂર જયાં બાનમાં પકડાયેલાઓને રાખવામાં આવ્યા હતા તે વિમાનીમથકના મકાન તરફ ધસી ગઈ. કેટલાક કન્ટ્રોલ ટાવરનો કબજો લેવા ધસ્યા. આવું અહીં બનશે એનો સ્વપ્ને પણ કોઈને ખ્યાલ નહોતો, એટલે તેમનો અટકાવ કોઈએ કર્યો નહિ.

પ્રત્યેક સૈનિકને જે જુદી જુદી કામગીરી અગાઉથી સોંપવામાં આવી હતી તે જ પ્રમાણે તેઓ ઝડપથી કર્યે જતા હતા. એમની એક ટુકડી બાન રખાયેલા ઉતારુઓ તરફ ગઈ, અને ત્યાં યુગાન્ડાના રક્ષક-સૈનિકો પર ગોળીમારો ચલાવ્યો. યુગાન્ડાના સૈનિકો નાસભાગ કરવા લાગ્યા. થોડી જ પળોમાં ૨૦ સૈનિકો ઠાર થયા. બીજી ટુકડી યુગાન્ડાના મિગ વિમાનો તરફ ધસી અને છ વિમાનના ફૂરચા ઉડાવી દીધી. ત્રીજી ટુકડી યુગાન્ડાના બીજા સૈનિકો આવી પહોંચે તો તેમનો સામનો કરવા તૈયાર થઈ રહી. પણ નવા કોઈ સૈનિકો આવ્યા નહિ, કારણ ત્યાં એન્ટેબી ગામમાં કે ૨૧ માઈલ દૂર આવેલા પાટનગર કમ્પાલામાં કોઈને આ બાબતની ખબર જ નહોતી.

બાન રખાયેલા ઇઝરાયલી મુસાફરો હતા તે મકાનમાં ઇઝરાયલી ટુકડીના માણસો ધસી ગયા, અને 'તિશ્કાવું' તિશ્કાવુ (જમીન પર સૂઈ જાઓ) ના પોકાર કર્યા. તેમણે મોટા ભાગના ત્રાસવાદીઓનો સંહાર કરી નાખ્યો.

મોટા ભાગના મુસાફરોને તો સમજણ જ ન પડી કે શું બની રહ્યું છે. તેઓ ગાભરા બની ગયા હતા, અને એ સ્વાભાવિક જ છે. આથી ઇઝરાયલી સૈનિકોએ 'ઇઝરાયલ ઇઝરાયલ' એમ પોકાર્યાં કર્યું, ત્યારે ઉતારુઓના મગજમાં ઊતર્યું કે તદ્દન અશક્ય અને અકલ્પ્ય વાત બની છે. લગભગ દશ મિનિટ સુધી ગોળીઓની રમઝટ બોલી. આખો ઓરડો બંદૂકના ધુમાડાથી છવાઈ ગયો હતો. કોઈનાં વસ્ત્રો, ધાબળા ઇત્યાદિ બળવા લાગ્યાં ટુકડીના કેટલાક સૈનિકોએ ઉપલા મજલે જઈને ત્યાંથી પણ ત્રાસવાદીઓને વીંધી નાખ્યા.

હવે ઇઝરાયલી સૈનિકોએ ઈઝરાયલી ઉતારુઓને હુકમ કર્યો કે ભલે ગોળીઓ ચાલતી હોય એની દરકાર કર્યા વિના બહાર ઊભાં રખાયેલાં વિમાનોએ પહોંચી જાય.

આ ઉતારુઓને લઈને પહેલું વિમાન રાતના બરાબર ૧૨-૪૫ વાગ્યે ઊપડી પણ ગયું. એ પછી બીજું ઊપડયું, પછી ત્રીજું અને ચોથું ૧૨-૫૦




*વિમાનનુ અપહરણ થયું, અને તેનો છુટકારો થયો એના માર્ગો*

વાગ્યે ઊપડયું. રાતના ૨-૩૯ વાગ્યે તેઓ નૈરોબી પહોંચ્યા, નૈરોબી વિમાનમથકે અગાઉથી પેલું જેટ ૭૦૭-બોઈંગ રખાયેલું હતું, તેમાં હોસ્પિટલની બધી વ્યવસ્થા તૈયાર હતી. ઘવાયેલા ઈઝરાયલી સૈનિકોને ત્યાં સારવાર આપવામાં આવી. એ પછી મળસ્કે ૪ વાગ્યે ચાર હરક્યુલિસ અને બે બોઈંગ વિમાનો ભારે વિજયના હર્ષનાદો સાથે ઈઝરાયલ તરફ રવાના થઈ ગયાં. આ બાવન મિનિટની કામગીરીમાં, એમનો ૩૦ વર્ષનો યુવાન બાહોશ સેનાપતિ નેતાન્યાહુ ઉતારુઓને વ્યવસ્થિત રીતે વિમાનમાં ચઢાવી દેવા આવતો હતો, તેવામાં જ જૂના કન્ટ્રોલ ટાવર પર છોડાયેલી ગોળીથી તે વીંધાઈ ગયો, અને ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યો. વિજયના આનંદોલ્લાસમાં શોકની આ ઘેરી છાંટ પણ છંટાઈ ગઈ.

આખો જ કાફલો રવિવાર ચોથી જુલાઈથી સવારના ૧૦ વાગ્યે ઈઝરાયલના લિડ્ડા વિમાનમથકે ઊતર્યા.એ વિજયનો આનંદ, વહાલાંઓનો પુનર્મિલાપ અને મૃત્યુ પામેલા માટે શોક - લિડ્ડા વિમાન મથકે કેવુંક વાતાવારણ સર્જાયું હશે !

આધુનિક યુગની આ કેવી મહાન વિજયી મુક્તિ ! એક ભવ્ય મહાગાથાનો કેવો અપૂર્વ અંજામ ! આરબ આતંકવાદીઓએ વિમાનોનાં અપહરણ કરીને આખી દુનિયાને કેવી હંફાવી દીધી હતી ! પરંતુ આ જીવસટોસટની જાનફિશાની ખેલીને ઈઝરાયલ પ્રજાએ વિશ્વભરમાં વિજયનો ડંકો વગાડી દીધો. ઈઝરાયલનો રક્ષણપ્રધાન શિમોન પેરેઝ લખે છે તેમ, "આ એક એવી ઘડી હતી જેમાં મુઠ્ઠીભર શૂરવીરોની નાની ટુકડીએ એક મહાન રાષ્ટ્રના ભાવિનું માત્ર એક જ કલાકમાં નિર્માણ કરી દીધું."

## ♦ ઇઝરાયલ પ્રજાનું ભવિષ્ય :

## આરબ પ્રજાઓ ઇઝરાયલને ખતમ કરશે ?

આ અદભુત પ્રજા સંબંધી ઈશ્વરે પયગંબરો મારફતે જણાવેલાં ભવિષ્યકથનો પ્રમાણે જ અત્યાર સુધી બનતું આવ્યું છે. તેથી તો ઈઝરાયલ પ્રજાને 'ઈશ્વરનું ઘડિયાળ' કહેવામાં આવ્યું છે. પ્રભુ ઈસુના પૃથ્વી પરના પુનરાગમન સમયનાં એંધાણોમાં આ પ્રમાણેનાં કેટલાંક એંધાણ છે. જેવાં કે, યહૂદીઓનું વતનમાં પાછા ફરવું, તેઓનું પોતાનું રાજય ફરી પાછું હસ્તીમાં આવવું, યરુશાલેમમાં યહૂદીઓનું મંદિર પાછું બંધાવું, ઈ.સ. પૂર્વે ૧૬૪માં અંત્યોખસ એપીફાનસના સમયમાં બન્યું તેમ એ મંદિરને ભ્રષ્ટ કરનારી વ્યક્તિ



વાયા ડોલોરસા (=દુઃખનો માર્ગ)

(ખ્રિસ્તવિરોધી) એ સત્તાનું હાથમાં લેવું, ઇઝરાયલ પ્રજા ઉપર ભયંકર સતામણી આવવી અને પૃથ્વીની ઘણીબધી પ્રજાઓનું ઇઝરાયલ સામે ચઢી આવવું.

આ માટે બાઇબલમાં વિગતવાર ભવિષ્યવચનો આપવામાં આવેલાં છે. એમાંનાં કેટલાક પૂરાં અને ખરાં થઈ ચૂકયાં છે. બીજાં પૂરાં થવાની વકી પર છે. યહૂદી લોકો ઓગણીસ સદીઓ પછી વતનમાં પાછા ફર્યા છે. એમનું રાજય પણ અસ્તિત્વમાં આવ્યું છે. વળી મંદિર ફરીથી બાંધી શકાય એવી શક્યતાઓ પણ ઊભી થઈ છે. જયાં અસલ મંદિર હતું તે જૂનું યરુશાલેમ આજ સુધી જોર્ડન (આરબ) રાજયને તાબે હતું. પણ ઈ.સ. ૧૯૬૭ના જૂનની પાંચમી તારીખે શરૂ થઈ ફક્ત છ જ દિવસ ચાલેલી યાદગાર લડાઈમાં ઈઝરાયલે એ મુલક જીતી લીધો છે, અને હવે આખુંયે યરુશાલેમ તેમના કબજામાં આવ્યું છે.

જૂનું યરુશાલેમ હાથમાં આવતાં ઇઝરાયલીઓને માટે એ ખુલ્લું મુકાયું. એ પ્રસંગે બે લાખ ઇઝરાયલીઓ હર્ષ અને વિલાપનાં મિશ્ર આંસુ સાથે અસલ મંદિરના કોટની રહેલી એક માત્ર દીવાલ -'રુદનની દીવાલ' આગળ એકઠા થયા હતા. લડાઈમાં ઘવાયેલા સૈનિકોને પણ ત્યાં લાવવામાં આવ્યા હતા. તેઓ બધાં જ રુદન અને હર્ષના પોકાર કરતાં કરતાં એ 'વહાલી દીવાલ' ને ચૂમતાં હતાં. આ દશ્ય હૃદય હચમચાવે તેવું હતું.

૧૯૪૮થી ઇઝરાયલીઓ આરબ રાજયની મનાઇને લીધે એ વિભાગમાં જઈ શકતા નહોતા. હવે એ સ્થાન તેમનું પોતાનું બન્યું છે. તેથી તેઓની આંખો ને અંતર હર્ષાશ્રુથી ઊભરાઈ જતાં હતાં. ઇઝરાયલના આ વિજયના પ્રણેતા અને સૈન્યના જનરલ મિ. મોશે દયાને આ સમયે દીવાલની આગળ ઊભા રહીને જમા થયેલી જંગી મેદનીને કહ્યું, 'આખરે આપણે આપણાં પવિત્રમાં પવિત્ર સ્થળોએ પાછાં આવ્યાં છીએ, અને અહીંથી ફરી કદી પણ પાછાં ફરીશું નહિ." ઇઝરાયલના વડાપ્રધાન બેન-ગ્યુરિયને પણ એ દીવાલ પાસે આવતાં ગળગળા સાદે કહ્યું, "મારા જીવનનો આ મોટામાં મોટો દિવસ છે."

ઇઝરાયલે જિતાયેલો મુલક પાછો સોંપવાનો સ્પષ્ટ 'નન્નો' ભણ્યો છે. બીજી તરફ જોતાં આરબ રાજયો ફરીથી લડી લેવા તૈયારીઓ કરી રહ્યાં છે. આમ તો છેલ્લાં બે યુદ્ધમાં તેમનો પરાજય થયો છે, છતાં આરબ મુસ્લિમ

રાજયો માને છે કે ઈતિહાસ તેમની તરફેણમાં છે. આરબ મુસ્લિમોએ સાતમી સદીમાં પાલેસ્તાઈન જીતી લીધું હતું, અને સૈકાં પછી ખ્રિસ્તી ક્રુઝેડરો (ધર્મયુદ્ધવીરો) પાસેથી ફરીથી જીતી લીધું હતું. તો હવે પણ ફરીથી કેમ નહિ લઈ શકાય ? તેઓ ઈઝરાયલ સામે બદલો લેવા ઇચ્છે છે.

પરાજયની માનહાનિનું મહેણું ટાળવા ઈઝરાયલ સાથે લડી લેવાનો તેઓમાં સતત સળવળાટ રહ્યા કરે છે. ઈઝરાયલ એ વિષે સજાગ છે, અને ભારે એવા સંયુક્ત સામના માટે પણ તૈયાર છે. આ ટચૂકડા રાજય પાસે શાંતિના સમયમાં ઉપયોગી એવી અણુભઠ્ઠીઓ (ન્યુકિલયરરિએક્ટરો) છે; અને અણુબળ વિજ્ઞાનના નિષ્ણાતો પણ છે. થોડા સમયમાં તેઓ અણુબૉમ્બના અખતરા કરે તો નવાઈ નહિ. ૧૯૬૭ના યુદ્ધથી આરબ રાજયો ખૂબ દાઝી ઊઠયાં છે. એ પછી વર્ષોનાં વહાણાં વાઈ ગયાં, છતાં આરબ રાજયોને ન તો શાંતિ મળી ન તો કંઈ કરી શકયાં.

ઈજિપ્તમાં ઈસ્લામના સૌથી મોટા આગેવાન શેખ અબ્દુલ્લા અલ કવાલકવીલીએ તે સમયે કહ્યું હતું કે, “આરબોને જેહાદ (ધર્મયુદ્ધ) લડી લેવા ફરીથી હાકલ કરવામાં આવી છે. યરુશાલેમ અને પાલેસ્તાઇનના બચાવ ખાતર જેહાદ જાહેર નહિ કરવામાં બધા મુસલમાનો ઘોર પાપ કરે છે.” સાઉદી અરેબિયાએ પણ જાહેર કર્યું કે મુસ્લિમો, થોડા સમયમાં જેહાદ જાહેર કરશે.

ઈજિપ્તના તે વખતના રાષ્ટ્રપ્રમુખ અબ્દેલ નાસરે યુવક સંસ્થાઓની હલુઆનમાં ભરાયેલી પરિષદ આગળ નવેમ્બર ૧૮, ૧૯૬૫ને રોજ બોલતાં કહ્યું હતું કે, “પાલેસ્તાઈનના લોકોના હક્ક તેમને પાછા અપાવવાનું આપણું ધ્યેય છે. અને એનો અર્થ એ જ છે કે ઈઝરાયલનું અસ્તિત્વ મિટાવી દેવું. પ્રથમ શિખર પરિષદ વખતે આપણે એ ધ્યેયને બે પગથિયાંમાં વહેંચી નાખ્યું હતું. આપણું સંરક્ષણ બળ સંપૂર્ણ કરવું એ એનું પ્રથમનું અને અતિ જરૂરી પગથિયું છે. અને બીજા પગથિયા તરીકે ઈઝરાયલ રાજયનું અસ્તિત્વ નાબૂદ કરવાનું અને પાલેસ્તાઈનના લોકોને તેમના હક્ક પાછા આપવાનું છે... ઈઝરાયલી નાબૂદીની યોજનાનો આપણો મોરચો ફક્ત ઈઝરાયલ સામે જ નહિ, પણ ઈઝરાયલની પડખે ઊભા રહેનાર સૌ કોઈની સામે પણ છે.”

## ♦ ઇઝરાયલ જિતાયેલા પ્રદેશો પાછા સોંપશે ?

યહૂદીઓને પણ કેટલાંક કારણોસર અમુક મુલક પાછો આપવો જરૂરી

લાગશે. ઈઝરાયલને પોતાની હયાતી આરબ રાજયોમાં માન્ય રખાવવી છે, એટલે આરબો સાથે બેસીને આ બાબતની તડફોડ કરવા તે તૈયાર થશે; કારણ, વાટાઘાટો માટે સાથે બેસવામાં એનું અસ્તિત્વ માન્ય રખાયું ગણાશે. આવું થઈ શકે માટે ઈઝરાયલ પોતાને બિનજરૂરી કે લાભદાયી નહિ તેવો મુલક પાછો સોંપવા તૈયાર થશે. ઈઝરાયલના વડાપ્રધાને કહ્યું છે કે જયાં સુધી ઈજિપ્ત, સિરિયા અને જોર્ડન ઈઝરાયલની સાથે વાટાઘાટ નહિ કરે ત્યાં સુધી જીતેલો પ્રદેશ પાછો આપવામાં આવશે નહિ. આ માટે બીજા કોઈની દરમિયાનગીરી તેઓ ઈચ્છતા નથી. પરંતુ વીસ વીસ વર્ષ વીતી ગયાં કોઈ ખાસ વાટાઘાટ થઈ નથી. કદાચ ભવિષ્યમાં સામસામા બેસીને વાટાઘાટ થાય તો શું શું કરવું અને કહેવું તેની ઈઝરાયલ પાસે પૂરી તૈયારી છે.

તીરાનની સામુદ્રધુનીમાં મુક્તમાર્ગ મળી શકે એ માટે ઈઝરાયલ વાટાઘાટ કરવા જરૂર તૈયાર થશે. એ સામુદ્રધુની દ્વારા રાતા સમુદ્રમાં પ્રવેશી શકાય છે. એ સ્થળે અકાબાનો અખાત રાતા સમુદ્રને મળે છે. મુક્ત વેપાર માટે ઈઝરાયલ રાતા સમુદ્રમાં મુક્ત પ્રવેશ ઝંખે છે.

પોતાનું અસ્તિત્વ માન્ય રખાવવાની રાજરમત અને મુક્ત વેપાર માટેના માર્ગની લાભપ્રાપ્તિ, આ બેવડા હેતુને ધ્યાનમાં રાખીને શું પાછું આપવું, અને ધાર્મિક લાગણી તથા સહીસલામતીની ખાતર શું રહેવા દેવું, એનો ઈઝરાયલને પ્રશ્ન ઊભો રહેશે.

દક્ષિણમાં સિનાયનો રણપ્રદેશ લાભનો નથી. જોકે રક્ષણથાણાં માટે એ ઉપયોગી થાય ખરો. અને આ વિમાની યુગમાં આ વિભાગ બહુ મહત્ત્વનો પણ ખરો.ઈજિપ્તનું વિમાની દળ સિનાયના એલ અરીશ મથકેથી વિમાન દ્વારા તેલ-અવીવે સાત જ મિનિટમાં પહોંચી શકાતું. પણ આજે હવે ઈજિપ્તને સુએઝ કેનાલના મથકેથી તેલ અવીવ જતાં ૨૦ મિનિટ લાગે ! ઈઝરાયલ માટે આ તો બહુ અગત્યનો મુદ્દો છે. વળી સુએઝના અખાત પર આવેલા રાસ સુદ્રની આસપાસના પ્રદેશમાંના કૂવાઓમાંથી એક દિવસમાં ૧,૫૦,૨૦૦ બેરલ તેલ નીકળે છે. આ તેલ અને ઈઝરાયલમાં નીકળતું તેલ મળીને ઈઝરાયલને તેલ પૂરતું સ્વયંપોષિત બનાવી શકે તેમ છે. આ મુદ્દો પણ ઈઝરાયલ માટે અગત્યનો છે. વળી સર્મ-એલ-શેખ કબજે રાખવાથી ઐલાત બંદરેથી માલની ચઢ-ઉતાર કરવી ઈઝરાયલ માટે સહીસલામતી ભર્યું છે.




પણ ભટકતાં બેદુઈનોનાં ટોળાંના ઓચિંતા હુમલાઓનું જોખમ માથે સતત ઝઝૂમતું રહેવાનું અને જો તીરાનની સામુદ્રધુનીમાં બીજી કોઇ રીતે મુક્તમાર્ગ મળતો હોય, તો શા માટે સિનાયનો રણપ્રદેશ રાખવો ? પણ સાથે સાથે ઇઝરાયલે સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી પોતાને મળેલો અનુભવ ભૂલવાનો નથી. અગાઉ વખતે જ્યારે નાસરે તીરાનની સામુદ્રધુનીના ઇઝરાયલના

વપરાશને પડકાર્યો, અને 'યુનો' નાં શાંતિદળને ખસી જવા કહ્યું, ત્યારે 'યુનો' ખસી ગયું. !

દરિયાકાંઠાની ગાઝાપટ્ટીનું પણ તેવું જ. એ પ્રદેશ જિતાયો છે તો ખરો, પણ ત્યાંના લોકોનું વલણ ઈજિપ્ત તરફ ઢળતું હોય એ સ્વાભાવિક છે. તો એને વશ રાખવામાં સતત લશ્કર અને નાણાંનો વ્યય શા માટે થવા દેવો ? જો અન્ય મોટાં ધ્યેય સધાતાં હોય તો ગાઝાપટ્ટીનો પ્રદેશ પાછો આપવામાં ઈઝરાયલને વાંધો નહિં આવે.

છેક ઉત્તરે સિરિયાનો ગોલાન હાઈટસનો જિતાયેલો પ્રદેશ ઊંચા ડુંગરાભર્યો છે. ત્યાંથી સિરિયા વારંવાર ઈઝરાયલનાં ગામડાં પર બૉમ્બ ફેંકતું, ગોળીઓ ચલાવતું અને અંદર ઘૂસી જતું. ઈઝરાયલ નીચાણમાં હોવાથી કાંઈ કરી શકતું નહિ. પણ હવે એ ભય જતો રહ્યો. વળી સિરિયા યર્દન અને યાર્મુક નદીઓનાં પાણી વાળી લેવા પ્રયત્નો નહિ કરી શકે. આ બધા લાભો છે, છતાં અમુક રીતે એ પ્રદેશ સાચવવો કઠણ છે. એટલે એ પણ પાછો આપવામાં બહુ ગેરલાભ નથી. છતાંયે ઈઝરાયલ એ પ્રદેશ કદાચ પાછો નહિ આપે.

જોર્ડન રાજયનો યર્દન નદીની પશ્ચિમ તરફનો જે મુલક ઈઝરાયલે જીત્યો છે તે ઈઝરાયલને મન ખૂબ ઉપયોગી છે. આ બંને દેશો વચ્ચે હવે યર્દન નદી સીમાચિહ્ન બની રહી છે. એ સ્થળે તુલકારીમ (જોર્ડન) અને નતાનિયા (ઈઝરાયલ) વચ્ચે આવેલો ઈઝરાયલનો અસલ પ્રદેશ માત્ર ૧૦ માઈલ પહોળો છે. જિતાયેલો પ્રદેશ રાખવાથી ઠીકઠીક મોકળાશ થશે એમ ઈઝરાયલ માને ખરું.

જૂન ૧૯૬૭ના યુદ્ધ પછી જોર્ડનના આરબ ગેરીલાઓ અથવા ફતાહ યર્દન પારથી આ પ્રદેશમાં અવારનવાર છાપા મારતા ઘૂસી આવી તોફાનો જગવે છે, અને ત્યાંની આરબ પ્રજામાં ઈઝરાયલ-વિરોધી લાગણીને ઉશ્કારાયેલી રાખે છે. આથી ઈઝરાયલને એ *ફતાહી ગેરીલાઓનો અને તેમનાં હંગામી મથકોનો નાશ કરવા સતત પ્રવૃત્તિમય રહેવું પડે છે. વળી નજદીક જ જોર્ડનની ઉત્તરે આવેલું સિરિયા પોતે તો કંઈ કરી શકતું નથી, પણ જોર્ડનને બધો વખત પાનો ચડાવ્યા કરે છે. બીજાં આરબ રાજયો પણ

* 'ફતાહી' એટલે ઈંટાળા-ઢેફાં દ્વારા હુમલા.

એમ જ ઉશ્કેરણી કર્યા કરે છે, અને એ બધાનો ભાગ આખરે તો જોર્ડન જ બને છે. આ સ્થિતિ ચાલુ છે. ઈઝરાયલ પણ વારંવાર માથાં ઊંચાં કરતાં અને ત્રાસ ફેલાવતાં આસપાસનાં આરબ રાજયોને પોતાની શક્તિનો પરચો બતાવીને ડારવા માગે છે. તા. ૨૧-૩-૧૯૬૮ના રોજ એમ જ બન્યું. આમ, ઈઝરાયલને સતત તંગ વાતાવરણમાં રહેવું પડે છે, છતાં પણ ઈઝરાયલ એ મુલક આપશે તો નહિ જ.

વળી યરુશાલેમ શહેરનો જૂનો ભાગ ઈઝરાયલે જીતી લીધો છે એ તો તે કદી પાછો સાંપશે જ નહિ. ધાર્મિક દષ્ટિએ અને ભવિષ્યકથનો પૂરાં થાય એ દષ્ટિએ આખુંયે યરુશાલેમ શહેર ઈઝરાયલને તાબે હોય એ એમને જરૂરી લાગશે. એ પ્રદેશ જીતી લીધા પછી યહૂદીઓ 'રુદનની દીવાલ' આગળ જે પોક મૂકીને રડયા છે, ત્યાં તેમણે જે ઊર્મિઓથી ચુંબનો ચોઢયાં છે, ને એ દીવાલને જે ભાવથી ચાટી છે, એ જોતાં તો તેઓ એ વિસ્તાર કદિયે પાછા ન જ સોંપે એમ લાગે છે. બાઈબલમાં ઝખાર્યા ૧૪ : ૧૪ અને દાનિયેલના પુસ્તકનાં ભવિષ્યકથનો પ્રમાણે યરુશાલેમ ઈઝરાયલને હાથ હોય અને મંદિર ફરી બંધાયું હોય, તેમ જ તેમાં હોમહવન શરૂ થયેલાં હોય એ સ્પષ્ટ થાય છે.

રેન્ડોલ્ફ એસ. ચર્ચિલ અને વિન્સ્ટન એસ. ચર્ચિલ પોતાના 'ધી સિક્સ ડે વૉર' (=છ દિવસનું યુદ્ધ) નામના પુસ્તકમાં જૂનું યરુશાલેમ ઈઝરાયલીઓએ જીતી લીધું છે, તે સંબંધી નીચે પ્રમાણે જણાવે છે :

"ઈઝરાયલની નેસ્સેતમાં (પાર્લામેન્ટમાં) જૂનની ૨૭મીએ ત્રણ કાયદા પસાર કરવામાં આવ્યા, અને એ દ્વારા જૂના યરુશાલેમને ખાલસા કરવામાં આવ્યું, અને બીજા દિવસથી તેને નવા યરુશાલેમ સાથે જોડી દેવામાં આવ્યું. સમાધાનીનો માર્ગ અપનાવવા માટે ઈઝરાયલ ગમે તે પ્રદેશ પાછો સોંપવા તૈયાર થાય; પણ યરૂશાલેમ તો કદી જ નહિ. મુસ્લિમોના હાથમાંથી યરુશાલેમને છોડાવવાનું સ્વપ્ન ખ્રિસ્તીઓ તેમ જ યહૂદીઓ લાંબા સમયથી સેવતા હતા. એ માટે ખ્રિસ્તીઓએ મધ્યયુગમાં ક્રુઝેડ (જેહાદ, ધર્મયુદ્ધ) આદર્યાં હતાં અને ૧૯૧૮માં જનરલ એલનબીની સરદારી નીચે યરુશાલેમને મુક્ત કર્યું હતું, તે ખ્રિસ્તીઓએ આરબોનાં અનેક જૂઠાણાં સાંભળ્યાં છતાં યરુશાલેમને હવે આરબ સત્તા તળેથી મુક્ત કરવા કંઈ જ ભાગ ભજવ્યો નહિ."




Façade of the Church of the Holy Sepulchre.

ચર્ચ ઓફ ધ, યરુશાલેમ

"હા, ખ્રિસ્તીની દષ્ટિએ યરુશાલેમ હજી 'અવિશ્વાસીઓ' ના હાથમાં છે. પરંતુ હવે પોપ પોલ છઠ્ઠાએ જાહેર રીતે યહૂદીઓને ઈસુના મૃત્યુના તમામ દોષમાંથી મુક્ત કર્યા છે, એટલે ખ્રિસ્તીઓને માટે હવે એ ફરિયાદ રહેતી નથી. પયગંબર મહમદ સાહેબના (ઈ.સ. ૫૭૦-૬૩૨)ના વંશજો આ પ્રદેશમાં આવ્યા ત્યાર પહેલાં યહૂદીઓ તેમ જ ખ્રિસ્તીઓ અહીં હતા,

અને જે યરુશાલેમના બે ભાગલા પડી ગયા હતા તે હવે ફરી પાછું એક થયું છે ત્યારે યહૂદીઓની માફક ખ્રિસ્તીઓ પણ ખુશી થાય એ વાજબી છે.

"યરુશાલેમ સંબંધીના હક્ક-દાવાને તમે તે દૃષ્ટિથી જોતા હો, પણ ઐતિહાસિક રીતે એના બેતૃતીયાંશ જેટલો દસ્તાવેજી હક્ક યહૂદીઓ અને ખ્રિસ્તીઓના વારસદારોને મળે છે. કુરાન કરતાં 'જૂના કરાર'અને 'નવા કરાર' ના દાવા અતિ વજનદાર બને છે. વિભાજિત યરુશાલેમમાં મેન્ડલબામ દરવાજેથી છુપાઈને ઘૂસવા કરતાં હવે અવિભાજિત યરુશાલેમમાં પ્રવેશવું જાત્રાળુઓ તેમ જ પ્રવાસીઓ માટે ખૂબ સાનુકૂળ બની રહેશે. વિભક્ત શહેરના અલગ અલગ વહીવટ કરતાં આખાયે શહેરનો એક જ પ્રકારનો વહીવટ વધુ ઈચ્છનીય છે. વળી આર્મિનયમ મંડળીના પવિત્ર અને પુરાણા હસ્તલેખો અત્યારે લંડનનાં બજારોમાં ફેરિયાઓ વેચવા નીકળ્યા છે એ હસ્તલેખો માટે, અને મૃત સરોવર પાસેથી મળી આવેલાં પુરાણાં ઓળિયાં માટે, તેમ જ એવા બીજા હસ્તલેખો માટે શહેરની આ નવી વ્યવસ્થા કદાચ વધુ લાભદાયી નીવડે."

ઈઝરાયલી લશ્કરના મુખ્ય રાબ્બી (= ધર્મગુરુ) જનરલ શ્લોમો ગોરેને કહ્યું હતું કે, "અમે અમારા લોહીના સમ ખાધા છે કે એ (યરુશાલેમ) ને અમે કદી પાછું આપીશું નહિ. 'રુદનની દીવાલ' અમારી છે. આ પવિત્ર સ્થળ પ્રથમથી અમારું હતું. એ અમારું અને અમારા ઈશ્વરનું સ્થળ હતું. અહીંથી અમે ખસવાના નથી, કદી નહિ.... કદિયે નહિ.

(બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૩૭)

૫ હે યરુશાલેમ જો હું તને વિસરી જાઉં
તો મારો જમણો હાથ (પોતાનું કર્તવ્ય) વીસરી જાય.

૬ જો હું તારું સ્મરણ ન કરું,
અથવા જો મારા મુખ્ય આનંદ કરતાં
યરુશાલેમને શ્રેષ્ઠ માનતો ન હોઉં,
તો મારી જીભ મારા તાળવાને ચોંટી જાય.

જુલાઈ (૧૯૬૭)ના બીજા અઠવાડિયામાં આરબ રાજ્યોના પ્રતિનિધિઓ કેરોમાં મળ્યા, ત્યારે તેઓએ એક જાહેરાત કરી કે, ઈઝરાયલની સાથે વાટાઘાટ કરવાનું કદી બની શકશે જ નહિ. સંયુક્ત આરબ સંઘના છાપા

'અલ નાહર' ના જણાવ્યા પ્રમાણે નાસરે આખરી તારીખ તરીકે નવેમ્બર ૨૩, ૧૯૬૭ આપી હતી. એટલામાં જો 'યુનો' આ પ્રદેશમાં શાંતિકારક સમાધાની કરાવશે તો ઠીક, નહિ તો પછી નાસર યુદ્ધ લડી લેશે.

નાસરે જૂન ૯, ૧૯૬૭ના રોજ રાજીનામું આપેલું ત્યારે એ સ્થાન પાછું સ્વીકારતાં પોતે જણાવેલું કે ઈઝરાયલનાં આક્રમણકારી એવાં તમામ ચિહ્નો તે દૂર કરશે ત્યાં સુધી જ તે પ્રમુખસ્થાને રહેશે; પછી નહિ.

યુનોની જનરલ એસેમ્બલીની બેઠક જુલાઈ ચોથીએ મળી. એ સમયે તેની આગળ ધરવામાં આવેલી ત્રણ ઠરાવની દરખાસ્તો બે તૃતીયાંશ મતને અભાવે પસાર ન થઈ શકી. એ દરખાસ્તો નીચે પ્રમાણે હતી : (૧) રશિયાની દરખાસ્ત : ઈઝરાયલને હુમલાખોર ગણીને, તે પોતાનાં દળ પાછાં બોલાવી લે અને જીતેલો પ્રદેશ ખાલી કરી આપે તેમ કરવું. (૨) યુગોસ્લાવેકી દરખાસ્તઃ ઈઝરાયલે ૧૯૪૮ની યુદ્ધવિરામ હદે પાછા જવું, અને આરબો સાથે મળીને યુદ્ધની સ્થિતિનો અંત લાવવો.

પાછળથી, જુલાઈની ૧૦મીએ સિક્યુરીટી કાઉન્સિલે સુએઝ કેનાલના બંને કિનારે નિરીક્ષકો મૂકયા હતા.

અત્યારે પશ્ચિમ જર્મની ઈઝરાયલને બહુ સાથ - મદદ આપી રહ્યું છે. ભવિષ્ય માટેનાં અગમવચનો (બાઈબલ : હઝકિયેલ ૨૩) ખરાં થાય માટે એ કેટલું અર્થસૂચક છે ! અહીં આખરી વિશ્વયુદ્ધ વિષેની અગમવાણી આપેલી છે.

## ♦ યોમ કીપુર યુદ્ધ - ૧૯૭૩ : પ્રાયશ્ચિતનો દિવસ

આરબ રાજયોનો ઈઝરાયલ સામેનો પ્રકોપ ભભૂકતા ચરુ જેવો જ રહ્યો છે. એવામાં ૧૯૭૩ના ઑકટોબરમાં અચાનક ઈજિપ્ત અને સિરિયાએ ઈઝરાયલ ઉપર હુમલો કર્યો. આ યુદ્ધ ૧૮ દિવસ સુધી ચાલ્યું. 'યોમ કીપુર યુદ્ધ'ને નામે એ હલ્લો ઓળખાય છે.

યોમ કીપુર યહૂદીઓના પ્રાયશ્ચિત પર્વનો દિવસ છે. ઈશ્વરના ફરમાન પ્રમાણે યહૂદીઓ એ દિવસે સંસારી કામકાજમાં ગૂંથાતા નથી, પ્રાયશ્ચિત તથા દેહકષ્ટ અને વિલાપ કરે છે. ઘણા યહૂદીઓ એ દિવસે ઉપવાસ કરતા હોય છે. (લેવીય ૨૩ : ૨૬-૩૨)

યહૂદીઓ આમ ધર્મક્રિયાઓમાં મશગૂલ હતા, અને ઉપવાસ, દેહકષ્ટ,

અને પ્રાર્થનામાં લાગુ હતા ત્યારે જ ઇજિપ્ત અને સિરિયા ઇઝરાયલ ઉપર ત્રાટકી પડયાં. ખરું જોતાં તો પી. એલ. ઓ. (પેલેસ્ટીન લિબરેશન ઓર્ગેનાઈઝેશન) ના ગેરીલાઓ દક્ષિણ લબાનોનમાં સંતાઈને રહેતા હતા. તેઓ ઇઝરાયલ પર તૂટી પડયા.

આ યુદ્ધમાં રશિયા અને યુ. એસ. અમેરિકા પણ ઠીક ઠીક સંડોવાયાં. લગભગ અણુયુદ્ધ ફાટી નીકળે એવો તબક્કો પણ આવી ગયો. પણ અમેરિકી પ્રેસિડેન્ટ નિકસને અણુયુદ્ધ સામે સાવધાનીની ઘોષણા કરી, અને મહાયુદ્ધ થતું અટકયું, તેમ જ યોમ કીપુર યુદ્ધનો પણ અંત આવ્યો.

આ યુદ્ધને લઇને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર થયો નહિ. માત્ર ઇજિપ્ત તથા ઇઝરાયલ વચ્ચે સમાધાનની કંઈક શકયતા ઊભી થઈ. ઈજિપ્તની સુએઝ કેનાલ જિતાઈ ગઈ હતી, તે તેમ જ અબુ રૂદેઈસનાં તેલક્ષેત્રો ઇજિપ્તને પાછાં મળ્યાં. મોટા ભાગના પી. એલ. ઓ. ને અને તેમનાં થાણાં અને સરંજામને દક્ષિણ લબાનોનમાંથી હકાલપટી મળી.

એ પછી ૧૯૭૭માં અમેરિકી નીતિએ પલટો લીધો, અને ઇઝરાયલની સામે પેલેસ્ટીનિયનોની પક્ષકારી કરી, અને જાહેર કર્યું કે "પેલેસ્ટીનિયનોનો વાજબી હક માન્ય રાખવો જોઈએ" અને ઇઝરાયલે જે બધો પ્રદેશ જીતી લીધો છે, તે પરત કરવો જોઈએ. પણ એવી કોઈ વાત ઇઝરાયલના ગળે ઊતરે તેમ નહોતું.

## ♦ ઇઝરાયલ, ઇજિપ્ત અને શાંતિ - કરાર :

આજથી લગભગ ૩,૨૦૦ વર્ષ ઉપર યહૂદીઓએ ઇજિપ્તમાં (મિસર યા મિસ્રાઈમમાં) ૪૦૦ વર્ષ સુધી ગુલામગીરી ભોગવી અને એ પછી મોશેની આગેવાની નીચે વીસ લાખ જેટલા યહૂદીઓએ ભારે ચમત્કારિક સંજોગોમાં ઇજિપ્ત છોડયું, અને પાલેસ્તાઈનમાં આવીને વસ્યા - એ બધા વિષે આપણે અગાઉ "ઇજિપ્ત (મિસર)માં ગુલામી અને છુટકારો" એ પ્રકરણમાં જોઈ ગયા (પૃ. ૧૫), ત્યારપછી સૈકાંઓ સુધી અવારનવાર ઇજિપ્તના રાજાઓ ઇઝરાયલ રાજય ઉપર ચઢી આવતા હતા, એ વિષે બાઇબલમાં તેમ જ ઇતિહાસમાં વિગતપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે.

યહૂદીઓના આદિ-પિતા અબ્રાહમને બે દીકરા : ઇશ્માએલ અને ઇસહાક. ઇશ્માએલથી બાર આરબ પ્રજાઓ થઈ (બાઇબલ : ઉત્પત્તિ ૨૫),

અને ઇસહાકથી યહૂદી પ્રજાનાં બાર કુળો (બાઇબલ : ઉત્પત્તિ ૩૫ : ૨૨-૨૬). આ ઉપરાંત અબ્રાહમને કટુરાહ પેટે જે ફરજંદો થયાં તે પણ બીજી છ આરબ પ્રજાઓના પિતૃઓ બન્યા (બાઇબલ : ઉત્પત્તિ ૨૫). હાલની આરબ પ્રજાઓની તેમ જ યહૂદીઓની ઉત્પત્તિ આ રીતે થઈ. આ ઉપરાંત હાલના જોર્ડનિયનો યહૂદી યાકોબના ભાઈ એસાવના વંશજો છે. આ બધી જ શેમવંશી (શેમાઇટ) પ્રજાઓ પ્રાચીન ઇતિહાસકાળે સગપણ ધરાવતી હતી.

સૈકાંઓ સુધી આ બધી આરબ પ્રજાઓ અરસપરસ ઝઘડયા કરતી હતી, અને એકબીજાના મુલકો અને માલમિલકતનું હરણ કર્યા કરતી હતી. પાછલા ઇતિહાસમાં કોઇ કાળે પણ આ બધી આરબ પ્રજાઓ સંગઠિત થઈ નહોતી. પણ ૧૯૪૮માં ઇઝરાયલ રાજય અસ્તિત્વમાં આવ્યા પછી જ આસપાસની આરબ પ્રજાઓ એક સંઘમાં સંગઠિત બની. એમનો એકમાત્ર હેતુ ઇઝરાયલ રાજયનું નિકંદન કરવાની અને એનું નામનિશાન પાલેસ્તાઈનની ધરતી પરથી ભૂંસી નાખવાનો હતો. આરબોનાં જૂથો આ હેતુથી પાછલા કાળમાં સંગઠિત બનશે એ વિષે બાઇબલમાં ઘણાં ભવિષ્યકથનો છે.

આ બધી આરબ પ્રજાઓને સંગઠિત કરવામાં ઇજિપ્તના માજી પ્રમુખ નાસરે ઘણો ભાગ ભજવ્યો હતો, અને એ સંગઠનની આગેવાની પણ નાસરે લીધી હતી અને નાસરના સમયમાં જ (૧૯૬૭ જૂનમાં) ઇઝરાયલ અને ઇજિપ્ત વચ્ચે ભયાનક સંગ્રામ ખેલાઈ ગયો, અને એમાં ઇજિપ્તની ભયંકર ખુવારી થઈ. ઇઝરાયલે ઇજિપ્તનો ઘણો બધો પ્રદેશ કબજે કરી લીધો. આ સમયે રશિયાએ ઇઝરાયલની વિરુદ્ધ ઇજિપ્તને ખૂબખૂબ મદદ કરી હતી. ઇજિપ્તનાં મિગ વિમાનો અને અનેક પ્રકારનો શસ્ત્રસરંજામ રશિયાએ જ પૂરો પાડયો હતો. રશિયાના તકનિકો અને સલાહકારો ઇજિપ્તમાં જ રહેતા હતા. રશિયાને પોતાનો પગદંડો પશ્ચિમ એશિયામાં જમાવેલો રાખવો હતો એટલે જ તે આરબ રાજયો સાથે અને ખાસ કરીને ઇજિપ્ત સાથે નિકટતા રાખી રહ્યું હતું.

પણ નાસરના મૃત્યુ પછી ઇજિપ્તનું પ્રમુખપદ અનવર સાદતના હાથમાં આવ્યું. એ પછી રાજકીય પવનની દિશા બદલાઈ. સાદતે આરબસંઘને ઇઝરાયલ સાથે સમાધાન કરવા સૂચવ્યું, પણ એની વાણી અરણ્યરુદન જ બની રહી. એટલે સાદતે એકલાએ ઇઝરાયલ સાથે શાંતિના કરારનાં કહેણ મોકલ્યાં. બંને પક્ષે અનેક રકઝક આશંકાઓ અને કુશંકાઓ વચ્ચે શાંતિના



**સાદત અને બેગીન**

કરાર કર્યા. આ કરારમાં બંનેએ અરસપરસનું હિત ઇચ્છીને વર્તવું, અને ઇઝરાયલે જીતી લીધેલો પ્રદેશ ક્રમશઃ પાછો સોંપવો એવું નક્કી થયું.

ઇઝરાયલને તો ચારે બાજુ દુશ્મનો જ દુશ્મનો હતા, અને એનું અસ્તિત્વ જ કોઈ સ્વીકારવા તૈયાર નહોતું. તે સમયે એનું અસ્તિત્વ સ્વીકારનાર ઇજિપ્ત સાથે સુલેહ કરી લેવી ઇઝરાયલને ઠીક લાગ્યું. વળી સિનાય પ્રદેશનાં થાણાં સાચવવાં એ ઇઝરાયલ માટે ભારે માથા દુઃખાવો હતો, અને એ વિસ્તારમાંથી કંઈ ખાસ આવક તો થતી નહોતી, એટલે એ અને એવા બીજા પ્રદેશો પરત કરવામાં ઇઝરાયલને ખાસ કંઇ ગુમાવવાનું હતું નહિ. બીજી બાજુ ઇજિપ્તે ઇઝરાયલ સાથેના યુદ્ધમાં ખૂબ ખુવારી વેઠી હતી, અને મોટો પ્રદેશ ગુમાવ્યો હતો, એટલે ઇજિપ્તને ઇઝરાયલનો સતત ભય રહેતો હતો. આ ભયમાંથી મુક્ત થવાય, શાંતિથી જીવી શકાય અને ગુમાવેલો થોડોક મુલક પાછો પણ મેળવી લેવાય એવા હેતુઓથી ઇજિપ્ત પણ શાંતિકરાર કરવા ઉત્સુક હતું. અનવર સાદતની દરમ્યાનગીરીએ અને ઇઝરાયલના વડાપ્રધાન બેગીનની બાંધછોડના પ્રયત્ને આ બધામાં બહુ મોટો ભાગ ભજવ્યો.

આખરે ૧૯૭૭ના નવેમ્બરની ૨૦મીએ સાદત યરુશાલેમ ગયા, અને ઇઝરાયલની નેસ્સેત (પાર્લમેન્ટ)માં ૫૪ મા પાનાં ભરીને દિલની સચ્ચાઈથી ભરેલું અને અરસપરસ માટે લાભનું પ્રવચન કર્યું. એ દિવસ હતો ૧૯૬૭ના

ઇજિપ્ત સામેના યુદ્ધમાં માર્યા ગયેલા ઇઝરાયલી જવાનોનો 'સ્મારક-દિન', એ 'સ્મારક-દિનની' ઉજવણીમાં પણ સાદતે પૂરા દિલથી ભાગ લીધો.

આ નવેમ્બરની ૧૯-૨૧ તારીખોની મસલત અને ૧૯૭૮ના 'કૅમ્પ ડેવિડ' કરારને આધારે જે ઇઝરાયલ ઇજિપ્ત સંધિ થઈ તે પર અનવર સાદત અને મેનાકેમ બેગીને વૉશિંગ્ટનમાં સહીઓ કરી, અને અમેરિકન પ્રેસિડેન્ટ જીમી કાર્ટરે સાક્ષી તરીકે સહી કરી. એમ બંને દેશો મિત્ર બન્યા અને ઇજિપ્તના આરબ રાજ્યે ઇઝરાયલ રાજ્યના અસ્તિત્વને માન્ય રાખ્યું. આથી આરબ લીગે ઇજિપ્તને 'લીગ બહાર' કર્યું.

સૈકાંજૂના બે દુશ્મનો કેમ અચાનક એક બન્યા ? આરબ સંઘની આગેવાની જ ઇજિપ્તે ઉપાડી હતી! તો પછી ઇજિપ્ત ઇઝરાયલ સાથે કેમ શાંતિ-કરાર કરવા તૈયાર થયું ? આખાયે આરબ સંઘની ખફામરજી વહોરીને અને તેમના હળાહળ કોપનું પાત્ર બનીને પણ ઇજિપ્ત કેમ ઇઝરાયલ સાથે એક મેજ પર બેસે ? બળવાન રશિયા સાથેની મૈત્રી ફગાવીને ઇજિપ્ત ટચૂકડા ઇઝરાયલ સાથે જોડાય ? દુનિયાના ચાણક્ય બુદ્ધિવાળા વિશ્વનેતાઓને પણ આ વાતે આશ્ચર્યચકિત બનાવી દીધા છે !

ખુદ અનવર સાદતે જ ઇઝરાયલની પાર્લામેન્ટમાં પ્રવચન આપતાં (જૂન ૨૦, ૧૯૭૭) કહ્યું કે, "જો બે જ અઠવાડિયામાં પહેલાં મને કોઇએ કહ્યું હોત કે હું આજે અહીં (યરુશાલેમમાં) આવીશ અને સ્મારક-દિનની ઉજવણીમાં સંબોધન કરીશ, અને તમારી પાર્લમેન્ટમાં પ્રવચન કરીશ, તો એમ કહેનારને મેં આશ્ચર્યથી પૂછયું હોત કે "ભાઈ, તમારું ચસકી તો નથી ગયું ને ?"*

ઇજિપ્તના આ પ્રમુખ સાદતે એ જ પ્રવચનમાં સચ્ચાઈના રણકા સાથે કહ્યું હતું કે, "મારા બધા મિત્રોને - મુસ્લિમ, યહૂદીઓ અને ખ્રિસ્તીઓને હું અરજ કરું છું જો આપણે નિખાલસ અને પ્રામાણિક હોઈશું, તો આ બધું (શાંતિ-સ્થાપના) કરવામાં સર્વસમર્થ ઈશ્વર આપણને અચૂક સહાય કરશે."+

---

* If two weeks ago someone would have told me that I would be here today speaking at the memorial service and now addressing your Parliament, I would have said he was mad." - Anwar Sadat

\+ "I appeal to all my friends - the Muslims, the Jews and the Christians. I belive the Almighty will help us to work this out if we are sincere and honest." - Anwar Sadat

ન માની શકાય એવું આ બધું બની રહ્યું છે ! અને એ બધું એમ જ બનશે એવાં અનેક અગમવચનો બાઈબલમાં આપવામાં આવ્યાં છે. એમાંનાં થોડાંક અગમવચનો માત્ર ચંચૂપાત પૂરતાં આપણે જોઈ લઈશું. બાઈબલમાં યશાયાના પુસ્તકમાં (૧૯ : ૧૬-૨૫ માં) નીચે પ્રમાણેની અગમવાણી છે. એ જોઈએ તે પહેલાં એક વાત સ્પષ્ટ કરું : બાઈબલમાં વારંવાર આવતો શબ્દપ્રયોગ "તે દિવસે" ખાસ સમય સૂચવે છે. યુગના અંતમાં પ્રભુ ઈસુ પાછા પૃથ્વી પર આવશે તે લગોલગના દિવસો માટે આ શબ્દપ્રયોગ "તે દિવસે" છે. હવે આપણે પેલું ભવિષ્યકથન જોઈએ :

"તે દિવસે" મિસર (ઈજિપ્ત) નાહિંમત થશે. સૈન્યોનો પ્રભુ પરમેશ્વર તે ઉપર મુક્કી ઉગામે છે. તે ઉગામવાથી તે ધ્રૂજશે તથા બીશે. યહૂદિયાનો દેશ (ઈઝરાયલ) મિસરને બિહામણો લાગશે. તે દિવસે મિસર દેશમાં પરમેશ્વરને સારુ વેદી થશે, ને તેની સીમ ઉપર પરમેશ્વરના સ્મરણને સારુ સ્તંભ થશે. તે મિસર દેશમાં સૈન્યોના પ્રભુ પરમેશ્વરને સારુ ચિહ્નરૂપ તથા સાક્ષ્યરૂપ થશે. તેઓ (મિસરીઓ) જુલમગારોને લીધે પરમેશ્વરને પોકારશે, અને તે તેઓને સારુ તારક તથા રક્ષક મોકલશે. તે તેઓને છોડાવશે. પરમેશ્વર મિસરને પોતાને ઓળખાવશે, અને **તે દિવસે** મિસર પરમેશ્વરને ઓળખશે....

"પરમેશ્વર મિસરને મારશે, અને માર્યા પછી તેને સમું કરશે. અને તેઓ પરમેશ્વર (યાહવે)ની તરફ પાછા ફરશે. તે તેમની પ્રાર્થના સ્વીકારશે, અને તેમને સાજા કરશે.

"**તે દિવસે** મિસરથી આશ્શૂર સુધી (મિસરથી આશ્શૂર જઈએ તો વચમાં ઈઝરાયલ આવે. આશ્શૂરનો પ્રદેશ યુફ્રેતિસ નદી પાસે આવેલો છે. એ આશ્શૂર સુધી) સડક થશે, અને આશ્શૂરીઓ મિસરમાં, અને મિસરીઓ આશ્શૂરમાં જશે, અને મિસરીઓ આશ્શૂરીઓ સાથે પરમેશ્વરની (યાહવેની) ઉપાસના કરશે."

"**તે દિવસે** મિસર તથા આશ્શૂરની સાથે ત્રીજો ઈઝરાયલ ભળશે, અને પૃથ્વી પર આશીર્વાદરૂપ થઈ જશે. કેમ કે સૈન્યોના પ્રભુ પરમેશ્વરે (યાહવેએ) આશીર્વાદ દઈને કહ્યું છે કે, મારા લોક મિસર, મારા હાથની કૃતિ આશ્શૂર, તથા મારું વતન ઈઝરાયલ તેઓ ત્રણે આશીર્વાદિત થાઓ."

મિસર (ઈજિપ્ત) ઈઝરાયલની સાથે મળશે એવું આ ભવિષ્યકથન કેવું

સાચું પડયું છે ! ન માની શકાય એવું બન્યું છે, કારણ પરમેશ્વરે એમ જ થવાનું કહ્યું છે. બાઇબલમાં તે દિવસે એટલે પ્રભુ ઈસુના પુનરાગમનના સમયમાં.

વળી બાઇબલમાં હઝકિયેલ પુસ્તકના ૩૮ તથા ૩૯મા અધ્યાયોમાં આ **છેલ્લા સમયમાં રશિયા ઈઝરાયલની સામે ભયંકર મોટું સૈન્ય લઈને ચઢી આવશે, એ વિષેનું ભવિષ્યકથન વિગતવાર આપ્યું છે. રોશ (રશિયા), મેશેખ (મોસ્કો) અને તુબાલ (તોબાલસ્ક) સામેનું આ ભવિષ્યકથન છે. રશિયા એનાં મિત્રરાજયો સહિત ઈઝરાયલ પર હુમલો કરશે (બાઈબલ : હઝકિયેલ ૩૮** : ૧, ૨, ૫, ૬). આ મિત્રરાજયોમાં બધી મળીને છ પ્રજાઓનાં નામ આપવામાં આવ્યાં છે, પણ ઇજિપ્તનું નામ નથી આપવામાં આવ્યું. આપણે જાણીએ છીએ કે ૧૯૭૭ના નવેમ્બર સુધી ઇજિપ્ત અને રશિયાને મૈત્રીભર્યાં સંબંધ હતા. પણ એ નવેમ્બરથી એ બંને રાજયો પરસ્પર વિરોધી છાવણીઓમાં બેઠેલાં છે. બાઈબલમાં આપવામાં આવેલાં ઇશ્વરનાં વચનો પ્રમાણે જ આ બન્યું છે.

ઇજિપ્ત-ઇઝરાયલના શાંતિ-કરારની શરતો પ્રમાણે ઇઝરાયલે ૧૯૬૭માં ઇજિપ્તના જીતી લીધેલા સિનાય પ્રદેશમાંથી બે-તૃતીયાંશ ભાગ એક-તૃતીયાંશ પ્રદેશ બે વર્ષના ગાળામાં સુપરત કરવામાં આવનાર હતો, જે ૧૯૮૨માં સુપરત કરવામાં આવ્યો છે. એમ, આખોય સિનાય પ્રદેશ સુપરત કરી દેવાયો છે. (જુઓ નકશો પૃ.....)

વળી એ જ કરારો પ્રમાણે ૧૯૮૦ના જાન્યુઆરીની ૨૬મીએ ઇઝરાયલ અને ઇજિપ્ત વચ્ચે (તેલ અવીવ અને કાઇરો વચ્ચે) વિમાની મુસાફરી શરૂ થઈ ગઈ છે. વળી ઇઝરાયલે પોતાનો પહેલવહેલો એલચી, ડૉ. એલિયાહુ બેન-એલિસ્સારને ઇજિપ્તના પાટનગર કાઈરોમાં મોકલી આપ્યો છે. એ અત્યાર સુધી ઇઝરાયલના વડાપ્રધાનની ઑફિસના ડાયરેકટર જનરલ હતા. ઇજિપ્ત સાથેના એમના સંબંધ મીઠા છે. એમ જ ઇજિપ્તના ઇઝરાયલ ખાતેના એલચી તરીકે સાદ એસ-દીન હમ્દી મોર્તાદને મોકલવામાં આવ્યા છે. આ બંને દેશો વચ્ચે સડક વ્યવહાર પણ શરૂ થઈ ગયો છે. ગાઝાપટ્ટી, વેસ્ટ બૅન્ક અને યરુશાલેમ અંગેનો પ્રશ્ન હજી ઊભો છે, અને વાટાઘાટો ચાલે છે. ઇઝરાયલ કદાચ ગાઝાપટ્ટી આપી દે, વેસ્ટ બૅન્ક ના પણ આપે, પણ

યરુશાલેમની તસુ જેટલી ભૂમિ પણ કોઈ કાળે છોડશે નહિ. બાઇબલ પ્રમાણે તો એ પ્રદેશો ઇઝરાયલના હવાલામાં જ રહેશે.

શાંતિ-કરાર પ્રમાણે ઇઝરાયલની ત્રણ લશ્કરી સ્ટીમરો (નેવલશીપ) ઓફિરા બંદરેથી નીકળી સુએઝ કેનાલમાંથી પસાર થઈ ઇઝરાયલના આસ્દોદ બંદરે પહોંચી. ઇઝરાયલ રાજયની સ્થાપના પછી આ પહેલી જ વખત ઇઝરાયલી સ્ટીમરો સુએઝ કેનલમાંથી પસાર થઈ શકી. એ માત્ર ૪૦૦ દરિયાઈ માઈલની સફર ત્રણ જ દિવસમાં થઈ. જયારે સુએઝ કેનાલ તેઓ વાપરી શકતા નહોતા ત્યારે ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રમાં થઈ રાતા (રેડ) સમુદ્રમાં આવવું પડતું. એ ૧૩,૦૦૦ માઈલની ત્રણ મહિનાની દરિયાઈ સફર થતી. બાઇબલમાં હજારો વર્ષો પૂર્વે ભવિષ્યવાણી તરીકે જે લખાયું છે, એ જ પ્રમાણે આ બધું બન્યે જાય છે.

### *ઑપરેશન પીસ ફૉર ગાલીલ, ૧૯૮૨*

(ગાલીલની શાંતિ માટેનું યુદ્ધ ૧૯૮૨) ૧૯૪૮ના યુદ્ધ પછી લબાનોન અને ઇઝરાયલની કરાવાયેલી સીમા-રેખા આજ સુધી બંને રાજયોમાંથી કોઈએ પડકારી નથી. પણ પી.એલ.ઓ (પેલેસ્ટીન લીબરેશન ઓર્ગેનાઈઝેશન) લબાનોનના ઇઝરાયલતરફી દક્ષિણ ભાગમાં આડોઆઈ કરીને રહેતા પેલેસ્ટાઈન આંતકવાદીઓ ત્યાં પોતાનાં લશ્કરી થાણાં અને શસ્ત્રસરંજામ રાખતા અને વારંવાર ઇઝરાયલના ગાલીલ પ્રદેશ પર આક્રમણ કરતા, બૉમ્બ ફેંકતા અને હેરાન કરતા હતા. લબાનોનનું રાજય તેમને એમ કરતા અટકાવવા અશક્ત અને લાચાર હતું. આથી ૧૯૮૨ના જૂનમાં ઇઝરાયલે લબાનોનમાંના પી.એલ.ઓ. થાણાં પર બૉમ્બવર્ષા કરી, યુદ્ધ કરી તેમને ત્યાંથી ભગાડી મૂકયાં. આથી ગાલીલ પ્રદેશમાં શાંતિ થઈ.

### *ગોલન હાઈટ્સનો પ્રદેશ :*

સિરિયા પોતાના ગોલન હાઈટસના ઊંચા ડુંગરાળ પ્રદેશમાંથી ઇઝરાયલ પર વારંવાર ચઢાઈ કરતું અને બૉમ્બ ફેંકતું. પણ ૧૯૬૭ની છ દિવસની લડાઈમાં ઇઝરાયલે એ પ્રદેશ જીતી લીધો, પણ ૧૯૭૩ના યોમ કીપુર યુદ્ધ પછી ઇઝરાયલે એ પ્રદેશમાંથી પોતાનું લશ્કર પાછું ખેંચી લીધું, ફકત ૫૫૬ ચો. માઈલનો વિસ્તાર સહીસલામતી ખાતર પોતાની પાસે રાખ્યો. પણ સિરિયાના સતત વિરોધને લઈને ઇઝરાયલે એ આખો ગોલન હાઇટ્સ પ્રદેશ પોતાને તાબે કરી લીધો છે.




હાલનું ઇઝરાયલ રાષ્ટ્ર

### ♦ 'આરબ લીગ' ની શિખર પરિષદ, ૧૯૮૭ :

ઑક્ટોબર ૧૯૮૭ની આખરમાં 'આરબ લીગ' ની શિખર પરિષદ જોર્ડન રાજયના પાટનગર અમનમાં મળી. બધાં આરબ રાજયો આ લીગમાં જોડાયેલાં છે, ઈજિપ્તે ઈઝરાયલ સાથે ૧૯૭૯માં સંધિ કરી, તેથી આરબ લીગે ઈજિપ્તને લીગમાંથી હકાલપટ્ટી કરી હતી.

આરબ રાજયોમાં જો કે આંતરકલહ છતાં આ શિખર પરિષદમાં લગભગ બધાં આરબ રાજયોના ટોચના પ્રતિનિધિઓ વર્ષો પછી એક મંચ પર એકત્ર થયા. આ બધાને ભેગા કરવામાં જોર્ડનના રાજા હુસેનનો મહત્ત્વનો ફાળો હતો. આ પરિષદમાં ફક્ત સાઉદી અરેબિયાના રાજા તથા લિબિયાના કર્નલ ગદાફી જાતે હાજર નહોતા રહ્યા, પણ તેમના વતી ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ઈરાકના રાષ્ટ્રપતિ સાંદતહુસેન અને સિરિયાના રાષ્ટ્રપતિ અસદ જેઓ હાડોહાડ શત્રુઓ તરીકે જાણીતા છે. તેઓ બંને વચ્ચે પણ આ પરિષદમાં મુલાકાત થઈ.

છેલ્લા ચાર દસકાઓથી આરબો ઈઝરાયલના હાથે સતત માર ખાતા રહ્યા છે. પાંચ યુદ્ધો અને અનેક અથડામણો પછી પણ પાલેસ્તાઈનના આરબોની સમસ્યા હજી ઉકલી શકતી નથી, અને તાજેતરનાં વર્ષોમાં લબાનોનમાં તેઓ ઈઝરાયલનો પ્રસરતો પંજો રોકી શક્યા નથી. તેવામાં આરબો માટે નવો બળભર્યો ખતરો ઈરાન દ્વારા ઊભો થયો છે. તાજેતરના મહિનાઓમાં ઈરાનના અખાત વિસ્તારમાં તેલવાહક જહાજો પર ઈરાનના વધી રહેલા હુમલાઓ સામે સાઉદી અરેબિયા, કુવેત તથા અન્ય અખાતી આરબ રાજયોનાં તેલજહાજોને રક્ષણ આપવાને નામે અમેરિકાને જંગી નૌકાતાકાત અખાતી વિસ્તારમાં ખડકાઈ ગઈ છે.

*આરબ રાજયોની ગભરામણ :*

વળી ઈરાનની ઈસ્લામિક ક્રાંતિનો પવન પોતાનાં રાજયોમાં પ્રવેશે નહિ તેની કાળજી રાખતાં રૂઢિચુસ્ત આરબ રાજયો અત્યારે ભારે મૂંઝવણમાં મુકાઈ ગયાં છે. છેલ્લાં આઠ વર્ષથી ચાલતા ઈરાક-ઈરાન યુદ્ધનો અંત હજુ નજીક દેખાતો નથી. જો આ યુદ્ધમાં ઈરાનનો વિજય થાય, તો પરિણામે ઈરાન પશ્ચિમ એશિયાની પ્રાદેશિક મહાસત્તા બની જાય ! તે બાબત પણ આરબોને પોષાય તેમ નથી. તેથી તેઓ આરબ ઈરાકને ખૂબ ખૂબ મદદ કરતા આવ્યા છે.

### આરબ રાજયોનો રક્ષણહાર :

હવે અમેરિકા સીધી ખાડી વિસ્તારમાં આવ્યું હોવાથી ઈરાનના હુમલા સામે આરબોને એક બળવાન રક્ષણહાર મળી ગયો છે. પણ આ રક્ષણહાર પ્રાપ્ત કરવામાં તેઓને મોટી કિંમત ચૂકવવી પડી છે. તેઓ જાણે છે કે તેઓના સંયુક્ત દુશ્મન ઈઝરાયલ ઉપર અમેરિકાના ચારેય હાથ છે; અને હવે એ જ અમેરિકા ઈરાન સામે તેઓના રક્ષણહાર બન્યું છે ! એટલે એક તો અમેરિકાને 'હા, જી હા' કહેવું પડશે, અને ઈઝરાયલ સામે હથિયાર ઉગામવાનું ખૂબ અઘરું થઈ પડવાનું છે.

### ઈજિપ્ત સામેનો આરબ રાષ્ટ્રોનો બહિષ્કાર રદ કરવો પડયો

ઈઝરાયલનું રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી બધાં આરબ રાજયો ઈઝરાયલી રાજયનો ઉગ્ર વિરોધ કરતાં આવ્યાં છે. આ પછીનાં વર્ષો દરમિયાન ખેલાયેલાં લોહિયાળ યુદ્ધો પછી આરબો અને યહૂદીઓ એકબીજાના શત્રુ હતા તે હવે કટ્ટર શત્રુ બની ગયા. આરબ રાજયોની સૌથી મોટી સંસ્થા 'આરબ લીગે' સર્વાનુમતે એક જોરદાર ઠરાવ પસાર કર્યો હતો, અને સર્વને આદેશ આપ્યો હતો કે કોઈ પણ આરબ રાજય ક્યારેય ઈઝરાયલ સાથે સીધી સમજૂતી કરશે નહિ, અને સર્વ આરબ રાજયો સંયુક્તપણે પાલેસ્તાઈન સહિત અન્ય પ્રશ્નો અંગે નિર્ણય કરશે. આ ઠરાવને કારણે ૧૯૭૯ સુધી એક પણ આરબ રાજયે ઈઝરાયલનો સ્વીકાર કર્યો નહિ.

પણ ૧૯૭૯માં ઈજિપ્તના તે સમયના રાષ્ટ્રપતિ અનવર સાદતે 'કેમ્પ ડેવિડ' ની સંધિ પ્રમાણે ઈઝરાયલ સાથે સમાધાન કર્યાને લીધે આરબ રાજયોએ પોતાનામાં અગ્રગણ્ય એવા ઈજિપ્તને આરબ લીગમાંથી બહાર કાઢી મૂક્યું. બધાં આરબ રાજયોએ ઈજિપ્ત સાથેના રાજકીય સંબંધો કાપી નાખ્યા.

આઠ વર્ષો પછી હવે ઈજિપ્ત સાથેના આ બહિષ્કારમાં એકદમ નાટકીય ઢબનું પરિવર્તન આવ્યું છે. ઑક્ટોબર ૮૭ માં મળેલી આરબ લીગ શિખર પરિષદમાં ઈજિપ્ત સાથેનો બહિષ્કાર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણય લેવાતાં ગણતરીના કલાકોમાં જ સાઉદી અરેબિયાએ અને અનેક બીજાં આરબ રાજયોએ ઈજિપ્ત સાથે ફરીથી રાજકીય સંબંધો ચાલુ કરવાની જાહેરાત કરી નાખી.

ઈજિપ્તનો બહિષ્કાર રદ કરતો આરબ લીગનો આ નિર્ણય તેમ જ

રાજકીય સંબંધો પુનઃસ્થાપિત કરવાના આરબ રાજ્યોના નિર્ણયનો આડકતરો અર્થ એ થયો કે ૧૯૭૯ની 'કેમ્પ ડેવિડ' સમજૂતી દ્વારા ઇઝરાયલને જે માન્યતા આપવામાં આવી છે તે સામે હવે આરબ રાજ્યોને કોઈ વાંધો રહ્યો નથી, અને ઇઝરાયલના અસ્તિત્વનો અત્યાર સુધી જે ઇન્કાર આરબ રાજ્યોએ કરે રાખ્યો હતો તે હવે લગભગ અર્થહીન બની જાય છે.

ઈરાનના ભયની સામે અમેરિકાનો આશરો લેવા જતાં આરબોને આ કિંમત ચૂકવવી પડી છે. આમ પશ્ચિમ એશિયામાં અમેરિકાના આશ્રિત એવા ઇજિપ્ત સાથે મોટા ભાગનાં આરબ રાજ્યોએ ફરીથી સુમેળ સાધવાથી અમેરિકા અને ઇઝરાયલને લાભો જ થવાની સંભાવના છે. પ્રથમ તો, ઇઝરાયલ પ્રત્યેનો આરબોનો વિરોધ અને સામનો માત્ર હવે એક પ્રતીકરૂપે જ બની રહેવાનો છે ! અને હાલના સમયે આરબોને ખાસ કરીને અખાતી વિસ્તારનાં આરબ રાજ્યો માટે ઇઝરાયલ કરતાં ઈરાન વધારે મોટો ખતરો બની ગયું છે.

જો કે શિખર પરિષદના આવા સંજોગોમાં પણ પાલેસ્તાઈનના આરબોની પરિસ્થિતિ વિષે ચર્ચાઓ તો થઈ, પણ છેલ્લાં ચાલીસ વર્ષોથી સાવ ખોરંભે પડેલી આ સમસ્યા હવે આરબોની ઇચ્છા પ્રમાણે ઉકલે, અથવા પાલેસ્તીનીઓને પોતાની સમસ્યા માટે આત્મનિર્ણય કરવાનો હક્ક પ્રાપ્ત થાય તે વિષેની રહીસહી આશા પણ ધીરે ધીરે લોપાઈ જતી લાગે છે. જો ઇજિપ્ત જેવા આગેવાન આરબ રાજ્યે પેલેસ્ટીની આરબોની સમસ્યા કરતાં પોતાના રાજ્યનું હિત ઇચ્છીને ઇઝરાયલ સાથે સંધિ કરી, તો અખાતી આરબ રાજ્યો પણ ઈરાનના આવી પડેલા ભયને, ધ્યાનમાં રાખીને ઇઝરાયલ સાથેના પોતાના સંબંધો સુધારી લે તો નવાઈ નહિ. આ સંજોગોમાં લાભ તો અમેરિકાને અને વિશેષે કરીને ઇઝરાયલને જ થશે એમ લાગે છે.

## ♦ યરુશાલેમનું મંદિર ફરી બાંધવાની તૈયારી :

ઈ.સ. ૭૦ રોમન જનરલ તિતસે (ટાઇટસે) યરુશાલેમનું યહૂદીઓનું મંદિર પાડી નાખ્યું હતું અને બાળી નાખ્યું હતું, અને હાલમાં ત્યાં 'ડોમ ઑફ ધી રૉક' ના નામે ઓળખાતી મુસ્લિમોની ઈમારત છે. ત્યાં યહૂદીઓ ફરી મંદિર બાંધશે. 'ડોમ ઑફ ધ રૉક' મસ્જિદનું શું થશે તે ખબર નહિ, પણ બાઇબલમાં ભવિષ્યકથનો છે તે પ્રમાણે ત્યાં ફરી મંદિર બંધાશે. એ મંદિર બાંધવાની તૈયારીઓ પણ શાંત શાંત ચાલી રહી છે. ભવિષ્યવચન પ્રમાણે

યરુશાલેમમાં અસલ મંદિરની જગાએ ફરીથી મંદિર બાંધવામાં આવશે. સમાચાર બધે પ્રસરેલા છે કે મંદિર માટેની કોણશિલાઓના ઘડેલા પથ્થરો તો ક્યારનાયે યરુશાલેમમાં આવી પહોંચ્યા છે, અને દુનિયાના ધનાઢ્ય યહૂદીઓએ અમેરિકાના ઇન્ડિયાના સ્ટેટના બેડફર્ડના વિશ્વવિખ્યાત પથ્થરોમાંથા પાંચસો રેલવે વેગનો ભરીને પથ્થરો મંદિર માટે મોકલ્યા છે. અગાઉથી આપવામાં આવેલાં માપ અને ડિઝાઈન પ્રમાણે ઘડીને તૈયાર પથ્થરો મોકલ્યા છે. એનો પહેલો હપતો ઇઝરાયલ તરફ રવાના થઈ ચૂકયો છે. ન્યૂયોર્કના બંદરે નં. ૨૬ના ડક્કા પરથી આ માલ ચઢશે એમ જાણવા મળ્યું છે. સાતેક વર્ષથી આ તૈયારી ચાલી રહે છે. પણ આ વાતમાં ખાસ કંઈ તથ્ય નથી.

એવી વાતો પણ સાંભળવા મળે છે કે આ મંદિરના પ્રવેશદ્વાર સામે, અસલના મંદિરની જેમ જ, બે સ્તંભ ઊભા કરવા માટે કાંસાના ઘણા ઊંચા બે સ્તંભો ઢાળીને તૈયાર કરવામાં આવ્યા છે. હવે એ જોવું રહ્યું કે મંદિર ક્યારે અને કેવી રીતે બંધાય છે. ભવિષ્યમાં બંધાનાર આ મંદિર સંબંધી વધુ માહિતી અને વધુ પ્રકાશ માટે એ વિષય પરનું પુસ્તક (લેખક : રેવ. જયાનંદ આઈ ચૌહાન) "યરુશાલેમનું મંદિર બંધાશે ? : ક્યારે ? ક્યાં ? અને કેમ ?" વાંચો. હાલમાં તો એ સ્થળે 'ડોમ ઑફ ધ રૉક' (= ખડક પરનો ઘુમટ) નામની ઇમારત છે. એ ઇમારત ખલીફ ઓમારના નામ પરથી ઓમારની મસ્જિદ તરીકે ઓળખાય છે. ઈ.સ. ૬૯૧માં એ બાંધવામાં આવી હતી.

### ♦ 'પાપના માણસ' નું પ્રગટ થવું :

મંદિર બંધાઈ ગયા પછી, બાઇબલમાં જણાવ્યું છે તેમ, 'પાપનો માણસ' મંદિરને ભ્રષ્ટ કરશે. એ ભવિષ્યકથન નીચે પ્રમાણે છે :

"હવે ભાઈઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમન વિષે અને તેની પાસે આપણા એકત્ર થવા વિષે, અમે તમને વિનંતી કરીએ છીએ કે પ્રભુનો દહાડો (ઈસુના પુનરાગમનનો દિવસ) જાણે હમણાં જ આવ્યો હોય, એમ સમજીને... તમારાં મનને ચલિત થવા ન દો, અને ગભરાઓ નહિ.. કેમ કે એમ થતાં પહેલાં ધર્મત્યાગ થશે, અને 'પાપનો માણસ' એટલે 'વિનાશનો પુત્ર' પ્રગટ થશે. જે ઇશ્વર છે, અથવા પૂજ્ય મનાય છે તેની વિરુદ્ધ થઈને તે પોતાને મોટો મનાવે છે, અને એમ ઇશ્વર હોવાનો દાવો કરીને તે ઈશ્વર તરીકે ઈશ્વરના મંદિરમાં બેસે છે." (બાઇબલ :

૨ થેસ્સાલોનિકા ૨ : ૧ -૪. વળી જુઓ : માથ્થી ૨૪ : ૧૫. યોહાન ૫ : ૪૩)

ઈઝરાયલને ભયાનક રીતે ત્રાસ પમાડનાર અને તેમની ઉપર મહાવિપત્તિ (બાઈબલ : માથ્થી ૨૪ : ૨૧) લાવનાર તે આ "પાપનો માણસ" યા "ખ્રિસ્તવિરોધી" જે હજી આવનાર છે, તે શેતાનનું સામર્થ્ય પામીને પરાક્રમી કામો કરશે; પણ પ્રભુ ઈસુ પોતાના પુનરાગમન સમયે તેનો નાશ કરશે.

## ♦ યહૂદીઓનો ભયંકર કસોટીકાળ :

પણ હજી યહૂદી પ્રજાને માથે મહા ભયંકર સતામણીનો સમય આગળ આવી રહ્યો છે. એમનો આખરી ઉદ્ધાર થાય તે પહેલાં આ ભયંકર સતાવણીમાં એમને તવાવું પડશે. બાઈબલમાં એ વિષે સ્પષ્ટ ભવિષ્યકથનો છે (બાઈબલ: હઝકિયેલ ૨૨ : ૧૯.૨૨, ઝખાર્યા ૧૩ : ૯, યર્મિયા ૩૦ : ૪-૭, દાનિયેલ ૧૨ : ૧). આ 'યાકોબના સંકટ' ના સમયમાં યહૂદીઓએ અતિ ઘણું વેઠવું પડશે. શરૂઆતમાં ખૂબ શાંતિ થશે. અને એ પછી ઈઝરાયલને માથે " યાકોબનો સંકટનો સમય" (બાઈબલ : યિર્મેયા ૩૦ : ૭) આવશે : "હાય હાય ! તે દિવસ એવો ભારે છે કે તેના જેવો બીજો કોઈ નથી. તે તો યાકોબના (ઈઝરાયલના) સંકટનો સમય છે. તો પણ તે તેમાંથી બચશે." પ્રભુ ઈસુ પોતે ઈઝરાયલને માથે આવી પડનાર આ મહાવિપત્તિ વિષે કહે છે : "કેમ કે તે સમયે એવી મોટી વિપત્તી આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, અને કદી થશે પણ નહિ." (બાઈબલ : માથ્થી ૨૪ : ૨૧). બાઈબલના 'પ્રકટીકરણ' નામના પુસ્તકના ૧૨મા અધ્યાયમાં રૂપક અને માર્મિક ભાષામાં એ જ વાત આપવામાં આવી છે. એ અધ્યાયના ૬ઠ્ઠા અને ૧૪મા સૂત્રમાં અગમકથન છે કે ઈઝરાયલને પોતાનું વતન છોડીને સાડાત્રણ વર્ષ સુધી અરણ્યમાં છુપાઈ રહેવું પડશે. પરંતુ એ સાડાત્રણ વર્ષનો ગાળો વીત્યા બાદ ઈઝરાયલનો પ્રતાપ અને મહિમા આખી પૃથ્વી પર ઘણો વધી જશે, અને એનો સુવર્ણયુગ આવશે."

## ♦ ઇશ્વરે યહૂદી પ્રજાને આપેલું વરદાન :

આ યહૂદી પ્રજાને ઈશ્વરે એવું વરદાન આપ્યું છે કે તે કદી નાશ પામશે નહિ. દુનિયાની ઘણી પ્રજાઓ એક વખતે મહાપ્રજાઓ હતી, પણ અત્યારે

તેઓ કાળના કોળિયા બની ગઈ છે, તેમનું નામનિશાન રહ્યું નથી. પણ યહૂદી પ્રજા બે હજાર વર્ષ સુધી વતન વગરના રહ્યા અને પૃથ્વીના ૧૦૪ જેટલા દેશોમાં રઝળપાટ કરતા રહ્યા. છતાંયે બે હજાર વર્ષ પછીયે એમનું રાજ્ય તા. ૧૪-૫-૧૯૪૮માં ફરી સ્થપાયું !

બીજી કોઇ પ્રજા બે હજાર વર્ષ સુધી દેશ વગરની, સરકાર કે ઝંડા વગરની, રાજા કે અધિકારી વગરની બની જઈને પૃથ્વી પર ભટક્યા કરે તો એનું નામનિશાન ભૂંસાઈ જાય. યહૂદી પ્રજાને કચડનારી પ્રજાઓ ક્યારનીયે કાળના કોળિયા બની ગઈ છે : હિત્તી, પરીઝી, અમોરી, યબૂસી, હિવ્વી, કનાની, અમાલેકી, પલિસ્તી, અદોમી, મોઆબી, આમ્મોની, આશ્શૂરી, ખાલદી અને એવી અનેક બીજી પ્રજાઓએ યહૂદીઓ સામે ઘાતકી હાથ ઉગામ્યો હતો. આજે તેઓનાં નામનિશાન ભૂંસાઈ ગયાં છે. નીનવેહ અને બાબિલોનના આજે ઉજ્જડ ઉકરડા જ રહ્યા છે. યહૂદી પ્રજાને પરાધીન બનાવી કચડનારું રોમનું સામ્રાજ્ય આજે તો ખેદાનમેદાન થઈ ગયું છે.

ઈશ્વરે યહૂદી પ્રજાને ઇજિપ્ત દેશમાંની કપરી ગુલામીમાંથી છોડાવી લાવીને કનાનમાં (પેલેસ્તાઈન કે આજના ઇઝરાયલ દેશમાં) વસાવવા, આજથી ચાર હજાર વર્ષ પર મોશેને આદેશ આપ્યો તે સમયે ઈશ્વરે તેને એક લીલા બતાવી. એક ઝાડ ક્યારનુંયે ભડભડ સળગી રહ્યું હતું, પણ ભસ્મ થતું નહોતું (બાઇબલ : નિર્ગમન ૩ : ૧ - ૧૨). એ પરથી ઇશ્વર મોશેને એ સમજાવવા માગતા હતા કે એ ઝાડની જેમ જ યહૂદી પ્રજા પૃથ્વીના ઇતિહાસમાં સળગ્યા કરશે, પણ તે ખાખ નહિ બને; તેનો નાશ નહિ થાય. અને છેલ્લાં ચાર હજાર વર્ષથી એમ જ બનતું આવ્યું છે.

વળી ફરી યહૂદીઓને એ જ વરદાન આપતાં ઇશ્વર આમ કહે છે :"પણ હવે હે યાકોબ, તારો ઉત્પન્નકર્તા પ્રભુ, ને હે ઇઝરાયલ, તારો બનાવનાર એવું કહે છે કે, તું બીશ નહિ, કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે; મેં તારું નામ દઈને તને બોલાવ્યો છે. તું મારો છે. તું પાણીઓમાં થઈને જઈશ, ત્યારે હું તારી સાથે હોઈશ. તું નદીઓમાં થઈને જઈશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહિ તું અગ્નિમાં ચાલીશ, ત્યારે તને આંચ લાગશે નહિ, અને જવાળા તને બાળશે નહિ" (બાઇબલ : યશાયા : ૪૩. ૧૨) એટલે કે ગમે તેવા સંજોગો આવે પણ ઇઝરાયલ પ્રજાનો નાશ નહિ થાય.

વળી, ત્રીજી વખતે પણ એ અભયવચનનું વરદાન તાજું કરતાં ઇશ્વર

કહે છે :"તારી વિરુદ્ધ વાપરવા માટે ઘડેલું કોઈ પણ હથિયાર સાર્થક થશે નહિ" (બાઇબલ : યશાયા ૫૪ : ૧૭). અને એમ જ બનતું આવ્યું છે. આપણા જ જમાનામાં હિટલરે ગૅસ ચેમ્બર્સ દ્વારા યહૂદી પ્રજાનો નાશ કરવા યોજ્યું, અને સાઠ લાખને મારી નાખ્યા. પણ એ યહૂદીઓનું તો રાજ્ય સ્થપાયું, જ્યારે હિટલર અને એનાં સ્વપ્નોનો સત્યાનાશ વળી ગયો.

ઈઝરાયલને આપેલા વરદાન યા વચન સંબંધી પ્રભુ કેવા અડગ છે તે વિષે પ્રભુ પોતે આમ કહે છે : "પર્વતો ખસી જાય, ને ડુંગરો ચળે; પણ મારી કૃપા તારા પરથી ટળશે નહિ. અને મારો શાંતિનો કરાર ચળી જશે નહિ. તારા પર કૃપા રાખનાર પ્રભુ એવું કહે છે" (બાઇબલ : યશાયા ૫૪ : ૧૦)

## ♦ યહૂદીઓનો સુવર્ણયુગ :

પૃથ્વીના ઈતિહાસમાં યહૂદીઓ સંબંધી એમ જ બનતું રહ્યું છે. પણ પેલો ઉપર બતાવેલો સજા ત્રણ વર્ષનો કપરો કાળ યા 'યાકોબના સંકટનો સમય' વીતી જશે, પછી યહૂદીઓનો સુવર્ણયુગ બેસશે.

યરુશાલેમના વિસ્તારમાં ધરતીકંપ થશે, અને જૈતુન પર્વતના બે ભાગ થઈ જશે, અને પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરશે, અને સર્વ યહૂદીઓ એકસામટા પ્રભુ ઈસુનો સ્વીકાર કરશે. એ પછી પ્રભુ ઈસુ પૃથ્વી પર સુવર્ણરાજ્ય સ્થાપશે, અને એમ યહૂદીઓ અગ્રસ્થાને હશે.

## ♦ ભાવિમાં થનાર ધરતીકંપ અને જૈતુન પર્વતના બે ભાગ :

આપણે અગાઉ જોઈ ગયા કે મૃતસરોવર અને યર્દન નદીની ખીણનો પ્રદેશ ધરતીકંપના વિસ્તારમાં આવી જાય છે. વળી એ ભૂમિના પેટાળમાં સ્ફોટક અને શીઘ્ર જવાલાગ્રાહી દ્રવ્યો કુદરતમાં ખડકાયેલાં પડયાં છે. ચાર હજાર વર્ષ પર જે ભયંકર હોનારત મૃત સરોવરના દક્ષિણ પ્રદેશમાં થઈ હતી, તે આ કારણોને લીધે જ. આગ અને ગંધકથી એ પ્રદેશ અને તેમાંનાં ચાર ગામો બળીને ખાખ થઈ ગયાં હતાં. ઈશ્વર કુદરતના સંજોગોને હાથમાં લઈ યોગ્ય સમયે વાપરે છે.

લેલેન્ડ સ્ટાનફર્ડ યુનિવર્સિટીના સિસ્મોલૉજી (ભૂકંપ વિજ્ઞાન)ના નિષ્ણાત પ્રોફેસર બેઈલી વિલીસે 'ધી બ્રિટીશ એસોસિયેશન ફૉર ધી એડવાન્સમેન્ટ ઑફ સાયન્સ' (વિજ્ઞાનવૃદ્ધિ માટેના બ્રિટીશ મંડળ) આગળ

જણાવ્યું હતું કે "યરુશાલેમની આસપાસનો વિસ્તાર ધરતીકંપના જોખમથી ભરેલો છે, અને ગમે ત્યારે ધરતીકંપ થાય અને જમીન સરકી જાય એવી ભ્રંશરેખા (ફૉલ્ટ લાઇન) અહીં સીધી જૈતૂનના પર્વતમાં થઈને જ પસાર થાય છે."

એના સંબંધીની ભવિષ્યવાણી બાઇબલમાં પયગંબર ઝખાર્યાના પુસ્તકમાં આપવામાં આવી છે. પ્રભુના પુનરાગમન વખતે જૈતુન પર્વતના બે ભાગ થઈ જશે. જૈતુન પર્વત યરુશાલેમને અડીને પૂર્વ તરફ આવેલો છે. પયંગબરના મૂળ શબ્દો આ પ્રમાણે છે : "તે દિવસે તે (પ્રભુ)ના પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે, ને જૈતૂન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ ને પશ્ચિમ તરફ ફાટશે, જેથી બહુ મોટી ખીણ થઈ જશે. અડધો પર્વત ઉત્તર તરફ ને અડધો દક્ષિણ તરફ ખસી જશે" (બાઇબલઃ ઝખાર્યા ૧૪ : ૪)

વળી એ વિષેની બીજી ભવિષ્યવાણી બાઇબલના પ્રકટીકરણ નામના પુસ્તકમાં પણ આપવામાં આવી છે :"વળી મોટો ધરતીકંપ થયો. તે એવો ભયંકર તથા ભારે હતો કે માણસો પૃથ્વી પર ઉત્પન્ન થયાં ત્યારથી એના જેવો કદી થયો નહોતો. મોટા નગરના (યરુશાલેમના) ત્રણ ભાગ થઈ ગયા, અને રાજયોનાં નગરો પડયાં" (બાઇબલ : પ્રકટીકરણ ૧૬ : ૧૮, ૧૯)

### ♦ પ્રભુ ઈસુનું પુનરાગમન :

આપણે અગાઉ જોઈ ગયા કે યહૂદી પ્રજા ઈશ્વરનું દુનિયાને ધરેલું ઘડિયાળ છે. સમયનાં એંધાણ પારખવાને એ અચૂક ઘડિયાળ છે. પ્રભુ ઈસુને પૃથ્વી પર પોતાના થનાર પુનરાગમન સંબંધી અને યુગના અંત સંબંધી શિષ્યગણને શીખવતાં કહેલું કે "પછી માનવપુત્ર (પ્રભુ ઇસુ)ની એંધાણી આકાશમાં પ્રગટશે, એટલે પૃથ્વી પરની બધી પ્રજાઓ વિલાપ કરશે, અને માનવપુત્રને સામર્થ્ય તથા મહા મહિમાસહિત આકાશનાં વાદળ ઉપર આરૂઢ થઈને આવતો જોશે" (બાઇબલ : માથ્થી ૨૪ : ૩૦). વળી પ્રભુ ઈસુએ આગળ કહ્યું :"અંજીરીના ઝાડ પાસેથી પાઠ શીખો. એની ડાળીઓ રસથી કોમળ થાય છે, અને પાન ફૂટવા માંડે છે, એટલે તમે સમજી જાઓ છો કે ઉનાળો નજીક આવ્યો છે. એ જ રીતે જયારે તમે આ બધું બનતું જુઓ, ત્યારે સમજજો કે તે (પ્રભુ ઇસુ) નજીક છે; બલ્કે બારણે આવી પુગ્યા છે" (બાઇબલ : માથ્થી ૨૪ : ૩૨, ૩૩)

*પ્રભુ ઈસુનું પુનરાગમન :*

બાઈબલમાં ઈઝરાયલ (યહૂદી) પ્રજાને વારંવાર અંજીરના ઝાડની ઉપમા આપવામાં આવી છે (જુઓ યિર્મેયા ૨૪ : ૫-૧૦; ૨૯ : ૧૭ લૂક ૨૧ : ૨૯ -૩૩). એ ઉપમા ધ્યાનમાં રાખીને પ્રભુ ઈસુ, અંજીરીના ઝાડરૂપી ઈઝરાયલમાં નવજીવનો સંચાર થાય તે જોવા તરફ ધ્યાન દોરે છે. હવે ઓગણીસ સદીઓથી મૃતપ્રાય બનેલા ઈઝરાયલ પ્રજાસમા અંજીરના ઝાડમાં નવો રસ વહેતો થયો છે, સુકાઈને મરી જવા જેવી થયેલી ડાળીઓ નવપલ્લવિત થઈ છે; એટલે હવે સમજુઓએ સમજી લેવું, "તે (પ્રભુ ઈસુ) નજીક છે; બલ્કે બારણે આવી પુગ્યા છે." પ્રભુ ઈસુનું પુનરાગમન અને યુગનો અંત તદ્દન નજીક છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનનાં આ બધાં એંધાણ છે. પ્રભુ ઈસુ માનવની પાપમુક્તિ માટે અને તેને પાપરહિત દૈવી અને શાશ્વત જીવન પમાડવા માટે બે હજાર વર્ષ પર દેહધારી થઈને પૃથ્વી પર આવ્યા. માણસજાતને ખાતર મુક્તિ-મૂલ્ય તરીકે તે ક્રૂસ પર બલિદાન બની ગયા. અને ત્રીજે દિવસે મૃત્યુંજય બનીને કબરમાંથી સજીવન થઈ ઊઠયા; અંને ચાલીસ દિવસ પછી સ્વર્ગે સિધાવ્યા. એ જ પ્રભુ ઈસુ ન્યાય કરવા માટે તેમ જ પૃથ્વી પર સ્વર્ગનું શાંતિરાજય સ્થાપવા માટે પાછા આવશે. જે કોઈ તેમના પર શ્રદ્ધા રાખે છે, તેમના પર પ્રેમ કરે છે, અને તેમના આદેશોને અપનાવે છે, તે પરમ-મુક્તિ હા,સાચું અને શાશ્વત જીવન પામશે. તથાસ્તુ.

♣

# ભાગ - ૨

## અનોખી વાર્તાઓ
## અને
## વિશેષ વિગતો

# પ્રકરણ-૧

# બાઈબલ વિષે શિક્ષણ

## ૧. બાઇબલ એટલે શું ? 'બાઇબલ' શબ્દ ક્યાંથી આવ્યો? કેવી રીતે આવ્યો ? અને એનો અર્થ શો થાય છે ?

'બાઈબલ' શબ્દનો અર્થ એના સામાન્ય અર્થમાં 'ગ્રંથોનો ગ્રંથ, અથવા ચૂડામણિ યા શિરોમણિ ગ્રંથ.' શબ્દ ઈશ્વરનાં વચનોની અપાર એકતા સૂચવે છે. મિસરની નાઈલ નદીના મુખત્રિકોણ (ડેલ્ટા) વિસ્તારમાં પાપીરસ નામથી ઓળખાતાં બરુ યા રાડાં થતાં હતાં, તેમાંથી લખવાની તખ્તી બનાવવામાં આવતી. આ 'પાપીરસ' શબ્દ પરથી અંગ્રેજી શબ્દ 'પેપર' (કાગળ) બન્યો છે. આ 'પાપીરસ'ને 'બિબ્લોસ' નામ પણ આપવામાં આવ્યું હતું, ને એ પરથી 'બાઈબલ' શબ્દ ઊતરી આવ્યો છે. જૂના કરારમાં ગેબલ શહેરનું નામ આવે છે. એ શહેર બિબ્લોસ તરીકે જાણીતું છે. ઈ.સ. ૧૯૫૪માં ફિનિશિયન બંદરી શહેર બિબ્લોસનાં ખંડેર જોવા હું ગયો હતો. પુરાણા સમયમાં મિસરથી વહાણો દ્વારા આ પાપીરસ યા બિબ્લોસ અહીં બિબ્લોસમાં લવાતાં અને બિબ્લોસ શહેરમાં પાપીરસ રાડાંમાંથી લખવાની તખ્તીઓ અને લપેટા (ઓળિયાં) બનાવવામાં આવતાં, અને દેશપરદેશ વહાણો દ્વારા એ માલ અહીંથી ચડતો; એટલે બિબ્લોસ (પાપીરસ) રાડાં પરથી આ શહેરનું નામ બિબ્લોસ પડયું હતું.

ગ્રીક શબ્દ 'બિબ્લિયોન' પરથી લેટિનમાં 'બિબ્લિયા' થયું. અને પુરાણા ફ્રેન્ચ પરથી અંગ્રેજીમાં 'બાઈબલ' શબ્દ આવ્યો. અને એ જ રૂપમાં ગુજરાતીમાં એનો પ્રવેશ થયો. ગ્રીકમાં 'બિબ્લોસ' એટલે પુસ્તક અને 'બિબ્લિયોન' એટલે નાનું પુસ્તક શબ્દો પ્રચલિત થયા હતા. ઈ.સ.ની બીજી સદી સુધીમાં ગ્રીક ખ્રિસ્તીઓ પોતાના ધર્મશાસ્ત્રને 'બિબ્લિયા' (પુસ્તકો) તરીકે સંબોધતા હતા. પણ એ નામ લેટિનમાં 'બિબ્લિયા' એકવચન અને

ઉપર જોઈ ગયા તેમ લેટિનમાંથી પુરાણા ફ્રેન્ચમાં અને ત્યાંથી અંગ્રેજીમાં ‘બાઇબલ’ શબ્દ બન્યો.

જૂના કરારમાં અને એપોક્રિફામાં પવિત્રશાસ્ત્રોને ‘પુસ્તકો’ તરીકે ગણાવ્યાં છે. (દાનિ. ૯:૨માં હિબ્રૂના) ગ્રીક સપ્તતિ તરજુમામાં ‘બિબ્લોથ’ કહ્યાં છે. ગુજરાતીમાં ‘પવિત્રશાસ્ત્ર’ લખ્યું છે. (જુઓ ૧ મક્કાબી ૧૨:૯)

અંગ્રેજી ‘બાઇબલ’ શબ્દ ગુજરાતીમાં પણ પ્રચલિત બની ગયો. ખરું જોતાં ગુજરાતી બાઇબલો પર ‘પવિત્રશાસ્ત્ર’ન લખતાં ‘પવિત્ર બાઇબલ’ એ લખવું યા છાપવું વધારે સારું છે. બધા ધર્મોનાં ધર્મપુસ્તકોને ‘શાસ્ત્ર’ યા ‘પવિત્રશાસ્ત્ર’ કહે છે. એટલે જ ખ્રિસ્તી ધર્મપુસ્તકોને ‘શાસ્ત્ર’ યા પવિત્ર શાસ્ત્ર કહે છે. ખ્રિસ્તી ધર્મપુસ્તક માટે વિશ્વભરમાં તકનિકી શબ્દ બની ગયલો ‘બાઇબલ’ શબ્દ જ વપરાવો જોઈએ. - ‘પવિત્ર બાઇબલ’.

## ૨. બાઇબલનાં વચનો ઈશ્વરપ્રેરિત છે એની કેટલીક સાબિતીઓ, ભવિષ્યવાણીઓ

બાઇબલનાં વચનો ઈશ્વરપ્રેરિત છે. એની સૌથી મોટી સાબિતી બાઇબલમાં આપેલી ભવિષ્યવાણીઓ છે.

બાઇબલનો લગભગ અર્ધોઅર્ધ ભાગ ભવિષ્યકથનો છે. બનાવો બન્યા પૂર્વે હજારો અને સેંકડો વર્ષો અગાઉ એ ‘બનાવો’ વિશે આગાહીઓ આપવામાં આવી છે. અગાઉથી તૈયાર કરવામાં આવેલાં ભવિષ્યકથનોરૂપી બીબાંમાં લાંબા સમય પછી ઇતિહાસ પોતે ઝીણી ઝીણી વિગતો સાથે જાણે કે એમાં ઢળી જતો જોવામાં આવે છે. પ્રત્યેક ‘બનાવ’ની નાનામાં નાની વિગત પણ ભવિષ્યકથન પ્રમાણે જ અણિશુદ્ધ પૂરી થાય છે. બાઇબલ આવાં હજારો ભવિષ્યકથનોથી ભરપૂર છે.

આ બધાં ભવિષ્યવચનો અનાયાસે કે સંજોગવશાત્ બન્યાં એમ નથી. ‘કાગનું બેસવું, ને તાડનું પડવું’ એમ પણ નથી. પણ એકેએક ભવિષ્યવાણી જે પૂરી થઈ તે અક્ષરશઃ પૂરી થઈ છે. કોઈ માણસ એવાં ભવિષ્યવચનો લખી શકે નહિ. વેધશાળામાં હવામાનની આગાહીઓ જે યંત્રો દ્વારા અને સંજોગો જોઈને કરવામાં આવે છે, તેઓ પણ અક્ષરશઃ સાચાં પડતાં નથી.

નવા કરારમાં સંત પિતરે એ વિશે કેવું સચોટ વર્ણન કર્યું છે ! તે લખે છે કે, પ્રભુ ઈસુ વિશેની અમારી સાક્ષી કરતાં વધારે ખાતરીભરી વાત, એટલે

કે ભવિષ્યકથન અમારી પાસે છે. 'અમારી પાસે એથી વધારે ખાતરીપૂર્વક વાત, **એટલે ભવિષ્યકથન છે.** તેને અંધારે ઠેકાણે (વર્તમાન કે ભવિષ્યના બનાવોરૂપી અંધારે ઠેકાણે) પ્રકાશ કરનાર દીવાનાં જેવાં જાણીને, જ્યાં સુધી પોહ ફાટે ને સવારનો તારો તમારાં અંતઃકરણોમાં ઊગે (અથવા તો પ્રભુ ઈસુનું પુનરાગમન થાય), ત્યાં સુધી તમે તેના પર ચિત્ત લગાડો તો સારું.' (એટલે કે, તે ભવિષ્યકથનોનો અભ્યાસ તથા મનન કરો, અને તપાસી જુઓ તો સારું.) (૨ પિતર ૧:૧૯)

ઝીણી ઝીણી વિગતોવાળાં આવાં હજારો ભવિષ્યકથનો બાઇબલમાં આપવામાં આવ્યાં છે તેવાં બીજાં કોઈ ધર્મનાં પુસ્તકોમાં આપવામાં આવ્યાં નથી. બાઇબલની અનેક ભવિષ્યવાણીઓ એની ઝીણી ઝીણી વિગતો સાથે, એમાંની એક પણ વિગત પડતી મુકાયા સિવાય, શબ્દેશબ્દ પૂરી થઈ છે ! બાઇબલ ઈશ્વરપ્રેરિત છે, અને પ્રભુના પવિત્ર આત્મા દ્વારા લખાયેલું છે એનો પુરાવો આ પૂરી થયેલી ભવિષ્યવાણીઓ છે, કારણ, બનાવો બન્યા અગાઉ ઘણા લાંબા સમય પહેલાં એ લખવામાં આવી હતી. એટલે જ એ ભવિષ્યવાણીઓમાં માણસોની બુદ્ધિમતા કે અગમદષ્ટિને સ્થાન છે જ નહિ.

એ ભવિષ્યકથનોની વિગત બહુ સ્પષ્ટ, ચોક્કસ, આખા બનાવને અગાઉથી આવરી લેતી ઝીણી ઝીણી વિગતોમાં પણ એટલી સવિસ્તર છે કે એમને સફળ અનુમાનો ગણી લેવાને કોઈ અવકાશ જ નથી રહેતો. દીર્ઘદષ્ટિવાળા અને લાંબા અનુભવવાળાં માણસનાં અનુમાનો કવચિત્ ખરાં પડે અને કવચિત્ ખોટાં પણ પડે ! એની અમુક વિગતો સાચી પડે, અને કેટલીક અફળ પણ બને ! બાઇબલનાં ભવિષ્યવચનોનું એવું નથી, કારણ, ઈશ્વરથી પ્રેરાયેલાં એ વચનો છે.

પ્રભુ પોતે પોતાના વિશે આ પ્રમાણે કહે છે : 'આરંભથી પરિણામ જાહેર કરનાર' તથા જે થયું નથી તેની પુરાતનકાળથી ખબર આપનાર, હું છું. (બાઇબલ : યશાયા ૪૬:૧૦). વળી તે કહે છે : 'પુરાતનકાળથી આ કોણે કહી સંભળાવ્યું ? અગાઉથી એની ખબર કોણે આપી ?' (બાઇબલ : યશાયા ૪૫:૨૧). 'આગલી (એટલે કે ભવિષ્યમાં બનનારી) બીનાઓને મેં અગાઉથી પ્રગટ કરી.' હા, મારા મુખમાંથી તે નીકળી, મેં તે તને કહી સંભળાવી" (યશાયા ૪૮:૩).

એ બધાં ભવિષ્યવચનો, જેમને એ વિશે કંઈ ખબર નહોતી એવાં એવાં

માણસોની મારફતે, અને કેટલાંયે ભવિષ્યવચનો જડ પદાર્થોની મારફતે કે કુદરતી શક્તિઓની મારતે, પૂરાં થયેલાં જોવા મળે છે. વળી બીજા કેટલાંક બનાવોમાં તો જે માણસો વિશે ભવિષ્યવચનો લખાયેલાં હતાં તેઓ એ ભવિષ્યવચનોથી નાસવા ભાગવા ઈચ્છતા હતા, છતાં પણ એમના હકમાં 'એ સંપૂર્ણપણે પૂરાં થયાં.'

જુદી જુદી પ્રજાઓ અને મહાસત્તાઓનું ભાવિ કેવું થવાનું છે, ક્યા સામ્રાજ્યની ક્યારે હસ્તી થશે, અને ક્યારે કોણ સમૂળું ઊથલી પડશે, કે નબળું પડી જશે, અને કાળના કોળિયા બની જશે તે બધું બાઈબલમાં આપ્યું છે. અને એ જ પ્રમાણે સામ્રાજ્યો થયાં. આજે વિશ્વાસમાં જે બની રહ્યું છે જેમ કે યુરોપનાં દશ રાજ્યોનું સંગઠન થશે (યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી), રશિયા મહાસત્તા બનશે અને એકાએક તેનો વિનાશ થશે. એ બધું બાઈબલમાં આપ્યું છે.

પ્રભુ ઈસુના પ્રથમ આગમનને લગતાં ઝીણી ઝીણી વિગતોભર્યાં ભવિષ્યવચનો બાઈબલના પહેલા ભાગ, એટલે કે જૂના કરારમાં અગાઉથી લખવામાં આવ્યાં હતાં. હા, ૪૦૦૦ વર્ષથી માંડીને ૪૦૦ વર્ષ અગાઉથી લખવામાં આવ્યાં હતાં. જૂનો કરાર પ્રભુ ઈસુના આવ્યા અગાઉ ૪૦૦ વર્ષ પહેલાં લખાઈ ચૂક્યો હતો. અને હિબ્રૂ ભાષામાંથી એનો ગ્રીક ભાષામાં તરજુમો પ્રભુ ઈસુના જન્મ પહેલાં લગભગ ૨૮૦ વર્ષ અગાઉ મિસરના એલેકઝાન્ડ્રિયા શહેરમાં તૈયાર થઈ ચૂક્યો હતો એ ઇતિહાસ - પ્રમાણિત વાત છે.

### *ક. પ્રભુ ઈસુ વિશેની ભવિષ્યવાણીઓ :*

બાઈબલમાં કેવાં કેવાં ભવિષ્યવચનો લખવામાં આવ્યાં છે ! પ્રથમ, પ્રભુ ઈસુ વિશે લખાયેલાં ભવિષ્યવચનો લઈએ : પ્રભુ ઈસુ પહેલીવાર પૃથ્વી પર આવ્યા તે સમયે તેમને લગતાં ૧૦૯ જેટલાં ભવિષ્યવચનો પૂર્ણ થયાં : જેવાં કે, તે અબ્રાહમના વંશમાં આવશે, તે બેથલેહેમમાં કુંવારી પેટે જન્મ લેશે; તેમની માતા અને પાલકપિતાને (તેમને લઈને) મિસર દેશમાં નાસી જવું પડશે; તેમનો મિત્ર તેમને પરસ્વાધીન કરાવશે; ત્રીસ રૂપિયે તેમને વેચી દેવામાં આવશે; તેમની વેચાણ રકમમાંથી પરદેશીઓને દાટવા માટે કુંભારનું ખેતર ખરીદવામાં આવશે; ક્રૂસ આગળ તેમનાં લૂગડાં સિપાઈઓ વહેંચી લેશે, અને તેમના ઝભ્ભાને માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવશે; ક્રૂસ પર તેમનું

એકેય હાડકું ભાંગવામાં આવશે નહિ; અપરાધીઓ બહારવટિયાઓ વચ્ચે તેમને ક્રૂસે જડવામાં આવશે; તેમના મૃત્યુ વખતે સૂર્ય અંધકારરૂપ થઈ જશે, અને સ્વચ્છ દિવસે પૃથ્વી અંધકારથી ઘેરાશે; જેમ ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે તેમ તે પોતાને મારનારાઓની આગળ ચૂપ રહેશે; પાસ્ખાનો હલવાન નિસાન માસની ૧૪મીએ સાંજે કાપવામાં આવે, - અને 'ઈશ્વરનો હલવાન' પ્રભુ ઈસુ બરાબર નિસાન માસની ૧૪મીએ સાંજે પ્રાણ છોડે છે, ઈત્યાદિ.

### *ખ. ચાર સામ્રાજ્યો વિશેની ભવિષ્યવાણીઓ*

ઈ.પૂર્વે ૬૦૬થી માંડીને જગતનાં ચાર મહાન સામ્રાજ્યો, અને એ પછી જગતના અંત સુધીનાં રાજ્યો ક્યાં અને કેવાં થશે એ ક્રમબદ્ધ ભવિષ્યકથનમાં આપવામાં આવ્યું છે. છેલ્લા કાળમાં જૂના રોમન સામ્રાજ્યના યુરોપીય પ્રદેશમાં થનારાં દશ રાજ્યો (હાલનાં ઈ.ઈ.સી.માં જોડાયેલાં દશ રાજ્યો) એક થશે. યહૂદી પ્રજા લાંબા સમય સુધી પૃથ્વીના અનેક દેશોમાં વિખેરાઈ જશે, અને ફરી પાછી ઇઝરાયલ દેશમાં લાવવામાં આવશે. (૨૦૦૦ વર્ષ સુધી ૧૦૪ દેશોમાં ભટક્યા પછી મે ૧૪, ૧૯૪૮ને રોજ ઇઝરાયલ રાજ્ય સ્થપાયું, અને દુનિયાના સર્વ ભાગોમાંથી ૩૫ લાખ યહૂદીઓ પાછા આવ્યા !)

### *ગ. છેલ્લા સમય અંગેનાં ભવિષ્યવચનો*

એ સિવાય આ રહ્યાં બીજાં ભવિષ્યવચનો : યુગના અંતમાં પૃથ્વીનાં રાજ્યોમાં, દેશોમાં અને પ્રજાઓમાં કેવા કેવા ફેરફાર થશે; આકાશનાં પરાક્રમો (સૂર્ય, ચંદ્ર, તારાઓ) હલાવાશે; અનીતિ, અધર્મ અને અંધાધૂંધી ચરમ સીમા સુધી પહોંચશે; માણસોમાં ગભરાટ, અસ્થિરતા, વેર અને યુદ્ધ વધી જશે; જૂઠા ખ્રિસ્તો અને જૂઠા પ્રબોધકો ઊભા થશે; રશિયા અને તેનાં સાથી - રાજ્યો ઇઝરાયલ પ્રજા સામે આક્રમણ કરશે, અને ઈશ્વર તેમનો પૂરો નાશ કરશે; આખી પૃથ્વી પર ખાલી ખોખા જેવો એક ધર્મ થશે, તેમ જ આખી પૃથ્વી પર એક સત્તાધીશ થશે; પૂર્વના દેશોમાંથી બહુ મોટું લશ્કર (વીસ કરોડનું લશ્કર) લઈને આગેવાનો ઇઝરાયલ સામે ચઢાઈ કરશે; પ્રભુ ઈસુ પોતાના લોકને લેવા સ્વર્ગેથી આવી ગગનમાં ઊતરશે, અને તેમના લોક એક સામટા સજીવન થઈને જીવતાંઓની સાથે ગગનમાં ઊંચકાઈ જશે; આખી પૃથ્વી પર સાડા ત્રણ વર્ષ સુધી કદી થઈ નથી, ને કદી થશે નહિ એવી મહાવિપત્તિ આવશે; યહૂદીઓને હજી ફરી એક વાર આ સાડાત્રણ વર્ષને

માટે દેશ બહાર જતા રહેવું પડશે, અને આખરે પ્રભુ ઈસુ એકેએક યહૂદીને વતનમાં પાછો લાવશે; એ પછી એકેએક યહૂદી પ્રભુ ઈસુનો સ્વીકાર કરશે; પ્રભુ ઈસુ પૃથ્વી પર એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે; એવાં અનેક ભવિષ્યવચનો બાઈબલમાં આપવામાં આવ્યાં છે.

આજ સુધી બાઈબલની હજારો ભવિષ્યવાણીઓ એની ઝીણામાં ઝીણી વિગત સાથે પૂરી થઈ છે. એ જ વાત બાઈબલનાં વચનો ઈશ્વરપ્રેરિત છે એમ માનવાનું કારણ બને છે. એનો એક જ નાનો દાખલો લઈએ :

### *ઘ. તૂર નગરી વિશે*

બાઈબલના હઝકિયેલના પુસ્તકના ૨૬મા અધ્યાયમાં સીરિયા (અરામ) (આજે લબાનોન) દેશના મહાશહેર તૂર સામે ભવિષ્યવાણી ઉચ્ચારવામાં આવી છે. ઈ. પૂર્વે ૫૮૫માં આ ભવિષ્યવાણી લખવામાં આવી. આજના લંડન, ન્યૂયોર્ક કે ટોકિયો જેવું આ તૂર નગર તે જમાનામાં મહામોટું નગર હતું. તે દરિયાકાંઠે આવેલું હતું, અને તે સમયની આખી દુનિયાનાં બંદરોમાં તૂરનાં વેપારી વહાણો લાંગરતાં હતાં. એની સામે આવું ભવિષ્યવચન હતું. (બહુ ટૂંકમાં અહીં રજૂ કરીએ છીએ) :

"હે તૂર નગરી, જો હું તારી વિરુદ્ધ છું, ને જેમ સમુદ્રનાં મોજાં ચઢી આવે છે તેમ હું ઘણી પ્રજાઓને તારા ઉપર ચઢાવી લાવીશ. તેઓ તૂરના કોટનો નાશ કરીને તેના બુરજો તોડી પાડશે; હું તેની ધૂળ પણ તે પરથી કાઢી નાખીને તેને ઉઘાડો ખડક બનાવી દઈશ. તે સમુદ્રમાં જાળો પાથરવાની જગા થશે; કેમ કે પ્રભુ પરમેશ્વર કહે છે કે, હું તે બોલ્યો છું."

"જો, હું તૂર ઉપર ઉત્તરમાંથી બાબેલપતિ રાજાધિરાજ નબુખાદનેસ્સારને ... ચઢાવી લાવીશ.. તેઓ તારું દ્રવ્ય લૂંટી લેશે. ને તારી માલમત્તાનું હરણ કરશે; તેઓ તારા કોટ તોડી પાડશે,... તેઓ તારા પથ્થરોને તથા તારા લક્કડને તથા તારી ધૂળને પાણીમાં નાખી દેશે... હું તને ઉઘાડો ખડક કરી નાખીશ; તું જાળો પાથરવાની જગા થઈ પડશે; તું ફરીથી બંધાઈશ નહિ; કેમ કે પ્રભુ પરમેશ્વર કહે છે કે, હું પરમેશ્વર તે બોલ્યો છું... હું તારા પર સમુદ્રને ફેરવી વાળીશ.' (હઝકિયેલ ૨૬:૩-૫, ૭, ૧૨, ૧૪,૧૯).'

*ભવિષ્યકથનના મુદ્દા :*

૧. નબુખાદનેસ્સાર તૂર નગરીનો નાશ કરશે. (૨૬:૮)

૨. તૂર સામે ઘણી પ્રજાઓના લશ્કર ચઢી આવશે. (૨૬:૩)

૩. એના પથ્થરો, લક્કડકામ અને ધૂળ પણ ઉઝરડીને સમુદ્રમાં નાખવામાં આવશે. (૨૬:૧૨)

૪. તૂરને ઉઘાડો ખડક કરી નાખશે. (૨૬:૪, ૧૪)

૫. માછીમારો એની પર જાળો સૂકવવા પાથરશે. (૨૬:૫, ૧૪)

૬. તું ફરીથી બંધાઈશ નહિ. (૨૬:૧૪, ૨૦)

૭. તારું નામનિશાન રહેશે નહિ. (૨૬:૨૧)

*ભવિષ્યવચન પૂરું થયું :*

એ જ પ્રમાણે અક્ષરશઃ બન્યું. તૂર નગરી આજના લંડન, ન્યૂયોર્ક કે ટોકિયો જેવી મહાનગરી હતી. એનો વેપાર એ વખતની આખી દુનિયામાં ચાલતો હતો. એનાં વહાણ દુનિયાનાં ભલભલાં બંદરે લાંગરતાં હતાં. એવી મહાનગરી સામે આ કેવું ભયાનક ભવિષ્યકથન ! કોઈ માની પણ ન શકે કે આ નગરીની એવી હાલત કદી થાય !

આ ભવિષ્યકથનમાં આપેલી ઝીણી ઝીણી વિગતો પ્રમાણે જ આખરે તૂર નગરીનાં સંબંધમાં બન્યું. ઈ.સ. પૂર્વે ૫૮૨માં બાબિલનો રાજા નબુખાદનેસ્સાર સમુદ્રકાંઠે આવેલી આ તૂર નગરી સામે ચઢી આવ્યો, એના કોટનો નાશ કર્યો, શહેરને તારાજ કર્યું, માલમત્તા લૂંટી લીધી, એના સ્તંભો, કોટો અને ઘરોની દીવાલો જમીનદોસ્ત બનાવી દીધી; પણ હજી ઝીણી વિગતો પૂરી થઈ નહિ.

આ પછી તૂરની બચેલી પ્રજાએ સમુદ્રની અંદર અર્ધો માઈલ દૂર બેટ ઉપર નવું નગર બાંધ્યું અને તેમાં રહેવા લાગ્યા. બીજાં ૨૫૦ વર્ષ વહી ગયાં, અને આખરે ઈ. પૂર્વે ૩૩૨માં મહાન એલેકઝાન્ડર આ દરિયાની અંદરની નગરી સામે ચઢી આવ્યો. પણ સમુદ્રમાં અર્ધો માઈલ અંદર કેવી રીતે જવું! એલેકઝાન્ડરે પોતાના જંગી લશ્કરને સમુદ્રને પૂરીને અંદર અર્ધો માઈલ સુધી રસ્તો બનાવવા હુકમ કર્યો. આમ, સમુદ્ર પૂરવા તેઓએ જૂના તૂર નગરના ભંગારના પથ્થરોને, લક્કડકામને, ઈત્યાદિને સમુદ્રમાં નાખ્યું. છતાં રસ્તો બરાબર બન્યો ન હોત, તેથી લશ્કરે જૂના તૂરની ધૂળને પણ પાવડાઓ દ્વારા ઉઝરડીને પાણીમાં નાખી ! એમ પેલી ઝીણી વિગતો પૂરી થઈ.

ઈ.સ. ૧૯૫૪માં હું એ લબાનોનના તૂરના સમુદ્રકાંઠે ઊભો હતો ત્યારે

પાણીના ઊંડાણમાં સાંજના સૂર્યનાં આડાં કિરણો પડતાં ૨૨૫૦ વર્ષ પહેલાંના લક્કડકામ અને પથ્થરો વગેરેને પાણીમાં જોઈ શક્યો હતો. તૂર નગરી આજે ઉઘાડો ખડક બની ગઈ છે, અને હું ત્યાં ગયો ત્યારે ખરેખર ભવિષ્યવાણી પ્રમાણે એ ઉઘાડા ખડકો ઉપર માછીઓએ સુકાવા માટે પોતાની જાળો પાથરી હતી.

એ ભવિષ્યવાણીને પૂરી થયે આજે ૨૨૫૦ વર્ષ પૂરાં થયાં છે પણ એ તૂર નગર ફરીથી કદી બંધાયું નથી ! એમાં પણ ભવિષ્યવાણી પૂરી થાય છે ને ! કે 'તું ફરીથી બંધાશે નહિ !' એનાથી થોડે જ દૂર સિદોન નામનું નાનું શું શહેર છે. એ લગભગ ત્રણ સવાત્રણ હજાર વર્ષથી ખડું છે ! જ્યારે આ મહાનગરી તૂર ફરી પાછી કદી બંધાઈ જ નહિ !

એની ઝીણી વિગતો સહિત ભવિષ્યવાણી કેવી આબાદ પૂરી થઈ ! બાઇબલમાં લખેલી બીજી એવી હજારો ભવિષ્યવાણીઓ એવી જ રીતે નાની નાની વિગતોસહ પૂરી થઈ છે.

### ૫. *સિદોન શહેર વિષે ભવિષ્યવાણી*

સિદોન શહેર તૂર નગરી પાસે જ આવેલું તદ્દન મામૂલી શહેર છે. એ સિદોનની સામે પણ હઝકિયેલ પયગંબરે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી. બાઇબલમાંથી જ એ ભવિષ્યવણી અહીં ઉત્તારું છું :

"પ્રભુ યહોવા કહે છે કે હે સિદોન, જો હું તારી વિરુદ્ધ છું... હું તેની અંદર મરકી તથા તેની શેરીઓમાં ખૂનરેજી મોકલીશ. ઘાયલ થયેલાઓ તેમાં પડશે, ને ચોતરફથી તેના પર તરવાર આવી પડશે, ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું." (હઝકિ. ૨૮:૨૨-૨૩).

તૂરથી ઉત્તરે આવેલા આ સિદોન શહેરની સામેની ઉપર જણાવી તે ભવિષ્યવાણી પ્રમાણે એ શહેરની શેરીઓમાં અનેકવાર ખૂનરેજી થઈ, એને જીતી લેવાયું, એવું બધું અનેકવાર બનવા છતાં આજે પણ તે ઊભું છે. ઈ.સ. ૧૯૫૪માં હું સિદોન ગયો હતો અને એના ધમધોકાર ચાલતા કામધંધાઓ જોયા હતા. આજે એ અડીખમ ઊભું છે, કારણ, એની સામે એવી ભવિષ્યવાણી, તૂરની જેમ, હતી. જ નહિ કે એનો નાશ થશે, અને ફરીથી બંધાશે નહિ.

### ૬. *સમરુન શહેર સામે ભવિષ્યવાણી*

સમરુન ઉત્તરના ઈઝરાયલ રાજ્યનું પાટનગર હતું અને ત્યાંથી ૧૯

જેટલાં રાજાઓએ રાજ્ય કર્યું હતું. એની સામે હોશિયા અને મિખા પયગંબરોએ ઉચ્ચારેલી ભવિષ્યવાણી અહીં બાઈબલમાંથી ઉતારું છું : ઈ.પૂ. ૭૪૮-૬૦ના સમયમાં આ ભવિષ્યવાણીઓ ઉચ્ચારવામાં આવી હતી.

હોશિયા ૧૩:૧૬. "સમરૂનને પોતાના દોષનું ફળ વેઠવું પડશે, કેમ કે તેણે પોતાના ઈશ્વરની વિરુદ્ધ બંડ કર્યું છે. તેઓ તરવારથી માર્યા જશે, તેઓનાં બાળકોને પછાડીને ટુકડે ટુકડા કરવામાં આવશે, ને તેમની ગર્ભવતી સ્ત્રીઓને ચીરી નાખવામાં આવશે."

મિખા ૧:૬. તેથી હું સમરુનને ખેતરમાંના ઢગલા જેવું તથા દ્રાક્ષાવાડી રોપવાના સ્થાન જેવું કરીશ. અને હું તેના પથ્થરોને નીચાણમાં ગબડાવી દઈશ, ને હું તેના પાયા ઉઘાડા કરી નાખીશ.

એ કલમોમાં પાંચ સ્પષ્ટ ભવિષ્યકથન છે : (૧) સમરુન શહેરનું પતન એકદમ અને જબરજસ્ત થશે; (૨) શહેરની જમીન પર દ્રાક્ષવાડીઓ રોપાશે; (૩) ખેતરમાંના ઢગલા જેવું થશે; (૪) શહેરના પથ્થરોને આસપાસની ખીણોમાં ગબડાવી દેવામાં આવશે; (૫) એનો પાયો ઉઘાડો કરી દેવાશે.

ઈ. પૂર્વે ૯૩૧માં તે યરોબામ રાજાનું પાટનગર બન્યું, અને બીજા ૧૯ રાજાઓએ ત્યાંથી રાજ કર્યું, એનું પતન ઈ.પૂ. ૭૨૧માં ભયંકર રીતે, જેમ ભવિષ્યકથનમાં કહ્યું છે તેમ જ થયું. હું ઈ.સ. ૧૯૫૪માં સમરૂન જોવા ગયો હતો. સમરુન તો નથી, ભંગાર બની ગયું છે, પણ એની પાસે બંધાયેલા શહેરને સબાસ્તે નામ આપ્યું છે. હું અસલ સમરુનની જગા પર ફર્યો હતો, અને ભવિષ્યકથનમાં લખ્યું છે તેવું જ ત્યાં જોવા મળ્યું. મૂળ શહેરના સ્થળે દ્રાક્ષાવાડીઓ ફાલેલી છે; આસપાસની ખીણોમાં પુરાણા શહેરના પથ્થરો નીચે ફેંકી દીધેલા જોવા મળ્યાં; અને ઓમ્રી અને આહાબ રાજાના મહેલના પાયા ઉપર હું ઊભો રહ્યો હતો. - "હું તેના પાયા ઉઘાડા કરી નાખીશ." એમ, ભવિષ્યવાણી અક્ષરશઃ પૂર્ણ થઈ.

## *જ. બાબિલોન વિશે ભવિષ્યવાણી*

### *દુનિયાની અજાયબીસમું બાબિલોન શહેર :*

આ બાબિલોન શહેર ચોખંડુ હતું, અને તેની પ્રત્યેક બાજુ ૧૫ માઈલની હતી, એટલે કે એની આસપાસનો ઘેરાવો ૬૦ માઈલનો હતો. એની આસપાસ પાતળી ઈંટોની બનાવેલી ૮૭ ફૂટ પહોળી અને (પુરાણા

ઇતિહાસકાર હિરોડોટસના લખવા પ્રમાણે) ૩૫૦ ફૂટ ઊંચી એવી દીવાલ હતી. આ કોટ ઉપર ૨૫૦ બુરજો હતા. આ કોટ ઉપર એકસામટા છ રથો એક હારમાં દોડી શકતા. કોટને ફરતી બહારની બાજુ સળંગ પાણીની ખાઈ બનાવવામાં આવી હતી, અને એને યુફ્રેતિસ નદીનાં પાણી કાયમ ભરેલી રાખતાં હતાં, જેથી બહારથી કોઈ દુશ્મન શહેરમાં પ્રવેશી શકે નહિ. કોટની દીવાલમાં આવતા દરવાજાઓને અડીને, આ ખાઈ ઉપર ઉઠાવી અને પાડી શકાય, એવા પુલ રચવામાં આવ્યા હતા.

શહેરની અંદરના ભાગમાં કોટની પાસે બીજો કોટ બાંધવામાં આવ્યો હતો જે સાંકડો હોવા છતાં બહારના કોટથી ઝાઝો ઊતરતો નહોતો. આ સમચોરસ શહેરમાં, પ્રત્યેક ૧૫૦ ફૂટ પહોળા એવા, પચીસ માર્ગો ઉત્તરથી દક્ષિણ સુધી હતા, અને એવા જ પચીસ બીજા માર્ગો, આગલા માર્ગોને કાટખૂણે સ્પર્શતા પૂર્વ-પશ્ચિમે હતા. આને કારણે આખું શહેર ૬૭૬ સરખા ચોરસ ભાગોમાં વહેંચાઈ જતું, અને એ પ્રત્યેક ભાગ દરેક દિશામાં ૧૦૫૬ વાર અથવા ૩/૫ માઈલ લંબાઈવાળો બની જતો. શહેરમાં મકાનો ત્રણ અને ચચ્ચાર મજલાનાં હતાં. સિમેન્ટની જગ્યાઓએ ડામર વપરાતો.

આ ઉપરાંત આખાયે શહેરને ફરતો અને કોટોની વચ્ચ થઈને જતો એક ઘણો પહોળો માર્ગ પણ બનાવવામાં આવ્યો હતો. પેલા પચીસ આડા અને પચીસ ઊભા માર્ગો કોટોની વચ્ચે થઈને જતા એ પહોળા માર્ગમાં પડતા. આ મોટા માર્ગ સાથે પેલા માર્ગોનું જ્યાં જ્યાં મિલન થતું ત્યાં ત્યાં કોટની અંદર બે કમાડવાળા ચળકતા પિત્તળના અતિ ભવ્ય દરવાજા મૂકવામાં આવ્યા હતા. સૂર્ય ઊગતાં કે આથમતાં એ દરવાજા ઉઘાડવામાં આવતા કે બંધ કરવામાં આવતા. ત્યારે જાણે અગ્નિજવાળાનાં પત્તાં ન હોય એવું લાગતું. શહેરના કોટમાં પ્રત્યેક બાજુએ પચીસ એમ કુલ આવા એકસો દરવાજા હતા.

શહેરને બે સરખા ભાગમાં વહેંચી નાખતી યુફ્રેતિસ નદી કર્ણરેખાકારે શહેરના એક ખૂણાથી બીજા ખૂણા તરફ જતી હતી. આ નદીના બંને કિનારે દીવાલો ઊભી કરવામાં આવી હતી, અને નદી જે જે સ્થળે મુખ્ય માર્ગોને સ્પર્શતી તે તે સ્થળે દરવાજા રાખવામાં આવ્યા હતા. આમ આ બંને દીવાલોમાં પચીસ પચીસ દરવાજા હતા. દરેક દરવાજે ઢાળ મૂકવામાં આવ્યો હતો. ત્યાંથી છેક નદીમાં પાણી સુધી જવાતું. નદીની આ દીવાલોની બહારની બાજુએ તેમ જ અંદરની બાજુએ, શહેરના અંદરના ભાગમાં નદીની બંને

તરફ, ભવ્ય ડકકા અથવા ઓવારા બાંધવામાં આવ્યા હતા. મુખ્ય રસ્તા નદીને અડતા ત્યાં ત્યાં સામે કિનારે જવા હોડીઓ ફરતી રહેતી હતી, અને કેન્દ્રીય માર્ગને નદી સ્પર્શતી હતી ત્યાં વિશાળ પુલ નાખવામાં આવ્યો હતો. અને પુલને બંને છેડે સુંદર મહેલ બાંધવામાં આવ્યો હતો. આ મહેલ નદીના બંને કિનારે આવેલો હતો, અને પેલો પુલ બંને તરફના મહેલને જોડતો હતો. એટલું જ નહિ, પણ બંને તરફના મહેલને નદીના પ્રવાહની નીચેની ભૂમિમાં સુરંગ દ્વારા જોડવામાં આવ્યો હતો. એ સુરંગ યા બોગદામાં જુદા જુદા અંતરે મિજબાની માટે નરદમ પિત્તળના જંગી ઓરડાઓ રચવામાં આવ્યા હતા.

મહેલની પાસે ‘બેલનો મિનારો’ બાંધવામાં આવ્યો હતો. એ મિનારાને, પ્રત્યેક ૭૫ ફૂટ ઊંચો એવા એકબીજાની ઉપર બાંધવામાં આવેલા, આઠ બુરજોનો બનાવવામાં આવ્યો હતો. અને એ એકબીજા ઉપર આવેલા આઠેય બુરજોને વીંટાતા અને છેક ટોચે લઈ જતાં પગથિયાં બનાવવામાં આવ્યાં હતાં. અને છેક ટોચે ૬૦ ફૂટની ઊંચાઈનું મંદિર બાંધવામાં આવ્યું હતું. આમ, મિનારા અને મંદિરની મળીને કુલ ઊંચાઈ ૬૬૦ ફૂટ અથવા એક ફર્લાંગ (૧/૮ માઈલ) થતી હતી.

આ મંદિરમાં દુનિયામાં જોટો ન મળે એવું અતિ કીમતી રાચરચીલું રાખવામાં આવ્યું હતું. એની અંદરની ૪૫ ફૂટ ઊંચી એવી એક સોનાની મૂર્તિની કિંમત રૂપિયા ૧૪ કરોડની આંકવામાં આવતી, અને પૂજા માટે વપરાતાં પવિત્ર વાસણો તથા સાધનોની કિંમત રૂપિયા ૧૬૦ કરોડની આંકવામાં આવતી.

આવા મહાન નગરની સામે યશાયા પયગંબરે આવી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી :

**યશા. ૧૩:૧૯-૨૨, ૧૪:૨૩.** “બાબિલ જે રાજ્યોમાં શિરોમણિ, ખાલદીઓનું ઉત્તમ સૌંદર્ય તે સદોમ તથા ગમોરાહ જેઓને ઈશ્વરે પાયમાલ કરી નાખ્યાં તેઓના જેવું થશે. તેમાં ફરી કદી વસ્તી થશે નહિ, તેમાં પેઢી દર પેઢી કોઈ વસશે નહિ; અને ત્યાં આરબ લોકો પોતાના તંબૂ તાણશે નહિ, અને ભરવાડો પોતાનાં ટોળાંને ત્યાં બેસાડશે નહિ. પણ ત્યાં જંગલી જનાવર બેસશે; તેઓનાં ઘર ઘુવડોથી ભરપૂર થશે; ત્યાં શાહમૃગ રહેશે, ત્યાં રાની બકરાં કૂદશે. વરુઓ તેઓની હવેલીઓમાં, અને શિયાળો તેઓના સુખદાયક મહેલોમાં ભૂંકશે; તેનો વખત પાસે આવે છે, ને તે ઘણા દિવસો ટકશે નહિ...

હું તેને શાહુડીનું વતન તથા પાણીનાં ખાબોચિયાં કરી નાખીશ. અને નાશના ઝાડુથી તેને ઝાડી નાખીશ. સૈન્યોના પ્રભુ પરમેશ્વરનું એવું વચન છે."

**યિર્મેયા ૫૧:૨૬, ૪૩ :** "તેઓ તારામાંથી (બાબિલનાં ખંડિયરોમાંથી) ખૂણામાં મૂકવા સારુ અથવા પાયાને ચણવા સારુ પથ્થર લેશે નહિ; કેમ તું સદાકાળ ઉજ્જડ રહેશે, એવું યહોવા કહે છે."

"તેનાં નગરો ઉજ્જડ, સૂકી ભૂમિ તથા રાન થઈ ગયાં છે. તેમાં કોઈ માણસ રહેતું નથી, ને તેમાં થઈને કોઈ માણસ જતું આવતું નથી."

*આ બધાં ભવિષ્યકથનોના મુદ્દા :*

૧. બાબિલોન સદોમ અને ગમોરાહ જેવું થશે. (યશા. ૧૩:૧૯).
૨. ફરીથી કદી બંધાશે નહિ, અને એમાં વસ્તી થશે નહિ. (યશા. ૧૩:૨૦).
૩. આરબ એમાં કદી તંબૂ તાણશે નહિ. (યશા. ૧૩:૨૦)
૪. ભરવાડો પોતાનાં ટોળાંને ત્યાં બેસાડશે નહિ. (યશા. ૧૩:૨૦)
૫. વગડાનાં પશુપંખી ત્યાં ભરપૂરપણે વાસો કરશે. (યશા. ૧૩:૨૧).
૬. બાંધકામ માટે આ ખંડિયેરોમાંથી પથ્થર લેવાશે નહિ. (યિર્મે. ૫૧:૨૬).
૭. ત્યાં થઈને જનાર-આવનાર ભાગ્યે જ કોઈ હશે. (યિર્મે. ૫૧:૪૩).
૮. ત્યાં પાણીનાં ખાબોચિયાં થશે. (યશા. ૧૪:૨૩).

ઈ. પૂર્વે ૫૩૮માં ઈરાની કોરેશ રાજાએ બાબિલ નગર બેલ્શાસ્સાર પાસેથી લોહી વહેવડાવ્યા વગર લઈ લીધું. અને એ પછી બાબિલોનની પડતી થવા માંડી. છેલ્લા લગભગ ૨૨૦૦ વર્ષથી એ ખંડિયેર બની ગયું છે. રાની પશુપંખીઓનો ત્યાં અખંડ વાસો છે. કોઈ ત્યાં રહેતું નથી અને વહેમોને લઈને કોઈ આરબ ત્યાં પોતાનો તંબૂ તાણતો નથી. પુરાવિદ્યાના શોધકો ત્યાં રાતવાસો કરવા ઇચ્છે છે, પણ અરબ ભોમિયાને હજારો રૂપિયા વેતન તરીકે આપવા કહો, પણ તે કદી પોતાનો તંબૂ તાણશે નહિ. કદી કોઈ ભરવાડ પોતાના ટોળાને ત્યાં બેસાડતો નથી. જમીન ખરાબ થઈ હોઈને શાકભાજી તો શું પણ ઘેટાંબકરાં માટે ઘાસ પણ થતું નથી, માત્ર જંગલી ઝાંખરાં થાય

છે. કર્દમ-કળણ ભરેલી જગામાં ગંદા પાણીનાં ખાબોચિયાં થાય છે. આમ, તે સમયની અજાયબી સમું આ શહેર શાપભૂમિ બની ગયું છે. ભવિષ્યવાણી અજાયબ રીતે પૂરી થઈ છે.

નવા કરારની એકાદ ભવિષ્યવાણી જોઈ લઈએ :

*ઝ. ખોરાજીન, બેથસાયદા અને કાપરનાહૂમ વિરુદ્ધ ભવિષ્યવાણી :*

**માથ્થી ૧૧:૨૦-૨૪** "ત્યારે જે નગરોમાં તેમનાં (ઈસુનાં) પરાક્રમી કામો ઘણાં થયાં હતાં, તેઓએ પસ્તાવો કર્યો નહિ, માટે તે તેઓ ઉપર દોષ મૂકવા લાગ્યો કે, ઓ **ખોરાજીન**, તને હાય ! હાય ! ઓ બેથસાયદા, તને હાય ! હાય ! કેમ કે જે પરાક્રમી કામો તમારામાં થયાં, તે જો તૂર તથા સિદોનમાં થયાં હોત, તો તેઓએ તાટ તથા રાખમાં બેસીને ક્યારનો પસ્તાવો કર્યો હોત... અને ઓ **કાપરનાહૂમ**, તું આકાશ સુધી ઊંચું કરાશે શું ? તું પાતાળ સુધી નીચું ઉતરશે. કેમ કે જે પરાક્રમી કામો તારામાં થયાં તે જો સદોમમાં થયાં હોત, તો તે આજ સુધી રહેત. વળી હું તને કહું છું કે, ન્યાયકાળે સદોમ દેશને તારા કરતાં સહેલ પડશે."

ઈઝરાયલ દેશમાં ગાલીલના સમુદ્રના કંઠાર પ્રદેશમાં આ શહેરો અગાઉ આવેલાં હતાં. આજે તો ઈઝરાયલમાં નવાં નવાં ઘણાં શહેરો બંધાય છે, પણ આ ત્રણ શાપિત નગરો - ખોરાજીન, બેથસાયદા, અને કાપરનાહૂમ બંધાયાં જ નથી. જૂનું તિબેરિયસ શહેર અત્યારે પણ સુંદર રીતે વિસ્તરી રહ્યું છે, જ્યારે ત્રણ શાપિત નગરો ઊભાં થતાં નથી. હું ફરી ગયા સપ્ટેમ્બરમાં (૧૯૮૬) ટૂર લઈને ઈઝરાયલ દેશમાં ગયો હતો, ત્યારે એ વિશે જાતઅનુભવ કર્યો હતો.

સ્થળ સંકોચને લઈને અહીં માત્ર ચાર-પાંચ ભવિષ્યવાણીઓ વિશે આપે જોયું, જ્યારે બાઈબલમાં તો હજારો ભવિષ્યવાણીઓ આપેલી છે. એ બધી સ્પષ્ટ પુરાવા આપે છે કે બાઈબલ ઈશ્વરપ્રેરિત છે. ઈઝરાયલ વિશેની ભવિષ્યવાણીઓને તો આપણે અડક્યા જ નથી. ઈઝરાયલ પ્રજા તો ઈશ્વરનું ઘડિયાળ ગણાય છે. એ વિશે ઝીણવટથી આગળના વિભાગમાં ઈઝરાયલ વિશેની ભવિષ્યવાણીઓ અને તેઓ કેવી રીતે અક્ષરશઃ પૂરી થઈ તે વિશે આપ્યું છે.

## ૩. ઇતિહાસ, પુરાવિદ્યા અને ભૂગોળ દ્વારા મળતાં પ્રમાણો

### ક. બાબિલનો બુરજ

બાઇબલની આ વાતને ઇતિહાસકારો નકારી કાઢતા હતા, પણ પુરાવિદ્યાએ એ બુરજને શોધી કાઢ્યો છે. મૂળ બુરજનો અવશેષ ભાગ હાલ પણ જોવા મળે છે. બાબિલોની લખાણોમાંથી શોધી કાઢવામાં આવ્યું છે કે બાબિલોન રાજ્યના સુવર્ણકાળ વખતે પણ આ બુરજ ખાસ્સો પુરાણો હતો અને ત્યારપછી અવારનવાર એની મરામત પણ કરવામાં આવી હતી. પાછળથી બલિદાનો પણ ચઢાવવા માટે એ બુરજ વપરાવા લાગ્યો હતો. ઈ. પૂર્વે ૫૦૦માં થઈ ગયેલો ગ્રીક ઇતિહાસકાર હિરોડોટસ એના ઇતિહાસમાં આ બુરજનું વર્ણન કરતાં જણાવે છે કે આઠ ચઢતા ચકરાવાવાળા ટાવરોનો એ બુરજ હતો. એની બાજુના પડખામાં ચઢતાં પગથિયાં બનાવવામાં આવ્યાં હતાં. નીચેથી પહોળો હોઈ, બીજા સાત મજલાઓ સાંકડા અને સાંકડા થતા જતા હતા.

બુરજની છેક ઉપર મોટું મંદિર હતું. બાબિલોનિયાના દેવતાઓનું ત્યાં ભજન થતું હતું. બાઇબલમાં આપ્યું છે તેમ જ પકવેલી ઈંટો અને ડામરથી આ ચણતર કરવામાં આવ્યું હતું. જે આજે પણ જોવા મળે છે. ઈંટો મોટી, પહોળી અને પાતળી છે. ત્યાંના અરબોમાં ઊતરી આવેલી વાત છે કે નિમ્રોદે એ બુરજ બંધાવ્યો હતો. બુરજવાળા વિસ્તારને આજે પણ બીર્સનિમૃદથી ઓળખવામાં આવે છે. મૂળ ટાવર ૮૦૦ ફૂટ ઊંચાઈનો હશે. ન્યૂયોર્કમાં હાલની આધુનિક તકનીક અને મશીનો દ્વારા બાંધેલું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ૧૨૫૦ ફૂટ ઊંચાઈનું છે. અત્યારેં બાબિલના તૂટેલા બૂરજનો ૫૦૦ ફૂટ ઊંચાઈનો ભાગ રહ્યો છે. દશ ફૂટનો મજલો ગણીએ તો ૫૦ મજલા થાય, અને આખાયે બુરજના ૭૦ મજલા થાય.

### ખ. સદોમ અને ગમોરાહનો આગ અને ગંધકથી નાશ

ઉત્પત્તિના ૧૭મા અને ૧૮મા અધ્યાયમાં સદોમ, ગમોરાહ, સબોઈમ અને આદમાહ શહેરો આગ અને ગંધક વરસવાથી નાશ પામ્યાં એ વાત આપવામાં આવી છે. ઇતિહાસકારોએ ઘણી સદીઓ સુધી બાઇબલની આ વાત હસી કાઢી છે કે એવું કદિયે બન્યું નથી અને એ તો કાલ્પનિક વાત છે. પણ છેલ્લાં એકસો ઉપરાંત વર્ષોથી એનું સંશોધન ચાલે છે, અને આ

સંશોધનોએ પુરવાર કર્યું છે કે બાઈબલની આ વાત શબ્દેશબ્દ ખરી છે. લગભગ ૪૦૦૦ વર્ષોથી વધુ સમય પર આ વિનાશનો બનાવ બન્યો હતો.

આ બનાવ બન્યા અગાઉ મૃત સરોવરનો દક્ષિણનો ભાગ ખૂબ રસાળ, લીલોછમ, અને નહેરોથી સારી રીતે પાણીના પુરવઠાવાળો પ્રદેશ હતો. ઉત્પત્તિ ૧૩:૧૦માં આપ્યું છે કે, "ત્યારે લોતે પોતાની આંખો ઊંચી કરીને યર્દનનો આખો પ્રદેશ સોઆર સુધી જોયો કે તેમાં બધે પાણી પુષ્કળ છે, કેમ કે યહોવાએ સદોમ તથા ગમોરાહનો નાશ કર્યા અગાઉ તે દેશ તો યહોવાની વાડી જેવો તથા મિસર દેશના જેવો હતો."

ઈઝરાયલ દેશના પૂર્વ સીમાડે યર્દન નદી વહે છે. અને એ નદી મૃત સરોવરમાં પડે છે. એને મૃત સરોવર કહે છે કેમ કે એના પાણીને બહાર નીકળવા માટે કોઈ રસ્તો નથી. આશરે ૪૦૦૦ વર્ષ પૂર્વે ત્યાં પુષ્કળ નહેરો હતી, અને આસપાસના વિશાળ પ્રદેશને એ નહેરો દ્વારા લીલોછમ રાખવામાં આવતો. પણ આગ અને ગંધકથી આસપાસનો વિસ્તાર બળી ગયો, અને અમુક ભાગ જમીનના પોલાણમાં નીચો ઊતરી ગયો. પછી નહેરો બંધ થઈ ગઈ.

આમેય યર્દન નદીનો વિસ્તાર ભૂસ્તરીય ભ્રંશરેખાવાળો પ્રદેશ છે, અને મૃત સરોવર તો વારંવાર આંચકાઓ સહન કરતું આવ્યું છે. આ ભૂસ્તરીય ભ્રંશરેખા અથવા ભૂસ્તરીય ફાટ યર્દનની ખીણમાંથી પસાર થઈ લાલ (રેડ) સમુદ્રમાં થઈને પસાર થઈ છેક આફ્રિકા દેશના કેન્દ્ર સુધી ફેલાયેલી છે. ખુદ જૈતુન પહાડની નીચે થઈને આ ફાટ જાય છે. નજદીકના ભવિષ્યમાં જૈતૂન પહાડ નીચે ધરતીકંપ થાય અને એ પહાડના બે ભાગલા પડી જાય એવી સંભાવના છે.

લેલેન્ડ સ્ટાનફર્ડ યુનિવર્સિટીના સિસ્મોલોજી (ભૂકંપ વિજ્ઞાન)ના નિષ્ણાત પ્રોફેસર બેઈલી વિલીસે 'ધી બ્રિટિશ એસોસિયેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ સાયન્સ' (વિજ્ઞાનવૃદ્ધિ માટેના બ્રિટિશ મંડળ) આગળ જણાવ્યું હતું કે, "યરુશાલેમની આસપાસનો વિસ્તાર ધરતીકંપના જોખમથી ભરેલો છે, અને ગમે ત્યારે ધરતીકંપ થાય અને જમીન સરકી જાય તેવી ભ્રંશરેખા (ફોલ્ટ લાઈન) અહીં સીધી જૈતૂનના પર્વતમાં થઈને પસાર થાય છે."

એના સંબંધી બાઈબલમાં તો ૨૬૦૦ વર્ષ પૂર્વે ભવિષ્યકથન આપેલું

છે કે, 'પ્રભુના પુનરાગમન સમયે જૈતૂન પર્વતના બે ભાગ થઈ જશે.' જૈતુન પર્વત યરુશાલેમને અડીને પૂર્વ તરફ આવેલો છે. પયગંબર ઝખાર્યાના શબ્દો આ પ્રમાણે છે : 'તે દિવસે પ્રભુના પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતૂન પર્વત પર ઊભા રહેશે, ને જૈતૂન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ ને પશ્ચિમ તરફ ફાટશે, જેથી બહુ મોટી ખીણ થઈ જશે. અડધો પર્વત ઉત્તર તરફ અને અડધો દક્ષિણ તરફ ખસી જશે.' (બાઈબલ : ઝખાર્યા ૨૪:૪).

આપણે આગળ જોયું તેમ આ મૃત સરોવરનો વિસ્તાર ભૂકંપ સંવેદનશીલ છે, વળી દુનિયામાં કુદરતી ઊંડાઈમાં આ સરોવર આવેલું છે. સમુદ્રની સપાટી સામાન્ય સમુદ્ર સપાટી લેવલથી ૧૩૦૦ ફૂટ વધારેની ઊંડાઈ આ મૃત સરોવરની છે. એમાંથી પાણી કદી નહેર કે નદી વાટે નીકળતું નથી, પણ ફક્ત બાષ્પીભવન દ્વારા પાણી ઊડી જાય છે. યર્દન દ્વારા નવાં પાણી આવે છે, ને બાષ્પીભવનથી ઊડી જાય છે. એટલે આ સરોવરનાં પાણી અનેક પ્રકારના ક્ષારોથી ભરેલાં છે. એમ એનાં પાણી એટલાં જાડાં છે કે માણસ તેમાં ડૂબી જઈ શકે જ નહિ. મૃત સરોવરને અરબીમાં 'બૃહાર લૂત' એટલે કે 'લોતનો સમુદ્ર' કહે છે.

સદોમ, ગમોરાહ, સબોઈમ તથા આદમાહ શહેરો આ સમુદ્ર કંઠારના વિસ્તારમાં આવેલાં હતાં. આ વિસ્તાર એક ખીણ સમાન છે, જેની બંને બાજુ પહાડો આવેલા છે. વચલી ખીણમાં નીચે પેલી ભૂતળની ફાટ આવેલી હતી. આ ખીણની ફાટમાં નીચે બધે ડામર, ઘાસતેલ, ગંધક, નેપ્થા વગેરે શીઘ્ર જ્વલનશીલ પદાર્થો અને તેલો આવેલાં છે.

હવે પેલી ભ્રંશરેખાની નીચે ધરતીકંપ થવાથી વચલો ભાગ નીચે બેસી ગયો, અને એ ધરબાયેલી જમીનના વજનને કારણે એની નીચેનાં તેલો, ગંધક, ડામર વગેરે ભારે વેગથી ઉપર ધસી આવ્યાં. અને ભારે ઘર્ષણને કારણે આગ ભભૂકી ઊઠી. એમાં તેલો, ડામર, ગંધક વગેરે પીગળી પીગળીને અગ્નિમાં સળગીને ઊંચે આસમાન તરફ ફેંકાયાં. અને એ જ સળગતી ચીજો અગ્નિના વરસાદ પેઠે જમીન પર પાછી રેડાતી. જમીનના પેટાળના દબાણ અને વાયુબળથી એ બધાં ઊંચે ફેંકાતા, અને પાછાં પટકાતાં. આમ આ શહેરો અને આસપાસની જમીન લીલોતરી સહિત બળી ગયાં, અને નીચે ઊતરી ગયાં.

આ સ્થળો હું બે વખત જોવા ગયો હતો. અને માઈલોના વિસ્તારમાં

ગંધકનાં ઈંચ-બે ઈંચ અને નાના કકડા સર્વત્ર આજેય પથરાયેલા છે. સરોવરના પશ્ચિમ કાંઠે તો જબલ-ઉસ્દુમ (સદોમના પહાડ)ના વિસ્તારમાં ૧૫૦ ફૂટ જેટલા ઊંચા અને માઈલો લાંબા એવા મીઠાના પહાડો આવેલા છે. આસપાસના પ્રદેશમાંથી પેટ્રોલિયમ પણ નીકળે છે. લોતની સ્ત્રી ક્ષારોની ચઢેલી આંધીમાં ઘેરાઈ ગઈ, અને ક્ષારનો થાંભલો બની ગઈ. જવાળામુખીના લાવાથી નાશ પામેલું ઈટાલીનું પોમ્પી શહેર હું જોવા ગયો હતો, અને લાવામાં પૂતળાં બની ગયેલાં ઘણાં માણસો મેં જોયાં હતાં.

આ બે પહાડો વચ્ચેની ખીણમાં ડામર, નેપ્થા, ગંધક વગેરે પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. મૃત સરોવરનાં પાણી પ્રતિવર્ષે વધતાં જતાં હતાં, એટલે આ બળેલા વિસ્તારનાં ખજૂરીનાં ઝાડ, મોટા મોટા પથ્થરોનાં થાંભલા અને રસ્તાઓ સરોવરનાં પાણીની નીચે આજેય જોવા મળે છે. આમ, બાઈબલના આ બનાવની વાત સાચી ઠરે છે. અને બાઇબલ ઈશ્વરપ્રેરિત છે એનું વધુ એક પ્રમાણ પ્રાપ્ત થાય છે.

### ગ. ખાલ્દી રાજાઓ નબોનિદસ અને બેલ્શાસ્સાર

બાઈબલમાં દાનિયેલના પુસ્તકમાં નબુખાદનેસ્સારના રાજ્યકાળ પછી એનો દીકરો અને ત્યારપછી એનો પૌત્ર બેલ્શાસ્સાર બાબિલની ગાદી પર રાજ્ય કરે છે એ આપવામાં આવ્યું છે. જગતના ઈતિહાસકારો એ કથનને અસત્ય માને છે. તેઓનું કહેવું છે કે બાબિલની ગાદી પર બેલ્શાસ્સાર જેવો કોઈ રાજા થયો જ નથી, પણ નબોનિદસ રાજા સમય હતો. જ્યારે બાઈબલમાં નબોનિદસ વિશે કોઈ ઉલ્લેખ નથી. એટલે બહારના ઈતિહાસકારો બાઈબલની વાત માન્ય રાખતા નહોતા.

પણ આજથી સોએક વર્ષ પર બાબિલોનના વિસ્તારના મારી સ્થળેથી સેંકડો માટીની પ્લેટો મળી આવી જેની ઉપર શંકુ આકારની લિપિમાં લેખ લખેલા હતા. એનાં લખાણ ઉકેલતાં સાચી હકીકત મળી, અને બાઈબલનો ઈતિહાસ સાચો ઠર્યો.

વાત એમ હતી કે, નબુખાદનેસ્સારની દીકરી સાથે નબોનિદસે લગ્ન કર્યું હતું, અને એ અરબસ્તાનની ગાદી પર રાજ્ય કરતો દીકરો હતો, અને એણે પોતાના દીકરા બેલ્શાસારને સહરાજવી તરીકે બાબિલની ગાદી સોંપી હતી. એમ એક જ સમયે નબોનિદસ અને તેનો પુત્ર બેલ્શાસ્સાર જુદી જદી ગાદી પર રહીને રાજ્ય કરતા હતા. બાઈબલને તો, બાબિલની ગાદીની વાત

આપવાની હતી, કારણ, તે સમયે યહૂદીઓ બાબિલના બંદીવાસમાં ગયા હતા. અને એ ગાદી પર બેલ્શાસ્સાર રાજ્ય કરતો હતો. એટલે બાઈબલની વાતમાં બેલ્શાસ્સારની વાત આવે છે, જ્યારે જગતના ઇતિહાસમાં માત્ર નબોનિદસની વાત આવે છે. પણ પુરાવિદ્યાના ખોદકામ દ્વારા બાઈબલની વાત સાચી ઠરી. બાઈબલની તો ગમે તેટલી ચકાસણી કે ઊલટતપાસ થાય પણ એ તો સાચું જ નીવડવાનું કેમ કે એ ઈશ્વરપ્રેરિત છે.

**ઘ. *યૂનાને મોટું માછલું ગળી ગયું,અને ત્રણ દિવસ પછી તેને જીવતો ઓકી કાઢયો.***

યૂનાના પુસ્તકમાં આ હકીકત આવે છે. વિજ્ઞાનીઓ એને અસત્ય વાત માનતા હતા. ઈસ. ૧૮૯૦માં એવો જ એક બનાવ બન્યો. 'સ્ટાર ઓફ ધી ઈસ્ટ' નામના એક નાના વહાણમાં કેટલાક લોકો દરિયામાં ગયા હતા. ફોકલેન્ડ ટાપુ આગળ તેઓ આવ્યા એટલામાં વહાણમાંથી જેમ્સ બાર્ટલે (Jamesh Bartely) નામનો માણસ દરિયામાં પડી ગયો, અને પાછો આવ્યો નહિ. વહાણની પાસે એક રહીનોડોન શાર્ક નામની મોટી માછલી તરતી હતી. વહાણની અંદરના માણસોએ એનો પીછો પકડયો, અને એને મારીને પકડી. આખો દિવસ-રાત તેનું 'બ્લબર' (ચરબીનો ભાગ) ખાલી કરવામાં ગાળ્યો. બે દિવસ પછી જેમ્સ બાર્ટલેને જીવતો કાઢવામાં આવ્યો. એની ચામડી સફેદ થઈ ગઈ હતી અને તે બેભાન હતો. લંડનના સંગ્રહસ્થાનમાં તેને ૧૯મી સદીના યૂના તરીકે લોકોને જોવા રાખ્યો હતો.

યુ.એસ, અમેરિકાના સ્મિથસોનિયમ ઈન્સ્ટિટયૂટમાં ફ્લોરિડાના કિનારેથી પકડેલી માછલી છે. (હાલ તો હાડપિંજર છે). એ માછલી બીજી એક ૧૫૦૦ રતલની (૩૭.૫ મણ અથવા ૬૮૦.૩૯ કિ.ગ્રા) માછલીને ગળી ગઈ હતી.

# પ્રકરણ-૨

# બાઈબલનું કાલમાન

## ભાગ-૧ : વિશ્વની ઉત્પત્તિ - માણસની ઉત્પત્તિ

| મેસોરિક પાઠ પ્રમાણે ઈ.પૂ. | બિશપ જેમ્સ અસર પ્રમાણે ઈ.પૂ. | વિગત | બાઈબલનો રેફરન્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૦,૦૦૦ યા તેથી પણ આગળ | ૪૦૦૪ | વિશ્વની ઉત્પત્તિ<br>માણસની ઉત્પત્તિ | ઉત્પ. ૧:૨<br>હિબ્રૂ ૧૧:૩<br>ઉત્પ. ૧:૨૭,૨:૭<br>પ્રે.કૃ. ૧૭:૨૬ |
| | | સાબ્બાથ (વિશ્રામવારની સ્થાપના) | ઉત્પ. ૨:૧-૭ |
| | ૪૦૦૪ | જગતમાં પાપનો પ્રવેશ<br>માનવ પતન, પતન; અને અને તેના ઉદ્ધાર માટે ઈશ્વરે યોજેલો ઉપાય | માર્ક૨:૨૭ |
| | ૪૦૦૨ | કાઈનનો જન્મ | ઉત્પ. ૪:૨ |
| | ૪૦૦૧ | હાબેલનો જન્મ | ઉત્પ. ૪:૨ |
| | ૩૮૭૫ | કાઈને હાબેલનું ખૂન કર્યું. | ઉત્પ. ૪:૮ |
| | ૩૮૭૪ | શેથનો જન્મ | ઉત્પ. ૪:૨૫,૫:૩ |
| | ૩૩૮૨ | હનોખનો જન્મ | ઉત્પ. ૫:૧૮ |
| | ૩૩૩૭ | મથૂસેલાહનો જન્મ | ઉત્પ. ૫:૨૧ |
| | ૩૦૭૪ | આદમનું મરણ (૯૩૦ વર્ષની વયે) | ઉત્પ. ૫:૫ |
| | ૨૯૬૨ | શેથનું મરણ (૯૧૨ વર્ષની વયે) | ઉત્પ. ૫:૮ |
| | ૨૯૪૮ | નૂહનો જન્મ | ઉત્પ. ૨૮:૩૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૨૪૬૮ | નૂહની મારફતે લોકોને જળપ્રલયની ચેતવણી | ઉત્પ. ૬:૩-૨ ૧ પિતર ૩:૨૦, ૨ પિતર ૨:૫ |
| ૫૦૦૦ | ૨૩૪૮ | મથૂસેલાહનું મરણ, (૯૬૯ વર્ષની વયે) | ઉત્પ. ૫:૨૭ |
| | ૨૩૪૮ | નૂહનું વહાણનું દાખલ થવું અને જળપ્રલયની શરૂઆત | ઉત્પ. ૭:૬-૭ |
| | ૨૩૪૭ | જળપ્રલય પછી નૂહ વહાણમાંથી બહાર નીકળ્યો | ઉત્પ. ૮ |
| | | વાદળમાં મેઘધનૂષ્યની સ્થાપના અને માનવજાત માટે પ્રભુનું અજાયબ વચન | ઉત્પ. ૯:૮-૧૭ |
| ૪૭૦૦ | ૨૨૪૭ | બાબેલનો બુરજ | ઉત્પ. ૧૧:૩-૫ |
| | | દુનિયાની ભાષાઓની ઉત્પત્તિ | ઉત્પ. ૧૧ |
| | | દુનિયાના જુદા જુદા ભાગોમાં માણસોના જૂથો વિખેરાઈ ગયા. | |
| ૪૫૦૦ | ૨૨૩૩ | નિમરોદ મારફતે આશ્શૂરના (બાબેલના) રાજ્યની સ્થાપના | ઉત્પ ૧૦:૮-૧૧ |
| | ૨૧૮૮ | મિસરાઈમની મારફતે મિસરના રાજવંશની સ્થાપના | ઉત્પ. ૧૦:૧૪ |
| | ૧૯૯૮ | નૂહનું મરણ | ઉત્પ. ૯:૨૮ |

## ભાગ-૨ : પિતૃકાલિન યુગ - ઈ.પૂર્વે ૧૯૯૬થી ઈ.પૂ. ૧૪૩૬

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૧૬૧ | ૧૯૯૬ | અબ્રાહમનો જન્મ | ઉત્પ. ૧૧:૨૬ |
| ૨૦૮૬ | ૧૯૩૬ | અબ્રાહમનું તેડું, ૬૦ વર્ષની વયે | ઉત્પ. ૧૧:૩૧ |
| | ૧૯૨૧ | અબ્રાહમનું બીજી વારનું તેડું (કનાનમાં જવા માટે) | ઉત્પ. ૧૨:૧-૧૪ |
| | ૧૯૧૩ | સદોમમાંથી લૂતનું અપહરણ અબ્રાહમ છોડાવે છે. | ઉત્પ ૧૪:૧-૧૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૧૯૧૧-૧૦ | ઈશ્માએલનો જન્મ, અબ્રાહમની ૮૫ વર્ષની વયે | ઉત્પ. ૧૬ |
| | ૧૮૯૭ | અબ્રાહમ સાથે ઈશ્વરનો સનાતન કરાર અને સુન્નતના વિધિની સ્થાપના | ઉત્પ. ૧૭:૧-૧૪ |
| ૨૦૫૦ | ૧૮૯૭ | સદોમ અને ગમોરાહનો આગ અને ગંધકથી નાશ | ઉત્પ. ૧૯:૨૪-૨૮ |
| ૧૯૫૦ | ૧૮૯૬ | ઈસહાકનો જન્મ અબ્રાહમ ૧૦૦ વર્ષનો થયો ત્યારે | |
| | ૧૮૭૧ | અબ્રાહમના વિશ્વાસની કસોટી અને આજ્ઞાંકિતપણાનું પારખું | ઉત્પ. ૨૨:૧-૧૭<br>હિબ્રૂ ૧૧:૧૭-૧૯<br>યાકૂબ ૨:૨૧ |
| | ૧૮૫૯ | સારાનું મરણ - અબ્રાહમ ૧૨૭ વર્ષનો થયો ત્યારે | ઉત્પ. ૩૩:૧ |
| | ૧૮૫૬ | ઈસ્હાકનું રિબકા સાથે લગ્ન | ઉત્પ. ૨૪ |
| | ૧૮૩૬ | એસાવ અને યાકૂબનો જન્મ ઈસ્હાક ૬૦ વર્ષનો થયો ત્યારે | ઉત્પ. ૨૫:૨૬ |
| | ૧૮૨૧ | અબ્રાહમનું મરણ - ૧૭૫ વર્ષની વયે | ઉત્પ. ૨૫:૮ |
| | ૧૭૫૯ | યાકોબ તેના મામા લાબાનને ત્યાં નાસી ગયો. | ઉત્પ. ૨૮ |
| | ૧૭૫૯ | યાકોબને સ્વપ્ન મારફતે ઈશ્વરે આપેલું દર્શન | ઉત્પ. ૨૮ |
| | ૧૭૫૨ | યાકોબના લિયા અને રાહેલ સાથે લગ્ન | ઉત્પ.૨૯:૨૧-૩૦ |
| | ૧૭૪૬ | યોસેફનો જન્મ-યોકોબ ૯૦ વર્ષનો હતો. | ઉત્પ.૩૦:૨૩-૨૬ |
| | ૧૭૪૦ | ઈસ્કાહનું મૃત્યુ. ઈસ્હાકની ઉંમર ૧૮૦ વર્ષ | ઉત્પ. ૩૫:૨૮ |
| | ૧૭૨૯ | યોસેફને તેના ભાઈઓએ મિસરમાં વેચી દીધો. | ઉત્પ. ૩૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૭૮૦ | ૧૭૧૬ | યોસેફ ફારૂન રાજાના સ્વપ્નનો અર્થ કહી બતાવે છે અને એમ યોસેફ મિસરનો અધિકારી બને છે. | ઉત્પ. ૪૧ |
| | ૧૭૦૬ | યાકોબ પોતાના પરિવાર સાથે મિસરમાં આવીને ગોશેન પ્રદેશમાં વસવાટ કરે છે. | ઉત્પ. ૪૭ |
| | ૧૬૮૯ | યાકોબનું મૃત્યુ ૧૪૭ વર્ષે | ઉત્પ. ૪૯:૧-૬૩ |
| | ૧૬૩૬ | યોસેફનું મૃત્યુ ૧૧૦ વર્ષે | ઉત્પ. ૫૦:૨૬ |

## ભાગ-૩ : ઇઝરાયલપુત્રોનો પ્રવાસકાળ
## ઈ.સ. પૂર્વે ૧૫૮૨થી ઈ.સ. પૂર્વે ૧૪૨૬

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૧૫૮૨ | મોશેની બહેન મરિયમનો જન્મ | |
| | ૧૫૭૪ | મોશેના ભાઈ હારૂનનો જન્મ | નિર્ગ. ૬:૨૦ |
| ૧૬૨૦ | ૧૫૭૧ | મોશેનો જન્મ | નિર્ગ. ૨:૨ |
| | ૧૫૭૧ | ફારૂન રાજાની દીકરી મોશેને નદીમાંથી કાઢીને એને પોતાનો દત્તક દીકરો બનાવે છે. | નિર્ગ. ૨:૨-૧૦ |
| | ૧૫૩૬ | યહોશુઆનો જન્મ | |
| | ૧૫૩૧ | એક મિસરીને મારી નાંખીને મોશે મિદ્યાન દેશમાં નાસી જાય છે. | નિર્ગ. ૨:૧૧-૧૫ |
| ૧૪૪૧ | ૧૪૯૧ | બળતા ઝાડવામાં મોશેને ઈશ્વરનું દર્શન અને તેડું | નિર્ગ. ૩:૨ |
| | ૧૪૯૧ | ઈઝરાયલ પુત્રોને મિસરની ગુલામીમાંથી છોડાવી લાવવા મોશેને ઈશ્વરનું તેડું. | નિર્ગ. ૩:૭-૧૦ |
| | ૧૪૯૧ | પાસ્ખાપર્વની સ્થાપના | નિર્ગ. ૧૨:૩-૨૦ |
| | ૧૪૯૧ | ઈઝરાયલપુત્રોનો મિસરમાંથી છૂટકારો | નિર્ગ.૧૨:૩૪-૩૬ |
| | ૧૪૯૧ | રાતા સમુદ્રના બે ભાગ અને | નિર્ગ. ૧૪:૨૧-૨૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | | ઈઝરાયલપુત્રો કોરી જમીન પર ચાલીને સમુદ્રની પેલે પાર ગયાં. | |
| | ૧૪૯૧ | મોશેએ એક વેદી બાંધીને તેનું નામ યહોવા-નિસ્સી પાડયું. | નિર્ગ. ૧૭:૧૫ |
| | ૧૪૯૧ | ઈશ્વરે સિનાય પર્વત પરથી ઇઝરાયલપુત્રોને દશ આજ્ઞા આપી, અને પોતાના વિધિઓ જણાવ્યા. | નિર્ગ. ૨૦<br>નિર્ગ. ૧૩:૧૮ |
| | ૧૪૯૧ | દશ આજ્ઞા મળી. | |
| | ૧૪૯૦ | મુલાકાત મંડપની સ્થાપના. | નિર્ગ.૪૦:૧૭-૩૪ |
| | ૧૪૯૦થી ૧૪૫૦ | ઇઝરાયલપુત્રો ૪૦ વર્ષ સુધી અરણ્યમાં ભટક્યા. | ગણના ૧૪ થી ૧૯ અધ્યાય |
| | ૧૪૫૩ | કાદેશમાં ઇઝરાયલપુત્રોનું પાછા આવવું. | ગણના ૨૦:૧ |
| | ૧૪૫૨ | મોશેની બહેન મરિયમનું મૃત્યુ ૧૩૦ વર્ષની વયે. | ગણના ૨૦:૧ |
| | ૧૪૫૨ | મોશેના ભાઈ હારૂનનું મૃત્યુ ૧૨૩ વર્ષની વયે. | ગણના ૨૦:૨૮ |
| | ૧૪૫૧ | મોશેનું મૃત્યુ, ૧૨૦ વર્ષની વયે અને તેના ઉત્તરાધિકારી યહોશૂઆની નિમણૂક | પુન ૩૪:૮, ૯ |
| | ૧૪૫૧ | ઇઝરાયલપુત્રો યર્દન ઉતરીને કનાન દેશમાં પ્રવેશ્યા. | યહોશુ. ૩ |
| | ૧૪૫૧ | માન્ના પડતું બંધ થયું. | યહોશુ. ૫:૧૨ |
| ૧૪૦૧ | ૧૪૫૧ | યરેખોનું પતન | યહોશુ. ૬ |
| | ૧૪૫૧ | આખાનનું પાપ અને આય આગળ ઇઝરાયલીઓની હાર | યહોશુ. ૭ |
| | ૧૪૫૧ | આયનું પતન | યહો. ૮:૧-૨૮ |
| | ૧૪૫૧ | યહોશુઆએ એબાલ પર્વત ઉપર વેદી બાંધી અને તેના પર દશ આજ્ઞા કોતરી. | યહો. ૮:૩૦-૩૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૧૪૫૧ | સૂરજ ગિબયોન ઉપર અને ચંદ્ર આયાલોનની ખીણ ઉપર એક દિવસ માટે થંભી ગયા. | યહોશુ. ૧૦:૯-૧૫ |
| | ૧૪૨૬થી ૧૪૪૩ | યહોશુઆનું મૃત્યુ ૧૧૦ વર્ષની વયે. | યહોશુ. ૨૪:૨૯-૪૧, ન્યાયા. ૨:૮ |

## ભાગ-૪ : ન્યાયાધીશોનો કાળ
## ઈ.સ. પૂર્વે ૧૪૪૩થી ઈ.સ. પૂર્વે ૧૦૭૫

*નોંધ :*

યહોશુઆના મરણ પછી જે વડીલો જીવતા રહ્યાં, તેઓની આખી જીંદગી સુધી ઈઝરાયલપુત્રોએ પ્રભુ પરમેશ્વરની સેવા કરી. પરંતુ ત્યાર પછીની પેઢીના લોકોએ પોતાના પ્રભુ પરમેશ્વરનો ત્યાગ કરીને કનાન દેશમાં વસતી પ્રજાઓના દેવોની ઉપાસના કરી. તેથી પ્રભુ પરમેશ્વરને રોષ ચઢયો. અને તેમણે તેઓના નાશ કરનારાઓના હાથમાં સોંપી દીધાં. તેઓના જુલમને લીધે પ્રભુ પરમેશ્વરને તેઓના ઉપર દયા આવી. તેથી તેઓને તેમના ઉપર જુલમ કરનારાઓના હાથમાંથી છોડાવવા માટે ન્યાયીધીશોને ઊભા કર્યા. (ન્યાયા. ૨:૨૧-૨૮)

આ ન્યાયાધીશોની યાદી તેઓના કાળક્રમ પ્રમાણે નીચે આપી છે.

*ન્યાયાધીશો*

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૩૫૩ | ૧૪૦૫ | ઓથનિયેલ | ન્યા. ૩:૯ |
| ૧૨૯૬ | ૧૩૨૫ | એહૂદ | ન્યા. ૩:૧૫ |
| | ૧૩૨૫ | શામ્ગાર | ન્યા. ૩:૩૧ |
| ૧૧૯૫ | ૧૨૯૬ | દબોરા-બારાક | ન્યા. ૪:૫ |
| ૧૧૪૮ | ૧૨૪૯ | ગિદિયોન | ન્યા. ૬:૧૯ |
| | ૧૨૦૯ | અબીમેલેખ | ન્યા. ૯:૧ |
| | ૧૨૦૬ | તોલા | ન્યા. ૧૦:૧ |
| | ૧૧૮૩ | યાઈર | ન્યા. ૧૦:૩ |
| | ૧૧૩૧ | ઈફતાહ | ન્યા. ૧૧:૧૧ |
| | ૧૧૪૩ | ઈબ્સાન | ન્યા. ૧૩:૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૧૧૩૬ | એલોન | ન્યા.૧૨:૧૧ |
| | ૧૧૨૬ | અબ્દોન | ન્યા. ૧૨:૧૩ |
| ૧૦૮૫ | ૧૧૧૮ | સામસૂન | ન્યા. ૧૪:૧ |
| ૧૦૬૫ | ૧૦૯૮ | એલી | ૧ શમૂ. ૪:૧૮ |
| ૧૦૫૦ | - | શમૂએલ | ૧ શમૂ. ૭:૧૫ |

## ભાગ-૫ : ઈ. પૂર્વે ૧૦૯૫થી ઈ.પૂર્વે ૯૭૫ ઇઝરાયલનો સંયુક્ત રાજયકાળ

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૦૨૦ | ૧૦૯૫-૧૦૫૫ | શાઉલ રાજા | ૧ શમૂ. ૧૦:૧, ૨૪, ૧૨:૨ |
| | ૧૦૨૫ | દાવિદનો જન્મ | ૨ શમૂ. ૫:૪ |
| ૧૦૦૪ | ૧૦૫૫-૧૦૧૫ | દાવિદ રાજા | ૨ શમૂ. ૨:૧-૪, ૫:૧-૩, ૧ કાળ ૧૧:૧-૩ |
| | ૧૦૫૮ | શમૂએલનું મરણ | ૧ શમૂ. ૨૫:૧ |
| ૯૬૫ | ૧૦૧૫-૯૭૫ | શલોમોન રાજા | ૧ રાજા ૧:૩૯, ૧ કાળ. ૨૯:૨૨ |
| | ૧૦૧૨ | શલોમોને યરુશાલેમમાં યહોવાનું મંદિર બાંધવાનું શરૂ કર્યું. | ૧ રાજા ૬:૧, ૫:૩-૧૮ |
| | ૧૦૦૪ | મંદિરના બાંધકામની સમાપ્તિ અને પ્રતિષ્ઠા | ૧ રાજા ૭:૧-૩૮ ૨ કાળ. ૫:૧ |
| | ૯૭૫ | શલોમોનનું મૃત્યુ | ૧ રાજા ૧૧:૪૩ |

## ભાગ-૬ : ઇઝરાયલના વિભાજીત રાજયનો કાળ
## ઈ.સ. પૂર્વે ૯૭૫ થી ૫૮૭

| મેસોરિક | ઈ.સ.પૂર્વે | યહૂદિયાનું રાજ્ય | ઈઝરાયલનું રાજ્ય | પ્રબોધકો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૯૨૬ | ૯૭૫ | રાહાબામ (૯૭૫-૯૫૪) | યરોબામ (૯૩૧-૯૨૦) | અહિયા શેમાઈયા |
| ૯૧૦ | ૯૫૮ | અબિયા | ૯૩૧-૯૨૦ | |
| ૯૦૮ | ૯૫૫ | આશા | નાદાબ | |

## ભાગ-૭ : યરુશાલેમનું પતન અને નવા યુગનો આરંભ
## ઈ.પૂર્વે. ૫૮૮થી ઈ.સ. પૂર્વે ૪૨૪

| ઈ. પૂર્વે | | વિગત | રેફ. | પ્રબોધકો |
|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ |
| ૫૮૭ | ૫૮૮ | ખાલદીઓએ યરુશાલેમ શહેરનો નાશ કર્યો, અને યહૂદીઓને બાબેલના બંદીવાસમાં લઈ ગયા | યર્મિ. ૩૬:૧૭-૨૧ | હઝકિયેલ ઈ.પૂર્વે. ૫૯૫-૫૩૬ |
| ૫૩૯ | ૫૩૮ | ઈરાનના રાજા કોરેશે બાબેલને જીતી લીધું. | | |
| ૫૩૮ | ૫૩૭ | કોરેશના ઢંઢેરા પ્રમાણે ઝરૂબ્બાબેલની આગેવાની નીચે યહૂદીઓ વતનમાં પાછા આવ્યાં | યર્મિ. ૨૨:૩૩, એઝરા ૧:૧-૧૦ | |
| ૫૩૭ | ૫૩૩ | યરુશાલેમના મંદિરનો ફરીથી પાયો નંખાયો | એઝરા ૧:૧-૧૦ | |
| | ૫૨૯ | આર્તાશાસ્તાના હુકમથી મંદિરનું બાંધકામ રોકાયું. | એઝરા ૪:૨૩-૨૪ | |
| | ૫૨૦ | ઈરાની રાજા દાર્યાવેશના હુકમથી મંદિર બાંધવાનું ફરી શરૂ કરાયું. | એઝરા ૬:૧-૧૨ | હાગ્ગાય ૫૨૦: ૫ ૧૮ |

| ૧ | | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ૪૭૩ | ૫૧૮ | ઈરાની રાજા અહાશ્વેરોશે એસ્તરને રાણી બનાવી | એસ્તેર ૨:૩-૧૭ | |
| | ૫૧૬ | મંદિરનું બાંધકામ પૂરું થયું. | એઝરા ૩:૧૫ | |
| | ૫૧૦ | હામાનનું નિષ્ફળ કાવત્રુ | એસ્તેર ૭:૧૦ | |
| ૪૫૮ | ૪૫૮ | એઝરા યરુશાલેમમાં | એઝરા : ૭ | |
| ૪૪૫ | ૪૪૫ | નહેમ્યા યરુશાલેમ આવે છે. | નહે. ૨:૬ | |
| ૪૩૨ | ૪૩૩ | નહેમ્યા બીજીવાર યરુશાલેમ આવે છે. | નહે.૪:૩૬ -૪:૨૦ | માલાખી ૪૩૩-૪૨૦ |

## ભાગ-૮ : માલાખી યુગનો પ્રારંભ ઈ.પૂર્વે. ૪૨૪થી ઈ. ૪

| ઈ.પૂર્વે. | જૂના અને નવા કરાર વચ્ચનો સમય |
|---|---|
| ૪૨૪-૩૩૧ | ઈરાનના બાકીના નાનાં-મોટા રાજાઓનો સમય |
| ૩૩૧ | મહાન એલેકઝાંડરના હાથે ઈરાનના સામ્રાજ્યનો વિનાશ માસીડોનિયા અથવા ગ્રીક સામ્રાજ્યની સ્થાપના |
| ૩૨૩ | એલેકઝાન્ડર (સિંકદરનું મૃત્યુ) ૩૩ વર્ષની વયે |
| ૩૨૦ | ઈજીપ્ત સાથે યહૂદિયા જોડી દેવાયું. |
| ૩૦૦ | એપ્રોકિફાના પુસ્તકો લખવાની શરૂઆત |
| ૨૫૦ | સપ્તતિ (Sohtuagint) બાઈબલનો ગ્રીક ભાષામાં અનુવાદ (જૂના કરારનો અનુવાદ) |
| ૧૯૩ | સિરિયાના રાજા અંત્યોખસ એપિફાનસે મંદિરને ભ્રષ્ટ કર્યું. |
| ૧૬૭ | હેસ્મોનાઈનના પૌત્ર વૃદ્ધ માથ્થાતિયસની આગેવાની હેઠળ યહૂદીઓએ બળવો કર્યો. |
| ૧૬૫ | માથ્થાતિયસના દીકરા યહૂદાએ સિરિયાની સેનાને યરુશાલેમમાંથી હાંકી કાઢી તથા મંદિરનું શુદ્ધિકરણ કરીને મંદિરની પુનઃપ્રતિષ્ઠા કરી. |
| ૧૫૩ | યહૂદાના ભાઈ યોનાથાનની આગેવાની નીચે યહૂદીઓએ સંપૂર્ણ સ્વતંત્રતા મેળવી. |
| ૧૫૩-૩૩ | હેસ્મોનિયમ (અથવા મક્કાબી) વંશના રાજાઓ |

| ઈ.પૂર્વે. | જૂના અને નવા કરાર વચ્ચેનો સમય |
|---|---|
| ૧૫૩-૧૪૨ | યોનાથાન રાજા તેમજ પ્રમુખ યાજક |
| ૧૪૨-૧૩૫ | યોનાથાનનો ભાઈ સિમોન રાજા તેમજ પ્રમુખ યાજક |
| ૧૩૫-૧૦૫ | યોહાન હિરકાનસ રાજા તેમજ પ્રમુખ યાજક સાદુકી ફરોશી પંથો અસ્તિત્વમાં આવ્યા. |
| ૧૦૫-૧૦૪ | આરિસ્તોબૂલસ I |
| ૧૦૪-૭૯ | સિકંદર જાન્નિયસ રાજા તેમજ પ્રમુખ યાજક |
| ૭૮-૬૯ | સિંકદરા રાણી - જાન્નિયસની પત્ની |
| ૭૮-૬૯ | હિકોનસ રજો પ્રમુખયાજક ફરોશીઓનું વર્ચસ્વ |
| ૬૯-૬૩ | આરિસ્તોબૂલસ II રાજા તેમજ પ્રમુખ યાજક સાદુકી પંથનું વર્ચસ્વ |
| ૬૩ | રોમન સેનાપતિ પોમ્પેએ યરુશાલેમ જીતી લીધું. યહૂદીઓ પર રોમન સત્તા મંદિરમાં સેનાપતિ પોમ્પેનો પ્રવેશ |
| ૬૩-૪૦ | હિર્કાનસ રજો પ્રમુખ યાજક |

## ભાગ-૯ : રોમન શાસનકાળ
## ઈ.પૂર્વે ૩૭ થી ઈ.સ. ૧૩૫
## II નવા કરારનો સમય

| ઈ.પૂર્વે. | બનાવ | રેફરન્સ |
|---|---|---|
| ૩૭-૪ | મહાન હેરોદ | માથ્થી ૨:૧-૭ |
| ૪ | યોહાન બાપ્તિસ્તનો જન્મ | લૂક ૧:૫૭ |
| ૪ | પ્રભુ ઈસુનો જન્મ | માત્થી ૨:૧, લૂક ૨:૭ |
| ૪ | મહાન હેરોદનું મૃત્યુ અને તેના રાજ્યની વહેંચણી | માથ્થી ૨:૧૯ |
| ૪-૨ | આર્ખેલાઉસ : યહૂદિયા, સમરૂન અને અદોમનો સૂબો | માથ્થી ૨:૩૩ |
| ૪ - ઈ.સ. ૩૮ | આન્તિપાતર : ગાલીલ અને પેરિયાનો સૂબો | માથ્થી ૧૪:૧ લૂક ૨૩:૭ |
| ૨૭ - ઈ.સ. ૨૫ | પ્રભુ ઈસુનું બાપ્તિસ્મા | માથ્થી ૩:૧૬ માર્ક ૧:૯ |

| ઈ.પૂર્વે. | બનાવ | રેફરન્સ |
|---|---|---|
| ઈ.સ.૨૬ | યોહાન બાપ્તિસ્તનું મૃત્યુ ૩૦ વર્ષની વયે | લૂક ૩:૨૧ |
| ઈ.સ. ૨૬-૩૬ | પોર્તિયસ-પિલાત યહૂદીઓનો ગર્વનર | માથ્થી ૨૭:૧<br>માર્ક ૧૧:૧<br>લૂક ૨૩:૧ |
| ૩૭-ઈ.સ. ૩૦ | પ્રભુ ઈસુને વધસ્તંભે જડયા | માથ્થી ૨૭:૩૨-૩૪<br>માર્ક ૧૫:૩૩, ૩૪<br>લૂક ૨૩:૩૩-૩૯<br>યોહાન ૧૯:૧૭-૧૮ |
| ૩૭ -ઈ.સ. ૩૧ | સ્તેફનને પથ્થરે માર્યો | પ્રે.કૃ. ૭:૫૪-૬૦ |
| ૩૧ | પાઉલનું બદલાણ | પ્રે.કૃ. ૯:૧-૮ |
| ઈ.પૂ.૪-<br>ઈ.સ.૩૪ | હેરોદ ફિલિપ ૨જો, યહૂદિયાનો રાજા | લૂક ૩:૧ |
| ઈ.સ. ૩૭-૪૪ | હેરોદ આગ્રીપા ૧લો | પ્રે.કૃ. ૧૨:૧-૩ |
| ૪૧ | સંત યાકોબનો તલવારથી સંહાર | પ્રે.કૃ. ૧૨:૨ |
| ૪૫-૧૦૦ | હેરોદ-આગ્રીપા ૨જો | પ્રે.કૃ. ૨૫:૧૩ |
| ૪૫-૪૬ | મોટો દુકાળ | પ્રે.કૃ. ૨૬:૧ |
| ૪૫-૪૮ | પાઉલની સુવાર્તિક મુસાફરીઓ | પ્રે.કૃ. ૧૧:૨૮ |
| ૫૨-૬૦ | ફેલિક્સ હાકેમ | પ્રે.કૃ. ૨૪:૧ |
| ૫૬-૫૮ | પાઉલ કાઈસારિયામાં કેદ કરાયો | પ્રે.કૃ. ૨૩:૨૭-૩૨ |
| ૬૦-૬૨ | પોર્કીયસ ફેસ્તસ હાકેમ | પ્રે.કૃ. ૨૫:૧ |
| ૬૪-૬૫ | પાઉલ અને પિતરનું મૃત્યુ | |
| ૭૦ | યરુશાલેમ અને મંદિરનો વિનાશ - સેનાપતિ તિતસને હાથે | |
| ૯૦-૯૬ | ડોમિશિયન બાદશાહે ખ્રિસ્તી મંડળી પર ગુજારેલી સતાવણી | |
| ૧૦૦ | પ્રભુ ઈસુના શિષ્ય યોહાનનું કુદરતી મૃત્યુ | |
| ૧૩૫ | હેડ્રિયન બાદશાહે યરુશાલેમને હળ વડે ખેડયું, અને યહોવાના મંદિરની જગ્યાએ જ્યુપિટરનું મંદિર બનાવ્યું. | |

# પ્રકરણ-૩

# વાર્તાઓ અને વિગતો

## ૧. કનાન દેશનું નામ કેવી રીતે પડયું

ઇઝરાયલ લોકો જે દેશમાં આખરે ઠરીઠામ થયા તે દેશ અનેક નામોથી ઓળખાય છે, મિસર દેશનાં પુરાણાં સ્મારકો પરનાં લખાણોમાં આ દેશને (૧) 'રુધેન' અથવા 'રુતેના' તરીકે ઓળખાવ્યો છે. ઇઝરાયેલીઓ આ દેશમાં આવીને વસ્યા તે પહેલાં બાઇબલમાં એને (૨) કનાન તરીકે ઓળખાવ્યો છે; અને ઇઝરાયલીઓના વસવાટ પછી (૩) ઇઝરાયલ દેશ તરીકે ઓળખાવ્યો છે. પુરાણું કનાન નામ હામના દીકરા કનાન પરથી પડયું. અને કનાનના વંશજો આ દેશમાં વસ્યા હતા. યાકોબના બાર દીકરાઓના જન્મ પહેલાં સૈકાઓ પર એ બન્યું.

એ દેશને (૪) પાલેસ્તાઈન દેશ તરીકે પણ ઓળખવામાં આવે છે. પલિસ્તી લોકોના નામ પરથી એ નામ પડયું છે. ગ્રીકો અને રોમનો તેમને પાલેસ્તીનીઓ તરીકે ઓળખતા હતા. ભૂમધ્ય સમુદ્રકાંઠા તરફ તેઓ વસતા હતા.

વળી એને (૫) 'પવિત્રભૂમિ' (Holy land) તરીકે પણ ઓળખવામાં આવે છે. બાઇબલમાં ફક્ત એક જ વખતે એ નામ વપરાયું છે. (ઝખાર્યા ૨:૧૨), પણ હવે તો એ નામ જ લોકજીભે ચઢી ગયું છે, કારણ કે પ્રભુ ઈસુના પ્રથમાગમન સમયના તેમના જન્મસ્થાન અને કાર્યભૂમિને લીધે પાવન સંસ્મરણો એની સાથે જોડાયેલાં છે.

એને (૬) 'વચનનાદેશ' તરીકે પણ ઓળખવામાં આવે છે. કેમકે ઈશ્વરે અબ્રાહમ અને તેનાં સંતાનોને આ 'વચનનો દેશ' તેમને સદાકાળના વતન કરીકે આપવાનું વચન આપ્યું હતું.

ઇઝરાયલીઓએ યહોશુઆની આગેવાની નીચે આ દેશને જીતી લીધો

ત્યારે તેઓને આ દેશ વહેંચી આપવામાં આવ્યો : નવ કુળોને યર્દન નદીનો પશ્ચિમનો ભાગ, અને બે કુળોને યર્દનની પૂર્વનો ભાગ આપવામાં આવ્યો હતો (યહોશુઆ ૧૪ : ૨-૩)

યહૂદીના કુળ પરથી આ દેશને (૭) યહૂદિયા તરીકે પણ કવચિત્ કવચિત્ ઓળખવામાં આવે છે, ખાસ કરીને બંદીવાસમાંથી શેષ ભાગ પાછો આવ્યો ત્યાર પછી. જો કે 'કનાન' ની જગાએ એ નામ વપરાતું. પણ રોમનો આ દેશના દક્ષિણ ભાગને યહૂદિયાના નામથી ઓળખતા, અથવા તો કનાનના ત્રણ ભાગો (ગાલીલ, સમરુન અને યહૂદીયા)માંના દક્ષિણના ભાગને પણ યહૂદિયા તરીકે ઓળખતા. આમ આ દેશનાં સાત નામ છે.

## ૨. અબ્રાહમનું જીવન ચરિત્ર

૩૧ અને તેરાહ પોતાના દીકરા ઈબ્રામને તથા પોતાના દીકરાનો દીકરો લોત, જે હારાનનો દીકરો તેને, તથા પોતાના દીકરા ઈબ્રામની સ્ત્રી સારાયને લઈને તેઓ સુદ્ધાં કાસ્દીઓના ઉરમાંથી, કનાન દેશમાં જવાને નીકળ્યો; અને તેઓ હારાનમાં આવીને ત્યાં રહ્યાં.

તે વખતે આ દેશ મૂર્તિપૂજક હતો અનેક જાતની મૂર્તિપૂજા થતી હતી. પ્રભુએ તેને કહ્યું કે

અને યહોવાએ ઈબ્રામને કહ્યું કે, તું તારો દેશ, તથા તારાં સગાં, તથા તારા બાપનું ઘર મૂકીને,જે દેશ હું તને દેખાડું તેમાં જા; ૨ અને હું તારાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ, ને તને આશીર્વાદ દઈશ, ને તારું નામ મોટું કરીશ. અને તું આશીર્વાદરૂપ થશે : ૩ અને જેઓ તને આશીર્વાદ દે તેઓને હું આશીર્વાદ દઈશ, ને જેઓ તને શાપ દે તેઓને હું શાપ દઈશ; અને તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે.

પ્રભુ ઉપર અખંડ વિશ્વાસ કરનાર પ્રભુના વચન ઉપર વિશ્વાસ કરી તેની સ્ત્રી સારાય અને ભત્રીજા લોટને લઈને જાય છે.

અબ્રાહમ અને લોટ કનાનમાં પોતાના પ્રદેશો પસંદ કરે છે. ઈબ્રામ કનાન દેશમાં રહ્યો, ને લોત તે પ્રદેશના નગરોમાં રહ્યો, ને સદોમ સુધી તે તંબુમાં મુકામ કરતો કરતો ગયો.

ત્યાર પછી પ્રભુએ સદોમ અને ગમોરાહનો પ્રભુ નાશ કરે છે. પ્રભુ પાપને સાંખી શકતા નથી.

આ પ્રદેશમાં મેં જાતે મીઠાના ખારના થાંભલા અને ડુંગરા જોયા છે. ગંધકના ટુકડા પણ મેં જોયા હતા. આ વાર્તા બાઈબલમાં ઉત્પત્તિના ૧૯માં અધ્યાયમાં છે. વાંચી જવી.

અબ્રાહમ અને તેની પત્ની ઘરડાં થઈ ગયા હતા. તેમને કોઈ સંતાન નહોતું.

અને બપોરને વખતે તે તંબુના બારણામાં બેઠો હતો ત્યારે યહોવાએ
મામરેનાં એલોન ઝાડની પાસે તેને દર્શન આપ્યું. ૨ અને તેણે આંખો ઊંચી
કરીને જોયું, તો જુઓ, ત્રણ પુરુષ તેની પાસે ઊભા હતા; અને તેમને જોઈને
તે તેઓને મળવાને તંબુના બારણામાંથી દોડયો, ને પ્રમાણ કરીને ૩ કહ્યું કે,
મારા સ્વામી, જો તારી દૃષ્ટિમાં હું હવે કૃપા પામ્યો હોઉં, તો તું તારા દાસ
પાસેથી જતો ન રહીશ; ૪ હવે થોડું પાણી લાવવા દો, ને તમે પગ ધુઓ,
ને ઝાડ તળે આરામ લો; ૫ અને હું થોડી રોટલી લાવું, ને તમે તમારાં મન
ખુશ કરો; પછી તમે આગળ જજો; કેમ કે એ જ વાસ્તે તમે તમારા દાસ
પાસે આવ્યા છો. અને તેઓએ કહ્યું કે, જેમ તેં કહ્યું છે તેમ કર. ૬ અને
ઇબ્રાહિમે સારાની પાસે તંબુમાં ઉતાવળે જઈને કહ્યું,'ત્રણ માપ મેંદો ઉતાવળે
મસળ, ને રોટલી તૈયાર કર. ૭ અને ઢોર હતાં ત્યાં ઇબ્રાહિમ દોડી ગયો,
ને એક સારું ને કુમળું વાછરડું લાવીને તેણે નોકરને આપ્યું; અને તે વહેલો
વહેલો તૈયાર કરવા મંડી ગયો. ૮ અને તેણે માખણ તથા દૂધ તથા જે વાછરડું
તૈયાર કર્યું હતું તે લઈને તેઓની આગળ પીરસ્યાં; અને પોતે તેઓની પાસે
ઝાડ તળે ઊભો રહ્યો, ને તેઓએ ખાધું. ૯ પછી તેઓએ તેને કહ્યું કે, તારી
સ્ત્રી સારા ક્યાં છે ? તેણે કહ્યું કે, જુઓ, તે તંબુમાં છે. ૧૦ અને તેણે કહ્યું,
હું ખચીત સમય આવ્યે તારી પાસે પાછો આવીશ; અને, જો, તારી સ્ત્રી
સારાને દીકરો થશે અને તેની પછવાડે તંબુનું બારણું હતું ત્યાંથી સારાએ તે
સાંભળ્યું. ૧૧ હવે ઇબ્રાહિમ તથા સારા ઘરડાં હતાં, ને તેઓને બહુ વર્ષ થયાં
હતાં; અને સારાને સ્ત્રીની રીત પ્રમાણે થવાનું બંધ થયું હતું. ૧૨ અને સારા
મનમાં હસી ને બોલી, હું ઘરડી થઈ, ને મારો ધણી પણ ઘરડો છે, તો હવે
શું મને હર્ષ પ્રાપ્ત થાય ? ૧૩ અને યહોવાએ ઇબ્રાહિમને કહ્યું કે, સારા એ
વાત કહેતાં કેમ હસી કે, શું હું મારા ઘડપણમાં ખચીત દીકરો જણીશ ?
૧૪ યહોવાને શું કંઈ અશક્ય છે ? ઠરાવેલા કાળમાં હું તારી પાસે સમય
પ્રમાણે પાછો આવીશ, ને સારાને દીકરો થશે. ૧૫ ત્યારે સારાએ નકાર કરીને

કહ્યું કે, હું તો હસી નથી; કેમ કે તે બીધી. પણ તે બોલ્યો, હા; તું ખચીત હસી. દેશનો રિવાજ એવો હતો કે દાસીથી જે સંતાન થાય તે તેના જ ગણાય. યાકૂબને પણ એ જ પ્રમાણે થયું.

અને હાગારને ઈસ્ત્રાએલ દ્વારા ૧૧ પ્રજા થાય છે.

## ૩. અબ્રાહમના વિશ્વાસની કસોટી અને આશીર્વાદ (અબ્રાહમના દીકરા ઈસાકનું બલિદાન)

એ વાતો પછી એમ થયું કે, દેવે ઇબ્રાહિમની પરીક્ષા કરી, ને તેણે
કહ્યું, ઇબ્રાહિમ; અને તેણે કહ્યું, હું આ રહ્યો. ૨ અને તેણે કહ્યું, હવે તારો
દીકરો; તારો એકનો એક દીકરો, ઈસહાક, જેના પર તું પ્રીતિ કરે છે, તેને
લઈને મોરિયા દેશમાં ચાલ્યો જા; અને ત્યાં જે પર્વતો હું તને બતાવું તેઓમાંના
એક પર તું તેનું દહનાર્પણ કર. ૩ અને ઇબ્રાહિમ મોટી સવારે ઊઠયો, ને
ગધેડા પર જીન બાંધ્યું, ને પોતાના જુવાનોમાંથી બેને તથા પોતાના દીકરા
ઈસહાકને પોતાની સાથે લીધા; અને તેણે દહનાર્પણને સારુ લાકડાં ચીર્યાં,
ને તે ઊઠયો, ને દેવે તેને જે જગા દેખાડી હતી ત્યાં ગયો. ૪ ત્યારે ત્રીજે
દહાડે ઇબ્રાહિમે પોતાની આંખો ઊંચી કરીને વેગળેથી તે જગા દીઠી. ૫ અને
ઇબ્રાહિમે પોતાના જુવાનોને કહ્યું, તમે અહીં ગધેડા પાસે રહો, ને હું તથા
છોકરો પણે જઈએ; અને ભજન કરીને તમારી પાસે પાછા આવીશું. ૬ અને
ઇબ્રાહિમે દહનાર્પણનાં લાકડાં પોતાના દીકરા ઈસહાક પર મૂક્યાં;અને તેણે
પોતાના હાથમાં અગ્નિ તથા છરો લીધા; અને તેઓ બન્ને સાથે ગયા. ૭ અને
ઈસહાકે પોતાના બાપ ઇબ્રાહિમને કહ્યું, મારા બાપ; અને તેણે કહ્યું, મારા
દીકરા, હું આ રહ્યો. અને તેણે કહ્યું, જો, અગ્નિ તથા લાકડાં તો છે; પણ
દહનાર્પણને સારુ ઘેટું ક્યાં છે? ૮ અને ઇબ્રાહિમે કહ્યું, મારા દીકરા,
દહનાર્પણને વાસ્તે દેવ પોતાને સારુ ઘેટું મેળવશે; અને તેઓ બન્ને સાથે
ગયા. ૯ અને જે જગા વિષે દેવે તેને કહ્યું હતું, ત્યાં તેઓ પહોંચ્યા; અને
ઇબ્રાહિમે ત્યાં વેદી બાંધી, ને લાકડાં સિંચ્યાં ને પોતાના દીકરા ઈસહાકને
બાંધીને વેદી પરનાં લાકડાં ઉપર તેને મૂક્યો. ૧૦ અને ઇબ્રાહિમે હાથ લાંબો
કરીને તેના દીકરાને મારવાને છરો લીધો. ૧૧ અને યહોવાના દૂતે
આકાશમાંથી તેને હાંક મારીને કહ્યું, ઇબ્રાહિમ, ઇબ્રાહિમ અને તેણે કહ્યું,
હું આ રહ્યો. ૧૨ અને તેણે કહ્યું, તું તારો હાથ છોકરા પર ન નાખ, ને તેને
કંઈ ન કર; કેમ કે તેં તારા દીકરાને, તારા એકના એક દીકરાને, મારાથી

પાછો રાખ્યો નથી, તેથી હું જાણું છું કે તું દેવથી બીહે છે. ૧૩ અને ઇબ્રાહિમે
જઈને તે ઘેટાને લાવ્યો, ને પોતાના દીકરાને બદલે તેનું દહનાર્પણ કર્યું.
૧૪ અને તે જગાનું નામ ઇબ્રાહિમે યહોવા યિરેહ પાડયું; જેમ આજ લગી
કહેવાય છે તેમ કે, યહોવાના પહાડ પર પૂરું પાડવામાં આવશે. ૧૫ અને
યહોવાના દૂતે આકાશમાંથી ઇબ્રાહિમને બીજી વાર હાંક મારીને કહ્યું કે,
૧૬ યહોવા કહે છે, મેં પોતાના સમ ખાધા છે કે, તેં એ કામ કર્યું છે, ને તારા
દીકરાને, તારા એકના એક દીકરાને, પાછો રાખ્યો નથી; ૧૭ તે માટે ખચીત
હું તને આશીર્વાદ પર આશીર્વાદ દઇશ, ને આકાશના તારા જેટલાં તથા
સમુદ્રના કાંઠાની રેતી જેટલાં તારાં સંતાન વધારીશ જ વધારીશ; અને તારાં
સંતાન તેમના શત્રુઓની ભાગળ કબજામાં લેશે; ૧૮ અને તારા વંશમાં
પૃથ્વીના સર્વ લોક આશીર્વાદ પામશે; કેમ કે તેં મારું કહ્યું માન્યું છે. ૧૯ અને
ઇબ્રાહિમ પોતાના જુવાનો પાસે પાછો આવ્યો, ને તેઓ ઊઠીને બેરશેબા
લગી સાથે આવ્યા; અને ઇબ્રાહિમ બેરશેબામાં રહ્યો.

*અબ્રાહમ વિશ્વાસનો પિતા ગણાય છે અને પ્રભુએ તેના વિશ્વાસની કસોટી કરી.*

અબ્રાહમ અને સારાહ ઘરડાં થઈ ગયાં હતાં અને નિઃસંતાન હતાં પરંતુ અબ્રાહમ જ્યારે સો વર્ષનો હતો ત્યારે સારાહને પુત્ર જન્મ્યો જેનું નામ ઈસાક પાડવામાં આવ્યું. ઈશ્વરે તેની કસોટી કરતાં જણાવ્યું કે અબ્રાહમ તું તારા એક ના એક દિકરાનું દહનીયાર્પણ કર. પ્રભુએ તેને કહ્યું કે હું તને જે દેશ અને પહાડ તને બતાવું ત્યાં જઈને તેનું દહનીયાર્પણ કર. પોતાના બે ચાકરોને તથા પુત્રને લઈ મોરીયા પર્વત પર જવા નીકળ્યો. અબ્રાહમ પોતાના એકના એક દિકરાને લઈને નીકળ્યો ત્યારે સારાહની કેવી પરિસ્થિતિ થઈ હશે. કદાચ તે પોતાના દિકરાને છેલ્લી વિદાયનું ચુંબન માટે પણ બાર નીકળી શકી નહીં હોય. અને પોતાના શોક અને રુદનમાં બેબાકળી બની ગઈ હશે છતાં પણ ઈશ્વરમાં વિશ્વાસુ સારાહ દીકરાના બલિદાન માટે વિદાયની પરવાનગી આપે છે. તેઓ મોરીઆ પર્વત સુધી આવી પહોંચ્યા ત્યારે અબ્રાહમ નોકરોને થોભવાનું કહી જણાવ્યું કે હું અને મારો દિકરો મોરીયા પહાડ પર ઈશ્વરનું ભજન કરી પાછા આવીએ છીએ. રસ્તામાં બાપ દિકરા વચ્ચે કેવી વાતચીત થઈ હશે. ઈસાક બાપાને પૂછે છે કે બલીદાન માટે લાકડાં, અગ્નિ તૈયાર છે પરંતુ દહનીયાર્પણ માટે ઘેટું ક્યાં છે ? તેને પોતાને જાણ પણ નહોતી કે તે

પોતે જ દહનીયાર્પણનું ઘેટું બનનાર છે. અબ્રાહમ ભારે હૃદયે તેને જવાબ આપે છે, દિકરા ઈશ્વર પોતે બલિદાન માટે પોતાનું ઘેટું મેળવી લેશે . પછી તેઓ મોરીઆ પર્વત પર ગયા, ત્યાં અબ્રાહમે વેદી બાંધીને લાકડાં સીંચ્યાં અને પોતાના દીકરા ઈસાકને તે પર સુવાડયો અને લાકડાં સાથે તેને બાંધી દીધો. ઈસાક તો જુવાન વયનો હતો અને ધાર્યું હોત તો તેણે પોતાના પિતાની સામે બળવો પોકાર્યો હોત પરંતુ ઈસાક પણ પોતાના પિતાની જેમ ઈશ્વર પર પ્રેમ રાખનાર હતો જેથી કોઈપણ આનાકાની સિવાય ત્યાં સૂઈ રહ્યો. અબ્રાહમે તે પછી પોતાના દિકરાનો વધ કરવા છરો ઉગામ્યોઅને તરત જ આકાશવાણી થઈ કે અબ્રાહમ તારા દીકરાને કાંઈ કરતો ના. પછી તેણે આસપાસ જોયું તો ઝાડીમાં એક ઘેટો શીંગડાંથી ભરાયેલો હતો. અબ્રાહમે તે ઘેટાને લાવીને તેના દિકરાની જગાએ ઘેટાનું બલિદાન ચઢાવ્યું.

પછી ઈશ્વર તેને કહે છે કે 'અબ્રાહમ, અબ્રાહમ' તે એ કામ કર્યું છે ને તારા દીકરાને તારા એકનાએક દીકરાને પાછો રાખ્યો નથી તે માટે ખચીત હું તને આશીર્વાદ પર આશીર્વાદ દઈશ, ને આકાશના તારા જેટલાં તથા સમુદ્રના કાંઠાની રેતી જેટલાં તારાં સંતાન વધારીશ જ વધારીશ અને તારા સંતાન તેમના શત્રુઓની ભાગળ કબજામાં લેશે અને તારા વંશમાં પૃથ્વીના સર્વ લોક આશીર્વાદ પામશે.

અબ્રાહમને સારાહ દ્વારા થએલા પુત્ર ઈસાકની મારફતે થયેલાં લાખોને લાખો યહૂદીઓ છે અને આગારની મારફતે થયેલા પુત્ર ઈસ્માઈલની મારફતે થયેલા લાખોને લાખો આરબો પૃથ્વી પર આજે છે એટલું જ નહિ પરંતુ અબ્રાહમ વિશ્વાસનાપુત્ર તરીકે ખ્રિસ્ત પર વિશ્વાસ કરનાર ખ્રિસ્તીઓ પણ લાખોને લાખો છે જે રીતે અબ્રાહમનું વચન પૂરું થાય છે.

## ૪. બે ભાઈઓનો અખંડ અજાયબ પ્રેમ (યહૂદીઓમાં ઊતરી આવેલી એક દંતકથા)

બે ભાઈઓનો ઉભરાતો બંધુપ્રેમ. અસલ આ મંદિરની જગ્યાએ બે નાની ખળીઓ આવેલી હતી. એક મોટા ભાઈની ને બીજી નાનાભાઈની. દરરોજ રાત્રે નાનોભાઈ પોતાના ખળામાંથી અનાજનો ઢગલો લઈને મોટાભાઈની ખળીમાં નાખી આવતો હતો ને બોલતો હતો કે મોટાભાઈ વડીલબંધુ તમે તો મોટા કુટુંબવાળા છો. તમને ખર્ચો ઘણો છે. તો આટલું તમારા ખળામાં ઉમેરું છું.

બીજે દિવસે મોટાભાઈ પણ બાચકો અનાજ નાનાભાઈના ખળામાં નાખી આવ્યો ને બોલ્યો, "તું તો નાનો છું એટલે આ અનાજ નાખતો જાઉં છું. બંને ખળાં વધતાં જતાં હતાં પણ ખબર નહોતી પડતી કે કોણ અનાજ નાખતું હશે ?"

એક મધરાતે ભાઈઓ પકડાઈ ગયા બંનેને ખબર પડી ગઈ કે આ તો મારો ભાઈ નાખી જાય છે. આવા નિઃસ્વાર્થી પ્રેમને લઈને એ જ સ્થળે યરુશાલેમનું મંદિર બાંધવાનું નક્કી થયું.

બાઇબલમાં આ વાત નથી પણ યહૂદીઓમાં ચાલતી આવતી વાત છે. યહૂદીઓમાં આ દંતકથા ઉતરી આવી છે.

## ૫. બિન વફાદાર પત્ની અથવા તો વેશ્યાપણું ચલાવનાર પત્ની પર પતિનો અનહદ પ્રેમ દર્શાવતી વાર્તા

આ વાત પરથી ઇઝરાયેલ પ્રજા વિશે પ્રભુ લખે છે. વેશ્યા ગોમેરની પેઠે ઈઝરાયેલ પ્રજા અનેક દેવ દેવીઓની પાછળ અને એવી મૂર્તિપૂજા પાછળ આથડયા કરે છે. આમ છતાં પણ ઈશ્વર એના પર અનહદ પ્રેમ કરે છે. એને એને ખોરાક, વસ્ત્રો અને સર્વ સારી ચીજો પૂરી પાડે છે. અને બતાવે છે કે હે ઈઝરાયલપ્રજા તું પાછી ફર. અને તારા પર પ્રેમ રાખનાર પતિરૂપ ઈશ્વર પર પ્રેમ રાખ. ચિત્રમાં આપ્યું છે તેમ વેશ્યા સ્ત્રી ગોમેર પાછી ફરી છે અને પોતાના પતિ હોશીયાની કોટે વળગીને પશ્ચાત્તાપનું ઊંડું રુદન કરે છે. અને પતિ હોશીઆ વેશ્યાવાડો ચલાવનાર માલિકને ગોમેરના છૂટકારા બદલ રૂપિયા ગણી આપે છે અને અનાજના થેલા દેખાય છે તેમ અનાજ પૂરું પાડે છે અને ગોમેર મુક્ત થઈ છે અને મુક્તપણે રહે છે. અને પતિની માફી માગી છે. ચિત્રમાં જુઓ તો અહીં કે ગોમેર પતિની છાતીએ કેવી વળગેલી છે ને કેવો પશ્ચાતાપ કરી રહી છે એમ જ પ્રભુ ઇઝરાયેલ પ્રજાને કહે છે કે દેવ દેવીઓની પાછળ ભટકવાનું મૂકી દઈને મારી પાસે પાછી ફર. આખી વાર્તા કરૂણાથી ભરપૂર છે.

એક દિવસ આવશે જ્યારે ઇઝરાયેલ પ્રજા તે પૂરેપૂરી પ્રભુ ઈસુ ખ્રિસ્તને અર્પિત બની જશે ત્યારે તેનો પૂરેપૂરો પ્રેમ પ્રભુ ઈસુ પર ઢોળાશે બાઈબલનું વચન ઝખાર્યાહ ૧૨ : ૧૦ થી ૧૪ આમ એક એક કુલ પશ્ચાતાપ કરીને ઇઝરાયેલનાં બારેબાર કુળો રડયાં. એટલે તો યશાયાહ પ્રબોધક કહે છે એક

જ દિવસમાં પ્રજાનો નવો જન્મ થાય ? એટલે એક જ દિવસમાં ઇઝરાયેલ પ્રજા નવો જન્મ પામેલી એટલે કે ઈશ્વરને સાચી રીતે સોંપાયેલી બની આ પુસ્તકનો સારાંજ એજ છે.

ઈશ્વર પોતાને વરેલી યહૂદી પ્રજા ઉપર પ્રેમ રાખે છે. ઇઝરાયેલ પ્રજા ગમે તેટલા અન્ય દેવોની પૂજા કરે. અને ભટકી જાય તો પણ યહોવાએ જેમ હોશિયાએ વેશ્યા પત્ની પર પ્રેમ કર્યો અને તેની વેશ્યા પત્નીને બાળકોને ને તેનાં સંતાનોને વેશ્યાવાડામાંથી કાઢી લાવે છે અને તેની કિંમત પણ ભરે છે એટલે અનાજ તેમજ ચાલીશ રૂપાના કટકાની કિંમત ભરી આપે છે.

તેમ યહૂદીઓનો પ્રભુ રાજા ઈસુ પોતાની યહૂદી પ્રજાને અને તેનાં સંતાનોને પોતાના લોહીની કિંમત દ્વારા પાછા ઘેર ખરીદી લાવે છે.

ચિત્રમાં જુઓ. વેશ્યાપત્ની કેવી નમ્ર અને પસ્તાવિક બની ગઈ છે. અને પોતાના ખરા પ્રિતમને વળગી પડે છે અને છાતી પર અને હૃદય પર હાથ મૂકયો છે ને પ્રતિજ્ઞા લે છે. હવે હું તારી પાસે જ રહીશ ને ભટકી જઈશ નહીં. પત્નીના મોં પર પશ્ચાતાપ છે.

૧. યહૂદિયાના રાજાઓ ઉઝિઝયા, યોથામ, આહાઝ તથા હિઝિક્યા, એઓની કારકિર્દીમાં તથા ઈસ્રાએલના રાજા યોઆશના દીકરા યરોબઆમની કારકિર્દીમાં યહોવાનું જે વચન બએરીના દીકરા હોશિયાની પાસે આવ્યું તે.

૨ યહોવા પહેલવહેલાં હોશિયાની સાથે બોલ્યો, ત્યારે યહોવાએ હોશિયાને કહ્યું કે, જઈને એક વેશ્યા સાથે લગ્ન કર, ને વેશ્યાનાં છોકરાંને પોતાનાં કરી લે; કેમ કે દેશ યહોવાનો ત્યાગ કરીને પુષ્કળ વ્યભિચાર કરે છે. ૩ તેથી તે જઈને દિબ્લાઈમની દીકરી ગોમેર સાથે પરણ્યો; તેને દહાડા રહ્યા, ને તેને તેનાથી પુત્ર થયો. ૪ યહોવાએ તેન કહ્યું તેનું નામ યિઝ્રએલ પાડ; કેમ કે થોડી મુદત પછી હું યિઝએલના ખૂનનો બદલો યેહૂના કુટુંબના માણસોની પાસેથી લઈશ, ને ઈસ્રાએલના રાજ્યનો અંત આણીશ. ૫ તે દિવસે હું ઈસ્ત્રાએલનું ધનુષ્ય યિઝ્રએલની ખીણમાં ભાંગી નાખીશ. ૬ તેને ફરીથી દહાડા રહ્યા, ને પુત્રીનો પ્રસવ થયો. ત્યારે (યહોવાએ) તેને કહ્યું કે તેનું નામ લો-રૂહામાહ પાડ; કેમ કે હું હવે પછી કદી ઇસ્રાએલ લોક પર દયા રાખીશ નહિ, ને તેમને કદી માફ કરીશ નહિ. ૭ પણ હું યહૂદિયાના લોક પર કૃપા કરીશ, ને તેમનો દેવ યહોવા થઈને તેમનો ઉદ્ધાર કરીશ અને

ધનુષ્યથી, તરવારથી, યુદ્ધથી, ઘોડાઓથી કે સવારોથી તેમનો ઉદ્ધાર કરીશ નહિ. ૮ હવે તેણે લો - રૂહામાહને ધાવણ છોડાવ્યા પછી તેને દહાડા રહ્યા, ને પુત્ર પ્રસવ્યો. ૯ ત્યારે (યહોવાએ) કહ્યું કે, તેનું નામ લો-આમ્મી પાડ; કેમ કે તમે મારા લોક નથી ને હું તમારો (દેવ) થઈશ નહિ.

૧૦ તોપણ ઈસ્ત્રાએલપુત્રોની સંખ્યા સમુદ્રની રેતી જેટલી થશે કે, જેનું માપ કે ગણતરી થઈ શકે નહિ; તેમને એવું કહેવામાં આવ્યું હતું કે, તમે મારા લોક નથી, તેને બદલે તેમને એમ કહેવામાં આવશે કે (તમે) જીવતા દેવના દીકરાઓ (છો.) ૧૧ તે વખતે યહૂદીયાપુત્રોને ઈસ્ત્રાએલપુત્રો એકત્ર થશે, ને તેઓ પોતાને માટે એક આગેવાન નીમીને દેશમાંથી ચાલી નીકળશે; કેમ કે યિઝ્રએલનો દિવસ મોટો થશે.

૨ તમારા ભાઈઓને આમ્મી, ને તમારી બહેનોને રૂહામાહ કહીને બોલાવો.

૨ તમારી માને આજીજી કરો, તેને સમજાવો; કેમ કે તે મારી સ્ત્રી નથી, ને હું તેનો ધણી નથી; અને (તેને કહો કે) તે પોતાના વ્યભિચાર પોતાના મુખ પરથી, ને પોતાનાં જારકર્મ પોતાનાં સ્તનોમાંથી દૂર કરે, ૩ રખેને હું તેને નવસ્ત્રી કરીને તેના જન્મદિવસે તે હતી તેવી નગ્ન કરી મૂકું, ને તેને વેરાનરૂપ કરીને, સૂકી જમીન જેવી કરી મૂકું, ને તેને તૃષાથી મારી નાખું. ૪ હા, તેનાં છોકરાં પર હું દયા રાખીશ નહિ; કેમ કે તેઓ વ્યભિચારનાં છોકરાં છે. ૫ કેમ કે તેમની માએ વ્યભિચાર કર્યો છે; તેમનો ગર્ભ ધરનારીએ શરમભરેલું કામ કર્યું છે; કેમ કે તેણે કહ્યું કે, મારા પ્રીતમો જેઓ મને મારું અન્ન ને મારું જળ, મારું ઊન ને મારું શણ, મારું તેલ ને મારું પાન આપે છે, તેમની પાછળ હું જઈશ. ૬ એથી જો હું તારો માર્ગ કાંટાથી બંધ કરી દઈશ, ને હું તેની વિરુદ્ધ એવો કોટ કરીશ કે, તેને માર્ગ જડશે નહિ. ૭ તે પોતાના પ્રીતમોની પાછળ જશે, પણ તે તેઓને પકડી પાડશે નહિ; તે તેઓને શોધશે, પણ તેઓ તેને મળશે નહિ; ત્યારે તે કહેશે કેસ હું ચાલીને મારા પહેલા ધણીની પાસે પાછી જઈશ; કેમ કે હમણાંના કરતાં તે વખતે મને વધારે સુખ હતું.

૮ કેમ કે તે જાણતી નહોતી કે અનાજ, દ્રાક્ષારસ તથા તેલ હું તેને આપતો હતો, ને જે સોનુંરૂપું તેઓ બઆલની સેવામાં વાપરતા હતા,તે તેના હાથમાં હું પુષ્કળ આપતો હતો. ૯ માટે મોસમમાં હું મારું અનાજ તથા મારો દ્રાક્ષારસ પાછાં લઈ લઈશ, ને મારું ઊન તથા મારું શણ જે તેની નગ્નતા ઢાંકવાને વાસ્તે

હતાં તે હું ખૂંચવી લઈશ. ૧૦ હું તેના યારોના દેખતાં તેનું લંપટપણું ઉઘાડું કરીશ ને મારા હાથમાંથી તેને કોઈ છોડાવશે નહિ. ૧૧ વળી તેનો સઘળો આનંદ, તેનાં પર્વો, તેના ચંદ્રદર્શનના દિવસો, તેના સાબ્બાથો તથા તેનાં મુકરર પર્વો, તે સર્વનો હું અંતઆણીશ. ૧૨ તેના દ્રાક્ષાવેલા તથા તેની અંજીરીઓ કે જેઓ વિષે તેણે કહ્યું છે કે, આ તો મને મારા યારોએ આપેલું મારું વતન છે, તેઓને હું વેરાન કરી નાખીશ; અને હું તેઓને જંગલ કરી નાખીશ, ને વનચર જાનવરો તેમનો ભક્ષ કરશે. ૧૩ જે (દિવસો)માં તે બઆલીમની આગળ ધૂપ બાળતી હતી, તે દિવસોને માટે હું તેને શિક્ષા કરીશ, કારણ કે તે વખતે તો તે વાળીથી તથા આભૂષણોથી પોતાને શણગારીને પોતાના પ્રીતમોની પાછળ પાછળ ફરતી હતી, ને મને વીસરી ગઈ હતી, એવું યહોવા કહે છે.

૧૪ એ માટે, જુઓ હું તેને ફોસલાવીને અરણ્યમાં લાવીશ, ને તેને દિલાસાનાં વચનો કહીશ. ૧૫ અને હું તેને ત્યાંથી તેની દ્રાક્ષાવાડીઓ તથા આશાના દ્વાર તરીકે આખોરની ખીણ આપીશ; અને જેમ તે પોતાની જુવાનીના દિવસોમાં તથા પોતે મિસરમાંથી બહાર નીકળી આવી હતી તે દિવસોમાં કરતી તેમ તે ત્યાં ઉત્તર આપશે. ૧૬ અને યહોવા કહે છે કે, તે દિવસે તું મને ઈશી (મારા પતિ) કહીને બોલાવશે ને ફરીથી કદી બઆલી (મારા બઆલ) કહીને નહિ બોલાવશે. ૧૭ કેમ કે હું તેના મુખમાંથી બઆલીમનાં નામો દૂર કરીશ, ને ફરીથી કદી તેમના નામથી તેમને કોઈ બોલાવશે નહિ. ૧૮ તે દિવસે હું તેઓને વાસ્તે વનચર જાનવરોની સાથે, ખેચર પક્ષીઓની સાથે તથા જમીન પર પેટે ચાલનાર પ્રાણીઓની સાથે ઠરાવ કરીશ; અને હું દેશમાંથી મનુષ્ય, તરવાર તથા યુદ્ધનું ખંડન કરીશ, ને તેઓને નિર્ભયપણે સુવાડીશ. ૧૯ વળી હું સદાને માટે મારી સાથે તારું વેવિશાળ કરીશ; હા, હું નેકીથી ન્યાયથી, રહેમનજરથી તથા કૃપાથી મારી સાથે તારું વેવિશાળ કરીશ. ૨૦ હા હું વિશ્વાસુપણે મારી સાથે તારું વેવિશાળ કરીશ; અને તું યહોવાને ઓળખશે. ૨૧ યહોવા કહે છે કે તે દિવસે હું જવાબ દઈશ, હું આકાશોને જવાબ દઈશ, ને તેઓ પૃથ્વીને જવાબ દેશે; ૨૨ પૃથ્વી અનાજને દ્રાક્ષારસને તથા તેલને જવાબ દેશે; અને તેઓ યિઝ્રએલને જવાબ દેશે. ૨૩ હું મારે સારુ તેને દેશમાં રોપીશ; જે કૃપા પામેલી નહોતી તેના પર હું કૃપા કરીશ; અને જેઓ મારા લોક નહોતા તેઓને હું કહીશ કે તમે મારી પ્રજા છો, અને તેઓ કહેશે, (તું) અમારો દેવ (છે.)

૩ યહોવાએ મને કહ્યું કે, ફરીથી જા, ને જો કે ઇસ્રાએલપુત્રો અન્ય દેવો તરફ ફરી જાય છે, ને સૂકી દ્રાક્ષાની બાટીઓના શોખીલા થાય છે, તેમ છતાં યહોવા તેમના પર પ્રીતિ રાખે છે તેવી જ રીતે તું તેના યારને પ્યારી તથા વ્યભિચારી સ્ત્રી ઉપર પ્રીતિ કર. ૨ તે માટે પંદર રૂપિયા ને દોઢ હોમેર જવ આપીને મેં પોતાને સારુ તેને વેચાતી લીધી; ૩ મેં તેને કહ્યું કે તું મારી સાથે ઘણી મુદત સુધી રહેજે; તું વ્યભિચાર કરીશ નહિ, ને તું બીજા કોઈ પુરુષની સ્ત્રી થઈશ નહિ; હું પણ તારી સાથે એમ-જ વર્તીશ. ૪ કેમ કે ઇસ્રાએલપુત્રો લાંબી મુદત સુધી રાજારહિત, અધિકારીરહિત, યજ્ઞરહિત, ભજનસ્તંભરહિત તથા એફોદ કે તરાફીમરહિત રહેશે; ૫ પછીથી ઇસ્રાએલપુત્રો પાછા આવીને પોતાના દેવ યહોવાની તથા પોતાના રાજા દાવિદની શોધ કરશે; અને પાછલા દિવસોમાં તેઓ યહોવાનું ભય રાખીને તેની પાસે આવશે, ને તેની ઉદારતાનો (આશ્રય) લેશે.

## ૬. એક યહૂદી કુટુંબમાં સાસુ-વહુનો અચંબો પમાડે તેવો પ્રેમ

આપણામાં તેમ થાય તો કેવું સારું ? ત્યારે વાંચો બાઈબલમાંની નીચેની વાત.

### *રૂથનું પુસ્તક - બાઈબલ પાઠ*

૧ હવે ન્યાયાધીશો ન્યાય કરતા હતા તે વખતે એવું બન્યું કે દેશમાં દુકાળ પડયો. એથી બેથલેહેમ -યહૂદિયાનો એક માણસ તેની સ્ત્રી તથા તેના બે પુત્રોને લઈને મોઆબ દેશમાં જઈ વસ્યો. ૨તે માણસનું નામ અલીમેલેખ, તેની સ્ત્રીનું નામ નાઓમી, ને તેના બે પુત્રોનાં નામ માહલોન તથા કિલ્યોન હતાં. તેઓ બેથલેહેમ -યહૂદિયાનાં એફ્રાથીઓ (હતાં). તેઓ મોઆબ દેશમાં આવીને ત્યાં રહ્યા હતાં. ૩હવે નાઓમીનો ભરથાર અલીમેલેખ તે બાઈને તથા તેના બે પુત્રોને મૂકીને મરણ પામ્યો. ૪અને તે (પુત્રો) મોઆબી સ્ત્રીઓની સાથે પરણ્યાં; તેમાંની એકનું નામ ઓર્પાહ ને બીજીનું નામ રૂથ હતું; તેઓ ત્યાં સુમારે દશ વર્ષ રહ્યાં. ૫પછી માહલોન તથા કિલ્યોન બન્ને મરણ પામ્યાં; એમ પેલી બાઈને તેના બે પુત્રો તથા તેનો ભરથાર (એકલી) મૂકી ગયા. ૬આથી તે પોતાની પુત્રવધૂઓની સાથે મોઆબ દેશમાંથી પાછી (પોતાના વતન) જવા સારુ તૈયાર થઈ; કેમ કે તેણે મોઆબ દેશમાં સાંભળ્યું હતું કે, યહોવાએ પોતાના લોકોની ખબર લીધી છે, એટલે કે તેઓને અન્ન આપ્યું છે. ૭જે જગાએ તે રહેતી હતી ત્યાંથી તે તથા તેની સાથે તેની બે

પુત્રવધૂઓ ચાલી નીકળી; અને તેઓ યહૂદિયા દેશમાં પાછી જવા સારું રસ્તે
પડી. ૮નાઓમીએ પોતાની બે પુત્રવધૂઓને કહ્યું, તમે પોતપોતાને પિયર
પાછી જાઓ; જેમ તમે મરનારાઓ ઉપર તથા મારા ઉપર દયા રાખી છે,
તેમ યહોવા તમારા પર દયા રાખો. ૯યહોવા કહે ને તમે (પરણો, ને)
પોતપોતાના ધણીના ઘરમાં એશરામ ભોગવો. પછી તેણે તેઓને ચુંબન કર્યું;
અને તેઓ પોક મૂકીને રડી પડી. ૧૦તેઓને તેને કહ્યું, એમ નહિ બને, અમે
તો તારી સાથે તારા લોકો મધ્યે પાછી આવીશું. ૧૧ત્યારે નાઓમીએ કહ્યું,
મારી પુત્રીઓ, પાછી વળો; તમે મારી સાથે કેમ આવવા માગો છો ? શું
હજી મારા પેટમાં પુત્રો છે કે, તેઓ તમારા ભરથાર થાય? ૧૨મારી પુત્રીઓ,
પાછી વળીને ચાલી જાઓ; કેમ કે હું એટલી બધી વૃદ્ધ થઈ છું કે હવે મારાથી
ફરી ધણી કરાય નહિ. જો હું કહું કે મને આશા છે, જો હું આજે રાતે જ
ધણી કરું ને વળી મારે પેટ પુત્રનો પ્રસવ થાય;૧૩તોપણ શું તેઓ પુખ્ત
ઉંમરના થાય ત્યાં સુધી તમે રાહ જોશો ? તો શું તમે ધણી કર્યા વગર રહેશો?
ના, મારી પુત્રીઓ; કેમ કે તમારી ખાતર મને ઘણું દુઃખ થાય છે, કેમ કે
યહોવાનો હાથ મારા વિરુદ્ધ થયો છે. ૧૪ત્યારે તેઓ ફરીથી પોક મૂકીને રડી;
અને ઓર્પાહે પોતાની સાસુને ચુંબન કર્યું; પણ રૂથ તેને વળગી રહી.

૧૫ત્યારે તેણે કહ્યું, જો તારી દેરાણી પોતાના લોકોની પાસે તથા પોતાના
દેવતાની પાસે પાછી ગઈ છે; તું પણ તારી દેરાણીની પાછળ પાછી જા.
૧૬ત્યારે રૂથે કહ્યું, તને છોડવાની તથા તારી પાસેથી પાછા જવાની આજીજી
મને ન કર; કેમ કે જ્યાં તું જાય ત્યાં જ હું જવાની; અને જ્યાં તું રહેશે ત્યાં
હું રહેવાની; તારા લોક તે મારા લોક, ને તારો દેવ તે મારો દેવ થશે; ૧૭જ્યાં
તું મરશે ત્યાં જ હું મરીશ ને ત્યાં જ હું દટાઈશ; જો મોત સિવાય બીજું કંઈ
મને તારાથી જુદી પાડે, તો યહોવા મારું મોત આપે ને એથી પણ વધારે દુઃખ
દે. ૧૮જ્યારે તેણે જોયું મારી સાથે આવવાનો તેનો દૃઢ નિશ્ચય છે, ત્યારે જ
તેને કહેવાનું મૂકી દીધું.

૧૯એમ તેઓ બન્ને મુસાફરી કરતાં કરતાં બેથલેહેમ પહોંચ્યાં. તેઓ
બેથલેહેમ આવ્યાં ત્યારે એમ થયું કે આખા નગરના લોકોને તેની દિલસોજી
ઉત્પન્ન થઈ, અને (ત્યાંની સ્ત્રીઓએ પૂછયું કે, શું આ નાઓમી છે ?૨૦
ત્યારે તેણે કહ્યું, મને નાઓમી (એટલે મીઠી) ન કહો, મને મારા (એટલે
કડવી) કહો; કેમ કે સર્વસમર્થે મારા પર ઘણી સખ્તાઈ ગુજારી છે. ૨૧અહીંથી

હું ભરપૂર નીકળી હતી, પણ યહોવા મને ખાલી સ્વદેશમાં પાછી લાવ્યો છે. યહોવાએ મારી વિરુદ્ધ સાક્ષી પૂરી છે. સર્વસમર્થે મને વિપત્તિમાં આણી છે, તો તમે નાઓમી કહીને કેમ બોલાવો છો ? ૨૨એમ નાઓમી તથા તેની સાથે મોઆબ દેશમાંથી આવેલી તે પુત્રવધુ રૂથ મોઆબેણ પાછી આવી; અને જવ કાપણીની શરૂઆતમાં તેઓ બેથલેહેમમાં આવી.

૨ નાઓમીના ધણીનો એક સગો હતો. અલીમેલેખના કુટુંબનો એક મહા ધનવાન પુરુષ હતો; તેનું નામ બોઆઝ હતું. ૨અને મોઆબેણે નાઓમીને કહ્યું, મને તો ખેતરમાં જવું કે, જેની મારા પર કૃપાદ્રષ્ટિ થાય તેની પાછળ અનાજનાં ડૂંડાનો હું સળો કરું. ત્યારે તેણે તેને કહ્યું, મારી દીકરી, જા. તે ગઈ, ને ખેતરમાં આવીને કાપનારાઓની પાછળ સળો વીણવા લાગી; સુભાગ્યે તે અલીમેલેખના કુટુંબના બોઆઝના ભાગના ખેતરમાં આવી પહોંચી. ૪અને જુઓ, બોઆઝે બેથલેહેમથી આવીને કાપનારાઓને કહ્યું, યહોવા તમારી સાથે હો. તેઓએ ઉત્તર આપ્યો કે, યહોવા તને આશીર્વાદ દો. ૫પછી કાપનારાઓ પર જેને મુકાદમ ઠરાવવામાં આવ્યો હતો તેને બોઆઝે પૂછયું કે, આ કોની યુવતી છે ? ૬ત્યારે કાપનારા પર મુકાદમ ઠરાવાયેલા ચાકરે ઉત્તર આપ્યો કે, એ તો મોઆબ દેશમાંથી નાઓમી સાથે આવેલી મોઆબી યુવતી છે : ૭તેણે મને કહ્યું, કૃપા કરીને કાપનારાઓની પાછળ પૂળીઓ મધ્યેથી મને સળો વીણી ભેગો કરવા દે : એવી રીતે તે આવી, અને ત્યારથી એટલે સવારથી માંડીને આ સાંજ સુધી એ કામ પર લાગુ રહી છે, ફક્ત થોડીવાર તેણે ઘરમાં આરામ લીધો હતો એ જ.

૮ત્યારે બોઆઝે રૂથને કહ્યું, મારી દીકરી, શું તું સાંભળતી નથી ? બીજા કોઈ ખેતરમાં સળો વીણવા જઈશ મા, અને અહીંથી પણ જઈશ મા, પણ અહીં મારી યુવતીઓની પાસે ને પાસે રહે. ૯જે ખેતર તેઓ કાપે છે તે ઉપર નજર રાખીને તું તેઓની પાછળ પાછળ ફર; તેઓ તને કંઈ હરકત કરે નહિ, એવી મેં જુવાનોને આજ્ઞા આપી નથી શું ? જ્યારે તું તરસી થાય ત્યારે માટલાં પાસે જઈને જુવાનોએ ભરી રાખેલા (પાણી)માંથી પીજે. ૧૦ત્યારે તેણે દંડવત્ પ્રણામ કરીને તેને કહ્યું, હું એક પરદેશી છતાં તું મારા પર એટલી બધી કૃપા કરી મારી કાળજી કેમ રાખે છે ? ૧૧બોઆઝે તેને ઉત્તર આપ્યો, તારા ધણીના મરણ પછી તેં મારી સાસુ સાથે જે જે વર્તણૂક ચલાવી છે ને તારાં માબાપને તથા તારી જન્મભૂમિને છોડીને જે લોકોને તું આ જ સુધી જાણતી નહોતી, તેઓમાં તું કેવી રીતે રહેવા આવી છે, તે સર્વની મને સંપૂર્ણ માહિતી મળી છે. ૧૨યહોવા તારા કામનું ફળ તને આપો, ને જે ઈસ્રાએલના દેવ યહોવાની પાંખો તળે

આશ્રય લેવા તું આવી છે તેનાથી તને પૂરો બદલો મળો. ૧૩ત્યારે તેણે કહ્યું, હે મારા સાહેબ, મારા પર કૃપાદ્રષ્ટિ રાખો; કેમ કે તમે મને દિલાસો દીધો છે, ને જોકે હું તમારી દાસીઓમાંની એકના જેવી નથી, તોપણ તમે આ તમારી દાસી સાથે માયાળુપણે બોલ્યા છો.

૧૪જમવાની વેળાએ બોઆઝે તેને કહ્યું, અહીં આવીને રોટલી ખા, ને તારો કોળિયો સરકામાં બોળ. ત્યારે કાપનારાઓની પાસે તે બેઠી; તેઓએ તેને પોંક આપ્યો, તે ખાઈને તૃપ્ત થઈ, ને તેમાંથી વધ્યો. ૧૫જ્યારે તે સળો વીણવા ઊઠી, ત્યારે બોઆઝે પોતાના જુવાનોને આજ્ઞા કરી કે, એને પૂળીઓમાંથી પણ સળો કરવા દો, તેને ધમકાવતા નહિ. ૧૬વળી તેને માટે પૂળીઓમાંથી પણ કેટલુંક ખેંચી કાઢીને પડતું મૂકો, ને તેને તેનો સળો કરવા દો, તેને કનડશો મા.

૧૭એવી રીતે તેણે સાંજ સુધી ખેતરમાં સળો કર્યો; પછી તેણે પોતાનો વીણેલો સળો મસળ્યો, તો તેમાંથી આશરે એક એફાહ જવ નીકળ્યાં. ૧૮તે લઈને તે નગરમાં ગઈ; અને તેની સાસુએ તેનો વીણેલો સળો જોયો; અને પોત તૃપ્ત થયા પછી જે પોંક વધ્યો હતો તે પણ કાઢીને તેણે તેને આપ્યો. ૧૯ત્યારે તેની સાસુએ તેને કહ્યું, આ જે તેં ક્યાં સળો કર્યો ? અને તેં ક્યાં કામ કર્યું ? જેણે તારા પર કૃપાદ્રષ્ટિ કરી તે આશીર્વાદિત હો. જેની સાથે પોતે કામ કર્યું હતું તેના વિષે પોતાની સાસુને વિદિત કરતાં તેણે કહ્યું કે, જે માણસની સાથે મેં આજે કામ કર્યું તેનું નામ બોઆઝ છે. ૨૦નાઓમીએ પોતાની પુત્રવધુને કહ્યું કે, જેણે જીવતાં તથા મૂએલાં ઉપર દયા રાખવી છોડી દીધી નથી તે યહોવાથી આશીર્વાદિત થાઓ. નાઓમીએ તેને કહ્યું, એ માણસને આપણી સાથે નિકટની સગાઈ છે, એટલે તે આપણો નજીકનો સગો છે. ૨૧ત્યારે રૂથ મોઆબેણે કહ્યું, વળી તેણે મને કહ્યું કે, મારા જુવાનો મારી સઘળી કાપણી સમાપ્ત કરે ત્યાં સુધી તારે મારા જુવાનોની પાસે ને પાસે રહેવું. ૨૨ત્યારે નાઓમીએ પોતાની પુત્રવધુ રૂથને કહ્યું, મારી દીકરી, તું તેની યુવતીઓ સાથે જા, જેથી બીજા ખેતરવાળા તને કનડે નહિ તો ઠીક. ૨૩માટે જવની તથા ઘઉંની કાપણીનાં અંત સુધી તે સળો વીણવાને બોઆઝની યુવતીઓની પાસે ને પાસે રહી; અને તે પોતાની સાસુની સાથે રહેતી હતી.

૩ તેની સાસુ નાઓમીએ તેને કહ્યું, મારી પુત્રી, તારું ભલું થાય માટે હું તારે વાસ્તે કોઈ સારું ઘર ન શોધું શું ? ૨જેની યુવતીઓની સાથે તું

હતી, તે બોઆઝ આપણો સગો નથી શું ? જો, તે આજ રાત્રે ખળીમાં જવ ઊપણે છે. ³માટે તું નાહીધોઈને અત્તર ચોળીને તથા સારાં વસ્ત્ર પહેરીને ખળીમાં જા; પણ તે માણસ ખાઈપી ન રહે ત્યાં સુધી તું તેની નજરે પડીશ મા. ⁴અને એમ થાય કે તે સૂઈ જાય, ત્યારે જે જગાએ તે સૂએ તે ધ્યાનમાં રાખજે, ને (બિછાનાની) અંદર જઈને તેના પગ ઉઘાડા કરી સૂઈ જજે; એટલે તારે શું કરવું તે તને તે કહેશે. ⁵ત્યારે તેણે તેને કહ્યું, જે તું કહે છે તે સર્વ હું કરીશ.

⁶પછી તે ખળીએ ગઈ, ને તેની સાસુએ તેને જે ફરમાવ્યું હતું તે સર્વ પ્રમાણે તેણે કર્યુ. ⁷બોઆઝ ખાઈપી રહ્યો, ને તેનું મન મગ્ન થયું. એટલે અનાજના ઢગલાની બાજુએ જઈને તે સૂતો; ત્યારે તે ધીમેથી આવીને તેના પગ ઉઘાડા કરીને સૂઈ ગઈ. ⁸મધરાતે એમ થયું કે તે માણસ ચમકી ઊઠયો, ને તેણે પાસું ફેરવ્યું; તો તેના પગ આગળ એક સ્ત્રી સૂતેલી (હતી). ⁹તેણે પૂછયું, તું કોણ છે ? ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, હું તારી દાસી રૂથ છું; તારો છેડો લંબાવીને આ તારી દાસી પર ઓઢાડ; કેમ કે તું નજીકનો સગો છે. ¹⁰ત્યારે તેણે કહ્યું, મારી દીકરી, તું યહોવાથી આશીર્વાદિત હો; પ્રથમના કરતાં છેવટે તેં અધિક માયા બતાવી છે, કેમ કે ગરીબ કે તવંગર જુવાનિયાની પાછળ તું ગઈ નહિ. ¹¹તો હવે, મારી દીકરી, બી મા; તું કહે છે તે સઘળું તારા સંબંધમાં હું કરીશ; કેમ કે મારા નગરના તમામ લોકો જાણે છે કે, તું સદ્‌ગુણી સ્ત્રી છે. ¹²હવે હું નજીકનો સગો છું, એ તો ખરું; તથાપિ મારા કરતાંય વધારે નજીકનો એક સગો છે. ¹³આજની રાત સબૂર કર, ને સવારમાં એમ થશે કે જો તે સગા તરીકેની પોતાની ફરજ તારા પ્રત્યે અદા કરવા ઇચ્છતો હશે તો ઠીક; સગા તરીકેની પોતાની ફરજ તે ભલે બજાવે; પણ જો તારા પ્રત્યે તે સગા તરીકેની પોતાની ફરજ બજાવવા ઇચ્છતો નહિ હોય, તો હું જીવતા યહોવાના સોગન ખાઉં છું કે, તારા પ્રત્યે સગા તરીકેની ફરજ હું બજાવીશ; સવાર સુધી સૂઈ રહે. ¹⁴અને સવાર સુધી તેના પગ આગળ તે સૂઈ રહી; અને મળસકું થતા પહેલાં તે ઊઠી ગઈ. કેમ કે તેણે કહ્યું હતું કે, ખળીમાં કોઈ સ્ત્રી આવી હતી, તેની કોઈને ખબર ન પડે. ¹⁵તેણે કહ્યું, તારા અંગ પરનું ઓઢણું લાવીને તે પહોળું કર; ત્યારે તેણે તે પહોળું કર્યું; એટલે તેણે છ માપ જવ (તેમાં બાંધીને) તેને માથે ચઢાવ્યા; પછી તે નગરમાં ગઈ. ¹⁶તે પોતાની સાસુ પાસે આવી ત્યારે તેણે તેને પૂછયું, મારી પુત્રી, કેમ, ત્યાં શું થયું ? ત્યારે પેલા માણસે તેને જે જે કર્યું હતું તે સર્વ તેણે તેને કહ્યું, ¹⁷વળી તેણે કહ્યું કે, તેણે આ છ (માપ)

જવ મને આપ્યા; કેમ કે તેણે કહ્યું કે, તારી સાસુ પાસે ખાલી હાથે ન જા.
૧૮ત્યારે તેણે કહ્યું, મારી પુત્રી, આ બાબતનું શું પરિણામ આવશે તે જાણતાં
સુધી તું છાનીમાની બેસી રહે; કેમ કે એ કામ આજે પૂરું કર્યા વિના તે માણસ
જંપવાનો નથી.

૪ હવે બોઆઝ (ગામને) દરવાજે જઈને બેઠો; તો જુઓ, જે નજીકના
સગા વિષે બોઆઝ બોલ્યો હતો તે ત્યાં આવી પહોંચ્યો; તેને તેણે
કહ્યું કે, અરે ફલાણા ! આ બાજુ આવીને અહીં બેસ. એટલે તે બાજુએ ફરીને
ત્યાં બેઠો. ૨અને તેણે નગરના વડીલોમાંથી દસ માણસોને બોલાવીને તેઓને
કહ્યું, અહીં બેસો. એટલે તેઓ બેઠા. ૩પછી તેણે પેલા નજીકના સગાને કહ્યું
કે, નાઓમી જે મોઆબ દેશમાંથી પાછી આવી છે તે આપણા ભાઈ
અલીમેલેખવાળી જમીનનો ભાગ વેચે છે; ૪અને મને એવો વિચાર આવ્યો
કે, એ વાત તને જાહેર કરવી, અને જે અહીં બેઠેલા છે તેઓની સમક્ષ તથા
તારા લોકના વડીલોની સમક્ષ, તું તે ખરીદ કર, એમ તને કહેવું. જો તે
છોડાવવાની તારી મરજી હોય તો છોડાવ; પણ જો તે છોડાવવાની તારી
મરજી ન હોય તો મને તેમ કહે કે, મને સૂઝ પડે; કેમ કે તેને છોડાવવાને
તારા વગર બીજો કોઈ નથી; અને તારા પછી હું છું. ત્યારે તેણે કહ્યું કે, હું
તેને છોડાવીશ. ૫ત્યારે બોઆઝે કહ્યું કે, તું નાઓમીની પાસેથી એ ખેતર
ખરીદે, તે જ દિવસે તારે મરનારની વિધવા રૂથ મોઆબેણની સાથે લગ્ન
કરવું પડશે કે, મરનારના વતન ઉપર તેનું નામ કાયમ રહે. ૬ત્યારે તે નજીકના
સગાએ કહ્યું કે, હું મારે માટે તે છોડાવી શકતો નથી, કેમ કે એથી રખેને હું
મારા પોતાના વતનને ખલેલ પહોંચાડું; મારો છોડાવવાનો જે હક છે તે તું
ધારણ કર; કેમ કે હું તે છોડાવી શકતો નથી.

૭હવે પ્રાચીન કાળમાં ઈસ્રાએલમાં છુટકારો કરવાનું તથા
વેચવાસાટવાનું દરેક કામ નક્કી કરવાને માટે એવો (રિવાજ) હતો કે એક
માણસ પોતાનું ખાસડું કાઢીને પોતાના પડોશીને આપતો : ઈસ્રાએલમાં મતુ
કરવા(ની રીત) એ હતી. ૮તેથી પેલા નજીકના સગાએ બોઆઝને કહ્યું, તારે
પોતાને માટે તું તે ખરીદ. અને તેણે પોતાનો જોડો કાઢયો. ૯અને બોઆઝે
વડીલોને તથા સર્વ લોકોને કહ્યું કે, અલીમેલેખનું તથા કિલ્યોનનું તથા
માહલોનનું જે કંઈ હતું તે સર્વ મેં નાઓમી પાસેથી ખરીદ્યું છે, તે બાબતના
તમે આજે સાક્ષી છો. ૧૦વળી મરનારના વતનમાં તેનું નામ કાયમ રાખવા

સારુ મેં માહલોનની પત્નીને, એટલે રૂથ મોઆબેણને, મારી પત્ની થવા સારુ
ખરીદી છે, જેથી મરનારનું નામ તેના ભાઈઓથી, તથા તેના ગામની
ભાગળમાંથી નષ્ટ ન થાય; તમે આજે સાક્ષી છો. ૧૧અને ભાગળમાંના સર્વ
લોકોએ તથા વડીલોએ કહ્યું કે, અમે સાક્ષી છીએ; યહોવા કરે ને જે સ્ત્રી
તારા ઘરમાં આવે છે તે, રાહેલ તથા લેઆહ કે જે બેએ ઈસ્રાએલનું ઘર બાંધ્યું
તેઓના જેવી થાય; તું એફ્રાથાહમાં સુખી થા, ને બેથલેહેમમાં નામાંકિત થા
૧૨વળી આ જુવાન સ્ત્રીથી યહોવા તને જે ફરજંદ આપશે, તેથી તારું ઘર
યહૂદાથી તામારને પેટે થયેલા પેરેસના ઘર જેવું થાઓ.

૧૩આ પ્રમાણે બોઆઝ રૂથને પરણ્યો, ને તે તેની ધણિયાણી થઈ. તે
તેની પાસે ગયો, ને યહોવાની કૃપાથી તેને દહાડા રહ્યા, ને તેને પુત્રનો પ્રસવ
થયો. ૧૪સ્ત્રીઓએ નાઓમીને કહ્યું, યહોવાને ધન્ય હો, જેણે આજે તને
નજીકના સગા વગરની રહેવા દીધી નથી; તેનું નામ ઈસ્રાએલમાં વિખ્યાત
થાઓ. ૧૫તે તારા જીવને તાજગી આપનાર તથા તારા ઘડપણમાં તારી ચાકરી
કરનાર થશે; કેમ કે તારા પુત્રની પત્ની જે તારા પર પ્રીતિ રાખે છે, જે તને
સાત દીકરા કરતાં પણ વધારે છે, તેણે તેને જન્મ આપ્યો છે. ૧૬અને
નાઓમીએ તે બાળકને લઈને પોતાની ગોદમાં મૂક્યું, ને તે તેનું જતન કરતી.
૧૭અને નાઓમીને છોકરો અવતર્યો છે એમ કહીને તેની પડોશણોએ તેનું
નામ પાડયું; તેઓએ તેનું નામ ઓબેદ પાડયું; તે દાઉદના બાપ યશાઈનો
બાપ હતો.

૧૮હવે પેરેસની વંશાવળી નીચે મુજબ છે : પેરેસથી હેસ્રોન થયો;
૧૯અને હેસ્રોનથી રામ થયો, રામથી આમ્મીનાદાબ થયો;
૨૦આમ્મીનાદાબથી નાહશોન થયો, નાહશોનથી સલ્મોન થયો;
૨૧સલ્મોનથી બોઆઝ થયો, બોઆઝથી ઓબેદ થયો; ૨૨અને ઓબદથી
યશાઈ થયો, ને યશાઈથી દાઉદ થયો.

## ૬. યહૂદી સાસુ અને પુત્રવધૂ વચ્ચેનો કેવો અજાયબ પ્રેમ જોવા મળે છે !

શાસ્ત્રપાઠ : રૂથના પુસ્તકનો શાસ્ત્રપાઠ વાંચી જશો, તો વાર્તાનો ખ્યાલ આવી જશે.

બેથલેહેમ-યહૂદાનો માણસ અબીમેલેખ તેની પત્ની નાઓમી અને બે

દીકરા માહલોન અને કિલ્યોન દેશમાં દુકાળ પડવાથી પાસેના મોઆબ દેશમાં રહેવા ગયાં. ત્યાં બંને દીકરાઓને મોઆબી કન્યાઓ સાથે પરણાવ્યા. પણ ટૂંક સમયમાં જ અબીમેલેખ અને બંને દીકરાઓ મરણ પામ્યા.

ઈઝરાયેલ દેશમાં હવે દુકાળની પરિસ્થિતિ સુધરી હતી, તેથી નાઓમી પોતાના વતનમાંથી પાછી જવા નીકળી. તેણે બંને પુત્રવધૂઓને મોઆબ દેશમાં જ રહેવા અને ફરી લગ્ન કરી સુખી થવા જણાવ્યું. પણ બંને પુત્રવધૂઓએ નાઓમી સાથે જ જવા જણાવ્યું.

રૂથ તો નાઓમીની સાથે જ રહી. તેણે કહ્યું, "તને છોડવાની તથા તારી પાસેથી પાછી જવાની આજીજી મને ન કર; કેમ કે જ્યાં તું જાય છે, ત્યાં જ હું જવાની; અને જ્યાં તું રહેશે ત્યાં જ હું રહેવાની; તારા લોક તે મારા લોક ને તારો દેવ તે મારો દેવ થશે. જ્યાં તું મરશે ત્યાં જ હું મરીશ, ને ત્યાં જ હું દટાઈશ. જો મોત સિવાય બીજું કંઈ મને તમારાથી જુદી પાડે તો યહોવા મારું મોત આણે અને એથી પણ વધારે દુઃખ દે." આમ, રૂથ નાઓમીની સાથે જ રહી અને ઓર્પાહ છેલ્લી સલામ કરીને વિદાય થઈ. આ રસિક વાતો બાઈબલપાઠમાંથી વાંચી લેશો.

રૂથ આશીર્વાદ તો પામી, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તની વંશાવળીમાં પણ તેનું નામ આવ્યું. એટલે કે રૂથના વંશમાં જ પ્રભુ ઈસુ જન્મ્યા.

રૂથની કબર આજે પણ બેથલેહેમમાં જોવા મળે છે.

રૂથના પાઠમાં યહૂદીઓના કેટલાક રીતરિવાજો જોવા મળે છે. ઈસ્ત્રાએલમાં છુટકારો કરવાનું તથા વેચવા સાટવાનું દરેક કામ નક્કી કરવા માટે એવો રિવાજ હતો કે એક માણસ પોતાનો જોડો કાઢીને પોતાના પડોશીને આપતો. તેથી નજીકના સગાએ બોઆઝને વડીલો સમક્ષ જોડો કાઢવા કહ્યું, તે મુજબ બોઆઝે કર્યું.

આ વાર્તામાં નાઓમી પ્રેમાળ માતા અને ભારે મમતાભરી સાસુ પણ હતી. પુત્રવધૂ રૂથ પણ કેવી આદર્શ પ્રેમાળ પુત્રવધૂ બની રહી હતી ! તેથી તેમનો સંસાર કેવો આશીર્વાદિત બન્યો.

***રૂથ***

સાસુ અને વહુઓના ઝઘડા તો દુનિયામાં ઘણા થાય છે પણ અહીં સાસુ અને બે વહુઓનો અજાયબ જેવો પ્રેમ દિલને ઠારે છે.



રૂથ તો પોતાની સાસુ સાથે જ ઈઝરાયેલ જવા માગે છે. તેનાં વચનો તો કેવા કે તારો દેવ તે મારો દેવ થશે તારા લોક ને મારા લોક થશે તું મરીશ ત્યાં હું પણ મરીશ. કેવો સાસુ પ્રત્યેનો અજાયબ જેવો પ્રેમ. આવો સાસુ અને વહુઓ પ્રત્યે પ્રેમ સ્થાપિત થાય તો આ જગત કેવું રહેવા માટે આનંદમય બની જાય.

# પ્રકરણ-૪

# શેતાન વિષે

### ૧. શેતાનની ઉત્પત્તિ :

ઉત્પન્ન કરવામાં આવેલો દૂત (હિઝકિ. ૧:૫, ૨૮:૧૨-૧૯). આ કલમોમાં તૂરના રાજાનું નામ છે, પણ ભાષા પરથી જોઈ શકાય છે કે એના કરતાં અધિક બીજા કોઈ વિશે, એટલે કે શેતાન વિષે છે.

### ૨. શેતાન એક વ્યક્તિ છે :

કેટલાક લોકો એમ માને છે કે, શેતાન તો માત્ર ભૂંડાઈનો સિદ્ધાંત યા ધોરણ છે. અથવા આંધળી શક્તિ છે. વળી કેટલાંક તો કહે છે કે એ તો સત્ય અને શુભનો અભાવ છે, – જેમ પ્રકાશનો અભાવ એટલે અંધકાર કે પડછાયો હોય તેમ. ના, એ સાચું નથી, શેતાન તો બહુ દુષ્ટાઈથી ભરેલી ખતરનાક વ્યક્તિ છે. (જુઓ, ૧ પિતર ૫:૮, પ્રક્ટી. ૨૦:૨, પ્રક્ટી. ૧૨:૧૦, અયૂબ ૧:૬, ૨:૧, લૂક ૨૨:૨૧, ૩૨).

### ૩. લ્યુસીફર : (યશાયા ૧૪:૧૨).

હિબ્રૂ અથવા અંગ્રેજી બાઈબલમાં આ કલમની શરૂઆતે 'લ્યુસીફર' નામ મૂકેલું છે, જ્યારે ગુજરાતીમાં એનો તરજુમો "તેજસ્વી તારા" મૂક્યું છે. ચોમાસામાં ઊડતા આગિયામાં જે પદાર્થને કારણે પ્રકાશ થાય છે, તે પદાર્થને "લ્યુસીફેરોન" કહે છે. "લ્યુસીફેરોન" એટલે જ પ્રકાશ અને એ ઉપરથી, એક વખતના આ મહાદૂતને "લ્યુસીફર" નામ આપવામાં આવ્યું છે. લ્યુસીફર = તેજસ્વી તારો.

### ૪. પ્રભાતનો પુત્ર (યશાયા ૧૪:૧૨) :

"રે તેજસ્વી તારા, પ્રભાતના પુત્ર, તું ઊંચે આકાશમાંથી કેમ પડયો

છે ?" શેતાન માટે આ નામ જેવું વિશેષણ વાપર્યું છે. શેતાનનું પતન થયું તે અગાઉ આવો તેનો મહિમા હતો.

**૫. "આચ્છાદાન કરનાર અભિષિક્ત કરુબ" (હઝકિ. ૨૮:૧૪)**

**૬. "જ્ઞાનપૂર્ણ અને સર્વાંગ સુંદર" (હઝકિ. ૨૮:૧૪).**

શેતાનના પતન પહેલાંનો તેનો મહિમા.

**૭. આચરણમાં સંપૂર્ણ - પાપ રહિત : (હઝકિ. ૨૮:૧૫).**

એના પાપ અને પતન પહેલાં શેતાનના આચરણ પણ સંપૂર્ણ (દોષરહિત) હતાં, "તારી ઉત્પત્તિના દિવસથી, તારામાં દુરાચાર માલૂમ પડયો ત્યાં સુધી, તારાં આચરણ સંપૂર્ણ હતાં."

**૮. શેતાનનું પાપ : (હઝકિ. ૨૮:૧૫).**

"દુરાચાર માલૂમ પડયો" (૨૮:૨) "હું ઈશ્વર છું," શેતાનમાં એવો અહંકાર ઉદ્‌ભવ્યો. અહંકાર (અહમ સંસ્કૃત = 'હું', અહ્મનો નાદ : "હું આકાશો પર ચઢી જઈશ, ને હું ઈશ્વરના તારાઓ કરતાં મારું રાજ્યાસન ઊંચું રાખીશ.... હું પોતાને પરાત્પર સમાન કરીશ." ઈશ્વરનો સમોવડિયો બનવાનો, અરે, ઈશ્વરને પણ આંબી જવાનો અહંકાર શેતાને કર્યો. શેતાનનો એ અહંકાર અને અભિમાન આજેય ચાલુ છે. માણસો ઈશ્વરની ઈચ્છા પ્રમાણે નહિ, પણ પોતાની (શેતાની) ઈચ્છા પ્રમાણે વર્તે, આકાશ અને પૃથ્વી પર એની ઈચ્છા પૂરી થાય; એની આણ વર્તે; યરુશાલેમમાંથી આખી પૃથ્વી પર, - ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત નહિ, પણ શેતાનનો માણસ (ખ્રિસ્તવિરોધી) રાજ્ય કરે, - આ શેતાનની મહત્ત્વાકાંક્ષા અને આયોજના આજેય ચાલુ છે.

શેતાનના આ અહંકાર અને મહત્વાકાંક્ષા દ્વારા ઈશ્વર સામે ઉઠાવેલા બળવામાં કેટલાક દૂતો (દૂતોના ત્રીજા ભાગ જેટલા દૂતો) શેતાન સાથે જોડાયા (માથ્થી ૨૫:૪૧, પ્રક્ટી. ૧૨:૪). આકાશના તારાઓનો ત્રીજો ભાગ. તારાઓ = દૂતો.

**૯. શેતાનનું પતન :**

આ પાપ/બળવા અગાઉ શેતાન (લ્યુસીફર) ત્રીજા આસમાનમાં ઈશ્વરની

હજૂરમાં રહેતો હતો, પણ ઉપર જણાવેલા પાપને લીધે તેને અને તેના દૂતોને ત્યાંથી ખદેડી મૂકવામાં આવ્યા, - નીચે નાખી દેવામાં આવ્યા (લૂક ૧૦:૧૮): "મેં શેતાનને વીજળીની પેઠે આકાશથી પડેલો જોયો." "તું ઊંચે આકાશથી કેમ પડયો છે ?" (યશાયા ૧૪:૧૨) (અ) શેતાનને ત્રીજા આસમાનમાંથી નીચે નાખી દેવામાં આવ્યો. (બ) હાલ તે અને તેના અપદૂતો (અશુદ્ધ આત્માઓ) અંતરિક્ષમાં (વાયુમંડળમાં, એટલે કે પહેલા આસમાનમાં) વસે છે, અને વાયુમંડળ પર તથા પૃથ્વી પર તેમની પ્રવૃત્તિઓ ચલાવે છે. (ક) આમ છતાં, શેતાન હજુ ત્રીજા આસમાનમાં (ઈશ્વરના દરબારમાં) અવારનવાર જઈ શકે છે, અને પ્રભુના લોકોની સામે દોષારોપણ કરે છે. (અયૂબ ૧:૬-૧૨, ૨:૧-૬, લૂક ૨૨:૩૧). (ડ) પણ પ્રભુના પુનરાગમનનાં બે પગથિયાં વચ્ચેનાં સાત વર્ષની અધવચમાં જ્યારે તેને (શેતાનને) પૃથ્વી ઉપર ફેંકી દેવામાં આવશે ત્યારે એ અધિકાર તેની પાસેથી લઈ લેવામાં આવશે; એ પછી તે કદી સ્વર્ગમાં, ઈશ્વરની હજૂરમાં જઈ શકશે નહિ. (ઈ) શેતાનને આ સમયે પૃથ્વી પર નાખી દેવામાં આવશે. (પ્રકટી. ૧૨:૭-૧૦).

## ૧૦. અશુદ્ધ આત્માઓનો તે સરદાર છે :

અપદૂતો અથવા અશુદ્ધ આત્માઓનો તે સરદાર, અથવા અધિકારી છે. શેતાનની ઈચ્છા પ્રમાણે તેઓ પ્રવૃત્તિઓ કરે છે. માથ્થી ૧૨:૨૪, પ્રે.કૃ. ૧૦:૩૮, માથ્થી ૨૫:૪૧.

## ૧૧. શેતાનનાં નામો અને પ્રવૃત્તિઓ :

*ક. શેતાન :*

હિબ્રૂ ભાષામાં તેને **શેતાન** કહેવામાં આવે છે; અને ગ્રીક ભાષામાં **શેતાનાસ** લખાય કે બોલાય છે. એનો અર્થ **વૈરી** થાય છે. માનવી વૈરી માટે એ શબ્દ વપરાયો હોય ત્યારે એને ગ્રીક ભાષામાં કેપિટલ 'S' વપરાયો નથી. અને અંગ્રેજીમાં adversary કે enemy અને ગુજરાતીમાં વૈરી લખાય છે; પણ મૂળ ગ્રીકમાં શેતાન માટે વાપર્યો હોય ત્યારે પહેલો S કેપિટલ હોય છે. અંગ્રેજીમાં Satan (શેતાન), અને ગુજરાતીમાં પણ શેતાન લખાય છે. કોઈ વખતે વૈરી માટેનો બીજો એક ગ્રીક શબ્દ છે તે સામાન્ય વૈરી માટે વાપર્યો હોય છે. માણસને માટે હિબ્રૂમાં 'શેતાન' શબ્દ આ જગ્યાઓએ વપરાયો છે: ૧ શમૂ ૨૯:૪, ગી.શા. ૩૮:૨૦, ૭૧:૧૩, ૧૦૯માં ચાર જગાએ (શત્રુ)

શેતાન માટે ૧૭ થી ૧૮ વખત જૂના કરારમાં વપરાયું છે. ઝખા. ૩ઃ૧માં નામ અને અર્થ બંને સાથે વાપર્યા છે : "તેના (યહોશુઆના) વૈરી તરીકે શેતાનને ઊભો રહેલો તેણે મને દેખાડયો." પણ નવા કરારમાં બધે શેતાન માટે જ વપરાયેલો છે. માથ્થી ૧૩ઃ૩૯ "અને જે વૈરીએ તે વાવ્યાં તે શેતાન છે."

*ખ. દિયાબલ :*

ગ્રીકમાં 'દિયાબોલોસ' નામ શેતાન માટે વાપર્યું છે. ગ્રીકમાં 'દિયાબોલોસ' હોય એનું અંગ્રેજી બાઇબલોમાં ડેવિલ કર્યું છે. ગુજરાતી બાઇબલમાં ગ્રીક દિયાબોલોસ શબ્દનો તરજુમો "શેતાન" કર્યો છે. (પ્રકટી. ૧૨ઃ૯ "એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન (ગ્રી. દિયાબોલોસ અ. ડેવિલ) કહેવાય છે. જે આખા જગતને ભમાવે છે." અહીં 'દિયાબોલોસ'નો અર્થ "અમારા ભાઈઓ ઉપર દોષ મૂકનાર ૧૨ઃ૧૦માં વાપર્યો છે.જોન બન્યનના 'શુદ્ધ-પ્રયુદ્ધ'માં ગુજરાતીમાં 'દિયાબલ' શબ્દ છે. એ શબ્દ ૧૨ઃ૯માં વાપર્યો હોત તો સારું (એવું જ લૂક ૪ઃ૧૩માં 'દિયાબોલોસ' ગ્રીકમાં છે, જેનું ગુજરાતી શેતાન કર્યું છે.)"

(i) ઈશ્વરની આગળ માણસ પર દોષ મૂકનાર (જુઓ અયૂબ ૧ઃ૬-૧૧, ૨ઃ૧-૫, પ્રકટી. ૧૨ઃ૯-૧૦).

(ii) માણસની આગળ ઈશ્વરનિંદા (જુઓ ઉત્પ. ૩ઃ૧-૫).

*ગ. બાલઝબૂલ :*

અશુદ્ધ આત્માઓનો સરદાર યા વડો. પલિસ્તીઓના આ દેવના બાલઝબૂલનો અર્થ "માખીઓનો રાજા" માથ્થી ૧૨ઃ૨૪. વિદેશીઓનો એક દેવ; અશુદ્ધ આત્માઓનો સરદાર (માથ્થી ૧૨ઃ૨૪, ૨૭. માર્ક ૩ઃ૨૨, લૂક ૧૧ઃ૧૫). સૌથી ભયંકરમાં ભયંકર નૈતિક ભ્રષ્ટતાનો દેવ, 'બાલઝબૂલ'નું પાછળથી બાલઝબૂલ થયું, જેનો અર્થ છાણ (ગોબર)નો દેવ. પાછળથી શેતાનને માટે પણ એ નામ વપરાવા લાગ્યું. યહૂદીઓના આગેવાનોએ પ્રભુ ઈસુ પર દોષ મૂક્યો કે તે આ બાલઝબૂબ/બાલઝબૂલની મદદથી અશુદ્ધ આત્માઓ કાઢે છે, પણ પ્રભુ ઈસુએ એનો સચોટ જવાબ આપ્યો હતો (માર્ક ૩ઃ૨૨, લૂક ૧૧ઃ૧૫). કેટલાંકનું કહેવું છે કે મૂળ આ શબ્દ બાલ ઝબૂલ પરથી બન્યો, અને એનો અર્થ "વસવાટનો દેવ", કે જેનામાં અશુદ્ધ

આત્માઓ વસે છે. એટલે કદાચ પ્રભુ ઈસુ "ઘર"ની ઉપમા વાપરે છે. (માર્ક ૩:૨૫).

*ઘ. બેલ્યાલ/બેલ્યાસ :*

જૂના કરારમાં આ શબ્દ વપરાયો છે, પણ શેતાન માટે નહિ. નવા કરારમાં જુઓ ૨ કોરિંથી. ૬:૧૫ "ખ્રિસ્તને બેલ્યાલની સાથે શો મિલાપ હોય ?" અહીં બેલ્યાલ શબ્દ શેતાન માટે વાપર્યો છે. 'બેલ્યાલનો અર્થ 'નકામો', 'નિરુપયોગી', 'ભ્રષ્ટ', 'ભૂંડો'. એ ઉપરથી નવા કરારમાં એ શબ્દ શેતાન માટે વપરાયો છે :જેનામાં સર્વ પ્રકારની ભૂંડાઈ યા ભ્રષ્ટતા મૂર્તિમાન થઈ છે તે, એટલે કે શેતાન. 'બેલ્યાલપુત્રો' (જૂના કરારમાં) નક્કામા યા ભ્રષ્ટ માણસો; (નવા કરારમાં) શેતાનના માણસો. (જૂનો કરારઃ પુન. ૧૩:૧૩. ન્યાયા. ૧૯:૨૨. ૨૦:૧૩, ઈત્યાદિ.)

## ૧૨. જગતનો દેવ :

બાઈબલમાં શેતાનને 'આ જગતનો દેવ' કહેવામાં આવ્યો છે, ૨ કોરિંથી ૪:૪માં લખ્યું છે : "તેઓમાં (નાશ પામનારાઓમાં. કલમ ૩) આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળા કર્યાં છે..." અહીં જગતનો અર્થ ઈશ્વરે ઉત્પન્ન કરેલી પૃથ્વી નહિ, પણ શેતાનના સિદ્ધાંતો પ્રમાણે ચાલતો સંસારનો વ્યવહાર. શેતાનના સિદ્ધાંતો : હરીફાઈ, કાપાકાપી, બીજા કરતાં હું વધુ ચઢી જાઉં, વધુ મેળવી લઉં, હુંસાતુંસી, બળ, લાલચ, સ્વાર્થ, મહત્ત્વાકાંક્ષા, પાપયુક્ત આનંદ, એ સિદ્ધાંતો પર ચાલતા જગતવ્યવહારનો ધણીધોરી, એનો સ્થાપનાર, એનો નિયામક તે શેતાન. ઈશ્વરના સિદ્ધાંતો તો બલિદાન, ત્યાગ, ક્રૂસ, પ્રેમ છે.

## ૧૩. જગતનો અધિકારી :

બાઈબલમાં શેતાનને "આ જગતનો અધિકારી" પણ કહ્યો છે. જુઓ યોહાન ૧૨:૩૦, ૧૪:૩૦, ૧૬:૧૧. અહીં પણ "જગત"નો અર્થ ઉપર ૧૨માં મુદ્દામાં દર્શાવ્યો તે પ્રમાણે જ કરવો. "દોરંગી દુનિયા, "દુનિયાના રંગઢંગ", "સંસારના રંગઢંગ", એ બધા અર્થમાં જગત, પ્રભુ ઈસુએ પોતે કહ્યું છે : "કેમ કે આ જગતનો અધિકારી આવે છે, અને મારામાં તેનું કંઈ નથી." (યોહાન ૧૪:૩૦).

જગતનાં રાજ્યો, એમનો મહિમા, - ઝાકઝમાળ, એમનાં લશ્કરો અને

દોરદમામ, એ બધું શેતાનનું છે, અને તેના હવાલામાં છે. ઈસુનું પરીક્ષણ કરતાં શેતાને ઈસુને જગતનાં સઘળાં રાજ્ય તથા તેઓનો મહિમા દેખાડયાં, અને શેતાને સાચું જ કહ્યું કે "જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં હું તને આપીશ." હા, એ સઘળું હજુંયે શેતાનનું છે.

## ૧૪. શેતાનની પ્રવૃત્તિઓ :

(i) **પ્રભુના લોકોનો દોષ કાઢે છે :** તેમના ઉપર દોષ મૂકે છે, અને તેમની સામે શંકા ઊભી કરે છે. આ બધા વિશે આપણે ૧૧/ખમાં "દિયાબલ"માં જોઈ ગયા. અયૂબ માટે ઈશ્વરની આગળ દોષ કાઢયો, અને અયૂબની ભક્તિ સ્વાર્થભરી છે એવી શંકા ઈશ્વરની આગળ રજૂ કરી (અયૂબ ૧:૬-૧૧, ૨:૧-૬). આ જ સુધી શેતાનની એ પ્રવૃત્તિ ચાલુ જ છે : "અમારા ભાઈઓ પર દોષ મૂકે છે...." (પ્રકટી. ૧૨:૧૦). આ ઉપરાંત ઈશ્વરની સામે અને ઈશ્વરનાં વચનોની સામે શંકા ઉત્પન્ન કરે છે. "શું ઈશ્વરે તમને ખરેખર એવું કહ્યું છે..." (ઉત્પ. ૩:૧); ઈશ્વરે કહ્યું હતું કે "તમે મરશો જ મરશો." એની સામે શેતાન કહે છે : "તમે નહિ જ મરશો." (૩:૪); ઈશ્વરના હેતુ વિશે શંકા રજૂ કરે છે : "કેમ કે ઈશ્વર જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, અને તમે ઈશ્વરના જેવાં ભલુંભૂડું જાણનારાં થશો." શેતાન એ ઉપરથી એમ કહેવા માગે છે કે રખેને તમે ઈશ્વરનાં સમોવડિયા બની જાઓ, એટલે એ તમને ફળ ખાવાની મના કરે છે. (૩:૫).

(ii) **અવિશ્વાસીઓનાં મન આંધળા કરે છે :** આ વિશે પણ મુદ્દા નં. ૧૨માં આપણે જોઈ ગયા. : "પણ જો અમારી સુવાર્તા ઢંકાયેલી હોય, તો તે નાશ પામનારાઓને માટે ઢંકાયેલી છે; તેઓમાં આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે, એ સારુ કે ખ્રિસ્ત જે ઈશ્વરની પ્રતિમા છે,તેના મહિમાની સુવાર્તાના પ્રકાશનો ઉદય તેઓ પર ન થાય." (૨ કોરિંથી ૪:૩-૪). વળી જુઓ ૧લો તિમોથી ૪:૧-૩).

(iii) **"આખા જગતને ભમાવે છે" :** (પ્રકટીકરણ ૧૨:૯) આ શેતાને હવાને ભમાવી. એ કરવા માટે તેણે સાપનું રૂપ ધારણ કર્યું હતું. (ઉત્પ. ૩:૧), એટલે પ્રકટી. ૧૨:૯માં એને જૂનો સર્પ,", "તે મોટો અજગર" કહ્યો છે. ઉત્પત્તિ ૩:૧માં એની ઓળખ

આપવામાં આવી નથી, પણ બાઈબલના છેક છેલ્લા પુસ્તકમાં એની પૂરી ઓળખાણ આપવામાં આવી છે. (પ્રકટી. ૧૨:૯) : "તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ, જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે..."

આ ભમાવવામાં માત્ર ચોરી કરવી, જૂઠું બોલવું, ખૂન કરવું, અને એવી બીજી વાતો માણસો પાસે કરાવવામાં ભમાવવા, એટલું જ સમાતું નથી, પણ પ્રજાઓને, માણસોનાં મોટાં મોટાં જૂથોને રવાડે ચડાવી દેવાં, અને જૂઠી ફિલસૂફીઓની ભ્રમણાઓમાં માણસોના મોટા સમૂહોને અસત્યમાં અટવાવી દઈ સત્યથી દૂર અને ઈશ્વરથી દૂર લઈ જવા, -એ બધું આ 'ભમાવવામાં' આવી જાય. જૂઠી ફિલસૂફીઓ : નિરીશ્વરવાદ, ડાર્વિનનો ઉત્ક્રાન્તિવાદ, કર્મફળ અને મોક્ષની જન્મમંરણની ઘટમાળ (ચોર્યાસી લાખ જન્મો), માણસનો મોક્ષ કરનાર માણસ પોતે જ (નહિ કે ક્રૂસ પર મરી જનાર ઉદ્ધારનાર); નસીબવાદ/ કિસ્મતવાદ, ઈત્યાદિ.

આવા બધા ભમાવવામાં જરૂર પડે ત્યારે શેતાન પોતે સભાન છે. અને તેઓમાંથી કોઈ "ન્યાયીઓની સભામાં ઊભા રહી શકશે નહિ." મતલબ કે તેઓ બધા નવા યરુશાલેમમાં પ્રવેશી શકશે નહિ. (પ્રકટી. ૨૨:૧૫).

મિલ્ટનના મહાકાવ્ય 'પેરાડાઈઝ લોસ્ટ'માં શેતાનને નરકના રાજા તરીકે વર્ણવ્યો છે. અને શેતાનને નરકના દરબારમાં તખ્તાસન પર બેઠેલો બતાવ્યો છે પણ એ કલ્પના બાઇબલ-આધારિત નથી. "મરણ, હાડેસ અને નરક - એ બધાં ઉપર પ્રભુ ઈસુને અધિકાર છે;" "મરણ તથા હાડેસની કૂંચીઓ મારી પાસે છે;" એમ પ્રભુ ઈસુ કહે છે. (પ્રકટી. ૧:૧૮). વળી પ્રકટીકરણ ૯:૧ લખે છે : "તેને ઊંડાણના ખાડાની કૂંચી આપવામાં આવી." તેને = તારાને = દૂતને. એમ આ ઊંડાણના ખાડાની કૂંચી પ્રભુ ઈસુના હાથમાં છે. અને એ જ ઊંડાણમાં શેતાનને સાંકળે બાંધીને એક હજાર વર્ષ માટે નાખવાનો છે. (પ્રકટી. ૩૦:૧-૩). દૂત શેતાનને ખાડામાં નાખશે.) અને છેલ્લે શેતાન તથા તેના સર્વ અપદૂતને

અનંતકાળના અગ્નિમાં - નરાકાગ્નિમાં - નાખી દેવમાં આવશે. (પ્રક્ટી. ૨૦:૧૦). હા, શેતાન નરકનો રાજા નથી, પણ શેતાનને એમાં સર્વકાળ માટે નાખી દેવામાં આવશે.

(iv) **પાપ કરવાને લલચાવનાર તેજ છે. :** ૧ કાળ. ૨૧:૧, માથ્થી ૪:૧, ૩, ૫, ૬, ૮, ૯, ૧ થેસ. ૩:૫.

(v) **માણસને માટે ફાંદા મુકનાર તે છે.** ૧ તી. ૩:૭, ૨ તી. ૨:૨૬.

(vi) **માણસના મનમાં દુષ્ટ વિકાર પેદા કરનાર તેજ છે.** યો. ૧૩:૨, પ્રે.કૃ. ૫:૩. માણસની નબળાઈ ક્યાં છે કે શામાં છે તે જાણી જોઈને તેજ છિદ્ર મારફતે શેતાન માણસમાં પ્રવેશ કરે છે. એફ. ૪:૨૭, યા. ૪:૭.

(vii) **તે જાતે માણસમાં પેસે છે.** યો. ૧૩:૨૭.

અને એમ કર્યા પછી પોતાનું તે કામ છે એવું ન દેખાય માટે ઈશ્વરના કામની નકલ કરે છે. યો. ૧૪:૨૩ ને એફ. ૨:૨ને સરખાવો, ફિલિ. ૨:૧૩ની સાથે.

(viii) **તે માણસનાં મન આંધળાં કરે છે, કે તેમાં ઈશ્વરની પ્રતિમા ને ખ્રિસ્તનું ગૌરવ આવતું અટકે.** ૨ કરિં. ૪:૪.

વિશેષે કરીને જેઓ અવિશ્વાસીઓ છે, તેઓના મન ઉપર ખાસ દબાણ કરે છે, કે તેઓમાં ખ્રિસ્તનો પ્રકાશ પેસવા જ ન પામે. પણ વિશ્વાસીઓ ઉપર તે એટલું દબાણ કરી શકતો નથી, કારણ કે તેઓનાં હૃદય ઉપર વધુ પ્રકાશ પાડનાર અને મદદ કરનાર પવિત્ર આત્મા હમેશાં તેમની સેવામાં હાજર રહે છે તોયે પણ આટલેથી આપણે સમજીએ છીએ, કે તેનું કામ પવિત્ર આત્મા વિરુદ્ધ જ છે.

આમ બે મહાન સત્તા માણસને ખેંચવા તૈયાર છે પરંતુ કોને આધીન થવું, એનો નિર્ણય કરવાનુ કામ માણસનું છે. જેઓ સંસારી બાબતોમાં ઘણાં જ હોશિયાર છે, પણ ધાર્મિક બાબતોમાં તેવાં નથી, તેઓ ખરેખરાં આંધળા છે. અને એમનો એ અંધાપો શેતાનના કામનું પરિણામ છે.

(ix) **તે માણસના મનમાંથી ઈશ્વરનાં વચનો કાઢી નાખે છે.** (માર્ક ૪:૧૫, મા. ૧૩:૧૯). જ્યારે ઉપદેશ કરવામાં આવે છે, ત્યારે શેતાન કે તેના અનુયાયીઓ હાજર જ રહે છે, અને માણસના

હૃદયમાં વવાતાં બીજ કાઢી નાખવા પ્રયત્ન કરે છે. માટે આપણા અથવા બીજાના હૃદયક્ષેત્ર ઉપર વવાતાં કે વાવેલાં બી કાયમ રહેવા સારું પ્રાર્થના કરવાની ઘણી જરૂર છે. (લૂક ૮:૧૫) પવિત્ર આત્માનું કામ એ છે, કે ખ્રિસ્તનાં વચનો યાદ કરાવવાં; પણ શેતાનનું કામ એથી ઉલટું છે. આપણો દેહ અને દેહની વાસનાઓ તથા પ્રપંચી સ્વભાવ આ દુષ્ટ કામમાં શેતાનને મદદ કરવા ઘણામાં ઘણાં તૈયાર હોય છે. તેઓના પર સરસાઈ ભોગવવા પવિત્ર આત્માથી ભરપૂર રહો, નહિ તો ભયમાં આવી પડશો.

(x) **ઈશ્વરના ક્ષેત્રમાં તે નીંદણ ઉગાવે છે.** મા. ૧૩:૩૯. જગત એ ઈશ્વરનું ખેતર છે, અને તેમાં વસતાં ઈશ્વરનાં છોકરાં સાથે શેતાન પોતાની પ્રજા ભેળવી દે છે, એ માટે કે તે તેમની મારફતે તેઓને ભ્રષ્ટ કરી દે.

(xi) **તે આજ્ઞાભંગ કરવાને ઉશ્કેરે છે.** ૨ થેસ. ૨:૯, ૧૦. સત્ય અને અસત્ય ખુલ્લાં છે. માણસો જેને ચાહે તેને પસંદ કરીને તે પ્રમાણે ચાલી શકે છે. જો તે ઈશ્વરની ઇચ્છા પૂરી કરવા ચાહે તો ઈશ્વર તેને સત્ય સુઝાડશે. (યો. ૭:૧૭), અને પવિત્ર આત્મા તેને સર્વ સત્યમાં દોરી જશે. (યો. ૧૬:૧૩). પરંતુ સત્યનો નકાર કરી અસત્ય ભણી વલણ રાખશે તો શેતાન તેમને પગથીયે પગથીએ છેક નાશ સુધી દોરી જશે.

(xii) **શેતાનની પાસે પણ સેવકો તથા મંડળી છે.** ૨ કરિં. ૧૧:૧૪, ૧૫, પ્રકટી. ૩:૯. જરૂર પડે તો અજવાળાના દૂતનો વેશ લઈને પણ તે માણસને ભુલાવે છે, કેમ કે તેઓ કોઈ પણ જાતના ભલામાં રાજી નથી.

(xiii) **શેતાનનો દૂત ઈશ્વરના સેવકોને પણ શિક્ષા આપે છે.** ૨ કરિં. ૧૨:૭, ૮. પરંતુ સારા સેવકોમાં તેનું પરિણામ સારું જ આવે છે. અને તેને લીધે તેઓ બગડતા અટકે છે, ને વધારે ભાવિક થાય છે.

(xiv) **તે ઈશ્વરના સેવકોના કામની સામે થાય છે.** ઝખ. ૩:૧, દા. ૧૦:૧૩.

(xv) **ખ્રિસ્તના સેવકોની ઈચ્છા પૂરી થતી અટકાવે છે.** ૧ થેસ્સા. ૨:૧૮. જો કે શેતાન એમાં આનંદ માને છે, પણ તેનું પરિણામ

તે બુરૂં ઉપજાવી શકતો નથી; તેથી ઉલટું રૂડું જ થાય છે. પાઉલ ત્યાં જઈ ન શક્યો, ત્યારે તેણે કાગળ લખ્યો, જે કેવળ તેમનાં જ નહિ, પણ ત્યારપછીની સર્વ પેઢીઓના કામમાં તે આવે છે ને આવશે.

(xvi) **ઈસુના શિષ્યોને તે ચાળી જુએ છે.** લૂક. ૨૨:૨૧. જો કે તેણે પિતરને ચાળી જોયો, પણ તેનું તારણ એવું આવ્યું કે, પિતર આગળ કદી પણ ન હતો તેવો સારો ને બાહોશ થવા પામ્યો. ખરૂં જોતાં શેતાનને તો પિતરમાંથી કેવળ ભૂસું જ મળ્યું. કાટ અને મેલ નીકળી જતાં પિતર સ્વચ્છ, નિર્મળ, ચમકતો હીરો દીપી નીકળ્યો. (રૂમી ૮:૨૮).

(xvii) **તે રાત દિવસ ભાઈઓ ઉપર બટ્ટો મૂકે છે.** પ્રકટી. ૧૨:૯, ૧૦. ગ્રીક ભાષામાં 'શેતાન' શબ્દોનો અર્થ 'તોફાન કરનાર', 'બટ્ટો મુકનાર,' 'ચાડી કરનાર', એવો થાય છે. જુઓ યુ. ૧:૬-૯, ૨:૩-૫.

(xviii) **ખ્રિસ્તના સેવકોને તે બંદીખાનામાં ઘાલે છે.** પ્રકટી. ૨:૧૦.

આનું પરિણામ પણ ઉત્તમ જ નીવડે છે, કારણ કે તેમ થવાથી સેવકોની કસોટી થાય છે, અને તેઓને ભલું ભૂંડું પારખવાની તક મળતાં ઉલટા વધારે જોરાવર અને ખંતીલા બને છે. એમ આગળ વધતાં વધારે શુદ્ધ થતાં જીવનનો મુગટ પામવાને લાયક થઈ અનંતકાળ સુધી સુખની સ્થિતિમાં હીરાની પેઠે પ્રકાશે છે.

## ૧૫. શેતાન ઉપર કઈ રીતે જીત મેળવી શકાય ?

(i) નવો જન્મ (એમાં પશ્ચાતાપ અને મનપલટો આવી જાય) યોહાન ૩:૧૬

(ii) ખ્રિસ્ત સરદારનો ક્રૂસ ઊંચકીને એમનાં પગલાંમાં પગ મૂકી તેમની પાછળ ચાલ્યા આવવું. માર્ક ૮:૩૪.

(a) એમણે જગતને જીત્યું છે.

(b) આકાશ તથા પૃથ્વી ઉપર સર્વ અધિકાર મને (ખ્રિસ્તને) આપવામાં આવ્યો છે." (માથ્થી ૨૮:૧૮).

(c) "જુઓ જગતના અંત સુધી હું (ખ્રિસ્ત) સર્વકાળ તમારી સાથે છું." (માથ્થી ૨૮:૨૦).

(iii) શેતાનની સામે લડવા આત્માનાં અસ્ત્રશસ્ત્ર સજો (એફેસી ૬:૧૦-૧૮). પ્રાર્થનારૂપી હથિયાર તો એકેએક ઘડી વપરાતું રાખવાનું છે. (૬:૧૮).

(iv) "તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી, તેને (શેતાનને) જીત્યો છે" (પ્રક્ટી. ૧૨:૧૧).

## ૧૬. શેતાનને શિક્ષા :

અ. શેતાન અને તેના અપદૂતોના ઈશ્વર સામેના બળવાને લીધે તેમને ઈશ્વરના દરબારમાંથી કાઢી મૂકવામાં આવ્યા. (લૂક ૧૦:૧૮). પણ તે હજુ ઈશ્વરના દરબારમાં જઈ શકે છે. (અયૂબ ૧:૬, ૨:૧). તેઓ હાલ અંતરિક્ષમાં (વાયુમંડળમાં) પહેલા આસમાનમાં રહે છે. (એફેસી. ૨:૨), એટલે "આકાશી સ્થાનોમાં" (એફેસી ૬:૧૦-૧૩).

બ. તેને તથા તેના અપદૂતોને પૃથ્વી પર નાખી દેવામાં આવશે. પ્રભુના દરબારમાં જવાનો એનો અધિકાર લઈ લેવામાં આવશે. (પ્રક્ટી. ૧૨:૭-૧૨). પ્રભુ ઈસુ પુનરાગમન સમયે પૃથ્વી ઉપર ઊતરે તે પહેલાં સાડા ત્રણ વર્ષ પૂર્વે - અથવા સાત વર્ષના ગાળાની અધવચમાં - આ થશે.

ક. શેતાનને એક હજાર વર્ષ માટે ઊંડાણના ખાડામાં સાંકળ બાંધીને નાખવામાં આવશે.

ડ. એ એક હજાર વર્ષ પછી તેને છોડવામાં આવશે, એટલે પાછો તે આખી પૃથ્વીના લશ્કરોને પ્રભુ ઈસુ સામે અને યરુશાલેમ સામે ચઢાવી લાવશે. (પ્રક્ટી. ૨૦:૭-૯).

ઈ. એટલે પ્રભુ ઈસુ શેતાનને નરકાગ્નિમાં અનંતકાળ માટે નાખી દેશે, ત્યાં શેતાન રાતદહાડો સદાસર્વકાળ વેદના ભોગવશે. (પ્રક્ટી. ૨૦:૧૦).

## ૧૭. શેતાન વિશે કંઈક વધુ માહિતી

| | |
|---|---|
| – તેનું નામ શેતાન છે. | લૂક ૧૦:૧૮ |
| – ઈશ્વર તેમ જ માણસનો પ્રતિસ્પર્ધી | ૧ પિતર ૫:૮ |
| – ભૂતોનો (અશુદ્ધ આત્માઓનો) સરદાર | માથ્થી ૧૨:૨૪ |

| | |
|---|---|
| — વાયુની સત્તાનો અધિકારી | એફેસી ૨:૨ |
| — આ જગતનો અધિકારી | યોહા. ૧૪:૩૦ |
| — આરંભથી પાપી | ૧ યોહા. ૩:૮ |
| — વીજળીની જેમ આકાશથી ફેંકાયો | લૂક ૧૦:૧૮ |
| — સર્પ બનીને આદમ-હવાને ભૂલાવ્યાં | ઉત્પ. ૩:૧ |
| — હવાને અસત્ય કહ્યું | ઉત્પ. ૩:૪ |
| — ઈશ્વરે તેને શાપ આપ્યો | ઉત્પ. ૩:૧૪. |
| — ઈશ્વરની હજૂરમાં હાજર થયો | અયૂ. ૧:૬, ૨:૧ |
| — તે અબાદ્દોન પણ કહેવાય છે. | પ્રકટી. ૯:૧૧ |
| — તે બેલ્યાલ પણ કહેવાય છે | ૨ કોરિંથી ૬:૧૫ |
| — અપાલ્યોન પણ કહેવાય છે. | પ્રકટી. ૯:૧૧ |
| — તો બાલઝબૂલ પણ કહેવાય છે. | માથ્થી ૧૨:૨૪ |
| — તેણે પ્રભુ ઈસુનું પરીક્ષણ કર્યું | માથ્થી ૪:૩-૧૦, માર્ક ૧:૧૩, લૂક ૪:૨ |
| — તેણે હવાનું પરીક્ષણ કર્યું | ઉત્પ. ૩ |
| — તેણે દાવિદનું પરીક્ષણ કર્યું. | ૧ કાળ. ૨૧:૧ |
| — તેણે અયૂબનું પરીક્ષણ કર્યું | અયૂ. ૨:૭ |
| — તેણે શિષ્યોને ચાળવા માગ્યું | લૂક ૨૨:૩૧ |
| — પ્રભુએ પ્રમુખ યાજક યહોશુઆને પક્ષે રહીને શેતાનને ઠપકો આપ્યો | ઝખા. ૩:૧,૨ |
| — પ્રભુ ઈસુએ તેને માત કર્યો | માથ્થી ૪:૧૦, લૂક ૪:૮, ૧૨ |
| — તે યહૂદા ઈસ્કારિયોતમાં પ્રવેશ્યો | લૂક ૨૨:૩,યોહા. ૧૩:૨. |
| — તે અનાન્યામાં પ્રવેશ્યો (જુઓ અંગ્રેજી આવૃત્તિઓ) | પ્રે.કૃ. ૫:૩ |
| — આ જગતનો અધિકારી તથા દેવ થઈને તે બાઈબલના અવળા અર્થ કરે છે. | માથ્થી ૪:૬ |
| — ઈશ્વરના કામની વિરુદ્ધ પડે છે. | ઝખા.૩:૧, ૧ થેસ્સા.૨:૧૮ |
| — સુવાર્તાનો અટકાવ કરે છે. | માથ ૧૩:૧૯,૨ કો.૪:૪ |

| | |
|---|---|
| – ખોટા પરાક્રમો, ચિહ્નો તથા ચમત્કારો કરે છે. | પ્રકટી. ૧૬:૧૪, ૨ થેસ્સા ૨:૯. |
| – પ્રકાશના દૂતનો વેશ લે છે. | ૨ કોરિંથી. ૧૧:૧૪ |
| – તે જૂઠો અને જૂઠાનો બાપ છે | યોહા. ૮:૪૪, ૧ રાજા ૨૨:૨૨ |
| – પ્રભુ ઈસુએ તેમાં સંપૂર્ણ જય મેળવ્યો છે - | |
| તેની સામે થઈને | માથ્થી ૪:૧૧ |
| ભૂતો (અશુદ્ધ આત્માઓ) કાઢવાનો | માથ્થી ૧૦:૧૧ |
| અધિકાર આપીને | માર્ક ૧૬:૧૭ |
| શેતાનના કામોનો નાશ કરીને | લૂક ૯:૧, પ્રે.કૃ.૧૬:૧૮, ૧૯:૧૨ ૧ યોહા. ૩:૮ |
| – પ્રભુ ઈસુએ પોતાના મરણથી તેનો નાશ કર્યો | કલો.૨:૧૫,હિબ્રૂ.૨:૧૪ |
| – વિશ્વાસ કરનારા પણ શેતાન પર જય પામનારા | રોમન ૧૬:૨૦ ૨ કોરિંથી ૨:૧૧,૧૧:૩, એફેસી ૪:૨૭, ૬:૧૬ ૨ તિમો. ૨:૨૬, યાકોબ ૪:૭, ૧ પિત. ૫:૯ ૧ યોહા.૨:૧૩, પ્રકટી. ૧૨:૧૧ |

### શેતાનનો સ્વભાવ આવો છે :

| | |
|---|---|
| – અભિમાની | અયૂ. ૧:૬, માથ્થી ૪:૫, ૬ |
| – ગર્વિષ્ઠ | ૧ તિમો. ૩:૬ |
| – પરાક્રમી | એફેસી ૨:૨, ૬:૧૨. |
| – દુષ્ટ | ૧ યોહા. ૨:૧૩ |
| – અદેખો | અયૂ. ૧:૯, ૨:૪ |
| – પ્રપંચી | ઉત્પ. ૩:૧, સરખાવો ૨ કોરિંથી.૧૧:૩ |
| – કપટી | ૨ કોરિં. ૧૧:૧૪, એફે. ૬:૧૧ |
| – નિર્દય તથા ઘાતકી | લૂક ૮:૨૯, ૯:૩૯, ૪૨, ૧ પિત. ૫:૮ |
| – તે ધર્મભ્રષ્ટ કરે છે. | ૨ થેસ્સા ૨:૯, ૧ તિમો. ૪:૧ |
| – ન્યાયકાળે તે ગુનેગાર ઠરશે | યહૂદા ૬, પ્રકટી. ૨૦:૧૦ |

– તેને માટે સાર્વકાલિક અગ્નિ તૈયાર કરેલો છે. માથ્થી ૨૫:૪૧

**બાઈબલમાં જુદી જુદી રીતની તેની સરખામણી કરવામાં આવી છે.**

| | |
|---|---|
| – શિકારી સાથે | ગી.શા. ૯૧:૩ |
| – આકાશનાં પક્ષીઓ સાથે | માથ્થી ૧૩:૪ |
| – કડવા દાણા વાવનાર સાથે | માથ્થી ૧૩:૨૫, ૨૮ |
| – વરૂ સાથે | યોહા. ૧૦:૧૨ |
| – ગાજનાર સિંહ સાથે | ૧ પિત. ૫:૮ |
| – સર્પ સાથે | પ્રકટી. ૧૨:૯, ૨૦:૨ |

**દુષ્ટ માણસો :**

| | |
|---|---|
| – શેતાનનાં સંતાન છે. | માથ્થી ૧૩:૩૮, પ્રે.કૃ. ૧૩:૧૦, ૧ યોહા. ૩:૧૦ |
| – શેતાનની પાછળ ફરી જનારા છે. | ૧ તિમો. ૫:૧૫ |
| – શેતાનની જેમ દુર્વાસના કરનારા છે. | યોહા. ૮:૪૪ |
| – શેતાનથી ભરમાયેલા છે. | ૧ રાજા ૨૨:૨૧, ૨૨, પ્રકટી. ૨૦:૭, ૮ |
| – શેતાનના ફાંદામાં પડેલા છે | ૧ તિમો. ૩:૭, ૨ તિમો. ૨:૨૬ |
| – શેતાનથી હેરાન થયેલા છે. | ૧ શમૂ ૧૬:૧૪ |
| – શેતાનની સાથે તેઓ પણ સજા પામશે. | માથ્થી ૨૫:૪૧ |

# પ્રકરણ-૫

## શું માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા ?

દુઃખમય માનવી જીવન ! માનવીનું જીવન દુઃખોથી ભરપૂર ભરેલું છે. જીવનના ઝંઝાવાતો, જીવનનો સંઘર્ષ, સંસારનો ભય, ખેંચ, ઇચ્છેલી વસ્તુઓની અપ્રાપ્તિ કે કમપ્રાપ્તિ, તુચ્છકાર, બહિષ્કાર, માંદગી, મૃત્યુ, એવાં પારાવાર દુઃખોના વંટોળિયામાં પોતે સતત ફંગોળાયા કરતો હોય એવું તેને લાગે છે.

પોતાનાં દુઃખ એને પીડે છે, અને આપ્તજનોનાં પણ. આપ્તજનોમાં કોઈ વાર કુટુંબીજનોનો સમાવેશ થાય છે, તો કોઈ વાર મિત્રમંડળનો, અને ધર્મમંડળનોય, અને કોઈ વાર સમાજનોયે થાય, અને દેશનો પણ થાય.

બીજા એક પ્રકારની યાતના પણ માનવીને સતત પીડતી રહે છે. એ યાતનાનું મૂળ કે ખરું કારણ શું છે એની માનવીને મોટે ભાગે ખબર પડતી નથી. કોઈ વાર ખભા અને હાથમાં તીક્ષ્ણ દુઃખાવો થાય ત્યારે આપણે માનીએ કે ખભા અને હાથમાં કંઈક નુકસાન થયું અથવા રોગ પેઠો. પણ દાકતર જ પારખે કે ખભા કે હાથમાં ઊપડતી આ વેદના તો હૃદયરોગની સૂચક છે. કેન્સરમાં પણ દરદી કેન્સરનો જીવલેણ રોગ થયો છે એમ સ્વીકારવાને બદલે, મને તો આ દરદ થયું છે, કે પેલું દરદ થયું છે, અને આમ દવા કરીશ કે તેમ ઈલાજ કરીશ એટલે મટી જશે, એવાં ભ્રામક કારણો અને ભ્રામક આશાઓની ભ્રમણામાં અટવાયા કરે છે. એમ જ માનવીને સતત પીડતી આ એક આંતરિક યાતનાના મૂળની માનવીને સમજણ પડતી નથી, અને એનાં બીજાં બીજાં મૂળ તથા કારણો તે કલ્પી કાઢે છે.

એ યાતના છે આત્માના અજંપાની. માણસનો અંતરાત્મા ઊંડે ઊંડે કંઈક ઝંખે છે, પણ એ એને પ્રાપ્ત થતું નથી. માણસ ઇચ્છે છે કંઈક, અને કરી બેસે છે બીજું જ કંઈક. દુર્યોધને સાચું જ કહ્યું છે :

**જાણામિ ધર્મમ્ નચમેવ પ્રવૃત્તિઃ ।**
**જાણામિ અધર્મમ્ નચમેવ નિવૃત્તિઃ ॥**

(ધર્મ શું છે એ હું જાણું છું, પણ તેને આચરણમાં મૂકી શકતો નથી. અને અધર્મ શું છે તેયે હું જાણું છું, પણ તેનો ત્યાગ કરી શકતો નથી.) બાઈબલમાં સંત પાઉલ એવું જ લખે છે : "જે સારું હું ઈચ્છું છું તે હું કરતો નથી, પણ જે ભૂંડું હું ઈચ્છતો નથી તે હું કર્યા કરું છું !.. હું કેવો દુઃખી માણસ છું !" (રોમન ૭:૨૦).

પુરાણ સમયના રોમન કવિ ઓવિદનો પણ એ જ અનુભવ છે. એ લખે છે : "હું એક માર્ગ જોઉં છું જે પર મારે ચાલવું જોઈએ; પરંતુ એની પર હું ચાલી શકતો નથી. બીજો માર્ગ પણ જોઉં છું જેની પર મારે ન ચાલવું જોઈએ; પણ કોણ જાણે કેમ, તેની પર જ ચાલ્યે જાઉં છું !" ગુજરાતના મરહૂમ કવિશ્રી કરસનદાસ માણેકે પણ પોતાના કાવ્ય "એક સપનું મુજ ખોવાઈ ગયું"માં આવું જ લખ્યું છે :

કોઈ શત શત યુગથી નીકળ્યા'તા
નન્દનની શોધ મહીં યાત્રી,
અહીં અનાયાસ રમતાં રમતાં
દોજખ જોને શોધાઈ ગયું !

મૂંગાવત છોડીશ ત્યારે હું
આશિષ જગત પે ઉતારીશ-
મનમાં તો નિર્ણીત હતું -
પણ શાપ-વચન બોલાઈ ગયું!

સમજાતું નથી ! સાચું કહું છું !
આ માનવનું મન કે પારો,
જ્યાં હોમવું તું નિજનું મસ્તક
ત્યાં પરનું શેં હોમાઈ ગયું ?

અમેરિકાના લિંકન (નેબ્રાસ્કા) શહેરના 'બ્રોડવે' પર વાગતી એક રેકર્ડમાં કોઈ છોકરી એવું જ ગાતી હતી : "હાવ કેન આઈ બી વ્હોટ આઈ એયંટ ?" "હું જે નથી તે હું કેવી રીતે બની શકું ? જે મારા સ્વભાવમાં નથી તે હું કેવી રીતે કરી શકું ? પરીક્ષણ આવે ત્યારે સામે ઝઝૂમવાનું મન મારામાં રહેતું નથી; હું લપસી જ પડું છું." માનવ જાતની સર્વસ્થળે અને સર્વસમયે

આ જ બૂમ છે. માનવમાત્રનો સ્વભાવ પતિત થયેલો હોઈને એની વૃત્તિ પાપ તરફ જ વળેલી રહે છે.

અને આ અનુભવ કોને નથી થયો ? આત્માનું પતન એજ માનવીના આ અજંપા અને આંતરિક વિભાજિતપણાનું એકમાત્ર કારણ છે. પણ માનવી એ સમજી શકતો નથી, અને સતત અજંપો અનુભવ્યા કરે છે. માનવી પોતે પાપી છે, અને એની વૃત્તિ પાપને વરેલી છે. એનું ભાન માણસને નથી. માત્ર તે આંતરિક અજંપો ઉરના એકાંતમાં રાતદિન અનુભવ્યા કરે છે. અને એ અંદરનો અજંપો શાંત પાડવા માનવી બાહ્ય અને ભૌતિક વાનાંમાંથી આનંદ મેળવવા અનેક મથામણો અને પ્રવૃત્તિઓ આદરે છે. પણ એ મૃગજળ પાછળ સતત દોડતા રહ્યા પછી એની આંતરિક નિરાશા અને વેદના વધતી જ જાયછે, ભલે માનવીને એની સમજણ પડતી ન હોય.

## ૧. માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા?

આ દુઃખી માનવજાતમાં ઈશ્વરને કંઈ રસ છે કે કેમ ? માણસનાં દુઃખ જોઈને તે દુઃખની લાગણી અનુભવે છે કે કેમ ? ઈશ્વર માનવીનાં બધાં કષ્ટો, દિલદર્દો અને વેદનાઓ જુએ છે ખરો, પણ એ માટે એને કોઈ લાગણી થાય છે કે કેમ ? કે પછી એમાં ઈશ્વરને કોઈ નિસ્બત જ નથી ?

**૧. *ભારતનાં દર્શનશાસ્ત્રો અને ઉપનિષદો આ પ્રશ્નને જુદી જુદી રીતે છણે છે. અને એનો પડઘો ગાજી રહે છે : ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ ?***

***મનનું પાપ :***

પરોડપેહિ મનસ્પાપ કિમ્ શસ્તાનિ શંસસિ પરેહિ ન ત્વા કામયે ।

વેદાંતધર્મ જવાબ વાળે છે : ઈશ્વર તો સત્, ચિત્ અને આનંદ (સચ્ચિદાનંદ) છે. એવા બ્રહ્મ સુખ કે દુઃખની કોઈ પ્રકારની લાગણી અનુભવી શકે નહિ. બ્રહ્મ તો અનુભવ અને લાગણીથી પર છે. વેદાંતના સમર્થ મીમાંસક શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે, બ્રહ્મમાં કોઈ અતૃપ્ત અભિલાષા નથી. એટલે તેમનામાં કોઈ પણ પ્રકારની લાગણીનો તરંગ ઊઠતો નથી. છલાછલ ભર્યા સરોવરમાં કોઈ તરંગો ઊઠતા નથી, તેમ જ સંપૂર્ણ સચ્ચિદાનંદ બ્રહ્મમાં લાગણી કે ભાવનાનો કોઈ તરંગ ઊઠતો નથી.

એવા ઊર્મિરહિત બ્રહ્મને માનવીનાં સુખદુઃખમાં કંઈ જ રસ નથી કે

નિસ્બત નથી. ઊલટું, વેદાંત તો શીખવે છે કે સંસાર માત્ર સત્ય નથી પણ માયા છે. માનવી હસ્તી ધરાવતો નથી, અને સુખદુઃખની પણ હયાતી નથી. પાપ-પુણ્ય નથી, અને એનો બદલો પણ નથી. એ બધું સત્યને ઢાંકી દેતું માયા - એ જ્ઞાનનું આવરણ છે. પણ પાપને અને તેથી પરિણમતા દુઃખને માયા નામ આપી ઢાંકપિછોડો કરવો એ ભીંત ભૂલ્યા બરાબર છે. જંગલને માર્ગે જતાં સામો વાઘ મળે, ને આપણી ઉપર તરાપ ટાંપતો હોય, ત્યારે એ તો માત્ર માયા છે, - વાઘ નથી, એમ મન સંતોષવાથી પરિણામ શું આવે એ સમજી શકાય તેમ છે. માયાનો ઢાંકપિછોડો એવો જ ખતરનાક છે.

આ વીસમી સદીનું માનસશાસ્ત્ર પણ એવાં જ ઢાંકપિછોડા ધરે છે. કેટલાક ઉપર છલ્લા માનસશાસ્ત્રીઓ નૈતિક અધઃપતનને હળવાં હળવાં નામ આપી પાપના ડંખને સંતાડી દે છે. પાપી સ્થિતિને તેઓ 'ન્યુરોસીસ,' 'કોમ્પ્લેકસીઝ', 'વિભાજિત વ્યક્તિત્વ' (ડિવાઈડેડ પર્સનાલિટી), 'ગુરુગ્રંથિ,' (સુપીરિઓરિટી કોમ્પલેક્સ), 'લઘુગ્રંથિ' (ઈન્ફીરિયોરિટી કોમ્પલેક્સ), એવાં એવાં નામ આપે છે. પણ ન્યુમોનિયાને માત્ર શરદી એવું નામ આપવાથી ન્યુમોનિયાનું ખતરનાક પરિણામ ઓછું થાય ખરું ?

૨. "કર્મ અને જન્માંતર"નાં સિદ્ધાંતનું શિક્ષણ પણ કંઈક અંશે એવું જ છે. માણસે કરેલાં કર્મનું ફળ તેણે પોતે અટલ ભોગવવું જ રહ્યું, - આ જન્મમાં, કે આવતા જન્મમાં, કે એના પછીના જન્મોમાં. એનાં પાપ-પુણ્યોનાં કર્મનું ફળ ભોગવવા અન્ય કોઈ ભાગીદાર બની શકે નહિ. એણે, એણે, અને એણે એકલાએ જ એ ભોગવવું રહ્યું. કર્મફળના બંધનમાંથી એને અન્ય કોઈ છોડાવી શકે જ નહિ, - માણસેય નહિ, અને ઈશ્વર પણ નહિ. આ શિક્ષણ પ્રમાણે ઈશ્વર માણસનાં દુઃખોમાં દુઃખી થતો નથી, કે એનાં સુખોમાં પ્રસન્ન થતો નથી. મતલબ કે ઈશ્વર માનવીના જીવનમાં સંડોવાતો જ નથી.

૩. પરમાત્મા અને જીવાત્મા-ઈશ્વર અને માણસ અલગ અલગ છે એવું શીખવનાર દ્વૈતવાદ જરા જુદો સૂર કાઢે છે. એ કહે છે : ઈશ્વર સગુણ છે; ભક્તની ભક્તિથી ઈશ્વર પ્રસન્ન થાય છે. ઈશ્વર વર (વરદાન) આપે છે, ભક્તના જીવનમાં તે રસ ધરાવે છે, પણ તે માણસનાં દુઃખોમાં દુઃખી થઈને પોતે માણસના જીવનમાં સંડોવાય, એનાં દુઃખો ઉઠાવે, એ અસંભવિત છે.

તત્ત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રો મનન કરી કરીને મેળવેલા ઊંડા જ્ઞાનના મહાસાગરો છે એ વાત તદ્દન ખરી, પણ માનવ ઇતિહાસમાં ઈશ્વરે માણસજાત માટે કંઈ કર્યું છે કે નહિ, એ વિષે ત્યાં શબ્દ સરખોયે નથી. માણસના દુઃખમાં ઈશ્વર દુઃખી થયો હોય, એમાં પોતાને સંડોવ્યો હોય એવું એકાદ વાક્ય પણ એ દર્શનશાસ્ત્રોમાં ક્યાંયે નોંધેલું નથી. માણસનાં દુઃખ ઉઠાવતો હોય, માણસને બદલે વેઠતો હોય, એવા ઈશ્વરને એમાં ચીતર્યો નથી.

૪. બૌદ્ધ મત પણ માણસના ઉદ્ધારમાં વચ્ચે ઈશ્વરને સંડોવતો જ નથી. દુઃખનું કારણ 'અજ્ઞાન' અને ઇચ્છા જ છે, અને આ બે અનિષ્ટોમાંથી મુક્ત થઈ જવામાં જ 'નિર્વાણ' સમાયેલું છે, એવું તે શીખવે છે. અને માણસે જાતે જ આ નિર્વાણ મેળવી લેવાનું છે. ઈશ્વરને એમાં સ્થાન જ નથી. બૌદ્ધમાર્ગી ચિંતનમાં ઈશ્વરને ક્યાંયે દર્શાવ્યો નથી, અને માણસના જીવનમાં સંડોવાયેલો કે રસ લેતો બતાવ્યો નથી.

૫. 'અલ્લાહો-અકબર' - ઈશ્વર મહાન છે, એવું ઇસ્લામી માન્યતામાં શીખવવામાં આવે છે. અલ્લા સર્વનું મહાન 'કારણ' છે; પોતાની ઇચ્છા પ્રમાણે તે સર્વ પર શાસન કરનાર ન્યાયાધીશ છે ! તે પોતાની ઇચ્છા પ્રમાણે તે સર્વ પર શાસન કરનાર ન્યાયાધીશ છે ! તે પોતાની આપખુદ ઇચ્છા પ્રમાણે પ્રત્યેક માનવીના હક્કમાં કરે છે. કોઈ તેમને 'હા' કે 'ના' કહી શકે નહિ. હા, અલ્લા રહેમાળુ છે એવું તેમના વિશ્વાસનામામાં કહ્યું છે. કોઈ ચક્રવર્તી રાજાધિરાજ પેઠે તે ચાહે તેની ઉપર રહેમ રાખે છે, અને ચાહે તેને દંડ દે છે.

પણ શું આ અલ્લા પોતે બનાવેલા જીવોના હક્કમાં દુઃખ ઉઠાવે ? બિલકુલ નહિ. એવો પ્રશ્ન કરવો એ જ ઈશ્વરનિંદા સમાન છે. ઈશ્વર દુઃખ ઉઠાવી શકે જ નહિ. એટલે તો ઈસા આલેસલામ વધસ્તંભે મર્યા જ નહોતા એવું તેઓ કહે છે. તેમને ક્રૂસની વાત મૂર્ખતારૂપ લાગે છે. ઈશ્વર દુઃખ ભોગવી શકે જ નહિ, મૃત્યુ સહે જ નહિ, માણસોનાં સુખદુઃખમાં તે સંડોવાઈ શકે જ નહિ. કુરાને શરીફમાં અલ્લાહના ૯૯ ગુણ ગણાવ્યા છે, પણ એમાં પ્રેમનો ગુણ સમાવેલો નથી.

૬. નસીબવાદ, પ્રારબ્ધવાદ કે કિસ્મતવાદ કહે છે કે ઈશ્વર સૃષ્ટિનો સૃજનહાર ખરો, પણ હવે એની પોતાની સૃષ્ટિ સાથે એને કંઈ સંબંધ નથી. એણે સૃષ્ટિ સરજીને એનાં ચક્કરો ગતિમાન કરી દીધાં છે. સૃષ્ટિ

હવે એ યોજાયેલા ચક્કરો પ્રમાણે જ ચાલ્યા કરે છે. ઈશ્વર હવે એમાં રસ લેતો નથી, સંડોવાતો નથી, કે કોઈ દરમિયાનગીરી કરતો નથી. ઘડિયાળીએ ઘડિયાળ બનાવ્યું, અને ચક્કરોને ગતિમાન કર્યાં - કોઈને આમ ફરતાં અને કોઈને તેમ ફરતાં બનાવ્યાં. હવે એમાંનાં કોઈ ચક્કર ઊલટી દિશામાં ફરવા ઇચ્છી શકે નહિ, કે ફરી શકે પણ નહિ. એમ જ, વિધિએ નસીબમાં, કિસ્મતમાં નોંધ્યું - ઠરાવ્યું હોય એમ જ બધું ચાલ્યા કરે. આ જડ યંત્રવાદમાં માણસ માત્ર એક યંત્ર બની રહે છે, અને ઈશ્વર માણસના સુખદુઃખથી નિરાળો, અલ્પિત રહે છે, જેમ ઘડિયાળી ઘડિયાળથી અલિપ્ત છે તેમ.

૭. આજનો જડવાદ અને ઉત્ક્રાંતિવાદ ન તો ઈશ્વરમાં માને છે, ન તો આત્મામાં માને છે. આ મત પ્રમાણે પાપ કે પુણ્યકર્મો જેવું કંઈ છે જ નહિ. માણસ થોડીવાર માટે આ દુનિયામાં હયાત છે, અને પછી તે કુદરતનાં તત્વોમાં ભળી જશે, અને એનું અસ્તિત્વ કાયમ માટે લોપ થશે. મૃત્યુ એ જ એનો આખરી છેડો છે.

૮. આ બધાથી ઊલટું, બાઇબલમાં ઈશ્વરને શરૂઆતથી માંડીને માનવજાતમાં રસ લેતા અને પોતાને સંડોવતા વર્ણવ્યા છે. સ્વયંભૂ ઈશ્વર સૃષ્ટિના સર્જનહાર છે; માનવીના બનાવનાર પણ તે જ છે. પણ તેથી આગળ વધીને એ ઈશ્વર માણસના જીવનમાં રસ લેતા આવ્યા છે. માણસના જીવનમાં એના સુખદુઃખમાં પોતાને સંડોવતા આવ્યા છે. બાઈબલમાં જૂનો કરાર કહે છે : "તેમના સર્વ દુઃખોમાં તે (ઈશ્વર) દુઃખી થયો" (યશાયા ૬૩:૯). દુનિયાની જે દુર્દશા છે, તે જોઈને સાચો પ્રેમ દુઃખી થાય જ થાય.

## ૨. બાઇબલમાં ઈશ્વરનું પ્રકટીકરણ

બાઈબલ એ ઈશ્વરનું પોતાનું પ્રકટીકરણ છે. પાપી અને દુઃખી માનવજાતને મુક્તિ બક્ષવા ઈશ્વરે પોતે પોતાને પ્રગટ કર્યો. ઈશ્વરની શોધ કરતી, ઝંખતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. માનવજાતે ફંફોસી ફંફોસીને ઈશ્વરને શોધી કાઢયો, એમ તો નહિ, પણ ઝંખતી-ઢૂંઢતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. બાઈબલ ઈશ્વરે આપેલી આ ક્રમશઃ ઓળખનો ઈતિહાસ છે. અને સમયની સંપૂર્ણતાએ ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પોતાની પૂરી ઓળખ આપી દીધી. વધસ્તંભમાં તો ઈશ્વરના

જાણે કે ખુલ્લા હૃદયને આપણે જોઈઓળખી લીધું. ઈશ્વરના સનાતન હૈયામાં માણસ માટે કેવી લાગણીઓ અને ભાવનાઓ હતી તે આપણે વધસ્તંભે જોઈ શક્યા : "ઈશ્વરે જગત ઉપર એટલો પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકમાત્ર પુત્ર આપી દીધો, એ માટે કે જે કોઈ તેના ઉપર શ્રદ્ધા લાવે તેનો નાશ ન થાય, પણ તે શાશ્વતજીવન પામે" (યોહાન ૩:૧૬).

## ૩. પ્રભુ ઈસુનું પ્રથમ આગમન :

### *ક. પડેલું ભંગાણ સંધાવું જોઈએ.*

ઘરમાં વીજળીનું ભંગાણ પડયું હોય, તે જો ભંગાણ દૂર કરવામાં ન આવે તો વીજળીનો પ્રવાહ ચાલુ થાય નહિ.

તંદુરસ્ત પેટમાં પણ ગોટાળો થાય અને ભંગાણ પડે, જો તે દુરસ્ત ન થાય તો શરીર રોગી બની જાય એટલે એ ભંગાણ પણ દૂર કરાવું જોઈએ. એમ દુનિયામાં અને વિશ્વમાં માણસનાં પાપને લીધે ભંગાણ થયું છે. એ દૂર ન થાય તો ભૂંડાઈ વધી જાય.

પાપને લીધે પડેલા ભંગાણને લીધે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા. માણસોનાં પાપનો શાપ વહોરી લેવાને માટે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યાં. માણસોનાં પાપોને લીધે ભંગાણ પડયું અને તેઓને માટે નરકાગ્નિ નિર્માણ થયો, એ પાપની શિક્ષા પોતાને માથે લેવાને માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તે ક્રૂસ પર બલિદાન બનીને તેનું મુક્તિમૂલ્ય ભર્યું. દુનિયાનાં સર્વમનુષ્યોનું મુક્તિમૂલ્ય તેમણે ભર્યું છે.

હવે જો માણસ એ મુક્તિમૂલ્યનો અને ઈસુનો સ્વીકાર કરે છે, તો તે નરકાગ્નિની શિક્ષાથી તેમ જ પાપના બળ અને પાપના સામ્રાજ્યથી મુક્ત થઈ શકે છે.

### *ખ. પ્રભુ ઈસુ દેહધારી કેમ બન્યા ?*

ઈશ્વર બલિદાન બનવા માગતા હતા પણ ઈશ્વર તો અમર હોઈને કદી મરી શકે નહિ એટલે મરવાને માટે દેહની જરૂર પડી.

બાઈબલમાં લખ્યું છે કે, તેણે મારે સારુ શરીર તૈયાર રાખ્યું છે એમ પ્રભુ ઈસુ ખ્રિસ્તે બેથલેહેમની ગંદી ગંભાણમાં જન્મ લઈને દેહ ધારણ કર્યો.

દુનિયામાં બધાં જીવવા આવે છે. ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત એકલા જ

મરવાને માટે આવ્યા હતા. તે વધસ્તંભ ઉપર મરી ગયા અને બલિદાન બન્યા અને લોકોના પાપને માટે પ્રાણ આપ્યો.

કેમ કે જે કોઈ તેના ઉપર વિશ્વાસ કરે છે તેનો નાશ નહિ થાય પણ તે અનંતજીવન પામશે. એટલું જ નહિ પણ તે પોતાની પાસે આપણને સ્વર્ગમાં લઈ જવા આવનાર છે. તેમણે કહ્યું છે કે, હું રહું છું ત્યાં તમને સ્વર્ગમાં લઈ જઈશ, આ સ્વર્ગ જ્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમને મને લેવા આવવાનો છે.

### ગ. ઈશ્વર સદેહ થયા :

પાપ અને અનિષ્ઠે આપણા ઉપર એવી તો સત્તા જમાવી છે કે આપણે એમાંથી ચસકવા તદ્દન અશક્તિમાન છીએ. આપણું જીવન જાણે ખતરામાં છે. એવી આશાહીન દુર્દશામાં ન તો કોઈ ધર્મ-કર્મ કે ન તો કોઈ સદવિચાર કામ લાગવાનો. આવે વખતે તો કોઈ મહાશક્તિશાળી અને નિષ્કલંક વ્યક્તિ વચ્ચે પડીને અપૂર્વ કાર્ય વડે આપણી દશા પલટી નાખે એ જ જરૂરનું છે. અને એમ જ બન્યું. માનવજાતની આવી બિલકુલ અસાધ્ય દુર્દશામાં ખુદ ઈશ્વરે જાતે દરમિયાનગીરી કરી, અને મુક્તિના મહાકાર્ય દ્વારા માનવીની દુરાવસ્થાને જડમૂળથી પલટી નાખી.

ઈતિહાસની એક પરમ ઘડીએ ઈશ્વર આ અવનિમાં અવતર્યા, માનવદેહધારી બન્યા અને માણસને પાપના બોજમાંથી તથા પાપના સામ્રાજ્યમાંથી મુક્તિ આપવા વધસ્તંભે મર્યા. એજ બાઈબલનો શુભસંદેશ છે. બાઈબલ સદવિચારો અને ધર્મસિદ્ધાંતોનો શુભસંગ્રહ નથી, પરંતુ મુક્તિના એક અજોડ મહાકાર્યની વધામણીની વાત છે, શુભ સમાચાર છે, ખુશ ખબર છે. એટલે જ ખ્રિસ્તી સંદેશો કોઈ તત્ત્વજ્ઞાનની આસપાસ વણાયેલી વાત નહિ, પણ જીવંત વ્યક્તિના એટલે કે દેહધારી ઈશ્વરના અપૂર્વ બલિદાનની આસપાસ-વધસ્તંભની આસપાસ કેન્દ્રિત એવો શુભસંદેશ છે. બાઈબલને પાનેપાને આ જ શુભસંદેશ છે. માણસજાતના ઈતિહાસમાં ઈશ્વરે દરમિયાનગીરી કે અંતરાગમન કર્યું.

### ઘ. ઈશ્વર માનવી જીવનમાં પોતાને સંડોવે છે.

પશ્ચિમના દેશોમાં "રોબોટ" નામનું ઈલેક્ટ્રોનિક યંત્ર બનાવવામાં આવે છે. એને મનુષ્યના આકારનું બનાવાય છે. આ યંત્ર માણસની જેમ પ્રશ્નોના જવાબ આપે છે, ગણિતના દાખલા ગણે છે. કહો તો કવિતા પણ બનાવી શકે છે. માણસના જેવી ઘણી બધી કામગીરી આ 'રોબોટ' બજાવી શકે છે.

પણ શું કોઈ યુવતી આવા યંત્ર-માનવ 'રોબોટ'ની સાથે પ્રેમમાં પડે ખરી ? ના, કદીયે નહિ. કેમ ? કારણ, યુવતીના ધબકતા હૈયા જેવું હૈયું આ યંત્ર-માનવને નથી. યુવતીના પ્રેમના પરછંદા ઝીલી શકે એવું આ યંત્રને હૈયું ક્યાં છે ? યુવતીના સુખમાં કે દુઃખમાં ધબકી ઊઠે એવું હૃદય એને ક્યાં છે ? પ્રેમ તો એકતારે ધબકતાં હૃદયો વચ્ચે જ હોય.

જો ઈશ્વર માનવીનાં સુખદુઃખમાં લાગણી નથી અનુભવતો, જો તે માનવજાતના જીવનમાં પોતાને નથી સંડોવતો, તો ઈશ્વર પણ આવા સર્વસમકક્ષ પણ લાગણીહીન યંત્ર જેવો જ ગણાય ને ! એવા લાગણીહીન ઈશ્વરને કોણ પોતાનું જીવન સમર્પે ? એની સાથે કોણ પ્રેમમાં પડે ? પણ વાસ્તવમાં ઈશ્વર કંઈ રોબોટ જેવો યંત્રવત્ નથી. ઊલટું, બાઈબલમાં તો ઈશ્વરને માનવીના સુખદુઃખમાં ઊંડો રસ ધરાવતો, અને માનવજાતના જીવનમાં પોતાને સંડોવતો બતાવ્યો છે.

પ્રભુ ઈસુ પોતાનો જીવનહેતુ જણાવતાં કહે છે, "ખોવાયેલું શોધવા તથા તારવા સારુ મનુષ્યપુત્ર (પોતે) આવ્યો છે." (લૂક ૧૯:૧૦). એ સમજાવવા તેમણે 'ખોવાયેલી અધેલી', "ખોવાયેલું ઘેટું", અને "ખોવાયેલા દીકરા"ના દૃષ્ટાંત આપ્યાં.

દશમાંથી ખોવાયેલી એક અધેલીને શોધતી પેલી સ્ત્રીની માફક, હા, સોમાંથી ખોવાયેલા એક ઘેટાને શોધવા નીકળેલા ભરવાડની માફક, અને ભટકેલા પુત્રને ઝંખતા પિતાની માફક, પ્રભુ ઈસુ પાપના બિયાબાંમાં ખોવાયેલા માનવીને શોધવા અને મુક્તિ પમાડવા આવ્યા. આ કેવો અજાયબ શુભસંદેશ ! આ કેવી આનંદની વાત !

ખોવાયેલી અધેલી જડતાં એટલી પૂરતી પેલી સ્ત્રીની મિલકત વધી ગઈ! ખોવાયેલા ઘેટાને શોધી લાવતાં ભરવાડનું એટલું પશુધન વધી ગયું ! ભટકેલા-ખોવાયેલા પુત્રને પાછો મેળવતાં પિતા લાભ્યો જ. પણ એક જ શબ્દથી હજારો સૃષ્ટિ બનાવી શકે, અને જેને કોઈ પ્રકારની કશી ખોટ નથી, એવો ઈશ્વર શા માટે માણસને ઝંખે ? શા માટે માણસને શોધવા અને બચાવવા તે નીકળે ? શા માટે માણસ જાતને બદલે તે વધસ્તંભનાં કારુણ્યભર્યા મોતે મરે ? એ જ કારણે કે તે પોતે પ્રેમ છે. 'ઈશ્વર પ્રેમ છે.' (૧ યોહાન ૪:૮)

સારુંયે સ્વર્ગ અને આખુંયે વિશ્વ ઈશ્વરનાં જ છે. તોયે તેનું પ્રેમાળ હૈયું માનવને માટે ઝંખે છે. જાણે ભર્યાં ભર્યાં સ્વર્ગ, અને સુમાર વિનાનાં વિશ્વો

ભટકેલા - ખોવાયેલા માણસને પાછો ઘેર લાવ્યા વગર ઈશ્વરને ઠાલાં ઠાલાં લાગતાં ન હોય ! અહા, આ પ્રેમ ! એટલે જ એદન બાગની પેલી બૂમ : "આદમ, આદમ તું ક્યાં છે ?" એ ગુનેગારને શોધી ધરપકડ કરવા નીકળેલા પોલિસ અફસર જેવી નહિ, પણ છાપામાં જાહેરખબરો આવે છે તેમ, નાસી ગયેલા પુત્રને ઝંખતા પિતાની વાણી જેવી છે, 'પુત્ર, મારા પ્યારા પુત્ર, તું ક્યાં છે ? તું જલદી પાછો ઘેર આવ' અને ઈશ્વર પિતા ખોવાયેલા -ભટકેલા માનવીને શોધવા અને તારવા છેક કાલવરીની ટેકરી સુધી આવ્યા, તે પર લટકાઈ ગયા.

જાણે મા પોતાના તાવથી તરફડતા બાળકને છાતી સરસું ચાંપી દે, અને આંસુભરી આંખે બાળકના ખોવાયેલા મોં સામે જોઈ કહે, "બેટા, મારા લાડકા દીકરા, તારું દુઃખ મારા પર આવી જાય તો કેવું સારું !" લાખ મથામણ અને હૈયાભર્યો પ્રેમ છતાં મા બાળકનું દુઃખ પોતાના પર લઈ શકતી નથી. પણ ઈશ્વરે તો વધસ્તંભે જાણે કે તમને અને મને, હા, આખી માનવજાતને પ્રેમથી છલકાતી છાતીએ ચાંપી દીધી, અને આપણો શાપ અને દંડ પોતાના પર લઈ લીધા !

અમેરિકી પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને દેશને માટે અને નીગ્રોને માટે ઘણું ઘણું કર્યું હતું. એને કોઈએ ગોળીએ માર્યો. લિંકનના શબને ખાસ રેલવે ટ્રેઈનમાં દેશમાં ફેરવવામાં આવ્યું. એક રેલવે સ્ટેશને આ શબ ટ્રેઈન થોભી અને શબને બહાર લાવવામાં આવ્યું, ત્યારે એક નીગ્રો માતા ભારે મેદનીમાં પોતાના બાળકને ઊંચું ધરે છે અને આંખમાં આંસુ સાથે કહે છે : "બેટા, જો, તારો તારણહાર !" અને ઓ તમે પાપની ગુલામીમાંથી છુટકારો પામેલા બધા, જુઓ, વધસ્તંભે આ તમારો તારણહારો ! આવો, એના ચરણે શીશ નમાવો.

અને ઈશ્વર પિતા ખોવાયેલા -ભટકેલા માનવીને શોધવા અને તારવા છેક કાલવરીની ટેકરી સુધી આવ્યા, તે પર લટકાઈ ગયા.

બાઈબલ શીખવે છે કે ઈશ્વરપ્રેમી અને પવિત્ર પિતા છે. અને તેમણે પ્રેમ તથા પવિત્રાઈના ધોરણે આખું વિશ્વ સૃજ્યું છે, અને સર્વ માણસો સ્વર્ગીય કુટુંબમાં ભાંડુઓ છે. એટલે જ જેમ કુટુંબમાં એકની ભૂલ બધાંને ખિન્ન કરે છે, અસર પહોંચાડે છે, તેમ આ સ્વર્ગીય કુટુંબમાં એક જણનું પાપ એનું એકલાનું રહેતું નથી, અને એનું પરિણામ એણે એકલાએ જ ભોગવવાનું

રહેતું નથી. એના પાપે આપણા બધાને કોઈક રીતે દુઃખ ભોગવવું પડે છે, એટલું જ નહિ, પણ એના પાપનું પરિણામ એના અધિકારની બહાર દૂર દૂર અસરો ફેલાવે છે, - હા, ભૌતિક વિશ્વની બહાર ઠેઠ ઈશ્વર સુધી પહોંચે છે, અને વિશ્વના પિતા તરીકે ઈશ્વરને પણ એથી દુઃખ વેઠવું પડે છે. ખરેખર માણસ પોતાનાં પાપનું પ્રાયશ્ચિત કરવાને બિલકુલ અશક્ત છે.

એટલે જ પાપી માણસના અવેજી બનીને માણસને બદલે નિષ્કલંક ઈશ્વરે પોતાની જાતનું બલિદાન આપ્યું. આત્મિક દુનિયામાં માણસના પાપને કારણે ઊભું થયેલું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ કોઈકે સરભર કરવાં રહ્યાં; એ બધું એમ ને એમ સરભર ન થાય. એટલે જ ઈશ્વરપુત્ર પોતે આત્મિક દુનિયાનું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ દૂર કરવા છેક મૃત્યુ સુધીનું પરિણામ ભોગવે છે. પાપ અને એનાં પરિણામ એટલાં ખતરનાક છે.

### *ચ. મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને માણસનું નવું જીવન*

મૃત્યુને વરેલા પ્રભુ ઈસુને વહાલાંઓએ વધસ્તંભથી ઉતારીને કબરમાં દફનાવ્યા. પણ સનાતન ઈશ્વરને કબર જકડી રાખી શકે નહિ. પ્રભુ ઈસુ ત્રીજે દિવસે પ્રભાત ઊગે તે પહેલાં મૃત્યુંજય બનીને પાછા સજીવન બનીને ઊઠયા. ચાળીસ દિવસ સુધી પૃથ્વી પર રહ્યા. એ પછી એમનું સ્વર્ગારોહણ થયું. મૃત્યુંજયી નવલા મહિમાવંત માનવદેહ સહિત તેઓ સ્વર્ગે સિધાવ્યા.

માનવની પાપમુક્તિના મહાકાર્ય ઉપર પ્રભુ ઈસુએ મૃત્યુમાંથી પુનર્જીવિત બનીને મહોર-મુદ્રા મારી છે. અને હવે જે કોઈ તેમની ઉપર શ્રદ્ધા લાવે અને તેમણે સિદ્ધ કરેલી પાપ-માફીનો સ્વીકાર કરે તેને પાપમુક્તિ તથા શાશ્વતજીવન તે બક્ષે છે. આમ ખ્રિસ્ત કેવળ ભૂતકાળની જ ઐતિહાસિક વ્યક્તિ નથી; તે વર્તમાનકાળમાં પણ ખરેખર જીવંત હોઈને હાજર છે. મૃત્યુમાંથી પાછા ઊઠી મૃત્યુંજય બનેલા ખ્રિસ્ત સદાકાળ માટે જીવંત પ્રભુ છે, અને પોતા પર વિશ્વાસ કરનારામાં પવિત્રાત્મા દ્વારા નિરંતર નિવાસ કરતા રહે છે. તેમણે પોતાના શિષ્યોને આ અભયવચન આપ્યું છે કે, “જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું.” (માથ્થી ૨૮:૨૦).

પ્રભુ ઈસુના ક્રૂસ ઉપરના ઉદ્ધારક મહાકાર્ય દ્વારા શ્રદ્ધાળુને ત્રણે પ્રકારના ત્રિકાળી ઉદ્ધાર કે મુક્તિનો સાક્ષાત્કાર થાય છે.

૧. **પાપના દોષ તેમ જ પાપની શિક્ષા યા નરકની શિક્ષામાંથી છુટકારોઃ** મનુષ્યને માટે એનાં પાપનાં પરિણામરૂપે ઊભી થયેલી

શિક્ષા અને નરકની યાતનાને પ્રભુ ઈસુએ પોતે વધસ્તંભ પર સહી લીધી. અને એમ એ બધાંમાંથી મનુષ્યને છુટકારો પમાડયો. પાપનાં ધારાં તેમણે દૂર કરી દીધાં છે. પાપનો દોષ પણ આપણા પરથી દૂર થઈ ગયો. તમારાં અને મારા પાપ બે હજાર વર્ષ પૂર્વે પ્રભુ ઈસુએ વધસ્તંભ પર દૂર કર્યાં. "એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી." (રોમન ૮:૧). પાપનો દંડ, નરકની શિક્ષા આપણે બદલે ઈસુએ વધસ્તંભ પર ખમી લીધાં. હવે આપણે મુક્ત થયા (લૂક ૭:૫૦. ૧ કોરિંથી ૧:૧૮, ૨ કોરિંથી ૨:૧૫. એફેસી ૨:૧૮. યશાયા ૫૩:૫).

૨. **પાપની પકડમાંથી મુક્તિ :** માણસના આત્મા પર પાપની પકડ અને પાપનું બળ જેવાં તેવાં નથી ! પ્રભુ ઈસુ પોતાના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા હવે આપણને નવું જીવન બક્ષે છે. આ નવા જીવનમાં પાપના બળમાંથી, પાપના રાજમાંથી અને પાપની પકડમાંથી આપણે માટે મુક્તિ સમાયેલી છે. પ્રભુ ઈસુ તેમણે મોકલેલા પવિત્ર આત્મા દ્વારા આપણને દરરોજના જીવનમાં પાપ, પ્રલોભન અને કસોટી પર વિજય પમાડે છે. જંગલી ફળના ઝાડને રસદાર અને મીઠા વૃક્ષ સાથે કલમ કરવાથી નવી જાતનાં મીઠાં અને સરસ ફળ આવે, એમ આપણને ખ્રિસ્તમાં જાણે કે કલમ કરવામાં આવ્યાં છે. આ આપણા માટે દરરોજના નવા સામર્થ્યનો અનુભવ હોઈને એ વર્તમાનની વાત બને છે. આ અનુભવ દરરોજ સતત અનુભવવાનો છે. આપમેળે જે આપણે કરી શકતા નહોતા તે બધું પ્રભુ ઈસુ ખ્રિસ્તના આત્મા દ્વારા કરી શકીએ છીએ. કેવા આનંદની વાત ! કેવી પરમમુક્તિ ! (રોમન ૬:૧૪, ૮:૨, ૨ કોરિંથી ૩:૧૮, ગલાતી ૨:૧૯-૨૦. ૨ થેસ્સા ૨:૧૩).

૩. **પાપભર્યા વાતાવરણમાંથી મુક્તિ અને મહિમાવંતા શરીરની પ્રાપ્તિ:** શ્રદ્ધાળુને મૃત્યુ પછી સ્વર્ગમાં વાસ મળશે, જ્યાં પાપ, દોષ, અપરાધ એવું કંઈ જ નહિ હોય, અને વાતાવરણ પાપ રહિત હશે. પ્રલોભનકારી અને ભમાવનારી શેતાનીય અસરો ત્યાં જરાયે નહિ હોય. બધું જ વાતાવરણ પાવનકારી અને પવિત્ર

હશે. ઉદ્ધાર યા મુક્તિનો આ ત્રીજો તબક્કો અથવા ભવિષ્યકાળ છે. (પ્રક્ટી. ૨૧:૨૭).

વળી આ ત્રીજા તબક્કામાં એટલે કે મૃત્યુ પછી શ્રદ્ધાળુઓને મહિમાવંતા શરીર પ્રાપ્ત થશે. યુગને અંતે પાપ અને શાપની અસરો દૂર થવાથી ચૈતન્યમયી તેમ જ રોગ, જરા, અને મૃત્યુ રહિત એવું અજરામર મહિમાવંતું શરીર પ્રાપ્ત થશે. (રોમન ૮:૧૮-૨૩, ૧ કોરિંથી ૧૫:૪૧-૪૪, પ્રક્ટી. ૨૧:૧-૫).

આ પરમમુક્તિ અને શાશ્વતજીવન પામવા પ્રભુ ઈસુ તમને બોલાવે છે. આવો, તેમનું શરણું સ્વીકારી લો.



# પ્રકરણ-૯

# મધ્યપૂર્વ-મીડલ ઈસ્ટ

બીજા વિશ્વયુદ્ધ પછી આ મધ્યપૂર્વ-(મીડલ ઈસ્ટ) નામ પ્રચલિત બન્યું. મીડલ ઈસ્ટમાં નીચેના દેશો આવી જાય છે.

ટર્કી, ગ્રીસ, સાયપ્રસ, સીરીયા, લબાનોન, ઈરાક, ઇઝરાયલ, જોર્ડન, ઈજિપ્ત, સુદાન, લિબિયા, સાઉદી અરેબિયા, કુવેત, યમન, ઓમન, બેહરીન, કતાર, ટયુનીશીઆ, અલ્જીરીઆ, અફઘાનીસ્તાન અને પાકિસ્તાન.

મૂળમાં 'નીઅર ઈસ્ટ' અને "ફાર ઈસ્ટ" એ શબ્દો એશિયાના એ ભાગોને માટે વપરાતા હતા. પણ આજે 'મીડલ ઈસ્ટ'માં અગ્નિ ખૂણા ભૂમધ્ય સમુદ્ર વચ્ચેના દેશોનો અને ભારતનો સમાવેશ થાય છે.

વીસમી સદી સુધી આ બધાં રાજ્યો અસ્તિત્વમાં નહોતાં. પણ આ બધું બદલાઈ ગયું. પહેલાં વિશ્વયુદ્ધ પછી અને ઓટોમન સામ્રાજ્ય તૂટી પડયાં ત્યાર પછી આ બધા દેશોની હદ બંધાઈ, દસ વર્ષ બીજા વિશ્વયુદ્ધ પછી આ પ્રત્યેક રાજ્યની હદ બંધાઈ ગઈ. તેથી આપણે કહી શકીએ કે મધ્ય પૂર્વ-મીડલ ઈસ્ટ તે નવી દુનિયા છે. અને પાછલા થોડા દશકાથી જ અસ્તિત્વમાં આવ્યું છે. ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૭૦ના સમય દરમિયાન આ પ્રદેશની નોંધપાત્ર ગણના થતી ન હતી, પણ ૧૯૮૦માં આ દેશોની વિશ્વના તખ્તા પર સહુથી વધારે મહત્ત્વના દેશોમાં ગણના થાય છે.

## ૧. મધ્યપૂર્વ - (મીડલ ઈસ્ટ)નું મુખ્ય એકીકરણ

આરબો ઓટોમની સામ્રાજયમાંથી છૂટા થયા ત્યાર પછી તેઓની ઇચ્છા હતી કે તેઓ કોઈ સંસ્થામાં જોડાય જેથી તેમનો હેતુ બર આવે. તેથી તેમણે એક કોન્ફરન્સ એલેકઝાન્ડ્રિયા (ઈજિપ્ત)માં બોલાવી. (તા. ૨૫-૯-૧૯૪૫ અને ૮-૧૦-૧૯૪૫) કોન્ફરન્સમાં જે સભ્યો આવેલા તે આ પ્રમાણે હતા. ઈજિપ્ત, ઈરાક, સીરીઆ, લબાનોન, ટ્રાન્સ જોર્ડન, સાઉદી અરેબીયા, યમન

અને પાલેસ્ટાઈનમાં રહેતા આરબોના પ્રતિનિધિ. પાલેસ્ટાઈનમાં રહેતા હતા. તે આરબો બ્રિટિશરોની હકુમતમાં હતા. આમાંથી આરબલીગ અસ્તિત્વમાં આવી. આરબ લીગના મુખ્ય હેતુ આ હતા :

*૧. આરબ પ્રજાઓ સહકારમાં વધે.*

*૨. દુનિયાભરમાં આરબ અવાજને બરાબર રજૂ કરે.*

*૩. પાલેસ્ટાઈનના બધા આરબોનો સહકાર એકત્રિત કરે.*

## ૨. મીડલ ઈસ્ટનાં રાજ્યોની સ્થાપના

આ ખાસ સમિતિની ભલામણો પ્રમાણે બ્રિટીશ મેન્ડેટ હવે મટી ગયું. અને પાલેસ્તાઈનમાં બે રાજ્યોની હસ્તી થઈ : યહૂદીઓનું રાજ્ય ઇઝરાયલ અને આરબોનું રાજ્ય જોર્ડન અસ્તિત્વમાં આવ્યાં. આ ભાગલા પ્રમાણે યરુશાલેમ શહેરના પણ બે ભાગ કરવામાં આવ્યા. અડધા કરતાં ઓછો વિસ્તાર ઇઝરાયલ રાજ્યને મળ્યો અને બાકીનો મોટો વિસ્તાર આરબ રાજ્ય, "જોર્ડન"ને મળ્યો. યરુશાલેમના આ જોર્ડનવાળા વિસ્તારમાં જ જૈતુનપર્વત, કાલવરી,, ઈસુની ખુલ્લી કબર, પિલાતની કચેરી તેમજ અડધો સિયોન પર્વત (જેમાં અસલ મંદિરનો વિસ્તાર તથા રુદનની દીવાલ આવેલાં છે). એ બધાંનો સમાવેશ થાય છે. મંદિરની જગાએ લાંબા સમયથી મુસ્લિમ મકાન છે. એ અગાઉ આપણે જોઈ ગયા.

આ બધું હોવા છતાં તા. ૧૪-૫-૧૯૪૮ (ઇઝરાયલી પંચાગ પ્રમાણે ૫ ઈયાર, ૫૭૦૮) રોજ તેલ-અવીવ શહેરના આર્ટ મ્યુઝિયમમાં યુ.એન.ઓ. તરફથી ઇઝરાયલ રાજ્યની સ્થાપનાની જાહેરાત થઈ. અને ૧૫મીથી બ્રિટિશ હુકમત પૂરી થઈ. ઇઝરાયલના પહેલા પ્રમુખ તરીકે ડૉ. વાઈઝમન ચૂંટાયા, અને વડાપ્રધાન તરીકે ડેવિડ બેન ગ્યુરિયોન આવ્યા. આ સમયે યહૂદીઓ ઘણા બધા દેશોમાંથી વિમાનો અને વહાણો દ્વારા ઇઝરાયેલમાં આવ્યાં.

આરબોએ આરબ લીગ મારફતે ઇઝરાયેલ રાજ્યની સ્થાપનાનો ઉગ્ર વિરોધ કર્યો, અને સામે ચઢીને ઇઝરાયેલ ઉપર ત્રાટકી પડયા. એમાં સિરિયા, ઈરાક, જોર્ડન, લબાનોન અને ઇજિપ્તે ઘણો ભાગ ભજવ્યો. ઇજિપ્તના પાટનગર કેરોમાં આરબ આગેવાનોએ જાહેર કરી દીધું કે, "ઈઝરાયલના વિદ્વંશ માટે આ યુદ્ધ કરવામાં આવશે, અને થોડી જ ક્ષણોમાં મોંગોલિયન

અને ધર્મયુદ્ધોના સમયના કચ્ચરઘાણની યાદ ભૂલાવી દે તેવો કચ્ચરઘાણ યહૂદીઓનો કરવામાં આવશે." આ યુદ્ધ ૨૭ દિવસ ચાલ્યું સંયુક્ત રાષ્ટ્રસંઘની દરમિયાનગીરીથી ૧૯૪૯ના ફેબ્રુઆરીની ૨૪મીએ યુદ્ધ વિરામ થયો તો ખરો, પણ આરબોએ અત્યાર સુધી ઈઝરાયલ સામે આદરેલા યુદ્ધનું પરિણામ એ આવ્યું કે જોર્ડને કબજે કરેલો મોટો વિસ્તાર પોતાનામાં સમાવી લીધો, અને ઈજિપ્તે ભૂમધ્ય સમુદ્ર તરફની ગાઝાની કંઠારપટ્ટીનો કબજે કરેલો મુલક કદી પાછો વાળ્યો નહિ.

તા. ૧૧-૫-૧૯૪૯ રોજ ઈઝરાયલી રાજ્યને રાષ્ટ્રસંઘમાં ૫૯મા સભ્ય તરીકે સ્થાન મળ્યું. સિક્યુરિટી કાઉન્સિલની ભલામણની દરખાસ્તને નવ તરફેણમાં અને એક (ઇજિપ્ત) વિરુદ્ધમાં અને એક તટસ્થ રહેતાં એ મંજૂર થયું. જનરલ એસેમ્બલીમાં ૩૭ મત તરફેણમાં ૧૨ વિરોધમાં અને ૯ તટસ્થ રહેતાં એ દરખાસ્ત મંજૂર થઈ.

*વસતી :*

૧૯૮૫માં ઈઝરાયલ દેશની કુલ વસ્તી ૪૧,૦૬,૧૦૦૦ (એકતાલીસ લાખ છ હજાર એકસો)ની હતી. એમાં યહૂદીઓ ૩૪,૦૪,૦૦૦ (૮૨.૯ ટકા); મુસ્લિમો ૫,૫૪,૦૦૦ (૧૩.૫ ટકા); ખ્રિસ્તીઓ ૯૪,૪૪૦ (૨.૩ ટકા) અને દ્રુસ તથા અન્ય લોકો ૫૩,૩૮૦ (૧.૩ ટકા) હતા.

ઈઝરાયલમાં બિનયહૂદીઓ ૭,૧૦,૦૦૦ છે. જેના ૭૭ ટકા સુન્ની મુસ્લિમો આરબો છે, અને ૧૩.૫ ટકા ખ્રિસ્તીઓ છે, (જેનો મોટો ભાગ આરબ ખ્રિસ્તીઓ છે.) અને ૯.૫ ટકા દ્રુસ તથા અન્ય લોકો છે.

મુસ્લિમોનો મોટો ભાગ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે, જ્યારે ખ્રિસ્તી આરબો મોટાભાગના શહેરોમાં રહે છે. લગભગ ૫૩,૦૦૦ દ્રુસ લોકો કાર્મેલ પર્વતની હારમાળા આસપાસ, તેમ જ ગાલીલ વિસ્તારમાં ગામડામાં રહે છે. ત્યાં તેઓ પાછલાં ૮૦૦ વર્ષથી રહે છે. વળી ૧૨,૦૦૦ બીજા દ્રુસ ગોલન હાઈટ વિસ્તારમાં રહે છે.

ઈઝરાયલમાં ૬૭,૦૦૦ જેટલા આરબોમાંથી ૧૦ ટકા જેટલા બેદુઈનો છે. એમાંનો મોટો ભાગ દક્ષિણના રણમુલક નેગેમ્બમાં રહે છે. અને એમાંનો મોટો ભાગ જૂની ઢબછબ પ્રમાણે અહીં તહીં ભટકતો રહે છે, જો કે હવે ધીમે ધીમે તેઓ એક રહેઠાણમાં ઠરીઠામ થતા જણાય છે.

ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૮૦ની આખર સુધીમાં ૩૦,૦૦,૦૦૦ જેટલા યહૂદીઓ ઈઝરાયલમાં આવ્યાં, ૪૦૭ ખેતી વિષયક ગામડાં સ્થપાયાં અને ૮,૫૦,૦૦,૦૦૦ (સાડા આઠ કરોડ) ઝાડો વાવવામાં આવ્યાં, અને ૧,૬૦,૦૦૦ જેટલાં પાણી ભરાઈ રહેલા કણલોને સૂકવી સુધારી નાખ્યાં.

બિન યહૂદીઓની અને ખાસ કરીને આરબોની વસ્તી પણ બેવડી થઈ. કુદરતી વૃદ્ધિ, સગાંને આવવા દેવામાં આવ્યાં, કુટુંબોનું પુનઃજોડાણ થયું, અને સરકારે જે નીતિ અખત્યાર કરી એ બધાને પરિણામે ઈઝરાયલમાં આરબોની વસતી પણ બેવડી બની છે.

૧૯૯૯ની વસતી ગણતરી પ્રમાણે અત્યારે ૧૯૯૯ના અંતે કુલ વસતી ૬૨ લાખની છે. જેમાં ૪૯ લાખ યહૂદીઓ, ૯,૩૬,૦૦૦ મુસ્લિમો, ૧,૩૧,૦૦૦ ખ્રિસ્તીઓ અને ડ્રુઝ ૧,૦૧,૦૦૦ છે. જયારે બાકી રહેલી પરચુરણ વસતી ૧,૫૨,૦૦૦ છે.

### *પરદેશમાં વસતી યહૂદી વસ્તી : ૧૯૪૮-૬૮*

| મુદત | પરદેશમાં જઈ વસેલા | મુદતના અંત સુધીની વસ્તી | | |
|---|---|---|---|---|
| | | યહૂદી | બિનયહૂદી | કુલ |
| ૧૯૪૮ | ૧૦૧,૮૨૮ | ૭૫૮,૭૦૨ | ૧૨૦,૦૦૦ | ૮૭૯,૭૦૨ |
| ૧૯૪૯ | ૨૩૯,૫૭૬ | ૧,૦૧૩,૮૭૧ | ૧૬૦,૦૦૦ | ૧,૧૭૩,૮૭૧ |
| ૧૯૫૦ | ૧૭૦,૨૪૯ | ૧,૨૦૨,૯૯૨ | ૧૬૭,૧૦૧ | ૧,૩૭૦,૦૯૪ |
| ૧૯૫૧ | ૧૭૫,૦૯૫ | ૧,૪૦૪,૩૯૨ | ૧૭૩,૪૩૩ | ૧,૫૭૭,૮૨૫ |
| ૧૯૫૨ | ૨૪,૩૬૯ | ૧,૪૫૦,૨૧૭ | ૧૭૯,૩૦૨ | ૧,૬૨૯,૫૧૯ |
| ૧૯૫૩ | ૧૧,૩૨૬ | ૧,૪૮૩,૬૪૧ | ૧૮૫,૭૭૬ | ૧,૬૬૯,૪૧૭ |
| ૧૯૫૪ | ૧૮,૩૭૦ | ૧,૫૨૬,૦૦૯ | ૧૯૧,૮૦૫ | ૧,૭૧૭,૮૧૪ |
| ૧૯૫૫ | ૩૭,૪૭૮ | ૧,૫૯૦,૫૧૯ | ૧૮૯,૫૫૬ | ૧,૭૮૯,૦૭૫ |
| ૧૯૫૬ | ૫૬,૨૩૪ | ૧,૬૬૭,૪૫૫ | ૨૦૪,૯૩૫ | ૧,૮૭૨,૩૯૦ |
| ૧૯૫૭ | ૭૧,૨૨૪ | ૧,૭૬૨,૭૪૧ | ૨૧૩,૨૧૩ | ૧,૯૭૫,૯૫૪ |
| ૧૯૫૮ | ૨૭,૦૮૨ | ૧,૮૧૦,૧૪૮ | ૨૨૧,૫૨૪ | ૨,૦૩૧,૦૭૨ |
| ૧૯૫૯ | ૨૩,૮૯૫ | ૧,૮૫૮,૮૪૧ | ૨૨૯,૩૪૪ | ૨,૦૮૮,૬૮૫ |
| ૧૯૬૦ | ૨૪,૫૧૦ | ૧,૯૧૧,૨૦૦ | ૨૩૯,૨૦૦ | ૨,૧૫૦,૪૦૦ |
| ૧૯૬૧ | ૪૭,૬૩૮ | ૧,૯૮૧,૭૦૦ | ૨૫૨,૫૦૦ | ૨,૨૩૪,૨૦૦ |
| ૧૯૬૨ | ૬૧,૩૨૮ | ૨,૦૬૮,૯૦૦ | ૨૬૨,૯૦૦ | ૨,૩૩૧,૮૦૦ |
| ૧૯૬૩ | ૬૪,૩૬૪ | ૨,૧૫૫,૫૦૦ | ૨૭૪,૬૦૦ | ૨,૪૩૦,૧૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯૬૪ | ૫૪,૭૧૬ | ૨,૨૩૯,૦૦૦ | ૨૮૬,૪૦૦ | ૨,૫૨૫,૬૦૦ |
| ૧૯૬૫ | ૩૦,૭૩૬ | ૨,૨૯૯,૧૦૦ | ૨૯૯,૩૦૦ | ૨,૫૯૮,૪૦૦ |
| ૧૯૬૬ | ૧૫,૭૩૦ | ૨,૩૪૪,૯૦૦ | ૩૧૨,૫૦૦ | ૨,૬૫૭,૪૦૦ |
| ૧૯૬૭ | ૧૪,૩૨૭ | ૨,૩૮૩,૬૦૦ | ૨૯૦,૩૦૦ | ૨,૭૭૩,૯૦૦ |
| ૧૯૬૮ | ૨૦,૫૪૪ | ૨,૪૩૪,૮૦૦ | ૪૦૬,૨૦૦ | ૨,૮૪૧,૧૦૦ |

## ૩. ઈઝરાયલના રાજકીય ભાગો

### *૧. યહૂદિયા પ્રાન્ત :*

યહૂદિયા પ્રાન્તની સરહદો દોરવી તે અઘરું છે. આમ તો પૂર્વથી પશ્ચિમ સુધી તે ૮૦ કિ.મી. (૫૦ માઈલ) છે, અને ઉપર ઉત્તરથી દક્ષિણ સુધી ૫૦ કિ.મી. (૩૦ માઈલ) છે. ઉત્તર સરહદે સમરૂન વિસ્તાર આવેલો છે, અને દક્ષિણે સૈકાં પહેલાં ઈદુમિયા વિસ્તાર આવેલો હતો. પણ ઈદુમિયાને યહૂદિયા સાથે જોડી દીધા પછી હવે તો દક્ષિણની સરહદ ગાઝાથી નીચે, અને પૂર્વ મસાદા સુધી વિસ્તરેલી છે.

યહૂદિયા પ્રાંત લગભગ આખો ડુંગરાળ અને પહાડી વિસ્તાર છે. ખેતીવાડીની જમીન ઓછી છે. નીચે નેગીબનો વિસ્તાર ઉજ્જડ અને રણપ્રદેશ જેવો હતો. જમણી તરફ યરદનની ખીણ અને ખાસો સમુદ્ર આવેલો છે.

સદોમ અને ગમોરાહના નાશ પહેલાં તે પ્રદેશ તો યહોવાની વાડી જેવો લીલોછમ પ્રદેશ હતો, અને આજેય છે.

બાઈબલ ઈતિહાસનાં પ્રખ્યાત ગામો અને શહેરો યહૂદિયામાં આવેલાં છે, જેવાં કે યરુશાલેમ, બેથલેહેમ, બેથાનિયા હેબ્રોન, યરેખો, જૈતુનપહાડ, મોરિયાહ પર્વત, સિયોન (યહોવાનું મંદિર પણ ત્યાં જ હતું).

અત્યારે ઈઝરાયલ રાજ્યના સમયમાં યહૂદિયા, સમરૂન અને ગાલીલ જેવાં વિસ્તાર નામો રહ્યા નથી. અને અત્યારે દક્ષિણમાં નગેબનો સમાવેશ થાય છે તે અકાલા તથા ઐલાત સુધી ઈઝરાયલના હાથમાં છે.

છ દિવસના (જૂન ૧૯૬૭) યુદ્ધને અંતે ઈઝરાયલે ઈજિપ્તનો સિનાય દ્વિપકલ્પ જીતી લીધો હતો તે બે કકડે ઈજિપ્તને પાછો આપી દીધો છે. એટલું જ નહિ, પણ પશ્ચિમે ગાઝા વિસ્તારની કંડારપટ્ટી પી.એલ.ઓ.ને (પલિસ્તીન લીબરેશન ઓર્ગેનાઈઝેશન) સોંપી દીધી છે.

એટલું જ નહિ, પણ યરદન નદીના પશ્ચિમ કાંઠાનો કેટલોક વિસ્તાર

રાષ્ટ્રસંઘે જોર્ડનને (હાશિમાઈટ કિંગડમ ઓફ જોર્ડનને) સોંપેલો છે. એમાં મૃત સરોવર, યરુશાલેમનો મસ્જિદ વિસ્તાર, બેથલેહેમ, હેબ્રોન વગેરે સ્થળો જોર્ડનને તાબે હતાં. પણ ૧૯૬૭ના યુદ્ધમાં ઇઝરાયલે એમાંનો મોટોભાગ પાછો મેળવી લીધો છે. અને સિરિયાનો ગોલન હાઈટ વિસ્તાર ઇઝરાયલે લઈ લીધો છે.

અને હવે નવી સંધિઓ પ્રમાણે પી.એલ.ઓ.ને ગાઝાપટ્ટી વિસ્તાર અને યરેખો સોંપ્યાં છે. સિરિયાને ગોલન હાઈટ સોંપવાની વાત ચાલે છે. પણ પી.એલ.ઓ.ને યરુશાલેમ લેવું છે, પણ ઇઝરાયલ એ કદી નહિ સોંપે. ઇઝરાયલને પોતાની આસપાસની પ્રજાઓ સાથે સલાહસંપથી રહેવું છે. જેથી ઇઝરાયલ દેશ શાંતિભરી પરિસ્થિતિમાં વધુ પ્રગતિ કરી શકે.

આમ, નવા ઇઝરાયલ રાજ્યમાં યહૂદિયા, સમરૂન, અને ગાલીલ એવા પ્રાંત નથી. પણ આપણે નવા કરારના સમયનું પેલેસ્ટાઈન જોઈએ છીએ, એટલે તે સમયની રાજકીય પરિસ્થિતિ પ્રમાણે હાલ તો આપણે વિચારીએ છીએ.

પ્રભુ ઈસુના સમયમાં સલ્તનત રોમન બાદશાહ ઓગસ્તસની હતી. અને મહાન હેરોદને આખા પેલેસ્તાઈનનો રાજા (રોમન સરકારે) બનાવ્યો હતો, શરુઆતમાં તેને માત્ર યહૂદિયાનો રાજા બનાવ્યો હતો. પણ પાછળથી તેને યહૂદિયા, સમરુન, ગાલીલ, ઈદુમિયા અને પેરિયાનો રાજા બનાવ્યો.

એના મૃત્યુ બાદ એનો દીકરો આર્ખેલાઉસ યહૂદિયા, સમરૂન ગાલીલ અને ઈદુમિયાનો સત્તાધીશ બન્યો (સરખાવો માથ્થી ૨:૨૨, ૨૩). પણ એની સત્તા રોમનોએ લઈ લીધી. એ પછી યહૂદિયા માટે રોમન ગવર્નર નીમવામાં આવતો. પ્રભુ ઈસુના સમયમાં પોન્તિયસ પિલાત ગવર્નર હતો. આ ગવર્નર કાઈસારિયામાં રહેતો. યરુશાલેમમાં પણ તેના માટે ભવ્ય રહેઠાણ હતું. જ્યારે તે યરુશાલેમની મુલાકાતે આવતો ત્યારે તે આ યરુશાલેમવાળા મકાનમાં રહેતો. વચ્ચે બહુ ટૂંક મુદત માટે હેરોદ આગ્રીપા -૧લો આખા પાલેસ્ટાઈન પર રાજા તરીકે રહ્યો. (પ્રે.કૃ. ૧૨:૧) એ સિવાય રોમન ગવર્નરની સત્તા છેક ઈ.સ.૬૬ સુધી રહી. આ સમયે યહૂદી મક્કાબી ભાઈઓએ રોમન ઝૂંસરી ફગાવી દીધી.

ઈ.પૂ. પહેલી સદીના ૪થા વર્ષમાં યહૂદિયાના બેથલેહેમમાં ભવિષ્યવાણી પ્રમાણે (મિખાહ ૫:૨) જગદોદ્ધારક પ્રભુ ઈસુનો જન્મ થયો

(લૂક ૨:૧-૧૨). પ્રભુ ઈસુના જીવન અને કાર્ય વિશે વિસ્તારથી નથી લખતો. તેમને યહૂદિયાના પાટનગર યરુશાલેમમાં વધસ્તંભે જડી દેવામાં આવ્યા. (નિશાન માસની ૧૪મીએ) અને આશરે ત્રણ વાગે તેમણે પ્રાણ છોડયો. એટલે સાબ્બાથ બેસે (સાંજે ૬-૦૦ વાગતાં) તે પહેલાં તેમને યહૂદિયોની રીત પ્રમાણે દફનાવી દેવામાં આવ્યા, અને રવિવારની વહેલી સવાર પહેલાં તે મૃત્યુંજય બનીને પાછા ઉઠયા.

પહેલી ત્રણ સુવાર્તા પ્રભુ ઈસુની ગાલીલમાંની ધર્મસેવા વિષે વધુ લખે છે, (કદાચ ગાલીલમાં તેમને સારો આવકાર મળ્યો હશે), પણ યહૂદિયામાં પણ તેમણે સારી એવી સેવા આપી હતી, નહિ તો વિરોધીઓ પિલાતની આગળ એવો દોષ કાઢી શક્યા ન હોત કે "પણ તેઓએ (આગેવાનો અને સમુદાયે) વિશેષ આગ્રહથી કહ્યું કે, ગાલીલથી માંડીને અહીં લગી આખા યહૂદિયામાં તે બોધ કરીને લોકોને ઉશ્કરે છે" (લૂક ૨૩:૫).

એમ લાગે છે કે યહૂદિયાના ખ્રિસ્તીઓ આર્થિક રીતે નબળા હતા. એટલે પરદેશોથી જુદી જુદી મંડળીઓ તેઓને આર્થિક સહાય અવારનવાર મોકલતી હતી. (પ્રે.કૃ. ૧૧:૨૮-૩૦. રોમ. ૧૫:૨૫-૨૭, ૧ કોરિંથી ૧૬:૧૩, ૨ કોરિંથી ૯:૫-૭). સ્તેફનના મૃત્યુ પછી ભારે સતાવણી શરૂ થતાં પ્રેરિતો સિવાયના બીજા ખ્રિસ્તીઓ યરુશાલેમ છોડી યહૂદિયા અને સમરુનમાં વિખેરાઈ ગયા (પ્રે.કૃ. ૮:૧). પણ આ પરિસ્થિતિ મંડળીને વિઘ્નરૂપ થવાને બદલે સહાયરૂપ બની કેમ કે જ્યાં જ્યાં ખ્રિસ્તીઓ વિખેરાઈ ગયા, ત્યાં ત્યાં નવી ને નવી મંડળીઓ અસ્તિત્વમાં આવી. (પ્રે.કૃ. ૮:૪, ગલા. ૧:૨૨).

શાઉલ (પાઉલ)ના બદલાણ પછી યહૂદિયા અને સમરૂનની મંડળીઓમાં શાંતિ થઈ. તોપણ વિરોધીઓ તરફથી સતાવણી ચાલુ જ રહી. આખરે ઈ.સ. ૬૬માં જેસ્ટીઅસ ગાલુસ (Gestius Gallus) યરુશાલેમ છોડીને ચાલ્યો ગયો, એ પછી તો મંડળીઓ પર સતાવણી વધુ થઈ, અને તેઓ સુવાર્તા પ્રચાર કરતાં કરતાં અન્ય દેશોમાં પથરાયા. એને કારણે ઈ.સ. ૭૦માં તિતસે યરુશાલેમનો અને યહૂદીઓનો નાશ કર્યો, અને મંદિરને બાળી નાખ્યું, ત્યારે મંડળીઓ એમાં સપડાઈ નહિ, કારણ, મંડળીઓ અન્ય સ્થળોમાં વિખેરાઈ ગઈ હતી. (માથ્થી ૨૪:૧૫, ૧૬, માર્ક ૧૩:૧૪, લૂક ૨૧:૨૦, ૨૧).

એ પછી યહૂદીઓ દુનિયાભરમાં વિખેરાઈ ગયા. થોડાક યહૂદીઓ યરુશાલેમમાં એકઠા થયા હતા, તેમણે વળી પાછો રોમની સામે બળવો

ઊઠાવ્યો, ત્યારે હેડ્રિયન બાદશાહે આવીને યરુશાલેમનો નાશ કર્યો, અને એના સિયોન વિભાગમાં બધે હળ ફેરવ્યું. એટલે છેલ્લા લગભગ ૨૦૦૦ વર્ષ સુધી યહૂદીઓ દુનિયાના ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા. હમણાં તા. ૧૪ મે, ૧૯૪૮માં ઈઝરાયલનું રાજ્ય સ્થપાયું, એટલે યહૂદીઓ દેશદેશથી પાછા આવીને વચનના દેશમાં રહેવા લાગ્યા.

*ખેતી :*

ઈઝરાયલમાં ડુંગરો ઘણા હોવાથી સમોચ્ચ ખેતી (કન્ટુર કલ્ટીવેશન) અથવા ઢોળાવની ખેતી કાયદાની મારફતે ફરજિયાત બનાવવામાં આવી છે. પહોળા પહોળા ચાસ અને રક્ષણાત્મક નીકો દ્વારા વધારાનું પાણી આગળ વહાવી દેવામાં આવે છે.

અગાઉ આપણે જોયું તેમ આ પ્રદેશની જમીન કસ વગરની થઈ ગઈ હતી. પરંતુ જમીનને રસાળ કરનારા રસાયણો અને ખાતરો મૃત સરોવરમાંથી વિપુલ પ્રમાણમાં મળતાં હોવાથી એ તદ્દન સસ્તાં પડે છે. અને એ દ્વારા જમીનને ખૂબ જ ફળદ્રુપ બનાવવામાં આવી છે. દોઢસો વર્ષ અગાઉ જે જમીન ઉજ્જડ, વેરાન, સૂકી અને કસ વગરની થઈ ગઈ હતી, તે ફળવંત લીલીછમ બગીચો બનાવી દીધો છે.

ઈ.સ. ૧૯૨૦-૨૯ સુધીમાં પચાસ લાખ ઝાડ અને વીસ લાખ દ્રાક્ષવેલાઓ રોપવામાં આવ્યા. એકલા મગિદોના મેદાનમાં ૧૦,૦૦૦ યુકેલિપ્ટસનાં ઝાડ રોપવામાં આવ્યા. ઈ.સ. ૧૯૪૯માં ઈઝરાયલનું રાજ્ય સ્થપાયા પછી, થોડા જ સમયમાં ૬૦,૦૦,૦૦૦ (સાઠ લાખ) યહૂદીઓને મારી નાખ્યા હતા. તેની યાદગીરીમાં એટલી જ સંખ્યામાં ઝાડ રોપ્યાં. સુકાણવાળા પ્રદેશમાં ૧૯૦૧થી ૧૯૮૩ સુધીમાં કુલ પંદર કરોડ વૃક્ષો રોપવામાં આવ્યાં છે.

આજે પાલેસ્તાઈનમાં ફૂલો આપતા ૩૦૦૦ છોડ થાય છે. ઘઉં, જવ, દ્રાક્ષ, અંજીર, જૈતવૃક્ષ, દાડમ, મધ, ખજૂર, કેળાં, સંતરાં અને બીજાં સીટ્રસ ફળો, તેમજ જામફળ અને કેરીથી દેશ ભરપૂર બન્યો છે. ટામેટાં અને અખરોટની પેદાશમાં તો ઈઝરાયલ કોઈ પણ દેશને ટપી જાય એવું એમનું ઉત્પાદન છે. બાઈબલમાં આશીર્વાદનું ભવિષ્યવચન લખાયેલું છે કે, "પ્રભુએ સિયોનને દિલાસો દીધો છે.. તેના રણને, એદન બાગ સરખું, ને તેના વનને 'ઈશ્વરની વાડી' સરખું કર્યું છે." (બાઈબલ યશાયા ૫૧:૩).

લગભગ ઓગણીસ સદીઓથી યહૂદીઓ ખેતીકામથી બિન માહિતગાર બન્યા હતા, કારણ, મોટાભાગના દેશોમાં જ્યાં તેઓ વિખરાયા હતા. તેમાં તે દેશોના કાયદાને કારણે તેઓ જમીન ખરીદી શકતા નહિ. છતાં પાલેસ્ટાઈનમાં આવીને તેઓએ ખેતીવાડીનાં જે ધારાધોરણ બાઈબલ તેમજ બાઈબલ પછીનાં યહૂદી સાહિત્યોમાં આપવામાં આવ્યાં છે તે પ્રમાણે ખંતપૂર્વક ખેતી શરૂ કરી. એ ધારાધોરણોને તેઓ સંપૂર્ણપણે વળગી રહ્યા છે. પાછલાં સત્તર જ વર્ષમાં એટલે કે ઈઝરાયલ રાજ્ય સ્થપાયા પછી, ખેડાણ જમીન આજે ૧૯૬૭માં લગભગ ત્રેવડી (અગિયાર લાખ એકર) થઈ છે, અને સિંચાઈવાળો ભાગ પાંચગણો વધ્યો છે. (૪,૧૦,૦૦૦ એકર) અને જમીનમાંથી ઉત્પન્ન પણ ચોગણું થઈ ગયું છે.

ત્યાંના ખેતીવાડીને લગતા સરકારી અમલદારો એમના કામના સાચી રીતે જાણકાર હોય છે. તેઓ ખેડૂતો સાથે સીધો સંબંધ કેળવે છે. અને તેમને શું કરવું, કેવી રીતે કરવું અને ક્યારે કરવું એ બધું રસપૂર્વક સમજાવે છે. શ્રમ, જમીન અને પાણીનો જરાય બગાડ ન થાય અને ઉત્પાદન વધતું જાય એ માટે આ પ્રજા બહુ ચીવટ રાખે છે. કેટલીક જગાએ તો પાણીનો બગાડ ન થાય તે માટે જમીનમાં પાણી ન પાતાં છોડનાં મૂળમાં પાણી 'ઈન્જેક્ટ' કરવામાં આવે છે.

આજે ઈઝરાયલ રાજ્યમાં લગભગ ૯/૧૦ ભાગની જમીન રાષ્ટ્રની અથવા યહૂદી રાષ્ટ્ર ભંડોળની છે, જેથી ખેતીની એક સામટી સમગ્ર યોજના થઈ શકે. વાપરનારાઓને એ જમીન ૪૯ વર્ષના પટ્ટા પર આપવામાં આવે છે.

*કેસરી, બદામી અને કાળા રંગનું પણ રૂ કુદરતી રંગોમાં જ હવે ઉપલબ્ધ થશે. ઈઝરાયલે રંગીન કપાસ પકવી દીધા*

ઈઝરાયલે ટીસ્યુ કલ્ચરથી વિકસાવેલી નવી કપાસની જાત દ્વારા વિશ્વને રંગીન કપાસ (રૂ)ની ભેટ ધરીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે. જેરુસલેમથી તેલઅવીવ વચ્ચેના રણ વિસ્તારમાં સફેદ કપાસની સાથે સાથે રંગીન કપાસ પકવી બતાવ્યો છે. કેટલાંક ખેતરોમાં બદામી રંગનો કપાસ તો કેટલાંક ખેતરોમાં કેસરી રંગનો કપાસ તૈયાર કરી દીધો છે, એટલું જ નહીં પણ કાળા રંગનો કપાસ પણ ઉપલબ્ધ કરી દીધો છે.

ઈઝરાયલની મુલાકાતથી પાછા ફરેલા ગુજરાતના ખેડૂતોના પ્રતિનિધિ

મંડળના અગ્રણી અને ગુજરાત કૃષિ બહાર બોર્ડના અધ્યક્ષ શ્રી શંકરલાલ ગુરૂ તથા દહેગામ માર્કેટ કમિટિના ચેરમેન શ્રી ચન્દ્રકાન્ત ડી. શાહે 'ગુજરાત સમાચાર' સાથેની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે ઈઝરાયેલમાં સામુહિક ધોરણે ખેતી થાય છે, જેને કિબુત્ઝ ફાર્મ કહે છે. વ્યક્તિગત ધોરણે થતી ખેતીને મોસાવ કહે છે. અહીં કપાસનું વાવેતર ૩ા' ૪ર"ના અંતરે થાય છે. મજૂરી મોંઘી હોવાથી કપાસ વીણવા માટે પણ મશીન વાપરવામાં આવે છે. કપાસને અઠવાડીયે બે વખત ડ્રીપ ઈરીગેશન સીસ્ટમથી પાણી આપવામાં આવે છે. જરૂસલેમની ગટરમાંથી છૂટેલું પાણી ફિલ્ટર કરીને કપાસ માટે અપાય છે. જેરૂસલેમથી આ પાણીને અહીં આવતાં દોઢ દિવસ લાગે છે.

ઈઝરાયલમાં ૫૦ લાખની વસ્તી પૈકી ચાર ટકા માણસો જ ખેતી કરે છે. મજૂરી મોંઘી હોઈ ઈઝરાયલને હવે ખેતી પરવડતી નથી. તે એક નવો અભિગમ છે. ઈઝરાયલે હવે ટુરીઝમ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંડયું છે.

ઈઝરાયલે હવે છથી આઠ ઈંચ લાંબા મરચાં પકવી બતાવ્યાં છે. તેની છાલ જાડી પરંતુ તીખાશ ઘટાડી નાખી છે.

કેરી એ ઈઝરાયલનો મૂળ પાક ના હોવા છતાં ઈઝરાયલે અમેરિકાથી આંબાની કલમો લાવીને રોપી છે. ઈઝરાયલે ઉગાડેલી કેરીની જાતો રોઝી, ડેર/હાઈમેન, કાર, ફાઈનેસ અને માયા મુખ્ય છે. ઈઝરાયેલે કેળાં, નારંગી, લીચી અને જામફળ પણ પકવવા માંડયાં છે. એ જ રીતે "ગ્રીન હાઉસ"ઊભાં કરી તેમાં જે ફળફળાદી તથા શાકભાજી માટે કૃત્રિમ આબોહવા સર્જી વિક્રમ ઉત્પાદનો પણ લીધાં છે. ઈઝરાયલની કુલ ખેતીની આવકના ત્રીજા ભાગની આવક ઓરેંજમાંથી થાય છે.

અહીં "બાઈબલ"માં જેનો ઉલ્લેખ છે તેવાં ધાર્મિક હેતુસર "તામારીસ" નામનાં વૃક્ષો ઉગાડવામાં આવે છે, જે વગર વરસાદે થાય છે.

*(૨૯-૧૦-૯૪ ગુજરાત સમાચાર)*

## *પાણીના સંકટમાં સપડાયેલું ઈઝરાયલ*

ઈઝરાયલમાંથી પ્રગટ થતા જુદાં જુદાં સામયિકોની માહિતીના આધારે જાણવા મળ્યું છે કે ઈઝરાયલે તેના અગાઉના દુકાળો કરતાં આ વીસમી સદીના અંતમાં ભયંકર દુકાળનો સામનો કરવા તૈયારી રાખવી પડશે. આ પરિસ્થિતિ ઈઝરાયલ સાથે જોર્ડન તેમ જ સિરિયાની પણ રહી છે.

મીડલ ઈસ્ટ શાંતિવાર્તા જ્યારે તેના અંતિમ તબક્કામાં પહોંચી છે ત્યારે આ વાર્તાલાપમાં પાણીનો પ્રશ્ન પણ સંવેદનશીલતાના ઉચ્ચ શિખરે પહોંચ્યો છે.

ઇઝરાયેલમાં શુદ્ધ પાણીની જરૂરીઆતનો ૩જો ભાગ ગાલીલ સમુદ્ર પૂરો પાડે છે પરંતુ હવે તે ૧૦૦ સો વર્ષ ઘટી ગયો છે. જ્યારે સિરિયાની ખાબોર નદી ગયા ઉનાળામાં સંપૂર્ણ સૂકાઈ ગઈ. સપ્ટેમ્બરની શરૂઆત અને નવે.ના અંતભાગ સુધીમાં સામાન્ય વર્ષોની સરખામણીમાં યરુશાલેમમાં ૮૦ મીલીમીટરની જગાએ ૭ સાત એમ.એમ. જ્યારે તેલ અવીવમાં ૧૧૦ એમ.એમ.ને બદલે ફક્ત ૧૭ એમ.એમ. વરસાદ થયો. જો આવતી સીઝનમાં સામાન્ય પ્રમાણે વરસાદ વરસે તોપણ પાણીનાં તળ લેવલ ભયંકર રીતે આખા પ્રદેશમાં નીચાં રહેશે. એક અહેવાલ પ્રમાણે જો આ વર્ષે શિયાળુ વરસાદ પૂરતા પ્રમાણમાં ન વરસે તો આવતી ઋતુમાં દમાસ્કસે પણ પાણી વગર રહેવું પડશે.

ઇઝરાયલના નવે. ૧૯૯૯ના એક હેવાલ પ્રમાણે ગાલીલ સમુદ્ર સમારી ન શકાય તેવી ભયાનક હાનિ તરફ જઈ રહ્યો છે. એક માપણી મુજબ જ્યારે તે સંપૂર્ણ સપાટી પર હોય ત્યારે તેનું લેવલ દરિયાની સપાટીથી ૨૧૭ મીટર નીચું રહે છે. પરંતુ ૧૯૯૩થી તેનું લેવલ ૪ મીટર ઘટીને ૨૧૩ મીટરની સપાટી પર પહોંચી ગયું છે. પાણીના નિષ્ણાતોએ આ સપાટીને રેડ લાઈન તરીકે ગણાવી છે. ઓક્ટોબરમાં તો આ સપાટી તેનાથી પણ નીચે પહોંચી ગઈ છે જે ઇઝરાયલની સ્થાપના પછીની સૌથી પ્રથમ ઘટના છે. આને કારણે રોજના દોઢ કરોડ ક્યુબીક મીટરની જગાએ બે લાખ પચાસ હજાર ક્યુબીક મીટર જ પાણી ખેંચવામાં આવે છે. જે ઉત્તરીય ઇઝરાયલની સૌથી ઓછામાં ઓછી જરૂરિયાત પૂરી પાડે છે.

પાણીના આ દુકાળના પરિણામે ઇઝરાયલમાં ખેતીવાડીનો અંત આવે તેવું જણાય છે. ગયા વર્ષે ખેતીવાડી વિભાગે એક હુકમ કરીને ખેતીવાડી પર ૪૦ ટકા કાપ મૂક્યો હતો. પરંતુ હકીકતમાં ખેડૂતોએ તો ૧૦થી ૨૦ ટકા કાપ જારી રાખ્યો. આંકડાશાસ્ત્રીઓના મત મુજબ દર ૫૦ વર્ષને અંતે એક વાર દુકાળ આવે જો તે પ્રમાણે આ વર્ષે દુકાળ પડે તો ખેતીવાડીને પૂરા પડાતા પાણી ઉપર ૮૦ ટકા કાપ મૂકવો પડે. જે હકીકતમાં ઇઝરાયલની ખેતીવાડીની ફસલનો અંત લાવી શકે. કદાચ આ વર્ષે પૂરતો વરસાદ પડે તોપણ ખેતીવાડી માટે તો ફક્ત ૫૦ ટકા જ વપરાશ માટે દબાણ કરવામાં આવશે. કપાસ અને

નારંગીના જેવા પાકોને બદલે દુકાળમાં થઈ શકે તેવા પાકો લેવા માટે ખેડૂતોને વાળવામાં આવશે.

ઈઝરાયેલનો મોટાભાગનો પાણીનો ભૂગર્ભ જથ્થો યહૂદા અને સમરૂનની ટેકરીઓમાં સમાયેલો છે. પરંતુ પેલેસ્ટાઈન આને પોતાનો હોવાનો દાવો કરે છે. જોકે પેલેસ્ટાઈનમાં પણ પાણીની તંગીનો પ્રશ્ન છે. પરંતુ ગયા વર્ષે નવા સાત કૂવાઓ ડ્રીલીંગ કરવા માટે ઈઝરાયલની વારંવારની વિનંતિઓ પેલેસ્ટાઈને ફગાવી દીધી. હકીકતમાં ઈઝરાયલમાં કોઈપણ વ્યક્તિને અંગત રીતે તેની મિલકતમાં કૂવો ખોદવાની પરવાનગી નથી. લંડન યુનિવર્સિટીના પ્રોફેસર ટોની એલને એક તાજા કાર્યભારમાં સલાહ આપી છે કે, ઈન્ડસ્ટ્રીઝ વેપાર અને ટુરીઝમ ક્ષેત્રે જ્યાં ખેતીની પેદાશ કરતાં પાણીની આવક સો ગણી વધારે છે તેવા ક્ષેત્રે ખેતીને બદલે પાણીનો ઉપયોગ કરવો તે વધારે ફળદાયી છે. ઈઝરાયલના પડોશી દેશ જોર્ડનમાં પણ પાણીની તીવ્ર અછત વર્તાઈ રહી છે.

આ તંગી પાણી પૂરતી જ સીમિત રહેશે નહિ પરંતુ તે ઈઝરાયલની આર્થિક બાબતોને પણ યાત્રાળુના ક્ષેત્રથી અસરકારક બનશે. પ્રોફેસર મોસે ઈનબાર પોતાના કથનમાં આગળ દોહરાવે છે કે ખ્રિસ્તી યાત્રાળુઓને યરદનમાં બાપ્તિસ્મા લેવું અશક્ય બનશે જ્યારે ગાલીલના લોકોને આ પાનખર બાપ્તિસ્મા લેવા માટે રોકશે.

તજજ્ઞોના જુદા જુદા અભિપ્રાયો છતાં એક વસ્તુ ચોક્કસ છે કે ઈઝરાયલમાં પાણીની સખત તંગીનો પ્રશ્ન સળગતો છે. ઈજીપ્ત કોઈપણ પ્રકારનો સહકાર આપવા તૈયાર નથી. પાણી પૂરવઠા અને જાહેર બાંધકામના ઈજીપ્તના પ્રધાન મોહમદ અબુ ઝર્યાદના શબ્દોમાં ઈજીપ્ત તેના પાણી પૂરવઠાની નિકાસ કરશે નહિ. અને તેની સરહદની પાર પાણીનું એકપણ ટીપું પસાર થવા દેશે નહિ.

### *ઈઝરાયેલના પાણીનો પ્રશ્ન ઈશ્વર જ હલ કરી શકે*

ઈઝરાયલ હજુ એ બાબતથી અજાણ છે કે બાઈબલના કથન પ્રમાણે દુકાળ એ પાપનું મૂળ છે. આત્મિકવાનાં, યાને પસ્તાવાથી જ દુકાળનો અંત લાવી શકાય. આપણાં પાપોનો પસ્તાવો જ આશીર્વાદ અને વરસાદ લાવી શકે. યહોવાએ ઈઝરાયલ માટે જે દાખલો પૂરો પાડેલ છે તે પ્રમાણે ઈશ્વર તરફ પાછા ફરીને પસ્તાવાથી પ્રાર્થના કરવાથી આ દુકાળ ભાગી શકે છે.

યહોવા પોતે તેમને આ દેશમાં લાવ્યા છે, તેમને જાણ છે કે તેમને કેટલા પાણીની જરૂર છે, પરંતુ ઈઝરાયેલ જ્યારે ઈઝરાયેલના દેવ યહોવા તરફ પાછા ફરશે ત્યારે જ આ દુકાળમાંથી કાયમી રાહત પ્રાપ્ત કરી શકશે.

માઓઝ ઇઝરાયલી કે જે તેલ અવીવ ઈઝરાયેલના સંદેશાવાહક પાળક છે. તેમના ઉપરોક્ત કથનમાં સમાયેલ સત્યમાં આગળ જણાવે છે કે યહોવાએ મોશે મારફતે જે દર્શન આપ્યું તે પ્રમાણે "જો તેઓ પાપથી ફરે અને તારા સ્થાન તરફ મુખ ફેરવી પ્રાર્થના કરે તો તારા લોક ઇઝરાયલના પાપની ક્ષમા આપજે અને તારો દેશ તેં તારા લોકને વારસા તરીકે આપ્યો છે તેમાં વરસાદ મોકલજે."

મંદિરના અર્પણવિધિ સમયે શલોમન રાજાની પ્રાર્થના વાંચો (૧ રાજાઓ ૮:૩૫-૩૬, ૫૩)

## ૨. *સમરૂન પ્રાંત :*

સમરૂન પ્રાંત અગાઉ પાલેસ્તાઈન તરીકે ઓળખાતા પ્રદેશની મધ્યમાં આવેલો છે. એ ૬૪.૪ કિ.મી. (૪૦ માઈલ) લાંબો અને ૫૬.૩ કિ.મી. (૩૫ માઈલ) પહોળો છે. આ પહાડી છે. આ પ્રદેશ ઇઝરાયલના બીજા ભાગો કરતાં ઓછો ઊંચો છે. ઘણી ટેકરીઓ ગોળાકાર છે. તેને ફરતી ઊંડી ઊંડી ખીણો આવેલી છે. એમાં આવેલા ખેતરો તથા જૈતુનવૃક્ષો લચી પડેલાં દેખાય છે. આ પ્રદેશને સારી સિંચાઈ મળતી હોવાથી પાક સારો ઉતરે છે. પ્રદેશની સરેરાશ ઊંચાઈ ૨૦૦૦ ફૂટ છે. ત્યાંથી ખાઈઓ ઊંડી અને ઘણાં કોતરોવાળી છે. ડુંગરો ને ટેકરીઓ વચ્ચે મેદાનો અને સપાટ પ્રદેશો આવેલાં છે. દોથાનનો ખીણપ્રદેશ, સમરૂનનો ખીણ પ્રદેશ અને શકેમનો ખીણ પ્રદેશ આ વિસ્તાર આવેલા છે. આ ખીણ પ્રદેશમાં થઈને ઈજિપ્ત (મિસર) જવાનો ધોરીમાર્ગ આવેલો છે.

પ્રભુ ઈસુના જમાનામાં પાલેસ્તાઈન દેશ ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો. ઉત્તરના ગાલીલ પ્રાંત, દક્ષિણમાં યહૂદિયા પ્રાંત અને મધ્યમાં સમરૂનપ્રાંત આવેલો હતો. સમરૂન આજે સમારિયા તરીકે ઓળખાય છે. આ ભાગને એટલે કે સમરૂનને પવિત્ર ભૂમિનો ભાગ ગણ્યો નથી. એમાં એફ્રાઈમ તથા અર્ધ મનાશ્શેહ કુળનો ભાગ આવી જાય છે. સમરૂનીઓ અને યહૂદીઓ વચ્ચે શરૂઆતથી જ દુશ્મનાવટ શરૂ થઈ હતી, અને એઝરા નહેમ્યાના સમયમાં સમરૂનીઓ મંદિર બાંધવામાં યહૂદીઓને ગેરવાજબી અટકાવ કરતા હતા. આપણા પ્રભુ ઈસુના વખત સુધી આ બંને કોમો વચ્ચે અણબનાવ ચાલતો

આવતો જોવામાં આવે છે. યહૂદીઓ સમરૂનીઓને હલકા ગણી તેમની સાથે કંઈ પણ વ્યવહાર રાખતા નહોતા. (યોહાન ૪:૯, લૂક ૯:૫૨). ગાલીલ પ્રાંતમાંથી યહૂદિયા પ્રાંતમાં આવવું હોય તો સમરૂન પ્રાંતમાં યહૂદીઓ પ્રવેશતા નહોતા, પણ યરદન નદી ઓળંગી યહૂદિયામાં પ્રવેશતા.

ઘણા સમરૂનીઓએ સુવાર્તાનો અંગીકાર કર્યો હતો. સૈખારના કૂવાકાંઠે ઈસુએ જીવતા પાણી સંબંધી જેની સાથે વાત કરી હતી તે સ્ત્રી સમરૂની હતી. (યોહાન ૪:૫-૪૨). એ સમરૂની સ્ત્રીની સાક્ષીથી સૈખાર ગામના કેટલા બધા લોકોએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો ! આ બધા સમરૂનીઓ હતાં. ખ્રિસ્તે એક ભલા સમરૂનીનું દૃષ્ટાંત પણ કહ્યું છે. (લૂક ૧૦:૩૩-૩૭). આભાર માનવાને પાછો આવેલો કોઢી તે પણ સમરૂની જ હતો (લૂક ૧૭:૧૬).

સમરૂનમાં ત્રણ મુખ્ય પર્વતો આવેલા છે. પહેલાં બે એબાલ અને ગીરીઝમ. આ બંને પહાડો શખેમની ખીણની બે બાજુએ આવેલા છે. એટલામાં જ સૈખાર ગામ અને યાકોબનો કૂવો આવેલો છે. ત્રીજો ડુંગર બઆલ હાસોર છે. તે બેથેલની ઉત્તરે આવેલો છે. બાઆલ-હાસોર તે સૌથી ઊંચું શિખર છે. તેની ઊંચાઈ ૩૩,૦૦૦ ફૂટ છે. સમરૂન પ્રાંતનો દક્ષિણ ભાગ બાકીના ભાગ કરતાં જુદો છે. તે વેરાન જેવો લાગે છે.

આ સમરૂની લોકો કોણ હતા? એ ખુલાસો ઈતિહાસનું એક રસિક પાનું છે. મૂળમાં આ વિસ્તાર ઇઝરાયલના રાજ્યમાં હતો અને સમરૂનીઓનું પાટનગર હતું. સમરૂનમાં યરીયાગ માટે વૈદી પણ બાંધવામાં આવી હતી. જેની સામે પ્રબોધકોએ વિરોધના અનેક ઉચ્ચારણો કર્યાં છે.

દશ કુળના અગર ઇઝરાયલના રાજા ઓમ્રીએ આ શહેર બંધાવ્યું હતું. શેમેર નામના માણસે પાસેથી ઓમ્રીએ આ પહાડનો પ્રદેશ રૂપિયા ૩૧,૦૦૦ આપીને ખરીદ્યો અને એના ઉપર આ સમરૂન શહેર વસાવ્યું. બુરજ જેવા આ શહેરનું સમરૂન નામ વ્યાજબી છે, કારણ એનો અર્થ થાય છે. ચોકી (૧ રાજા. ૧૬:૨૪). મોટે ભાગે સમરૂનમાં યહોવાની ભક્તિને બદલે વિદેશી દેવદેવીઓની મૂર્તિપૂજા જ ચાલતી રહી છે.

ઇઝરાયલ રાજ્યના પાછલા દિવસોમાં આશ્શુરના બળવાન રાજ્યના રાજાઓ ઇઝરાયલ રાજ્ય પર ચઢી આવ્યા (સાર્ગોન રાજા, આશ્શુર બાનીપાલ રાજા અને ઈ.પૂર્વે. ૭૪૦માં મોટા ભાગના લોકોને ત્યાંથી ઉપાડીને આશ્શુર લઈ ગયા; થોડા જ લોકોને પાછળ રહેવા દીધા. ૨ કાળ. ૩૪:૬, ૯ અને

ખાલી પડેલા સમરૂનના મુલકમાં બાબિલોનથી, હામાથમાંથી, અરબસ્તાનમાંથી અને પાછળથી એલામ અને અન્ય પ્રદેશોમાંથી ત્યાંના લોકોને લાવીને અહીં વસાવ્યા (૨ રાજા ૧૭:૧૯). તેઓ પોતપોતાનાં દેવદેવીઓને સાથે લાવ્યા હતા, અને તેમનું ભજનપૂજન કરતા હતા. પાછળની સમરૂની પ્રજા અરસપરસનાં લગ્નોમાંથી થયેલી છે.

મોટાભાગની વસતી જતી રહી હોવાથી જંગલનાં હિંસક પ્રાણીઓ અને સિંહો વસાહતોના પ્રદેશમાં આવી લોકોને ફાડી ખાતાં હતાં. આથી આ લોકોએ આશ્શુરી રાજા આર્ગોનને ફરિયાદ કરી કે આ પ્રદેશના દેવનું ભજન કેવી રીતે કરવાનું તે અમે જાણતા નથી, એટલે તે અમારા પર કોપાયમાન થઈને અમને ફાડી ખાવા માટે હિંસક પ્રાણીઓ મોકલે છે. આ સાંભળીને આશ્શુરી રાજાએ, પોતે પકડી આણેલા ઇઝરાયેલીઓમાંથી યહોવાના એક યાજકને મોકલી આપ્યો, જેથી તે આ લોકોને દેશના દેવનું ભજન કરતાં શીખવે. આ યાજકના શિક્ષણ પ્રમાણે આ મિશ્ર પ્રજા યહોવાની ભક્તિ કરતી થઈ. તેઓ મોશેનાં પાંચ પુસ્તકોને માનતા વાપરતા થયા, અને સાથે સાથે પોતાની સાથે આણેલાં દેવદેવીઓની ભક્તિ પણ ચાલુ રાખી.

પરદેશમાંથી લાવવામાં આવેલા આ મિશ્ર લોકો પાછળથી સમરૂનીઓ તરીકે ઓળખાયા. તેઓ વંશજો ન હોવાથી અને પરદેશીઓ હોવાથી યહૂદીઓ તેમનો સ્વીકાર નહોતા કરતા. તેમની સાથે રોટી બેટીનો કે કશો જ વ્યવહાર રાખતા ન હતા, તે એટલે સુધી કે ઉત્તરે ગાલીલ તરફથી છેક નીચે યહૂદિયામાં યરુશાલેમમાં જવું હોય તો ધોરી માર્ગ સમરૂનમાં થઈને જતો હોવા છતાં યહૂદીઓ સમરૂનીઓના પ્રદેશમાં ન પ્રવેશતા.

ગાલીલમાંથી જ યરદન નદી ઓળંગી નદી પાર પૂર્વના મુલકમાં થઈને મુસાફરી ચાલુ રાખતા, અને છેક યહૂદિયાનો મુલક આવે ત્યારે જ યરદન નદી ઓળંગી યહૂદિયાના પ્રદેશમાં પ્રવેશ કરતા.

આજે સમરૂનના વિસ્તારમાં ૪૦૦ જેટલાં સમરૂની કુટુમ્બ રહે છે. ભક્તિ કરવા તેઓ ગીરીઝમ પર્વત પર જાય છે. મોશેના પાંચ પુસ્તકો તેમની પાસે ઓળિયાના સ્વરૂપમાં છે. તેમાંથી તેઓ ભક્તિસભા વખતે વાંચન કરે છે.

સમરૂનમાં સુવાર્તિક ફિલિપે સુવાર્તા પ્રગટ કરી હતી. એ પછી ત્યાં સારી ધર્મ જાગૃતિ આવી હતી.

સમરૂનમાં સ્થપાયેલી નાની મંડળીની પિત્તરે તથા યોહાને મુલાકાત

લીધી હતી. ફિલિપે સમરૂન શહેરમાં જઈને તેઓને ખ્રિસ્તી વિષે બોધ કર્યો, એ વિષે બાઈબલમાં વૃતાંત આપેલું છે. ફિલિપે કહેલી વાર્તા સાંભળીને તથા તેણે કરેલા ચમત્કારો જોઈને ત્યાંના લોકોએ તેની વાતો પર એક ચિત્તે ધ્યાન આપ્યું, કેમ કે જેઓને અશુદ્ધ આત્માઓ વળગ્યા હતા, તેઓમાંના ઘણામાંથી અશુદ્ધ આત્માઓ મોટી બૂમ પાડતાં બહાર નીકળ્યા, અને ઘણા પક્ષઘાતીઓને તથા લૂલાઓને સાજા કરવામાં આવ્યા. તે શહેરમાં બહુ આનંદ થઈ રહ્યો.

બાઈબલનું વૃત્તાંત આ પ્રમાણે છે.

સિમોન નામે એક માણસ તે શહેરમાં અગાઉ જાદુ કરતો હતો, અને હું કોઈ મહાન વ્યક્તિ છું એમ કહીને સમરૂનના લોકોને છક કરી નાખતો હતો. નાનાથી મોટા સુધી સર્વ તેનું સાંભળતા. તેઓ કહેતા કે, ઈશ્વરની જે મહાન શક્તિ કહેવાય છે, તે એ માણસ છે. તેણે ઘણી મુદતથી પોતાની જાદુક્રિયાથી તેઓને છક્ક કરી નાખ્યા હતા. માટે તેઓ તેનું સાંભળતા હતા. પણ ફિલિપ ઈશ્વરના રાજ્ય તથા ઈસુ ખ્રિસ્તના નામ વિશે સુવાર્તા પ્રગટ કરતો હતો. તેવામાં તેઓનો વિશ્વાસ તેના પર બેઠો અને પુરુષોએ તેમ જ સ્ત્રીઓએ પણ બાપ્તિસ્મા લીધું. સિમોને પોતે પણ વિશ્વાસ કર્યો, અને બાપ્તિસ્મા પામીને ફિલિપની સાથે રહ્યો, અને ચમત્કારો તથા મોટાં પરાક્રમી કામો બનતા જોઈને તે આશ્ચર્ય પામ્યો. (પ્રે.કૃ. ૮:૯-૧૩)

### *૩. ગાલીલ પ્રાંત*

રોમન સામ્રાજ્યના વખતમાં પાલેસ્તાઈનના ત્રણ ભાગ પડયા એટલે કે ગાલીલ પ્રાંત, વચમાં સમરૂન પ્રાંત અને નીચે દક્ષિણમાં યહુદિયા પ્રાંત. ત્રણેમાં ગાલીલ સૌથી મોટો હતો. આ પ્રાંતમાં નાફતાલી, ઝબૂલૂન તથા યિસ્સાખારના કુળોને આપવામાં આવેલા પ્રદેશ હતા. ગાલીલપ્રાંતની લંબાઈ ૯૬.૬ કિ.મી. (૬૦ માઈલ) અને પહોળાઈ ૪૦.૨ (૨૫ માઈલ) ની છે. જોકે ગાલીલ વિસ્તારની સીમાઓ વારંવાર બદલાતી રહી છે. પ્રભુ ઈસુની પૃથ્વી પરની હયાતી દરમિયાન ગાલીલ પ્રાંત હેરોદ આન્તિયાસના અધિકાર નીચે હતો, ત્યારે એની સરહદ ૪૦ કિ.મી. (૨૫ માઈલ) પૂર્વે પશ્ચિમે અને ઉત્તર દક્ષિણે ૬૦ કિ.મી. (૩૭ માઈલ) હતી. ગાલીલનો સમુદ્ર આ વિસ્તારમાં આવેલો છે.

આ ગાલીલ પ્રાંતના વીસ બિનઉપયોગી શહેરોને શલોમોન રાજાએ સિરિયા (અરામ)ના રાજા હિરામને એવી સેવાઓ બદલ આપ્યાં હતાં. (૧ રાજા ૯:૧૧-૧૩) વળી ઇઝરાયલનાં બાર કુળોમાં દેશ વહેંચાયો

ત્યારપછી મોટેભાગે એ વિદેશીઓનાં નગરો હતાં. એમાં યહૂદીઓ નહિવત હતા. દેશના અસલ વતનીઓ એટલે કે કનાનીઓ પણ આ પ્રાંતમાં ઘણા મોટા પ્રમાણમાં નાસી આવીને વસ્યા હતા. (ન્યાય. ૧:૩૦-૩૩, ૪-૨) વિશેષ કરીને બિન યહૂદી પ્રજાઓ આ વિસ્તારમાં વસતી હતી. એટલે આ પ્રદેશને "પ્રજાઓનું ગાલીલ" અથવા "વિદેશીઓનું ગાલીલ" કહેવામાં આવ્યું છે. (યશાયા ૯:૧, માથ્થી ૪:૧૫). સમરૂનપ્રાંત વિશે જણાવ્યું તેવું જ ગાલીલ પ્રદેશના લોકો માટે પણ બન્યું હતું. આશ્શુરીઓએ તેવું જ ગાલીલ પ્રદેશના લોકો માટે પણ કર્યું હતું. આશ્શૂરીઓએ ઉત્તરના રાજ્ય ઈઝરાયલને જીતી લીધું અને લોકોને બંદી તરીકે લઈ જઈને આશ્શુરની આસપાસ વસાવ્યા, ત્યારે ગાલીલ પ્રાંતના વિસ્તારમાંથી પણ ઘણા લોકો લઈ જવામાં આવ્યા હતા. (૨ રાજા ૧૫:૨૯, ૧ રાજા ૧૫:૨૭) ત્યાંથી કેટલાક યહૂદીઓએ પાછળથી પાછા આવીને ગાલીલમાં પુનઃ વસવાટ કર્યો હતો, તેમને ઈ.સ. પૂર્વે ૧૬૪ની સાલમાં સિમોન મક્કાબી આવીને લઈ ગયો હતો, અને યહૂદિયા પ્રાંતમાં વસાવ્યા હતા. પણ થોડાં જ વર્ષોમાં ગાલીલ પ્રદેશ યહૂદીઓથી ભરાઈ ગયો અને મહાન હેરોદ રાજાના રાજ્યનો ભાગ બની ગયો હતો, હેરોદના મૃત્યુ પછી હેરોદ તે ગામના અધિકાર નીચે ગાલીલ પ્રાંત આવ્યો.

ઈ.સ. ૭૦માં જ્યારે તિતસ યરુશાલેમ સામે ચઢી આવ્યો ત્યારે યહૂદીઓની કુમકે ગાલીલમાંથી એક લાખ માણસોનું લશ્કર મોકલી આપવામાં આવ્યું હતું. એ સમયે ગાલીલ પ્રાંતમાં ૨૪૦ શહેરો અને ગામડાં વસેલા હતાં. યહૂદી ઇતિહાસકાર જોસીફસ પ્રમાણે ગાલીલ વિસ્તારમાં ૨૦૪ શહેરો અને ગામડાં હતાં. અને નાનામાં નાના ગામની વસ્તી ૧૫,૦૦૦ હતી.

પ્રભુ ઈસુનાં માતા તથા પાલક પિતા ગાલીલના નાઝારેથમાં રહેતાં હતાં, અને પ્રભુ ઈસુ પોતે ત્રીસ વર્ષ સુધી અહીં રહ્યા હતા. ત્રણેય સંદર્શક સુવાર્તાઓ પ્રભુ ઈસુની ગાલીલમાં કરેલી ધર્મસેવાઓ અને તેમના જીવન ચરિત્રના વૃતાંતથી ભરેલી છે. પ્રભુ ઈસુનાં કહેલાં દૃષ્ટાંતમાંનાં ૧૯ સુંદર દૃષ્ટાંત તથા તેમના કરેલા ચમત્કારોમાંથી પચાસ ચમત્કારો તેમણે આ પ્રાંતમાં રહીને કરેલાં છે. તેમનો સૌથી પહેલો ચમત્કાર પણ ગાલીલના કાનામાં લગ્નપ્રસંગે કરવામાં આવ્યો. તેમ જ છેલ્લો ચમત્કાર પણ ગાલીલના સમુદ્ર કિનારા પર કરવામાં આવ્યો. અહીં રહીને તેમણે ગિરિ પ્રવચન આપ્યું. વળી તેમણે જીવનની રોટલી વિષે, શુદ્ધતા વિષે, માફી વિષે તથા નમ્રતા વિષે

બોધ ગાલીલમાં જ આપ્યો. અહીંથી જ તેમણે પોતાના પહેલા શિષ્યોને બોલાવ્યા. પ્રભુ ઈસુને પોતાને "ગાલીલનો ઈસુ" કહેવામાં આવ્યા. એટલું જ નહીં પણ તેમના લગભગ બધા શિષ્યો ગાલીલના રહીશ હતા. તેથી તેઓને પણ "ગાલીલના માણસો" કહેવામાં આવે છે.

ગાલીલના પર્યટનમાં બસ ડુંગરો ઉપર ચઢતી અને ઉતરતી જાય છે. દેખાવ ખૂબ રમણીય લાગે છે. રસ્તાની બન્ને બાજુએ ફળફળાદિથી ભરપૂર ખેતરો નજરે પડે છે. આંખને આનંદ આપે તેવું સુંદર અને આલ્હાદક દ્રશ્ય ચારે બાજુએ પથરાયેલું રહે છે. ગાલીલ ફળદ્રુપ પ્રદેશ હતો, અને એમાં અનેક બધાં ઝરણાં આવેલાં હતાં. આજે પણ અનેક પ્રકારનાં અને પુષ્કળ પ્રમાણમાં શાકભાજી થાય છે. ફળવૃક્ષો પણ પુષ્કળ છે. પુરાણા સમયમાં આ પ્રાંતમાં પુષ્કળ ઝાડી હતી.

## ૪. ઇઝરાયલ પ્રજાના સમયના તબક્કા

- ઉત્પત્તિથી જળપ્રલય સુધી ૧૬૫૬ વર્ષ (ઈ.પૂ. ૪૦૦૪-૨૩૪૮ ઈ.પૂ.)
- જળપ્રલયથી અબ્રાહમ સુધી ૩૫૨ વર્ષ (ઈ.પૂ. ૨૩૪૮-૧૯૯૬ ઈ.પૂ.)
- યહૂદીઓના વડવા અબ્રાહમ, ઈસહાક અને યાકોબ સુધી ૨૪૬ વર્ષ. ઈ.પૂ. ૧૯૯૬-૧૭૫૦ ઈ.પૂ.
- ઈઝરાયલ પ્રજા મિસરમાં રહી ૪૩૦ વર્ષ. ઈ.પૂ. ૧૯૨૧-૧૪૯૧ ઈ.પૂ. અબ્રાહમ કનાનમાં આવ્યો ત્યાંથી નિર્ગમન સુધી ૪૩૦ વર્ષ શક્ય.
- ન્યાયાધીશોનો ગાળો ૩૨૯ વર્ષ. ઈ.પૂ. ૧૪૦૪-૧૦૭૫ ઈ.પૂ.
- શાઉલ, દાવિક, શલોમોનનો રાજ્યગાળો ૧૨૦ વર્ષ. ઈ.પૂ. ૧૦૭૫-૯૫૫ ઈ.પૂ.
- રાજ્યો વિભાજત રહ્યાનો ગાળો ૨૩૪ વર્ષ. ઈ.પૂ. ૯૫૫-૭૨૧ ઈ.પૂ.
- યહૂદિયાનું એકલું રાજ્ય (ઇઝરાયલ તો આશ્શૂરમાં લઈ જવાયું તે પછી) ૧૧૫ વર્ષ. ઈ.પૂ. ૭૨૧-૬૦૬ ઈ.પૂ.
- યહૂદિયા ૭૦ વર્ષના બંદીવાસમાં ૭૦ વર્ષ ઈ.પ. ૬૦૬-૫૩૬ ઈ.પૂ.
- બંદીવાસમાંથી આવી પુનઃ સ્થાપના સુધી ૧૦૦ વર્ષ. ઈ.પૂ. ૫૩૬-૪૩૨ ઈ.પૂ.

- પુનઃસ્થાપના પૂરી થયા પછી માલાખી સુધી ૩૨ વર્ષ ઈ.પૂ. ૪૩૨-૪૦૦ ઈ.પૂ.
- માલાખીથી નવા કરાર સુધી ૪૦૦ વર્ષ. ઈ.પૂ. ૪૦૦-૪.

## ૫. યહૂદી વર્ષ

૧. યહૂદી અને ઈસ્વીસનના મહિનાઓની સરખામણી
૨. યહૂદી પર્વો
૩. પાલેસ્તાઈનની ઋતુઓ અને પાકો




(૧) પાસ્ખા (૨) બેખમીરી રોટલી (૩) પ્રથમફળ (૪) પચાસમા દિનનું (૫) રણશિંગડાનું (૬) પ્રાયશ્ચિત દિન (૭) માંડવા પર્વ

## ૬. યહૂદીઓનો ગોઝારો દિવસ

તેઓ આબ માસની નવમી તારીખને પોતાનો ગોઝારો દિવસ માને છે. યહૂદીઓનો આબ માસ આમ આપણા જુલાઈ અને ઓગસ્ટ માસની વચ્ચે આવે છે. ઘણા બધા અનિષ્ટ બનાવો આ દિવસે બન્યા હતા. આ બધી માહિતી યહૂદી લેખક ડો. રમૂએલ ડો. સમૂએલ હિમેલ્ટીન તરફથી મળી છે. આ **તીશ આબ નવમી તારીખે** યરુશાલેમનું પહેલું મંદિર દુશ્મનોએ તોડી નાખ્યું. એ પછી એજ જગાએ નવું મંદિર બાંધવામાં આવ્યું. આ નવું મંદિર હેરોદે બાંધ્યું. તે મંદિર પણ આ જ દિવસે "તીશ આબ નવ" તીતસ બાદશાહે તોડી નાખ્યું. આ ઉપરાંત કનાનની જાસુસી કરવાને માટે યહોશુઆએ બાર જાસુસો મોકલ્યા, તેઓ પાછા આવ્યા ત્યારે કનાન વિષે દુઃખ ભર્યો જૂઠો અહેવાલ આપ્યો. અને તેઓ ખૂબ રડયા અને લોકો પણ તેમની સાથે રડયા. એ દિવસ પણ 'તીશ આબ નવ' હતો. ઈશ્વરે તેમને શિક્ષા કરી તેઓ ચાલીશ દિવસમાં કનાન પહોંચ્યા હોત પણ તેમને ૪૦ વર્ષ સુધી રાનમાં રખડવું પડયું.

આ આખી વાતનું મિદ્રાશિક વિવેચન આપણને જરા ઓછું પરિચિત છે. મિદ્રાશ કહે છે કે જાસુસો 'આબ' માસની નવમી તારીખે રડવાને વિલાપ કરવા લાગ્યા. તે સમયે મિદ્રાશમાં લખ્યું છે કે દેવે તેમને કહ્યું કે તમે વિના કારણે આબ માસની નવમીએ શોક કરો છો. બીજી આબ નવમીએ પણ હું તમને શોક કરાવીશ. આ આબ માસની નવમી તારીખે અને એવા જ બીજા આબ નવમી તારીખે પણ તમને શોક કરાવીશ.

મધ્ય યુગથી તે આપણા સમય સુધી સુવર્ણયુગ જે તેના મહાન સ્કોલરો અને રાજકારણીઓનો ભપકો હોવા છતાં તે એકાએક કરુણ અંતમાં ફેરવાઈ જશે.

કલમના એક જ ઝાટકે સ્પેન દેશના રાજા ફર્ડિડાન્ડે સ્પેનમાં રહેતા સર્વ યહૂદીઓને દેશ નિકાલ કર્યા અને દેશ છોડી જતા રહેવા કહ્યું.

કેટલાક યહૂદીઓ સ્પેન દેશ છોડીને નાઠા. પણ તેમાંના ઘણા લૂંટાઈ ગયા, તેઓની માલમત્તા લૂંટાઈ ગઈ અને હિંસક પ્રાણીઓનો ભક્ષ બન્યા અને બીજા કેટલાક યહૂદીઓ ડૂબી ગયા. એ દિવસ પણ 'તીશ આબ નવ'નો હતો. તે દિવસ હતો ઈ.સ. ૧૯૪૨નો આબ નવમી તારીખ.

એકસો પચાસ વર્ષ પછી કેમલ્ની હત્યાકાંડ આવે છે. ઈસ. ૧૯૪૮માં

તેમના પર ઈન્નલોકો ચડી આવ્યા. ને ત્રણસો યહૂદી સ્ત્રી પુરુષોને મારી નાખવામાં આવ્યા. એ દિવસ પણ 'તીશ આબ નવમી' હતી. ઇઝરાયેલ દેશમાં લોકો આબ માસમાં આબ નવમી ઉજવે છે. તેઓ એ એક જ વિમાન યુદ્ધમાં ગુમાવ્યું. અને તેપણ જ્યારે તેઓ દેશમાં હતા ૧૯૫૫ની નવમીએ 'તીશ આબ નવ'નો દિવસ હતો.

આપણે વર્તમાન સમયમાં આવીએ છીએ ત્યારે ઈ.સ. ૧૯૧૪ના ઓગસ્ટ પહેલીએ પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. આ યુદ્ધ બંધ થાય તે પહેલાં સેંકડો યહૂદી લોકો ખલાસ થઈ ગયા અને આ ઓગસ્ટની પહેલી તારીખ તે 'તીશ આબ નવમી'નો દિવસ હતો. યુદ્ધ પછી ગેસ ચેમ્બરોમાં યહૂદીઓને મારી નાખવામાં આવ્યા. એ ગેસ ભઠ્ઠીઓ તો વર્ષના ૩૬૫ દિવસ સુધી ચાલતી રહેતી હતી. વોર્સો કરારની સ્થાપનાનો દિવસ પણ 'તીશ આબ નવમી' તારીખ હતી.

બરાબર એક વર્ષ પછી ઈ.સ. ૧૯૪૨ના આબ નવમીના દિવસે ફરી યહૂદીઓનો સંહાર થયો. આ તેમને ઘરે ઘરે શત્રુઓએ ફરીફરીને દંડા મારી મારીને એક ઘરથી બીજા ઘર પોલીસોએ દંડા વડે યહૂદી લોકોને મારી નાખ્યા. તે દિવસોમાં પોલિસો બાળકોને માબાપથી છૂટાં પાડતાં હતાં. બાળકો ચીસાચીસ અને બૂમાબૂમ કરી રહ્યાં હતાં.

કતલ કરેલા યહૂદીઓ ઘેટાં જેવા લાગતા હતા. યહૂદીઓનો બચાવ કરવા માંટે પ્રભુએ આશા આપી હતી. પણ બીજી સવારે દશ હજાર યહૂદીઓની કતલ કરી નાખી હતી. અને તેમને છોડાવવા ઇચ્છતા પ્રમુખ પોતે આપઘાત કરી મરણ પામ્યા. ત્યારપછીથી યહૂદીઓનું એક વિમાન ઊડતું હતું તેને આબ નવમીએ તોડી પાડવામાં આવ્યું.

આથી દેશના લોકો યહૂદીઓ શોકનાં કાળાં કપડાં પહેરે છે.

# પ્રકરણ-૭

# એક લાંબો ઈતિહાસ

ઈઝરાયલ અને પેલેસ્તાઈન રાષ્ટ્રની સ્થાપનાની માગ, એ માટે મુક્તિ મોરચાની રચના, આ બધાનો એક ખાસ્સો લાંબો રસિક ઈતિહાસ છે.

પશ્ચિમ એશિયામાં મધ્યપૂર્વ વિસ્તાર ગણાય તેમાં ઈઝરાયલ એક નાનું, સાવ નાનું રણ પ્રદેશને મહેનત અને પરસેવો પાડી, આધુનિક વિજ્ઞાનનો વધારેમાં વધારે ઉપયોગ કરી અદ્યતન બનેલું છે, યહૂદી ધર્મ પાળતી પ્રજાનો ૨૦૭૦૦ ચો.કિ. માઈલના વિસ્તારનો ને ૩૫ લાખ જેટલી વસ્તી ધરાવતો આ દેશ છે. પ્રજાસત્તાક દેશ છે. એની ઉત્તર સરહદે લેબેનોન છે. પૂર્વમાં સિરિયા ને જોર્ડનનાં રાજ્યો છે ને દક્ષિણે ઈજિપ્ત ને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર છે.

એક જમાનામાં ત્યાં જે રાજ્ય હતું તે પેલેસ્ટીનને નામે ઓળખાતું. બીજા વિશ્વયુદ્ધ પછી ૧૯૪૮માં જ આ ઈઝરાયલેના નવા રાજ્યની સ્થાપના થઈને દુનિયા આખીના યહૂદી (જયુ) લોકો ત્યાં આવીને વસ્યા ! આમ તો રોમનોના વખતથી આ પ્રદેશો ઉપર યહૂદીઓ પોતાના પગ જમાવવા હુમલા કરતા પણ રોમનો એમને મારી હઠાવતા. પરંતુ હંમેશાં દુનિયા આખીના યહૂદીઓની એ મહેચ્છા રહેતી કે એક દિવસે આપણે આપણા પવિત્ર સ્થાન યરુશાલેમની આસપાસ આપણું અલગ રાજ્ય સ્થાપીશું.

એમને પહેલા વિશ્વયુદ્ધ વખતે આ મોકો મળ્યો. યહૂદી નેતા ડો. વેઈઝમાને ઝીઓનીસ્ટ આંદોલન કર્યું. બ્રિટીશ સરકારે તેને ટેકો આપ્યો અને ૧૯૧૭ના બાલફોર જાહેરનામાને નામે ઈતિહાસમાં ખ્યાતી પામેલા જાહેરનામા પછી દુનિયાના જ્યાં જે દેશમાં વસતા હોય તે દેશના યહૂદીઓ પોતાનો દેશ છોડીને પલસ્તાઈનમાં આવીને વસ્યા. આ બધાને ત્યાં આવીને વસેલા જોઈ આસપાસનાં આરબ રાષ્ટ્રોમાં ફફડાટ પેઠો. આ યહૂદીઓને એમને પેલેસ્ટાઈન રાજ્યમાંથી ભગાડવા આરબ રાષ્ટ્રોએ ૧૯૪૭માં એ દેશ

ઉપર સંયુક્ત હુમલો કર્યો. પણ બહાદુર યહૂદીઓએ આરબોનો મક્કમતાથી સામનો કર્યો. અને એ સફળ થયા.

એમણે પોતાને સફળતા મળ્યા પછી એ પેલેસ્ટાઈન દેશનું નામ જ બદલી નાખ્યું. મે ૧૫, ૧૯૪૮ના રોજ એમણે આજે જેને ઇઝરાયેલના નામે ઓળખવામાં આવે છે તે નાના પોતાના સ્વતંત્ર ને સર્વભૌમ પ્રજાસત્તાક દેશની સ્થાપના કરી. યરુશાલેમનું નવું શહેર ઇઝરાયેલને મળ્યું ને જૂનું યરુશાલેમ જોર્ડનને મળ્યું.

## ૧. પ્રથમ સંસદ : કેનસાસ

૧૯૪૯ના ફેબ્રુઆરીમાં તે ઇઝરાયેલે ૧૨૦ રાજ્યોની બંધારણ સભા રચી ને આ રાજ્યના મૂળ સ્થાપક ઝીઓનીસ્ટ નેતા ડો. બે ઈઝનામને એના પ્રથમ રાષ્ટ્રપતિ બનાવ્યા. ૧૯૬૧ના ઓગસ્ટમાં જે ચૂંટણીઓ થઈ તેમાં દેશની મથાઈ પાર્ટી શ્રી. બેન ગુરીઅનની આગેવાની હેઠળ ચૂંટણીમાં વિજયી બની સત્તા પર આવી. ૧૯૬૩માં એમની સરકારે રાજીનામું આપ્યું પણ બરાબર પ્રથમથી જ એક નાના છતાં સ્વમાનશીલ લોકશાહી દેશ તરીકે ઇઝરાયેલે પોતાનું ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું.

## ૨. આરબો પ્રથમથી જ નારાજ

મધ્યપૂર્વની આ યહૂદી પ્રજા પ્રત્યે આરબો પ્રારંભથી જ નારાજ. આપણી વચ્ચે આ પરધર્મી, યહૂદી ધર્મી રાજ્ય એમને કણાની જેમ ખૂંચતું હતું. સૌ પ્રથમ ઈજિપ્તમાં નાસર જરા મજબૂત થતાં એમણે ૧૯૬૭માં ઇઝરાયલનો અકાબાના અખાતના રસ્તા ઉપર નાકાબંધી કરી યુદ્ધ કર્યું. પણ આટલાં વર્ષોમાં તો આ નાના યહૂદી ધર્મી ઇઝરાયલ રાજ્યે ભારે પ્રગતિ કરીને ખૂબ જ શક્તિ એકઠી કરી હતી.

ઈજિપ્ત, જોર્ડનને સિરિયા ત્રણેયના હુમલા સામે એમને પાઠ મળે તે રીતે ઇઝરાયલે સામનો કર્યો. અને છેક ગાઝા પટ્ટીને સીનાઈ પેનેનસ્થુલા ને પશ્ચિમમાં જોર્ડન અને સિરિયાની ગોલન હાઈટ પહાડીઓ, જે જે વિસ્તારમાંથી ઇઝરાયલ ઉપર હુમલા થતા હતા તે બધાનો છ જ દિવસમાં કબજો કરી યુદ્ધમાં વિજય મેળવ્યો ને આરબોને કદી ભૂલે નહીં તેવો પાઠ આપ્યો. ૧૯૬૭ના જૂનમાં યુનો જ્યારે વચ્ચે પડયું ત્યારે યુદ્ધનો અંત આવ્યો. અને છતાં ખરી શાંતિ ન થઈ. ફરી ૧૯૭૩ના ઓક્ટોબરની ૬ઠ્ઠી તારીખે ઈજિપ્ત અને

સિરિયા બન્નેએ ઇઝરાયલ ઉપર હુમલો કર્યો આ યુદ્ધ પણ કોઈના વિજય વગર યુનો વચ્ચે પડતાં અટક્યું.

૧૯૭૫માં આખરે ઈજીપ્ત ને ઇઝરાયલે નક્કી કર્યું કે હવે આપણે લડવું નહિ ને બધા પ્રશ્નોનો શાંતિથી ઉકેલ લાવવો ને આ વર્ષે જ એ ઉકેલ આવી ગયો. ઈજિપ્ત અને ઇઝરાયલની દુશ્મનાવટનો અંત આવ્યો.

## ૩. લેબેનોન - જોર્ડન ને સિરિયા

પરંતુ પેલેસ્ટીન તો પોતાનું છે માટે ઇઝરાયલને ખતમ કરીને જ જંપીશું. એવા નિર્ણય સાથે પેલેસ્ટેનિયમ ગેરીલા દળની રચના જનરલ આરાફતે કરી અને લેબેનોન - જોર્ડન - સિરિયા આ ત્રણેય દેશોની સરહદોમાં છાવણીઓ નાખી, બીજા આરબ દેશો પાસેથી નાણાં ને શસ્ત્રો મેળવી આ ગેરીલા દળો સતત, વારંવાર, ઇઝરાયલ ઉપર હુમલો કરતાં જ રહ્યાં, સિરિયા, જોર્ડનને લેબોનોનને ઇઝરાયલે વારંવાર કહ્યું કે એક વખતે પેલેસ્ટાઈન મુક્તિ મોરચાને કહો કે ઈઝરાયલનો એક રાષ્ટ્ર તરીકેનો સ્વીકાર કરે પછી પેલેસ્ટાઈનના રાજ્યનો પ્રશ્ન ચર્ચી શકાય. યુનોએ ને અમેરિકાએ ને દુનિયાના બીજા પેલેસ્ટાઈન મુક્તિ મોરચા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા દેશોએ પણ કહ્યું કે ઇઝરાયલને તો અમે રહેવા જ નહીં દઈએ એ વાત છોડો. એ તો એક દેશ બની જ ગયો છે. વિશાલ ને સમૃદ્ધ દેશો કરતાં પણ મજબૂત દેશ બન્યો છે. એ પણ જીવેને તમે પણ જીવો. તમે તમારું બીજું પેલેસ્ટાઈન રાજ્ય બનાવો. આ વાત સ્વીકારો તો માર્ગ નીકળે.

પણ અરાફત ને એમના સાથીઓ ને એમને ટેકો આપતા કેટલાક આરબ દેશો આ વાત માનવા જ તૈયાર નથી.

## ૪. ઇઝરાયલની નવી સરકાર

માટે જ હવે કાયમી અશાંતિમાંથી છૂટવા થોડા વખત પહેલાં જ ઇઝરાયલની ચૂંટણીઓમાં ખૂબ જ પાતળી બહુમતી સાથે શ્રી બેગીનના પક્ષને બહુમતિ મળતાં એણે સ્પષ્ટ ને મક્કમ નિર્ણય કરી લીધો કે કાં પેલેસ્ટીન મુક્તિ દળો આપણને એક રાષ્ટ્ર તરીકે શાંતિથી જીવવા દે. આપણા અસ્તિત્વનો સ્વીકાર કરે ને કાં પછી આપણે એમને ખતમ કરીએ - આ સિવાય બીજો કોઈ માર્ગ હવે છે જ નહીં.

શ્રી. બેગીને જ્યારે આ વખતે યુદ્ધ કરવાનો ને પેલેસ્ટાઈન મુક્તિ

મોરચાની શક્તિને કામય માટે ખતમ કરવાનો નિર્ણય કરી લેબેનોન ઉપર હુમલો શરૂ કર્યો ત્યારે ઘણાને લાગતું હતું કે એમણે આ ખોટો જુગાર ખેલ્યો છે ! પણ એમનો જુગાર કહો તો જુગાર ને બહાદુરી કહો તો બહાદુરી, બધું પાર પડી ગયું છે. એમણે માત્ર પેલેસ્ટાઈનની મુક્તિ મોરચાને, એના નેતા આરાફાતને, લેબોનોનને સિરિયાને જ પાઠ નથી ભણાવ્યો, સમગ્ર આરબ જગતને, અરે રશિયાને સુદ્ધાં પોતાની તાકાત દ્વારા કહી દીધું છે કે તમારે જે રીતે પેલેસ્ટેનિયનોને નવું રાજ્ય કરાવી આપવું હોય તો કરાવી આપો પણ અમારા અસ્તિત્વને જોખમમાં મૂકી જો પડકાર આપશો તો અમે સૌને પાઠ ભણાવીશું. રશિયાએ સિરિયાને આપેલાં બધા અદ્યતન શસ્ત્રોને પણ એક જ સપાટે ખતમ કરી નાખી એને શાંત કરી દીધું છે !

## ૫. આરબો માટે એક જ માર્ગ ..

આરબ જગતને કે બીજાઓને મૂળ પેલેસ્ટીનીયનો માટે સહાનુભૂતિ હોય તો તે સમજી શકાય છે. ઈઝરાયલે પોતાનું રાજ્ય સાવ રણ ભૂમિમાં ઊભું કરીને જેને “ડેડ-સી”ના નામે ઓળખવામાં આવે છે. તેના કિનારે અસામાન્ય સમૃદ્ધિ તમામ ક્ષેત્રે કઠિન પરિશ્રમ કરીને ઊભી કરી છે.

આરબ દેશોની હજારો માઈલોની જમીનો નકામી પડી રહી છે. અબજો રૂપિયા એમની પાસે છે. શા માટે સૌ ભેગા થઈ પેલેસ્ટાઈન ગેરીલાઓને કહેતા નથી કે ઇઝરાયલને ભૂલી જાવ. તમે તમારું અલગ રાજ્ય સ્થાપિત કરો. અમે બધી મદદ કરી તમને મજબૂત કરી તમારા સ્વતંત્ર રાજ્યને સમૃદ્ધ બનાવીશું. આરબ ગેરીલા દળ માટે કે સમસ્ત આરબ જગત માટે ઈઝરાયલને ખતમ કરવાની વાત આગળ ચાલવાની નથી. એ વાત એ ભૂલી જાય. ઈઝરાયલના સ્વતંત્ર રાજ્યને સ્વીકારી આરબ દેશો પોતાની ફાજલને નકામી ભૂમિમાં પેલેસ્ટીનીયન મુસ્લિમ આરબો માટે એક નવા રાજ્યની સ્થાપના કરે એ એક જ શાંતિને સમૃદ્ધિનો માર્ગ સૌને માટે છે. એમ કરવાને બદલે હવે ઈઝરાયલને વધુ છંછેડશો તો પોતે તો ખતમ થશે જ પરંતુ સમગ્ર વિશ્વને યુદ્ધમાં ઉતારશે ને આરબ જગતના નાના દેશોના અસ્તિત્વ માટે કાયમનું જોખમ ઊભું કરશે.

પેલેસ્ટીન ગેરીલા અને આરબ રાષ્ટ્રોએ ઇઝરાયલ સાથે ‘જીવો ને જીવવા દો’ એ પાયાનો સિદ્ધાંત સ્વીકારીને જ હવે જીવવું પડશે. એમ નહીં કરે તો છેલ્લા યુદ્ધમાં થઈ તે કરતાં પણ એમની હાલત ભૂંડી થશે. માત્ર પૈસા ને

શસ્ત્રોથી બળવાન નથી બનાતું. એની સાથે એ બન્નેનો શક્તિ, સંગઠન, શિસ્તને બહાદુરી સાથે ઉપયોગ કરે તેવો માનવી તૈયાર કરવો પડે છે. ઈઝરાયલે પોતાના દેશના માનવીને તૈયાર કર્યો છે માટે એ આટલો નાનો દેશ હોવા છતાં બધા દુશ્મન આરબ દેશો વચ્ચે બહાદુરીથી જીવે છે ને એમને પાઠ ભણાવે છે.

ભારતે પણ આ નાના દેશ પાસેથી ઘણું શીખવાનું છે.

# પ્રકરણ-૮

# ઈઝરાયેલ સ્વતંત્રતાની જાહેરાત

## તેલ અવીવ ખાતે ૧૪મી મે ૧૯૪૮ની જાહેરાત

ઈઝરાયેલની ભૂમિ તે યહૂદી લોકોની જન્મભૂમિ હતી. અહીં જ તેમની આત્મિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રીયતાની ઓળખ ઉદ્ભવી હતી. અહીં જ તેમણે સ્વતંત્રતાની સિદ્ધિ પ્રાપ્ત કરી અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્કૃતિ ઉત્પન્ન કરી સિદ્ધિ મેળવી.

પેલેસ્ટાઈનથી દેશવટો પામેલ, બધા દેશોમાં વિખરાયેલ હોવા છતાં યહૂદી લોકો તેને વિશ્વાસુ રહ્યા, રાષ્ટ્રિય સ્વતંત્રતા મેળવવાની અને તેમના વતનમાં પાછા ભેગા થવાની આશા અને પ્રાર્થના તેમણે કદી ત્યજી નથી.

૧૮૯૭ના વર્ષમાં ઝીઓનીસ્ટની પ્રથમ કોંગ્રેસે થીઓડર હરઝલના દર્શને તેમને યહૂદી રાજ્યની પ્રેરણા મળી. તેમના પોતાના દેશમાં યહૂદીઓના હક્ક માટે રાષ્ટ્રીય ચળવળની અધિકૃત જાહેરાત કરી.

નવેમ્બર ૨જી ૧૯૧૭ના બેલફોરના આવેશયુક્ત ભાષણે આ હક્કને મજબૂત બનાવ્યો અને રાષ્ટ્રિય સંગઠનોના પ્રતિનિધિએ તેને બહાલી આપી. જેનાથી યહૂદી લોકોના પેલેસ્ટાઈન સાથેનાં ઐતિહાસિક જોડાણો અને પોતાના વતનના હક્ક માટે આંતરરાષ્ટ્રીય માન્યતાની સ્પષ્ટ બહુમતિ મળી.

નાઝીઓની કત્લઆમે લાખો યહૂદીઓ સાફ થઈ ગયા જેથી ફરી એક વાર યહૂદી રાજ્ય સ્થાપવા માટેની તાત્કાલિક જરૂરીઆત ઊભી થઈ, જે વડે એક રાષ્ટ્રની છત નીચે એકઠા થઈ ઘરવિહોણા યહૂદીઓના પ્રશ્ન હલ કરી શકાય.

યુરોપીયનોની અણધારી આફતના જોખમમાંથી બચી ગયેલા તેમજ બીજી ભૂમિમાં વસેલા યહૂદીઓને જીવન પ્રત્યેનું ગૌરવ, મોભો જાહેર કરીને, તેમની અઘટિત પજવણી મુશ્કેલીઓથી દૂર થવા તેમની સ્વતંત્રતાના હિત માટે પેલેસ્ટાઈનમાં પ્રવેશ માટે સતત ક્રિયાશીલ બનાવ્યાં.

બીજા વિશ્વયુદ્ધમાં પેલેસ્ટાઈનમાં યહૂદીઓએ સ્વતંત્રતા ચાહક રાષ્ટ્ર માટે નાઝી દુશ્મનો સામેની લડાઈમાં પોતાનો પૂરેપૂરો ભાગ આપ્યો. તેમના સૈનિકોના બલિદાન અને તેમના કામદારોના અથાગ પ્રયત્નેથી જેમણે યુનાઈટેડ નેશન્સ સ્થાપ્યું તેમની કક્ષામાં પહોંચવાનો લાભ મેળવાવ્યો.

૨૯મી નવેમ્બર ૧૯૪૭ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ મહાસભાએ પેલેસ્ટાઈનમાં યહૂદીઓનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવા માટેનો ઠરાવ પસાર કર્યો અને આ યોજનાના અમલ માટે જે કાંઈ અવરોધો પ્રતિબંધો હોય તે દૂર કરી તાત્કાલિક અમલ માટેના આદેશ જારી કર્યાં.

પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની માન્યતાને યહૂદી લોકોનો મૂળભૂત હક્ક હોઈ કોઈપણ સંજોગોમાં તે હુકમને રદ બાતલ નહિ કરવા ઉપરાંત, બીજાં રાષ્ટ્રોની માફક તેમના આ રાષ્ટ્રમાં પણ સાર્વભોમ સર્વાધિકાર યહૂદી લોકો ભોગવી શકશે તેની પણ મક્કમતાથી જાહેરાત થઈ.

અને આ રીતે, 'અમો નેશનલ કાઉન્સીલના હોદ્દેદારો યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાના ઠરાવથી, બ્રિટિશ હકૂમતના અંતના દિવસથી ઐતિહાસિક અને કુદરતી રીતે વરેલ પેલેસ્ટાઈન માટે યહૂદી લોકોના હક્કમાં ગંભીરતા પૂર્વક રજૂઆત કરીએ છીએ.'

આથી યહૂદી રાજ્યની સ્થાપનાની અમો જાહેરાત કરીએ છીએ જે હવેથી ઈઝરાયેલના નામથી ઓળખાશે.

આથી અમો એ પણ જાહેર કરીએ છીએ કે મધરાત્રીથી અંતના આદેશ અનુસાર ૧૪મી તથા ૧૫મી રાત્રીથી, બંધારણ અનુસાર નવા રાજ્યની સભાની રચના ન થાય તે પણ મોડામાં મોડું ૧લી ઓક્ટોબર ૧૯૪૮ સુધી હાલની નેશનલ કાઉન્સીલ કામચલાઉ હકૂમત ચલાવશે અને ઈઝરાયલની કામચલાઉ સરકાર તરીકે કાર્યરત રહેશે.

દુનિયાના વિખરાયેલ દરેક દેશના યહૂદીઓના કાયમી વસવાટ માટે ઈઝરાયેલ રાજ્ય ખૂલ્લું રહેશે. તેમના પોતાના દરેક લાભ અને દેશના વિકાસ માટે તેઓ પૂર્ણ રીતે કાર્યરત રહેશે. હિબ્રૂ પ્રબોધકના ધર્માદેશ મુજબ મુક્તિ, સ્વાતંત્ર્ય, ન્યાય, શાન્તિ, કોઈપણ પ્રકારની જાતિવાદ, કે પંથવાદની હોડમાં દોડયા સિવાય દરેક ધર્મનાં સ્થળોની પવિત્રતા પૂરેપૂરી નિષ્ઠાથી સંભાળી રાખશે. ભક્તિ, કેળવણી અને વિકાસ માટેની પૂરેપૂરી સ્વતંત્રતા રહેશે.

યુનાઈટેડ નેશન્સ સાથેના કરારપત્રના સિદ્ધાંત અનુસાર દરેકે પોતાની જાતને સમર્પિત કરવાની રહેશે.

નવેમ્બર ૨૯, ૧૯૪૭ની એસેમ્બલીના ઠરાવોના અમલીકરણ માટે યુનાઈટેડ નેશન્સના ચૂંટાયેલ પ્રતિનિધિઓ સાથે બંધારણને સહકાર આપવા ઈઝરાયલ રાજ્ય તત્પર રહેશે.

કુટુંબ રાષ્ટ્ર તરીકે ઈઝરાયલને માન્યતા મળે અને યહૂદી રાષ્ટ્ર સ્થાપિત થાય તે માટે અમો યુનાઈટેડ નેશન્સને નમ્ર અરજ કરીએ છીએ.

આ જોરદાર આક્રમણના મધ્યભાગમાં હજૂ પણ અમો ઈઝરાયલ રાજ્યના આરબ રહેવાસીઓને શાંતિને માર્ગે પાછા ફરી પૂરેપૂરી નાગરિકતા સાથે કામચલાઉ કે કાયમી સંસ્થા અને શાખાઓમાં તેમનો ફાળો આપવા માટે આહ્વાન આપીએ છીએ.

અમો પાડોશી રાજ્યો અને તેમની પ્રજાને શાંતિ અને એકતાની ખાત્રી આપીએ છીએ અને સૌના ભલા માટે સ્વતંત્ર યહૂદી રાજ્ય સાથે સહકાર આપવા આમંત્રણ આપીએ છીએ.

જગતમાં વસતા સર્વે યહૂદી લોકોને અમારી તરફ ફરી વસવાટ અને વિકાસનાં કાર્યોમાં અમારી પડખે ઊભા રહી, ઈઝરાયલ પ્રજાનાં સ્વપ્નો પૂરાં કરવાની મહાન લડતમાં સાથ આપવા અમારું આહ્વાન છે.

તેલ અવીવ શહેરમાં સાબ્બાથવારની સાંજે ૫૭૦૮ની ૫મી લેયર, મે માસની ૧૪મી તારીખ ૧૯૪૮ના રોજ મહાન ઈશ્વરમાં પૂરા ભરોસા સાથે રાજ્યની કામચલાઉ ધારાસભાના આ અધિવેશનમાં અમારો પાયો સ્થાપિત કરીએ છીએ.

# પ્રકરણ-૯

# પલિસ્તીઓ, સમરૂનીઓ, કુર્દો કોણ હતા ?

## ૧. પલિસ્તીઓ કોણ હતા ?

તેઓ આરબો નહોતા, પણ પરદેશથી આવીને ગાઝા પટ્ટીમાં વસ્યા હતા.

પલિસ્તીઓ 'કાફતોર'થી આવ્યા (બાઈબલ : આમોસ ૯:૭, યિર્મેયા ૪૭:૪, સરખાવો પુનર્નિયમ ૨:૨૩, ઉત્પત્તિ ૧૦:૧૪). કાફતોર પાછળથી ક્રીતના ટાપુ તરીકે ઓળખાયું.

ઈજિપ્તના રાજા રામસેસ III (૧૧૯૫-૧૧૬૪ ઈ. પૂર્વે)ના સમયમાં બીજી દરિયાઈ પ્રજાઓ સાથે ફિલિસ્તીનો (અથવા કાફતોરીઓ)નાં ધાડાં ઈજિપ્ત તરફ જઈ ચડયાં હતાં. રામસેસ IIIએ તેઓ પર હલ્લાઓ કરીને તેઓને ભગાડી મૂક્યા. તેમાંના કેટલાય સિરિયામાં વસ્યા અને પાછળથી ગાઝાપટ્ટી વિસ્તારમાં આવી વસ્યા. મોશેના સમય પૂર્વે ક્રીતના (કાફતોરના) વતનીઓએ આવીને ગાઝાપટ્ટી વિસ્તારના વતનીઓનો સંહાર કર્યો, અને તેઓ ત્યાં વસ્યા. (પુનર્નિ. ૨:૨૩). 'તેઓનો (આવ્વીઓનો) કાફતોરીઓએ કાફતોરમાંથી ધસી આવીને વિનાશ કર્યો, અને તેમની જગાએ રહ્યા.' આ વિસ્તાર અસલ કનાન દેશ જે આજે ઇઝરાયલ તરીકે ઓળખાય છે તેના નૈઋત્ય (પશ્ચિમ-દક્ષિણ) ખૂણે ભૂમધ્ય સમુદ્રના ઝંકાર પ્રદેશમાં જોપ્પાથી માંડીને ગાઝા સુધીના પટ્ટી વિસ્તારમાં આવીને વસ્યા. એ વિસ્તાર લગભગ ૫૦ માઈલ લાંબો અને ૧૫ માઈલ પહોળો છે. ત્યાં પાણીનું સારું સિંચન છે, તેમજ તે ખૂબ ફળદ્રુપ છે. તે જમાનામાં ગાઝાપટ્ટી વિસ્તારમાં ફિલિસ્તીઓના પાંચ મુખ્ય નગર હતાં : જોપ્પા, એક્રોન, આશ્દોદ, આશ્કલોન અને ગાઝા એ ગાઝાપટ્ટી વિસ્તાર હિબ્રૂ ભાષામાં 'પલેશેથ' તરીકે ઓળખાતો. (બાઈબલ યોએલ ૩:૪). અને એ પરથી ગ્રીક નામ 'પાલેસ્તાઈન' પડયું.

ગેરાર અને બેરશેબા આસપાસના પ્રદેશમાં હિબ્રૂ ગોત્રપતિઓ

અબ્રાહમ, ઈસહાક, વગેરેના સમયથી પલિસ્તીઓ વસતા હતા (બાઈબલ : ઉત્પત્તિ ૨૧:૩૨, ૨૬:૧).

આ પલિસ્તીઓનો 'સેમિટિક' પ્રજા નહોતી, એટલે કે યહૂદીઓ અને આરબો શેમવંશી પ્રજાઓ છે તેવા પલિસ્તીઓ નહોતા, પણ આર્યો અને યુરોપીય પ્રજાઓ માફક યાફેથવંશી હતા. તેઓ આરબો નહોતા, અને તેઓ સુન્નત પણ કરાવતા નહોતા. કેટલાક અભ્યાસીઓ તેમને આર્યો અથવા ઈન્ડો-યુરોપીય પ્રજા તરીકે ગણે છે. તેઓ મૂર્તિપૂજકો હતા. (બાઈબલ ૧ શમુએલ ૩૧:૯, ૨ શમુએલ ૫:૨૧). મુસ્લિમ ધર્મ સ્વીકાર્યાં પછી તેઓ સુન્નતી બન્યા છે.

ઈસ્વીસન પૂર્વે પાંચમી સદીમાં ગ્રીક ઇતિહાસકાર હિરોડોટસે પહેલ પ્રથમ વાર 'પાલેસ્તાઈન' શબ્દ વાપર્યો. પણ આ આખા દેશને અધિકારપૂર્વક ઈ.સ.ની બીજી સદીમાં 'પાલેસ્તાઈન' તરીકે ઓળખવામાં આવ્યો.

અત્યારે ઇઝરાયલે કબજે કરેલા પ્રદેશોમાં અને દેશ બહાર રહેતા કહેવાતા પલિસ્તીનો તો આરબો છે, જ્યારે ગાઝાપટ્ટીના મૂળ પલિસ્તીનો આરબો નહિ, પણ યાફેતવંશી ઈન્ડો-યુરોપીય લોકો હતા. તો હાલના આરબો જે કહેવાતા ફિલિસ્તીનો છે, તેઓ આવ્યા ક્યાંથી ? ખરું જોતાં અખાતી વિસ્તારના અન્ય આરબ દેશોએ આ કહેવાતા ફિલિસ્તીની આરબોને પોતાના દેશોમાં સમાવી લેવા જોઈએ. ૧૯૯૯ની વસ્તી ગણતરી પ્રમાણે અત્યારે ૧૯૯૯ના અંતે કુલ વસ્તી ૬૨ લાખની છે. જેમાં ૪૯ લાખ યહૂદીઓ, ૯,૩૬,૦૦૦ મુસ્લિમો, ૧,૩૧,૦૦૦ ખ્રિસ્તીઓ અને ડ્રુસ ૧,૦૧,૦૦૦ છે. જયારે બાકી રહેલી પરચુરણ વસતી ૧,૫૨,૦૦૦ છે.

રાષ્ટ્રસંઘે ૧૯૪૮માં પાલેસ્તાઈનની વહેંચણી કરી ત્યારે ગાઝાપટ્ટી આ કહેવાતા ફિલિસ્તીનોને આપી. તેઓએ એ વિસ્તાર સ્વીકારી લીધો હોત તો બહુ સારું થાત. પણ એમને તો ઇઝરાયલનું રાજ્ય આંખની કણી જેમ ખૂંચતું હતું. એટલે તેઓ પોકારતા રહ્યા કે ઇઝરાયલ રાજ્યને સમુદ્રમાં ફેંકી દો. એની હયાતી ન જોઈએ. આમ 'આવ પથરા, પગ પર', જેવી પરિસ્થિતિ ઊભી કરી. તેઓ ઇઝરાયલ રાજ્યની હસ્તીનો સ્વીકાર કરવા અને તેમની એક ટેબલ પર બેસી વાટાઘાટ કરવા પણ તૈયાર નહોતા. બીજાં આરબ રાષ્ટ્રો પણ એ જ મીજાજમાં હતા.

બીજું કે પી.એલ.ઓ.એ ઇઝરાયલ સામે ભયંકર આતંકવાદ ગુજાર્યો

છે. ઝૂરીચ હવાઈમથકે ઇઝરાયલના એક મુસાફર વિમાન પર બોમ્બ ફેંક્યો હતો; ૧૯૭૨માં જર્મનીમાં રમાતી ઓલેમ્પિક રમતોત્સવમાં અગિયાર યહૂદી રમતવીરોની વિના કારણ ક્રૂર હત્યા કરી હતી; સો યહૂદી ઉતારુઓવાળી એરબસને કેવી અટકમાં લીધી હતી. ૧૯૮૨માં ઇઝરાયલની એલચી કચેરીના યુગાન્ડાના એન્ટેબીમાં બે માણસોની ફાંસ અને બ્રિટનમાં હત્યા કરી હતી !

પલિસ્તીઓ એક વાત ભૂલે છે આરબ રાજ્યો મોંના શબ્દોથી તેમને પાનો ચઢાવે છે, પણ ખરાખરીમાં તો તેઓ પી.એલ.ઓ.ને. આશરો આપતા નથી. જોર્ડનમાંથી તેમને ભગાડયા, તેમજ લબાનોનમાંથી, સિરિયામાંથી તેમને ભગાડયા. અને હવે ટયુનિસિયામાં આંતરવિગ્રહ શરૂ થયો છે.

લિબિયાનો પ્રમુખ મોહમર અલ ગદાફી પલિસ્તીનો માટેની હમદર્દીના હોંકારા તો બહુ પાડે છે. પણ એક રાતી પાઈની મદદ કરતો નથી. ગદાફી તો, કહે છે, “ઇઝરાયલે પેલેસ્ટાઈન ખાલી કરી દેવું, અને યુરોપ, ઉત્તર અમેરિકા અથવા સોવિયત સંઘ ખાતે યહૂદી રાષ્ટ્રની સ્થાપના કરવી.”

*અખાત યુદ્ધને લઈને પરિસ્થિતિ પલિસ્તીઓની વિરુદ્ધ જઈ રહી છે. એના થોડાંક કારણો જોઈએ :*

૧. ઈરાકે જ્યારે કુવૈતને લઈ લીધું હતું ત્યારે કુવૈતમાં વસતા પલિસ્તીઓએ સદ્દામ હુસેનને સારી એવી મદદ આપી હતી. વળી શ્રી. યાસર અરાફત શ્રી. સદ્દામ હુસેનના મજબૂત ટેકેદાર રહ્યા છે. હવે જ્યારે કુવૈત મુક્ત બન્યું છે. ત્યારે તેઓ પલિસ્તીઓનો સામે વેરની વસુલાત કર્યા વિના રહેવાના છે ? પી.એલ.ઓ.ના નેતા યાસર અરાફતે એ ભય ક્યારનોયે વ્યક્ત કર્યો છે. અરાફત અલ્જીરીયાની મુલાકાતે ગયા હતા (તા. ૨૬-૨-૯૧) ત્યારે તેમણે જણાવેલું કે કુવૈતમાં રહેલા ૧,૭૦,૦૦૦ જેટલા પલિસ્તીઓને રક્ષણની જરૂર છે, નહિ તો તેઓની મોટા પાયે હત્યા થશે. તેમણે અલ્જીરિયન ટી.વી. પર બોલતાં, લબાનોનની સાબ્રા અને માટીલ્લાની પલિસ્તીઓની નિરાશ્રિત છાવણીઓમાં થયેલી મોટી હત્યાની યાદ દેવડાવી હતી. આમ, આરાબ લીગનું કુવૈત તો પલિસ્તીનોને શત્રુ જ ગણવાનું ને !

૨. આરબ સંઘના સિરિયા, સાઉદી અરેબિયા, ઈજિપ્ત, કુવૈત, ઈત્યાદિ રાજ્યો અત્યારે અમેરિકન તરફી બન્યાં છે. એટલે તેઓ ખુલ્લે ખુલ્લા ઇઝરાયલ વિરુદ્ધ જઈને પલિસ્તીનોને સહાય નહિ કરે.

પી.એલ.ઓ.ના વાર્ષિક ૩૦ કરોડ ડોલરના બજેટમાં યાસર અરાફતને હજી ૩૫ ટકાની ખાધ રહે છે. એવી પરિસ્થિતિમાં તેના મુખ્ય દાતા સાઉદી અરેબિયા અને બીજાં આરબ રાજ્યો હવે અરાફતને માફ કરવા તૈયાર નથી. તેઓ અરાફતને વિશ્વાસઘાતી ગણે છે.

૩. યુ.એસ.એસ.આર. (સોવિયેત સંઘ) અત્યારસુધી પલિસ્તીનોને ટેકો કરતું હતું, પણ આર્થિક રીતે તે ભાંગી પડેલું હોઈને અને રાજકીય રીતે પણ તે વિભાજિત થઈ ગયું છે. એટલે એને અમેરિકાની 'હા'માં પણ 'હા'ભણવી પડે છે. એટલે ગોર્બોચેવ પી.એલ.ઓ. માટે ઝાઝું કરી શકશે નહિ.

૪. વળી પાકિસ્તાન સહિત કેટલાક મુસ્લિમ દેશો પણ અમેરિકા તરફી અને સદ્દામ વિરોધી બન્યા છે. તેઓ જાહેરમાં પલિસ્તીઓને મદદરૂપ નહિ બને.

૫. ઈઝરાયલ પાસે અદ્યતન યુદ્ધશસ્ત્રો છે, જ્યારે કોઈ આરબ રાજ્ય પાસે સારાં હથિયારો નથી. ઈરાક પાસે અદ્યતન અને મહાસંહારક શસ્ત્રો છે એમ માનવામાં આવતું હતું. પણ આ અખાતી યુદ્ધમાં એનો ભંડો ફૂટી ગયો છે. અમેરિકા પાસે તદ્દન આધુનિક અને અજાયબ હથિયારો છે. પણ ખાસ કોઈ વિશિષ્ઠ કે મહા વિચિત્ર સંજોગ સિવાય અમેરિકા ઈઝરાયલ સામે યુદ્ધે ન જ ઊતરે. અને રશિયા તો પોતાનાં આંતરિક બળવા અને ભૂખમરાના સંજોગોમાં 'પારકી પંચાત' અને તેયે લાભશૂન્ય એવી પંચાતમાં પડવાનું યોગ્ય નહિ માને. એમ, યુદ્ધનો માર્ગ પલિસ્તીનો માટે નથી. આંતકવાદ તો તેમણે બહુ અજમાવ્યો, અને એમાં તેઓ ફાવ્યાં નથી.

૬. અખાતી યુદ્ધમાં ઈરાકી પ્રમુખ સદ્દામ હુસેનનું સમર્થન કરનાર પી.એલ.ઓ. અને તેના આગેવાન યાસર અરાફત માથે હવે તો આફત જ ઊતરશે. સદ્દામની સત્તાનો કચ્ચરઘાણ વળી ગયો છે, અને તેનું ભાવિ પણ અનિશ્ચિત છે. એટલે સદ્દામની પાસેથી પેલેસ્ટાઈન મુક્તિ મોરચો કોઈ આશા રાખી શકે નહિ.

વળી ઘણાં આરબ રાજ્યો હવે પી.એલ.ઓ.ને મદદ કરવા આતુર નથી, એટલું જ નહિ, પણ તેમણે યાસર અરાફત તરફથી પોતાનાં મોં અવળાં કરી દીધાં છે. તેઓમાં પી.એલ.ઓ. પ્રત્યે અવિશ્વાસની મોટી

ખાઈ ઊભી થઈ ગઈ છે. અરે, ખુદ પેલેસ્ટાઈનની મુક્તિ ચળવળ જોખમમાં મુકાઈ છે.

યાસરે સદ્દામને આપેલા ઉઘાડા ટેકાથી ઇઝરાયલ પી.એલ.ઓ.નું વધારે વિરોધી બન્યું છે. અને કેટલાક ઉદારનીતિ ધરાવતા ઇઝરાયલીઓનું પણ તેમણે સમર્થન અને કૂણી લાગણી ગુમાવ્યાં છે.

પલિસ્તીનો માટે એક જ રસ્તો છે, જે દ્વારા તેઓ મૂળ કનાન (પાલેસ્તાઈન) દેશમાં પોતાનું આગવું રાજ્ય સ્થાપી શકે, એટલે શાંતિ-સમાધાનીનો માર્ગ. તેઓ સામેથી ચાલીને ઇઝરાયલ રાજ્યનું અસ્તિત્વ માન્ય રાખે, અને એક ટેબલ પર બેસીને શાંતિ સમાધાનની વાટાઘાટો કરે. શ્રી યાસર અરાફતે અગાઉ કહેલું કે 'અમે ઈઝરાયલ સામે આજીવન લડાઈ લડતા રહીશું.' એ વાત તે હવે સદંતર ભૂલી જાય.

અમેરિકા-ઇઝરાયલ અને ઈજિપ્ત વચ્ચે તા. ૨૦-૧૧-૧૯૭૭ના રોજ કેમ્પ-ડેવિસ ખાતે જે શાંતિના કરારો થયા તેમાં પલિસ્તીનોને ઇઝરાયલના પશ્ચિમ કાંઠે ગાઝાપટ્ટીમાં પોતાનું રાજ્ય સ્થાપવા દેવાની જોગવાઈ છે. પશ્ચિમ યરદન કાંઠાની વાત હાલ જવા દઈને આ ગાઝાપટ્ટીને માટે ટેબલ પર બેસીને માગણી કરે.

મારા પુસ્તક 'અનોખી ઇઝરાયલ પ્રજા' (૧૯૬૭)માં મેં આ પ્રદેશ વિષે લખ્યું છે કે, "દરિયાકાંઠાની ગાઝાપટ્ટીનું પણ તેવું જ. એ પ્રદેશ જિતાયો છે તો ખરો, પણ ત્યાંના લોકોનું વલણ આરબો તરફ ઢળતું હોય એ સ્વાભાવિક છે. તો એને વશ રાખવામાં સતત લશ્કર, અને નાણાંનો વ્યય શા માટે થવા દેવો ? જો અન્ય મોટાં ધ્યેય સધાતાં હોય તો ગાઝાપટ્ટી પ્રદેશ પાછો આપવામાં ઇઝરાયલને વાંધો નહિ આવે." (ચોથી આવૃત્તિ, પૃ. ૧૮૭).

રાષ્ટ્રસંઘની સિક્યુરિટી કાઉન્સિલનો ઠરાવ નં. ૨૪૨ મેન્ડેટોરી (ફરજિયાત) ઠરાવ છે. એમાં એમ હુકમ કરવામાં આવ્યો છે કે આરબ રાજ્યોએ ઇઝરાયલ સાથે સુલેહ કરવી અને આરબ રાજ્યો સુલેહ કરે ("a just and lasting peace") ત્યાં સુધી ઇઝરાયલ જિતાયેલા પ્રદેશોને પોતાના હાથમાં યા હકુમતમાં રાખે અને એમનો વહીવટ કરે. ઓક્સફર્ડના પ્રોફેસર એડમ રોબટ્સે તાજેતરમાં જ લખ્યું છે કે સિક્યુરિટી કાઉન્સિલે ઠરાવ નં. ૨૪૨ અને ઠરાવ નં. ૩૩૮ અનુક્રમે ૧૯૬૭માં અને ૧૯૭૩માં કરીને

ઈઝરાયલે જિતેલા પ્રદેશોને શાંતિ માટે "આડમાં (બાનમાં) મૂકેલી જણસ" (Gages for peace) ગણવાની નીતિ જાહેર કરી ત્યારે એને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક આવકાર મળ્યો હતો.

આ જીતાયેલા પ્રદેશોને ઈઝરાયલ રાજ્ય ઉપર પ્રમાણે પોતાના હવાલામાં રાખી શકે એવો એમનો હક્ક ઠરાવ નં. ૨૪૨ અને ૩૩૮ દ્વારા માન્ય રાખવામાં આવ્યો ત્યારે સિક્યુરિટી કાઉન્સિલમાં સર્વાનુમતે નક્કી થયું હતું, સિવાય કે સિનાયનો પ્રદેશ, કેમ કે એ ઈજિપ્તનો પ્રદેશ છે, અને ગોલન હાઈટનો પ્રદેશ, કેમ કે એ સિરિયાનો પ્રદેશ છે. જ્યારે બાકીના બે જીતાયેલા પ્રદેશ (ગાઝાપટ્ટી અને પશ્ચિમી જોર્ડન) મૂળ પેલેસ્ટાઈન મેન્ડેટના હતા, અને માન્ય રખાયેલ રાજ્યના ભાગ બન્યા નહોતા."

ઉપરના બે ઠરાવોનો અર્થ આવો થાય છે કે ઈઝરાયલના આરબ પડોશીઓ ઈઝરાયલ સાથે સુલેહ શાંતિ કરે ત્યાં સુધી જિતાયેલા પ્રદેશોને ઈઝરાયલ પોતાના કબજામાં રાખે તથા વહીવટ કરે, અને સુલેહશાંતિ થઈ ગયા પછી ઈઝરાયલ 'સલામત અને માન્ય રખાયેલી સરહદે' ખસી જાય. એ સરહદનો અર્થ એ નથી કે ૧૯૪૯માં યુદ્ધવિરામ સમયે સૂચવાયેલી સરહદ.

સને ૧૯૪૯ની યુદ્ધવિરામની સમજૂતી સ્પષ્ટ છે કે (લબાનોનના કેસ સિવાય) તે સમયે નક્કી કરેલી રેખા રાજકીય સરહદો નથી, પણ યુદ્ધવિરામ પછી એ રેખા બદલી શકાય એટલે કે જ્યારે તેઓ સુલેહશાંતિ કરે ત્યારે બંને પક્ષ નક્કી કરે તે રાજકીય સરહદો ગણાય.

આ સુલેહશાંતિની વાટાઘાટોનો માર્ગ હવે મોકળો થયો છે. આજ સુધી આરબો સાથે એક ટેબલ પર બેસીને સમસ્યાઓનો ઉકેલ લાવવાની ચર્ચાઓ કરવા ઈઝરાયલ તૈયાર નહોતું. શ્રી. બેકરની છેલ્લી મુલાકાતને અંતે એવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી કે ઈઝરાયલના વડાપ્રધાન શમીર, સંરક્ષણ પ્રધાન વગેરે સૌ આરબ દેશો સાથે વાટાઘાટો કરવા માટે સંમતી સાથે તૈયાર થયા છે. પશ્ચિમ એશિયાના ઈઝરાયલ અને આરબો વચ્ચેના અત્યંત તંગ અને સતત દુશ્મનાવટભર્યા વાતાવરણમાંથી સીધા વાટાઘાટોના ટેબલ ઉપર બેસવાની ઈઝરાયલે બતાવેલી તૈયારી એ એક નોંધપાત્ર મહત્ત્વની સિદ્ધિ છે એવું સર્વ સામાન્ય મૂલ્યાંકન છે. આ રીતે વાટાઘાટો થશે અને ઈઝરાયલ-

આરબો વચ્ચેના પ્રશ્નો વાટાઘાટોથી ઉકેલાશે તો એ એક નોંધપાત્ર મોટી સિદ્ધિ ગણાશે. *(ગુજરાત સમાચાર, તા. ૧૧-૪-૧૯૯૧, વિશ્વની વાત, ચંદ્રકાન્ત શાહ).*

જો આરબ રાજ્યો માંહોમાંહે ઐક્ય સાધીને આ વાટાઘાટોનો લાભ લે અને ઇઝરાયલ સાથે એક ટેબલ પર બેસે તો પશ્ચિમ એશિયા (મીડલ ઈસ્ટ) એક ભભૂકતા અને ભારે પ્રશ્નનો નિકાલ થાય, અને એ વિસ્તારમાં શાંતિ થાય. પણ શ્રી. સદ્દામ હુસેન અત્યારના એમના ઇઝરાયલ સામેના અક્કડ મિજાજમાંથી બહાર આવશે ખરા ? લિબિયાના શ્રી. ગદ્દાફી આમાં કબૂલ થશે ખરા ?

## ૨. સમરૂનીઓ કોણ હતા ?

સમરૂનીઓ અને યહૂદીઓ વચ્ચે શો તફાવત હતો ? સમરૂની સ્ત્રી ઈસુને કેમ કહે છે કે, "તું યહૂદી થઈને સમરૂની પાસે કેમ પાણી માગે છે ?" (કારણ, યહૂદીઓ સમરૂનીઓ સાથે વ્યવહાર રાખતા નથી.) વળી આગળ સમરૂની સ્ત્રી એમ પણ કહે છે કે "અમારા પૂર્વજ યાકોબે અમને આ કૂવો આપ્યો." યાકોબ તો યહૂદીઓનો પૂર્વજ હતો, સમરૂનીઓનો નહિ. સમરૂનીઓ અને યહૂદીઓ વચ્ચે શો તફાવત હતો ?

સમરૂનીઓ યહૂદીઓ નહોતા, યહૂદીઓના પૂર્વજ અબ્રાહમ, ઇસહાક, યાકોબ, યોસેફ, યહૂદા વગેરે હતા. પણ તેઓ સમરૂનીઓના પૂર્વજ નહોતા. સમરૂની સ્ત્રીનું કથન કે 'અમારા પૂર્વજ યાકોબ' એ સાચું નહોતું. કારણ સમરૂની સ્ત્રી ઇતિહાસ જાણતી નહોતી. સમરૂનીઓ યહૂદી પૂર્વજોમાંથી ઊતરી આવેલા લોકો નહોતા. તેઓને (સમરૂનીઓને) પરદેશોમાંથી લાવીને અહીં પાલેસ્તાઈનના સમરૂન પ્રાંતમાં વસાવવામાં આવ્યા હતા. આશ્શૂરના રાજાએ તેમને અહીં વસાવ્યા હતા.

વાત આમ બની હતી : શલોમોન રાજાના મૃત્યુ પછી રાજ્યનાં બે ભાગલા પડી ગયા. રહાબામ અઢી કુળ પર યરુશાલેમથી રાજ્ય કરતો હતો, જ્યારે યરોબામે ૧૦ કુળોના ઇઝરાયલ રાજ્ય (અથવા ઉત્તરના રાજ્ય) પર સમરૂન શહેરથી રાજ શરૂ કર્યું હતું. પાછળથી ઈ.સ. પૂર્વે ૭૨૧માં આશ્શૂરના રાજા સારગોન બીજાએ ઇઝરાયલના (ઉત્તરના) રાજ્યને જીતી લીધું, અને ઘણા બધા લોકોને સમરૂન અને આસપાસથી પકડી લઈ જઈને આશ્શૂરમાં અને એની આસપાસના પ્રદેશોમાં વસાવ્યા (૨ રાજા ૧૭:૨૩). અને એમને સ્થાને "આશ્શૂરના રાજાએ બાબિલમાંથી, કુથાહમાંથી, આવ્વામાંથી,

હમામમાંથી તથા સફાર્વાઈમાંથી માણસોને લાવીને તેમને ઇઝરાયલપુત્રોને બદલે સમરૂનનાં નગરોમાં વસાવ્યાં; તેઓ સમરૂનને પોતાનું વતન કરી લઈને તેનાં નગરોમાં રહ્યાં." (૨ રાજા ૧૭:૨૪). તેઓ પરદેશોમાં લવાયા હતા, અને તેઓનો ધર્મ જુદો હતો. આ પુનઃ વસવાટ ઈ.સ. પૂર્વે ૭૨૦માં અને ઈ.પૂર્વે ૭૧૫માં બન્યો.

આ બહારથી લાવીને વસાવેલા લોકોની માગણીથી (૨ રાજા ૧૭:૨૫-૨૭) ત્યાંના મૂળ વતનીઓના દેવની ભક્તિપૂજા તેમને શીખવવા માટે, સમરૂનમાંથી પરદેશ લઈ જવાયેલા એક યાજકને પાછો સમરૂન લાવી રાખવામાં આવ્યો. તેણે યહોવાની ભક્તિને સ્થાને મિશ્ર પ્રકારની મૂર્તિપૂજા તેઓની પાસે કરાવી. એમ, આ લોકોમાં અર્ધું યહોવાનું નામ, અને અર્ધી મૂર્તિપૂજા શરૂ થઈ. એમ તેઓએ મોશે (મૂસા)નાં પહેલાં પાંચ પુસ્તકોને પોતાનાં ધર્મપુસ્તક તરીકે અપનાવ્યાં, અને યહૂદીઓના ઇતિહાસને તથા પૂર્વજોને પોતાના ઈતિહાસ તથા પોતાના પૂર્વજો તરીકે સ્વીકાર્યા. એમ યાકોબ પણ તેઓનો પૂર્વજ ગણાયો. આ બહારથી લાવવામાં આવેલા લોકો સમરૂનીઓ તરીકે ઓળખવા લાગ્યા. આ નામ જૂના કરારમાં માત્ર ૨ રાજા ૧૭:૨૯માં જ આપવામાં આવેલું છે. જ્યારે નવા કરારમાં છૂટથી વપરાયું છે.

યહૂદીઓ સમરૂનીઓને હલકા ગણતા હતા, અને તેઓની સાથે રોટી-બેટી વ્યવહાર રાખતા નહોતા. આજે આ વીસમી સદીમાં પણ ૪૦૦ જેટલા સમરૂનીઓ ગીરીઝીમ પર્વત અને એબાલ પર્વતની તળેટીમાં રહે છે, મોશે (મૂસા)નું પંચગ્રંથ પુસ્તક વાપરે છે. અને ગીરીઝમ પર્વત પર પાસ્ખા પર્વ પાળવા જાય છે. હું ૧૯૫૪ના એપ્રિલમાં તેમના પાસ્ખા વખતે એ ગીરીઝીમ પર્વત પર ગયો હતો. ગીરીઝીમ પર્વતની તળેટી પાસે સૈખારનો કૂવો છે.

## ૩. કુર્દો કોણ હતા ?

કુર્દ લોકો અત્યારે તો પશ્ચિમ એશિયાના (મિડલ ઈસ્ટ)ના જુદાં જુદાં રાજ્યોમાં વહેંચાઈ ગયા છે. પણ ૧૯૧૮ અગાઉ તેઓનું રાજ્ય કુર્દિસ્તાન તરીકે ઓળખાતું હતું. કાસ્પિયન સમુદ્રની પશ્ચિમે અને નૈઋત્ય ખૂણામાં કુર્દિસ્તાન વિસ્તરેલું હતું. પણ ઓટોમન તૂર્ક રાજ્ય ૧૯૧૮માં ખતમ થવાથી કુર્દિસ્તાન રાજ્યનું વિભાજન થયું અને એના કકડા નૈઋત્યના તૂર્કિસ્તાનમાં,

ઉત્તર સિરિયામાં, ઉત્તર ઈરાકમાં, અને ઈરાનના વાયવ્ય ખૂણામાં તેમ જ સોવિયેટ રશિયન યુનિયન દક્ષિણ પ્રદેશમાં વિલિન થઈ ગયું.

એ ૧૯૧૮ના વિભાજન પછી કુર્દોએ આજ સુધી પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવા માટે અનેક મથામણ કરી છે, અને જુદાં જુદાં રાજ્યોમાં આંતરવિગ્રહો ઊભા કર્યા છે પણ કંઈ વળ્યું નથી. પશ્ચિમ એશિયાની પ્રજાઓએ તેમનામાં વિખવાદો ઊભા કરવામાં અને તેમને અસ્થિર બનાવી દેવામાં ખૂબ ખૂબ ભાગ ભજવ્યો છે. દુનિયામાં યહૂદીઓથી બીજા નંબરે ખૂબ રિબાયેલા આ લોકો છે. પ્રજાઓએ તેમને કંઈ કંઈ આશાઓ આપી છે, અને મળ્યું કંઈ નથી. પ્રજાઓ અને સરકારો તેઓનો નકાર કરતી જ આવી છે; બસ એટલું જ નહિ પણ તેમને ખૂબ લૂંટતી આવી છે.

જેમ અત્યારે તેમ અનેકવાર એ પ્રજા દુનિયાનું ધ્યાન ખેંચતી આવી છે. પણ તેમની આશા અને ઉમળકાઓને ઘાતકી રીતે દાબી દેવામાં આવ્યા છે. પણ આવી ઘોર નિરાશાઓમાં તેમની આશાના અંગારા વધુ ને વધુ ચમકતા બની રહ્યા છે. બંદુકની ગોળીઓએ કે સદામ હુસેનના ગેસ વિસ્ફોટનોએ તેમને ડારી શક્યા નથી, કે ફરી પાછા માથું ઊંચકવામાં થંભાવી શક્યા નથી.

અત્યારે બહુ નબળા પડી ગયેલા સદ્દામ હુસેન ઈરાક પર રાજ્ય ચલાવે છે, ત્યારે કૂર્દોને પોતાના સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની નવી તક મળી ગઈ છે એમ લાગે છે.

કૂર્દ લોકો ઉપરના અનેક રાજ્યોમાં આ પ્રમાણે વિખેરાયેલા છે : એમની ચોક્કસ વસતી ગણતરી કરવી મુશ્કેલ છે, કારણ, દરેક દેશમાં એ અણમાનિતી લઘુમતી છે, અને એમના પ્રત્યે એમના હક્કો પ્રત્યે અને એમની સુખાકારી કે વિકાસ માટે લગભગ નહિ જેવું જ ધ્યાન આપવામાં આવે છે.

| | |
|---|---|
| ઈરાક | ૩૫,૦૦,૦૦૦ |
| તૂર્કિસ્તાન | ૧,૧૦,૦૦,૦૦૦ |
| ઈરાન | ૬૦,૦૦,૦૦૦ |
| સિરિયા | ૨૫,૦૦,૦૦૦ |
| સોવિયેટ રશિયન યુનિયન | ૫૦,૦૦,૦૦૦ |
| પશ્ચિમ જર્મનીમાં કામ કરતા | ૪,૦૦,૦૦૦ |
| નેધરલેન્ડઝ | ૪૦,૦૦૦ |
| (આશરે) | ૨,૮૪,૪૦,૦૦૦ |

લગભગ ૯૦ ટકાના સિરિ લોકો આરબો છે. છ ટકા જેટલા કુર્દો છે. સને ૧૯૭૬માં અહીં ૧,૮૦,૦૦૦ જેટલા પલિસ્તીનીઓ હતા. અત્યારે કેટલા છે તે મેળવી શકાયું નથી. સિરિયાની વસતીના ૮૮ ટકા મુસ્લિમો છે. સુન્ની મુસ્લિમો શિયા મુસ્લિમો કરતાં સાત ગણા છે. દેશમાં કેટલાક દ્રુઝ અને કેટલાય ઈસ્માએલી મુસ્લિમો છે. બાકીના લોકો ખ્રિસ્તીઓ છે. એમના ૧૧ જેટલા પંથોમાં (ડિનોમિનેશનોમાં) ગ્રીક ઓર્થોડોક્સ સૌથી મોટો છે.

પુરાણા સમયમાં ફિનિશિયનો (ફૈનિકે) મહા વેપારી લોકો હતા. અને સિરિયા પણ એમાં જોડાયેલું હતું. બાઈબલમાં સિરિયાને અરામી દેશ અને લોકોને અરામીઓ તરીકે ઓળખવામાં આવ્યા છે. પહેલા વિશ્વયુદ્ધ સુધી સિરિયા ઓટોમાન તુર્કોની સત્તા નીચે હતું. ૧૯૨૦થી ૧૯૪૧ સુધી લીગ ઓફ નેશન્સે એને ફ્રેન્ચ મેન્ડેટ (વહીવટ) નીચે મૂક્યું. દેશ ૧૯૪૧માં સ્વતંત્ર બન્યો. ઈઝરાયલનું રાજ્ય ૧૯૪૮માં અસ્તિત્વમાં આવ્યું એ પછી તો સિરિયા ઈઝરાયલ સાથે લડતું જ રહ્યું છે. અને એને લીધે એનું લશ્કરી (સંરક્ષણ) ખર્ચ ખૂબ મોટું છે. રશિયા એને યુદ્ધસામગ્રી, તકનિકો અને તાલીમ સતત પૂરાં પાડે છે.

નવાઈની વાત છે કે સિરિયાએ અખાતી યુદ્ધ ખાતે રાષ્ટ્રસંઘ ખાતે ઈરાક સામે ૨૦,૦૦૦ સૈનિકો આપ્યા છે. આમ આરબ લીગમાં ફાટ પડી છે, ઈજિપ્તે પણ એ ખાતે ૩૫,૦૦૦ જેટલા સૈનિકો પૂરા પાડયા છે. સિરિયાના પાટનગર દમસ્કસના તા. ૧૩-૩-૯૧ના સમાચાર પ્રમાણે સિરિયા ઈઝરાયલ સાથે સંબંધો સુધારવા માગે છે. એની જાહેરાત પણ સિરિ સરકારે કરી છે. અખાતી યુદ્ધ પછી પલટાયેલી પરિસ્થિતિ અને યુદ્ધોતર આવી રહેલા પરિવર્તનને ધ્યાનમાં લઈને સિરિયા પોતાની નીતિ બદલવા માગે છે.

# પ્રકરણ-૧૦

## શાંતિ સમિતિના આદેશ અનુસાર.. હેબ્રોન અને યરુશાલેમ શહેરો સોંપવામાં ઈઝરાયલ કેમ ખોટકાય છે ?

ઈઝરાયેલના દાવિદ રાજાએ આજથી ૩૦૦૦ હજાર વર્ષ પહેલાં યબુસીઓ પાસેથી યરુશાલેમ શહેર જીતી લીધું અને તેને પોતાનું પાટનગર બનાવ્યું તો એમાં આરબોને સોંપવાનું શા માટે ? બીજી બાબત કે આ તો ઈશ્વર તરફથી મળેલો વચનનો દેશ હતો. પલિસ્તીઓ તો દરિયાપારના દેશમાંથી આવીને વસેલા છે તેઓ તો આરબો પણ નથી તો તેમને યરુશાલેમ કે હેબ્રોન પર શો હક્ક ? બીજા વિશ્વયુદ્ધમાં ૧૯૧૮માં આ પ્રદેશ તો બ્રીટને જીતી લીધો ત્યારબાદ આ પ્રદેશમાં આરબ રાજ્યો સ્થપાયાં. આરબ રાજ્યો ત્યારબાદ થયાં. ૧૯૫૪માં મેં જ્યારે ઈઝરાયલની મુલાકાત લીધી ત્યારે આ બધાં આરબ રાજ્યો અને પંલિસ્તીઓની મુલાકાત લીધેલી. પલિસ્તીઓને ત્યારે આરબ રાજ્યોએ સમાવી લેવા જોઈતા હતા પરંતુ તેમનો તેમણે સ્વીકાર કર્યો નહિ. તો હાલ હવે કેમ આ યરુશાલેમ અને હેબ્રોન પર હક્ક જમાવવા માટે આગ્રહ રાખે છે ? યરુશાલેમ તે સાર્વકાલિક કેપીટલ શહેર તો પ્રભુએ યહૂદીઓને આપેલ છે. અને ઈસુ ખ્રિસ્ત પોતે ૧૦૦૦ હજાર વર્ષ દાવિદની ગાદી પર બેસીને રાજ્ય કરવાના છે તો આ યરુશાલેમ કેવી રીતે પેલેસ્તાનીઓને સોંપી દે ? તેઓએ દોરીઓથી માપી માપીને મારો દેશ વહેંચી લીધો છે. પણ હું તેઓની પાસે તેનો જવાબ માગીશ એવું દેવ યહોવા બાઈબલમાં જણાવે છે.

હેબ્રોનને દાવિદે સૌથી પહેલી રાજધાની બનાવી હતી અને ત્યાંથી રાજ કર્યું હતું તો તે હેબ્રોન કેવી રીતે પેલેસ્તાનીઓને સોંપી દે ? એમાં પલિસ્તીઓને શો લાગભાગ ? વળી હેબ્રોનની પાસે યહૂદીઓનું જે કબ્રસ્તાન આવેલું છે તે

તો અબ્રાહમે પોતે હમોરના દીકરા પાસેથી ખરીદી લીધું હતું તો તેમાં પલીસ્તીઓનો શો હક્ક ?

ઈઝરાયેલના વડા પ્રધાન ઈસાક રેબીન તેલ અવીવમાં શાંતિ રેલીમાં ભાગ લેવા માટે ગયા હતા. ત્યાં ૧૯૯૫માં શનિવાર નવેમ્બરની ૪થી તારીખે એક યહૂદીને હાથે તેમનું ખૂન થયું. આ ઈશાક રેબીન શાંતિના ચાહક હતા અને મીડલ ઈસ્ટમાં શાંતિ થાય તે માટે પ્રયત્નશીલ હતા. આવો શાંતિ ચાહક માણસ મરી ગયો તેની પછી શાંતિ સ્થાપનાર કે શાંતિ ચાહનાર કોઈ ઈઝરાયલમાં હયાત નથી.

આ પહેલાં ઈઝરાયલે નીચે મુજબના દેશો સાથે સંધિ કરારો કર્યા હતા.

**ઈજીપ્ત, જોર્ડન :** મીડલ ઈસ્ટનું બળવાન રાજ્ય સીરીયા છે પરંતુ ઈઝરાયલ સાથે હજૂ સીરીયાને સંધિ થઈ નથી કારણ કે ૧૯૬૭ના યુદ્ધમાં સીરીયાએ ગોલન હાઈટનો વિસ્તાર જીતી લઈ પોતાના કબજામાં લઈ લીધો હતો. હું ૧૯૮૬માં આ ગોલન હાઈટના પ્રદેશમાં ફર્યો હતો ત્યારે મેં ભાંગેલી ઈઝરાયલી રણગાડીઓ જોઈ હતી એટલે કે ગોલન હાઈટ પ્રદેશ આજે પણ તેના કબજામાં છે જેથી સીરીયા સાથે સંધિ થઈ શકી નથી.

આ ગોલ્ડન હાઈટની ઊંચાઈ ૧૩૦૦ મીટરની છે. જે ચિત્રમાં જોઈ શકાય છે. આટલી ઊંચાઈએથી સિરિયા ગોળા ફેંકે તો યરુશાલેમ અને આખા ઈઝરાયલનો નાશ કરી શકે ઈઝરાયલને આ ડર મોટો છે જેથી તે વહેલી તકે સીરીયા સાથે સુલેહ શાંતિના કરારો કરશે; પરંતુ પી.એલ.ઓ.ની ઢેખાળા ફેંકવાની યાને ઈંટો ફેંકવાની પ્રવૃત્તિ તો ચાલુ રહી છે તો મીડલ ઈસ્ટમાં આ સંધિ કેવી રીતે થઈ શકે ?

મુસ્લિમો ઈઝરાયલ સાથેની લડાઈની કોઈ પણ તક જતી કરશે નહિ. પી.એલ.ઓ.ના. આગેવાન આરાફતે એક વાર કહી દીધું છે કે અમે કોઈપણ સંજોગોમાં સંધિ-સુલેહ કરવા માગતા નથી, અમારે શાંતિ જોઈતી નથી. અમે તો યુદ્ધ અને વિજય તરફ જ આગળ વધવા માગીએ છીએ અમે તો બધાં મુસ્લિમ રાષ્ટ્રો એક જ ધ્વજ નીચે ભેગા મળી યુદ્ધે ચઢીશું. ઈઝરાયલનો નાશ એજ અમારી શાંતિ રહેશે એ સિવાય કાંઈ જ નહિ.

આ સંજોગોમાં આરબો અને મુસ્લિમોની માન્યતા આ પ્રકારની છે તો મીડલ ઈસ્ટમાં શાંતિ કઈ રીતે સ્થાપી શકાય ? શાંતિની સ્થાપના કોઈ જ રીતે શક્ય જણાતી નથી.

ઉપર જણાવેલ વિચારો મારા એટલે કે લેખક (રેવ. ડો. જયાનંદ આઈ. ચૌહાન)ના નથી પરંતુ ઘણા બધા આરબ દેશોના અને મુસ્લિમોના આગેવાનો સાથેની વાટાઘાટો પછી તેનું તાત્પર્ય અહીં રજૂ કર્યું છે. વળી એક બે લેખકોના પુસ્તકોમાં પણ મેં આવી વિચારશ્રેણી વાંચી છે. પરંતું ઈશ્વરે તો સદાકાળ માટે આ પ્રદેશ યહૂદીઓને આપેલ છે. વળી ઇઝરાયલનો કદી નાશ નહિ થાય એવું ઈશ્વરે ઇઝરાયલને મોશેને દર્શન આપી જણાવેલ છે કે ઝાડ બળ્યા કરે છે પરંતુ તેની ભસ્મ થતી નથી. વળી ઈશ્વરે એ પણ જણાવેલ છે કે તને મારવા માટે બનાવેલું કોઈપણ હથિયાર સાર્થક થશે નહિ. અને આથી ઇઝરાયેલ કદી નાશ પામશે નહિ અને સનાતન રહેશે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે યરુશાલેમની ગાદી પર એટલે કે દાવિદની ગાદી પર બેસીને દુનિયા પર ૧૦૦૦ વર્ષ રાજ કરશે તો દુનિયામાં ગજબના ફેરફારો થઈ ગયા હશે. એટલા માટે આ દેશની વહેંચણી આરબો કે અન્ય કોઈને થઈ શકે નહિ.

# પ્રકરણ-૧૧

# યરુશાલેમ

## ૧. યરુશાલેમ શહેર :

આજથી ત્રણ હજાર વર્ષ ઉપર દાવિદ રાજાએ યબૂસીઓ પાસેથી યરુશાલેમ શહેર જીતી લીધું હતું. હિઝિકીયા રાજાએ ગીદોનના ઝરણાંથી બૂગદું કરીને યરૂશાલેમમાં પાણી આણ્યું હતું. અને આ સમયે ગીદોનના પાણી સુકાઈ ગયાં હતાં અને નાળું સુકાઈ ગયું હતું. દાવિદ રાજા એ સૂકા નાળામાં થઈને એમના સિપાઈઓ પાસે યબૂસીઓના દેશમાં આવ્યા અને યબૂસીઓ સાથે લડીને યરુશાલેમ જીતી લીધું.

ત્યારથી યરુશાલેમ યહૂદીઓના કબજામાં આવ્યું છે. ત્રણ હજાર વર્ષની જ્યુબિલી એમણે મહામોટા આનંદથી ઊજવી.

દાવિદ રાજાએ યરુશાલેમને પોતાનું પાટનગર બનાવ્યું. અને છેલ્લા વર્ષથી બહુ ભારે જ્યુબિલી ઉજવવામાં આવે છે. અનેક દેશોના રાજવી અમલદારો આમંત્રિત બન્યા હતા. સંગીતની પાર્ટીઓ દેશે દેશથી આવી હતી. અને કલાકારો પણ દુનિયાભરમાંથી આવ્યા હતા અને દારૂખાનું તથા રોશની કરવામાં આવ્યાં હતાં. મોટી ધામધૂમથી આ જ્યુબિલી ઊજવવામાં આવી.

જ્યુબિલીનાં ચિત્રો મારી પાસે ઝાંખા હોવાથી આપતો નથી. યરુશાલેમને રાજધાની બનાવવામાં આવી ત્યારે આરબો ખૂબ ખિજવાયા હતા. આપણે ઇઝરાયલમાં જવું હોય તો મુંબઈથી એક વિમાન ઉપડે છે. અને તે આપણને ઇઝરાયલના તેલ અવીવમાં પહોંચાડે અને ત્યાંથી બે માઈલ દૂર યરુશાલેમમાં આપણે જઈ શકીએ.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત ટૂંક સમયમાં પોતાના લોકોને લેવા માટે ગગનમાં ઉતરવાના છે અને ત્યારપછી સાત વર્ષ પછી તે પોતે યરુશાલેમમાં રાજ કરવા

પાછા આવવાના છે. યોહાન બાપ્તિસ્ત અને પ્રભુ ઈસુના શિષ્યો વારંવાર પોકારતા હતા કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે. એટલે પસ્તાવો કરો એટલે ઈસુ ખ્રિસ્ત પાછા આવવાના છે અને તે યરુશાલેમને રાજગાદી બનાવશે. દુનિયાભરમાંથી લોકો ઈસુ રાજાને ભેટો ધરવાને માટે આવશે.

ખ્રિસ્ત વિરોધી એટલે પ્રભુનો વિરોધ કરનાર તે પણ આવીને યરુશાલેમમાં રહીને પોતાની ગાદી સ્થાપશે પણ ઈસુ ખ્રિસ્ત રાજ કરતા હોવાથી તેનું કાંઈપણ ચાલશે નહીં. ખ્રિસ્ત વિરોધી તે શેતાન પુત્ર છે, જેમ પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે ઈશ્વરના પુત્ર છે. તેમ ખ્રિસ્ત વિરોધી શેતાનનો પુત્ર છે. શેતાન અને શેતાન પુત્ર એવી ઈચ્છા રાખે છે કે યરુશાલેમનું રાજ્ય શેતાન પુત્રના હાથમાં આવે પણ તેમ કરી શકશે નહીં.

## ૨. મોરીયા પર્વતવાળું યરુશાલેમ :

યહોવાએ અબ્રાહામને કહ્યું કે તારો એકનો એક દીકરો એટલે કે જેના પર તું ખૂબ પ્રેમ કરે છે, એટલે કે ઈસ્હાકનું મને અર્પણ ચઢાવ. એટલે અબ્રાહમ ઈસ્હાકને લઈને મોરીયા પર્વત પર જાય છે. મોરીયા પર્વત પર વેદી બનાવીને તેના પર લાકડાં મૂકયાં અને તેના પર ઈસ્હાકને બાંધ્યો. આમાં અબ્રાહામનું પારખું કરવામાં આવે છે અને ઈસ્હાકની કસોટી થાય છે. ઈસ્હાકને વેદી ઉપર બાંધ્યો ત્યારે તે જુવાન ઈસ્હાકે બાપાનો વિરોધ કર્યો હોત પણ તે પ્રભુની આપેલી આજ્ઞા પાળવા તૈયાર થયો, તે અર્પિત હતો. બાપે છરો હાથમાં લઈને ઊગામ્યો પણ યહોવાના દૂતે હાંક મારી કે તું તારા દીકરાને કંઈ કરીશ મા અને તેણે પાછળ ઝાડીમાં જોયું તો ઝાડીમાં ઘેટો ભરાયેલો હતો તો તેણે ઘેટાને લઈને ઈસ્હાકની જગ્યાએ બલિદાન ચઢાવ્યો.

એ મોરીયા પર્વત પર જ યરુશાલેમ બંધાયું હતું. આજે પણ યરુશાલેમના મંદિર ઉપર આજે ડોમ ઓફ ધી રોક નામની મસ્જીદ છે તેની નીચે મોરીયા પર્વત પરની ટોચ દેખાય છે. હું જ્યારે યરુશાલેમ ગયો હતો ત્યારે ત્યાંના મૌલવીની રજા મેળવીને ડોમ ઓફ ધી રોકની નીચે મોરીયા પર્વતનું શીખર જોયું છે અને એ જ સ્થળે દાવીદના પુત્ર શલોમોને યહોવાનું મંદિર બાંધ્યું હતું.



પુરાણા યરુશાલેમનું વિશાળ મોડેલ

એઝરા-નહેમ્યાના સમયના મંદિર વખતે યરુશાલેમ કેવું હતું. તેનું મોડેલ બહુ મોટા વિસ્તારમાં હોલી લેન્ડ હોટેલની પાસે બાંધવામાં આવ્યું છે. ખરેખર એ જોવા જેવું છે, શહેરનો મંદિર વિસ્તાર અને બીજાં જુદાં જુદાં સ્થળો, રસ્તાઓ, દરવાજા વગેરે ક્યાં ક્યાં આવેલાં હતાં તે સહેલાઈથી જોઈ શકાય છે, અને સમજમાં ઊતરી જાય છે.

## ૩. પ્રભુ ઈસુની કબર (ગાર્ડન ટુમ્બ)

પ્રભુ ઈસુની આ કબર દમસ્ક દરવાજાથી ઉત્તર-પૂર્વ ૨૩૦ મીટર (૭૫૫ ફૂટ) છેટે આવેલી છે, એને ગાર્ડન્સ ટુમ્બ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ સી.જી. ગોર્ડન નામના બ્રિટિશ મિલિટરી ઓફીસરે ૧૮૮૩માં એ ઓળખી કાઢી હતી.

૧. એ આજે પણ યરુશાલેમ શહેરના કોટની બહાર છે. (હિબ્રૂ ૧૩:૧૨).

૨. એ કબર જે ટેકરી પર આવેલી છે તેનો આકાર ખોપરી જેવો જ છે. સને ૧૯૫૪માં હું પહેલવહેલો ત્યાં ગયો હતો, ત્યારે સૂર્યનાં ત્રાંસાં કિરણોમાં આંખો અને નાકના ગોખલા કેવા સ્પષ્ટ દેખાતા હતા ! અને કોઈના કહ્યા વગર, જોતાં જ આપણે એને ખોપરીનો આકાર માની લઈએ. હિબ્રૂમાં 'ગલગથા' એટલે ખોપરી, લાટિન 'કાલ્વરિયા' પરથી આવેલા અંગ્રેજી શબ્દ "કાલવરી" એટલે પણ ખોપરી. આ ટેકરી પર ઈસુને થંભે જડેલા. આ ગોખલાવાળા ભાગમાં યર્મિયાનો ગોખલો છે. એમાં બેસીને તેણે 'યર્મિયાનો વિલાપ' એ પરજિયો લખ્યો હતો. નબુખાદનેસ્સારે ઈ.પૂ. ૫૮૬માં યરુશાલેમને જીતી લીધું અને મંદિરનો નાશ કર્યો, તે સમયે યર્મિયાએ વિનાશ પામેલા શહેર તરફ જોઈ જોઈને આ વિલાપ લખ્યો.

૩. ખોપરીનો ટેકરીની એક તરફનો ખડક જરા બહાર પડતો છે. એમાં આ આખી કબર ખણી કાઢવામાં આવી છે. એ ટેકરી ઉપર મુસલમાન ભાઈઓની કબરો આવેલી છે.

૪. કબરમાં શબ મૂકવાનો ગોખલો ખાલી છે. એટલે કે કબરમાં અન્ય કોઈ શબ કદી મૂકાયેલું નથી. એ ગોખલામાં શબ મૂકી શકાય તેવી સપાટ રચના છે, અને માથાને વધારે અંદર ખસેડી શકાય એવો ખાંચો છે વળી બાજુ પર રડનારાં વહાલાઓ બેસી શકે એવો પરસાળ જેવો ઓરડો છે.

૫. "મરિયમ બહાર કબરની પાસે રડતી ઊભી રહી હતી. તે રડતાં રડતાં નીચે નમીને કબરમાં ડોકિયાં કર્યા કરતી હતી" (યોહાન ૨૦:૧૧). આ વાક્યમાં કેટલાંક બંધ બેસતાં સૂચનો છે : (ક) મરિયમ કબરની બહાર હતી; (ખ) નીચે નમીને તે એટલે કે કબરની ઉપરના ભાગમાં ડોકિયાં કરતી હતી, એટલે ઉપરથી જોઈ શકાય તેવી કંઈક વ્યવસ્થા હતી. આ ગાર્ડન ટુમ્બમાં ઉપરના ભાગમાં હવા જઈ શકે તેવું પથ્થરમાં બાકોરું (કે બારી) હતું. એમાંથી મરિયમ નમી નમીને ડોકિયાં કર્યા કરતી હતી.

૬. આ કબરનું મોં મોટું અને પહોળું છે, એને બંધ કરવા બહુ મોટો અને વજનદાર પથ્થર જોઈએ, પથ્થર પર મૂકવા કબરની બહાર બંને બાજુએ ઉપર નીચે ઊતરતો અને બીજી બાજુએ ચઢતો એવા ઢોળાવવાળો અને પહોળો એવો ખાંચો અથવા તો નીક હતી, જેથી કબર બંધ કરવા પથ્થર એ નીકમાં સહેલાઈથી સરકી પડે, પણ કબર ખોલવા પથ્થરને ખસેડવાનું ખૂબ અઘરું થઈ પડે.

૭. અહીં કુદરતી વાડી પણ છે. "હવે જ્યાં તે વધસ્તંભે જડાયો હતો, તે સ્થળે એક વાડી હતી, અને તે વાડીમાં એક નવી કબર હતી." (યોહાન ૧૯:૪૧). વળી મરિયમે ઈસુને એ વાડીના "તે માળી છે એમ ધારીને તેણે તેને કહ્યું કે સાહેબ," (યોહાન ૨૦:૧૫) ઘણા પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ માને છે કે ઈસુની ખરી કબર આ જ છે.

### *પ્રભુ ઈસુની કબર : પવિત્ર કબર પરનું ભવ્ય મંદિર (ચર્ચ ઓફ ધી હોલી સેપ્યુલકર)*

દુનિયાભરના ખ્રિસ્તીઓના અતિ પવિત્ર મનાતાં સ્થળોમાંનું આ એક છે. પ્રભુ ઈસુની કબરની ઉપર બાદશાહ કોન્સસ્ટનટાઈનની મા હેલિનાએ આ ચર્ચ ઓફ ધી હોલી સેપ્યુલકર ઈ.સ. ચોથી સદીમાં બંધાવ્યું હતું. પાછળથી જુદા જુદા સંપ્રદાયોએ પોતપોતાનાં ચેપલો કે ઓરડાઓ એમાં બંધાવ્યાં છે. એટલે આખું મંદિર ખૂબ જ વિશાળ બની ગયું છે. મંદિર અને આંગણમાં સહેજે અર્ધો લાખ કરતાં વધારે માણસો માઈ શકે.

હું ૧૯૫૪માં ઈસ્ટર્ન ઓર્થોડોક્સ મંડળીઓના ઈસ્ટરદિને "હોલી ફાયર" પવિત્ર અગ્નિનો વિધિ જોવા ગયો હતો, ત્યારે આ મંદિરમાં ૪૦૦ પોલિસ અને ૫૦૦ સ્વયંસેવકોનાં દળો વ્યવસ્થા જાળવવા રાખવામાં આવ્યાં

હતાં. અને દુનિયાભરમાંથી લગભગ એક લાખ જેટલા લોકો આવ્યા હતા. આ હોલી ફાયરનો વિધિ પ્રભુ ઈસુના પુનરુત્થાનના પ્રતીક તરીકે છે.

કબરના ઓરડામાં પ્રવેશવાનું સ્થાન તદ્દન નીચું છે, એટલે અંદર જનાર સૌ કોઈએ નમનના રૂપમાં વાંકા વળીને અંદર જવું પડે છે.

ઈઝરાયલ દેશ સ્વતંત્ર થયો ત્યારથી આજ સુધી આર્મિનિયન મંડળીના લોકો લાકડાના વધસ્તંભ ઊંચકીને દર શુક્રવારે ૪-૦૦ વાગે "વાયા ડોલોરસા" (દુઃખના માર્ગે) સરઘસ કાઢે છે. આ સરઘસ પિલાતની કચેરીએથી નીકળી પ્રભુ ઈસુની કબર સુધી જાય છે.

## ૪. યાદ વશમ

નવા યરુશાલેમના પશ્ચિમ ભાગમાં આ બિલ્ડિંગ આવેલું છે. હિટલરે જે ૬૦,૦૦,૦૦૦ (સાઠ લાખ) યહૂદીઓને ક્રૂરતાથી ઘેરી ગેસ ચેમ્બર્સમાં મારી નાખ્યા, તેમની યાદમાં આ સ્મારક રચવામાં આવ્યું છે. ત્યાં કાયમી પ્રદર્શન અને પુરાણા અવશેષોની ગોઠવણી અને અખંડપ્રકાશ યાદીના ઓરડામાં જોવા મળે છે.

## ૫. રાજાઓની કબર

ઉત્તર યરુશાલેમના શખેમના રસ્તે (નબ્લુસને રસ્તે) રાજાઓની કબરો આવેલી છે. પથ્થરમાં ખણી કાઢેલી અને કબરો પર જૂનાં ચિહ્નો ઉપસાવવામાં આવ્યાં છે.

## ૬. રુદનની દીવાલ

એને પશ્ચિમી દીવાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. યહૂદીઓ વતનની બહાર દેશ નિકાલ અવસ્થામાં હતા, ત્યારે તેમનું પવિત્ર સ્થળ અને યાત્રાનું મુખ્ય સ્થળ આ પશ્ચિમી દીવાલ હતું.

ઈ.સ. ૭૦માં તિતસે યરુશાલેમને જીતી લીધું, અને મંદિર તથા શહેરનો નાશ કર્યો ત્યારે પવિત્ર મંદિરની પરસાળની આ એક દીવાલ જ બચી હતી. કેટલાક એમ કહે છે કે ભવિષ્યમાં એ દીવાલને જોઈને યહૂદીઓ રડે માટે આ દીવાલને જાણી જોઈને રહેવા દેવામાં આવી હતી.

ઘણાની ખાનગી વિનંતીઓ, આજીજીઓ અને પ્રાર્થનાઓ ઈશ્વર

એકલાની આંખો જોઈ શકે કે વાંચી શકે એમ આ દીવાલના પથ્થરો વચ્ચે છૂપાવીને મૂકવામાં આવતી હતી.

આ રુદનની દીવાલની મુલાકાત ખાસ કરીને સાબ્બાથે (શનિવારે), પર્વો વખતે અને યહૂદી માસ એબની ૯મી તારીખે કરવામાં આવતી. પહેલા મંદિર અને બીજા મંદિર એમ બંનેનો નાશ એબ માસની નવમી તારીખે થયો હતો. આ દીવાલે આવીને યહૂદીઓ રુદન કરતા, એ પથ્થરોને ચૂમતા અને ચાટતા. હજારોની સંખ્યામાં યહૂદીઓ અહીં આવતા.

પણ ૧૯૬૭ના જૂનના છ દિવસના ઈઝરાયલ-ઈજિપ્તના યુદ્ધમાં ઈઝરાયલે આખુંયે યરુશાલેમ જીતી લીધું. એ યુદ્ધમાં સિરિયા, લબાનોન, જોર્ડન અને ઈરાક પણ જોડાયાં હતાં. એને રાજધાની પણ બનાવી દીધું. એ યુદ્ધને અંતે જનરલ મોશે દયાન અને લશ્કરના જવાનો આ રુદનની દીવાલે જૂન ૧૧મીએ આવ્યા ત્યારે આ કઠણ હૃદયના સૈનિકો બાળકની માફક રડી પડયા હતા. મોશે દયાને આંસુ સાથે કહ્યું કે, "અમે અમારા પવિત્રમાં પવિત્ર સ્થળે આવ્યા છીએ, અહીંથી અમે કદી નીકળવાના નથી. ના, કોઈ પણ કાળે નહિ."

## ૭. વાયા ડોલોરસા (વધસ્તંભની વાટે)

પ્રભુ ઈસુને મૃત્યુદંડ ફરમાવવામાં આવ્યો એ પછી વધસ્તંભ ઊંચકીને ગલગથા (કાલવરી અથવા ખોપરીની ટેકરી) તરફ જવા તે જે રસ્તે ચાલ્યા તેને 'વાયા ડોલરસા' = 'દુઃખનો માર્ગ' (યા વધસ્તંભની વાટે) તરીકે ઓળખવામાં આવે છે.

સ્તેફન દરવાજા પાસેના એન્ટોનિયો ટાવરેથી લોકો એકલદોકલ કે સમૂહમાં આ વાયા ડોલોરસા પર જાય છે. અહીંથી માંડીને કબર સુધી ૧૪ સ્ટેશનો (થોભા) આવે છે. લોકોએ આ થોભા કરાવ્યા છે. અને પ્રત્યેકને નામ આપ્યાં છે.

કેટલાક લોકો ચાલતા જાય છે, કેટલાક ઘૂંટણે ચાલતા જાય છે. તો કેટલાક સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા કરતા પેટુલિયે પડીને ઘસડાતા જાય છે. કેટલાક લોકો આખા રસ્તે ચૂમતા ચૂમતા જાય છે. (પથ્થરોને ચૂંબન કરે છે).

કુલ ૧૪ થોભા છે. પહેલા નવ થોભા ઈસુની કબર પરના મંદિર (ચર્ચ

ઓફ ધી હોલી સેપ્યુલકર) સુધીમાં આવે છે. અને બાકીનાં પાંચ સ્ટેશન આ મંદિરની અંદર આવે છે.

પ્રભુ ઈસુના દુઃખમય માર્ગમાં (વાયા ડોલારસા) આવતા પ્રાર્થનાનાં ૧૪ પગથિયા.

***આ ૧૪ સ્ટેશનો આ પ્રમાણે છે :***

૧. પિલાતે ઈસુને મૃત્યુદંડની શિક્ષા ફરમાવી તે જગા.

૨. ઈસુ પોતાનો ક્રૂસ ઊંચકે છે.

૩. ક્રૂસના વજનને લીધે ઈસુ પડી જાય છે.

૪. ઈસુ તેમનાં માને મળે છે.

૫. કુરેનીનો સિમોન ઈસુનો ક્રૂસ ઊંચકી લે છે.

૬. વિરોનિકા રૂમાલ વડે આસ્તેથી ઈસુનું મુખ લૂછે છે.

૭. ઈસુ બીજી વાર પડી જાય છે.

૮. ઈસુ યરુશાલેમની દીકરીઓને સંબોધીને કહે છે.

૯. ઈસુ ત્રીજી વાર પડી જાય છે.

***મંદિર અંદરનાં સ્ટેશનો***

૧૦. ઈસુનાં વસ્ત્રો ઉતારી લેવામાં આવે છે.

૧૧. ઈસુને ક્રૂસે જડે છે.

૧૨. ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામે છે.

૧૩. ઈસુને ક્રૂસ પરથી ઊતારવામાં આવે છે.

૧૪. ઈસુને કબરમાં મૂકવામાં આવે છે.

## ૮. બાઇબલમાં નોંધાયેલ ઇતિહાસ પહેલાંનો ભૂતકાળ

હાલમાં યહૂદિયાની જે ટેકરીઓની મધ્યે યરુશાલેમનો માળો બંધાયો છે તે સ્થળ પર માણસોની સ્થાયી વસાહતોની શરૂઆત બહુ જ ધૂંધળા અને વણનોંધાયેલા ભૂતકાળમાં થઈ હતી. યરુશાલેમની યહૂદી શાશ્વતતાનું પ્રથમ પ્રકરણ દાવિદે લખ્યું તેનાં કેટલાંય હજારો વર્ષો પહેલાં ગુફાવાસીઓ ગાઢ જંગલોમાં ભેંસો અને જંગલી ગોધાઓનો શિકાર કરતા કે જે જંગલો ઉન્નત ઢોળાવોને ઢાંકી દેતા હતા. અને આજ પર્વત પર યિશાઈના દીકરાએ તેનો

ભવ્ય પ્રસાદ અને શલોમોને યહોવાનું મંદિર બાંધ્યાં. યરુશાલેમ ખાતેના તાજેતરના ઉત્ખનનોએ ગુફાઓમાં અને પથ્થરયુગ તેમજ ઉત્તર તથા મધ્ય કાંસ્યયુગની કબરોમાં સચવાયેલ આદિમાનવનિર્મત સાધનો શોધી કાઢ્યાં છે.

તેજ પ્રમાણે યરુશાલેમનો લેખિત ઈતિહાસ પણ તેના બાઈબલમાં દર્શાવેલ વૈભવના સમય કરતાં પણ વધારે પુરાણો છે. દાવિદે યરુશાલેમને સંયુક્ત હિબ્રૂ રાજ્યનું પાટનગર બનાવ્યું તેના આશરે ચાર સૈકાં પહેલાં આખ્નાટોન નામથી વધુ જાણીતા ફારૂન આમેનહોતેય ચોથાના રાજદ્વારી પત્રવ્યવહારમાં ચમક્યું હતું કે, જે ૧૩૦૫-૧૩૫૮ (ઈ.પૂ.) દરમ્યાન ઈજીપ્તનો શાસક હતો. એક સદી પહેલાં મહાન થુત્મોસિસે ઈજીપ્તના માટે પાલેસ્તાઈન જીતી લીધું હતું. તેના અનુગામીઓ આમેનહોતેય ત્રીજો અને આખ્નાટોન, જોકે તે વિજયોને અકબંધ રાખી શક્યા નહીં.

તે અલ-અમર્ના - ઐતિહાસિક દસ્તાવેજ સંગ્રહમાંના ત્રણસો પચાસ પત્રોમાં (કે જે ઈજીપ્તના ખંડિયા રાજાઓ અને પાલેસ્ટાઈન તથા સિરિયાના ગવર્નરો દ્વારા આમેનહોતેય ત્રીજાને તેમજ આખ્નાટોનને સંબોધીને લખાયેલા છે). તે પ્રદેશોમાં ઈજીપ્તની સર્વોપરિતાની કઈ રીતે પડતી થઈ અને અંતમાં ઈજીપ્તની સર્વોપરિતા પતન પામી, તેની આલેખાત્મક નોંધ સચવાયેલી છે. જેઓએ નાઈલના પ્રદેશ તરફથી કુમક મોકલવાની વિનંતી કરી હતી તેઓ પૈકી એક આબ્દી-હેસા પણ હતો કે જે યરુશાલેમ પરનો મિસરી ગવર્નર હતો. તેલ અલ અમર્નામાંના માટીની પાટીઓ પર લખાયેલ એક પત્રમાં આ પ્રમાણેની વિનંતી હતી :

> સાચે જ, ઉરુશાલેમની આ ભૂમિ
> ન તો મારા પિતાએ મને આપી છે કે ન તો માતાએ;
> રાજાના બળવાન હાથોએ જ
> આ ભૂમિ મને આપી છે..
> સાચે જ, રાજાએ તેનું નામ
> યરુશાલેમની આ ભૂમિ પર હંમેશ માટે સ્થાપ્યું છે.
> અને માટે જ તે ઉરુશાલેમની
> ભૂમિને ત્યજી શકે નહિ.

વળી, બીજા એક પત્રમાં આબ્દી-હેસા લખે છે :

રાજા તેની ભૂમિ માટે કાળજી રાખે.
રાજાની ભૂમિ છીનવાઈ જશે, આખો પ્રદેશ
મારી પાસેથી લઈ લેવાશે; મારા પ્રત્યે દુશ્મનાવટ છે...
પણ હવે..
હાબિરુ લોકો
રાજાનાં નગરો જીતી લઈ રહ્યા છે..
જો આ વર્ષે ધનુર્ધારીઓ ન આવે,
તો કૃપા કરીને રાજા પોતાના એક પ્રતિનિધિને મોકલે
કે જે મને મારા ભાઈઓ સહિત તેની પાસે લઈ જાય કે જેથી
અમે અમારા માલિક રાજાની પાસે મૃત્યુ પામીએ.

## ૨. *પ્રથમ વિનાશ બાદ*

પર્શિયાનો સૂર્ય જેટલી ઝડપથી ઉદય પામ્યો તેટલી જ ઝડપથી અસ્ત થયો. ઈ.સ. પૂર્વે ૩૩૪માં મેસિડોનિયાના મહાન એલેકઝાન્ડરે એશિયામાં ગ્રીક શાસન અને ગ્રીક આત્માને લઈ જવા માટે હેલેન્સ્પોટ ઓળંગ્યું. તેણે પર્શિયનોને હરાવ્યા અને તેમના ખંડિયાઓના પ્રદેશોને મધ્યપૂર્વમાં જોડી દીધા. દમસ્કસ, તૂર ને સિદોનના માર્ગે આગેકૂચ કરીને તે યરુશાલેમ પહોંચ્યો. ચમત્કારિક રીતે નગર વિનાશથી ઊગરી ગયું.

એલેકઝાન્ડરના અકાળ અવસાન બાદ (ઈ.પૂ. ૩૨૩) તેનું પૂર્વીય સામ્રાજ્ય તેના ત્રણ મુખ્ય સેનાપતિઓમાં વહેંચાઈ ગયું કે જેઓ "ડાએડોકી" (અનુગામીઓ) તરીકે ઓળખાયા છે. પાલેસ્ટાઈન એ ત્રણ સેનાપતિઓ વચ્ચેની સ્પર્ધાના કારણરૂપ 'લલચાવનારું હાડકું બન્યું.' સૌ પ્રથમ ટોલેમી સોતેર (૩૨૩-૨૮૫ ઈ.પૂ.) કે જે ઇજીપ્તનો સત્તાધારી બન્યો હતો, તેણે ફતેહ મેળવી. એક સાબ્બાથદિને તેણે યરુશાલેમ જીતી લીધું અને તેના રાજ્યક્ષેત્રમાં દ્વિતિય યહૂદી રાષ્ટ્રનો સમાવેશ કરી દીધો. ૧૯૮ ઈ.પૂ. સુધી યરુશાલેમ ટોલેમી રાજાઓનું ખંડિયું રાજ્ય રહ્યું અને ત્યારબાદ આંખ્યોતસ ત્રીજાએ યહૂદિયાને જીતી લીધું અને તેને સિરિયાનું ખંડિયું બનાવ્યું કે જેના પર સેલ્યુસીડ વંશ રાજ્યકર્તા બન્યો.

તેનો અનુગામી અંત્યોખસ (ચોથો) બન્યો જે અંત્યોખસ એપિફાનસ તરીકે જાણીતો છે, તેણે યહૂદીઓની સતાવણી કરી અને તેઓને મૂર્તિપૂજા કરવાની ફરજ પાડવાનો પ્રયત્ન કર્યો, તેમ જ તેણે યરુશાલેમના મંદિરમાં

વિદેશી વેદી સ્થાપી. તેના પરિણામે મક્કાબી વિપ્લવ ફાટી નીકળ્યો કે જેની આગેવાની હાસ્મોનિયન મત્તાશિયસ અને તેના પાંચ દીકરાઓએ લીધી. મક્કમ અને દઢ એવા દેશભક્તોના આ નાનકડા જૂથે અંત્યોખસ એપિફાનસે મોકલેલા ઘણા મોટા સૈન્યને પરાસ્ત કર્યું. તેઓએ સિરિયનોને નસાડયા, યરુશાલેમને મુક્ત કર્યું અને યરુશાલેમની આઝાદીની ઘોષણા કરી. પવિત્ર સ્થાનને ભ્રષ્ટ કરાયાના ત્રણ વર્ષ બાદ એટલે કે ઈ.સ. પૂર્વે ૧૬૫ના કિસ્લેવ માસની પચ્ચીસમી તારીખે મંદિરનું પુનઃઅર્પણ મહાન આનંદોત્સવનો પ્રસંગ બની રહ્યો. આજે પણ મક્કાબી વિજય અને મંદિરના પુનઃ અર્પણની યાદગીરીમાં વિશ્વભરના યહૂદીઓ હનુકાહ (એટલે અર્પણ)નો તહેવાર ઉજવે છે.

હાસ્મોનિયન વંશની આગેવાની હેઠળ યહૂદિયાએ તેના વિસ્તાર અને પ્રભાવમાં ઘણી વૃદ્ધિ મેળવી. યરુશાલેમે તેનું અગાઉનું મહત્ત્વ તેમજ મોટાભાગનો વૈભવ પુનઃ પ્રાપ્ત કર્યાં. પણ બાદમાં સમય જતાં હાસ્મોનિયમ શાસનકર્તાઓ લોકોથી વિમુખ થયા. અને ક્ષુદ્ર અને સ્વાર્થી તકરારો અને વિગ્રહોમાં સપડાઈ ગયા. સિરિયાનો વહીવટ કરનાર રોમન સેનાપતિ પોમ્પીને જ્યારે અંદરોઅંદર ઝઘડતા હાસ્મોનિયમ ભાઈઓ - અરિસ્તોબુલસ II અને હિરાકેનસ II એ રાજ્યાસન પર બેસવાના અધિકાર બાબતે મદદ કરવાની વિનંતી કરી ત્યારે યહૂદી સ્વાતંત્ર્યનો લોપ થયો. પોમ્પીએ એકભાઈ બીજાને ખતમ કરી નાખે તે પ્રકારની વ્યવસ્થિત યોજના કરી અને પરિણામે યહૂદિયાની બધી તાકાત હણાઈ ગઈ. તેણે યરુશાલેમની વિરુદ્ધ ચઢાઈ કરી (ઈ.પૂ. ૬૬) અને શહેરને ઘેરી લીધું. ત્રણ વર્ષ બાદ યરુશાલેમ જિતાયું અને યહૂદિયાનું રાજ્ય રોમનું ખંડિયું રાજ્ય બન્યું. રોમનોએ યરુશાલેમની દીવાલોને તોડી નાખી, મંદિરના ખજાનાને લૂંટી લીધો અને યહૂદીઓનું ભારે નુકસાન કર્યું ત્યારપછીથી યહૂદિયામાં રોમનોએ રાજ્ય કર્યું.

યહૂદિયા પર અધિકાર ચલાવવા માટે રોમ દ્વારા નિયુક્તિ પામેલ સૌથી વિલક્ષણ અને કુખ્યાત શાસક હેરોદ હતો. (ઈ.સ. પૂર્વે ૩૭ - ઈ.સ. ૪) તેણે યરુશાલેમનું મંદિર ફરીથી બાંધ્યું અને અનેક ભવ્ય ઈમારતોને બાંધીને યરુશાલેમને અદ્ભુત નગર બનાવ્યું. છતાં પણ તેને યહૂદીઓ આદરપૂર્વક યાદ નથી કરતા. સત્તા માટેની તેની મદાંધતા, તેની અનૈતિક લંપટતા અને

નીતિમૂલ્યો પ્રત્યેના ઘોર અનાદરને કારણે તે લોકો દ્વારા તિરસ્કૃત બન્યો અને લોકો માટે ઘૃણાપાત્ર થયો.

હેરોદે રોમથી ઘણા અંશે સ્વાયત્તતા પ્રાપ્ત કરી. બીજી બાજુએ તેના નબળા અનુગામીઓએ યહૂદિયા પર વધારે નિયંત્રણો અને વધુ ભારે ખંડણી લાદવા માટે રોમન સત્તાધારીઓને ઉત્તેજન આપ્યું અને ઉશ્કેર્યો. અસંતોષ ભારે હતો, અને વારંવાર બળવા દ્વારા જાહેર થતો; પણ બળવાઓને નિર્દયપણે કચડી નાખવામાં આવતા. છતાં ઝીલોતસનો પક્ષ સંખ્યા અને પ્રભાવમાં બહુ વૃદ્ધિ પામ્યો. જ્યારે તેઓ રોમનો માટે ભયંકર ખતરા જેવા લાગ્યા, ત્યારે વેસ્પિયને યરુશાલેમની ઉપર ચઢાઈ કરી અને જડબેસલાક ઘેરો ઘાલ્યો. અને જોકે યરુશાલેમ નગરે અદ્વિતિય સમર્પણ અને પરાક્રમ સાથે ટક્કર લીધી, તોપણ આખરે ભૂખ અને તરસે યહૂદીઓને ભાંગી નાખ્યા. વેસ્પિયનના પુત્ર તિતસની આગેવાની હેઠળના રોમન દળોએ ૭૦મા વર્ષના આબ માસની નવમી તારીખે યરુશાલેમ જીત્યું. મંદિરને આગ લગાડવામાં આવી અને તે પહેલાં લૂંટી લેવામાં આવ્યું. તેના નામશેષ વૈભવના એકમાત્ર સ્મારક સમાન પશ્ચિમની દીવાલ જ અત્યારે હયાત છે. નગરને ભસ્મ કરી નાખવામાં આવ્યું અને તેના લોકોની કતલ કરી નાખવામાં આવી. બચેલાંઓને ગુલામો તરીકે વેચી દેવામાં આવ્યાં. પ્રથમ વખતના વિનાશ બાદ જેમ બન્યું હતું તેમજ ફરીથી યરુશાલેમ નગરી એકલી બેઠી.

દેશોમાં જે મહાન અને રાષ્ટ્રોમાં જે રાજકુંવરી સમાન હતી, તે નગરી ફરીથી ખંડણી આપનાર બની ગઈ.

### *બીજી વખતના વિનાશ બાદ..*

રોમનોએ યહૂદિયા પર લોખંડી હાથ વડે શાસન કર્યું. પણ યહૂદી પ્રતિકાર જારી રહ્યો. જ્યારે હેડ્રિયને (ઈ.સ. ૧૧૭-૧૩૮) યરુશાલેમને એક વિદેશી તીર્થ બનાવવાની તૈયારી કરી, અને તેના ભાગ સ્વરૂપે તોરાહના શિક્ષણની વિરુદ્ધમાં ભારે ઝૂંબેશ શરૂ કરી ત્યારે બળવો ફાટી નીકળ્યો (ઈ.સ.૧૩૨). બાર કોચબા કે જે રાબ્બી અકીબાની પ્રેરણા પામેલ હતો તેની આગેવાની હેઠળ દેશભક્તોએ શરૂઆતમાં વિજયો નોંધાવ્યા. પણ ત્યારબાદ રોમનોએ તેઓને એ પ્રકારે ક્ષીણ કરી નાખ્યા કે તેમને યરુશાલેમની દક્ષિણ પશ્ચિમ તરફ પીછેહઠ કરવાની ફરજ પડી. તેઓએ બેથારમાં પોતાને કેદ કરી દીધા અને રોમન દળોની કત્લેઆમથી બચીને કિલ્લાને ત્રણ વર્ષ માટે સંભાળી

રાખ્યો. જ્યારે બેથાર જીતી લેવાયું. (ઈ.સ. ૧૩૫) ત્યારબાદ યહૂદી પ્રતિકાર પણ સંપૂર્ણતઃ કચડી નંખાયો. યહૂદિયાનું દરેક નગર અને ગામ ધૂળભેગું કરી દેવામાં આવ્યું. આશરે પાંચેક લાખ યહૂદીઓ આ હેડ્રિયન યુદ્ધોમાં કતલ થયા અને અંદાજે તેટલા જ બીજા ગુલામો તરીકે વેચી દેવાયા. યરુશાલેમનું બીજું નામ પાડવામાં આવ્યું. "આલીઆ કેપિટોલિના" પવિત્ર મંદિરના સ્થળ પર જ જ્યુપિટરનું મંદિર બાંધવામાં આવ્યું. યરુશાલેમને યહૂદીઓનાં બંધનોથી મુક્ત જાહેર કરવામાં આવ્યું અને યુસેબિયસના સમય સુધી (ઈ.સ. ૩૧૨) જાહેરનામું અમલમાં રહ્યું. યહૂદીઓ યરુશાલેમને ભૂલી જાય તે માટે તથા યરુશાલેમમાંથી તમામ યહૂદી રીતિરિવાજોનું નિકંદન કરવા માટે રોમનોએ પોતાનાથી બનતું બધું જ કર્યું. પણ, યહૂદીઓએ યરુશાલેમને યાદ રાખ્યું અને યરુશાલેમ પણ તેના દેશનિકાલ કરાયેલ સંતાનોને પોકારતું રહ્યું. દેશનિકાલની ઓગણીસ સદીઓ પર્યંત જે મૃદુ લાગણી અને અચલ નિષ્ઠા સાથે યહૂદીઓએ યરુશાલેમને ચાહ્યું છે તે સાચે જ બેમિસાલ છે. તેઓએ તેની અભિલાષા રાખી અને તેના માટે વિલાપ કર્યો. તેઓએ માત્ર તેનું જ સ્વપ્ન જોયા કર્યું અને સવારે, બપોરે અને રાત્રે પણ પ્રાર્થનાઓમાં તેને વારંવાર યાદ કર્યું.

"અને યરુશાલેમ તરફ પાછો ફર, તારા શહેર તરફ દયા કરીને મુખ ફેરવ, અને જેમ તેં કહ્યું છે તેમ હે ઈશ્વર, તેમાં આવીને વસ."

અમારી હયાતીમાં, ઓ પ્રભુ, અનંતકાળના સ્મારક તરીકે તેને જલદી સ્થાપન કર., અને જલદી તેમાં દાવિદનું રાજ્યાસન સ્થાપ.

તને ધન્ય છે, ઓ ઈશ્વર, કારણ કે યરુશાલેમને તેં પુનઃ સ્થાપિત કર્યું છે.

સર્વોત્તમ આનંદની પળોમાં અને દુઃખના સમયોમાં પણ યરુશાલેમનું નામ દેશનિકાલ કરાયેલા યહૂદીઓના હોઠ પર હંમેશા રહ્યું છે. એક થાંભલાથી બીજા થાંભલા તરફ હાડેહાડે કરાતા રહેલા અને માણસને કચડવાની અને પીડા આપવાની માણસોએ શોધેલી સૌથી ક્રૂર, ભયંકર કુયુક્તિઓનો ભોગ બન્યા હોવા છતાં 'આવતી સાલ યરુશાલેમમાં' - એ આશાએ જ તેઓને ટકાવી રાખ્યા.

વિનાશની તિથિએ એટલે કે આબ માસની નવમી તારીખે તેઓ વિલાપ અને ઉપવાસ કરતા અને મધ્યકાલીન યહૂદી કવિઓએ જેમાં યરુશાલેમના

માટે હૃદયમાં ઉદ્ભવતા ભારે વિષાદને કાવ્યમાં વણી લીધો હતો તેવા વિલાપગીતોનું પઠન કરતા અને દરરોજ રાત્રે તેઓ હાસ્સોટ માટે એટલે કે ઈશ્વરના પવિત્ર મંદિર અને ઈશ્વરના નગર માટે મધ્યરાત્રિના વિલાપ કરવા માટે જાગતા. ખંડિયેર થઈ ગયેલ યરુશાલેમનો વિચાર યહૂદીના આખા જીવનને આકાર આપતો - સિનેગોગમાં પણ તેમજ ઘરના એકાંત ખૂણામાં પણ. સિનેગોગમાં યહૂદીઓ અરજ ગુજારતા :

હે ઈશ્વર, અમારા દેશનિકાલ ભાઈઓને પૃથ્વીના છેડાઓ પરથી ભેગા કરો. અને અમને આપના પવિત્ર નગર યરુશાલેમમાં મહિમાસહિત પાછા લાવો. હા, અનંત આનંદ સહિત અમને આપના પરમપવિત્ર સ્થાનમાં તમારા નગર યરુશાલેમમાં લાવો.

અને યહૂદીઓ પોતાના ઘરના બાંધકામ વખતે દીવાલનો એકભાગ વિનાશની યાદમાં અને તેમના નિરંતર વિલાપના પ્રતીક તરીકે રહેવા દેતા. લગ્નસમયે વર પોતાના માથા પર ધૂળ અને રાખ નાખતો અને પગતળે કાચને ફોડી નાખતા અને પોતાના જીવનના આ સર્વોચ્ચ આનંદના પ્રસંગમાં પણ યરુશાલેમ હૃદયની વધારે નિકટ છે તે વ્યક્ત કરતો, કન્યા પોતાની પાસેનાં આભૂષણો પૈકીનું સૌથી મૂલ્યવાન આભૂષણ ધારણ ન કરીને યરુશાલેમના વિનાશ માટેનું પોતાનું ઊંડું દુઃખ જાહેર કરતી.

જેમ સમય વીતતો ગયો તેમ ભૂગોળની વિગતો બિન અગત્યની બની અને આખરે નાશ પામી. યરુશાલેમ હવે ઇઝરાયેલ ભૂમિનું પર્યાય બની ગયું. અને ઇઝરાયલ ભૂમિને વ્યાપક રીતે યરુશાલેમ તરીકે ઓળખવામાં આવી. છતાં બાર સદીઓ કરતાં પણ વધારે સમયથી પવિત્ર ભૂમિની મુલાકાત લેનારા યાત્રાળુઓના સેંકડો કાળવૃત્તાંતો, નોંધપોથીઓ અને પત્રો એ બાબત ભારપૂર્વક સ્પષ્ટ કરે છે કે તેના લખનારાઓ ફરી મળવાનો પરમાનંદ માત્ર ત્યારે જ અનુભવી શકતા કે જ્યારે તેઓ યરુશાલેમની ધૂળને સ્પર્શ કરે અને પથ્થરોને આલિંગન કરે.

જે રીતે ઇઝરાયલભૂમિ યહૂદીઓનો આત્મા અને હૃદય છે તે જ રીતે યરુશાલેમ ઇઝરાયલ ભૂમિનું હૃદય અને તેનો આત્મા છે તે ઇઝરાયલ તેના ભૂતકાળ અને ભવિષ્યની આશાઓ સાથે અભિન્નપણે વણાઈ ગયેલું છે. યરુશાલેમ માત્ર ઇઝરાયલ ભૂમિ સાથે જ વણાઈ ગયેલું છે એમ નથી; બલકે

તે તો યહૂદી જીવનનાં તમામ અંગો સાથે અભિન્નપણે બલકે અનિવાર્યપણે સંકળાયેલું છે.

## ૯. યહૂદી સાહિત્યમાં યરુશાલેમ

તાલ્મુદ પ્રમાણે યરુશાલેમને બાઈબલમાં અલગ અલગ સિત્તેર નામો આપવામાં આવેલાં છે યરુશાલેમની સુંદરતાને અપાતી હૃદયગમ અને કાવ્યાત્મક સલામી અને ઈશ્વરના નગર તરીકેની તેની ભૂમિકા અને તેના કાર્યના હૃદયને ખળભળાવતાં દર્શનોથી પવિત્ર બાઈબલનાં પૃષ્ઠો ભરપૂર છે. પ્રબોધકોએ આશા સેવી હતી કે યરુશાલેમથી આખા વિશ્વના બધા જ દેશોને ઈશ્વરનું વચન ફેલાવવામાં આવશે.

"અને પૃથ્વીના અંતના સમયોમાં યહોવાના મંદિરનો પર્વત પહાડોના શિખરો પર સ્થાપન થશે, ને ડુંગરો કરતાં તેને ઊંચો કરવામાં આવશે; અને સર્વ પ્રજાઓ તેમાં પ્રવાહની પેઠે પ્રવેશ કરશે." ઘણા લોકો જઈને કહેશે; ચાલો, આપણે યહોવાના પર્વત પાસે, યાકોબના પરમેશ્વરના મંદિર પાસે ચઢી જઈએ; તે આપણને તેના માર્ગો શીખવશે અને આપણે તેના રસ્તાઓમાં ચાલીશું.

"કેમ કે નિયમશાસ્ત્ર સિયોનમાંથી અને યહોવાનાં વચનો યરુશાલેમમાંથી નીકળશે."

અને તાલ્મુદ સમયના રાબ્બીઓ એવું દઢપણે માનતા હતા કે આવનાર ભવિષ્યમાં યરુશાલેમ આખા વિશ્વનું પાટનગર બનશે અને આખા વિશ્વ માટે દીવાદાંડી બનશે. અને આખું વિશ્વ તેના પ્રકાશ દ્વારા દોરવણી પામશે.

ગીતકર્તાઓએ યરુશાલેમના મહિમા વિષે ગાયું અને ઈશ્વરના દ્વારા પસંદ કરાયેલ પ્રજા તરીકે તેના ભવિષ્ય વિષે પ્રબોધકોએ મનન કર્યું. તેઓએ તેના પ્રત્યે શાશ્વત વફાદારી દર્શાવતાં પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી ઈશ્વર યરુશાલેમને પુનઃસ્થાપિત નહિ કરે અને મહિમાવાન નહિ કરે ત્યાં સુધી તેઓ ઈશ્વરને જંપવા દેશે નહિ.

"જ્યાં સુધી સિયોનનું ન્યાયીપણું પ્રભાતના તેજની જેમ પ્રદીપ્ત નહીં થાય, અને યરુશાલેમનું તારણ સળગતી મશાલની પેઠે પ્રદીપ્ત નહિ થાય, ત્યાં સુધી હું છાનો રહીશ નહિ ને હું વિશ્રામ લઈશ નહિ."

"વિદેશીઓ તારા ન્યાયીપણાને તથા સર્વ પ્રજાઓ તારા ગૌરવને જોશે;

અને યહોવાનું મુખ જે નામ ઠરાવી આપશે તે નવું નામ તને આપવામાં આવશે."

"તું યહોવાના હાથમાં શોભાયમાન તાજ, અને પરમેશ્વરની હથેલીમાં રાજમુગટ બનીશ. હવેથી તને ફરીથી કદી તજાયેલ કહેવામાં આવશે નહિ, તેમજ તારો દેશ ફરીથી ઉજ્જડ કહેવામાં આવશે નહિ; કેમ કે તું 'જેનામાં મારો આનંદ છે તે' કહેવાઈશ અને તારી ભૂમિ વિવાહિત કહેવાશે."

"કેમ કે યહોવા (પરમેશ્વર) તારા પર પ્રસન્ન છે."

માણસોના વિચારમાં આવી શકે તેવાં સુંદરતા અને ભલાઈનાં સઘળાં વિશેષણો દ્વારા નવાજીને તાલ્મુદનાં લખાણોએ યરુશાલેમ પ્રત્યેના તેના લોકોના પ્યારને વર્ણવ્યો છે. તેઓએ કહ્યું, "વિશ્વને સુંદરતા દસ માપમાં આપવામાં આવી કે જેમાંથી નવ માપ તો યરુશાલેમ પાસે છે, અને બાકીની દુનિયા પાસે સુંદરતાનું માત્ર એક જ માપ છે. તેઓએ કહ્યું, ઈશ્વરે બધાં જ નગરોને માપી અને ચકાસી જોયાં અને અંતમાં પોતાનું પવિત્ર મંદિર બાંધવા માટે માત્ર યરુશાલેમ જ તેમને બંધબેસતું લાગ્યું. તેઓની માન્યતા હતી કે આ જ સ્વર્ગનું દ્વાર હતું કે જ્યાંથી પ્રાર્થનાઓ સીધેસીધી ઉપર ચઢતી અને દૈવી હાજરીમાં પહોંચતી. અને અહીંયા જ આખા વિશ્વનું કેન્દ્ર હતું - જાણે કે અસ્તિત્વ ધરાવતી બધી બાબતોની ધરી અને અંતિમ તર્ક અને પ્રમાણ ન હોય."

યરુશાલેમમાંનું અને તેના સંબંધીનું બધું જ તેઓને સંપૂર્ણતાનો ધન્ય આશીર્વાદ પામેલું લાગતું, તેની હવા સુગંધિત હતી અને તેના દરવાજાઓની અંદર કદીપણ દુર્ઘટનાઓ ઘટતી નહિ. યરુશાલેમની દાસીઓ તેમની સુંદરતા માટે બહુ જાણીતી હતી. અને નગરમાં રમતાં કૂદતાં બાળકોની બુદ્ધિ વિષેની અલૌકિક કથાઓ તાલ્મુદનાં પાનાંઓને જુવાળ બનાવતી.

દેશનિકાલની આટઆટલી સદીઓ દરમ્યાન "જગતની દીવાદાંડી સમાન યરુશાલેમ" નગરે યહૂદીઓની યાતનાના અંધકારને અજવાળ્યો. જ્યારે અનંતકાળની નામના ધરાવતા યરુશાલેમ નગરે શાશ્વત રઝળતાની અસલામતીને ઔચિત્ય પ્રદાન કર્યું.

મધ્યકાલીન હિબ્રૂ કવિઓએ યરુશાલેમની સુંદરતાના વિચારને વિસ્તૃતપણે રજૂ કર્યો, જ્યારે કબ્બાલીઓએ તેની શુદ્ધ કરનારી પવિત્રતા પર મનન કર્યું. પશ્ચિમના દેશોમાં હોવા છતાં તેઓ 'પૂર્વ' પ્રાપ્ત કરવાની ઝંખના

રાખી રહ્યા... શાશ્વત નગર તરફ મુખ ફેરવીને તેઓ પ્રાર્થના કરતાં. હકીકતમાં યરુશાલેમનો મહિમા નામશેષ થઈ ગયો હતો છતાં તેની આ ખંડિયેર અવસ્થામાં પણ દુનિયાના છેડા સુધીના ઘણા દેશોમાંથી તેના પર પ્રેમ રાખનારાઓ ઘણા ખરા લોકો આ વીતેલાં સૈકાંમાં મહાસાગરો અને ખંડોને વટાવીને તેના નામશેષ થયેલા મહિમા માટે શોક કરવા માટે આવ્યા કરે છે.

હિબ્રૂ સાહિત્યના સુવર્ણયુગના સૌથી મધુર ગાયક યહુદાહ હલેવીની જેમ તેઓ હંમેશા યરુશાલેમ તરફ આકર્ષાયેલ રહેતા. યરુશાલેમ કે જેની સાથે તેઓનાં હૃદયો છૂટાં પાડી ન શકાય તે રીતે જોડાયેલાં હતાં તેની દિશામાં જ તેઓનું ચિત્ત રહેતું. ભલે ચાહે તેઓ સિયોનના મહાનપ્રેમી યહૂદાહ હલેવીની જેમ યરુશાલેમની યાત્રા કરી ન શક્યા કે જેના વિષે કહેવાય છે કે તેની ત્યાં પહોંચવાની અત્યંત તીવ્ર ઝંખનાને કારણે તે યરુશાલેમ પહોંચતાં જ મૃત્યુ પામ્યો.

હલેવીએ સિયોનના તમામ પ્રેમીઓનાં હૃદયોના ઊંડાણથી નીકળતા ગાયન વડે પોતાની પ્રિયતમા યરુશાલેમ નગરી પ્રત્યેનો પોતાનો પ્રેમ પ્રગટ કર્યો.

સુંદર નગર ! ઓ આનંદ ! આખા વિશ્વની તું ખુશી છે !
હે મહાન રાજાના નગર, હે ધન્ય પર્વત.

મારો આત્મા તારા માટે તલપે છે.. હા, તલપે છે,
પશ્ચિમના છેડાથી મારો આત્મા તારા માટે ઝંખે છે.

મારા હૃદયના ઊંડાણથી ભારેખમ નિસાસા નીકળે છે.
તારી પહેલાંની સ્થિતિની યાદમાં

તારા ગૌરવને દિશનિકાલ કરવામાં આવ્યું છે.
તારું રહેઠાણ ઉજ્જડ કરાયું છે.

જોકે તારો રાજા હવે તારામાં નથી છતાંપણ હું તને શોધું છું.
જોકે બામ અતિપુરાણી હોય તોપણ -

તારો ગિલયાદનો મલમ - ઝેરી સાપનો રાફડો અને
અનેક પાંખાળા વીંછીઓનો સમૂહ છે.
શું હું તારા પથ્થરો પ્રત્યે માયાળું ન હોઉં ?

શું હું તારા પત્થરોને ચુંબન ન કરું ?
શું મધ કરતાં મારી જીભને તારી માટી વધારે મધુર ન લાગે ?

અબ્રાહમ યાઅરીના હિબ્રૂ સાહિત્યના ચુનંદા લખાણોના સંપુટ, એર્ત્ઝ ઇઝરાયલના પત્રોની અનુક્રમણિકામાં 'યરુશાલેમ' શબ્દ "શબ્દશઃ" દરેક પાન પર આવતો" વર્ણવવામાં આવ્યો છે. અને માત્ર આ જ પુસ્તકમાં નહીં, પણ છેલ્લા બે હજાર વર્ષો દરમ્યાન હિબ્રૂ સાહિત્યના લખાયેલા બધાં જ નોંધપાત્ર અને શાશ્વત એવાં પુસ્તકોમાં પણ યરુશાલેમનું નામ "દરેકે દરેક પાન પર" આવે છે. તે તો યહૂદી લાગણી અને વિચારમાત્રની ભેટ ધરી છે. યહૂદી આશા અને પ્રેરણાનું પ્રતીક છે - યહૂદી જીવન અને અસ્તિત્વનો તાણો અને વાણો પણ તે જ છે.

યહૂદી ધર્મમાં યરુશાલેમ આટલું બધું મહત્ત્વ ધરાવે છે માટે યહૂદીઓ એમ પણ માને છે કે સ્વર્ગમાં પણ બીજું એક યરુશાલેમ છે. અને આ જ રીતે "આકાશમાં યરુશાલેમ" (યેરૂશાલયીમ શેલ માં લાહ) સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો કે જે પાર્થિવ યરુશાલેમ (યેરૂશાલમીય શેલ માત્તાહ)ની સાથે મળીને ખ્રિસ્તી વિશ્વાસીઓની લાગણીઓને પણ ખળભળાવે છે.

## ૧૦. તવારિખ

| ઈ.સ. પૂર્વે | તવારિખ |
|---|---|
| ૧૫૦૦ | ઈજીપ્તે પાલેસ્ટાઈન જીતી લીધું, તેના પર હાકેમ નીમ્યો. |
| ૧૪૦૦ | તેલ-અવ-અમર્ના પત્રોમાં યરુશાલેમનો ઉલ્લેખ. |
| ૧૦૦૦ | દાવિદે યરુશાલેમ જીત્યું, તેને સંયુક્ત હિબ્રૂ રાજ્યનું, પાટનગર બનાવ્યું. |
| ૯૫૦ | શલોમોને મંદિરનું અર્પણ કર્યું |
| ૯૩૩ | રાજ્યનું વિભાજન યરુશાલેમ માત્ર યહૂદિયાનું જ પાટનગર રહ્યું. |
| ૯૨૮ | શેશોન્ક પહેલો (ઇજીપ્તનો રાજા) યરુશાલેમને અને મંદિરને લૂંટે છે. |
| ૭૦૧ | સાન્હેરિબની આગેવાની હેઠલ બાબેલોને યરુશાલેમને નિષ્ફળ ઘેરો ઘાલ્યો. |
| ૬૦૦ | ઇઝરાયલના રાજા યોઆશે યરુશાલેમને જીત્યું. |
| ૫૮૭ | નબુખાદનેસ્સારની આગેવાની હેઠળ ખાલદીઓએ નગરને, મંદિરને નષ્ટ કર્યા. |

| | |
|---|---|
| ૫૩૭ | ઝરૂબ્બાબેલની આગેવાની હેઠળ ૫૦,૦૦૦ લોકો બાબેલોનથી યરુશાલેમ પાછા ફર્યા. |
| ૫૧૬ | દ્વિતિય મંદિરનું અર્પણ |
| ૪૫૮ | યહૂદીઓના જૂથ સાથે એઝરા પૂરોહિત યરુશાલેમ આવ્યો. |
| ૪૪૫ | નહેમ્યાહ યરુશાલેમના કોટને ફરીથી બાંધવા માટે કમર કસે છે. |
| ૩૩૧ | મહાન એલેકઝાન્ડર યરુશાલેમમાં |
| ૩૨૦ | યરુશાલેમ ટોલેમી રાજાઓનું ખંડિયું રાજ્ય બન્યું. |
| ૧૯૮ | અંત્યોખ્સ બીજો યરુશાલેમને જીતીને તેને સિરિયાનું ખંડિયું રાજ્ય બનાવે છે. હવે તેની પર સેલ્યુસીડ રાજાઓ રાજ્ય કરનાર બન્યા. |
| ૧૬૮ | અંત્યોખસ એપિફાનસ મંદિરને ભ્રષ્ટ કરે છે. |
| ૧૬૫ | મક્કાબી વિજય અને મંદિરનું પુનઃ અર્પણ |
| ૬૩ | પોમ્પીએ યરુશાલેમમાં રોમન શાસન દાખલ કર્યું. |
| ૧૭ | હેરોદે મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો. |
| ઈ.સ. ૬૬ | યરુશાલેમનો રોમન સામ્રાજ્ય વિરુદ્ધ બળવો. |
| ૭૦ | યરુશાલેમનો અને પવિત્ર મંદિરનો બીજી વાર વિનાશ |
| ૧૩૬ | યરુશાલેમનું નવું નામ આલેના કેપિટોલીના રાખવામાં આવ્યું. યહૂદીઓને નગરમાંથી હાંકી કાઢવામાં આવ્યા. |
| ૩૨૫ | મેકારિયસ ખ્રિસ્તી પવિત્ર સ્થળોની ચોક્કસ જગ્યાઓ નક્કી કરે છે. |
| ઈ.સ. ૩૩૫ | પવિત્ર કબરોના અને ગલગથાના ચર્ચોના બાંધકામની પૂર્ણાહૂતિ . |
| ૬૧૪ | યહૂદી દળોની મદદ દ્વારા પર્શિયનોની યરુશાલેમ પર જીત |
| ૬૩૮ | કેલિફ ઓમરે યરુશાલેમને જીત લીધું. |
| ૬૯૧ | આબ્દ અલ મલિક "ડોમ ઓફ ધ રોક" તેમજ "અલ અક્સા"નું સમર્પણ કરે છે. |
| ૯૬૯ | ઈજીપ્તના ફાતિમાઈડ્સ યરુશાલેમમાં પોતાનું રાજ્ય સ્થાપે છે. |
| ૧૦૭૦ | સેલ્જુક ટર્ક યરુશાલેમ પર વિજયી |
| ૧૦૯૯ | ક્રુઝેડર્સ યરુશાલેમ પર કબજો ધારણ કરે છે. |
| ૧૧૪૦ | જુડાહ હલેવી યરુશાલેમમાં |
| ૧૧૭૩ | તુડેલાના બેન્જામીને યરુશાલેમની મુલાકાત લીધી. |

| | |
|---|---|
| ૧૧૮૭ | સેલેડીને યરુશાલેમને જીત્યું - ખ્રિસ્તીઓને હાંકી કાઢયા. |
| ૧૧૯૦ | યહૂદીઓ મોટી સંખ્યામાં યરુશાલેમ પાછા ફર્યા અને સ્થાયી થયા |
| ૧૨૪૪ | મોંગોલ તાર્તારોએ યરુશાલેમને કબજે કર્યું. |
| ૧૨૬૦ | ઈજીપ્તના મામલુકોએ યરુશાલેમમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. |
| ૧૨૬૭ | નેકમેનાઈડ્ઝ યરુશાલેમમાં |
| ૧૫૧૬ | સુલતાન સુલેમાનની આગેવાની હેઠળ તુર્કોએ યરુશાલેમ જીત્યું. |
| ૧૫૩૮-૪૧ | સુલેમાઈને યરુશાલેમનો કોટ ફરીથી બાંધ્યો. |
| ૧૭૦૧ | રાબ્બી જુડાહ યરુશાલેમમાં ગુરવાહ સિનેગોંગ બંધાયું. |
| ૧૮૩૧ | ઈજીપ્તના પાશા મોહમ્મદઅલીએ યરુશાલેમને જીત્યું. |
| ૧૮૪૧ | યરુશાલેમમાં તુર્ક શાસન ફરીથી સ્થપાયું. |
| ૧૮૬૦ | નવા શહેરનો પાયો નંખાયો. |
| ૧૮૯૨ | યરુશાલેમ રેલવે સ્ટેશન બન્યું. |
| ૧૮૯૮ | થિયોડોર હર્ઝલ યરુશાલેમની મુલાકાતે |
| ૧૯૧૭ | જનરલ એલેન્બીની આગેવાની હેઠળ બ્રિટિશ લશ્કરે યરુશાલેમ જીત્યું. |
| ૧૯૨૦ | ૧૯૪૮ સુધી બ્રિટિશ હાઈકમિશ્નર યરુશાલેમમાં |
| ૧૯૨૫ | હિબ્રૂ યુનિવર્સિટીની સ્થાપના |
| ૧૯૪૭ | (નવે. ૨૯) 'યરુશાલેમ અંગેના કાયદા" અન્વયે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા યરુશાલેમનું આંતરરાષ્ટ્રીયકરણ કરે છે. |
| ૧૯૪૮/૪૯ | યરુશાલેમનું યુદ્ધ |
| ૧૯૪૮ | (મે ૨૮) જૂના યરુશાલેમના યહૂદીઓનું આરબ દળો આગળ સ્વાર્પણ |
| ૧૯૪૯ | (ડિસે. ૯) યરુશાલેમના આંતરરાષ્ટ્રીયકરણ અંગેના સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ઠરાવને સામાન્યસભાની મંજૂરી |
| ૧૯૪૯ | (ડિસે. ૧૫થી..) ઇઝરાયલની સરકારી કચેરીઓ યરુશાલેમમાં સ્થળાંતરિત |
| ૧૯૫૦ | (જાન્યુ. ૨૩) પ્રજાસત્તાક ઇઝરાયલના પાટનગર તરીકે ઇઝરાયલની સંસદ (નેસેટ) યરુશાલેમને જાહેર કરે છે. |

# પ્રકરણ-૧૨

# પ્રભુ ઈસુનું પુનરાગમન

## ૧. બાઈબલ પાઠ (માથ્થી ૨૪:૧-૫૧)

૨૪ અને ઈસુ મંદિરમાંથી નીકળીને માર્ગે ચાલતો હતો, ત્યારે તેના
શિષ્યો તેને મંદિરનાં બાંધકામો દેખાડવાને તેની પાસે આવ્યા.
[૨]ત્યારે તેણે તેઓને ઉત્તર દીધો કે, શું તમે એ બધાં નથી દેખતા ? હું તમને
ખચીત કહું છું કે, પાડી નહિ નંખાય, એવો એક પણ પથ્થર બીજા ઉપર
અહીં રહેવા દેવાશે નહિ.

[૩]પછી જૈતુનના પહાડ પર તે બેઠો હતો, તેવામાં તેના શિષ્યોએ
એકાંતમાં તેની પાસે આવીને કહ્યું કે, એ બધું ક્યારે થશે ? અને તારા
આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે ? તે મને કહે. [૪]ત્યારે
ઈસુએ તેઓને ઉત્તર દીધો કે, સાવધાન રહો કે, તમને કોઈ ભુલાવે નહિ.
[૫]કેમ કે, હું તો ખ્રિસ્ત છું, એમ કહેતા ઘણા મારે નામે આવશે, ને તેઓ
ઘણાને ભુલાવશે. [૬]અને લડાઈઓ તથા લડાઈઓની અફવા તમારા
સાંભળવામાં આવશે, પણ જોજો, ગભરાતા ના, કેમ કે એ બધું થવાની
અગત્ય છે, પણ તેટલેથી અંત નહિ આવે. [૭] કેમકે પ્રજા પ્રજાની વિરુદ્ધ, તથા
રાજ્ય રાજ્યની વિરુદ્ધ ઊઠશે, દુકાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે
ધરતીકંપ થશે. [૮]પણ એ બધાં તો દુઃખોનો આરંભ જ છે. [૯]ત્યારે તેઓ તમને
વિપત્તિમાં નાખશે, ને તમને મારી નાંખશે, ને મારા નામને લીધે સર્વ પ્રજાઓ
તમારો દ્વેષ કરશે. [૧૦]અને તે વેળાએ ઘણા ઠોકર ખાશે, ને એકબીજાને
પરસ્વાધીન કરાવશે, ને એકબીજા પર વૈર રાખશે. [૧૧]અને જૂઠા પ્રબોધકો
ઘણા ઊઠશે, ને ઘણાને ભુલાવશે, [૧૨]અને અન્યાય વધી જવાના કારણથી
ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે. [૧૩]પણ અંત સુધી જે કોઈ ટકશે તે જ તારણ
પામશે. [૧૪]અને સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા
આખા જગતમાં પ્રગટ કરાશે; અને ત્યારે જ અંત આવશે.

૧૫એ માટે ઉજ્જડની અમંગળપણાની નિશાની) જે સંબંધી દાનિયેલ
પ્રબોધકે કહેલું છે, તેને જ્યારે તમે પવિત્ર જગાએ ઊભેલી જુઓ (જે વાંચે
તે સમજે), ૧૬ત્યારે જેઓ યહૂદિયામાં હોય તેઓ પહાડો પર નાસી જાય;
૧૭ધાબા પર જે હોય તે પોતાના ઘરમાંનો સામાન લેવાને ન ઊતરે; ૧૮અને
ખેતરમાં જે હોય તે પોતાનું લૂગડું લેવાને પાછો ન ફરે. ૧૯અને તે દિવસોમાં
જેઓ ગર્ભવતી હોય, તથા જેઓ ધવડાવતી હોય, તેઓને અફસોસ છે.
૨૦પણ તમારું નાસવું શિયાળામાં કે વિશ્રામવારે ન થાય, તે માટે તમે પ્રાર્થના
કરો. ૨૧કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના
આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ. ૨૨અને જો તે
દહાડા ઓછા કરવામાં ન આવત તો કોઈ પણ માણસ બચી ન શકત; પસંદ
કરેલાઓની ખાતર તે દહાડા ઓછા કરાશે. ૨૩ત્યારે જો કોઈ તમને કહે કે
જુઓ, ખ્રિસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના; ૨૪ કેમ કે જૂઠા
ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્ભુત
કૃત્યો કરી દેખાડશે કે, જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે.
૨૫જુઓ, મેં અગાઉથી તમને કહ્યું છે. ૨૬એ માટે જો તેઓ તમને કહે કે,
જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા; જુઓ તે ઓરડીઓમાં છે, તો ન
માનતા. ૨૭કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ
જ માણસના દીકરાનું આવવું થશે. ૨૮જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં
થશે.

૨૯અને તે દહાડાઓની વિપત્તિ પછી, સૂરજ તરત અંધકારરૂપ થઈ
જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને
આકાશનાં પરાક્રમો હલાવાશે. ૩૦અને ત્યારે માણસના દીકરાની નિશાની
આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને
માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમાસહિત તેઓ આકાશના મેઘ
પર આવતો દેખશે. ૩૧અને રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના
દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી, આકાશના એક છેડાથી તે બીજા
છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે.

૩૨હવે અંજીરી પરથી તેનું દૃષ્ટાંત શીખો. જ્યારે તેની ડાળી કુમળી થઈ
હોય છે, ને પાંદડાં ફૂટવા માંડે છે, ત્યારે તમે જાણો છો કે ઉનાળો પાસે
આવ્યો છે. ૩૩એમ જ જ્યારે તમે પણ તે બધાં થતાં જુઓ, ત્યારે તમારે

જાણવું કે તે પાસે એટલે બારણા આગળ જ છે. ૩૪હું તમને ખચીત કહું છું
કે, એ બધાં પૂરાં નહિ થશે ત્યાં સુધી આ પેઢી ગુજરી નહિ જશે. ૩૫આકાશ
તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ. ૩૬પણ તે દહાડા
તથા તે ઘડી સંબંધી બાપ વગર કોઈ પણ જાણતો નથી, આકાશના દૂતો નહિ
તેમ જ દીકરો પણ નહિ. ૩૭અને જેમ નૂહના સમયમાં થયું, તેમ જ માણસના
દીકરાનું આવવું પણ થશે. ૩૮કેમ કે જેમ જળપ્રલયની અગાઉ નૂહ વહાણમાં
ચઢી બેઠો ત્યાં સુધી તેઓ ખાતાપીતા, ને પરણતા પરણાવતા હતા; ૩૯અને
જળપ્રલય આવીને સહુને તાણી લઈ ગયો ત્યાં સુધી તેઓ ન સમજ્યા, તેમ
જ માણસના દીકરાનું આવવું પણ થશે. ૪૦તે વખતે ખેતરમાં બે માણસ હશે;
એક લેવાશે ને બીજો પડતો મુકાશે. ૪૧બે સ્ત્રીઓ ઘંટીએ દળતી હશે; એક
લેવાશે ને બીજી પડતી મુકાશે. ૪૨માટે જાગતા રહો, કેમ કે તમે જાણતા નથી
કે કયે દિવસે તમારો પ્રભુ આવશે. ૪૩પણ એ જાણો કે ચોર કયે પહોરે
આવશે એ જો ઘરધણી જાણતો હોત, તો તે જાગતો રહેત, ને પોતાના ઘરમાં
તેને ખાતર પાડવા ન દેત. ૪૪એ માટે તમે પણ તૈયાર રહો; કેમ કે જે ઘડીએ
તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે. ૪૫તો જે ચાકરને
તેના ધણીએ પોતાના ઘરનાંને વખતસર ખાવાનું આપવા સારુ પોતાના ઘરનો
કારભારી ઠરાવ્યો છે, તેવો વિશ્વાસુ તથા બુદ્ધિમાન ચાકર કોણ છે ? ૪૬જે
ચાકરને તેનો ધણી આવીને એમ કરતો દેખે, તેને ધન્ય છે. ૪૭હું તમને
ખચીત કહું છું કે, તે તેને પોતાની બધી સંપત્તિનો કારભારી ઠરાવશે. ૪૮પણ
જો કોઈ ભૂંડો ચાકર પોતાના મનમાં કહે કે, મારા ધણીને આવતાં વાર છે;
૪૯અને બીજા ચાકરોને તે મારવા તથા છાકટાઓની સાથે ખાવાપીવા લાગે;
૫૦તો જે દહાડે તે તેની વાટ જોતો નથી, ને જે ઘડી તે જાણતો નથી, તેવે
વખતે તે ચાકરનો ધણી આવશે, ૫૧ને તે તેને કાપી નાખશે, ને તેનો ભાગ
ઢોંગીઓની સાથે ઠરાવશે; ત્યાં રડવું ને દાંત પીસવું થશે.

## *પ્રભુ ઈસુનું પુનરાગમન*

પ્રભુ ઈસુને શિષ્યોએ પૂછયું કે, તારા આવવાની તથા યુગના અંતની શી નિશાની થશે, તે અમને કહે. માથ્થી ૨૪:૩.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું આવવું તદ્દન નજદીક છે. તથા યુગના અંતની શરૂઆત થઈ ચૂકી છે. તેની નિશાનીઓ આ પ્રમાણે છે.

૧. દાનિયેલના પુસ્તકમાં રાજાને જે જગતનાં સામ્રાજ્યો સંબંધીનું જે સ્વપ્ન

આવ્યું હતું તેમાંના બાબેલનું ખાલદીઓનું સામ્રાજ્ય, માદીઓ અને ફારસીઓનું સામ્રાજ્ય અને ગ્રીસનું સામ્રાજ્ય અને તે પછી લોખંડનું રોમન સામ્રાજ્ય. તે બધાં પસાર થઈ ચૂક્યાં છે, એટલે હવે યુગના યુગ અંતની શરૂઆત થઈ ચૂકી છે.

વળી મૂર્તિમાંના પગનાં આંગળાંનાં દસ રાજયો તે પણ અત્યારે યુરોપનાં રોમન વિસ્તારમાંના દસ રાજ્યો ઈ.ઈ.સી. યુરોપનું મઝિયારું બજાર (યુરોપીય ઈકોનોમીક કમ્યુનિટી) ઈ.ઈ.સી. તરીકે અસ્તિત્વમાં આવ્યું છે. જો કે અત્યારે ૧૩ સભ્યો છે પણ આખરે દસ રહેશે તે સમય આવી ગયો છે.

દાનિયેલે રાજાને જણાવ્યું કે, આપ જોતા હતા, એટલામાં કોઈ માણસના હાથ અડક્યા વગર એક શિલા કાપી કાઢવામાં આવી, ને તેણે તે મૂર્તિની પાટલીઓ જે લોઢાની તથા માટીની હતી, તેમના પર મારો ચલાવ્યો, ને તેમને ભાંગીને તેમના ટુકડે ટુકડા કર્યા ત્યારપછી લોઢું, માટી, પિત્તળ, રૂપું તથા સોનું તમામને ભાંગીને ચૂરેચૂરા કરવામાં આવ્યાં. તે ઉનાળાના ખળામાંનાં ભૂંસા જેવા થઈ ગયાં અને પવન તેમને એવી રીતે ઉડાડી લઈ ગયો કે, તેમનું ઠામઠેકાણું રહ્યું નહિ. જે શિલાએ મૂર્તિને ભાંગી નાખી, તેનો એક મોટો પર્વત થઈ ગયો, ને તેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ. દાનિયેલ ૨:૩૪-૩૫.

વગર હાથોએ કોતરી કાઢેલી શિલા તે તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટેની ઉપમા છે અને ઈસુ ખ્રિસ્ત જગતના રાજ્યોનો નાશ કરશે, અને તે યરુશાલેમમાં દાવિદની ગાદી પરથી આખી પૃથ્વી પર ૧૦૦૦ વર્ષનું રાજ્ય કરશે.

પ્રભુ ઈસુ પૃથ્વી પર રાજ્ય કરવા આવશે તે પહેલાં નીચેના બનાવો બનશે.

## ૨. પ્રભુના પુનરાગમનની કેટલીક એંધાણીઓ

૧. દાનિયેલ ૨:૪૧માં જણાવ્યા પ્રમાણે મૂર્તિનાં દશ આંગળાંની જેમ યુરોપનાં દસ રાજ્યો એકત્ર થયાં છે અને ઈ.ઈ.સી. તરીકે અસ્તિત્વમાં આવ્યાં છે.

૨. દાનિયેલે ૧૨:૪માં લખવામાં આવ્યું છે, "પણ, હે દાનિયેલ, તું

અંતના સમય સુધી એ વાતો બંધ કરીને પુસ્તક પર મહોર સિક્કો કર; ઘણાઓ અહીં તહીં દોડશે ને જ્ઞાનની વૃદ્ધિ થશે."

– છેલ્લાં સો વર્ષમાં જ્ઞાન અતિઘણું વધ્યું છે.
– વર્તમાન સમયમાં ૧૫૦૦૦ સાયન્સ મેગેઝીનો છે.
– સર્વ જમાનાના થઈ ગયેલા વિજ્ઞાનીઓના ૯૦ ટકા વિજ્ઞાનીઓ અત્યારે હાલમાં પૃથ્વી પર છે.
– દુનિયાના તમામ પ્રકારના જ્ઞાનમાંથી અર્ધુ જ્ઞાન છેલ્લાં ૧૫-૧૭ વર્ષમાં જ વિકસ્યું છે.

  દા.ત. એપોલો ૧૩ યાન પૃથ્વીથી દૂર ૨ લાખ ૫ હજાર માઈલ પર બગડયું, ત્યારે કોમ્પ્યુટરથી પૃથ્વી પરની લેબોરેટરી દ્વારા ૪ મિનિટમાં સુધાર્યું.

  વળી ૧૯૬૯માં નીલ આર્મસ્ટ્રોંગ અને એડવર્ડ આલ્ડ્રીએ ચંદ્ર પર સફળ ઉતરાણ કર્યું.

– શરીરના અવયવોનું સફળ પ્રતિરોપણ કરવામાં આવે છે. હ્રદય, કોર્નિયા, કિડની, હ્રદયમાં બેટરી સફળતાથી કરવામાં આવે છે.

૩. વળી દાનિયેલ ૧૨:૪માં લખવામાં આવ્યું છે.. ઘણાઓ અહીં તહીં દોડશે : વર્તમાનસમયમાં મુસાફરી ખૂબ જ વધી ગઈ છે. તેમજ ઝડપી વાહનો પણ ખૂબ વધી ગયાં છે.

રશિયાનું નવું સુપર સોનિક એરલાઈનર TU 144, ૧૩૦ મુસાફરોને ૪૦૦૦ માઈલ લઈ જાય. તેની ગતિ કલાકના ૧૫૦૦ માઈલની છે. અવાજની ગતિ કરતાંયે વધુ. સવારમાં ઘેર નાસ્તો કરીને પ્લેઈનમાં બપોરે ન્યુયોર્ક પહોંચી, ત્યાં જમીને સોદો કરી, સાંજે પ્લેઈનમાં ઘેર પાછા આવી રાતનું ભોજન લઈ શકો.

૪. આપણો સૂર્ય નોવા બનશે. નોવા એટલે શ્યામપિંડ બની જશે. નોવા એટલે કાળાં ધાબાં જ. સૂર્ય નોવા બે એટલે ખૂબ જ પ્રકાશિત થાય બહુ જ ગરમ થાય અને બળીને ખાક થઈ જાય. નોવા બને ત્યારે કેટલાયે ગણો પ્રકાશ થાય, અને બેહદ ગરમી ઉત્પન્ન થાય - કદ વધી જાય - પછી કાળો પ્રકાશરહિત બની જાય.

## સૂર્ય નોવા બનશે - શ્યામપિંડ

૧. **યશાયા ૧૩:૧૦ :** આકાશના તારાઓ તથા નક્ષત્રો પ્રકાશ આપશે નહિ; સૂર્ય ઉગતાં જ અંધરાશે ને ચંદ્રનો પ્રકાશ પડશે નહિ.

૨. **યશાયા ૩૦:૨૬ :** ચંદ્રનું અજવાળું સૂર્યના અજવાળા સરખું થશે; ને સૂર્યનું અજવાળું સાતગણું, સાત દિવસના અજવાળા સમાન થશે.

૩. **યોએલ ૨:૧૦ :** તેઓની આગળ ધરતી કાંપે છે, આકાશો થથરે છે; સૂર્ય તથા ચંદ્ર અંધરાય છે, ને તારાઓ ઝાંખા થઈ જાય છે.

૪. **યોએલ ૨:૩૦, ૩૧ :** વળી હું આકાશોમાં તથા પૃથ્વી પર અદ્‌ભુત કામો દેખાડીશ. એટલે લોહી, અગ્નિ તથા ધુમાડાના સ્તંભો. યહોવાનો મોટો દિવસ આવે તે પહેલાં સૂર્ય અંધકારરૂપ તથા ચંદ્ર લોહીરૂપ થઈ જશે.

૫. **પ્રકટીકરણ ૮:૧૨ :** પછી ચોથા દૂતે રણશિંગડું વગાડયું, ત્યારે સૂર્યના ત્રીજા ભાગ પર તથા ચંદ્રના ત્રીજા ભાગ પર તથા તારાઓના ત્રીજા ભાગ પર પ્રહારો થશે, કે જેથી તેઓનો ત્રીજો ભાગ, અંધકારરૂપ થાય, અને દિવસનો ત્રીજો ભાગ, તેમ જ રાતનો ત્રીજો ભાગ પ્રકાશરહિત થાય.

૬. **પ્રકટીકરણ ૧૬:૮, ૯ :** પછી ચોથાએ પોતાનું પ્યાલું સૂરજ પર રેડી દીધું; એટલે તેને અગ્નિથી માણસોને બાળી નાખવાની શક્તિ આપવામાં આવી. માણસો મોટી આંચથી દાઝયાં.

**પ્રકટીકરણ ૧૬:૮**, પછી ચોથા દૂતે પોતાનું સૂરજ પર રેડી દીધું એટલે તેને અગ્નિથી માણસોને બાળી નાખવાની શક્તિ આપવામાં આવી.

**યશાયા ૩૦:૨૬**, ચંદ્રનું અજવાળું સૂર્યના અજવાળા સરખું થશે; ને સૂર્યનું અજવાળું સાતગણું, સાત દિવસના અજવાળા સમાન થશે.

આપણી દુનિયાના સહુથી મોટા ખગોળશાસ્ત્રી અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં પ્રવચનો આપવા માટે આવ્યા હતા. તે વખતે હું તેમની સભામાં ગયો હતો. અને આપણો સૂર્ય નોવા બનશે કે કેમ, તે વિષે મેં તેમને

પ્રશ્ન પૂછયો હતો. તેમણે કહ્યું કે, બહુ થોડા સમયમાં આપણો સૂર્ય નોવા બનશે, એવી શક્યતા છે.

પછી છઠ્ઠા દૂતે પોતાનું પ્યાલું મોટી નદી પર, એટલે યુફ્રેતિસ પર રેડી દીધું; એટલે ઉગમણથી (પૂવ દિશાથી) જે રાજાઓ આવનાર છે, તેઓને સારુ રસ્તો તૈયાર થાય માટે તેનું પાણી સુકાઈ ગયું. પ્રક્ટી. ૧૬:૧૨.

ઉગમણ એટલે પૂર્વથી જે રાજાઓ અને લશ્કરો યરુશાલેમની સામે ચઢાઈ કરવા જવાનાં છે તે રસ્તો તૈયાર થઈ ગયો છે. ચીનમાં યાંગસેક્યાંગથી શરૂ થઈને તિબેટમાં થઈને કાશ્મીરની આસપાસ થઈ જાય છે, અને અફઘાનિસ્તાનમાંથી બોર્ડર પર રસ્તો જાય છે ને ત્યાંથી ઈરાન અને યરુશાલેમ રસ્તો જાય છે. યુફ્રેટિસનાં પાણી સુકાઈ જશે, જેથી લશ્કર જશે.

૧૯૫૪માં હું યુફ્રેટિસના કિનારે ઊભો હતો, ત્યારે નદી જોઈને મને થયું કે આ છલોછલ છલકાતી નદી સુકાશે ? પણ હમણાં તેમાં ગાબડાં પડયાં છે, કારણ કે તુર્કસ્તાને ૨૭ તળાવો બાંધવા માટે તેમાંથી પાણી વાળ્યાં છે, તેથી પાણી ઘટી ગયાં છે. ગાબડાં પડયાં છે, તે મેં જાતે જોયું છે.

પૂર્વના રાજાઓનાં લશ્કરો પગપાળા યરુશાલેમ અને ઈસુ ખ્રિસ્તની સામે લડવા માટે જવાનાં છે તે માટે રસ્તો તૈયાર થઈ રહ્યો છે.

**પ્રક્ટીકરણ ૧૬:૧૨ :** પછી છઠ્ઠાએ પોતાનું પ્યાલું મોટી નદી પર એટલે યુફ્રેતિસ પર રેડી દીધું; એટલે ઉગમણથી (પૂર્વ)થી જે રાજાઓ આવનાર છે તેઓને સારુ રસ્તો તૈયાર થાય, માટે તેનું પાણી સુકાઈ ગયું. **યશાયા ૧૧:૧૫ :** યહોવા મિસરના સમુદ્રની જીભને સૂકવી નાખશે; અને પોતાના ઉષ્ણશ્વાસથી તે નદી પર પોતાનો હાથ હલાવશે, ને તેને મારીને સાત નાળાં કરશે, અને લોકો જોડાં પહેરીને પાર જશે.

આ યુફ્રેતિસ નદી તે બાબિલોન અને તુર્કીસ્તાન તરફ આવેલી છે. બાબેલોન તે યુફ્રેતિસ અને તૈગ્રીસ નદી વચ્ચે આવેલો પ્રદેશ છે. આ યુફ્રેતિસ નદી મહામોટી અને બહુ જ ઊંડા પાણીવાળી નદી છે. ૧૯૫૪ની સાલમાં હું એ નદી આગળ ઊભો હતો. ભરપૂરપણે વહેતી આ મહાનદીને જોઈને મને અજાયબ લાગ્યું કે આના પાણી કદી સૂકાય ખરાં ? અને ખુલ્લા પગે ચાલી શકાય તેવાં સાત નાળાં થાય ખરાં ? મને તો અશક્ય લાગ્યું પણ બાઈબલમાં તેની આગાહી આપી છે અને આજે એ સાચું જ પડયું છે. તુર્કિસ્તાન દેશ ૨૦ મોટાં જળાશયો બનાવી રહ્યો છે અને યુફ્રેતિસનું પાણી એ તળાવોમાં

વાળી દીધું છે. એટલે યુફ્રેતિસ નદીમાં જોડાં પહેરીને જઈ શકાય તેવાં વીસેક મોટાં ગાબડાં પડેલાં છે. પૂર્વના રાજાઓ અને લશ્કરો તો નદીમાં થઈને પગપાળા જઈ શકશે.

આ રસ્તો યાંગ-ત્સે-ક્યાંગ ચીનમાંથી શરૂ થાય છે. અને ત્યાંથી તિબેટમાં થઈને એ રસ્તો કાશ્મીરમાંની જે જમીન પાકિસ્તાને ચીનને ભેટ આપી દીધી ત્યાં થઈને આ રસ્તો કાશ્મીરની બોર્ડર ઉપર બંધાયો છે. ત્યાંથી અફઘાનિસ્તાન થઈને તે રસ્તો ઈરાન જાય છે. અને ઈરાનથી છેક ઇઝરાયલ સુધીનો રસ્તો તૈયાર થયેલો છે અને ઈરાનથી યરુશાલેમ જવાનો રસ્તો બહુ પાસે છે. આ આખો રસ્તો હાલ તૈયાર છે.

આ બધાં લશ્કરોનો આગેવાન ખ્રિસ્ત વિરોધી અથવા Antichrist હશે અને તે યરુશાલેમના આપખુદ અધિકારી તરીકે રાજ્ય કરતો હશે પણ ખ્રિસ્ત તેનો નાશ કરશે.

બાઈબલ આ પ્રમાણે કહે છે કે, ૨ **થેસ્સા** ૨:૮, ત્યારપછી તે અધર્મી પ્રગટ થશે. પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે.

**પ્રકટીકરણ ૯:૧૬**, "તેઓના લશ્કરના ઘોડેસ્વારોની સંખ્યા વીસ કરોડ હતી તેઓની સંખ્યા મેં સાંભળી" (આ સંખ્યા પૂર્વના રાજાના ઘોડેસ્વારોની સંખ્યા છે.)

થોડા સમયપર ચીનની એક ડોક્યુમેન્ટરી ફિલ્મમાં આમ દર્શાવેલ હતું કે, "જો જરૂર પડે તો અમે વીસ કરોડ ઘોડેસ્વારોનું લશ્કર ઉતારી શકીએ તેમ છીએ."

## ૩. પ્રભુ ઈસુનું પુનરાગમન ક્યારે થશે ?

પ્રભુ ઈસુનું પુનરાગમન ક્યારે થશે એ કોઈ ચોક્કસ કહી શકે નહિ. એની તારીખ કોઈ આપી શકે નહિ. પણ પ્રભુ ઈસુએ માથ્થી ૨૪:૩૨-૩૪માં એ વિષે ઈશારો કર્યો છે. શિષ્યોએ પ્રભુ ઈસુને પ્રશ્ન પૂછયો હતો કે, "એ બધું ક્યારે થશે ? અને તારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે ? તે અમને કહે (માથ્થી ૨૪:૩). પ્રભુ ઈસુએ એનો જવાબ લંબાણથી આપ્યો, અને પછી કહ્યું કે, "હવે **અંજીરી પરથી** એનું દૃષ્ટાંત શીખો. જ્યારે તેની ડાળી કુમળી થઈ હોય છે, ને પાંદડાં ફૂટવા માંડે છે, ત્યારે તમે જાણો

છો કે ઉનાળો પાસે આવ્યો છે. એમે જ જ્યારે તમે પણ **તે બધાં થતાં જુઓ,** ત્યારે તમારે જાણવું કે તે (માણસનો દીકરો, એટલે કે પ્રભુ ઈસુ) પાસે એટલે કે બારણા આગળ જ છે." (માથ્થી ૨૪:૩૨-૩૩).

ઈઝરાયલ અથવા યહૂદી પ્રજાને ત્રણ ઝાડની ઉપમા બાઈબલમાં આપવામાં આવી છે : દ્રાક્ષાવેલો, જૈતૂન, અને અંજીરનું વૃક્ષ. ઉનાળો આવવાનો સમય નજદીક આવે છે તે સમયે અંજીરીને પાંદડાં આવે છે, ઝાડ ઘટાઘોર થાય છે, અને એની ડાળીઓ કુમળી થાય છે. આ બધાં લક્ષણ ઉનાળો આવવાની નિશાની છે. બાઈબલમાં ન્યાયના દિવસને ઉનાળાની ઉપમા આપવામાં આવી છે. અંજીરીરૂપ યહૂદી પ્રજા જે બે હજાર વર્ષથી દેશ વગરની, મંદિર વગરની, દુનિયાના ૧૦૪ દેશોમાં રઝળતી ફરી તે હવે પાલેસ્તાઈનમાં પાછી ફરી છે, અને તા. ૧૪-૫-૧૯૪૮ના રોજ ઈઝરાયલ રાજ્યની સ્થાપના પણ થઈ ચૂકી છે. એમ, એ હવે ઘટાઘોર અને તાજી બની છે. આમ, લાક્ષણિક અર્થમાં પ્રભુ ઈસુનું પુનરાગમન છેક પાસે છે, તે છેક બારણા આગળ જ છે.

ઉપરની વાત તો પ્રભુ ઈસુએ ઉપમા તરીકે વાપરી. કારણ, એમણે તો કહ્યુ કે, **"આ બધાં થતાં જુઓ ત્યારે,"** એટલે કે "તારા આવવાની તથા જગત (યુગ)ના અંતની શી નિશાની થશે ?" એવા શિષ્યોના પ્રશ્નના જવાબમાં પ્રભુ ઈસુએ જે બધા થનારા બનાવો વિષે જણાવ્યું **"તે બધાં થતાં જુઓ ત્યારે"** તમારે જાણવું કે પ્રભુ ઈસુનું આગમન છેક પાસે છે. **"બારણા આગળ"** એટલે તદ્દન નજદીક ! અને **"તે બધાં"** અત્યારે ચારે બાજુ બની રહ્યાં છે.

વળી, લૂક ૨૧:૨૯-૩૧માં પ્રભુ ઈસુ ફરીથી એ જ વાત કહે છે, પણ એમાં અંજીરી ઉપરાંત **"બીજાં ઝાડ"**નો પણ ઉલ્લેખ કર્યો છે, - એટલે કે ઈઝરાયલ ઉપરાંત **બીજા દેશો કે બીજી પ્રજાઓને** પણ પાંદડાં ફૂટવા માંડયાં છે, અને એમની ડાળીઓ કુમળી થઈ છે. દુનિયાના કેટલા બધા દેશો હવે ખૂબ ખૂબ જાગ્રત બન્યા છે ! આફ્રિકા ખંડ આજથી ૪૦-૫૦ વર્ષ ઉપર 'અંધારિયો ખંડ' કહેવાતો હતો, પણ હાલ છેલ્લાં ચાલીસેક વર્ષમાં એના મોટા ભાગે બધા જ દેશો ખૂબ જાગ્રત બન્યા છે, પરદેશી સત્તાઓને ફગાવી દીધી છે, નવાં નામો ધારણ કર્યાં છે, અને દેશોની કાયાપલટ કરી દીધી છે. એ પણ પ્રભુના પુનરાગમનની નિશાની છે.

વળી, પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે અને મંડળી ગગનમાં ચડી જાય એ

પૂર્વે બનનારા બધા જ બનાવો અંગેનું એકેય ભવિષ્યવચન પૂરું થયા સિવાય બાકી નથી. મતલબ કે હવે **કોઈપણ ઘડીએ** પ્રભુનું ગગનમાં ઉતરાણ થાય.

એ વિષે પ્રભુ ઈસુએ જણાવ્યું છે કે મારું આવવું ચોરની પેઠે થશે. "માટે જાગતા રહો, કેમ કે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે. પણ એ જાણો કે ચોર કયે પહોરે આવશે એ જો ઘરધણી જાણતો હોત, તો તે જાગતો રહેત,... એ માટે, તમે પણ તૈયાર રહો; કેમ કે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે." (માથ્થી ૨૪:૪૨-૪૪).

હવે એક વાત અહીં સ્પષ્ટ કરી લઈએ. નવા કરારમાં પ્રભુના આગમનને બે પ્રકારે દર્શાવ્યું છે : (૧) ચોરની પેઠે ઓચિંતુ તથા છૂપું; અને (૨) વીજળીની પેઠે જગજાહેર રીતે, - "જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે." (માથ્થી ૨૪:૨૭). તો આ પરથી વિરોધાભાસી લાગતાં બે વિધાનોનો સુમેળ કેવી રીતે મેળવી શકાય ? જોઈએ :

પ્રભુનું પુનરાગન બે પગથિયાંમાં થશે : (૧) ગગનગમન (rapture) : પોતાની કન્યારૂપી મંડળીને લેવા પ્રભુ ઈસુ સ્વર્ગભુવનથી ગગનમાં ઊતરશ એ પહેલું પગથિયું. આ સમયે તે ચોરની પેઠે છૂપો આવશે. જેઓ ખ્રિસ્તનાં તેઓ સિવાય આ આગમનની કોઈને ખંબર નહિ પડે. એ સમયે "ખ્રિસ્તમાં મૂએલાં" સજીવન થઈને ઊઠશે, અને તે સમયે ખ્રિસ્તના જે લોકો જીવતા હશે તેઓ મહિમાવંત શરીરો ધારણ કરશે. અને બંને જૂથ સાથે મળીને ગગનમાં ઊંચકાઈ જશે. આ પહેલા પગથિયાને માટે 'ગગનગમન' (rapture) નામ વાપર્યું છે.

ચોર ઘરમાંથી કીમતી ધન લઈ જવા આવે છે. એમ જ પ્રભુ ઈસુ જગતરૂપી ઘરમાંથી 'મંડળીરૂપી ધન' લેવા આવનાર છે. "વળી આકાશનુ રાજ્ય સારાં મોતી શોધનાર કોઈએક વેપારીના જેવું છે; તેને એક અતિ મૂલ્યવાન મોતીની શોધ લાગી, ત્યાર પછી જઈને તેણે પોતાનું સર્વસ્વ વેચી નાખીને તે વેચાતું લીધું" (માથ્થી ૧૩:૪૫, ૪૬). આ **'અતિ મૂલ્યવાન મોતી'** *તે મંડળી છે. એને માટે ખ્રિસ્તે પોતાનું સર્વસ્વ, હા, પોતાનો પ્રાણ

- કેટલાક લોકો આ દૃષ્ટાંતનો ખોટો અર્થ કરે છે. તેઓ કહે છે કે, ખ્રિસ્ત મૂલ્યવાન મોતી છે, અને ખ્રિસ્તનો સ્વીકાર કરનાર જન આ ખ્રિસ્તરૂપી મૂલ્યવાન મોતીને

પણ આપ્યો. ખ્રિસ્તમાં "આપણે તે (ખ્રિસ્ત)નો **વારસો** નિમાયા" (એફેસી ૧:૧૧). વળી, "એ [આત્મા દેવના] **પોતાના દ્રવ્ય** [રૂપી **લોક**]ના ઉદ્ધારના સંબંધમાં તેના મહિમાને અર્થે આપણા વારસાનું બાનું છે" (એફેસી ૧:૧૪).

એમ ચોરની પેઠે છૂપી રીતે આવીને પ્રભુ ઈસુ પોતાના દ્રવ્યરૂપી લોકને પોતાની સાથે ઉપર લઈ જશે. જગતના બાકીના લોકોને એની તત્ક્ષણ જાણ પણ્ નહિ પડે.

***પ્રાગટ્ય***

એ પછી પ્રભુ ઈસુ સ્વર્ગમાં પોતાના લોકોની સાથે સાત વર્ષ રહેશે. એ સાત વર્ષને અંતે તે પોતાના ગગનમાં ઊંચકાઈ ગયેલા લોકો અથવા મંડળી સાથે પૃથ્વી ઉપર ઊતરશે. ઝખા. ૧૪:૪ એ બીજું પગથિયું, અને એ પગથિયાનું નામ **પ્રાગટ્ય**. પ્રભુ ઈસુએ પોતે એ વિષે એટલે કે સ્વર્ગમાંથી આ પૃથ્વી ઉપર પોતાના ઉતરણ વિષે આ પ્રમાણે લખ્યું છે :

"ત્યારે જો કોઈ તમને એમ કહે કે, જુઓ, ખ્રિસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના; કેમકે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે. ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. જુઓ, મેં અગાઉથી તમને કહ્યું છે. એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા; જુઓ, ત ઓરડાઓમાં છે, તો ન માનતા. **કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે. તેમ જ માણસના દીકરાનું આવવું થશે.** જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં થશે.

"અને તે દહાડાઓની વિપત્તિ પછી, સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. **અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને**

---

પોતાનું સર્વસ્વ વેચીને ખરીદી લે છે. પણ આ માન્યતા સદંતર ખોટી છે. પેલા ગીતમાં આપ્યું છે કે, - "મને મળ્યું અણમોલ મોતી, આનંદે ગાય છે મારું મન,"–એ પણ સિદ્ધાંત વિરુદ્ધનું છે. માનવી કેવી રીતે ખ્રિસ્તને ખરીદી શકે? એણે તો કૃપા દ્વારા મફત સ્વીકાર કરવાનો છે. માનવી છે. માનવી પાસે પોતાનું કઈ જ નથી; જે છે તે ખ્રિસ્તે તેને આપ્યું છે. વળી, ખ્રિસ્તી માણસ પોતે જ ખ્રિસ્તના રક્તથી ખરીદાઈ ગયેલો છે.

**પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે."** (માથ્થી ૨૪:૨૩-૩૦).

આ 'પ્રાગટય' અથવા બીજું પગથિયું વીજળીના ચમકારા જેવું જશે. આપણે રાતને સમયે ઘરમાં બારણાં બંધ કરીને સૂઈ ગયા હોઈએ, અને માથે મોઢે ઓઢી લીધું હોય, છતાંયે બહાર વીજળી ચમકે તો આપણને ખબર પડી જ જાય છે. એમ પ્રભુ ઈસુ આ પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે તરત જ આખી દુનિયાનાં તમામ માણસોને ખબર પડી જશે.

આ પ્રાગટય વિષે ઝખાર્યા આ પ્રમાણે લખે છે : "જો, યહોવાનો એક એવો દિવસ આવે છે કે જ્યારે તારી લૂંટ તારી મધ્યે વહેંચવામાં આવશે. કેમ કે હું સર્વ પ્રજાઓને યરૂશાલેમની સામે યુદ્ધ કરવાને એકઠી કરીશ; અને તે નગર સર કરવામાં આવશે, ઘરો લૂંટવામાં આવશે, ને સ્ત્રીઓની આબરૂ લેવામાં આવશે; અડધું નગર ગુલામગીરીમાં જશે, પણ બાકીના લોકોને નગરમાંથી કાપી નાખવામાં આવશે નહિ. **ત્યાર પછી યહોવા, જેમ પોતે યુદ્ધને દિવસે લડયો હતો તેમ, તે પ્રજાઓની સામે જઈને લડશે.**

**"તે દિવસે તેના પગ યરૂશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતૂન પર્વત પર ઊભા રહેશે,**ને જૈતૂન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ ને પશ્ચિમ તરફ ફાટશે, જેથી બહુ મોટી ખીણ થઈ જશે; અડધો પર્વત ઉત્તર તરફ ને અડધો દક્ષિણ તરફ ખસી જશે" (ઝખાર્યા ૧૪:૧-૪).

આમ, પ્રભુના પુનરાગામનનાં આ બે પગથિયાં (૧) ગગનગમન (rapture), અને (૨) પ્રાગટય (revelation) છે. એ બંને પગથિયાં, અને એ પ્રત્યેક વખતે બનનાર પ્રસંગો અલગ અલગ બરાબર સમજી લેવા જોઈએ, નહિ તો ગોટાળો થવા સંભવ છે.

## ૪. વિપત્તિકાળનાં પાછલાં સાડાત્રણ વર્ષ :

"યાકોબના સંકટનો સમય" અથવા યહૂદીઓનો ન્યાયકાળ અથવા તેમની તાવણી પેલા સાત વર્ષના સમયના પાછલા અર્ધા કાળમાં, એટલે કે પાછલા સાડાત્રણ વર્ષના (યા **"૧૨૬૦ દિવસ,"** યા **"૪૨ મહિનાના"** કે **"કાળ, કાળો, ને અર્ધા કાળના,"** કે **"સમય, સમયો, ને અર્ધા સમયના"**) ગાળા દરમિયાન થશે. અને એ પછી પ્રભુ ઈસુ રાજા તરીકે પૃથ્વી ઉપર (જૈતૂન પહાડ ઉપર) ઊતરશે અને શત્રુઓનો સંહાર કરીને ૧૦૦૦ વર્ષનું રાજ કરશે

એવું આપણે ઉપર જોઈ ગયા તેમ ઝખાર્યાએ અને પ્રભુ ઈસુએ પણ જણાવ્યું છે. પ્રભુ ઈસુના શબ્દો જોઈએ :

"કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ. અને જો તે દહાડા ઓછા કરવામાં ન આવત તો કોઈપણ માણસ બચી ન શકત. પણ પસંદ કરેલાઓની ખાતર તે દહાડા ઓછા કરવામાં આવશે. ત્યારે જો કોઈ તમને કહે કે જુઓ, ખ્રિસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના, કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. જુઓ, મેં અગાઉથી તમને કહ્યું છે. એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા; જુઓ, તે ઓરડીઓમાં છે, તો ન માનતા. કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તે જ માણસના દીકરાનું આવવું થશે. જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં થશે.

"અને તે દહાડાઓની વિપત્તિ પછી, સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશમાંથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે. અને રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી, આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે." (માથ્થી ૨૪:૨૧-૩૧).

આ મહા વિપત્તિકાળે અને "યાકોબના સંકટના સમય"માં ખ્રિસ્તવિરોધીનો આખી પૃથ્વી ઉપર એકચક્રી રાજ્યાધિકાર ચાલતો હશે, અને યહૂદી પ્રજાનો તે કટ્ટો દુશ્મન હશે. એ આ પૃથ્વી ઉપર બેફામ ભયંકર રીતે રાજ્ય કરતો હશે, તેમ જ ઈશ્વર પૃથ્વી ઉપર પોતાના કોપનાં પ્યાલાં રેડતો હશે. એ સમયનો ભયાનક ચિતાર પ્રકટીકરણના પુસ્તકમાં આપવામાં આવ્યો છે :

"ત્યાર પછી મેં જોયું, તો આકાશમાં સાક્ષ્યમંડપના મંદિરને ઉઘાડવામાં આવ્યું હતું; અને જે સાત દૂતની પાસે સાત અનર્થ હતા, તેઓ મંદિરમાંથી

બહાર આવ્યા. તેઓએ સ્વચ્છ તથા ચળકતાં શણનાં વસ્ત્ર પહેરેલાં હતાં, તથા છાતી પર સોનાના પટા બાંધેલા હતા. પછી ચાર પ્રાણીઓમાંના એકે સદાસર્વકાળ જીવંત ઈશ્વરના કોપથી ભરેલાં સોનાનાં સાત પ્યાલાં તે સાત દૂતને આપ્યાં. અને ઈશ્વરના મહિમાના તથા તેના પરાક્રમના ધુમાડાથી મંદિર ભરાઈ ગયું; અને સાત દૂતના સાત અનર્થ પૂરા થયા ત્યાં સુધી કોઈથી મંદિરમાં પ્રવેશ થઈ શક્યો નહિ" (પ્રકટીકરણ ૧૫:૫-૮).

"ત્યાર પછી મેં મંદિરમાંથી નીકળતી એક મોટી વાણી સાંભળી, તેણે સાત દૂતને કહ્યું કે, તમે જાઓ, અને ઈશ્વરના કોપનાં સાત પ્યાલાં પૃથ્વી પર રેડી દો.

"ત્યારે પહેલા દૂતે જઈને પોતાનું પ્યાલું પૃથ્વી પર રેડી દીધું; એટલે જે માણસો પર શ્વાપદની છાપ હતી ને જેઓ તેની મૂર્તિને પૂજતાં હતાં, તેઓને ત્રાસદાયક તથા પીડાકારક ઘારું થયું.

"પછી બીજાએ પોતાનું પ્યાલું સમુદ્ર પર રેડી દીધું; એટલે સમુદ્ર મુડદાના લોહી જેવો થઈ ગયો, અને તેમાંનું દરેક સજીવ પ્રાણી મરણ પામ્યું.

"પછી ત્રીજાએ પોતાનું પ્યાલું નદીઓ પર તથા પાણીના ઝરાઓ પર રેડી દીધું; એટલે તેઓ લોહી થઈ ગયાં. ત્યારે પાણીના દૂતને મેં એમ બોલતાં સાંભળ્યો કે, હે પવિત્ર, તું જે છે ને હતો, તું ન્યાયી છે, કેમ કે તેં એવો [અદલ] ન્યાય કર્યો છે; કારણ કે તેઓએ તારા સંતોનું તથા પ્રબોધકોનું લોહી વહેવડાવ્યું, અને તેં તેઓને લોહી પીવાને આપ્યું છે; તેઓ [એ માટે] લાયક છે. ત્યારે મેં વેદીને એમ કહેતાં સાંભળી કે, હા, હે સર્વશક્તિમાન પ્રભુ ઈશ્વર, તારા ન્યાયચુકાદા સત્ય તથા યથાર્થ છે.

"પછી ચોથાએ પોતાનું પ્યાલું સૂરજ પર રેડી દીધું; એટલે તેને અગ્નિથી માણસોને બાળી નાખવા[ની શક્તિ] આપવામાં આવી; માણસો મોટી આંચથી દાઝયાં; અને તેથી જે ઈશ્વરને આ અનર્થો પર અધિકાર છે, તેના નામની તેઓએ નિંદા કરી; પણ તેઓએ પસ્તાવો કર્યો નહિ, અને ઈશ્વરને મહિમા આપ્યો નહિ.

"પછી પાંચમાએ પોતાનું પ્યાલું શ્વાપદના રાજ્યાસન પર રેડી દીધું; એટલે તેના રાજ્યમાં અંધકાર વ્યાપી ગયો; અને તેઓએ વેદનાને લીધે પોતાની જીભો કરડી. અને પોતાની વેદનાને લીધે તથા પોતાનાં ઘારાંને લીધે

તેઓએ આકાશના ઈશ્વરની નિંદા કરી; પણ તેઓએ પોતાનાં કામોનો પશ્ચાત્તાપ કર્યો નહિ.

"પછી છઠ્ઠાએ પોતાનું પ્યાલું મોટી નદી પર, એટલે યુફ્રેતિસ પર, રેડી દીધું. એટલે ઉગમણથી જે રાજાઓ આવનાર છે તેઓને સારુ રસ્તો તૈયાર થાય, માટે તેનું પાણી સુકાઈ ગયું. ત્યારે પેલા અજગરના મોંમાંથી તથા શ્વાપદના મોંમાંથી તથા જૂઠા પ્રબોધકના મોંમાંથી દેડકાંના જેવા ત્રણ અશુદ્ધ આત્મા [નીકળતા] મેં જોયા; કેમ કે તેઓ ચમત્કારો કરનારા ભૂતોના આત્મા છે; કે જેઓ સર્વશક્તિમાન ઈશ્વરના મહાન દિવસની લડાઈને સારુ આખા જગતના રાજાઓને એકઠા કરવા માટે તેઓની પાસે બહાર જાય છે. (જુઓ, ચોરની પેઠે હું આવું છું. જે જાગ્રત રહે છે, અને પોતાનાં વસ્ત્ર એવી રીતે સાચવે છે કે પોતાને નગ્ન ચાલવું ન પડે, અને પોતાની લાજ ન દેખાય, તેને ધન્ય છે.) અને હિબ્રૂ ભાષામાં જેને હાર-માગેદોન કહે છે તે ઠેકાણે તેઓએ તેઓને એકઠા કર્યા.

"પછી સાતમાએ પોતાનું પ્યાલું વાતાવરણમાં રેડી દીધું; એટલે 'સમાપ્ત થયું' એમ બોલતી મોટી વાણી મંદિરના રાજ્યાસનમાંથી થઈ. અને વીજળીઓ, વાણીઓ તથા ગર્જનાઓ થયાં; વળી મોટો ધરતીકંપ થયો; તે એવો ભયંકર તથા ભારે હતો કે માણસો પૃથ્વી પર ઉત્પન્ન થયાં ત્યારથી એના જેવો કદી થયો નહોતો. મોટા નગરના ત્રણ ભાગ થઈ ગયા, અને રાજ્યોનાં નગરો પડયાં; અને ઈશ્વરના મોટા બાબિલોનનું સ્મરણ થયું કે, તે પોતાના સખત કોપના દ્રાક્ષારસનું પ્યાલું તેને આપે. દરેક બેટ નાઠો, અને પહાડોનો પત્તો લાગ્યો નહિ. અને આકાશમાંથી માણસો પર આશરે એક એક મણના મોટા કરા પડયા. અને કરાના અનર્થને લીધે માણસોએ ઈશ્વરની નિંદા કરી; કેમ કે તેનો આ અનર્થ અતિશય ભારે છે" (પ્રકટીકરણ ૧૬:૧-૨૧).

આ સાડાત્રણ વર્ષના 'યાકોબના સંકટના સમય'માં ચારે તરફના ત્રાસને લીધે યહૂદીઓ ભયંકર આફતમાં તથા દુઃખમાં આવી પડશે. વળી ખ્રિસ્તવિરોધી આખી પૃથ્વીની સર્વ પ્રજાઓનાં લશ્કરો એકઠાં કરીને હાર-માગેદોનના મહાયુદ્ધ માટે, યહૂદી પ્રજાની સામે, એકત્ર કરશે. એક નાની ટચૂકડી પ્રજા ઇઝરાયલ, અને તેની સામે આખી દુનિયાનાં લશ્કરો

આવી પડયાં હોય તો યહૂદીઓ માટે બચાવનું કોઈ બારું ખુલ્લું નહિ રહે. અને બચાવને માટે તેઓ ઈશ્વરની આગળ પોકાર પર પોકાર કરશે.

આ યહૂદી (અથવા હિબ્રૂ) પ્રજા મિસરની ચારસેં વર્ષની ગુલામગીરીમાંથી પાસ્ખાની રાતે નીકળી આવી હતી, અને પછી માર્ગમાં સૂફ સમુદ્ર આવી પડયો. આગળ હવે એક ડગલુંયે ભરાય તેમ નહોતું, કારણ, આગળ સમુદ્ર પથરાયેલો પડયો હતો. જમણે હાથે પણ નાસી છુટાય તેમ નહોતું, કારણ, જમણે હાથ ઊંચા પહાડ આવેલા હતા. ડાબે પણ છટકાય તેમ નહોતું, કારણ, એ દિશામાં પણ ઊંચા પહાડ આવેલા હતા. અને પાછા તો ફરી શકાય તેમ નહોતું, કારણ, મિસરી શત્રુસેના પકડવા પાછળ પડી હતી. એમ, આ યહૂદી પ્રજા ચારે બાજુથી ઘેરાઈ ગયેલી હતી. અને તેઓએ ઈશ્વરની આગળ બચાવ માટે પોકાર કર્યો. ત્યારે યહોવાએ સૂફ સમુદ્રના બે ભાગ કરી નાખીને વચ્ચે કોરી જમીન કરી દીધી. અને આશરે ૨૦ લાખ જેટલા ઈઝરાયલ લોકો કોરી જમીન પર થઈને સમુદ્રની પેલી પાર ગયા. અને તેમના પછી મિસરી સૈન્ય સમુદ્રમાંના કોરા રસ્તામા થઈને જવા લાગ્યું ત્યારે ઈશ્વરે જુદાં થયેલાં સમુદ્રનાં પાણીને ભેગાં કરી દીધાં. એમ મિસરી લશ્કરનો સંપૂર્ણ વિનાશ થયો.

એ જ પ્રમાણે ખ્રિસ્તવિરોધીની આગેવાની નીચે પૃથ્વીના સર્વ દેશોનાં લશ્કરો યરૂશાલેમ સામે અને ટચૂકડી ઈઝરાયલ પ્રજા સામે ચઢી આવ્યાં હશે ત્યારે તેઓની આવી જ ભયંકર હાલત થઈ હશે, અને બચાવનો કોઈ જ માર્ગ રહ્યો નહિ હોય ત્યારે યહૂદી લોકો ઈશ્વર પ્રત્યે બચાવના પોકાર કરશે. અને એ જ સમયે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના સંતોની સાથે પૃથ્વી ઉપર ઊતરશે, અને ખ્રિસ્તવિરોધીનો નાશ કરશે. એ વિષે ૨ થેસ્સાલોનિકા ૨:૮માં આ પ્રમાણે લખ્યું છેઃ “પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે.” આમ, અજાયબ રીતે પ્રભુ ઈસુ યહૂદી પ્રજાનો બચાવ કરશે.

યહૂદીઓ આવા બચાવના મહા આનંદના અતિરેકમાં ઉપર જોશે કે આ અમારો બચાવ કોણે કર્યો. એ જ વખતે તેઓ પ્રભુ ઈસુને ઊતરતા જોશે અને તેમના હાથો અને પગોમાં ખીલાના વીંધનાં નિશાન જોશે. એ વિષે ઝખાર્યા પ્રબોધકે આ પ્રમાણે લખ્યું છે :

"વળી તે દિવસે જે સર્વ પ્રજાઓ યરૂશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની કોશિશ હું કરીશ.

"હું દાવિદના વંશજો ઉપર તથા યરુશાલેમના રહેવાસીઓ ઉપર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ; અને મને, જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે, ને જેમ કોઈ પોતાના જયેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધે દુઃખી થશે. અને મગિદ્દોનની ખીણમાં હદાદરિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ તે દિવસે યરૂશાલેમમાં થશે" (ઝખાર્યા ૧૨:૯-૧૧).

આમ, તેઓ જોશે કે અમારા બાપદાદાઓએ જે ઈસુને ક્રૂસ પર જડી દીધા, હાથો અને પગોમાં ખીલા ઠોકી દીધા, અને તેના માથા પર કાંટાનો તાજ પહેરાવી - દબાવી દીધો, એ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે આવા કપરા સંજોગોમાં અમારો અજાયબ અને એકાએક ઉદ્ધાર કર્યો છે ! આ માટે તેઓ બધા જ કરુણ વિલાપ કરશે. જેમ કોઈ કુટુંબનો એકનો એક જુવાનજોધ દીકરો એકાએક મૃત્યુ પામે, અને એ ઘરમાં જેવો કરુણ વિલાપ થાય, એવો જ વિલાપ આ દિવસે યહૂદીઓનો થશે. અને એ તો અંતઃકરણનો પશ્ચાત્તાપ હશે. તે દિવસે તેઓ એકસામટા અને એકેએક જણ પ્રભુ ઈસુનો પોતાના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર કરશે. એમ આખી પ્રજાનો એકસામટો ઉદ્ધાર થશે.

ઈઝરાયલ પ્રજા અને દેશ સાથે પ્રભુનું પુનરાગમન ઘણું જ સંકળાયેલું છે. આ પુનરાગમનને લીધે પ્રજા અને દેશમાં અનેક ફેરફારો થનાર છે. એટલે પુનરાગમન વિષે અહીં લખવું અગત્યનું બની જાય છે.

## ૫. પ્રજા અને દેશમાં થનાર ફેરફારો

૧. મોટા ધરતીકંપ થશે અને ધરતીકંપને લીધે દેશમાં ઘણા ફેરફારો થશે. જૈતુન પહાડના બે ભાગ થઈ જશે. ઝખાર્યાહ ૧૪:૪. મંદિરની નીચેથી મીઠા પાણીની નદી વહેશે અને તે મૃત સરોવરમાં પડશે. મૃત સરોવરનાં પાણી મીઠાં થઈ જશે. આખો દેશ ખૂબ ફળદ્રુપ બની જશે.

૨. યહૂદી પ્રજા દુનિયાની પ્રજાઓમાં મુખ્ય બનશે અને મોખરે

આવશે. અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે દુનિયાની પ્રજાઓ પર રાજ કરશે.

૩. આખી દુનિયામાંથી બિનયહૂદી લોકો યરુશાલેમના મંદિરે આવશે.

૪. પ્રભુ ઈસુ રાજા બનીને યરુશાલેમની દાવિદની ગાદી પર બેસશે અને આખી દુનિયા પર ૧૦૦૦ વર્ષ રાજ્ય કરશે. કારણ યરુશાલેમ તો સાર્વકાલિક રાજધાની છે.

૫. રશિયા ઈઝરાયલની સામે યુદ્ધે ચઢશે.

૬. યુરોપિયન કોમન માર્કેટ ઈ.ઈ.સી.નો આગેવાન ખ્રિસ્તવિરોધી તરીકે યરુશાલેમમાં રાજ કરવા આવશે અને મંદિરના નિયમોને ફેરવી નાખશે.

## ૬. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર ઊતરે છે

પ્રભુ ઈસુ મંડળીને લેવા ગગનમાં ઊતરે (ગગનગમન), અને મંડળી ગગનમાં ઊંચકાઈ જાય, ત્યારથી માંડીને પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરે ત્યાં સુધીનો ગાળો સાત વર્ષનો છે, સાત વર્ષ સુધી ઈઝરાયલીઓ, અસ્ત્રોશસ્ત્રો બાળે એ ગાળો આ 'ગગનગમન' અને 'પ્રાગટ્ય'ની વચ્ચેના ગાળો સાથે બંધબેસતો આવે છે; એટલે રશિયાના આક્રમણનો સમય આ ગગનગમન અને પ્રાગટ્ય વચ્ચેના સાત વર્ષના ગાળાની શરૂઆત રશિયાઈ આક્રમણ થવા સંભવ ખરો !

પરંતુ "ગગનગમન' પછી પ્રથમ બનાવ તો ખ્રિસ્તવિરોધી આવીને યહૂદીઓની સાથે સાત વર્ષનો કરાર કરશે. (દાનિયેલ ૯:૨૭). એ પછી રશિયાઈ આક્રમણ આવે. ખ્રિસ્ત વિરોધીનો કરાર અને રશિયાઈ આક્રમણ વચ્ચે અમુક મહિના કે વર્ષ જેટલો સમય પસાર થઈ જાય, તો અસ્ત્રો શસ્ત્રો બાળવા માટેનાં સાત વર્ષ પૂરાં થવામાં તૂટ આવે ! પણ એ માટે થોડો સમય ફાજલ મળી શકે તેમ છે. પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરે (પ્રાગટ્ય), અને મંદિરનું શુદ્ધિકરણ થાય ત્યાં સુધીના ૧૦૪૦ દિવસો (૨ વર્ષ, ૧૦ માસ અને ૨૦ દિવસ) ફાજલ વધારાના છે, ***(આ ૧૦૪૦ દિવસો વિષે લંબાણપૂર્વક ખુલાસો આ લેખકના પુસ્તક દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમનના પૃષ્ઠ ૯૧-૯૩ ઉપર આપવામાં આવ્યો છે.)** એમાં

ઈઝરાયલીઓ અસ્ત્રોશસ્ત્રો બાળી શકે એટલે એનો અર્થ એવો થયો કે 'ગગનગમન' પછી એકાદ વર્ષ કે એવા કોઈ સમયે રશિયાનો હલ્લો થાય, તોપણ અસ્ત્રોશસ્ત્રો બાળવા માટેનો સાત વર્ષનો પૂરો ગાળો મળી રહે છે. આમ, રશિયાનું આક્રમણ, ગગનગમન અને પ્રાગટય વચ્ચેના સાત વર્ષના ગાળાની શરૂઆતે-એટલે કે એકાદ વર્ષની અંદર થવા સંભવ છે. આ પહેલાં સાડાત્રણ વર્ષમાં ઈઝરાયલી લોકો પણ, ખ્રિસ્ત વિરોધીની સાથે કરાર દ્વારા સુમેળમાં હોઈને, પોતાના વતનમાં 'નિરાંત' અને "નિર્ભયપણે" રહેતા હશે, એ વાત પણ બંધબેસતી આવે છે.

સાત વર્ષના ગાળાનો પાછલો અર્ધો કાળ રશિયાઈ આક્રમણ માટે બંધબેસતો આવે જ નહિ, કારણ, ખ્રિસ્તવિરોધી એ સમયે તેમનો કટ્ટો દુશ્મન બની ગયો હશે, અને તેમની ઉપર સતત વિપત્તિઓ લાધ્યા કરતો હશે, અને તેથી યહૂદીઓ નિર્ભય નહિ હોય

## ૭. પ્રભુ ઈસુનું પુનરાગમન અને બીજા આનુષાંગિક વિષયો

### ૧. *ખ્રિસ્તવિરોધી અથવા એન્ટીક્રાઈસ્ટ આવશે.*

ખ્રિસ્તવિરોધીના નામ ઉપરથી માલૂમ પડે છે કે તે ખ્રિસ્તવિરોધી હશે. યુરોપના ઈ.ઈ.સી. એટલે યુરોપિયન ઈકોનોમીક માર્કેટનાં દશ રાજ્યોમાંથી તે આવશે અને તે શેતાન તરફી માણસ હશે. તે મધ્યપ્રદેશમાં, ઈઝરાયલમાં અને દુનિયામાં શાંતિ લાવવાનો ઢોંગ કરશે. તે યરુશાલેમ જશે અને ત્યાંની ગાદી પોતાના હાથમાં લેશે અને યહૂદીઓની સાથે એક અઠવાડિયાનો કરાર કરશે. પણ અઠવાડિયાની વચ્ચે તે કરારનો ભંગ કરશે. અને યહૂદીઓ ઉપર ભારે સતાવણી લાવશે. તેના વખતમાં યરુશાલેમમાં મંદિર પણ બંધાઈ જશે. તે મંદિરના પવિત્રસ્થાનમાં પોતાની મૂર્તિ મુકાવશે. બાઇબલમાં એ મૂર્તિ વેષે કહેલું છે. "ઉજ્જડમાં અમંગળપણાની નિશાની" (માથ્થી ૨૪:૧૫)

**દાનિયેલ ૯:૨૭** "તે ઘણાંઓની સાથે એક અઠવાડિયા સુધીનો પાકો કરાર કરશે; અને એ અઠવાડિયાની અધવચમાં તે બલિદાન તથા અર્પણ બંધ કરાવશે. પછી ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર વેરાન સુધી વેરાન કરનાર આવશે; અને જે નિર્માણ થયેલું છે તે પૂરું થતા સુધી વેરાન કરનાર પર ક્રોધ રેડવામાં આવશે."

તે આખી દુનિયામાં ફરીને દુનિયાનાં લશ્કરોને યરુશાલેમની વિરુદ્ધ

અને ખ્રિસ્તની વિરુદ્ધ લડવા માટે યરુશાલેમમાં એકઠાં કરશે. અને તે પછી ત્યાં હારમાગેદોનનું યુદ્ધ થશે. (હાર-માગેદોનના યુદ્ધ વિષે મહાયુદ્ધના પ્રકરણમાં જુઓ)

આ ખ્રિસ્તવિરોધી અત્યારે દુનિયા પર જન્મી ચૂક્યો પણ હશે. એટલે યુગના અંતની આપણે ખૂબ નજદીક છીએ.

૨. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના સંતોને લેવા - જીવતાં તથા મૂએલાંને (ખ્રિસ્ત ઈસુમાં જીવતાં હોય તે અને ખ્રિસ્ત ઈસુમાં મરી ગયાં હોય તે) લેવા ગગનમાંથી ઉતરશે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંતો ગગનમાં ઊંચકાઈ જશે. અને તેઓ ગગનમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે રહેશે.

૩. સાડા ત્રણ વર્ષ પછી પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગગનમાં ગયેલા પોતાના સંતોની સાથે તેમજ દૂતોની ફોજ સાથે પૃથ્વી ઉપર યરુશાલેમમાં ઊતરશે.

**ઝખાર્યા ૧૪:૪ :** તે દિવસે તેના પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે.

૪. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઊતરીને દુનિયાની પ્રજાઓનો ન્યાય કરશે. તેઓએ દુઃખના સંબંધમાં યહૂદીઓ પ્રત્યે કેવો વર્તાવ કર્યો હતો તે બાબતે.

**માથ્થી ૨૫:૩૨ :** "અને સર્વ દેશજાતિઓ તેની આગળ એકઠી કરાશે; અને જેમ ઘેટાંપાળક ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે, તેમ તે તેઓને એકબીજાથી જુદાં પાડશે."

અને આગળ ૩૩થી ૩૯મી કલમ સુધીમાં તેને વિસ્તારથી દર્શાવ્યું છે.

૫. પ્રભુ ઈસુ ૧૦૦૦ વર્ષનું રાજ્ય સ્થાપશે અને તે યરુશાલેમમાં દાવિદની ગાદી ઉપર બેસશે અને ત્યાંથી ૧૦૦૦ વર્ષ સુધી આખી દુનિયા ઉપર રાજ્ય કરશે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત ૧૦૦૦ વર્ષનું રાજ્ય કરશે એટલે યુગનો અંત આવી લાગશે.

## ૮. રંજુ ગુમ થઈ ગઈ ! (પ્રભુ ઈસુના આવવાની વેળાએ)

રવિવારની સવાર હતી. રાજ અને એની પત્ની રંજુ, થોડીવાર પર જ સવારની ભક્તિસભામાં જઈને આવ્યાં હતાં. આમ તો રાજને મંદિર કે ઈશ્વરમાં કંઈ ખાસ રસ નહોતો.પણ રંજુના વારંવારના આગ્રહથી તે કોઈ

કોઈ વાર એની સાથે મંદિર જઈ આવતો. બાકી તો રવિવારે એ ભલો અને એની કલબ ભલી કે મિત્રોની મિજલસ ભલી !

મંદિરેથી આવીને રાજ રેડિયો પર મૂકેશનાં ગાયનો સાંભળતો આગલા ઓરડામાં બેઠો હતો. રંજુ વસ્ત્રો બદલવા અંદરના ઓરડામાં ગઈ હતી. એવામાં રેડિયો પ્રોગ્રામ એકાએક અટકી ગયો. "અમારો ચાલુ કાર્યક્રમ કારણસર બંધ કરવો પડે છે." રેડિયોના સમાચારદર્શકે જાહેર કર્યું. "કેટલાક ગંભીર સમાચાર રજૂ કરવાના છે." રાજ ખુરશી પાસે ખેંચીને ધ્યાનથી સાંભળવા લાગ્યો.

"હમણાં જ સમાચાર આવ્યાં," સમાચારદર્શકે ચાલુ રાખ્યું, 'ત્રણેક બસોના ડ્રાઈવરો ચાલતી બસે ગુમ થઈ ગયા છે. કેટલાંક પેસેન્જરો પણ અલોપ થઈ ગયાં છે, અને કંટ્રોલ વગરની બસો ઠેકાણે ઠેકાણે અથડાઈ પડી છે, અને કેટલાંયે માણસો એ અકસ્માતોને લીધે મરી ગયાં છે, અને કેટલાંયે ઘવાયાં છે. તેઓને હોસ્પિટલોમાં ખસેડવાની કાર્યવાહી ચાલી રહી છે. આ બધું શાને લઈને બન્યું તેનું કારણ જાણવા મળ્યું નથી. વધુ વિગતો જેમ જેમ આવતી જશે તેમ તેમ જણાવતા રહીશું."

રાજે છાપું હાથમાંથી ટેબલ પર મૂક્યું, અને બાજુની રૂમમાં ગયેલી રંજુને સંબોધીને કહેવા લાગ્યો, "રંજુ, સાંભળ તો ખરી ! ભારે નવાઈના સમાચાર! શું બન્યું હશે ?" પણ રંજુનો કોઈ પ્રત્યુત્તર આવ્યો નહિ. આથી રાજ ઊઠીને પાસેની જ રૂમ તરફ જવા લાગ્યો. એવામાં જ રેડિયો પર ફરી સમાચાર આવ્યા. એટલે એ ખુરસી પર પાછો બેઠો.

સમાચારદર્શકે ચાલુ રાખ્યું, "કેટલીક ઓટોરીક્ષાઓમાંથી પણ એમના ચાલકો અચાનક અદશ્ય થઈ ગયા છે. અને ચાલક વિનાની આ રીક્ષાઓએ ઠીક ઠીક અકસ્માતો સર્જ્યા છે"

"હમણાં જ સમાચાર આવ્યા કે, વલસાડ તરફથી આવતી ગુજરાત ક્વીન નડિયાદથી આ તરફ નીકળી ચૂકી હતી. એવામાં તેનો ડી સીલ્વા નામનો ડ્રાઈવર અને રિચર્ડ નામનો ગાર્ડ બંને અચાનક ચાલતી ટ્રેને અદસ્ય થઈ ગયા છે. ટ્રેનના મદદનીશે સ્વીચ દાબીને ગાડીને થોભાવી દીધી હતી. કેટલાક મુસાફરો પણ ગુમ થઈ ગયાની વાત બહાર આવી છે. એને લીધે પેસેન્જરોમાં ઠીક ઠીક ઉહાપોહ જાગ્યો હતો."

"સમાચાર પર સમાચાર આવ્યે જ જાય છે," સમાચાર દર્શકે વિસ્ફારિત

અવાજે કહ્યું. "દેશભરમાં કેટલીક ટ્રેનોને આવું જ થયું છે. ટી. ડબલ્યુ એ.એર લાઈન્સનું ન્યુયોર્કથી આવતું વિમાન ફ્લાઈટ નં. ૧૧૧, નિયુક્ત સમય કરતાં ખૂબ મોડું મુંબઈ આવ્યું. વિમાન ૩૦,૦૦૦ ફૂટ ઊંચે ઉડ્ડયન કરતું હતું તેવામાં એનો પાઈલટ, એર હોસ્ટેસ (પરિચારિકા) અને કેટલોક પેસેન્જરો અચાનક ગુમ થયા છે. મદદનીશ ચાલકે કેટલીક તકલીફ પછી વિમાનને મુંબઈ એરપોર્ટ પર ઉતાર્યું છે. આવનાર એર ઈન્ડિયા ફ્લાઈટના હજી કંઈ સમાચાર નથી."

"મુંબઈ-પૂણે વચ્ચેના ધોરી માર્ગ પર ચાલક વગરની કેટલીયે ટુરીસ્ટ ગાડીઓ એકબીજા સાથે અથડાઈ પડી છે, અને રસ્તો જામ થઈ ગયો છે. આ બધા મોટરમાલિકો કે હાંકનાર ડ્રાઈવરોનું અચાનક શું થયું ? ક્યાં ગયા? એ વિષે કંઈ ખબર પડતી નથી. દેશભરમાં શહેરે શહેર અને ગામે ગામ થયેલા આવા અકસ્માતોથી જાહેર જનતા અને અધિકારીઓ ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા છે."

રાજ સાંભળવામાં તલ્લીન બની ગયો હતો. એવામાં બારણાની ઘંટડી રણકી. રાજે ઉઘાડયું, તો પડોશમાંથી મિ. પીટર્સ હાંફળા હાંફળા ધસી આવ્યા અને પૂછવા લાગ્યા, "અમારો જીતુ અહીં આવ્યો છે ? ક્યારનો શોધીએ છીએ પણ દેખાતો નથી. જીતુ ચર્ચમાંથી છૂટીને ઘેર આવ્યો, અને પાણી પીવા રસોડામાં ગયો. પછી દેખાયો જ નહિ. એનાં પહેરેલાં વસ્ત્રોનો ઢગલો પડયો છે, પણ જીતુ દેખાતો જ નથી. મંગળવારે તો એનાં લગ્ન લેવાનાં છે."

"કદાચ એની ભાવિ પત્ની શોભનાને મળવા તો નહિ ગયો હોય ?" રાજે કહ્યું, "ત્યાં તપાસ કરી ?"

"હા, ત્યાં ફોન કર્યો તો શોભનાએ જ જવાબ વાળ્યો કે ચર્ચમાં ગયા હશે એટલે આજે તો હજી અહીં આવ્યા જ નથી," એમ કહી પિટર્સ ત્યાંથી બીજે તપાસ કરવા નીકળી ગયા.

એવામાં રાજના પરમ સ્નેહી શ્રી. મસિહચરણ ઝડપથી આવ્યા. પડોશમાં આવેલી મિસ્પાહ ક્રિશ્ચિયન સોસાયટીમાં એ રહેતા હતા. આવ્યા એવા જ હંમેશની રીતે પ્રમાણે શબ્દોનો ધોધ વહેતો મૂક્યો,

"સાંભળ્યું ? હમણાં જ રેડિયો પર આવ્યું, બી.બી.સી., વોઈસ ઓફ અમેરિકા,સોવિયેત સમાચાર સંસ્થા તાસ વગેરે બ્રોડ કાસ્ટીંગ સંસ્થાઓ પરથી સંદેશા પર સંદેશા આવે જ જાય છે. અમેરિકામાં, યૂરોપમાં અને ઘણા બધા

દેશોમાં હજારો માણસો ઓચિંતાં અલોપ થઈ ગયાં છે. વાહન વ્યવહાર ખોટકાઈ પડયો છે. રસ્તાઓ પર હજારો મોટરો અથડાઈ અથડાઈને ભંગારના ખડકલા ખડકાયા છે ધોરી માર્ગ પણ આવા ભંગારને લીધે બંધ પડયા છે. શહેરી ટેલિફોન ઓફિસોમાં ફરજ પરના સેંકડો કર્મચારીઓ ગુમ થવાથી ટેલિફોન વ્યવહાર પણ કપાઈ ગયો છે. પાવર હાઉસોમાંથી પણ કંઈ કેટલાયે કર્મચારીઓ ગુમ થવાની ઠેકાણે ઠેકાણે વીજળિક પ્રવાહ ભંગાણ થયાં છે."

"ભારે તાજુબીભર્યા સમાચાર ! આ બધું શું બની રહ્યું છે ?" રાજે કહ્યું, અને રસોડા તરફ નજર કરી રંજુને હાંક મારી, "રંજુ એ રંજુ જરા બે પ્યાલા સરસ મઝાની ચા બનાવી લાવ ને, આપણા સ્નેહી મસિહચરણ આવ્યા છે."

પણ રંજુનો અવાજ ન આવતાં રાજ રસોડામાં ગયો. પણ રંજુ ત્યાં નહોતી. અંદરના ઓરડામાં ગયો ત્યાંએ રંજુ નહોતી. બહાર કિચન-ગાર્ડનમાં તપાસ કરી, પણ રંજુ મળે જ શાની ! રસોડાના વંરડામાં જોયું તો રંજુએ પહેરેલાં વસ્ત્રોની ઢગલી પડી હતી. બેબાકળા બનેલા રાજે રંજુના ભાઈ બિજુ પર ફોન કર્યો.

રંજુનાં ભાઈ-ભાભી, બિજુ અને બિંદા, તેમ જ તેમની બેબી રીટા અહીંથી પચાસેક ડગલાં છેટે રહેતાં હતાં. બિંદાને દશેક દિવસ પર અકસ્માત નડયો હતો. અને એનો પગ ભાંગી ગયો હતો, તેથી પ્લાસ્ટર કાસ્ટમાં તેનો પગ મૂક્યો હતો,અને તે પથારીવશ હતી.

રાજે બિજુને ફોન પર જણાવ્યું, "રંજુ દેવળમાંથી આવ્યા પછી ક્યાં યે દેખાતી નથી. શક્ય સ્થળોએ શોધ કરી, પણ પત્તો નથી. ત્યાં બિંદા બહેનને મળવા તો નથી આવી ને ?"

બિજુએ ફોન પર કહ્યું, "ના, રંજુ અહીં નથી આવી. બહાર નીકળતાં મેં બારણે મારેલું તાળું એમનું એમ જ હતું. મેં જ આવીને ઉઘાડયું. બિંદા તો પથારીમાં જ હોય છે. હું રીટાને સન્ડે સ્કૂલમાંથી લેવા ચર્ચ પર ગયો હતો. પણ ત્યાં તો બહુ નવાઈની વાત બની છે. રીટા ત્યાં છે જ નહિ. સન્ડે સ્કૂલનાં અર્ધાં જેટલાં બાળકો ચાલતા વર્ગોમાંથી અચાનક અલોપ થઈ ગયાં છે. અને એમનાં વસ્ત્રો અને ગીત-બાઈબલ પડી રહ્યાં છે. લેવા આવેલાં કેટલાંક માબાપો તો પોતાનાં બાળકો ન મળતાં ખૂબ ગુસ્સે થઈ ગયાં છે, અને પાસ્ટર સાહેબ સાથે ઝગડે છે. સન્ડે સ્કૂલના કેટલાંક શિક્ષકો પણ ઓચિંતા અદ્રશ્ય થઈ ગયા છે. તેઓ અદ્રશ્ય થયા એવામાં જ કહે છે કે કેટલાકે તેમને બધાને

બોલતાં સાંભળેલા કે, "એ છેલ્લું રણશિંગું વાગ્યું ! એ ગર્જના થઈ. ઈસુ આવ્યા." ખુદ પાસ્ટર સાહેબનાં પત્ની અને તેમનો નાનો દીકરો પણ ગાયબ થઈ ગયાં છે."

"અને હું ત્યાં ઊભો હતો એટલામાં જ કબ્રસ્તાનના પગીની સ્ત્રી દોડતી આવી, અને પાસ્ટર સાહેબને કહેવા લાગી કે "આશરે દશેકના સુમારે ઓચિંતી કેટલીયે કબરોમાં ફાટ પડી ગઈ છે, કેટલીક ઊઘડી ગઈ છે. કોણ જાણે શું થયું ! આ જુઓને, પાસ્ટર સાહેબ, મારા વર દેવળેથી આવીને કબ્રસ્તાનની ઓતરાતી દીવાલ પાસે બાગમાં ગોડ કરતા હતા, અને કોણ જાણે એકાએક અલોપ થઈ ગયા. એમના હાથમાંની કોદાળી અને એમનો લેંઘો ત્યાં જ પડયાં રહ્યાં છે. હું જોતી હતી એવામાં જ એ ગાયબ થઈ ગયા. ક્યાં ઊડી ગયા, શું થયું, એ ખબરેય ના પડી. હા, એ એટલું જ બોલેલા કે "હાલેલૂયા, એ છેલ્લું રણશિંગડું વાગ્યું ! વરરાજા આવ્યા !"

"રાજ, કોણ જાણે શું બની રહ્યું છે ?" ફોન પર બિજુ બોલી રહ્યો હતો, રીટા નથી મળતી એટલે હું તો ખૂબ ચિંતામાં પડી ગયો છું.. અરે ! ઓ બાપરે.. બિંદાની પથારી પણ ખાલી પડી છે ને ! બિંદાનું શું થયું ! પથારીમાં તો નથી ! એના પગનું પ્લાસ્ટરકાસ્ટ અને એનાં વસ્ત્રો પથારી પર જ પડેલાં..." એવામાં ફોન કપાઈ ગયો.

રાજ તો અવાક બની ગયો ! હવે શું કરવું તે ય સૂઝે નહિ. સોફા પર રંજુનું બાઈબલ પડયું હતું. બેધ્યાનમાં એ ઉપાડીને જોવા લાગ્યો. પત્તું મૂક્યું હતું ત્યાં ખોલ્યું તો કેટલીક કલમો પર રંજુએ જાડી જાડી લાલ લીટી મારી હતી. એ કલમોના શબ્દો નીચે પ્રમાણે હતા :

"જુઓ, હું તમને એક રહસ્ય કહું છું : આપણે સર્વ ઊંઘીશું નહિ, પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ એક ક્ષણમાં, આંખના પલકારામાં આપણ સર્વનું રૂપાંતર થઈ જશે. (૧ કોરિંથી ૧૫:૫૧, ૫૨). આ કલમો સામે હાંસિયામાં રંજુએ લખ્યું હતું, "જુઓ ૧ થેસ્સા. ૪:૧૬, ૧૭" રાજે એ કલમો કાઢી ત્યાં પણ જાડી લાલ લીટી કરેલી હતી. એ કલમો રાજે વાંચી : "કેમ કે પ્રભુ પોતે ગર્જના સહિત, પ્રમુખ દૂતની વાણી સહિત આકાશમાંથી ઊતરશે; અને ખ્રિસ્તમાં જેઓ મૃત્યુ પામેલા છે તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંના જેઓ જીવતાં રહેનારાં છીએ તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળામાં તણાઈ જઈશું, અને એમ સદા પ્રભુની સાથે રહીશું."

એની સામે હાંસિયામાં રંજુએ લખ્યું હતું : "જુઓ, પ્રકટીકરણ ૨૦.૪બ, ૫, ૬ રાજે એ જગા કાઢી. ત્યાં પણ રંજુએ લાલ પેનથી જાડી લીટી મારી હતી. એ કલમોમાં આમ હતું :"

"તેઓ જીવતા થયા, અને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું : મૃત્યુ પામેલામાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ, એ જ પહેલું પુનરુત્થાન છે. પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તેને ધન્ય છે તથા પવિત્ર છે. એવાઓ પર બીજા મરણનો અધિકાર નથી; પણ તેઓ દેવના તથા ખ્રિસ્તના યાજક થશે, અને તેની સાથે હજાર વર્ષ રાજ કરશે."

એ વાંચ્યા પછી તો રાજ પોશ પોશ આંસુએ રડયો. એ દિવસે તો એણે ખાધું જ નહિ અને ડૂસકાં ભરતો ભરતો જ ઊંઘી ગયો.

ઉપરની બીનાને મહિનો એક થવા આવ્યો છે. શરૂ શરૂના દિવસોમાં તો તેઓ પર અને અખબારોના મથાળે આ જ સમાચારો અને એને લગતી વાતો જ ચમકયા કરતી હતી. છાપાં અને સામયિકોમાં "આ શું બન્યું હશે ?" કેમ બન્યું હશે ? એ વિષયો પર જ પાનાં ભરાતાં. હવે બધું ઠંડું પડી ગયું છે. દુનિયા રાબેતા મુજબ પાછી હવે ચાલતી થઈ ગઈ છે.

આજે રવિવાર છે. રાજ કલબમાં મિત્રો સાથે પાનાં રમતો બેઠો છે. એવામાં એનો દોસ્ત મસિહચરણ આવ્યો, અને કહેવા લાગ્યો, "રાજ તું કહ્યા કરે છે કે ઈસુ ખ્રિસ્ત સ્વર્ગથી ઊતર્યા, અને એમના લોકો એમને મળવાને ગગનમાં તણાઈ ગયા. પણ એ બધું જૂઠું છે. અમારી મિસ્પાહ ક્રિશ્ચિયન સોસાયટીમાંથી તો કોઈ જ નહિ, એક કહેતાં એક વ્યક્તિ પણ ગુમ થઈ નથી. એવું જ અમારી પાસેની શાલેમ થીઓલોજીકલ સેમિનરીમાં સૌ કોઈ અકબંધ છે. કોઈ ખોવાયું નથી. ઈસુ આવ્યા જ હોય તો એ બધાં ઉપર ચઢી ના ગયાં હોત ?" "વળી લે, આ વાંચ અમેરિકન, રશિયન અને અનેક બીજા પ્રખર સાયન્ટીસ્ટોનાં લખાણો, તેમના અભિપ્રાયો, જો લે. આ રશિયન એસ્ટ્રોનો અને મહાન સાયન્ટીસ્ટ મોલોટોવ કોર્લોવનો અભિપ્રાય વાંચ :

**લાગે છે કે અવકાશના કોઈ ગ્રહમાંથી પ્રકાશના ઝગારા મારતી અગણિત ઊડતી રકાબીઓ એ દિવસોમાં પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશી હતી. તેમણે કેટલાંક ભારે ચુંબકીય યંત્રો ચલાવ્યાં હતાં. અને એને કારણે અમુક રાસાયણિક**

**ખાસિયતો ધરાવતી વ્યક્તિઓ પૃથ્વીનાં ગુરુત્વાકર્ષણના પટમાંથી ઉપરખેંચાઈ ગઈ હતી. મૂળે એ બાબત...**

"અને લે, આ વાંચ, અમેરિકાના વિશ્વવિખ્યાત ખગોળવિદ્ ડો. જોન્સ સ્મીટલનું મંતવ્ય :"

**વિશ્વમંડળમાં બ્રહ્માંડના ક્ષિતિજ પરની કોઈ નેબ્યુલા (નિહારિકા-કરોડો જોજન દૂરના તારાસમૂહની પ્રકાશ ગંગા) ફરતી ફરતી કોઈ અગમ્ય કારણે આપણા સૂર્ય-મંડળની ઠીક ઠીક નજદીક આવી ગઈ હતી, અને એનાં કેટલાંક પ્રગાઢ ચુંબકીય તત્ત્વોથી અમુક રાસાયણિક વિશિષ્ઠતા ધરાવતાં પૃથ્વીનાં માનવોએ નેબ્યુલામાં ઉપર ખેંચાઈ ગયા છે. સંભવ છે કે..**

એ બધા ખુલાસા માનવી મગજે ઉપજાવી કાઢેલા ખુલાસા છે, તે સાચા નથી. સાચી વાત તો બાઇબલમાં એ છે કે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાછા આવશે ત્યારે પોતાના લોકોને પોતાની પાસે ખેંચી લેશે. આ બાઇબલ પ્રમાણે બન્યું છે. પ્રભુના લોકો પ્રભુની પાસે ઊંચકાઈ ગયા છે.

૧૨ (ત્યારપછી) આકાશમાં મોટું ચિહ્ન જોવામાં આવ્યું; એટલે સૂર્યથી
વેષ્ટિત એક સ્ત્રી (જોવામાં આવી), તેના પગ તળે ચંદ્ર ને તેના
માથા પર બાર તારાનો મુગટ હતો. ૨તે ગર્ભવતી હતી;તેને પ્રસવવેદના થતી
હતી, અને તેની પીડાને લીધે તે બૂમ પાડતી હતી. ૩વળી આકાશમાં બીજું
એક ચિહ્ન પણ જોવામાં આવ્યું; જુઓ, મોટો લાલ અજગર હતો, તેને સાત
માથાં ને દશ શિંગડા હતાં; અને તેનાં માથા પર સાત મુગટ હતા. ૪તેના
પૂંછડાએ આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા;
અને જે સ્ત્રીને પ્રસવ થવાનો હતો, તેને જ્યાંરે પ્રસવ થાય ત્યારે તેના બાળકને
ખાઈ જવા માટે તે (અજગર) તેની આગળ ઊભો રહ્યો હતો. ૫તેને પુત્ર,
નરબાળક, અવતર્યો, એ સર્વદેશના લોકો પર લોઢાના દંડથી રાજ કરશે;
તેના બાળકને ઊંચકીને દેવ પાસે તથા તેના રાજ્યાસન પાસે લઈ જવામાં
આવ્યો. ૬અને તે સ્ત્રી અરણ્યમાં નાસી ગઈ, ત્યાં દેવે તેને સારુ, બારસો
સાઠ દિવસ સુધી તેનું પોષણ થાય એવું એક સ્થળ તૈયાર કરી રાખ્યું છે.

૭પછી આકાશમાં લડાઈ જાગી; મિખાયેલ તથા તેના દૂતો અજગરની
સાથે લડયા; અને અજગર તથા તેના દૂતો પણ લડયા; ૮તોપણ તેઓ તેમને
જીત્યા નહિ, ને તેઓને આકાશમાં ફરી સ્થાન મળ્યું નહિ. ૯તે મોટા અજગરને
બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન

કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો; અને તેની સાથે તેના દૂતોને પણ નાખી દેવામાં આવ્યા. [૧૦]ત્યારે આકાશમાં મેં મોટી વાણી બોલતી સાંભળી કે, હવે તારણ, પરાક્રમ, અમારા દેવનું રાજ્ય તથા તેના ખ્રિસ્તનો અધિકાર આવ્યાં છે, કેમ કે અમારા ભાઈઓ પર દોષ મૂકનાર, જે અમારા દેવની આગળ રાતદહાડો તેઓના પર દોષ મૂકે છે, તેને નીચે ફેંકવામાં આવ્યો છે. [૧૧]તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને જીત્યો છે; અને છેક મરતાં સુધી તેઓએ પોતાના જીવને વહાલો ગણ્યો નહિ. [૧૨]એ માટે, ઓ આકાશો તથા તેઓમાં રહેનારાંઓ, તમે આનંદ કરો. પૃથ્વીને તથા સમુદ્રને અફસોસ ! કેમ કે શેતાન તમારી પાસે ઊતરી આવ્યો છે, ને તે ઘણો કોપાયમાન થયો છે, કેમ કે તે જાણે છે કે હવે મારે માટે થોડાં જ વખત રહેલો છે.

[૧૩]જ્યારે અજગરે જોયું કે મને પૃથ્વી પર ફેંકવામાં આવ્યો છે, ત્યારે જે સ્ત્રીને નરબાળક અવતર્યો હતો તેને તેણે સતાવી. [૧૪]તે સ્ત્રીને મોટા ગરૂડની બે પાંખો આપવામાં આવી કે, જેથી તે સાપની (નજર) આગળથી અરણ્યમાં પોતાને (નીમેલ) ઠેકાણે ઊડી જાય, અને ત્યાં સમય તથા સમયો તથા અર્ધા સમય સુધી તેનું પ્રતિપાલન કરવામાં આવે છે. [૧૫]ત્યારે સાપે તે સ્ત્રીની પાછળ પોતાના મોંમાથી નદીના જેવો પાણીનો પ્રવાહ છોડી મૂક્યો કે, તેના પૂરથી તે તણાઈ જાય. પણ પૃથ્વીએ તે સ્ત્રીને સહાય કરી, એટલે તે પોતાનું મોં ઉઘાડીને અજગરે પોતાના મોંમાંથી છોડી મૂકેલી નદીને પી ગઈ. [૧૭]ત્યારે અજગર તે સ્ત્રી પર ગુસ્સે થયો, અને તેનાં બાકીનાં સંતાન, એટલે જેઓ દેવની આજ્ઞા પાળે છે, અને ઈસુની સાક્ષીને વળગી રહે છે, તેઓની સાથે લડવાને તે ચાલી નીકળ્યો; અને તે સમુદ્રની રેતી પર ઊભો રહ્યો.

## ૯. પ્રકટીકરણ ૧૨:૧-૧૭

સૂર્યથી વેષ્ટિત સ્ત્રી તે યહૂદી પ્રજા છે. અને તેને અવતરનાર બાળક તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. દુનિયાનું તારણ ન થાય માટે શેતાન નર બાળકને ગળી જવા માગતો હતો અને તે સ્વર્ગમાં ઊંચકી લેવાયો. અજગર તે શેતાન છે તેને આકાશમાંથી પૃથ્વી પર ફેંકી દેવામાં આવ્યો છે.

કલમ ૧૩માં આપ્યું છે કે, તે સ્ત્રીને એટલે યહૂદી પ્રજાને બચાવવાને ખાતર પ્રભુ તેને ૧૨૬૦ દિવસ અને સાડા ત્રણ વરસ સુધી કાળ, કાળો અને

અડધા કાળ સુધી એટલે કે ૧૨૬૦ દિવસ સુધી તેને એટલે યહૂદી પ્રજાને પ્રભુ ઈસુ પરદેશમાં લઈ જશે. ગરૂડની પેઠે પરદેશના વિમાનમાં લઈ જશે. આ બીજો દેશ જે યહૂદી પ્રજાને લઈ જવામાં આવશે તે પેતરામાં કોઈપણ માણસ કે અન્ય જઈ શકે નહિ એવો આ દુર્ગમ પ્રદેશ છે. એટલે જ ઈઝરાયલી પ્રજાને વિમાનોમાં લઈ જવામાં આવી. આ પેતરા દેશ તે દુર્ગમાં ઊંચા ઊંચા પર્વતોમાં આવેલો છે. એ આ શાસ્ત્રપાઠ પ્રમાણે ઇઝરાયેલ પ્રજાને થોડા સમયમાં પાલેસ્ટાઈનની બહાર પેતરામાં લઈ જવામાં આવશે. ત્યાં પ્રભુ ઇઝરાયેલ પ્રજાનું રક્ષણ કરશે અને તેને પોષણ પૂરું પાડશે એ ૧૨૬૦ દિવસ પછીથી ઇઝરાયેલ પ્રજાને પાછી પ્રભુ ઇઝરાયેલમાં લાવશે અને એ પછી આખી ઇઝરાયેલ પ્રજા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરશે. એકેએક યહૂદી ખ્રિસ્તી બનશે. કોઈપણ, એકેય બાકી રહેશે નહીં.

# પ્રકરણ-૧૩

# પ્રભુ ઈસુ ખ્રિસ્તનું યરુશાલેમની ગાદી પરથી સહસ્રાબ્દી રાજ્ય

પ્રભુ ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પર ઉતરાણ પછી આ એક હજાર વર્ષનું રાજ્ય થશે. **પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનના બે તબક્કા છે.**

૧. પ્રથમ વખત પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના લોકોને લેવા માટે ગગનમાં ઊતરશે અને પોતાના લોકોને ઉપર સ્વર્ગમાં ઊંચકી લેશે. જેને માટે ગગનગમન શબ્દ વાપરવામાં આવ્યો છે. પ્રભુ ઈસુના પાછા આવવાનો આ પહેલો તબક્કો છે.

૨. પ્રભુના પુનરાગમનનો બીજો તબક્કો ગગનગમનના તબક્કા બાદ સાડા ત્રણ વર્ષ પછી પ્રભુ ઈસુ ખ્રિસ્ત યરુશાલેમ પાસે જૈતુન પહાડ પર ઊતરશે (ઝખાર્યાહ ૧૪:૧-૪)

"જો યહોવાનો એક એવો દિવસ આવે છે કે જ્યારે તારી લૂંટ તારી મધ્યે વહેંચવામાં આવશે. કેમ કે હું સર્વ પ્રજાઓને યરુશાલેમની સામે યુદ્ધ કરવાને એકઠી કરીશ; અને તે નગર સર કરવામાં આવશે, ઘરો લૂંટવામાં આવશે, ને સ્ત્રીઓની આબરૂ લેવામાં આવશે; અડધું નગર ગુલામગીરીમાં જશે, પણ બાકીના લોકોને નગરમાંથી કાઢી નાખવામાં આવશે નહિ. ત્યારપછી યહોવા જેમ પોતે યુદ્ધને દિવસે લડયો હતો તેમ તે પ્રજાઓની સામે થઈને લડશે. તે દિવસે તેના પગ યરુશાલેમની પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે."

પુનરાગમનના આ તબક્કાને પ્રકટીકરણ કહે છે. અને આ ગાળા દરમ્યાન તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત ૧૦૦૦ વર્ષનું રાજ કરશે. એ યરુશાલેમના દાવિદની ગાદી પર બેસશે અને આ ૧૦૦૦ વર્ષનું રાજ્ય આખી દુનિયા ઉપર કરશે.

**ઝખાર્યા ૧૪:૯ અને ૧૬ :** ઝખાર્યા ૧૪:૯ "યહોવા આખી પૃથ્વી ઉપર

રાજા થશે તે દિવસે યહોવા એક જ મનાશે ને તેનું નામ એક જ હશે." ઝખાર્યા ૧૪:૧૬ "યરુશાલેમ સામે ચઢી આવેલી સર્વ પ્રજાઓમાંનો બચી ગયેલો દરેક માણસ રાજાની, એટલે સૈન્યોના દેવ યહોવાની આરાધના કરવા, તથા માંડવાપર્વ પાળવા વર્ષોવર્ષ જશે."

## ૧. પ્રભુ ઈસુનું ૧૦૦૦ વર્ષનું રાજ્ય
## પૃથ્વી ઉપર પ્રભુ ઈસુનું એક હજાર વર્ષનું રાજ્ય કેવું હશે ?

પૃથ્વી ઉપર પ્રભુ ઈસુના એક હજાર વર્ષના રાજ્યમાં અત્યારની જેમ બીજી પ્રજાઓ વસી હશે તો શું એ બીજી પ્રજાઓ પ્રભુ ઈસુને ઓળખશે કે નહિ ? તેમનો સ્વીકાર કરશે કે નહિ ! પ્રભુ ઈસુ કેવી રીતે રાજ કરશે ?

ગગનગમન સમયે મંડળી ગગનમાં ઊંચકાઈ ગઈ હશે. સાત વર્ષ પછી પ્રાકટ્ય સમયે પ્રભુ ઈસુ મંડળી સાથે પૃથ્વી ઉપર જૈતુન પહાડ પર ઉતરશે (ઝખા. ૧૪:૪). ખ્રિસ્ત વિરોધીનો નાશ કરશે, શેતાનને એક હજાર વર્ષ માટે બાંધવામાં આવશે. (પ્રકટી. ૨૦:૧-૩, ૭), પછી જીવંત પ્રજાઓનો તે નાશ કરશે (માથ્થી ૨૫:૩૧-૪૬; યોએલ ૩:૨, ૧૨). એ પછી એમાંની ઘેટાં પ્રજાઓ તેમ જ બચેલી શેષ યહૂદી પ્રજા ઉપર પ્રભુ ઈસુ એક હજાર વર્ષ માટે યરુશાલેમમાંથી રાજ્ય કરશે. (પ્રકટી. ૫:૧૦, ૨૦:૪૬, ૨૨:૫, ૧ કોરિંથી ૪:૮, ૨ તિમોથી ૨:૧૨).

જેમ રૂપાંતરના પહાડ ઉપર ત્રણ પ્રકારના લોક હતા, તેમ એક હજાર વર્ષના રાજ્યમાં પણ ત્રણ પ્રકારના લોક હશે. રૂપાંતરના પહાડ પર (૧) પૃથ્વી પરના લોક : પિતર, યાકોબ અને યોહાન; (૨) સ્વર્ગથી આવેલા મોશે તથા એલિયા અને (૩) પ્રભુ ઈસુ.

એમ જ એક હજાર વર્ષના રાજ્યમાં પણ (૧) પૃથ્વી પરના લોક; યહૂદીઓ અને ઘેટાં પ્રજાઓ; (૨) સ્વર્ગથી ઊતરેલી મંડળી; અને (૩) પ્રભુ ઈસુ. રૂપાંતરના પહાડ પરનું નાનું મંડળ તે એક હજાર વર્ષના રાજ્યનું 'મીની' સ્વરૂપ ગણાય છે. પ્રભુ ઈસુ દુનિયાની પ્રજાઓ પર લોઢાના દંડથી અધિકાર ચલાવશે. (પ્રકટી. ૧૯:૧૫). બધા જ યહૂદીઓએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હશે. (ઝખા. ૧૨:૧૦-૧૪). બાકીની પ્રજાઓ પણ ખ્રિસ્તને આધીન રહેશે. શેતાન તો બાંધેલો હશે, એટલે પરીક્ષણમાં નાખનાર કોઈ નહિ હોય, પણ

કેટલાંક માણસો પોતાના મનમાં જે વાસના (જૂનું માણસપણું) હશે તેને લઈને પાપ કરશે. અને પાપ કરશે તેઓ અનાન્યા અને સાફિરા જેમ તત્કાલ મરશે. પણ માણસોનું આયુષ્ય ઝાડના જેવું લાંબું થયેલું હશે (યશાયા ૬૫:૨૦-૨૨; ઝખા ૮:૪). એટલે બાલ્યકાળ કે બાળકના જેવી નિર્દોષ અવસ્થા એકસો વર્ષની થશે. એ પછી જ વ્યક્તિ પોતાના પાપ માટે જવાબદાર ગણાશે. (યશા. ૬૫:૧૯-૨૩).

આ ૧૦૦૦ વર્ષ દરમિયાન યુદ્ધ થશે નહિ. (મિખા. ૪:૩, ૪, યશા. ૨:૪). પ્રાણીઓનો હિંસક સ્વભાવ મટી જશે. (યશા. ૧૧:૬-૯; ૬૫:૨૫).

પણ જેમ બીજા બધા જમાનાઓ નિષ્ફળતામાં પરિણમ્યા, તેમ આ ૧૦૦૦ વર્ષનો જમાનો પણ નિષ્ફળ નીવડશે. આ સહસ્રાબ્દી રાજ્ય પછી શેતાનને છૂટો કરવામાં આવશે, ત્યારે તે પૃથ્વી પર બધે ફરીને લોકોને તથા પ્રજાઓને ભમાવશે, અને તેઓ પ્રભુ ઈસુની સામે લડવા નીકળી આવશે, એટલે પ્રભુ ઈસુ શેતાનને અગ્નિખાઈમાં સદાકાળ માટે નાખી દેશે. (પ્રકટી. ૨૦:૭-૧૦). અને પાપને કાયમ માટે દૂર કરવા તે હાલનાં આકાશ અને પૃથ્વીને બાળી નાખશે. (૨ પિતર ૩:૭, પ્રકટી. ૨૦:૧૧), અને પાપીઓ અથવા અધર્મીઓનો ન્યાય કરી તેમને અનંતકાળ માટે અગ્નિખાઈમાં નાખી દેશે. (પ્રકટી. ૨૦:૧૧-૧૫). અને નવા આકાશ તથા નવી પૃથ્વી બનાવશે. (પ્રકટી. ૨૧:૧).

## ૨. પ્રભુ ઈસુનું ૧૦૦૦ વર્ષનું રાજ્ય અને પછી બનતી બિનાઓ - સાતમો જમાનો - સહસ્રાબ્દી રાજ્યનો જમાનો

### *પ્રજાઓનો ન્યાય થયા પછી નવા યરુશાલેમ સુધી*

**પ્રજાઓનો (અથવા દેશજાતિઓનો) ન્યાયકાળ:** (માથ્થી ૨૫:૩૧-૪૬; યોએલ ૩:૧૧-૧૬). પ્રભુ ઈસુ પોતાના સંતોની તેમ જ દૂતોની સાથે પૃથ્વી પર યરુશાલેમમાં ઉતરશે (ઝખા. ૧૪:૪). એ પછી આ ન્યાયકાળ થશે, એટલે કે તેમના પ્રાગટ્ય પછી આ ન્યાય થશે. આ ન્યાયકાળ મૃત્યુમાંથી ઊઠેલાં કોઈ માણસનો નથી, પણ એ સમયે જે જીવંત પ્રજાઓ કે દેશજાતિઓ પૃથ્વી પર વસતી હશે, તેઓનો ન્યાય પ્રભુ ઈસુ પોતાના મહિમાના રાજ્યાસને બેસીને કરશે.

**'બકરાં પ્રજાઓનો'** નાશ થશે, અને **"ઘેટાં પ્રજાઓ"**ને **સહસ્ત્રાબ્દી** રાજ્યમાં લેવામાં આવશે. તેઓને પ્રભુ ઈસુ કહેશે, "મારા પિતાના આશીર્વાદિતો, આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા સિવાય તમારે માટે તૈયાર કરેલું છે તેનો વારસો લો...." (માથ્થી ૨૫:૩૪).

**'દેશ જાતિઓ'** શબ્દ માટે મૂળ ગ્રીક ભાષામાં **'એથનોસ'** શબ્દ નવા કરારમાં વપરાયો છે. નવા કરારમાં એ શબ્દનો ૧૫૮ વાર વપરાશ થયો છે. એમાંથી ૯૨ વખત એનો તરજુમો 'વિદેશીઓ' કર્યો છે, ૬૧ વખત 'પ્રજા', 'પ્રજાઓ' કે 'દેશજાતિઓ' કરવામાં આવ્યો છે, અને પાંચ વખત 'વિધર્મીઓ' કરવામાં આવ્યો છે. પણ એકેય જગાએ એને 'મૂએલાં' તરીકે કે 'પુનરુત્થાન પામેલાં' તરીકે કરવામાં આવ્યો નથી. આ તો તે વખતે હયાતી ધરાવનારી પ્રજાઓનો ન્યાય છે.

**"તારું રાજ્ય આવો"** અનેક સૈકાંના જુદા જુદા સંતોની પ્રાર્થનાઓ આખરે ફળી કે, "તારું રાજ્ય આવો." હવે સ્ત્રીના સંતાને સર્પના શિરને છૂંદી નાખ્યું છે. પૃથ્વીનું આધિપત્ય પચાવી પાડનાર ખ્રિસ્તવિરોધીનો નાશ કરવામાં આવ્યો છે, અને તેના પ્રેરક શેતાનને એક હજાર વર્ષ માટે સાંકળે બાંધી રાખવામાં આવ્યો છે. અને પૃથ્વીનો અધિકાર એના ખરા રાજા, દાવિદપુત્ર ઈસુ ખ્રિસ્તની કાંધ પર છે. કાંટાથી ખરડાયેલા શિર ઉપર હવે સુવર્ણ મુગટ શોભે છે. ખીલાથી વીંધાયલા પગો હવે સુવર્ણ તખ્તાસનના પાયાસને છે. ખીલાથી વીંધાયલા હાથો વડે રત્નોજડિત સુવર્ણ રાજદંડ ધરે છે. આ જગતનાં રાજ્યો હવે આપણા પ્રભુ ખ્રિસ્તનાં થયાં છે. હવે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે તે સદાસર્વદા રાજ્ય કરશે. હાલ તો યરુશાલેમથી તે આખી પૃથ્વી પર એક હજાર વર્ષનું રાજ્ય કરશે. આ છે **"સહસ્રાબ્દી રાજ્યનો જમાનો."**

### *આ રાજ્યમાં કોણ કોણ હશે ?*

પ્રભુ ઈસુ રાજા હશે, અને પ્રજાઓમાં ઉપર જણાવી તે દુનિયાની **'ઘેટાં પ્રજાઓ'** હશે, અને યહૂદી પ્રજા હશે. એક જ દિવસમાં યહૂદી પ્રજાનો એક સામટો નવો જન્મ થયેલો હશે. તેઓ એકસામટા પ્રભુ ઈસુનો સ્વીકાર કરશે (ઝખા. ૧૨:૯-૧૧; યશા. ૬૬:૮, ૯; હઝકી. ૩૬:૨૪-૪૯). રાજ્યમાં યહૂદી પ્રજા અગ્રસ્થાને હશે. (પુન. ૨૮:૧૩). તેઓ યરુશાલેમની આસપાસ

અબ્રાહમને અપાયેલા વચન દ્વારા જે મહા વિશાળ દેશ મળવાનો છે. (ઉત્પત્તિ ૧૫:૧૮-૨૧) તેમાં રહેતા હશે.

## ૩. આ સહસ્રાબ્દી રાજ્ય દરમિયાન પૃથ્વી ઉપર કેવા કેવા ફેરફાર થશે ?

૧. **શેતાનને આ એક હજાર વર્ષ સુધી બાંધી રાખેલો હશે** (પ્રકટી. ૨૦:૧-૩), એટલે તે કોઈને પરીક્ષણમાં નાખી શકશે નહિ કે કોઈને ભમાવી શકશે નહિ. પ્રભુ આકાશ તથા પૃથ્વીનો નાશ કરે, અને નવાં આકાશ તથા પૃથ્વી બનાવે ત્યાર પહેલાં પ્રભુ માનવજાતને પાપ નહિ કરવા આ એક તક આપશે. માણસજાતની ફરિયાદ છે કે "શેતાનને મુક્ત-દોર છે, એટલે એ માણસજાતને પરીક્ષણ અને પાપમાં નાખે છે, માટે માણસને કોઈ ફરિયાદ કે બહાનું ના રહે માટે ઈશ્વર એક હજાર વર્ષ માટે શેતાનને બાંધી રાખશે. આ ૧૦૦૦ વર્ષ દરમિયાન પ્રભુ ઈસુ માનવદેહમાં માણસોની મધ્યે હશે, અને પવિત્ર આત્માની પૂર્ણ અસરો માનવીને મળશે.

૨. **આ એક હજાર વર્ષ સુધી યુદ્ધ થશે નહિ.** એટલે લોકો "પોતાની તરવારો ટીપીને હળવી કોશો બનાવશે, ને પોતાના ભાલાઓનાં ધારિયાં બનાવશે. પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, ને તેઓ ફરીથી કદી પણ યુદ્ધકળા શીખશે નહિ.." (મિખાહ ૪:૩, ૪; યશા. ૨:૪). એટલે પાયદળો, નૌકાદળો કે હવાઈદળો રહેશે નહિ, એટલે દેશોનું સૌથી મોટું સંરક્ષણ ખર્ચ પાઈ પાઈ બચી જશે. મતલબ કે એનું "બજેટ" બનાવવું પડશે નહિ.

૩. **ઈઝરાયલ દેશ દૂધમધની રેલછેલવાળો અનેખૂબ જ ફળદ્રુપ ફરીથી થશે.** "તે દિવસે પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને ડુંગરોમાંથી દૂધ વહેશે, ને યહૂદિયાના સર્વ વહેળાઓમાંથી પાણી વહેશે, ને યહોવાના મંદિરમાંથી ઝરો નીકળશે, ને તે શિટ્ટીમની ખીણને પાણી પાશે." (યોએલ ૩:૧૮). "ખેડનારનું કામ કાપણી કરનારના કામ સુધી ચાલશે, ને દ્રાક્ષ પીલનારનું કામ બી વાવનારના કામ સુધી ચાલશે. અને પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ

ટપકશે, ને સર્વ ડુંગરો પીગળી જશે." (આમોસ ૯:૧૩). વળી જુઓ યશા. ૩૫:૧; ૫૫:૧૩; યોએલ ૨:૨૪-૨૬.

પૃથ્વી પર બધે "પૃથ્વી પોતાનું ફળ આપશે." ગી.શા. ૬૭:૬.

૪. **પ્રાણીઓમાં ફેરફાર થશે :** "તે વખતે વરૂ તથા હલવાન સાથે રહેશે, ચિત્તો લવારા પાસે સૂશે. વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે; અને નાનું છોકરું તેઓને દોરશે, ગાય તથા રીંછ સાથે ચરશે; તેઓનાં બચ્ચાં ભેગાં સૂશે અને સિંહ ઢોરની જેમ કડબ ખાશે. ધાવણું બાળક સાપના દર પર રમશે, ને ધાવણ છોડાવેલું છોકરું નાગના રાફડા ઉપર પોતાનો હાથ મૂકશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈપણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ. કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે પૃથ્વી પ્રભુનાં જ્ઞાનથી ભરપૂર થશે." (યશા. ૧૧:૬-૯). અસલ તેઓ હિંસક ઉત્પન્ન કરાયાં નહોતાં, પણ માણસના પાપને લઈને આખી સૃષ્ટિ વ્યર્થપણાને આધીન કરાઈ (રોમન ૯:૧૮-૨૩) એ અસરમાં અમુક પ્રાણીઓ હિંસક બન્યાં. સહસ્ત્રાબ્દી રાજ્ય દરમિયાન એ શાપની અસરો દૂર કરાશે. (વળી જુઓ યશા. ૬૫:૨૫).

૫. **માનવી જીવનની વયમર્યાદા પાછી બહુ લાંબી થશે :** "ત્યાંથી ફરી થોડા દિવસોનું ધાવણું બાળક, અથવા જેના દિવસ પૂરા થયા નથી એવો માણસ મળી આવશે નહિ, કેમ કે જુવાન સો વરસની ઉંમરે મરશે, તથા પાપી સો વર્ષની વયનો છતાં શાપિત થશે... કેમ કે ઝાડના આયુષ્ય જેટલું મારા લોકોનું આયુષ્ય થશે. (યશા. ૬૫:૨૦-૨૨). વળી જુઓ ઝખા. ૮:૪."

*પ્રકાશ સાત ગણો થશે. (યશાયા ૩૦:૨૬)*

**એક હજાર વર્ષને અંતે :** સહસ્રાબ્દી રાજ્યની શરૂઆતે શેતાનને એક હજાર વર્ષ માટે બાંધવામાં આવેલો હશે. (પ્રકટી. ૨૦:૧-૩), તેને આ સહસ્રાબ્દી રાજ્યને અંતે છૂટો કરવામાં આવશે. એ આખી પૃથ્વી પર ફરીને ઈઝરાયલ લોકોની સામે અને યરુશાલેમની સામે દુનિયાની પ્રજાઓને ઉશ્કેરી લાવશે. "તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે." પણ ઈશ્વર આકાશથી અગ્નિ મોકલીને તે સર્વનો નાશ કરશે, અને શેતાનને કાયમને માટે અગ્નિની ખાઈમાં નાખી દેશે. (પ્રકટી. ૨૦:૭-૧૦).

**સાતમા અથવા 'સહસ્રાબ્દી જમાના'નો અંત પણ સરિયામ નિષ્ફળતામાં આવ્યો.** પ્રભુ ઈસુ પોતે સદેહે લોકોની મધ્યે રાજ્ય કરતા હતા; શેતાન બાંધેલો હતો તેથી પરીક્ષણ પણ આવતાં નહોતાં, ખુદ પવિત્ર આત્માની અસરો બધે ફેલાતી હતી. તોપણ માણસોનાં હૃદયના વિચારની હરેક કલ્પના, માણસના પતન થયા પછી ભૂંડી જ રહેલી છે. (ઉત્પત્તિ ૬:૫). નવો જન્મ નહિ પામેલું, અથવા જેના પર પ્રભુ ઈસુના લોહીનો છંટકાવ થયો નથી, તેવું હૃદય નિરંતર સર્વ જમાનામાં, ભૂંડું જ રહેલું છે જૂના આદમપણાવાળું હૃદય હંમેશાં ઈશ્વર સામે બળવો જ પોકારતું રહ્યું છે. આ સહસ્રાબ્દી જમાનામાં પણ એમ જ રહ્યું. એટલે પાપને કાયમ માટે દૂર કરવા આકાશ તથા પૃથ્વીને અગ્નિથી બાળી નંખાશે (૨ પિતર ૩:૭; પ્રકટી. ૨૦:૧૧).

**'પાપીઓ' અથવા 'અધર્મીઓ'નો ન્યાયકાળ :** (પ્રકટી. ૨૦:૧-૧૫) "મૂએલાંમાનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ." એમ પ્રકટીકરણ ૨૦:૫માં લખ્યું છે, તેઓ બધાં સહસ્રાબ્દી રાજ્યને અંતે, એટલે ઈશ્વરે આકાશ તથા પૃથ્વીનો અગ્નિથી નાશ કરી નાખ્યો તે પછી, તેઓ બધા ઊઠયા. તેઓ બધાં જ ઈશ્વરથી દૂર રહેલા લોકો હતા. ઈશ્વરે તેઓ સર્વને અગ્નિની ખાઈમાં નાખી દીધાં. એને "બીજું મરણ" કહેલું છે.તેઓ બધાંને અનંતકાળ માટે અગ્નિની ખાઈમાં સતત બળ્યા કરવું, રડવું તથા દાંત પીસવું થશે. (આ વિષે વધુ જાણવા માટે વાંચો આ લેખકનું પુસ્તક : "પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન" પૃષ્ઠ ૧૨૮:૧૪૧).

આમ, સાતેય જમાનામાં માણસ ઈશ્વરની વિરુદ્ધ જ વર્તતું રહ્યું. પણ દરેક જમાનામાં "જેટલાંએ તેનો (વિશ્વાસ દ્વારા ઈસુ ખ્રિસ્તનો) સ્વીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો." (યોહાન ૧:૧૨).

આ બધા પછી ઈશ્વર નવું આકાશ, નવી પૃથ્વી અને નવું યરુશાલેમ સ્થાપશે, અને ઉપર કહ્યાં તે "ઈશ્વરનાં છોકરાં"ને તેમાં રાખશે. "જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે, તથા અસત્ય આચરે છે, તે તેમાં કદી પ્રવેશ કરશે જ નહિ. પણ જેઓનાં નામ હલવાનના જીવન પુસ્તકમાં લખેલાં છે તેઓ જ પ્રવેશ કરશે." (પ્રકટી. ૨૧:૨૭). પાપ તેમાંથી દૂર હશે, એટલે "મરણ ફરીથી થનાર નથી. તેમ જ શોક કે રુદન કે દુઃખ ફરીથી થનાર નથી." (પ્રકટી. ૨૧:૪).

## ૪. "વિદેશીઓના સમયો"

"વિદેશીઓના સમયો" લૂક ૨૧:૨૪માં પ્રભુ ઈસુએ કહ્યું છે કે, "તેઓ (યહૂદી લોકો) તલવારની ધારથી માર્યા જશે, અને ગુલામ થઈને બધા દેશોમાં લઈ જવામાં આવશે અને (વિદેશીઓના સમયો પૂરા નહિ થશે, ત્યાં સુધી યરુશાલેમ વિદેશીઓથી ખૂંદી નંખાશે." યહૂદી (ઇઝરાયલી) પ્રજા સિવાયના બાકીના બધા લોકો કે પ્રજાઓ તે વિદેશીઓ ગણવામાં આવ્યા છે. અને જ્યાં સુધી યરુશાલેમ પારકી પ્રજાઓ એટલે કે વિદેશીઓના હાથમાં હશે, ત્યાં સુધી યરુશાલેમ પર યહૂદીઓની સત્તા નહિ હોય, અથવા વિદેશીઓથી તે ખુંદાતું રહેશે.

**વિદેશીઓની સત્તા યરુશાલેમ પર ક્યારથી શરૂ થઈ, અને ક્યાં સુધી રહેશે ?** ચાર્ટમાં આપણે જોઈ શકીશું કે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે યરુશાલેમ ઉપર ઈ.પૂ. ૬૦૬માં ચઢાઈ કરી. અને ત્યારથી યરુશાલેમ વિદેશી સત્તા નીચે આવ્યું, અથવા તો "વિદેશીઓના સમય" ત્યારથી (ઈ.પૂ. ૬૦૬થી) શરૂ થયા. આ હુમલા વખતે નબૂખાદનેસ્સાર દાનિયેલને, તેના ત્રણ મિત્રોને અને બીજા મળી લગભગ પચાસ હજાર યહૂદીઓને બાબિલોન લઈ ગયો. એ પછી તેણે ઈ.સ. પૂ. ૫૯૭માં અને ફરી ઈ.સ. પૂ. ૫૮૬માં ચઢાઈ કરી, શહેરનો અને મંદિરનો નાશ કર્યો. ચાર્ટની ઉપર ડાબે હાથે ઊંધો મુગટ છે, અને લખ્યું છે કે "મુગટ ખસેડી લેવામાં આવ્યો." એ બન્યું ઈ.પૂ. ૬૦૬માં. ત્યાંથી વિદેશીઓના સમય શરૂ થયા.

દાનિયેલના બીજા અધ્યાયમાં જે મહા મોટી મૂર્તિ નબૂખાદનેસ્સારે જોઈ તે આખી જ મૂર્તિ વિદેશીઓના સમય ક્યારથી શરૂ થઈ ક્યાં સુધી રહેશે તે બતાવે છે. ચાર્ટમાં એ મૂર્તિ દોરી બતાવી છે, અને યરુશાલેમ ક્યા વિદેશી સામ્રાજ્યોથી અને ક્યા વર્ષોમાં ખુંદાતું રહેશે.

૧. **સોનાનું માથું - ખાલદીઓ :** ઈ.સ. પૂ. ૬૦૬-૫૩૮ સુધી. દાનિ. ૭માં (૭:૧૪) એને "સિંહ" જેવા પ્રાણીના રૂપમાં બતાવ્યું છે.

૨. **રૂપાની છાતી અને ભૂજ, માદી-ફારસી સામ્રાજ્ય :** ઈ.પૂ. ૫૩૮-૩૩૩ સુધી. દાનિ. ૭:૫માં સામ્રાજ્યને "રીંછ"ની ઉપમા આપવામાં આવી છે. અને દાનિ. ૮:૧-૭માં એને બે 'શિંગડાવાળા મેંઢા' તરીકે ઉપમા આપવામાં આવી છે.

૩. **પિત્તળના પેટ અને જાંગભાગ - ગ્રીક સામ્રાજ્ય :** ઈ.પૂ. ૩૩૩-૬૩

સુધી. દાનિ. ૭:૬માં આ સામ્રાજ્યને 'ચિત્તાની' ઉપમા આપવામાં આવી છે. અને દાનિ. ૮:૧-૭માં 'એક વિલક્ષણ શિંગડાવાળા બકરા' તરીકે ઉપમા આપવામાં આવી છે.

૪. **લોખંડના પગ-રોમન સામ્રાજ્ય :** ઈ.પૂ. ૬૩થી ઈ.સ. ૪૭૬ સુધી રોમન રાજ્ય ટક્યું. દાનિ. ૭:૭-૮માં આ રોમન સામ્રાજ્યને 'ભયંકર પશુ'ની ઉપમા આપી છે, જેને લોખંડના દાંત છે.

૫. **ઈ. સ. ૪૭૬થી ૧૯૪૮ :** મે ૧૪ સુધી નાની નાની સત્તાઓ પાલેસ્તાઈન પર હલ્લાઓ કરતી અને કબજા જમાવતી રહી. ઈ.સ. ૭૦માં તિતસે યરુશાલેમનો અને મંદિરનો નાશ કર્યો, તે પછી યહૂદીઓ આખી પૃથ્વી પર ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા હતા. તે ૧૯૪૮ના મેની ૧૪મીએ ઇરાયલનું રાજ્ય સ્થપાયું ત્યાં સુધી દેશેદેશ ફરતા રહ્યા.

રોમન સરકાર પછી બેઝન્ટાઈનોએ ઈ.સ. ૬૩૮ સુધી પાલેસ્તાઈન પર સત્તા જમાવી. પછી આરબોએ એના પર ચઢાઈ કરી. આ આરબોની સત્તા પાલેસ્તાઈન પર ઈ.સ. ૬૭૩થી ૧૦૭૨ સુધી એટલે કે ૩૯૯ વર્ષ સુધી રહી. એ પછી સેલ્જુગોએ દેશને જીતી લીધો, પણ તેમની સત્તા માત્ર ૨૭ વર્ષ જ રહી. ક્રૂઝેડરોએ તેમને હરાવીને ઈ.સ. ૧૦૯૯થી ૧૨૯૧ સુધી પોતાની રાજસત્તા સ્થાપી.

એ પછી મામુલુકોએ ક્રૂઝેડરો પાસેથી રાજ્ય પડાવી લઈ ૨૨૬ વર્ષ (૧૨૯૧-૧૫૧૭) રાજ કર્યું. છેલ્લે ઓટોમાન તુર્કોના સુલતાન સેલિમ પહેલાએ કબજો લીધો, અને છેક પહેલા વિશ્વયુદ્ધ સુધી (૧૫૧૭-૧૯૧૭) ઓટોમન તુર્કોની સત્તા રહી. તા. ૧૨-૧૨-૧૯૬૭ રોજ અંગ્રેજી જનરલ એલનબીના લશ્કરે આ મુલક કબજે કર્યો, એટલે 'બ્રિટિશ મેન્ડેટ' (બ્રિટિશ હકૂમત) આવી. પણ એ બધા જ 'વિદેશીઓના સમયો' ગણાયા.

તા. ૧૪-૫-૧૯૪૮ રોજ ઇઝરાયલનું રાજ્ય સ્થપાયું ખરું, પણ યરુશાલેમ બે ભાગમાં વહેંચાયેલું હતું. એનો પૂર્વનો ભાગ એટલે મંદિરની જગાવાળા ભાગ સાથે આરબ રાજ્ય જોર્ડનને તાબે હતું. ઈ.સ. ૧૯૬૭માં યહૂદીઓએ આખું યરુશાલેમ કબજે કર્યું ખરું. પણ હજી મંદિરની જગાએ મુસ્લિમોનો 'ડોમ ઓફ ધ રોક' છે, એટલે "વિદેશીઓના સમયો" હજી પૂરા થયા નથી.

ચાર્ટમાં જોવાથી માલૂમ પડશે કે દાનિયેલ ૨:૪૧-૪૩માં રોમન રાજ્યનું

પુનરુત્થાન થશે. રોમન રાજ્ય યુરોપમાંથી પાંગર્યું ત્યાં મૂર્તિની 'પગની પાટલીઓ તથા દશ આંગળા'નો સમય હવે શરૂ થાયૃ છે. એની જાગૃતિ થશે. યુરોપના દશ રાજ્યોમાં સંધિ ચાલે છે. યુરોપના દશ રાજ્યોનું જોડાણ તાજેતરમાં થઈ ચૂક્યું છે. અને ઇઝરાયલનાં બારેય કુળોના લોકો ઇઝરાયલ રાજ્યમાં આવી વસ્યા છે.

હવે કોઈ પણ ક્ષણે પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે અને મંડળીનું **'ગગનગમન'** થશે. એ પછી દાનિયેલ ૭:૭-૮, ૨૦-૨૮; ૮:૯-૧૪, ૨૩-૨૬; ૯:૨૬ - ૨૭માં તેમજ પ્રકટીકરણ ૧૩માં જણાવ્યા પ્રમાણે **'ખ્રિસ્તવિરોધી'**ની સત્તા પૃથ્વી પર સર્વત્ર પ્રવર્તશે. એને 'દાનિયેલનું ૭૦મું અઠવાડિયું' કહેવાય છે. (દાનિ. ૯:૨૪-૨૭). **'ગગનગમન'**ના સમયથી સાત વર્ષે પ્રભુ ઈસુ પૃથ્વી પર ઊતરશે, ખ્રિસ્તવિરોધી અને એના લશ્કરોનો નાશ કરશે, અને પૃથ્વી ઉપર 'દાવિદની રાજ્યગાદી' તે ફરી સ્થાપશે, અને એક હજાર વર્ષ સુધી તે યરુશાલેમથી પૃથ્વી ઉપર રાજ કરશે. ઈસુ ખ્રિસ્તનું આ રાજ્ય શરૂ થશે તે ઘડીએ **વિદેશીઓના સમયો** પૂરા થશે.

દાનિયેલ ૨:૩૪-૩૫ વગર હાથોએ કાપી કઢાયેલી શિલા એજ ઈસુનું રાજ્ય ! અને એ શિલાથી આખી પૃથ્વી ભરાઈ ગઈ, એટલે પ્રભુ ઈસુનું રાજ્ય આખી પૃથ્વીમાં ફેલાયેલું હશે. એ શિલાએ પેલી મૂર્તિનો સદંતર નાશ કર્યો, એટલે કે પ્રભુ ઈસુનું રાજ્ય પૃથ્વી પર સ્થપાશે, ત્યારે પૃથ્વીનાં સર્વ રાજ્યોનું અસ્તિત્વ જતું રહેશે. અને રહેલી 'ઘેટાં પ્રજા' અને યહૂદીઓ ઉપર પ્રભુ ઈસુ રાજ્ય કરશે.

*દાનિયેલ ૨:૩૪-૩૫*

'આમ જોતા હતા એટલામાં (કોઈ માણસના) હાથ અડક્યા વગર એક શિલા કાપી કાઢવામાં આવી, ને તેણે તે (મૂર્તિ)ની પાટલીઓ જે લોઢાની તથા માટીની હતી તેમના પર મારો ચલાવ્યો ને તેમને ભાંગીને તેમના ટુકડે ટુકડા કર્યા. ત્યારપછી લોઢું, માટી, પિત્તળ, રૂપું તથા સોનું તમામને ભાંગીને ચૂરેચૂરા કરવામાં આવ્યાં, તે ઉનાળાના ખળામાંજ ભૂસાં જેવા થઈ ગયાં; અને પવન તેમને એવી રીતે (ઉડાડી) લઈ ગયો કે તેમનું ઠામ ઠેકાણું રહ્યું નહિ; જે શિલાએ મૂર્તિને ભાંગી નાખી તેનો એક મોટો પર્વત થઈ ગયો, ને તેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ.'




# "વિદેશીઓના સમયો"

લૂક ૨૧:૨૪

સાતમો જમાનો (મસીહનો) (સનાતન યુગો → અભ્યાસ - ૧૧




ખ્રિસ્ત તેમના સંતોની સાથે રાજ્ય કરે છે. • શેતાન તથા સર્વ અવિશ્વાસીઓનો આખરી નાશ • નવાં આકાશ તથા નવી પૃથ્વી •

૨ તિમોથી ૨:૧૨ • પ્રકટી. ૫:૧૦-૨૦:૬ • આખરી બાબતો → (સંપૂર્ણ અને સાર્વકાલિક યુગો ⟶

# પ્રકરણ-૧૪

# યુગનો અંત

પ્રભુના પુનરાગમનની અને યુગના અંતની નિશાનીઓ નીચે આપી છે. કારણ કે યુગનો અંત શરૂ થઈ ચૂક્યો છે :

ગુજરાતી બાઈબલમાં 'જગતનો અંત' એમ શબ્દ વાપર્યો છે. પણ એ ખરો તરજૂમો નથી. ત્યાં 'યુગનો અંત' એ શબ્દ આવે.

રોમન કેથલિક બાઈબલ એટલે કે 'સંપૂર્ણ બાઈબલ'માં આમ લખ્યું છે.

માથ્થી ૨૪:૩ - ઈસુ જૈતુન પર્વત ઉપર બેઠા એટલે તેમના શિષ્યોએ આવીને તેમને ખાનગીમાં પૂછયું, આપ અમને કહો કે એ બધું ક્યારે બનશે? અને આપના આગમનની અને યુગના અંતની એંધાણી શી હશે ?

## યુગના અંતનો ચાર્ટ



## ૧. યુગનો અંત અને ચાર્ટ

આગલા પાના ઉપર આપેલા યુગના ચાર્ટમાં જોવાથી માલૂમ પડશે કે વિશ્વનાં ચાર સામ્રાજ્યો તો ભૂતકાળમાં થઈ ગયાં છે. એટલે કે,

**(૧) ખાલદીઓનું રાજ્ય** (ઈ.સ. પૂર્વે ૫૩૮ થી ૬૦૫)

**(૨) માદીઓ - ફારસીઓનું રાજ્ય** (ઈ.સ. પૂર્વે ૩૩૧ થી ૫૩૮)

**(૩) ગ્રીસ (મહાન સિકંદર)નું રાજ્ય** (ઈ.સ. પૂર્વે ૬૩થી ૩૩૧)

**(૪) રોમન સામ્રાજ્ય** (ઈ.સ. પૂર્વે ૩૯ થી ૬૩)

આ ચાર રાજ્યો પસાર થઈ ગયાં. એટલે યુગનો અંત પાસે આવે છે.

### *ચાર્ટ વિષે ખુલાસો*

દાનિયેલના પુસ્તકમાં નબૂખાદનેસ્સાર રાજાના સ્વપ્નમાં આવેલ મૂર્તિ વિષે ખુલાસો આપવામાં આવ્યો છે. અને તે આ ચાર્ટમાં બતાવેલ છે. (દાનિયેલ ૨:૩૧-૩૫)માં આ વિષે આપેલ છે. તેમાં ચાર સામ્રાજ્યનો અંત સૂચવાયો છે અને આ ચાર સામ્રાજ્યો થઈ ગયાં એટલે હવે આપણે યુગના અંતની નજીક આવી પહોંચ્યા છીએ. (બાઈબલપાઠ દાનિયેલ ૨:૩૧-૩૫)

૩૧હે રાજા, આપે (સ્વપ્નમાં) એક મોટી મૂર્તિ જોઈ. આ ભવ્ય મૂર્તિનો ઝગઝગાટ અત્યુત્તમ હતો, તે આપની આગળ ઊભી હતી; તેનું સ્વરૂપ ભયંકર હતું. ૩૨એ પ્રતિમાનું માથું તો ચોખ્ખા સોનાનું હતું, તેની છાતી ને તેના ભુજ રૂપાનાં, તેનું પેટ ને તેની જાંઘો પિત્તળનાં, ૩૩તેના પગ લોઢાના, તેના પગની પાટલીઓનો કેટલોક ભાગ લોઢાનો ને કેટલોક ભાગ માટીનો (હતો). ૩૪આપ જોતા હતા એટલામાં (કોઈ માણસના) હાથ અડક્યા વગર એક શિલા કાપી કાઢવામાં આવી, ને તેણે તે (મૂર્તિ)ની પાટલીઓ જે લોઢાની તથા માટીની હતી, તેમના પર મારો ચલાવ્યો, ને તેમને ભાંગીને તેમના ટુકડે ટુકડા કર્યાં. ૩૫ત્યારપછી લોઢું, માટી, પિત્તળ, રૂપું તથા સોનું તમામને ભાંગીને ચૂરેચૂરા કરવામાં આવ્યાં, તે ઉનાળાના ખળામાંના ભૂસા જેવા થઈ ગયાં; અને પવન તેમને એવી રીતે (ઉડાડી) લઈ ગયો કે તેમનું ઠામઠેકાણું રહ્યું નહિ; જે શિલાએ મૂર્તિને ભાંગી નાખી તેનો એક મોટો પર્વત થઈ ગયો, ને તેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ.

'યુગનો અંત' પાસે આવ્યો છે. એમ આપણે કહીએ છીએ એની સમજૂતી આ પ્રમાણે છે.

'યુગનો અંત' પ્રભુ ઈસુ ખ્રિસ્ત આવીને યરુશાલેમમાંથી આખી દુનિયા ઉપર ૧૦૦૦ વર્ષનું રાજ્ય કરશે. એ યુગના અંતના ચાર્ટમાં અને એની સાથેના લાંબા ચિત્રમાં પણ બતાવ્યું છે. ચાર્ટમાં બતાવ્યું છે કે હાથ અડક્યા વગર કોતરી કાઢવામાં આવેલી શિલા તે પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઉપમા છે. અને એ શિલા તે રાજ્યોની મૂર્તિનો નાશ કરે છે. એટલે કે વગર હાથોએ કોતરાયેલી શિલા જે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે તે જગતનાં રાજ્યોનો નાશ કરીને પોતાનું આકાશી રાજ્ય આખી દુનિયા પર ૧૦૦૦ વર્ષને માટે સ્થાપે છે. એટલે કે હજી દુનિયાનાં રાજ્યો ચાલુ છે એટલે યુગનો અંત આવ્યો નથી. પણ જગતનાં બધાં રાજ્યોનો નાશ થશે અને પ્રભુ ઈસુનું આકાશી રાજ્ય સ્થપાશે ત્યારે યુગનો અંત આવશે. માટે ચાર્ટ જોતાં સમજાશે કે યુગનો અંત શરૂ થઈ ચૂક્યો છે. અને પ્રભુ ઈસુ આકાશી રાજ્ય સ્થાપશે ત્યારે.

મૂર્તિના પગો તે રોમન રાજ્યની ઉપમા પામેલા છે. અને રોમન રાજ્ય પછી પગનાં દશ આંગળાં આવે છે. એ દશ રાજ્યો તે મૂળ રોમન રાજ્યના વિસ્તારના ભાગમાં જ જે દશ રાજ્યો એટલે પગનાં દશ આંગળાં તે દશ રાજ્યો સૂચવે છે.

અત્યારે યુરોપના જે ઈ.ઈ.સી. એટલે કે યુરોપીયન ઈકોનોમીકલ કોમ્યુનીટી અથવા યુરોપનું સહિયારૂં બજાર એ ઈ.ઈ.સી.નો જમાનો શરૂ થઈ ચૂક્યો છે. અને યુરોપમાં હાલ દશને બદલે તેર રાજ્યો એક થયાં છે. થોડા સમયમાં ફેરફાર થઈને તે દશ રાજ્યોમાં પરિણમશે.

એટલે આપણે યુગના અંતની છેક પાસે આવી રહ્યા છીએ.

બાઇબલના જણાવ્યા પ્રમાણે આ ઈ.ઈ.સી.માંથી જ ખ્રિસ્તવિરોધી આવશે. તે મોટો ડિકટેટર થઈ જશે. અને તે દુનિયામાં શાંતિ સ્થાપવાની વાતો કરશે.

આમ, જોઈએ તો યુગનો અંત હવે શરૂ થઈ ચૂક્યો છે.

## ૨. યુગના અંતની નિશાનીઓ

### *ચાર સામ્રાજ્યો, દશ શીંગડાં*

છેલ્લાં ૫૦ વર્ષમાં યૂરોપના તખ્તા પર ફેરફાર

ભૂતકાળના રોમન સામ્રાજ્યનું રિવાયવલ દાનિ. ૨ અને ૭,૮માં ચાર સામ્રાજ્યો દાનિ. ૭માં નબુખાદનેસ્સારને મરી ગયાનાં વર્ષો થયાં.

બેલ્શાસ્સારના પહેલા વર્ષે દાનિયલને સ્વપ્ન - સંદર્શનો ઈ.પૂ. ૫૫૬

રોમન સામ્રાજ્ય :That conquered all of Southern Europe આખું દક્ષિણ યૂરોપ Western Asia - પશ્ચિમ એશિયા (Middle East) Northen Africa - ઉત્તર આફ્રિકા.

અજય લશ્કર - દેશ પછી દેશ લીધા

લશ્કર આગળ વધે

પાછળ કર ઉઘરાવવા, રોમન અધિકારી જમાવવા સત્તા રાખે.

રોમન સામ્રાજ્યે ઈ.પૂ. ૬૩માં Holy Land જીતી લીધો.

***દશ શીંગડાં :***

રોમન સામ્રાજ્યનો પુનઃ ઉદય (પુનરુત્થાન) થશે.

પગ અને પાટલીઓ વચ્ચે મંડળીનો યુગ

દાનિ. ૭:૨૪ દશ શીંગડાં, દશ રાજાઓ દશ રાજ્યો જોડાયેલાં.

છેક ઈસુ ખ્રિસ્તના સમયથી યુરોપમાં તેઓ એક થયાં હોય એવું ઈતિહાસમાં કદી બન્યું નથી. તેઓ વચ્ચે શાંતિ નહોતી.

બીજા વિશ્વ યુદ્ધ પછી તરત આ દશ રાજ્યોએ આર્થિક એકતા સાધી ECC.

સોવિયટ યુનિયનના અને સામ્યવાદના નાશ પછી (એ યુરોપની અશાંતિ હતી) યુરોપમાં રાજાઓને એકબીજા સામે લશ્કરો રાખવાં જરૂરી રહેતાં નથી.

આ પહેલી જ વાર શાંતિ (ઈસુ પછી) હવે ઐક્ય શક્ય બનશે. હાલ આર્થિક ઐક્ય પછી આવશે રાજકીય ઐક્ય United Nationas of Europe.

## ૩. ઈ.ઈ.સી. યુરોપનું સહિયારું બજાર

હાલમાં યુરોપમાં ૧૩ રાજ્યો જોડાયેલાં છે. પરંતુ ભવિષ્યમાં ઓછાં વધતાં થઈને દશ રાજ્યો થશે. રોમન વિસ્તાર હતો તેમનાં દશ રાજ્યો, પગના અંગૂઠા દશ છે તેમ દશ રાજ્યો થશે. દરેક રાજ્યે પોતાની બોર્ડર કાઢી નાખી છે અને વીઝા પાસપોર્ટ પદ્ધતિ પણ રદ કરી છે. તેમણે પોતાનું આગવું નાણું પ્રસ્થાપિત કરેલ છે જેને 'યુરો' નામ આપવામાં આવેલ છે આ નવા યુરોપે ભારત સાથે પણ પુષ્કળ વેપાર ગોઠવ્યો છે, ખ્રિસ્તવિરોધી આ દશ

રાજ્યોમાંથી આવશે અને તે ખ્રિસ્તવિરોધી ઇઝરાયેલમાં આવી યરુશાલેમનો કબજો લેશે અને તેની મૂર્તિને મંદિરમાં પવિત્ર સ્થાનમાં મૂકાશે. "ઉજ્જડમાં અમંગળપણાની નિશાની" વળી આકાશથી તે અગ્નિ ઉતારશે. શરૂઆતમાં તે મીડલ ઈસ્ટમાં કામચલાઉ શાંતિ લાવશે. તે મંદિરમાંથી યજ્ઞ યાગ વિ. વિધિઓ બંધ કરાવશે.






યરૂશાલેમની મુલાકાતે આવતા યાત્રીઓ



પ્રભુ ઈસુ કાયાફાસની આગળ - કાયાફાસ વસ્ત્રો ફાડે છે.







કેસરના દરબાર (રોમ)માં પાઉલની ખુલાસો કરતુ વ્યક્તવ્ય



બે ચોકિદારો વચ્ચે જેલમાં પિતર સુતો હતો ત્યારે દેવદૂતનું દર્શન



જમ્યા પહેલાં યહુદીઓની હાજ ધોવાની રસમ



માલ્ટામાં પાઉલનું મારફતે સાજાપણું



રોમનો એપીએન માર્ગ



છઠ્ઠી સદીનું ઈટાલીનું મોઝેઈક (ટાઈલ્સના ટુકડા)નું આર્ટ ચિત્ર



જાખી દાણી
અને ઈસુ



અબ્રાહમ - હાગાર અને
ઈશ્માએલને ઘરથી દૂર મોકલે છે.



પિત્તરનો બંદીખાનામાંથી છુટકારો



અબ્રાહમનું વચનના દેશ પ્રતિ પ્રયાણ →





દમાસ્કસ જતા રોડ પર શાઉલને થયલું ઈસુનું દર્શન



રોમન રાજ્યમાં સભાગૃહમાં મળેલાં સભાજનો



પુનરુત્થાન પામેલા પ્રભુ ઈસુએ ગાલીલના એક પહાડ પર શિષ્યોને દર્શન આપ્યું.



ગમાયેલ રાબ્બીનું ચિત્ર



મરિયમ માગ્દાલની



યાકોબ અને સસરા વચ્ચે ઝઘડો



પિતર ચાકરનો કાન કાપી નાખે છે:



૫૪-૧ ઝખાર્યાને દૂતનું દર્શન



મોશે યિથ્રોની દીકરીઓ



કેટલાક માને છે કે આ ઉપલી મેડીમાં પ્રભુ ઈસુએ શિષ્યો સાથે છેલ્લું ભોજન લીધું હતું.
અને શિષ્યો પવિત્ર આત્મા પામ્યા હતા.



વધસ્તંભ જમીનમાં ખોડકાયો



પ્રભુ ઈસુ પિલાતની આગળ

રિબ્કાહ
એલીએઝરને પાણી
પાય છે.





હેરોદની
આગળ ઈસુ



હેરોદિયાસના હાથમાં થાળમાં
યોહાનનું માથુ



ઉપદેશ કરતા ઈસુ



ઈસુ માર્થાના ઘરમાં જમે છે.



યરૂશાલેમનું બજાર



ઈસુ ખ્રિસ્ત આંધળાને દેખતો કરે છે





એસેનીઓએ લખેલાં પુસ્તકો (ચર્મ પત્રો)



કામમાં મશગુલ માથ્થી ઈસુની પાછળ જાય છે.



લોઠનું નાસવું (સદોમમાંથી)



કરારકોશ યરૂશાલેમમાં - દાઉદ નાચે છે.



દબોરાહ બારાકને હુકમ કરે છે.



વધસ્તંભ ઊંચકતો સીમોન કૂરેની

શેબાની રાણી
શલોમોનની મુલાકાતે





યિર્મેયાને ટાંકામાંથી બહાર
કાઢયો



ગાબ્રીએલ મરિયમને સંદેશો
આપે છે.



વધસ્તંભ પર પ્રભુ ઈસુ



યાકોબ રાહેલના પશુઓને પાણી પાય છે.



ઓર્પાહ



પાત્રવાહક નહેમ્યા

પાઉલ બંધનમાં
રોમ જાય છે.





તંબૂ વણનારાઓની સાથે પાઉલ પત્ર લખાવે છે.



થોમા ઈસુની કૂખમાં આંગળી નાખીને વિશ્વાસ રાખે છે



ઝખાર્યાહ યાજક



ઈસુ યાકૂબની હોડી બોલાવે છે



મરિયમને
દૂતનો સંદેશો



વીણા વગાડતો દાવિદ
નાથાન ઠપકો આપે છે.



હાગાર-ઈશ્માએલને પાણી પાય છે.



યહૂદ છૂરી હુલાવે છે - એગ્લેનને



ઝરૂબ્બાબેલ યરુશાલેમનું મંદિર બાંધે છે તેનું નિરીક્ષણ



શમૂએલ પ્રબોધક દાવિદનો અભિષેક કરે છે



ઈબ્રાહિમને હાગારની
સોંપણી કરતી સારાહ



નાઓમી



એસ્તેરરાણી



રિબ્કાહ એલિએઝેરને
પાણી પાય છે.



બંદીવાસમાંથી આવ્યા પછી
એઝરા નિયમશાસ્ત્ર વાંચે છે.



પાઉલ ફેસ્તસની આગળ



એલીશાનો ચાકર ગેહઝી



હેરોદિયાસની દીકરીનો નાચ



1

પેટર નોસ્ટર પ્રભુ મંદિરમાં
દુનિયાની ૫૦ કરતાં પણ વધારે
ભાષામાં પ્રભુ ઈસુ શીખવિત
પ્રાર્થના કંડારવામાં આવી છે.





2 હેરોદનો દરવાજો

છાણિયો દરવાજો





નવો દરવાજો

સ્તેફનનો દરવાજો સિંહ દરવાજો

**ACKNOWLEDGEMENT :**

Gujarat Tract & Book Society,
thanks Palphot Marketing Ltd., Israel,
the Copyright owners for their kind permission to use
the photographs nos. 1 to 7 printed on these b&w pages.

Photographers : Garo Nalbandiah and Others
Aerial Phtographers : Duby Tal and Moni Haramoti



3

રશિયન ચર્ચ ઓફ સેન્ટ મેરી માગ્દાલેન



4 વધસ્તંભ જમીનમાં ખોડકાયો



5 ખજૂરીના રવિવારનું સરઘસ



ઈઝરાયલ નકશો

અધિકારી ડેડ સી સ્ક્રોલ તપાસે છે





યહૂદીઓની સતાવણી



6 યહૂદીઓની સતાવણી



7 યહુદીઓની સતાવણી



લબાનોનના એરેજવૃક્ષો



ગેથસેમાનેનાં વૃક્ષો : જૈતુનઝાડ - તેમાંના કોઈની નીચે પ્રભુ ઈસુએ પ્રાર્થના કરી હશે.



ડેશો છાવણીમાં ઓછામાં ઓછા ૪૦,૦૦૦ માણસો મૃત્યુ પામ્યા, જેમાંના ૮૦% જેટલા યહુદીઓ હતા.


માથ્થી ૨૫:૩૪
દુનિયાની ઘેટાં પ્રજાઓ
"આવો, મારા બાપના આશીર્વાદિતો"
દાન
આશેર
નાફતાલી
મનાશ્શાહ
દમસ્ક
એફ્રાઇમ
હેર્મોન પર્વત
રેઉબેન
ગાલીલ સમુદ્ર
યહુદા
પવિત્ર
અર્પણ
યાજકોનો હિસ્સો
લેવીઓનો હિસ્સો
યાબ્બોક નદી
સરદારનો હિસ્સો
જોપ્પા
બેથલેહેમ
હેબ્રોન
ગાઝા
કાદેશ
બિન્યામીન
શિમઓન
ઇસ્સાખાર
ઝબુલૂન
ગાદ
યહૂદીઓ પ્રજાઓનું શિર
પુનર્નિયમ ૨૮:૧૩
સહસ્ત્રાબ્દી રાજ્ય
ઉત્પત્તિ ૧૫:૧૮
યહોવાએ આબ્રાહમને બક્ષેલો પ્રદેશ
(અંદરના વર્તુળમાંનો બધો પ્રદેશ)

સહસત્રાબ્દી રાજય

# પ્રકરણ-૧૫

# શું આપણે છેલ્લી પેઢી છીએ ?

**શું આપણે આખરી યુગના અંતમાં આખરી પેઢી છીએ ? અને આપણા પછી બીજી પેઢી થવાની નથી ?**

ઈતિહાસના અનુભવીઓ એમ માને છે કે આપણી પેઢી આખરી પેઢી છે. આ પછી કોઈ બાળક જન્મશે નહિ. યુગનો અંત આવી ચૂક્યો છે અને થર્મોડાયનેમિકના બીજા નિયમ પ્રમાણે પૃથ્વી હવે જીર્ણ થઈ ગઈ છે, અને તે નાશ પામશે. બાઈબલ કહે છે કે : 'આકાશ તથા પૃથ્વી ટળી જશે.'

યુગનો અંત આવી ચૂક્યો છે તેનાં દશ ચિહ્નો આપણે જોઈએ.

## ૧. જ્ઞાન ઘણું વધી ગયું છે :

દાનિયેલ ૧૨:૪માં જણાવ્યું છે કે, 'પણ હે દાનિયેલ, તું છેક અંતના સમય સુધી એ વાતો બંધ કરીને પુસ્તક પર મહોર સિક્કો કર; ઘણાંઓ અહીં તહીં દોડશે, ને જ્ઞાનની વૃદ્ધિ થશે. આમ, છેલ્લા સમયમાં જ્ઞાનની ઘણી વૃદ્ધિ થશે. એ યુગના અંતની નિશાની છે.'

છેલ્લા સૈકામાં એટલે કે આદમના જમાનાથી અત્યાર સુધીમાં એટલે કે ઈ.સ. ૧૯૦૦ સુધીમાં જ્ઞાન પુષ્કળ વધી ગયું છે. લોકો ચંદ્ર ઉપર જઈ શકે છે અને હવે તો ત્યાં રહેવાની કોલોનીઓ બાંધવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. મંગળ ઉપર જતાં યાનની કાચની બારીઓ ખુલ્લી નહોતી તે અહીં પૃથ્વી ઉપર લેબોરેટરીમાં બેઠાબેઠાં ખુલ્લી કરી. એ કેટલું અદ્ભુત છે ! એટમબોમ્બ બનાવ્યો. માણસો શરીરના અવયવોની અદલાબદલી કરે છે. દા.ત. કિડની, હૃદય, હાથપગ, આંખો વગેરે ટ્રાન્સપ્લાન્ટ કરે છે. ક્લોનીંગ એટલે કે એક વ્યક્તિની આબેહૂબ પ્રતિકૃતિ જેવી જ બીજી વ્યક્તિ ઉત્પન્ન કરી શકાય છે. આગગાડીઓ, મોટરકાર બનાવી. વાયર વગરના ટેલિફોન, ઈન્ટરનેટ શોધ્યું.

## ૨. મધ્યપૂર્વમાં એક પ્રકારની મરકી :

મારા દાદાના દાદાની પેઢી આવી મરકી વિષે ઝખાર્યા ૧૪:૧૨-૧૫ આપી છે તે વિષે સમજી શકે નહિ.

**ઝખાર્યા ૧૪:૧૨-૧૫ :** જે સર્વ પ્રજાઓએ યરુશાલેમની વિરુદ્ધ યુદ્ધ કર્યું હશે તેમના ઉપર યહોવા મરકીનો માર લાવશે. એ માર એવો આવશે કે તેઓ પોતાને પગે ઊભા હશે એટલામાં તેમનું માંસ ક્ષીણ થઈ જશે, તેમની આંખો તેઓના ખાડામાં ક્ષીણ થઈ જશે ને તેમની જીભ તેમનાં મોમાં ક્ષીણ થઈ જશે. તે દિવસે યહોવા તરફથી તેઓમાં મોટો ગભરાટ થઈ રહેશે. તેઓ એકબીજાના હાથ પકડશે, ને દરેક માણસનો હાથ પોતાના પડોશીના હાથ સામે ઉઠાવવામાં આવશે. વળી યહુદાહ પણ યરુશાલેમની સામે યુદ્ધ મચાવશે; અને આસપાસની સર્વ પ્રજાઓની સંપત્તિ એટલે સોનું, રૂપું તથા વસ્ત્રો મોટાં જથ્થાબંધ ભેગાં કરવામાં આવશે અને ઉપર કહ્યા પ્રમાણે તે છાવણીમાંના ઘોડાઓનો, ખચ્ચરોનો, ઊંટોનો, ગધેડાનો તથા સર્વ પશુઓનો મરો થશે.

આ ભવિષ્યથન છે અને જરૂરથી એ પ્રમાણે બનશે. અને એ યુગના અંતની નિશાની બતાવે છે.

## ૩. ઈઝરાયલનો પુર્નજન્મ :

એટલે કે યુનો તરફથી ઈઝરાયેલના રાજ્યની ફરી સ્થાપના થઈ. મે ૧૫, ૧૯૪૮ના રોજ તેની સ્થાપના થઈ. તે દિવસે રેડિયો ઉપર એવી જાહેરાત આવી કે 'યુનોએ ઈઝરાયલના રાજ્યને માન્ય રાખ્યું છે.' ઈઝરાયલનું રાજ્ય ફરી સ્થપાશે એ માટે નીચે પ્રમાણેનું ભવિષ્યકથન કરેલું છે. (યશાયા ૬૬:૮-૧૦) 'આ પ્રમાણે કોણે સાંભળ્યું છે ? આ પ્રમાણે કોણે જોયું છે ? શું એક દિવસમાં દેશનો પ્રસવ થાય ? શું પ્રજા એકાએક જન્મ પામે ? પરંતુ સિયોનને પ્રસવ વેદના થઈ કે તરત જ તેણે પોતાનાં છોકરાંને જન્મ આપ્યો. યહોવા કહે છે, હું પ્રસુતિકાળ પાસે લાવીને પ્રસવ નહિ કરાવું ? તારો દેવ કહે છે કે, હું જે જન્મ આપનાર તે હું ગર્ભસ્થાન બંધ કરું ? યરુશાલેમ પર પ્રીતિ કરનારા, તમે સર્વ તેની સાથે હરખાઓ, ને તેને લીધે આનંદ કરો; તેને લીધે શોક કરનારાઓ, તમે સર્વ તેની સાથે હરખાઓ. (યશાયા ૬૬:૮-૧૦).

## ૪. યહૂદીઓ દેશમાં પાછા આવે છે :

ઈ.સ. ૭૦માં તિતસ બાદશાહે યરુશાલેમનો નાશ કર્યો હતો, મંદિરનો પણ નાશ કર્યો હતો અને યહૂદીઓ ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા હતા. ત્યારપછીથી ભવિષ્યકથન પ્રમાણે હું મારા લોકોને પૂર્વથી, પશ્ચિમથી, ઉત્તર તથા દક્ષિણથી એકઠા કરીશ, આ ભવિષ્ય કથન પ્રમાણે યહૂદી લોકો પોતાના દેશમાં પાછા ફર્યા. દેશોમાં મેં તેઓને હાંકી કાઢયા હતા તે સર્વ દેશોમાંથી બહાર કાઢી લાવનાર યહોવા જીવતો છે, એવું કહેવામાં આવશે; અને તેઓ પોતાના વતનમાં રહેશે. (યર્મિયા ૨૩:૭-૮)

## ૫. હવે યરુશાલેમ પરદેશીઓની સત્તા નીચે નહિ હોય :

આ વિષે ભવિષ્યકથન છે કે, (લૂક ૨૧:૨૪) : 'તેઓ તરવારની ધારથી માર્યા જશે અને ગુલામ થઈને બધા દેશોમાં લઈ જવામાં આવશે, અને વિદેશીઓના સમયો પૂરા નહી થશે ત્યાં સુધી યરુશાલેમ વિદેશીઓથી ખૂંદી નંખાશે.'

ઈ.સ. ૭૦માં રોમનોએ યરુશાલેમનો નાશ કર્યો તે પછી યરુશાલેમ પર વિદેશીઓની સત્તા આવી.

પણ હવે તો એમનું પોતાનું રાજ્ય થયું છે અને કોઈ પરદેશીઓની સત્તા નથી. પણ યરુશાલેમમાં યહૂદીઓ જ રાજ કરે છે, એટલે આ ભવિષ્યવચન અહીં પૂરું થાય છે. આ ચિહ્ન પરથી લાગે છે કે આખરી જમાનો આવી લાગ્યો છે.

## ૬. ટેલિવિઝનનો જમાનો :

આ જમાનો વિમાનનો જમાનો આવ્યો છે. એ બતાવે છે કે હવે છેક છેલ્લો સમય આવી ગયો છે. છેલ્લા સમયમાં પ્રભુ પોતાના બે સાક્ષીઓને મોકલવાનો છે. એવું પ્રકટીકરણ ૧૧:૩-૧૦માં આ વાત આપેલી છે કે પ્રભુના મોકલેલા બે પ્રબોધકો યરુશાલેમના રસ્તાઓમાં સાક્ષી આપે છે. અને લોકો તેમને મારી નાખે છે અને તેમનાં મુડદાં રસ્તામાં રઝળતાં રહે છે અને દુનિયાની સર્વ પ્રજાઓ યરુશાલેમના રસ્તા ઉપર પડેલાં આ બે પ્રબોધકોનાં શબોને વિમાનમાંથી જોશે. તો બધી પ્રજા કેવી રીતે જોઈ શકે ? પણ ટેલિવિઝન દ્વારા જોઈ શકે છે. ટેલિવિઝનનો જમાનો આવ્યો ત્યારથી આ છેલ્લો સમય છે એ સમજી શકાય છે, કે આ આખરી પેઢીનો જમાનો છે.

## ૭. જૂઠાણાના દિવસો : (માથ્થી ૨૪:૨૪)

કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે, જો બની શકે તો પસંદ કરેલાઓને પણ ભુલાવશે.

છેલ્લાં ૫૦ વર્ષમાં ૨૫ જૂઠા ખ્રિસ્તો ઊભા થયાં છે. અને લગભગ ૧૨ જેટલા જૂઠાં પ્રબોધકો ઊભા થયા છે. આપણા ગુજરાતમાંથી એક ભાઈ પણ થઈ ગયા જે પોતાને ખ્રિસ્ત કહેવડાવતા હતા. જેમનું નામ હતું. એડગર અને મદ્રાસમાં એક લોરી નામના ભાઈ થઈ ગયા જે પોતાને ખ્રિસ્ત કહેવડાવતા હતા.

આ વિષે આ પુસ્તકના આગલા ભાગમાં કયા દેશોમાંથી કેટલા લોકો આવ્યા તે વિષેનું લીસ્ટ આપેલું છે. છેલ્લામાં છેલાં વિમાનો ઈથોપિયાથી યહૂદીઓને લઈને આવ્યા અને એને Action Solomon કહે છે.




**ઓપરેશન સોલોમન**

***મે ૪, ૧૯૯૧ના રોજ ૧૫,૦૦૦ ઈથોપિયન યહૂદીઓને ઈઝરાયલમાં લાવવામાં આવ્યા.***

**યર્મિયા ૨૩:૭-૮** : 'તે માટે યહોવા કહે છે કે જુઓ, એવો સમય આવે છે કે જે સમયે ઇસ્રાએલપુત્રોને મિસર દેશમાંથી બહાર લાવનાર યહોવા જીવતો છે, એવું ફરી કહેવામાં આવશે નહિ; પણ ઇસ્રાએલના લોકને ઉત્તર દેશમાંથી તથા જે જે દેશોમાં મેં તેઓને હાંકી કાઢયા તે સર્વ દેશોમાંથી બહાર કાઢી લાવનાર યહોવા જીવતો છે એવું કહેવામાં આવશે, અને તેઓ પોતાના વતનમાં રહેશે.'

## ૮. પુષ્કળ દુકાળો અને મરકી :

છેલ્લા જમાનામાં બાઈબલના વચન પ્રમાણે પુષ્કળ દુકાળો થશે અને મરકી થશે. હાલમાં ઠેરઠેર દુકાળો પડે છે. આ અંતની નિશાની છે. માથ્થી ૨૪:૭,૮માં જણાવ્યું છે કે 'કેમ કે પ્રજા પ્રજાની વિરુદ્ધ, તથા રાજ્ય રાજ્યની વિરુદ્ધ ઉઠશે, **દુકાળો તથા મરકીઓ** તથા ઠેકાણે ઠેકાણે **ધરતીકંપ** થશે. પણ એ બધાં તો દુઃખોનો આરંભ જ છે.'

પ્રભુ ઈસુ ખ્રિસ્તે માથ્થી ૨૪માં આ બતાવ્યું છે કે છેલ્લા સમયમાં દુકાળો, મરકીઓ અને ધરતીકંપ થશે. આ પ્રમાણે દુનિયાભરમાં દુકાળો પડતા જોવામાં આવે છે. અને એ બતાવે છે કે આ છેલ્લી પેઢી છે અને આપણે જમાનાના અંતની પાસે છીએ અને આ છેલ્લી પેઢી છે.

## ૯. ધરતીકંપ :

આઠમા કારણમાં આપણે વાંચ્યું એ પ્રમાણે માથ્થી ૨૪:૭, ૮માં ધરતીકંપ વિષે લખવામાં આવ્યું છે. ધરતીકંપો પુષ્કળ થાય છે એટલે આ પેઢી તે આ જમાનાની છેલ્લી પેઢી છે.

ઈતિહાસકારોના કહેવા પ્રમાણે ૧૫મી સદીમાં ૧૧૫ ધરતીકંપ, ૧૬મી સદીમાં ૨૫૩ ધરતીકંપ, ૧૭મી સદીમાં ૩૭૮ ધરતીકંપ, ૧૮મી સદીમાં ૬૪૦ ધરતીકંપ અને ૧૯મી સદીમાં ૨૧૧૯ ધરતીકંપ થયા હતા અને ધરતીકંપમાં ખૂબ મોટા પ્રમાણમાં જાનમાલની ખુવારી થાય છે. આ બતાવે છે કે હવે જમાનાનો અંત નજીક છે અને આ પેઢી તે છેલ્લી પેઢી છે.

## ૧૦. નૂહના દિવસો જેવા દિવસો આવશે :

આ જમાનામાં પણ આ બની રહ્યું છે. માથ્થી ૨૪:૩૭માં લખ્યું છે કે 'અને જેમ નૂહના સમયમાં થયું, તેમ જ માણસના દીકરાનું આવવું પણ થશે.

કેમ કે જેમ જળપ્રલયની અગાઉ નૂહ વહાણમાં ચઢી બેઠો ત્યાં સુધી તેઓ ખાતાપીતા ને પરણતા પરણાવતા હતા. અને જળપ્રલય આવીને સહુને તાણી લઈ ગયો ત્યાં સુધી તેઓ ન સમજ્યા, તેમ જ માણસના દીકરાનું આવવું પણ થશે. (માથ્થી ૨૪:૩૭-૩૯)' તે વખતે નૂહના સમયની પેઠે આજે પણ ખાણીપીણી અને ધન પુષ્કળ છે. આજે લોકો ખાતાપીતા છે. અને આજે પણ લોકો પરણે-પરણાવે છે. નૂહના સમયમાં લોકો લગ્ન વગર સાથે રહેતા હતા. આજે પણ લોકો લગ્ન વગર સાથે રહેવા લાગ્યા છે.

આ બધું દર્શાવે છે કે, હવે યુગનો અંત આવ્યો છે અને આ પેઢી તે છેલ્લી પેઢી છે.

# પ્રકરણ-૧૬

# ભવિષ્યકથન પ્રમાણે પેલેસ્ટાઈનની પુનઃરચના

## ૧. પેલેસ્ટાઈન - સફળતાની ભૂમિ

પેલેસ્ટાઈનમાં મશરૂમના ટોપની જેમ ચારેબાજુ મકાનો બંધાઈ ગયાં છે. દરેકે દરેક ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં જ્યારે વિશ્વના બીજા ભાગોમાં બેકારી, મોંઘવારી, રાષ્ટ્રીય દેવાં જેવા પ્રશ્નો અગ્રીમતામાં છે ત્યારે પેલેસ્ટાઈનમાં તેનાથી જુદી પરિસ્થિતિ છે, અને લોકો સમૃદ્ધિમાં આગળ વધી રહ્યા છે. બહારના દેશોમાંથી આવનારની સંખ્યા વધતી રહી છે. આજે દુનિયામાં સૌથી વધુ સફળ અને સમૃદ્ધ દેશ જોઈએ તો તે પેલેસ્ટાઈન છે. શાથી ?

આનો જવાબ બહુ જ સરળ છે. દેવે અગાઉથી આ ભૂમિ આશીર્વાદિત થાય અને પાછલા સમયમાં તેની સમૃદ્ધિ વધે તેવું વચન આપેલ છે. યશાયા ૬૧:૪માં તે પૂર્ણ થાય છે. "તેઓ પુરાતન કાળનાં ખંડિયેરોને બાંધશે. પૂર્વકાળની પાયમાલ થયેલી (ઇમારતોને) તેઓ ઊભી કરશે, ઘણી પેઢીઓથી ઉજ્જડ તથા નષ્ટ થયેલાં નગરોને સમારશે."

આજે આપણે નિહાળી શકીએ છીએ કે ઉપરોક્ત વચન સંપૂર્ણ થયું છે.

## ૨. રણપ્રદેશમાંથી એદન બાગ સુધી

છેલ્લાં વીસ વર્ષમાં પેલેસ્ટાઈનમાં થયેલા આ ફેરફારો ચમત્કારિક છે. રેતાળ ભૂમિ સંતરાંનાં સુંદર ચાસોમાં ફેરવાઈ ગઈ છે. શારોનનો સપાટ મેદાની પ્રદેશ ફરીથી ગુલાબી પ્રદેશ તરીકે વિકસાયો છે. ઈશ્વરનાં વચનોની આ એક બીજી સાબિતિ છે. જેમાં પેલેસ્ટાઈનમાં થોડાં જ વર્ષમાં આ અદ્‌ભુત બદલાવ થયો છે. હઝકીએલ ૩૬; ૩૫-૩૬. તેઓ કહેશે કે આ ભૂમિ જે વેરાન હતી તે એદનવાડી જેવી થઈ પડી છે. અને ખાલી, ઉજ્જડ, ખંડીયેર નગરોની આસપાસ કોટ બાંધેલા છે અને તેઓમાં વસ્તી થયેલી છે. તેઓ

જાણે કે "મેં યહોવાએ ખંડિયેર થઈ ગયેલાં (મકાનો) બાંધ્યાં છે ને વેરાનમાં વાવેતર કર્યું છે. હું યહોવા જે બોલ્યો છું તે કરીશ. જાફાનાં સંતરાં જગ વિખ્યાત છે. તે બહુ સ્વાદિષ્ટ હોવાથી પરદેશની નિકાસ વધતી રહી છે. પેલેસ્ટાઈનની લોકો માટે આ ગૌરવભરી બાબત છે. દ્રાક્ષવાડીઓ પણ ફૂલીફાલી છે. આ દ્રાક્ષ પણ બહુ સ્વાદિષ્ટ હોય છે. હજારો વર્ષ પહેલાં હઝકીએલે ભાખેલ ભવિષ્ય અહીં પૂરું થતું દ્રષ્યમાન થાય છે. આ ભૂમિ જે ઉજ્જડ હતી તે એદનના બાગ સમાન ખીલી ઉઠી છે."

## ૩. યરુસાલેમના મહિમાનો પુનરુદ્ધાર

સૈકાંઓ પહેલાં યરુસાલેમ રેતાળ અને વેરાન પ્રદેશ હતો. આજે તે ભવ્યતાની મહિમાવંત આશિષોમાં પ્રસ્થાપિત થયેલો છે. સિયોન પર્વતની ટોચ પર સ્થાપિત થયેલ નગર છે. ઈતિહાસના રેકોર્ડ પ્રમાણે તેના પર ૪૬ વાર હુમલા કરવામાં આવ્યા છે અને ૧૭ વાર જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે.

૧૮૫૬ના બળવા પછી ફેરફારો થવાની શરૂઆત થઈ અને લોકોએ શહેરની બહારની દીવાલ બનાવવાની હિંમત દાખવી તેમ છતાં ૧૮૮૫ સુધી સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી યાને આખી રાત શહેરના દરવાજા બંધ કરી દેવામાં આવતા.

સૈકાંઓ પહેલાં પ્રબોધકોએ ઉચ્ચારેલું વચન આજે પૂર્ણ થતું જોવા મળે છે. હન્નાએલ ટાવરથી જાફાગેટ સુધી મકાનોની હારમાળા જોવા મળે છે. લાખો ડોલરના ખર્ચે વૈભવશાળી મકાનો અને હોટલો આધુનિક યરુશાલેમની શોભામાં અભિવૃદ્ધિ કરતાં જણાય છે. દશ વર્ષ પહેલાં જે જમીન ૮૦,૦૦૦ ડોલરમાં ખરીદાયેલી, આજે એની કિંમત ૮,૦૦,૦૦૦ આઠ લાખ અંકાય છે. નવાં ઘરો આધુનિક કળાથી બંધાય છે. તેનું બાંધકામ આછા ગુલાબી અને ભૂખરા ચૂનાના પથ્થરોથી થાય છે; ઓક્સફોર્ડ સ્ટ્રીટ લંડન કે ફીફ્થ એવન્યુ અમેરિકા જેવી ભવ્ય ઈમારતોથી યરુશાલેમ શોભી રહ્યું છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના મહાન નામમાં "મહાન રાજાના શહેર" તરીકે જગતના આનંદમાં યરુશાલેમ ફરીથી સત્ય હકીકતમાં ફેરવાઈ ગયું છે.

## ૪. સૈકાંઓ જૂના પ્રશ્નોનું નિરાકરણ

યરુશાલેમમાં પૂરતો પાણી પૂરવઠો આપવાનું તેમજ વીજળી પૂરી

પાડવાનું કાર્ય સરકારે પેલેસ્ટાઈનમાં એન્જીનીયરિંગ પ્રોજેક્ટ કરીને આધુનિક વિકાસ હાથ ધર્યો તે એક સૌથી અગત્યની રસદાયક બાબત છે. કારણ કે યરુસાલેમ દરિયાની સપાટીથી ૨૫૦૦ ફૂટ ઊંચાઈએ પહાડની ટોચ પર આવેલું શહેર છે. આટલી ઊંચાઈ પર આ બધી સગવડો પૂરી પાડવી એ એક કઠણ કાર્ય છે.

શલોમને બંધાવેલ ત્રણ ઝરાનો ઉપયોગ ૧૯મી સદી પછી પાણી પૂરું પાડવામાં આવતો હતો. તેમજ પોન્તીયસ પિલાતે ઊંચાઈ પર બંધાવેલ નહેરનો ઉપયોગ શલોમનના આ ઝરામાંથી યરુશાલેમમાં પાણી લાવવામાં કરવામાં આવતો હતો. એશૂરના રાજા સનહેરિબે યહૂદા ઉપર ચડાઈ કરી ત્યારે હિઝકિયાએ આ બધું કેવી રીતે સાચવ્યું તેનો ઉલ્લેખ ૨ કાળવૃત્તાંત ૩૨-૨ થી ૪માં જોવા મળે છે.

યહૂદીઓ માટે જ્યારે પેલેસ્ટાઈન પોતાનું વતન જાહેર કરવામાં આવ્યું ત્યારબાદ સરકારે આ બધાં સાધનોનો ઉપયોગ કરી યરુશાલેમમાં પાણીની વ્યવસ્થા કરી. ૩૮ માઈલની લંબાઈ અને અર્ધા માઈલના ઊંચાઈવાળા ભૂમધ્ય સમુદ્ર નજીકના રાસ-અલ-એનના પાણીના ઝરા મારફતે યરુશાલેમમાં નવું પાણી પૂરું પાડવામાં આવે છે. નવી યોજનાઓ યરુશાલેમ અને પેલેસ્ટાઈનને આધુનિક બનાવવામાં આગળ વધી રહી છે.

પેલેસ્ટાઈનના તેલ-અવીવમાં મે મહિનામાં બીજે કરતાં સૌથી વધુ ગરમી પડે છે. આથી તેલ અવીવના સ્નાનાગર સમુદ્રતટનો લોકો સૌથી વધુ ઉપયોગ કરે છે. તે પેલેસ્ટાઈનના એટલાનીક શહેર તરીકે (વિકસીને) જાણીતું બન્યું છે.

જોર્ડન નદી પર બંધ બાંધીને રૂટેનબર્ગ - હાઈડ્રો- ઈલેક્ટ્રિક પાવર યોજના મારફતે પેલેસ્ટાઈનની પ્રજાને ઘર વપરાશ તેમજ ઉદ્યોગોનાં કામ માટે વીજળી પૂરી પાડવામાં આવે છે.

## ૫. મૃત સરોવર પરનું જીવન :

વર્ષો પહેલાં મૃત સરોવર એ ખરેખર પાયમાલી યાને વિનાશ અને મરણ માટેની જગા તરીકે વિખ્યાત હતું.

મૃત સરોવર એ બહુ જ કીમતી ખનીજ તત્ત્વો અને મીઠાથી ભરપૂર સરોવર છે જેની આધુનિક કાળમાં દુનિયાને પુષ્કળ જરૂર છે. યહૂદી

ઈજનેરોએ આ બધાને કાળજીપૂર્વક અભ્યાસ કરીને વધુ ને વધુ ઉપયોગમાં કઈ રીતે લઈ શકાય તેનું સંશોધન કર્યું.

એક હજાર કરતાં વધારે એકરમાં પથરાયેલ આ વિસ્તારમાં પ્રવાહીનું વરાળમાં પરિવર્તન કરી પોટાશ તેમજ અન્ય જરૂરી સામગ્રી ઉત્પન્ન કરવામાં આવે છે. મૃત સરોવરથી ઉત્તરમાં થોડા માઈલ દૂર પર યરદન નદી ખનીજ મીઠાવાળું પાણી ઠાલવી દે છે. તે ખ્રિસ્તના બાપ્તિસ્માની યાદગાર જગા છે. જેનો વિકાસ કરી રળિયામણી જગા બનાવવામાં આવેલ છે.

છ માઈલ લાંબો, ત્રણ માઈલ પહોળો અને હજારો ફીટની ઊંચાઈ પર પથરાયેલ સદોપ પહાડ પેલેસ્ટાઈનની એક અદ્‌ભુત જગા છે. મૃત સરોવરની દક્ષિણ છેડે મીઠાના ખડકોથી બંધાયેલ આ પહાડ છે. જે રમણિય છે.

## ૬. હાઈફા-એક સુંદરતા :

યરુશાલેમ, તેલ અવીવ અને હાઈફા એ આધુનિક પેલેસ્ટાઈનનાં ત્રણ શહેરો એકબીજાથી સંકળાયેલાં છે. અને લોકોના હિતમાં આ ત્રણેનો બહુ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે.

હાઈફાએ પહેલાં દરિયાકિનારાનું ઊંઘતું યાને વિકાસ પામ્યા વગરનું બંદર હતું. અને હવે તેનો બધી જ રીતે બહુ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલું હાઈફા વિખ્યાત કારમેલ પર્વત સુધી વિસ્તરેલ છે. અને હવે મોહક દરિયાકિનારા પરનું શહેર પેલેસ્ટાઈનનું ઔદ્યોગિક શહેર બન્યું છે.

પુનર્નિયમ ૩૩:૨૪ કલમમાં આશેરવંશ વિશે જે આશીર્વાદો આપેલા છે તેના છેલ્લા ભાગમાં નોંધવામાં આવ્યું છે કે “તેના પ્રદેશમાં મબલખ તેલ પેદા થાઓ.” મોશેનું આ વચન આશ્ચર્યકારક રીતે પૂર્ણ થયું. પેટ્રોલિયમ પાઈપ તુરકૂક, ઈરાક અને હઝીયાથી હાઈફા શહેર સુધી પહોંચી છે.

## ૭. યહૂદી વસાહતની કથા :

પેલેસ્ટાઈનની યહૂદી વસાહતની એક અદ્‌ભુત કથા છે. આ જૂની વસાહતની જમીન પણ બીનફળદ્રુપ અને નકામી હતી અને ત્યાં બધે જૂની પદ્ધતિથી કાર્ય થતું હતું. જેરૂસાલેમમાં વસતા યહૂદીઓએ ૬૦ વર્ષ પહેલાં આ જૂની કોલોની વસાવી હતી ત્યારે ઊંટો મારફતે બધું કામકામજ થતું લોકો ગમે તેવી કાદવકીચડ જેવી જગામાં વસતા, પરંતુ નવી વસાહતોમાં આધુનિક

રીતે કામકાજ કરવામાં આવે છે. ત્યાંની ભૂમિને તે લોકો બહુ જ ઝડપથી ફળદ્રુપ કરી ઈશ્વરના બગીચામાં ફેરવી રહ્યા છે. સપાટ ભૂમિ હવે ગુલાબની જેમ પાંગરી છે. ખેતી માટે સૌથી જૂની પદ્ધતિ અને જૂનાં ઓજારોનો ઉપયોગ થતો, હવે આધુનિક ઓજારોનો ઉપયોગ બહુ બહોળા પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. નવાં ઘરો પણ આધુનિક ટેકનીકથી બનાવવામાં આવી રહ્યાં છે. જેનાથી પેલેસ્ટાઈનને નવી કાયા આપવામાં અદ્ભુત કામ થયેલ છે. હઝકીયેલ પ્રબોધકના જણાવ્યા પ્રમાણે "તે ભૂમિને ખેડાણવાળી અને વાવણી લાયક બનાવવામાં આવશે અને તેનો વિસ્તાર વધશે અને ભરપૂરીપણામાં ફળ આપશે." આ વચન સંપૂર્ણ થયું છે.

## ૮. બીજી મહાન હિજરત :

ઈસ્રાએલ પુત્રો ઈજીપ્ત છોડીને વચનના દેશ કનાનમાં વસ્યા તે ૩૫૦૦ વર્ષ પહેલાંની સૌથી પહેલી હિજરત હતી. યર્મિયા ૧૬:૧૪-૧૫ પ્રમાણે "તે માટે યહોવા કહે છે કે એવો સમય આવે છે કે જ્યારે ઇઝરાયલ પુત્રોને મીસર દેશમાંથી લાવનાર યહોવા જીવતો છે એવું ફરી કહેવાશે નહિ, પણ જે ઈસ્રાએલ પુત્રોને ઉત્તરદેશમાંથી તથા જે જે દેશોમાંથી તેણે તેઓને હાંકી કાઢયા હતા ત્યાંથી બહાર લાવનાર યહોવા જીવતો છે, અને જે દેશ મેં તેઓના પૂર્વજોને આપ્યો હતો તેમાં તેઓને પાછા લાવીશ." અને આ વચન પ્રમાણે આખી દુનિયામાંથી યહૂદીઓ હિજરત કરીને પેલેસ્ટાઈનને નવો ઓપ આપી રહ્યા છે. પેલેસ્ટાઈનમાં યહૂદીઓનું પાછા ફરવું તે આરબો માટે આશીર્વાદ સમાન છે. પેલેસ્ટાઈન દ્રાક્ષવાડીનો પ્રદેશ છે. હાલમાં હવે આધુનિકરણથી પુષ્કળ પ્રમાણમાં શ્રેષ્ઠ દ્રાક્ષ ઉત્પન્ન કરવામાં આવે છે. પહેલાં ટપાલ પણ ગધેડા પર લાવવા લઈ જવામાં આવતી હતી અને આ બધી જૂની પદ્ધતિ ત્યજી દઈને નવી આધુનિક પદ્ધતિથી કાર્ય લેવામાં આવે છે. આપણે આપણા ખરા હૃદયથી પોકારી ઉઠીએ છીએ કે "યહોવા દેવ જીવતો છે."

## ૯. યરદન નદી પરની જળધોધ યોજના :

પેલેસ્ટાઈનમાં છેલ્લાં વીશ વર્ષમાં જે આશ્ચર્યકારક બદલાવ આવી રહ્યો છે તે તો ઔદ્યોગિક તેમજ ખેતીમાં આધુનિકતા લાદવાનો છે. જૂની પ્રણાલિકા અને પદ્ધતિઓ ઝડપથી ગાયબ થઈ રહી છે અને દરેક સ્થળે નવી ઔદ્યોગિક પદ્ધતિ અપનાવાઈ રહી છે. પેલેસ્ટાઈનની બધી જ ભૂમિ, મકાનો, શહેરો

અને ઈલેક્ટ્રીક વાહનો, રોડ અને રસ્તાઓ જૂનું ત્યજી નવું અપનાવાવી રહ્યું છે. આ બધામાં યરદન નદીની જળધોધ યોજના આશીર્વાદ રૂપ છે.

ગાલીલ સમુદ્રથી થોડા માઈલ દક્ષિણે આ પાવર યોજના આવેલી છે. રૂટીનબર્ગ હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર યોજના મારફતે યરદન નદીના પાણીનો ઊપયોગ કરી આ જળધોધથી વીજળી ઘર ઉપયોગ તેમજ ઔદ્યોગિક કાર્યો માટે તૈયાર કરવામાં આવે છે. આથી હાઈફા અને તેની આજુબાજુ જુદી જુદી મોટી ઔદ્યોગિક વસાહતો સ્થપાઈ છે અને નવીનું આયોજન ચાલુ છે.

## ૧૦. પાંગરતું અંજીર વૃક્ષ :

આપણો મહાન તારનાર જ્યારે તેમનું પૃથ્વી પરનું જીવન પૂરું કરવાની નજીકમાં હતા ત્યારે શિષ્યોએ તેમની પાસે આવીને પૂછયું, પ્રભુ, તારા આવવાની અને જગતના અંતની નિશાની શું ?

તે સમયે ખ્રિસ્તે તેમને અંજીરીનું દષ્ટાંત (જે પવિત્ર શાસ્ત્રમાં નોંધાયેલ છે.) આપ્યું. જે લૂક ૨૧:૨૧ થી ૩૮માં નોંધવામાં આવ્યું છે. આપણે એ બાબત પર સંમત થઈશું કે બાઇબલમાં જણાવેલ અંજીરનું ઝાડ તે ઈઝરાયલ માટે જ હોઈ શકે. અને આમ જ્યારે ખ્રિસ્તે અંજીરીના ઝાડને પાંગરવા (ફણગા ફૂટતું) બાબતે વાત કરી છે ત્યારે તે યહૂદીઓના રાષ્ટ્રીય જીવનને લાગુ પડે છે. જે અંજીરીના ઝાડની જેમ (પાંગરવા) ખીલવા માંડયું છે. અંજીરીના ઝાડને ફળતું ફાલતું પાંગરતું જોવાની બીજી કૂતૂહલ બાબત જે છે તે તો હિબ્રૂ ભાષા, યહૂદી આગેવાન ઈ.બેન. યેહૂદાએ વર્ષો પહેલાં પલેસ્ટાઈનમાં દરરોજના ઉપયોગમાં વપરાશ માટે હિબ્રૂ ભાષાનો ઉપયોગ માટે ઝૂંબેશ ઉપાડી. આ ચળવળ પૂર જોશમાં ચાલી અને આજે આખા પેલેસ્ટાઈનમાં હિબ્રૂ એ રાષ્ટ્રીય ભાષા તરીકે પ્રચલીત છે. જૂના કરારની ઘણી બાબતો ત્યાંની હિબ્રૂ ભાષાનાં પુસ્તકોમાં પ્રકાશિત થઈ જેનાથી જમીન, પાણી અને ખેતી બાબતમાં સ્થાનિક લોકો અભ્યાસી થઈને ઘણા સુધારા પણ કર્યા.

અને છેલ્લે પેલેસ્ટાઈનની મુખ્ય બાબત પ્રત્યે આપણે લક્ષ આપવું જોઈએ, "યરુશાલેમની શાંતિ માટે પ્રાર્થના કરો." આપણે પ્રાર્થીએ કે આપણો મહાન પિતા પેલેસ્ટાઈનના નવીનીકરણને માટે તેના આશીર્વાદ ચાલુ રાખે અને હજારો લોકો જે પેલેસ્ટાઈન વતનમાં પાછા ફર્યા છે તેમને આશીર્વાદિત કરે અને તેમનાં હૃદયો પિતા તરફ ફેરવે.

♣

# ભાગ - ૩

## વિશ્વનાં
## ભાવિ મહાયુદ્ધો

# પ્રકરણ-૧

# અંત ભાગમાં થનાર ત્રણ મહા યુદ્ધોના જુદા જુદા સમય અને સંજોગો

બાઈબલમાં અંત ભાગમાં ક્રમબદ્ધ બનનારા બનાવોનો જે ક્રમ આપવામાં આવ્યો છે તેની આપણે રૂપરેખા જોઈ લઈએ. એ જોવાથી રશિયાનું આક્રમણ ક્યા સમયે થશે તે આપણને સ્પષ્ટ થઈ જશે. અંત ભાગમાં ત્રણ મહા યુદ્ધ થવાનાં છે તે વિષે બાઈબલમાં જે આપવામાં આવ્યું છે તે જોઈએ. આ ત્રણ મહા યુદ્ધો આ પ્રમાણે છે : (૧) રશિયા અને તેનાં સાથી-રાજ્યોનું ઈઝરાયલ સામેનું આક્રમણ; (૨) હાર-માગેદ્દોનનું યુદ્ધ, અને (૩) પ્રભુ ઈસુના સહસ્રાબ્દી (૧૦૦૦ વર્ષના) રાજ્ય પછી થનાર યુદ્ધ જેના વિષે પ્રકટીકરણ ૨૦માં આપવામાં આવ્યું છે.

## ૧. પહેલું મહા યુદ્ધ : રશિયા અને તેની સાથી-પ્રજાઓનું ઇઝરાયલ સામેનું આક્રમણ :

હઝકીએલના ૩૮મા અને ૩૯મા અધ્યાયમાં આ યુદ્ધ વિષે આપવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં આપણે આ યુદ્ધ વિષે ઘણું જોઈ ગયા છીએ. એમાં કોણ યુદ્ધમાં ઊતરનાર છે તે નામો સાથે સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે.

માગોગ-રોશ (રશિયા અથવા રૂશ), મેશેખ (મોસ્કો), તુબાલ (તોબલસ્ક), ઈરાન, કુશ (ઈથિયોપિયા), ફૂટ (લિબિયા), ગોમેર (પૂર્વ જર્મની), તોગાર્માહ (તુર્કસ્તાન, આર્મિનિયા), અને અન્ય પ્રજાઓ.

આ આક્રમણ વિષે આપણે એ પણ જોઈ ગયા કે, ખ્રિસ્તની મંડળી ગગનમાં ઊંચકાઈ ગઈ હશે, તે પછી ખ્રિસ્તવિરોધી આખી દુનિયાની સત્તા ધારણ કરશે, યહૂદીઓ સાથે સાત વર્ષનો 'પાકો' કરાર કરશે, -એટલે કે યહૂદીઓ સાથે તેને મૈત્રીસંબંધ થશે, અને તે સમયે યહૂદીઓ નિરાંતે અને નિર્ભયપણે વતનમાં રહેશે, તે સમયે, એટલે કે સાત વર્ષની શરૂઆતે, રશિયા

તેની સાથી-પ્રજાઓને લઈને ઈઝરાયલ સામે યુદ્ધ કરશે. ખ્રિસ્તવિરોધી ઈઝરાયલનો પક્ષ લેશે. ઈશ્વર અજાયબ રીતે ઈઝરાયલનો બચાવ કરશે, અને રશિયા તથા તેની સાથી-પ્રજાઓનો સમૂળો નાશ ઈઝરાયલના પર્વતો પર કરશે.

મંડળી ગગનમાં ઊંચકાઈ જશે એ પછીના સાત વર્ષના સમયની શરૂઆતે આ યુદ્ધ થશે. **સાત વર્ષની અધવચમાં કે સાત વર્ષના અંત ભાગ** આ યુદ્ધ શક્ય નથી, એ બધી બાબતો વિષે આપણે પાછળથી જોઈશું.

## ૨. બીજું મહાયુદ્ધ : હાર-માગેદોનનું યુદ્ધ :

મંડળી ગગનમાં ઊંચકાઈ ગયા પછી પૃથ્વી ઉપર આફતરૂપી સાત વર્ષનો ગાળો થશે. એ સાત વર્ષને અંતે આ હાર-માગેદોનનું યુદ્ધ થશે. **સાત વર્ષની અધવચમાં એટલે કે પહેલાં સાડાત્રણ વર્ષ વીતશે એટલે ખ્રિસ્તવિરોધી યહૂદીઓ સાથેનો કરાર તોડશે ("અને એ અઠવાડિયાની અધવચમાં તે બલિદાન તથા અર્પણ બંધ કરાવશે.")** (દાનિયેલ ૯:૨૭.)

એ પછીનાં બાકી રહેલાં સાડાત્રણ વર્ષમાં આખી દુનિયા ઉપર મહા વિપત્તિ ઊતરશે. પ્રભુ ઈસુએ એ મહા વિપત્તિ વિષે આવું કહ્યું છે : "તે વેળા થઈ નથી, ને કદી થશે પણ નહિ." (માથ્થી ૨૪. ૨૧.) ખ્રિસ્તવિરોધી અને બીજી પ્રજાઓ મળીને, આ સાડાત્રણ વર્ષમાં યહૂદીઓ ઉપર ભયંકર જુલમ ગુજારશે. મહા વિપત્તિ આખી દુનિયા પર આવી હશે, પણ ખાસ કરીને યહૂદીઓને આ સમયે ભયંકર યાતનાઓ આવશે. એટલે આ સાડાત્રણ વર્ષના ગાળાને "યાકૂબના સંકટનો સમય" કહ્યો છે. (યર્મિયા ૩૦:૭.) આ સાડાત્રણ વર્ષના ગાળાને બાઇબલમાં જુદી જુદી રીતે ઓળખાવ્યો છે : "બારસો સાઠ દિવસ" (પ્રકટીકરણ ૧૨:૬. યહૂદી મહિનાના ૩૦ દિવસની ગણતરી પ્રમાણે); "સમય, સમયો તથા અર્ધો સમય" (એક વર્ષ, બે વર્ષ, અને અર્ધું વર્ષ. પ્રકટીકરણ ૧૨:૧૪); "બેતાળીસ મહિના" ( પ્રકટીકરણ ૧૩:૫.); "કાળ, કાળો, તથા અર્ધો કાળ" (એક વર્ષ, બે વર્ષ, અને અર્ધું વર્ષ. દાનિયેલ ૭:૨૫.)

એ પાછલાં સાડાત્રણ વર્ષને અંતે ખ્રિસ્તવિરોધી આખી પૃથ્વીની પ્રજાઓનાં લશ્કરોને યરુશાલેમ તથા યહૂદી પ્રજાની સામે ચઢાવી લાવશે. પૂર્વના દેશોના રાજાઓ પણ આ યુદ્ધમાં લડવા જશે. (પ્રકટીકરણ

૧૬:૧૨-૧૬.) યહૂદીઓ તો માંડ એક કરોડ કરતાંયે ઓછા હશે. તેઓ વીસ કરોડ (પ્રકટીકરણ ૯:૧૬) કરતાંયે મોટી સંખ્યાના લશ્કરની સામે ક્યાંથી લડી શકે ? પણ પ્રભુ ઈસુ પોતે પોતાના સંતો-સેવકોની સાથે યરુશાલેમ સામેના જૈતૂન પહાડ ઉપર ઊતરશે ( ઝખાર્યા ૧૪:૪), અને પોતાની "માત્ર ફૂંકથી તેનો (ખ્રિસ્તવિરોધીનો) સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે." (૨ થેસ્સાલોનિકા ૨:૮.) યહૂદીઓનો અદ્દભુત બચાવ થશે, અને બધા યહૂદીઓ હા, એકેએક જણ, એકસામટા પ્રભુ ઈસુનો કાયમને માટે પશ્ચાતાપ સહિત સ્વીકાર કરશે. એ પછી પ્રભુ ઈસુ ખ્રિસ્ત યરુશાલેમ રહીને આખી પૃથ્વી ઉપર એક હજાર વર્ષ સુધી (સહસ્રાબ્દી) રાજ કરશે.

યરુશાલેમથી છેક ઉત્તરે મગિદ્દોનું મેદાન આવેલું છે. ત્યાં આ બધાં લશ્કરો એકઠાં થશે, એ ઉપરથી એને **હાર-માગેદોનનું યુદ્ધ** કહેવામાં આવ્યું છે. હિબ્રૂ ભાષામાં 'હાર' એટલે ' ઢગલો', અને 'મિગદ્દોન' એટલે 'સંહાર', એટલે આખા નામનો અર્થ "સંહારનો ઢગલો" થાય. એ આખું નામ બાઈબલમાં આ પ્રમાણે આપ્યું છે : "હિબ્રૂ ભાષામાં જેને હાર-માગેદોન કહે છે તે ઠેકાણે તેઓએ તેઓને (લશ્કરોને) એકઠાં કર્યાં. (પ્રકટીકરણ ૧૬:૧૬.) આ મેદાન નાઝારેથથી દશ માઈલ દક્ષિણે, અને કાર્મેલથી ઉત્તર-પૂર્વે આવેલું છે. એને 'એસ્ડ્રાએલોનના મેદાન' તરીકે પણ ઓળખવામાં આવે છે. ઘણા માઈલોના વિસ્તારમાં આ મેદાન પથરાયેલું છે. છેક ઈ.પૂર્વે ૧૫૦૦ થી માંડીને આજ સુધી અનેક યુદ્ધો અહીં લડાયાં છે. નેપોલિયને તો એને દુનિયાનું સૌથી મહાન યુદ્ધમેદાન કહ્યું છે."

## *મગિદ્દો (હાર-માગેદોન)ના મેદાનમાં લડાયેલાં યુદ્ધ*

"ભૂતકાળમાં આ મેદાન પર જાણીતા લશ્કરી સેનાપતિઓ લડયા છે. ઈ. પૂર્વે ૧૫૦૦માં મિસરનો થોથમસ લડયો હતો; ઈ.પૂર્વે ૧૨૫૦માં રામસેસ લડયો; ઈ. પૂર્વે ૭૨૨માં આશ્શુરનો સાર્ગોન; ઈ.પૂર્વે ૭૧૦માં સાન્હેરીબ (૨ રાજા ૧૮ અને ૧૯); ઈ.પૂર્વે ૬૦૬માં બાબિલોનનો નબુખાદનેસ્સાર (૨ રાજા ૨૪); ઈ.પૂર્વે ૧૬૮માં સિરિયાનો અંત્યોકસ એપીફાનસ; ઈ.પૂર્વે ૬૩માં રોમનો પોમ્પી; ઈ.સ. ૭૦માં તિતસ; ઈ.સ. ૬૧૪માં ઈરાની રાજા ખુશરૂ; ઈ. સ. ૬૩૭માં ઓમાર; ઈ.સ. ૯૦૯માં ફ્રાન્સના સંત લૂઈના હાથ નીચે ધર્મયુદ્ધવીરો (ક્રુઝેડર્સ); ઈ.સ. ૧૧૮૭માં

'લાયન-હાર્ટેડ' રિચર્ડને જીતનાર સલાદિન; ઈ.સ. ૧૫૧૬માં ઓટોમનનાં લશ્કરો." (ફ્રેડરિક એલ. બ્રૂક્સ,-'Prophetic Glimpses.')

આ મેદાન ઉપર જ મોઆબીઓ ઉપર બારાકે વિજય મેળવ્યો હતો (ન્યાયાધીશો ૪ અને ૫); મિદ્યાનીઓ ઉપર ગીદિયોને અહીં વિજય મેળવ્યો હતો (ન્યાયાધીશો ૭); પલિસ્તીઓએ અહીં ઈઝરાયલીઓને હરાવ્યા હતા, અને રાજા શાઉલ અને તેના દીકરાઓ અહીં મર્યા હતા (૧ શમૂએલ ૩૧); યોશીયાહ રાજાને મિસરના રાજાએ અહીં મારી નાખ્યો હતો (૨ રાજા ૨૩:૨૯,૩૦).

ઈ.સ. ૧૯૧૭ માં આ મેદાન પર બ્રિટિશ અધિકારી અને સેનાપતિ એલનબીએ તુર્કોને ભગાડયા હતા.

આ યુદ્ધની આગેવાની ખ્રિસ્તવિરોધી લેશે. **પૃથ્વી પરનું એ સૌથી મહાન યુદ્ધ થશે.** ઉત્તરે છેક નાઝારેથથી માંડીને યરુશાલેમ નજદીક આવેલી 'યહોશાફાટની ખીણ' સુધી આ યુદ્ધ પ્રસરશે. (યોએલ ૩:૨.) આ યુદ્ધનું વર્ણન બાઈબલમાં અનેક જગાએ આપવામાં આવ્યું છે. (દાખલા તરીકે યશાયા ૬૩. ઝખાર્યા ૧૨:૨- ૧૧. ૧૪:૨-૫,૧૨. અને ખાસ કરીને પ્રકટીકરણ ૧૯:૧૭-૨૧.)

આ યુદ્ધમાં, ઉપર જોયું તેમ, પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરીને જગતનાં રાજ્યોના આગેવાન **'ખ્રિસ્તવિરોધી'**નો નાશ કરશે, યહૂદીઓનો અજાયબ બચાવ કરશે, અને એ પછી એક હજાર વર્ષ માટે પૃથ્વી ઉપર રાજ કરશે.

***રશિયાના આક્રમણ અને હાર-માગેદોનના યુદ્ધ વચ્ચે તફાવત :***

ઘણા અભ્યાસકો ગેરસમજણથી આ બન્ને યુદ્ધોને ભેળસેળ કરી દે છે. એટલે, એ બંને યુદ્ધો એક જ બનાવ નથી, પણ અલગ અલગ છે તે સમજવા માટે એ બંને વચ્ચે તફાવત જોઈ લઈએ. અંત ભાગના ત્રીજા મહા યુદ્ધ વિષે આપણે પાછળથી જોઈશું.

ક. રશિયાનું આક્રમણ 'સાત વર્ષ'ની શરૂઆતના તબક્કામાં, એટલે કે મહા વિપત્તિ શરૂ થાય તે પહેલાં થશે, જ્યારે હાર- માગેદોનનું યુદ્ધ 'સાત વર્ષ'ને અંતે એટલે કે મહા વિપત્તિ પછી થશે.

ખ. રશિયાના આક્રમણનો આગેવાન રશિયા હશે. "તું તેમનો સેનાપતિ થા." (હઝકીએલ ૩૮:૭.) હાર-માગેદોનના યુદ્ધમાં ખ્રિસ્તીવિરોધી

આગેવાની લેશે. (પ્રકટીકરણ ૧૬:૧૩,૧૪.)

ગ. ઇઝરાયલ પ્રજા પોતાના વતનમાં નિર્ભયપણે રહેતી હશે, તે સમય રશિયા એની સામે યુદ્ધ કરશે (હઝકી. ૩૮:૮,૧૧,૧૪); જ્યારે હાર-માગેદ્દોનનું યુદ્ધ થશે તે સમયે તો **ખ્રિસ્તવિરોધી** ઇઝરાયલ પ્રજાનો કટ્ટર દુશ્મન બની ગયો હશે, અને એના જુલમથી ઇઝરાયલ પ્રજા ભયંકર ત્રાસમાં હશે. (દાનિયેલ ૯:૨૭.) એ સમયે આખી દુનિયામાં કદી પણ થઈ ન હોય એવી. શેમવંશી પ્રજાની (યહૂદીઓની) વિરુદ્ધ ચળવળ, ખ્રિસ્તવિરોધી તરફથી ઉપાડવામાં આવી હશે. (પ્રકટીકરણ ૧૨:૬,૧૩-૧૭.)

ઘ. રશિયાની સાથે અંદર જણાવેલી પાંચેક પ્રજાઓ તેમ જ બીજી થોડીક પ્રજાઓ હશે. (હઝકીએલ ૩૮:૨-૬.) હાર-માગેદ્દોનનું યુદ્ધ વખતે ખ્રિસ્તવિરોધીની આગેવાની નીચે આખી દુનિયાની પ્રજાઓ ચઢી આવશે. "આખા જગતના રાજાઓને એકઠા કરવા માટે તેઓની પાસે બહાર જાય છે." (પ્રકટીકરણ ૧૬:૧૪. વળી યોએલ ૩:૨. ઝખાર્યા ૧૪:૨.)

ચ. રશિયાના આક્રમણમાં ઉત્તર તરફથી આક્રમણખોર આવશે. (હઝકીએલ ૩૮:૬,૧૫. ૩૯:૨.) હાર-માગેદ્દોનના યુદ્ધમાં પ્રજાઓ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમથી ચઢી આવશે. (દાનિયેલ ૧૧:૪૦-૪૫. ઝખાર્યા ૧૪:૨. પ્રકટીકરણ ૧૬:૧૨-૧૬.)

છ. રશિયાના આક્રમણનો હેતુ લૂંટ (સોનુંરૂપું, ઢોરઢાંક, માલમિલકત) લેવા તથા લોકોને પકડી લેવાનો છે. (હઝકીએલ ૩૮:૧૨, ૧૩.) હાર-માગેદ્દોનમાં યહૂદીઓને ખતમ કરી નાખવાનો અને 'સરદારોના સરદાર' પ્રભુ ઈસુ ખ્રિસ્તની સામે લડવાનો હેતુ છે.તેઓ ખ્રિસ્તની સામે એકત્ર થઈ હશે.. (ઝખાર્યા ૧૨:૨-૩,૯. ૧૪:૨. પ્રકટીકરણ ૧૯:૧૯.)

જ. રશિયાના આક્રમણ વખતે અમુક પ્રજાઓ રશિયાના આ કૃત્ય સામે વાંધો ઉઠાવશે, રશિયાનો વિરોધ કરશે. (હઝકીએલ ૩૮:૧૩.) હાર-માગેદ્દોનના યુદ્ધ સમયે યરુશાલેમ સામે દુનિયાની બધી પ્રજાઓ એ યુદ્ધમાં સામેલ હશે, અને વાંધો ઉઠાવનાર કોઈ નહિ હોય. (ઝખાર્યા ૧૪:૨.)

ઝ. રશિયાના અક્રમણ વખતે પ્રભુ મરકી, વરસાદનાં પૂર, મોટાં મોટાં કરાં, અગ્નિ, તથા ગંધકથી રશિયા અને તેની સાથી- પ્રજાઓનો નાશ કરશે. હાર-માગેદ્દોનના યુદ્ધ વખતે પ્રભુ ઈસુ પોતાના શબ્દ દ્વારા ખ્રિસ્તવિરોધીનો તથા પ્રજાઓનો નાશ કરશે. "ફૂંક અને પોતાના આગમનના પ્રભાવથી." (૨થેસ્સાલોનિકા ૨:૮.) "તેના મોંમાંથી ધારવાળી તરવાર નીકળે છે તે વડે તે વિદેશીઓને મારે." (પ્રકટીકરણ ૧૯:૧૫.) "ઘોડા પર બેઠેલાના મોંમાંથી નીકળતી તરવારથી માર્યા ગયા." (પ્રકટીકરણ ૧૯:૨૧.)

ટ. રશિયાના આક્રમણ પછી મરેલાંને બધાંને દાટવામાં આવશે. એકાદ હાડકું પણ જમીન પર રહેવા દેવામાં નહિ આવે. (હઝકીએલ ૩૯: ૧૨-૧૫.) પણ હાર-માગેદ્દોનના યુદ્ધ પછી કોઈને દાટવામાં આવશે નહિ, પણ પક્ષીઓ તેમને તમામને ખાઈ જશે. (યર્મિયા ૨૫:૩૩. પ્રકટીકરણ ૧૯:૧૭-૧૮,૨૧.)

ઠ. રશિયાના આક્રમણ પછી મહા વિપત્તિકાળમાં અન્ય પ્રજાઓની લડાઈઓ અને યુદ્ધો ચાલુ રહેશે (પ્રકટીકરણ ૧૩:૪-૭), જ્યારે હાર-માગેદ્દોનના યુદ્ધ પછી ભાલાઓ અને તલવારોને ટીપીને કોશો તથા દાતરડાં બનાવવામાં આવશે, અને યુદ્ધ બિલકુલ થશે નહિ. " પ્રજાઓ એકબીજીની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, અને તેઓ ફરીથી યુદ્ધકળા શીખશે નહિ." એક હજાર વર્ષ સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્તનું શાંતિનું સામ્રાજ્ય આખી પૃથ્વી ઉપર હશે. હિંસક પ્રાણીઓના સ્વભાવ બદલાશે. (યશાયા ૨:૪. ૧૧:૬-૯.)

## ૩. ત્રીજું મહા યુદ્ધ : હજાર વર્ષના રાજ પછી શેતાનનો બળવો :

પ્રભુ ઈસુના રાજ્યની સામે શેતાનનો બળવો આખી પૃથ્વીની પ્રજાઓને યુદ્ધમાં લાવે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત યરુશાલેમ રહીને આખી પૃથ્વી ઉપર એક હજાર વર્ષનું રાજ્ય કરશે ત્યારે શેતાનને એ એક હજાર વર્ષ માટે બાંધી રાખવામાં આવશે. અને એક હજાર વર્ષ પૂરાં થતાં શેતાનને છોડવામાં આવશે. અને એ શેતાન જઈને આખી પૃથ્વી પરથી બધી પ્રજાઓનાં લશ્કરોને પ્રભુ ઈસુની સામે ભેગાં કરશે. બાઇબલપાઠ આ પ્રમાણે છે :

"જ્યારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે. એટલે તે પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠા કરવાને બહાર આવશે; તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. તેઓ પૃથ્વીની આખી સપાટી પર ચાલતા ગયા, અને તેઓએ સંતોની છાવણીને તથા વહાલા શહેરને ઘેરો ઘાલ્યો, પણ આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને તેઓનો સંહાર કર્યો. અને તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં, જ્યાં શ્વાપદ તથા જૂઠો પ્રબોધક છે, ત્યાં નાખી દેવામાં આવ્યો; ત્યાં તેઓ રાતદહાડો સદાસર્વકાળ વેદના ભોગવશે." (પ્રકટીકરણ ૨૦:૭-૧૦.)

### ૧. *આગલાં બે યુદ્ધ અને આ ત્રીજા યુદ્ધ વચ્ચેના તફાવતો :*

આ ત્રણે મહા યુદ્ધોને બરાબર સમજી લઈ શકાય તો એમના ચોક્કસ સમયો પણ સમજી શકાય, અને એકબીજાની સાથે ગોટાળો થવાનો સંભવ ન રહે. પહેલાં બે મહા યુદ્ધો વચ્ચેનો તફાવત આપણે અગાઉ જોઈ ગયા. હવે એ બે મહા યુદ્ધો અને ત્રીજા મહા યુદ્ધ વચ્ચેનો તફાવત આપણે જરા સમજી લઈએ.

### ૨. *હઝકીએલના ગોગ-માગોગ, અને પ્રકટીકરણ ગોગ-માગોગ વચ્ચે તફાવત :*

રશિયાના આક્રમણ સંબંધમાં જણાવેલો "**માગોગ દેશનો ગોગ**, જે રોશ, મેશેખ તથા તુબાલનો સરદાર છે" તે, અને પ્રભુ ઈસુના રાજ્ય સામેના શેતાનના આખરી બળવા સંબંધમાં "**ગોગ અને માગોગ**" આપ્યા છે તે, એક જ નથી. એ બે જુદી જુદી વ્યક્તિઓ છે. આ તફાવત નહિ સમજવાને લીધે ઘણા બધાને મૂંઝવણ થાય છે, સમજાતું નથી, અને બે અલગ અલગ યુદ્ધો અને તેમના સમયોમાં ભેળસેળ થઈ જાય છે. તેથી એ બેનો તફાવત આપણે જોઈ લઈએ. એ બંને જગાના બાઈબલપાઠ આ પ્રમાણે છે :

૧. "**માગોગ દેશનો ગોગ**, જે રોશ, મેશેખ તથા તુબાલનો સરદાર છે." (હઝકીએલ ૩૮:૨,૩,૧૪. ૩૯:૧.)

૨. "જ્યારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે, એટલે તે પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ **તથા માગોગને**, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠા કરવાને બહાર

| | ૧. રશિયાનું ઈઝરાયલ પર આક્રમણ | ૨. ખ્રિસ્તવિરોધીનું હાર-માગેદોનનું યુદ્ધ | ૩. પ્રભુ ઈસુના રાજ્ય સામે શેતાનનો બળવો. |
|---|---|---|---|
| ● બાઈબલ પાઠ | : હઝકીએલ ૩૮ અને ૩૯ અધ્યાયો. | પ્રકટી. ૧૬:૧૨-૧૬. યોએલ ૩:૨. ઝખાર્યા ૧૨:૧-૪. ૧૪:૨,૩. પ્રકટી. ૧૯:૧૫,૨૧. | પ્રકટી. ૨૦:૭-૧૦. |
| ● સમય | : 'સાત વર્ષ'ની શરૂઆતે. | 'સાત વર્ષ'ને અંતે. | એક હજાર વર્ષના રાજ્ય પછી. |
| ● આગેવાન | : રશિયા. | ખ્રિસ્તવિરોધી | શેતાન. |
| ● યુદ્ધમાં કઈ પ્રજાઓ | : રશિયા સાથે પાંચ પ્રજાઓ તથા બીજા. | આખી પૃથ્વીની પ્રજાઓ. | આખી પૃથ્વીની પ્રજાઓ. |
| ● કઈ દિશાથી આવશે? | ઉત્તરથી. | ચારે બાજુથી. | ચારે બાજુથી. |
| ● યુદ્ધનો હેતુ | : લૂંટ લેવા અને લોકોને પકડી જવા. | યહૂદીઓનો નાશ કરવા. 'સરદારોના સરદાર' સાથે લડવા | પ્રભુ ઈસુનું રાજ પડાવી લેવા મરણિયો અને આખરી બળવો. |
| ● વાંધો ઉઠાવનારા | : શેબા,દેદાન, તાર્શીશના વેપારીઓ તથા તેના સર્વ જુવાન સિંહો. | કોઈ નહિ. | કોઈ નહિ. |
| ● શત્રુઓનો કેવી રીતે નાશ | : મરકી, ખૂનરેજી, પૂર, મોટાં કરાં, અગ્નિ, ગંધક, પરસ્પર કતલ. | પ્રભુ ઈસુના શબ્દથી. | આકાશના અગ્નિથી લશ્કરોનો. શેતાનને અગ્નિખાઈમાં નાખશે. |
| ● દાટવામાં આવશે | : બધાં મરેલાંને દાટવામાં આવશે. સાત માસ લાગશે. એકાદ હાડકું પણ જમીન પર રહેશે નહિ. | કોઈને દાટવામાં આવશે નહિ. મરેલાંને પક્ષીઓ ખાશે. | અગ્નિમાં ખાક થઈ જશે. |
| ● એ પછી બીજું યુદ્ધ થશે? | : પ્રજાઓ વચ્ચે યુદ્ધો ચાલ્યા કરશે. | ૧૦૦૦ વર્ષના પ્રભુ ઈસુના શાંતિના રાજ્યમાં યુદ્ધ નહિ થાય. (જુઓ યશાયા ૨:૪, ૧૧:૬-૯.) | શેતાન અગ્નિખાઈમાં છેલ્લે નવું આકાશ, નવી પૃથ્વી, નવું યરુશાલેમ. પાપ, મૃત્યુ, રુદન, યુદ્ધ કાયમ માટે નાબૂદ. |
| ● આ યુદ્ધ સમયે ધરતીકંપ થશે? | : હા. (જુઓ હઝકીએલ ૩૮:૧૯-૨૦.) | હા. પ્રકટી. ૧૬:૧૭-૨૦. ઝખાર્યા ૧૪:૪. | (બાઈબલમાં કોઈ ધરતીકંપ દર્શાવ્યો નથી.) |

આવશે.” (પ્રકટીકરણ ૨૦:૭,૮.)

ક. ‘ગોગ’ એટલે ‘સરદાર’ અથવા ‘રાજા’. હઝકીએલનો ગોગ પોતે પોતાની ઇચ્છાથી આવશે; પ્રકટીકરણના ગોગને શેતાન ઉશ્કેરીને લાવશે.

ખ. હઝકીએલના ગોગ ઉત્તરના સૌથી છેવાડા ભાગમાંથી આવશે; જ્યારે પ્રકટીકરણનો ગોગ આખી પૃથ્વી પરથી આવશે. આ જોતાં પ્રકટીકરણનો ગોગ કોઈ એક પ્રજાનો સરદાર નહિ, પણ પૃથ્વી પરની બધી પ્રજાઓના સરદારોને માટે આ સમૂહવાચક નામ તરીકે સામાન્ય શબ્દ વાપર્યો લાગે છે. હઝકીએલવાળો રશિયાનો ગોગ (= સરદાર) કોઈ એક વ્યક્તિ છે, પણ પ્રકટીકરણનો ગોગ એક વ્યક્તિ નથી.

ગ. હઝકીએલનો ગોગનો નાશ સાત વર્ષના ગાળાની શરૂઆતે થયેલા આક્રમણ વખતે જ ઈશ્વરે કર્યો. અને એ પછી એની હયાતી રહી નહિ; જ્યારે પ્રકટીકરણનો ગોગ એ બનાવ પછી ૧૦૦૦ વર્ષ પછી રજૂ થયો છે, અને પૃથ્વીના બધા જ ભેગા થયેલા “સરદારો” યા “રાજાઓ” તરીકે આ ગોગનો નાશ પ્રભુ ઈસુએ આકાશના અગ્નિ દ્વારા કર્યો.

ઘ. હઝકીએલમાં તો (“માગોગ દેશનો ગોગ”-એટલે) ‘માગોગ’ને દેશ કહ્યો છે, અને માગોગ દેશના સરદારને ગોગ કહ્યો છે; જ્યારે પ્રકટીકરણમાં બહુ વિચિત્ર રજૂઆત છે : “પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને....” બધી પ્રજાઓ જ ગોગ તથા માગોગ ગણાવ્યા છે. કદાચ સાંકેતિક અર્થમાં કોઈ પ્રજાઓની ઓળખ તરીકે ‘ગોગ તથા માગોગ’ વાપર્યું હોય.

ચ. હઝકીએલના ગોગને ઇઝરાયલમાં જ દાટવાનું સ્થાન, “હામોન-ગોગની ખીણ” મળશે (હઝકીએલ ૩૯:૧૧-૧૩), જ્યારે પ્રકટીકરણના ‘ ગોગ તથા માગોગ’નો નાશ આકાશના અગ્નિથી થશે, અને તેમનાં શબો રહેશે નહિ, કારણ, તેઓ અગ્નિમાં બળીને ખાક થઈ ગયા હશે.

છ. હઝકીએલના ગોગને લડાઈમાં સાથ આપવા આવનાર પ્રજાઓનાં નામ આપવામાં આવ્યાં છે, અને ગોગ તેમની આગેવાની લેશે;

જ્યારે પ્રકટીકરણનો 'ગોગ તથા માગોગ'ની સાથે કઈ કઈ પ્રજા જશે એ જણાવ્યું નથી, પણ "પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓ" એવી ઓળખ આપી છે, અને એ પ્રજાઓની આગેવાની શેતાને પોતે લીધી છે; ગોગ-માગોગની ગણતરી તો પ્રજાઓમાં થઈ છે.

જ. હઝકીએલના **માગોગને** તો નૂહના દીકરા યાફેથનો બીજો પુત્ર ગણ્યો છે. અને એના વંશજો રશિયા તરફ જઈને વસ્યા હતા તે આપણે જોયું. પણ પ્રકટીકરણ **ગોગ તથા માગોગનો** એવો પૂર્વાપર સંબંધ દર્શાવી શકાય એવી શક્યતા જ નથી.

ઝ. હઝકીએલમાં ઈઝરાયલ પ્રજાને પાછી વતનમાં લાવવામાં આવી છે, અને તેને એક પ્રજા પણ બનાવવામાં આવી છે. પણ મસીહ તેઓ મધ્યે દ્રશ્ય રીતે હાજર નથી, અને આ યુદ્ધ પછી તેમના ઉપર પવિત્ર આત્મા રેડવામાં આવશે; જ્યારે પ્રકટીકરણમાં ખ્રિસ્તમય બની ચૂકેલી યહૂદી પ્રજા છે, અને સદેહે ખ્રિસ્ત મસીહ તેઓની મધ્યે છે.

આ ત્રણ મહા યુદ્ધોના અભ્યાસ ઉપરથી ચિત્ર સ્પષ્ટ થાય છે કે એ ત્રણે મહા યુદ્ધો અલગ અલગ છે, અને જુદા જુદા સમયે અમલી બને છે. એમને એકબીજાની સાથે ભેળસેળ કરવા અને ભૂલભરેલું કહેવાય, અને એમ કરવાથી જુદાં જુદાં ભવિષ્યકથનોનો ગોટાળો થઈ જાય.

## પ્રકરણ-૨

# હઝકીએલના અધ્યાયો અને એમાંની ભવિષ્યવાણીઓ ભાવિ ઘટનાઓના કાળક્રમ પ્રમાણે લખાયેલાં છે

હઝકીએલ પયગંબરના પુસ્તકની ભવિષ્યવાણીઓ કાળક્રમિક ઘટનાઓના ચોક્કસ અનુક્રમે જ લખવામાં આવી છે. એટલે એ પુસ્તકના અધ્યાયો પણ એ જ રીતે ઘટનાઓના અનુક્રમ પ્રમાણે લખવામાં આવ્યા છે. અધ્યાયો પછી અધ્યાયો બનનારી ઘટનાઓના કાળક્રમ પ્રમાણે આપ્યા છે. એ પરથી ૩૮મો અને ૩૯મો અધ્યાય એ ક્રમમાં જ આવતા હોઈને એમનો સમય, એટલે કે એમાં આપેલા રશિયાના આક્રમણનો સમય નક્કી થઈ શકે છે.

હઝકીએલના ૩૬મા અને ૩૭મા અધ્યાયમાં પ્રભુ ઇઝરાયલ પ્રજાને પાલેસ્તાઈનમાં કાયમને માટે પાછી લાવશે તેનું ભવિષ્યકથન આપવામાં આવ્યું છે. ૩૭મા અધ્યાયમાં આપ્યું છે : "હે મારા લોક, જુઓ, હું તમારી કબરો ઉઘાડીશ, ને તમને તમારી કબરોમાંથી (એટલે કે જુદા જુદા દેશોરૂપી કબરોમાંથી) ઉઠાડીને બહાર લાવીશ; અને હું તમને ઇઝરાયલના દેશમાં પાછા લાવીશ." (૩૭:૧૨.) (વળી જુઓ ૩૬:૮,૨૪.)

ઇઝરાયલ પ્રજા, ઇઝરાયલના પ્રદેશમાં પાછી લાવવામાં આવે એ પછી રશિયા અને તેની સાથી-પ્રજાઓનું આક્રમણ ઇઝરાયલ પર આવે, એમ, હઝકીએલના ૩૬મા અને ૩૭મા અધ્યાયો પછી રશિયાના આક્રમણ સંબંધીના ૩૮મા અને ૩૯મા અધ્યાયો આપવામાં આવ્યા છે. એમ, અગાઉ આપણે રશિયાના આક્રમણનો જે કાળક્રમ જોયો એની સાથે આ હકીકત સુસંગત બને છે.

એ પછી આવતા ૪૦મા અને ૪૧મા અધ્યાયો એક હજાર વર્ષના પ્રભુ ઈસુના રાજ્યમાં યહૂદીઓ નવા મંદિરમાં નવી રીતે, ખ્રિસ્તના લોકો તરીકે, પ્રભુ ઈસુ ખ્રિસ્તની ભક્તિ કરતા બતાવ્યા છે. એ કેટલું બધું કાળક્રમ પ્રમાણે ભવિષ્યવચન છે !

છેલ્લે, ઈઝરાયલ દેશ પર રશિયાનું આક્રમણ ક્યારે થશે એ પ્રશ્નને આપણે બધી દિશાએથી છણ્યો છે, અને એનું તારણ આપણે આ પ્રમાણે કાઢી શકીએ:

૧. મંડળી ગગનમાં ચઢી જાય તે પહેલાં આ આક્રમણ નહિ થાય. મંડળીના ગગનગમન પછી જ રશિયા આક્રમણ કરશે.

૨. મંડળીના ગગનગમન પછીના સાત વર્ષના વિપત્તિકાળની શરૂઆતે આ આક્રમણ થશે. સાત વર્ષની શરૂઆતમાં જ 'ખ્રિસ્તવિરોધી' યહૂદીઓ સાથે સાત વર્ષનો કરાર કરશે, એ પછી થોડા સમયમાં રશિયા આ આક્રમણ કરશે.

૩. વિપત્તિકાળનાં પાછલાં સાડાત્રણ વર્ષની (મહા વિપત્તિકાળની) શરૂઆતે પણ નહિ, કે આખરે પણ આ આક્રમણ નહિ થાય, કારણ, યહૂદીઓ આ સમયમાં 'નિરાંતે' અને 'નિર્ભયપણે' રહેતા નહિ હોય. તેમ જ યુદ્ધનાં શસ્ત્રો બાળવા તેમને સાત વર્ષનો પૂરો ગાળો ન મળે.

૪. સહસ્રાબ્દી (એક હજાર વર્ષ)ના રાજ્યકાળની શરૂઆતે નહિ, કે સહસ્રાબ્દી રાજ્યકાળને અંતે પણ આક્રમણ નહિ થાય, કારણ, એ હજાર વર્ષ દરમિયાન લોકો 'યુદ્ધકળા શીખશે નહિ, અને યુદ્ધ થશે નહિ.' (યશાયા ૨:૪.) વળી એ બધા સમય દરમિયાન પ્રભુ ઈસુ યહૂદીઓની સાથે અને તેમના દેશમાં જ હશે.

# પ્રકરણ-૩

# રશિયા શા માટે ઇઝરાયલ પર ચઢાઈ કરશે ?

રશિયા જેવો મહા સત્તા ગણાતો દેશ ઇઝરાયલ દેશ પર શા માટે ચઢાઈ કરે ? પૃથ્વીના છઠ્ઠા ભાગનો વિસ્તાર રોકતો આ રશિયા ભૌગોલિક દ્રષ્ટિએ મહાન છે. અણુદોટમાં અમેરિકા સાથે વારંવાર સરસાઈ ભોગવતો રશિયા મહા બળિયો દેશ છે. સારામાં સારી જાતના પેટ્રોલનો મોટો ભંડાર એના પેટાળમાં છે. યુરોપના અનેક દેશોને એણે પોતાને તાબે કર્યા છે, અને એશિયામાં પણ ઠીક ઠીક પ્રદેશોને પોતાના તાબેદાર બનાવ્યા છે. ખનીજ પેદાશ પણ પુષ્કળ છે. તો પછી એ શા માટે ઇઝરાયલ પર આક્રમણ કરશે?

હા, ખેતીપેદાશ જરૂર કરતાં કંઈક ઓછી ઊતરે છે. તોપણ ટચૂકડા ઇઝરાયલમાંથી ખેતીપેદાશ રશિયાને કેટલીક મળી જવાની ! તો પછી રશિયા કોઈ અન્ય દેશો પર નહિ, પણ ઇઝરાયલ પર શા માટે ચઢાઈ કરશે ? આ પ્રકરણમાં રશિયાઈ ચઢાઈનાં કારણો જોવાનાં છીએ. ઘણાં કારણો છે :

## ૧. "દ્રવ્ય લૂંટી લેવા"

> 'જેથી હું તેઓને લૂંટી લઉં ને પકડી લઉં...તેઓના ઉપર મારો હાથ નાખું." (હઝકીએલ ૩૮:૧૨.)
>
> "શેબા, દેદાન તથા તાર્શીશના વેપારીઓ, તેના સર્વ જુવાન સિંહો સુદ્ધાં તને કહેશે કે, શું તું લૂંટ કરવા આવ્યો છે ? શું પકડી જવાને, સોનુંરૂપું લૂંટી લેવાને, ઢોરઢાંક તથા સર્વ મિલકત હરી જવાને, અને ભારે લૂંટ કરવાને તેં તારું સૈન્ય એકઠું કર્યું છે ?" (હઝકીએલ ૩૮:૧૩.)

ભવિષ્યકથનમાં જ જણાવી દેવામાં આવ્યું છે કે તે ઇઝરાયલનું અઢળક દ્રવ્ય તથા ઢોરઢાંક લેવાના હેતુથી ઇઝરાયલ પર હલ્લો કરશે.

ઇઝરાયલની ખેતીની પેદાશ પુષ્કળ છે. હીરાનો એનો વેપાર પુષ્કળ

કમાણી કરી આપે છે. ઈઝરાયલ દેશ પાસે ઘણું દ્રવ્ય છે. આ બધા ઉપરાંત મૃત સમુદ્ર (Dead Sea)માં મબલક સોડિયમ, ક્લોરિન, ગંધક, પોટાશ, કેલ્શ્યમ, મેગ્નેશ્યમ, બ્રોમાઈન, અને એવા એવા ક્ષારો વિપુલ પ્રમાણમાં પડેલા છે. એ ત્યાં ફરી એક વાર નજર ફેરવી જવા વિનંતી છે.

એ બધા ક્ષાર-દ્રવ્યોનું મૂલ્યાંકન ૧૯૮૮ પ્રમાણે જે કુલે અમેરિકી ડૉલર ૧૨,૬૭,૬૨,૦૦,૦૦,૦૦૦ (૧ લાખ, ૨૬ હજાર, ૭૬૨ કરોડ ડૉલર્સ) જેટલું હતું. આ તો સુમાર વગરની રકમ થઈ ! એનો અંદાજ સમજવા આપણે આવો કંઈક હિસાબ લગાવીએ તો એ બેસુમાર રકમનો કંઈક ખ્યાલ આવે. જો આ ગંજાવર રકમને (એક ડૉલરના દશ રૂપિયા લેખે) રૂપિયામાં મૂકીએ તો રૂ. ૧,૨૬,૭૬,૨૦,૦૦,૦૦,૦૦૦ (૧ લાખ, ૨૬ હજાર, ૭૬૨ કરોડ રૂપિયા) થાય. એ રકમને ભારતના ૭૦ કરોડ લોકોને વહેંચીએ તો પ્રત્યેક વ્યક્તિને ભાગે રૂ. ૧૮, ૧૦૯ આવે. અને એક કુટુંબમાં ચાર વ્યક્તિ હોય (એમ બે, અને અમારાં બે) તો એ કુટુંબને એકસામટા રૂ. ૭૨,૪૩૬ (લગભગ પોણો લાખ રૂપિયા) મળે ! અત્યારની ગણતરી પ્રમાણે કેટલા બધાં રૂપિયા થાય ?

એકસામટું આટલું બધું ધન કબજે કરી લેવા ક્યા દેશને મન ન થાય ? એટલા માટે જ રશિયા ઈઝરાયલ પર ચઢાઈ કરવાનું છે.

ઈઝરાયલ રાજ્યનું એક લક્ષ્યબિંદુ છે કે આ મૃત સરોવરમાંથી દર વર્ષે દશ લાખ ટન પોટાશ મેળવવો. પોટાશ ખાતર માટેનું રસાયણ છે. આખી દુનિયાની એક વર્ષની એટલી જરૂરિયાત હોય છે. એ લેખે, મૃત સરોવરનો પોટાશનો જથ્થો આખી દુનિયાને ૨૦૦ વર્ષ ચાલે !

રીડર્સ ડાઈજેસ્ટ (જુલાઈ ૧૯૬૬)ના અંકમાં ગોર્ડન ગાસ્કીલે ઈઝરાયલના ધનનો અંદાજ આપ્યો છે તે આવો જ છે. કેટલાંક વિજ્ઞાનીઓનું માનવું છે કે ઈઝરાયલી લોકો મૃત સરોવરમાંથી જેટલી ઝડપે જાતજાતના ક્ષારો કાઢે છે તેટલી જ ઝડપથી યર્દન નદી ઉપલાણના ભાગોમાંથી તેટલો જ ક્ષારોનો જથ્થો ઘસડી લાવીને મૃત સરોવરમાં ઠાલવે છે. એટલે મૃત સરોવરનો ખજાનો અખૂટ જ ગણાય ને !

ખ્યાતનામ જર્મન ભૂસ્તરશાસ્ત્રી, બ્લેન્ચનહોર્ને ઈઝરાયલની શક્ય ખનીજ પેદાશોનો બહુ ઊંડો અભ્યાસ કર્યો છે, અને એ ઉપર પુસ્તક તૈયાર કરી છપાવ્યું છે. તેમાં તે જણાવે છે કે મૃત સરોવર આસપાસના ૩૦૦ ચો.

માઈલના વિસ્તારમાં બહુ મોટા પ્રમાણમાં પેટ્રોલ છે. અન્ય ભૂસ્તરશાસ્ત્રીઓએ પણ એ સંશોધનને અનુમોદન આપ્યું છે. તેઓનું કહેવું છે કે જમીનના પડની થોડે જ નીચે પેટ્રોલનાં તળાવ છે, અને આ તેલ કાઢતાં અઢળક કીંમત ઊપજે એવા ખનીજ પોટાશના થરોના થરો જમીન ઉપર પથરાયલા પડયા છે. એમ, ઈઝરાયલ દેશની ભૂમિ તેમ જ પાણી અકલ્પ્ય દ્રવ્યથી ભારોભાર ભરી પડી છે! વળી જેમ જેમ સમય વીતતો જશે તેમ તેમ ઈઝરાયલ વધારે ને વધારે દ્રવ્યવાન બનતું જશે.

એટલે જ આખી દુનિયાનો ડોળો પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) ઉપર, અને ખાસ કરીને ઈઝરાયલ રાજ્ય ઉપર છે. રશિયા એટલે જ આ હલ્લો ઈઝરાયલ ઉપર લઈ જવા માગે છે.

પણ રશિયા એમાં નહિ ફાવે. રશિયા અને એની સાથેનાં લશ્કરોનો સમૂળો નાશ થશે. ઈઝરાયલનું બેસુમાર દ્રવ્ય ઈઝરાયલ પાસે જ રહેશે. એટલું જ નહિ, પણ પ્રભુ ઈસુ જ્યારે પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે પ્રચંડ ધરતીકંપ થશે, અને દુનિયાભરમાં ભારે ભૌગોલિક ફેરફારો થશે. પણ ખાસ કરીને ઈઝરાયલની ભૂમિ અને ડુંગરો તદ્દન બદલાઈ જશે, અને દેશ 'દૂધમધની રેલછેલ'વાળો બની જશે. યરુશાલેમમાં જ મંદિરની નીચે જઈને નવી એક નદી વહેતી થશે, અને દેશને ફળદ્રુપ કરશે. વળ મૃત સરોવરનાં પાણી મીઠાં બની જશે. (હઝકીએલ ૪૭:૧,૬-૧૦.) એટલે દરિયાઈ પેદાશ ઘણી વધી જશે.

## ૨. પેટ્રોલનો વિપુલ અને કાયમી પુરવઠો મેળવવા :

રશિયા દુનિયામાં સૌથી વધુ પેટ્રોલ ઉત્પાદન કરનાર દેશ છે. દુનિયાના ૧૮ ટકા જેટલું પેટ્રોલ રશિયા કાઢે છે. રશિયાએ ૧૯૭૯માં ૫૮ કરોડ ૫૦ લાખ (૫૮,૫૦,૦૦,૦૦૦) ટન પેટ્રોલ કાઢયું હતું. એટલે પેટ્રોલની બાબતમાં રશિયા સ્વાવલંબી છે, એટલું જ નહિ, પણ પૂર્વ યુરોપના સામ્યવાદી દેશોને પણ તે તેલ પૂરું પાડે છે. પણ નિરીક્ષકોનું કહેવું છે કે રશિયાના તેલ-કૂવા થોડા સમયમાં ઊલેચી જાય તેમ છે, અને બે-પાંચ વર્ષમાં તેને બહારથી પેટ્રોલની આયાત કરવી પડશે. વળી રશિયા પોતાના રહ્યાસહ્યા પેટ્રોલના જથ્થાને સાચવી રાખવા માગે છે. એટલે રશિયા પેટ્રોલ-ઉત્પાદક દેશોમાંથી કોઈને કબજે કરવા માગે છે.

થોડી જ વાર પર આપણે જોયું તેમ, ખ્યાતનામ જર્મન ભૂસ્તરશાસ્ત્રી બ્લેન્ચનહોર્નનાં હેવાલ પ્રમાણે, ઈઝરાયલમાં અઢળક પેટ્રોલનો જથ્થો છે, અને પેટ્રોલનાં તળાવો જમીન નીચે છૂપાયેલાં છે. રશિયા ઈઝરાયલનું ધન તેમ જ તેનું પેટ્રોલ પણ મફતિયા મેળવી લેવા આતુર છે. એટલે તે ઈઝરાયલ ઉપર ચઢાઈ કરશે.

## ૩. દુનિયાના ચાવીરૂપ કેન્દ્રસ્થાનને જીતી લેવા

અગાઉ આપણે જોયું કે ઈઝરાયલ દેશ આખી પૃથ્વીની નાભિ યા કેન્દ્ર સમાન છે. ત્રણ ખંડો (એશિયા, યુરોપ અને આફ્રિકા)ની વચ્ચે તે આવેલો હોઈને ત્રણે ખંડોના બારા સમાન છે. આમ તો કહેવાય છે કે 'મિડલ ઈસ્ટ' (પશ્ચિમ એશિયા) જેના હાથમાં આવે તે દુનિયા ઉપર વર્ચસ્વ જમાવી શકે! અને એ 'મિડલ ઈસ્ટ'માં ઈઝરાયલ દેશનું સ્થાન અનોખું છે.

જો ઈઝરાયલને રશિયા કબજે લઈ શકે, તો સાઉદી અરેબિયા. લિબિયા અને જોર્ડન બહુ ત્વરાથી અને સહેલાઈથી રશિયાના મોંમાં આવી જાય; તેમ જ ઈરાનને પણ સહેલાઈથી કોળિયો બનાવી દેવાય. યુરોપને જરૂરી ૮૦ ટકા, અને જાપાનને જરૂરી એવું ૯૦ ટકા તેલ માટે તે પશ્ચિમ એશિયાના ઉપર ગણાવ્યા તે બધા દેશો, રશિયાના તાબામાં આવી જાય તો યુરોપ અને જાપાનને, પેટ્રોલની જરૂરને કારણે, રશિયા નચાવે તેમ નાચવું પડે ! એટલે રશિયા ઈઝરાયલ ઉપર ચઢાઈ લઈ જાય જ જાય !

## ૪. ઈશ્વરના લોક ગણાતા યહૂદીઓનો પૂરેપૂરો નાશ કરવાના હેતુથી

રશિયાએ પોતાને અધિકારયુક્ત રીતે નિરીશ્વરવાદી દેશ તરીકે જાહેર કર્યો છે. એથી ઊલટું, યહૂદી પ્રજા ઈશ્વરનું પ્રકટીકરણ તથા ઈશ્વર વિષેનું જ્ઞાનભાન સાચવી રાખનાર પ્રજા છે. ઈશ્વરે છેક અબ્રાહમના સમયથી આ યહૂદી પ્રજાને એક અને ખરા ઈશ્વરનું જ્ઞાનભાન સાચવવા અને દુનિયામાં બધે એ જ્ઞાનભાન ફેલાવવા માટે પસંદ કરી. વિશ્વના ઉદ્ધારક પ્રભુ પોતે યહૂદી પ્રજામાં અવતાર લેવાના હતા,-દેહધારી બનવાના હતા. અને બન્યા પણ ખરા ! એટલે શેતાન આ યહૂદી પ્રજાનો પૂરેપૂરો વિનાશ કરવા આયોજતો આવ્યો છે. ઈતિહાસ તપાસવાથી એ માલૂમ થશે આયોજન શેતાન કરે છે પણ આ આયોજનને ફલિત કરવા રાજાઓને, અધિકારીઓને, વ્યક્તિઓને, પ્રજાઓને અને દેશોને વાપરતો આવ્યો છે. એના દાખલા જોઈએ :

૧. મિસરના ફારૂન રાજાના સમયમાં યહૂદી પ્રજાનો નાશ કરવાનું શેતાને ફારૂનના મનમાં મૂક્યું હતું. એટલે ફારૂને યહૂદી કુટુંબોમાં બાળકી જન્મે તો જીવતી રાખવી, પણ નરબાળકને મારી નાખવો એવું ફરમાન કાઢયું હતું. એનો અર્થ એ જ થાય કે વીસ- પચ્ચીસ વર્ષ સુધી નરબાળકો જીવે જ નહિ, એટલે યહૂદી પ્રજાની હસ્તી નેસ્તનાબૂદી થઈ જાય ! પણ આખરે તો ઈશ્વરે એવા દુષ્ટ આયોજનને અફળ બનાવ્યું !

૨. છેક ઈરાનના અહાશ્વેરોશ (Xerxes ઈ. પૂર્વે ૪૮૬-૪૬૫) રાજાના સમયમાં વડાપ્રધાન હામાને સમગ્ર સામ્રાજ્યભરમાંથી યહૂદી પ્રજાનો નાશ કરવા નક્કી કર્યું. શેતાને એ પ્રેરણા તેનામાં મૂકી. તેણે રાજા પાસેથી ફરમાનો કઢાવી આખા સામ્રાજ્યના બધા પ્રાંતોમાં મોકલી આપ્યાં કે સમસ્ત સામ્રાજ્યભરમાં એક ચોક્કસ તારીખે તમામ યહૂદીઓને મારી નાખવા. (એસ્તેર ૩:૧૩.) શેતાને આ આયોજન હામાનના મનમાં મૂક્યું. પણ ફરી એક વાર ઈશ્વરે એવા દુષ્ટ આયોજનને નિષ્ફળ બનાવ્યું!

૩. 'મહાન હેરોદ' તરીકે ઓળખાતા, અદોમી વંશના, યહૂદિયા પ્રાંતના રાજા (ઈ. પૂર્વે ૩૭-૪)એ બાળ પ્રભુ ઈસુને મારી નાખવાનું નક્કી કર્યું. શેતાને એ યોજના એના મનમાં મૂકી. એટલે બેથલેહેમની આસપાસનાં બે હજાર જેટલાં બાળકોને એણે લશ્કર મારફતે મારી નંખાવ્યાં. પણ ઈશ્વરના સનાતન ઠરાવો જ આખરે પરિપૂર્ણ થયા.

૪. યહૂદી પ્રજાનો નાશ કરવાનું શેતાને જર્મનીના હિટલરના મનમાં મૂક્યું. અને તેણે એકસામટા સાઠ લાખ યહૂદીઓને 'ગેસ ચેમ્બરો'માં મારી નાખ્યા! આખી દુનિયાની તે વખતની વસતીનો એ ત્રીજો ભાગ થયો ! હિટલરે હેનરિક હિમલરની આગળ ૧૯૪૨ માં શપથ લઈને કહ્યું હતું કે, "જ્યારે હું મારું કાર્ય પૂરું કરીશ, ત્યારે યુરોપમાં એકપણ યહૂદી રહ્યો નહિ હોય !" પણ-હિટલર તો ગયો! અને એક દાયકુંયે પણ ન વીત્યું, અને એવામાં ૧૯૪૮માં ઈઝરાયલનું આગવું રાજ્ય સ્થપાયું ! અત્યારે તો પૃથ્વી ઉપર શેમવંશી પ્રજાનો કટ્ટરમાં કટ્ટર વિરોધી કોઈ હોય તો તે રશિયા છે. અને સ્તાલિને સામ્યવાદનો રાષ્ટ્રિય ધર્મ તરીકે સ્વીકાર કર્યો ત્યારથી આજ સુધી યહૂદીઓને રશિયામાં રહેવું તે અનહદ અઘરૂં બની ગયું છે, એટલું જ નહિ પણ રશિયામાંથી બહાર નીકળી જવું તે પણ તેટલું જ અઘરૂં બની ગયું છે !

એમ ફરી એક વાર યહૂદી પ્રજાનો સમૂળો નાશ કરવા શેતાને નિરીશ્વરવાદી રશિયાને ઊભું કર્યું છે. રશિયા હુમલો લઈને જશે, અને ઈઝરાયલ પર ચઢાઈ કરશે પણ ખરું. અને એ યહૂદી પ્રજાના નાશ દ્વારા સત્ય ઈશ્વરના જ્ઞાનભાનનો તથા ઈશ્વરી પ્રકટીકરણનો વિનાશ કરવાને રશિયા ઝઝૂમશે એ નક્કી ! પણ આખરે તો, ભવિષ્યકથનમાં આપ્યું છે તેમ, રશિયાનો જ સત્યાનાશ વળી જશે.

શું સામ્યવાદી રશિયા એટલે ઠંડા કલેજે આખી ઈઝરાયલ પ્રજાનો નાશ કરી શકે ખરું ? -એમને કોઈ ખચકાટ ન લાગે ? ના, સોવિયેટ યુનિયનનો ભૂતકાળ તપાસો ને ! સ્તાલિનના સમયનના ભયંકર સત્તાકાળ દરમિયાન-બીજા વિશ્વયુદ્ધ પહેલાં બે કરોડ રશિયનોને ભૂખમરાથી કે ‘લેબર કેમ્પો’માં ઠંડે કલેજે મારી નાખવામાં આવ્યા હતા. એ વખતે રશિયાઈ પોલિટબ્યુરોને (સામ્યવાદી પક્ષની આંતરિક કાર્યકારી સમિતિને) કોઈ ખચકાટ કે અરેરાટી નહોતી થઈ ! તો ટચૂકડી ઈઝરાયલી પ્રજાનો સામૂહિક સંહાર કરતાં રશિયાને કશીયે કંપારી ક્યાંથી છૂટવાની !

સામ્યવાદના પ્રસરણ કાર્ય દ્વારા રશિયાએ જેટલું માનવલોહી વહેવડાવ્યું છે, એટલું લોહી ઈતિહાસમાં બીજી કોઈ પ્રજાએ વહેવડાવ્યું નથી. એના (રશિયાના) પોતાના પ્રદેશ માટે પણ આ સાચું વિધાન છે. એમ ચીન, પૂર્વ યુરોપના સામ્યવાદી દેશો કે સામ્યવાદના હાથ નીચેના દેશો માટે પણ સાચું છે.

## ૫. ઈશ્વરની સામે રશિયાનો સંગ્રામ :

રશિયા ઈશ્વરવિરોધી, બાઈબલવિરોધી, ખ્રિસ્તી મંડળીવિરોધી અને ઈઝરાયલવિરોધી છે. રશિયાનો સંગ્રામ ઈશ્વરની વિરુદ્ધ અને ઈશ્વરનું જે કંઈ હોય તેની વિરુદ્ધ છે. રશિયાની સરકારે અધિકારયુક્ત રીતે પોતાને નિરીશ્વરવાદી સરકાર તરીકે જાહેર કરી છે. લેનિનનું કહેવું હતું કે દુનિયા સંબંધીનો સામ્યવાદનો ખ્યાલ વિજ્ઞાનવાદી અને ભૌતિકવાદી (જડવાદી) વિચારસરણી ઉપર બંધાયેલો હોવાથી નિરીશ્વરવાદના પાયા ઉપર રચાયેલો છે. આથી રશિયાની વિચારધારા ઈશ્વરવિરોધી જ રહે છે. એના બેચાર દાખલા જોઈ લઈએ :

***ઝેનોવિફ** (Zenovieff) :*

સામ્યવાદના સૌથી પ્રખર પ્રચારકોમાંનો એક આ ઝેનોવિફ હતો. તેના શબ્દો તો સાંભળો ! તે લખે છે : "યોગ્ય સમયે અમે આકાશના પ્રભુ પરમેશ્વર સાથે લડી લઈશું. એના સ્વર્ગમાંથી અમે એને ખદેડી મૂકીશું. પછી એ જ્યાં કંઈ આશરો લેશે, ત્યાંથી અમે એને કાયમને માટે હરાવી કાઢીશું."*

***લેનિન :***

પોતાના Religion (=ધર્મ) નામના પુસ્તકમાં લેનિને પોતાનું જગવિખ્યાત વાક્ય લખ્યું છે : "Religion is the opium of the people" (ધર્મ લોકોને માટે અફીણ છે). તેના મંતવ્યનો અર્થ એવો થાય છે કે ગુલામ-કામદાર વધુ સારું જીવતર ઝંખવાનું ભૂલી જાય એ માટે મૂડીવાદી જીવનપદ્ધતિ ધર્મને નશા તરીકે વાપરે છે; માટે ધર્મ એ નશો છે. સામ્યવાદ નિરીશ્વરવાદના પાયા ઉપર રચાયેલો છે.

***કાર્લ માર્ક્સ :***

સામ્યવાદના જન્મદાતા કાર્લ માર્ક્સે ૧૯૪૮માં લખેલા "**MANIFESTO**" (=જાહેરનામું યા ઢંઢેરો)માં લખ્યું છે : "સામ્યવાદ સનાતન સત્યોને રદબાતલ કરે છે. હા, સામ્યવાદ તમામ ધર્મ અને નીતિને નાબૂદ કરે છે."** કાર્લ માર્ક્સ (૧૮૧૮- ૧૮૮૩) 'સામ્યવાદી જાહેરનામા'નો તેમ જ 'દાસ કેપિટલ'નો લેખક હતો. **'દાસ કેપિટલ'** સામ્યવાદનું 'બાઈબલ' ગણાય છે, એટલે કે ચુસ્ત ખ્રિસ્તીને માટે જેવું બાઈબલ, એવું જ 'દાસ કેપિટલ' સામ્યવાદી માટે. સામ્યવાદને જન્મ આપનાર આ કાર્લ માર્ક્સ ઝઘડાખોર અને ટીકાખોર સ્વભાવનો, મિત્રનો પણ વિરોધી હતો. એની પ્રેમાળ પત્ની અને વહાલસોયાં બાળકો સાથે પણ એને મેળ નહોતો રહ્યો.

---

* We shall grapple with the Lord God of Heaven in due season. We shall vanquish him from his heaven. and wherever he seeks refuge. we shall subdue him forever." - Clilton Brannon. "WILL RUSSIA RULE THE WORLD" pg. 14.

** The MANIFESTO of 1948 says. "Communism abolishes eternal truths, it abolishes all religion and all morality.

**યોરોસ્લાવસ્કી :**

"ધર્મવિરોધી ચળવળ"નો આ આગેવાન, પોતાના પુસ્તક **'યુ.એસ. એસ. આર. માં ધર્મ'** માં લેનિનના જેવું જ લખે છે કે, ધર્મ તો આંખો ઉપરના પાટા સમાન છે; એટલે ધર્મને અનુસરતો માણસ સાચી દુનિયા જોઈ શકતો નથી. યોરોસ્લાવસ્કીનું માનવું હતું કે, મારું કામ એ ધર્મના પાટાને તોડીફોડી નાખવાનું છે.

**સ્તાલિન :**

પોતે ૧૯૩૨માં સત્તાસ્થાને હતો ત્યારે સ્તાલિને એક જાહેરનામા ઉપર સહી કરી હતી. આ જાહેરનામું ખરેખર તો ખુદ ઈશ્વરને બજાવેલી નોટિસ સમાન હતું. જાહેરનામું આ પ્રમાણે હતું : "મે ૧, ૧૯૩૭ રોજ, યુનિયન ઑફ સોવિયેટ સોશ્યાલિસ્ટ રીપબ્લિકની ભૂમિ ઉપર એક પણ પ્રાર્થનાઘર (મંદિર) ન રહેવું જોઈએ; અને ઈશ્વર સંબંધીનો વિચાર સરખો પણ સોવિયેટ યુનિયનમાંથી દેશનિકાલ કરાવો જોઈએ."*

રશિયાના યુવાન નિરીશ્વરવાદીઓને માટે તૈયાર કરવામાં આવેલી આચારસંહિતા સોવિયેટ યુનિયનમાં વહેંચવામાં આવે છે, જેમાં **સામ્યવાદી દશ આજ્ઞાઓ** આપવામાં આવી છે. એમાં યુવાનોને એક બોધ આપવામાં આવ્યો છે કે, ખ્રિસ્તી ધર્મસેવક એ સામ્યવાદનો કટ્ટર શત્રુ છે, અને સર્વસમયે એનાથી વેગળા રહેવું. આ જુવાનોના મનમાં ખાસ ઠસાવવામાં આવે છે કે ખરેખરો અર્પિત નિરીશ્વરવાદી જ વિશ્વાસુ સામ્યવાદી બની શકે. અને એવા યુવાન ઉપર યુ.એસ.એસ.આર. (સામ્યવાદ) આધાર રાખી શકે. યુ.એસ.એસ.આર. ની કોન્સનટ્રેશન કેમ્પોમાં રાખવામાં આવેલા એવા ૪૨,૦૦૦ ધર્મસેવકો (કલર્જીઓ) મૃત્યુ પામ્યા હતા.

ઈશ્વર સામેના યુદ્ધના પ્રથમ પગથિયા તરીકે ૧૯૧૮માં જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, અને એની ૧૨મી કલમમાં આવી જાહેરાત

* "On May 1, 1932 STALIN signed the following devree : On May 1, 1937. there must not remain on the territory of the Union of Soviet Socialist Republic a single house of prayer to God; and the very concept of God Will be banished from the Soviet Union." -Clifion Brannon, WILL RUSSIA RULE THE WORLD pg. 14.

હતી કે, “કોઈ પણ મંડળી કે ધાર્મિક સંસ્થાને કોર્ટ-કચેરીનો આશરો મળી શકશે નહિ.”*

એવું જાણવા મળ્યું છે કે બીજા દેશોમાં જેમ ડી.ડી. (ડૉક્ટર ઑફ ડિવિનિટી)ની ડિગ્રી એનાયત કરવામાં આવે છે તેમ લેનિનગ્રાડની યુનિવર્સિટીમાં બે વર્ષ ખાસ અભ્યાસ કર્યા પછી ડી.એ. (ડૉક્ટર ઑફ એથિઝમ, એટલે કે નિરીશ્વરવાદમાં ડૉક્ટરેટ) ની ડિગ્રી આપવામાં આવે છે! રશિયાએ પોતાની નિરીશ્વરવાદી અને ઈશ્વરવિરોધી ફિલસૂફી દ્વારા કરોડો આત્માઓને નર્કવાસી બનાવ્યા છે એ એનું સૌથી ભયંકર પાપ છે.

ઈશ્વરની સામે બાંયો ચઢાવનાર, ઈશ્વરને અધિકારયુક્ત ઠરાવ દ્વારા નોટિસ બજવનાર, અને ઈશ્વરને આખરીનામું (અલ્ટીમેટમ) ધરી દેનાર નિરીશ્વરવાદી રશિયાને પ્રભુ પરમેશ્વર ક્યા શબ્દોમાં જવાબ વાળે, કે એને ભાન કરાવે ? ઈશ્વરના શબ્દો તો જુઓ ! -

> “પ્રભુ પરમેશ્વર કહે છે કે, હે રોશ, મેશેખ તથા તુબાલના સરદાર ગોગ઼ **જો, હું તારી વિરુદ્ધ છું.** હુ તને પાછો ફેરવીશ, ને તારાં જડબાંમાં કડીઓ ઘાલીને તને બહાર ખેંચી કાઢીશ....” (હઝકીએલ ૩૮:૩,૪. વળી જુઓ ૩૯:૧.)

કઈ પ્રજાને પ્રભુ આવા ભયંકર શબ્દો કહે કે, “જો, હું તારી વિરુદ્ધ છું! જ્યારે કોઈ માણસ કે પ્રજા ઈશ્વરની પ્રેમાળ અને સર્વહિતકારી ઈચ્છાને પસંદ કરતો નથી, અને પ્રભુને કહેતો નથી કે, “પ્રભુ, તમારી ઈચ્છા પ્રમાણે થાઓ,” અને પોતાની જ ઈચ્છા અને આયોજનાને જ વળગી રહે છે, ત્યારે પ્રભુ-ઘણી ધીરજ રાખ્યા પછી આખરે કહે છે કે, “વારુ, તારી ઈચ્છા પ્રમાણે થાઓ !” અને એ વ્યક્તિ કે પ્રજાને માટે છેવટે ખતરનાક બની રહે છે. અહીં બાઈબલના આ ભવિષ્યકથનમાં ઈશ્વર રશિયાને એવું જ કહેવા માગે છે. જ્યારે માણસ કે પ્રજા જાતે કરીને ઈશ્વરનો વિરોધી બની જાય છે, ત્યારે તે માણસ કે પ્રજા ઈશ્વરને પોતાનો વિરોધી બનાવે છે. માણસની ઈશ્વર સામેની પોતાની હઠીલાઈ પોતાને માટે વિનાશ નોતરી લાવે છે !

પ્રભુ પરમેશ્વર રશિયાને બીજું આવું પણ કહે છે :

* “No Church or religious association shall enjoy the rights of judicial persons.”

"વળી પ્રભુ પરમેશ્વર કહે છે કે, ગોગ ઇઝરાયલના દેશ પર ચઢી આવશે તે દિવસે મારા કોપનો ધુમાડો ઊંચે ચઢીને મારાં નસકોરાંમાં પેસશે. કેમ કે મારા આવેશમાં કે મારા ક્રોધાગ્નિમાં હું બોલ્યો છું,...." (હઝકીએલ ૩૯:૧૮,૧૯.)

પ્રભુ અહીં બહુ ગંભીર રીતે રશિયાને ચેતવણી આપે છે, અને એની નિરીશ્વરી ચાલ માટે એને ચેતવે છે. નસકોરાંમાં ધુમાડો પેસે છે ત્યારે માણસ કેવું ધૂંવાંપૂવાં અને ગુસ્સાથી બેબાકળું થઈ જાય છે ! એવી સંવેદનાના રૂપમાં ઈશ્વર ચેતવે છે. ઈશ્વરને કંઈ માણસ જેવું શરીર કે નસકોરાં નથી હોતાં. પણ માનવી આવેગો અને સંવેદનાઓના લાક્ષણિક માનવી ભાષાપ્રયોગો વાપરીને ઈશ્વર રશિયાને કડકમાં કડક ચેતવણી ૨૬૦૦ વર્ષ અગાઉથી આપે છે !

રશિયાને ચેતવું હોય તો ચેતી શકે છે. કોને માટે એ ભવિષ્યકથન કહેવાયું છે, અને શું શું બનશે, ક્યા સમયે બનશે, એ બધું કેટલું સ્પષ્ટ છે! રશિયાના મહાજ્ઞાનીઓ અને છેલ્લી ટોચના વિજ્ઞાનીઓ આવી સહેલી વાત સમજી ન શકે શું ?

પણ નિરીશ્વરવાદી રશિયાઈ સરકાર, બાઇબલવિરોધી રશિયાઈ સરકાર બાઇબલ તો ફેંકી દે ને ! -પકડે અને ઉઘાડે તો શાની ! અને રશિયા એના એવા વલણને લઈને ભવિષ્યકથનનો શાપ અને વિનાશ પોતાની ઉપર નોતરી લેવાની! એને અન્ય કોણ બચાવી શકે ?

જેમ પ્રભુ ઈસુએ રડીને યરુશાલેમને કહ્યું કે,

"જો તેં, હા તેં, તારી શાંતિને લગતાં જે વાનાં છે તે આજેય જાણ્યાં હોત તો કેવું સારું ! પણ હમણાં તેઓ તારી આંખોથી ગુપ્ત રખાયેલાં છે ! કેમ કે તારા ઉપર એવા દિવસો આવી પડશે કે જ્યારે તારા વૈરીઓ તારી સામા પાળ બાંધશે, તને ઘેરો ઘાલીને ચારે તરફથી તને સંકડાવશે. તેઓ તને તથા તારામાં વસતાં તારાં છોકરાંને જમીન પર પછાડી નાખશે; અને તેઓ તારામાં એક પથ્થર પર બીજો પથ્થર રહેવા દેશે નહિ; કેમ કે તારી કૃપાદ્રષ્ટિનો સમય તેં જાણ્યો નહિ!"..... "જુઓ, તમારે સારુ તમારું ઘર ઉજ્જડ મુકાયું છે !" (લૂક ૧૯:૪૨-૪૪. માથ્થી ૨૩:૩૮.)

યરુશાલેમની અને ઇઝરાયલી પ્રજાની હઠીલાઈને કારણે, આખરે ઇ.સ.

૭૦માં એ બધું એને માથે ભયંકર રીતે આવી પડયું ને ! એમ હઠીલું રશિયા ચેતવણીને નહિ ગણકારે, અને આખરે ભવિષ્યકથનનો ઉગ્ર વિનાશ એના ઉપર આવી પડવાનો ! ઈશ્વર રશિયાને હવે જાણે કહે છે કે, "વારુ ત્યારે, તારી ઇચ્છા પ્રમાણે થાઓ."

> "હું તને પાછો ફેરવીશ, ને તારાં જડબાંમાં કડીઓ ઘાલીને તને બહાર ખેંચી કાઢીશ" (૩૮:૪); તેમ જ "હું તને પાછો ફેરવીને દોરી લઈ જઈશ,...." (૩૯:૨.)

રશિયા ઇઝરાયલ ઉપર આક્રમણ કરવા નીકળ્યું હશે, પણ ગભરાટના કોઈક સમાચારથી (દાનિયેલ ૧૧:૪૪) તે પાછું વળશે. પણ સંજોગો એવા ઊભા થશે કે રશિયાને સામેના આક્રમણમાં આગળ વધવું પડશે. આ કલમો બતાવે છે કે સંજોગોનો સંચાલક ઈશ્વર છે. અને, આપણે તદ્દન શરૂઆતે જોયું હતું તેમ, આખરે તો ઈશ્વરના ઠરાવો પ્રમાણે બધું બને છે.

આજે રશિયામાં સામ્યવાદ કદાચ ઓસર્યો લાગે છે. પણ બાઈબલનું ભવિષ્યકથન છે તેટલું જ સત્ય રહે છે. અમે એ જ પ્રમાણે બનનાર છે. રશિયા અને એનાં મિત્ર રાજ્યો મંડળીના ગગનગમન પછી ઇઝરાયલ સામે ભારે આક્રમણ કરશે. રશિયામાં સામ્યવાદ હોય કે બીજો કોઈ વાદ હોય, બાઈબલના ભવિષ્યકથન સાથે કોઈ નિસ્બત નથી.

# પ્રકરણ-૪

# રશિયાને પડકાર કરનારી પ્રજાઓ

"શેબા, દેદાન તથા તાર્શીશના વેપારીઓ, તેના સર્વ જુવાન સિંહો સુદ્ધાં, તને કહેશે કે, શું તું લૂંટ કરવા આવ્યો છે ? શું પકડી જવાને, સોનુંરૂપું લૂંટી લેવાને, ઢોરઢાંક તથા માલમિલકત હરી જવાને, ને ભારે લૂંટ કરવાને તેં તારું સૈન્ય એકઠું કર્યુ છે ?" (હઝકીએલ ૩૮:૧૩.)

રશિયા ઇઝરાયલ સામે પોતાનું આક્રમણ લઈને જશે, તે સમયે કેટલીક પ્રજાઓ એનો વિરોધ કરશે તથા એને પડકારશે. આ કઈ કઈ પ્રજાઓ છે તે આપણે જોઈએ :

## ૧. શેબા :

બાઈબલના લગભગ બધા અભ્યાસકો આ બાબતમાં સ્પષ્ટ છે કે શેબા કોઈ આરબ પ્રજા છે, અને દક્ષિણ અરબસ્તાનમાં રહે છે. ઘણી બધી આરબ પ્રજાઓ તો ઇઝરાયલ વિરોધી છે. અને કેટલીક આરબ પ્રજાઓ રશિયા સાથે જોડાશે; પણ કેટલીક આરબ પ્રજાઓ રશિયાવિરોધી હોઈને રશિયાના ઇઝરાયલ સામેના આક્રમણને પડકારશે.

વંશાવળીઓમાં આ નામવાળા ત્રણ પુરુષ આપ્યા છે :

(૧) કુશના પુત્ર રાઅમાહનો પુત્ર (ઉત્પત્તિ ૧૦:૭);

(૨) યોક્ટાનનો પુત્ર (ઉત્પત્તિ ૧૦:૨૮); અને

(૩) આબ્રાહમની પત્ની કટૂરાહનો પૌત્ર (ઉત્પત્તિ ૨૫:૩.) ઉપરના ત્રણમાંથી પહેલા અને ત્રીજા સાથે એમના ભાઈ દેદાનનું નામ પણ જોડવામાં આવ્યું છે. આવાં બે સરખાં નામવાળાં બે આરબ જૂથો હતાં : એક યોક્ટાનથી ઊતરી આવેલું અને દક્ષિણ અરબસ્તાનમાં રહેતું; અને બીજું જૂથ અરબસ્તાનની ઉત્તરે ઈરાનના અખાત નજદીક તથા યૂફ્રેતીસ નદીના મુખ પાસે હતું.

## ૨. દેદાન :

વેપારી આરબો, અને અદોમની પાસે, ઉત્તર અરબસ્તાનમાં રહેતા લોકો. તેઓ પણ રશિયાને પડકારશે.

## ૩. તાર્શીશના વેપારીઓ :

તાર્શીશ એટલે ક્યો દેશ ? ત્રણ જુદા જુદા દેશ સૂચવવામાં આવે છે. કેટલાક સ્પેનના દક્ષિણ ભાગને તાર્શીશ કહે છે; બીજા કેટલાક ઉત્તર આફ્રિકાને તાર્શીશ ગણે છે. પણ બહુ મોટા ભાગના અભ્યાસકો ગ્રેટ બ્રિટનને તાર્શીશ માને છે. ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બાઈબલ એન્સાઈક્લોપેડિયા કહે છે કે હિબ્રૂ લોકોની જાણમાં હતો એવો પશ્ચિમી દુનિયાનો સૌથી છેવાડામાં છેવાડો પ્રદેશ એ તાર્શીશ. એ ઉપરથી પણ ઈંગ્લાંડ યા ગ્રેડ બ્રિટનને તાર્શીશ ગણી શકાય. એટલે જ યૂના નિનવેહ જવાને બદલે દેવની હજૂરમાંથી (દૂર દૂર) તાર્શીશ નાસી જતો હતો.

"તાર્શીશના વેપારીઓ" વહાણો દ્વારા દુનિયાભરમાં વેપાર કરતા હતા. આ ભવિષ્યવાણી લખાઈ એ અરસામાં દૂર દૂર પશ્ચિમમાં, અને જિબ્રાલ્ટરનીયે પેલેપારનો ક્યો દેશ હતો જ્યાંથી વેપારી વહાણો આવતાં, તેમ જ દૂર દૂરનાં પરદેશી બંદરોએ લાંગરતાં ? આ વર્ણન માત્ર ઈંગ્લાંડ યા ગ્રેટ બ્રિટનને લાગુ પડે છે. દક્ષિણ સ્પેનના અજાણ્યા કિનારાને અથવા ઉત્તર આફ્રિકાના કંઠારપ્રદેશને આ 'તાર્શીશ' નામ બંધબેસતું નથી આવતું.

વળી સ્પેન કે ઉત્તર આફ્રિકાને ઇઝરાયલના ભાવિ માટે હેતાળ લાગણી ન જ સંભવી શકે. પણ ઇઝરાયલ માટે ઈંગ્લાંડને એવી કુણી લાગણી ખરી. "બાલ્ફરનો ઢંઢેરો" (૨-૧૧-૧૯૧૭) બજવીને ઈંગ્લાંડે જ ઇઝરાયલને પાલેસ્તાઈન વસવાટ માટે આપ્યું હતું. વળી રશિયાની સામે ઈંગ્લાંડ કે અમેરિકા સિવાય કોણ અસરકારક અને જોરદાર પડકાર કરી શકે ? દક્ષિણ સ્પેન કે ઉત્તર આફ્રિકા એવો પડકાર આપી શકે તેમ નથી. ફક્ત ઈંગ્લાંડ જ એમ કરી શકે.

વળી **'તેના જુવાન સિંહો સુદ્ધાં,'** આ બાઈબલપાઠમાં **'સિંહ'** શબ્દ વાપર્યો છે. ક્યા દેશના રાજચિહ્ન તરીકે **'સિંહ'**નું ચિહ્ન છે ? હા, અમુક અમુક પ્રજાઓનું ચિહ્ન સિંહ છે, પણ **'સિંહ'** તરીકે બહુ જાણીતું ઈંગ્લાંડનું જ ચિહ્ન છે. **'તેના જુવાન સિંહો'** એટલે કોણ ? આ વર્ણન બીજા કોઈને લાગુ પડતું નથી સિવાય કે ઈંગ્લાંડ. ઈંગ્લાંડની બ્રિટિશ પ્રજામાંથી કેટલા બધા જુવાન

અથવા નવા થયેલા દેશો છે ! - યુ.એસ.અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલાંડ, અને આફ્રિકી સંસ્થાનો ! આ બધા નવા થયેલા તેમ જ બળવાન દેશો છે. "તેના જુવાન સિંહો" એ શબ્દો ઈંગ્લાંડ તથા એમાંથી નીકળેલા આ બધા દેશોને કેવા બંધબેસતા આવે છે !

વળી આજેય રશિયાનો વિરોધ કરનારા કે એને પડકારનારા એ જ દેશો છે ને ! રશિયાના આક્રમણ વખતે તેઓ જ પડકારશે એ કેટલું વાસ્તવિક લાગે છે ! વળી આ દેશો જ આજે ઈઝરાયલની તરફદારી કરી રહ્યા છે, અને ઈઝરાયલ તરફ અમીભરી આંખે જોઈ રહ્યા છે ! રશિયાના આક્રમણકાળે પણ એ દેશો જ ઈઝરાયલની તરફદારી કરશે એ પણ કેટલું વાસ્તવિક લાગે છે !

હા, ૧૯૪૭-૪૮માં, અને તે અગાઉ પણ, ઈઝરાયલના અસલ વતનના ભાગલા પાડવામાં આ દેશોનો જો હાથ હશે, તો તે બાબતે ઈશ્વર તેમનો ન્યાય જરૂર કરશે. કારણ, પ્રભુ પરમેશ્વરે આ પ્રમાણે કહ્યું છે :

> "ત્યારે હું સર્વ પ્રજાઓને એકઠી કરીને તેમને યહોશાફાટની ખીણમાં દોરી લાવીશ; અને **મારા લોક, એટલે મારો વારસો ઈઝરાયલ, જેને તેઓએ ભિન્ન પ્રજાઓમાં વિખેરી નાખીને મારો દેશ વહેંચી લીધો છે,** તેને સારુ હું તેમની આગળ વકીલાત કરીશ." (યોએલ ૩: ૨.)

પણ સાથે સાથે એ પ્રજાઓએ ઈઝરાયલ પ્રજાને મદદ કરી હશે તો તેનો બદલો અને આશીર્વાદ તેઓ પામ્યા વગર રહેશે નહિ. કારણ, પ્રભુ યહોશાફાટની ખીણમાં ભેગી થયેલી પ્રજાઓમાંથી અમુકને એમ પણ કહેશેઃ

> "મારા પિતાના આશીર્વાદિતો, આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો; કેમ કે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખવડાવ્યું; હું તરસ્યો હતો, ત્યારે તમે મને પાણી પાયું; હું પારકો હતો, ત્યારે તમે મને પરોણો રાખ્યો; હું નાગો હતો, ત્યારે તમે મને વસ્ત્ર પહેરાવ્યાં; હું માંદો હતો, ત્યારે તમે મને જોવા આવ્યા; હું કેદમાં હતો, ત્યારે તમે મારી ખબર લીધી......."
>
> **"...હું તમને ખચીત કહું છું કે, આ મારા ભાઈઓમાંના (યહૂદીઓમાંના) બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું."** (માથ્થી ૨૫:૩૪-૩૬,૪૦.)

# પ્રકરણ-૫

# રશિયાના આક્રમણનાં પરિણામ

રશિયા અને તેની સાથી-પ્રજાઓ ઇઝરાયલ ઉપર ભારે આક્રમણ લઈ જશે, પણ તેમાં રશિયા અને તેની સાથી પ્રજાઓનો સમૂળો નાશ થશે. એ વિષે ભવિષ્યવાણીનો પાઠ આ પ્રમાણે છે :

"વળી પ્રભુ પરમેશ્વર કહે છે કે, ગોગ ઇઝરાયલના દેશ પર ચઢી આવશે તે દિવસે મારા કોપનો ધુમાડો ઊંચે ચઢીને મારાં નસકોરાંમાં પેસશે. કેમ કે મારા આવેગમાં ને મારા ક્રોધાગ્નિમાં હું બોલ્યો છું કે, નક્કી તે દિવસે ઇઝરાયલના દેશમાં એટલો મોટો ધરતીકંપ થશે કે, સમુદ્રનાં માછલાં, ખેચર પક્ષીઓ, જંગલી શ્વાપદો, ને જમીન પર પેટે ચાલનારાં સર્વ પ્રાણીઓ, ને પૃથ્વીના પૃષ્ઠ પરનાં સર્વ મનુષ્યો, મારી હાજરીથી કાંપશે.

"પર્વતો ઊથલી પડશે, સીધી ભેખડોવાળી જગાઓ પડી જશે, ને દરેક ભીંત પડીને જમીનદોસ્ત થશે. હું તરવારને હુકમ કરીને મારા સર્વ પર્વતો પર તેની વિરુદ્ધ બોલાવીશ, એવું પ્રભુ પરમેશ્વર કહે છે. દરેક માણસની તરવાર તેના ભાઈની વિરુદ્ધ થશે."

"વળી હું મરકીથી તથા ખૂનરેજીથી તેને શિક્ષા કરીશ; અને હું તેના ઉપર, તેનાં સૈન્ય ઉપર તથા તેની સાથેના ઘણી જાતના લોકો ઉપર પૂર લાવે એવો વરસાદ, મોટા કરા, અગ્નિ તથા ગંધક વરસાવીશ. હું મારું પોતાનું માહાત્મ્ય તથા પવિત્રતા વિદિત કરીશ, ને હું ઘણી પ્રજાઓની દ્રષ્ટિમાં પોતાને પ્રગટ કરીશ; ત્યારે તેઓ જાણશે કે હું પરમેશ્વર છું." (હઝકીએલ ૩૮:૧૮-૨૩.)

"હું તારા ધનુષ્યને ફટકો મારીને તારા ડાબા હાથમાંથી પાડી નાખીશ, ને તારાં બાણોને તારા જમણા હાથમાંથી પાડી નાખીશ. તું તથા તારાં સર્વ લશ્કરો તથા તારી સાથેની પ્રજાઓ ઇઝરાયલના પર્વતો

પર માર્યા જશો. હું તને સર્વ પ્રકારનાં ફાડી ખાનાર પક્ષીઓને તથા જંગલી શ્વાપદોને ભક્ષ તરીકે આપીશ.

"વળી હું માગોગ પર તથા જેઓ દરિયાકિનારે નીડર થઈને રહે છે તેઓ પર અગ્નિ મોકલીશ; ત્યારે તેઓ જાણશે કે હું પરમેશ્વર છું....પ્રભુ પરમેશ્વર કહે છે કે, જુઓ, તે આવે છે, તે અમલમાં આવશે જ; જે વિષે હું બોલ્યો છું તે દિવસ આ છે." ( હઝકીએલ ૩૯:૩-૬,૮.) (આ સિવાય પણ વાંચો : હઝકીએલ ૩૯:૧૧-૧૩, ૧૭-૨૦.)

આ જે બાઈબલપાઠ આપણે જોયો તેમાંના થોડાક મુદ્દા જોઈ લઈએ. આ પાઠ ઉપર લંબાણથી ચર્ચા કરીશું નહિ, કારણ, બધું દીવા જેવું સ્પષ્ટ લખેલું છે, અને ઝાઝા વિવરણની જરૂર પડે તેમ નથી. ઈશ્વર રશિયા અને તેની સાથી-પ્રજાઓનો નીચે જણાવેલાં સાધનો દ્વારા નાશ કરશે. ટૂંકમાં એક પછી એક એ સાધનો વિષે જોઈ લઈએ ;

### ૧. ધરતીકંપ :

આ ધરતીકંપ ઈશ્વરની હાજરીનું ભાન કરાવશે. "મારી હાજરીથી સર્વ કાંપશે." આ ધરતીકંપની અસરો આખી પૃથ્વી પર જોવામાં આવશે. અને સર્વત્ર અંધાધૂંધી ફેલાશે. વિશ્વના બનાવનાર ઈશ્વર પોતે છે, અને પોતાની ઈચ્છા પ્રમાણે તે સૃષ્ટિની શક્તિઓને પોતાનાં હથિયારો તરીકે વાપરી શકે છે. ધરતીકંપ, વંટોળિયા, જળનિધિના ઝરા, આકાશમાં દમકતી વીજળી, ગર્જનાઓ, કરાં કે અગ્નિ, -એ બધાં ઈશ્વરના સૈનિકો અને સેવકો છે. ઈશ્વરે પોતાના સર્વસમર્થપણાનું પરાક્રમ પ્રગટ કરે છે ત્યારે ઈશ્વર પ્રત્યે શંકા સેવતી પ્રજાઓને ઈશ્વરની શક્તિનું ભાન થાય છે. નિરીશ્વરવાદી રશિયાને પણ આખરે એ ભાન થશે, પણ ત્યારે એનો અંત આવી જશે.

રશિયાનું આક્રમણ મોટે ભાગે પ્રકટીકરણની બીજી મુદ્રા તોડવાના સમયે થશે. અને તે વખતે આ ધરતીકંપ થશે. એ પછી છઠ્ઠી મુદ્રા વખતે (પ્રકટીકરણ ૬:૧૨), સાતમી મુદ્રા વખતે (પ્રકટી. ૮:૫), બીજી આપત્તિ સમયે (પ્રકટી. ૧૧:૧૩), સાતમા રણશિંગડા વખતે (પ્રકટી. ૧૧:૧૯), અને છેલ્લે, સાતમું પ્યાલું રેડાતાં (પ્રકટી. ૧૬:૧૮)-એમ, એટલી વાર ભવિષ્યમાં ધરતીકંપ થશે. અને એ પછી પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર, જૈતૂનના પહાડ ઉપર ઊતરશે

ત્યારે આખી પૃથ્વીને હચમચાવી નાખતો ધરતીકંપ થશે. (ઝખાર્યા ૧૪:૪. સમય : પ્રકટી. ૧૯:૧૧-૧૬.)

આ ધરતીકંપથી લાખો માણસ માર્યા જશે. ઉત્તર પેરૂમાં ૧૯૭૦માં થયેલા ધરતીકંપો દ્વારા ૬૭,૦૦૦ મરી ગયાં હતાં. કોઈકે ગણતરી કરી છે કે છેલ્લાં ચાર હજાર વર્ષમાં એક કરોડ ત્રીસ લાખ જેટલાં માણસો ધરતીકંપો દ્વારા મર્યા છે. સૌથી ભયંકર અકસ્માત તા. ૨૭-૮-૧૮૮૩ના રોજ ડચ ઈસ્ટ ઈન્ડિઝના ક્રાકાતું ટાપુ પર થયો હતો. ત્રણ હજાર માઈલ દૂર આવેલા રોડ્રીગુઝ (દ. અમેરિકા)માં એનો ધડાકો સંભળાયો હતો. સો સો માઈલના વિસ્તારમાં અને ૧૫૦ માઈલ દૂર આવેલા બોન્દુનમાં પણ સૂર્ય દેખાતો જ નહોતો. જ્વાળામુખીની ઊડતી રાખને લીધે ચંદ્ર ઝાંખો રતૂમડો દેખાતો હતો. દરિયામાં ઊછળેલાં મોજાં ૭૦૦૦ માઈલ કેપહોર્ન સુધી ફેલાયાં હતાં. લગભગ ૩૬,૦૦૦ માણસો મરી ગયાં હતાં. વર્ષો પહેલાં 'કુમાર' સામયિકમાં એનું ભયંકર વર્ણન આપવામાં આવ્યું હતું.

## ૨. "દરેક માણસની તરવાર તેના ભાઈની વિરૂદ્ધ થસે." (હઝકીએલ ૩૮ : ૨૧.)

રશિયા અને તેની સાથી-પ્રજાઓનાં મન એવાં આંધળાં બની જશે કે તેઓ માંહોમાંહે એકબીજાને મારશે-કાપશે. જેમ ગીદિયોનના સમયમાં બન્યું કે, "યહોવાએ પ્રત્યેક માણસની તરવાર તેના સાથીની સામે તથા આખા સૈન્યની સામે લાગુ કરી દીધી. (ન્યાયાધીશો ૭;૨૨) તેમ આ રશિયાના આક્રમણ વખતે પણ બનશે. (વળી જુઓ ૧ શમૂએલ ૧૪:૨૦,૨૩, ૨ કાળવૃત્તાંત ૨૦:૨૦-૨૫.)

## ૩. મરકી, ખૂનરેજી, ધોધમાર વરસાદનાં પૂર, મોટા મોટા કરા, અગ્નિ તથા ગંધક :

આ કેવો ભયંકર બનાવ હશે ! ધરાને ધરમૂળથી ધ્રૂજાવી નાખે તેવો ધરતીકંપ, ઉપરાંત વરસાદનાં પૂર, મોટા કરા, અગ્નિ, સળગતો ગંધક ! આ કેવું ભયંકર તાંડવ ! અને આવી અંધાધૂંધીમાં રશિયા અને સાથી-પ્રજાઓ એકબીજાની કાપાકાપી કરશે ! ઈશ્વરને આકાશમાંથી ખદેડી મૂકવાનાં બણગાં ફૂંકતી નિરીશ્વરવાદી પ્રજાના આ કેવા હાલ !

ઈશ્વરે અબ્રાહમને ઇઝરાયલ પ્રજા વિષે કહ્યું છે કે, "જેઓ તને

આશીર્વાદ આપે તેઓને હું આશીર્વાદ આપીશ, ને જેઓ તને શાપ આપે તેઓને હું શાપ આપીશ" (ઉત્પત્તિ ૧૨:૩.) એમ, ઈશ્વરે ઇઝરાયલને કહ્યું છે કે, "જે તમને અડકે છે તે તેની (ઈશ્વરની) આંખની કીકીને અડકે છે." (ઝખાર્યા ૨:૮.) એટલે રશિયા ઇઝરાયલ સામે ચઢી આવે ત્યારે એ નિરીશ્વરવાદી પ્રજાના ઈશ્વર કેવા ભયંકર હાલ કરે !

યહોશુઆના સમયમાં પેલા પાંચ અમોરી રાજાઓ સાથેના યુદ્ધ વિષે આમ લખ્યું છે : "ત્યારે એમ થયું કે, અઝેકાહ સુધી યહોવાએ તેઓ ઉપર આકાશમાંથી મોટા મોટા કરા વરસાવ્યા, ને તેઓ મરણ પામ્યા; જેઓને ઈઝરાયલપુત્રોએ તરવારથી માર્યા હતા, તેમના કરતાં જેઓ કરાથી માર્યા ગયા તેઓ વધારે હતા." (યહોશુઆ ૧૦; ૧૧.) પ્રકટીકરણ ૧૬;૨૧માં મહા વિપત્તિના સમયમાં ઈશ્વર કરાથી માણસોને મારશે, એ વખતે આકાશમાંથી એક એક મણના કરા પડશે.

ઈઝરાયલના મૃત સરોવરના વિસ્તારમાં પુષ્કળ ગંધક આવેલો છે. ગંધક સળગે ત્યારે મૂંઝામણ થાય એવી ધુમાડી એમાંથી નીકળે છે, અને વિસ્તારોના વિસ્તાર સુધી ગંધક સળગતો જ જાય છે. એની ધુમાડીથી મૃત્યુ પણ નીપજે છે.

## ૪. રશિયા અને તેની સાથેનાં બધાં મૃત્યુ પામશે :

> 'તું તથા તારાં સર્વ લશ્કરો તથા તારી સાથેની પ્રજાઓ ઈઝરાયલના પર્વતો પર માર્યા જશો.' (હઝકીએલ ૩૯:૪.) વળી 'તું ખુલ્લા મેદાનમાં પડશે.' (હઝકીએલ ૩૯:૫.)

પ્રભુએ પોતાના પયગંબરની મારફતે ભાખેલી ભવિષ્યવાણી પ્રમાણે જ નક્કી બનશે, અને રશિયા તથા તેની સાથે આવેલી સર્વ પ્રજાઓ આ યુદ્ધમાં નાશ પામશે. *

---

* અંગ્રેજીમાં અધિકારયુક્ત આવૃત્તિ (A.V.), જે કિંગ જેમ્સ આવૃત્તિ તરીકે પણ ઓળખાય છે, તેમાં પાઠફેરને લીધે ૩૯:૧ માં આ પ્રમાણે છે :

"And I Will turn thee back." **(= હું તને પાછો ફેરવીશ,)** "and leave but the sixth part of three." **(= અને તારો છઠ્ઠો ભાગ જ હું રહેવા દઈશ.)** એટલે કે આવેલા અસંખ્ય સૈનિકોમાંથી ૫/૬ લોકો મરી જશે, અને ફક્ત છઠ્ઠા ભાગ જેટલા જ બચીને પાછા ફરશે. પણ એ બરાબર નથી. બીજી બધી જ અંગ્રેજી

આ બધાં લશ્કરોની સંખ્યા આપવામાં નથી આવી, પણ કદાચ કેટલાયે કરોડ સૈનિકોનાં એ લશ્કરો હશે. અને એ બધાં મરી જશે.

## ૫. આ બધાં મરેલાં લશ્કરો માંસાહારી પક્ષીઓ અને હિંસક પ્રાણીઓનો આહાર બનશે :

"હું તને સર્વ પ્રકારનાં ફાડી ખાનાર પક્ષીઓને તથા જંગલી શ્વાપદોને ભક્ષ તરીકે આપીશ." (હઝકીએલ ૩૯:૪.)

"વળી, હે મનુષ્યપુત્ર, પ્રભુ પરમેશ્વર કહે છે કે, દરેક જાતના પક્ષીને તથા દરેક જંગલી શ્વાપદને કહે કે, તમે ટોળે થઈને આવો; જે બલિદાન, હા, મહા બલિદાન હું ઈઝરાયલના પર્વતો પર તમારે સારુ કરું છું ત્યાં આગળ માંસ ખાવાને તથા રક્ત પીવાને ચોદિશાથી એકઠાં થઈને આવો. તમે શૂરવીરોનું માંસ ખાશો, ને પૃથ્વીના સરદારોનું રક્ત પીશો, મેંઢાઓનું, હલવાનોનું, બકરાઓનું, તથા ગોધાઓનું પણ, એ સર્વ તો બાશાનનાં પુષ્ટ જાનવરો છે. જે બલિદાન મેં તમારે સારુ આપ્યું છે તેનો મેદ તમે ધરાતાં સુધી ખાશો, ને તેનું રક્ત તમે મસ્ત થતાં સુધી પીશો. મારા પીરસેલા જમણમાં તમે ઘોડાઓથી, રથોથી, શૂરવીર માણસોથી તથા યોદ્ધાઓથી તૃપ્ત થશો, એમ પ્રભુ પરમેશ્વર કહે છે.' (હઝકીએલ ૩૯:૧૭-૨૦.)

આ બધાં સૈન્યોનાં અગણિત મુડદાં ઈઝરાયલના દેશમાં પડશે. એમનો નિકાલ જલદી થવો જોઈએ, એટલે "ઈશ્વરની મ્યુનિસિપાલિટીના સફાઈ-

---

આવૃત્તિઓમાં આપણા ગુજરાતી પાઠ જેવું જ છે. તેમ જ ૩૯:૫ પ્રમાણે એ સુસંગત છે. વળી ૩૯:૧૧માં પણ એવો અર્થ નીકળે છે : "ત્યાં તેઓ ગોગને તથા **તેના સર્વ સમુદાયને દાટશે.**"

કોઈ 'અધિકારયુક્ત આવૃત્તિ'માં **હાંસિયામાં** "તારો છઠ્ઠો ભાગ જ હું રહેવા દઈશ," એને બદલે "હું તને છ અનર્થોથી મારીશ," એમ લખેલું હોય છે. એ પણ બરોબર નથી. હઝકીએલ ૩૮:૨૨માં છ અનર્થો આપેલા છે : મરકી, ખૂનરેજી, પૂર લાવે તેવો વરસાદ, મોટા કરા, અગ્નિ તથા ગંધક. કેટલાક એમ પણ તરજુમો કરે છે કે "..draw thee back with an hook of six teeth." (**"હું તને છ દાંતવાળી કડીથી પાછો ખેંચી લાવીશ."**) (સરખાવો ૩૮:૪.) એ તરજુમો પણ બરાબર નથી. ગોગ અને તેનું લશ્કર, તથા આવેલી બીજી પ્રજાઓ, -એ સર્વ માર્યાં જશે.

કામદારો" ઝડપથી કામે લાગી જશે. ઉપરની કલમોમાં આપણે જોયું તેમ દરેક જાતનાં માંસભક્ષી પક્ષીઓને તથા શ્વાપદો (પ્રાણીઓ) ને ઈશ્વર આમંત્રણ આપે છે ! મરી ગયેલા સૈનિકોનાં મુડદાં એ બધાંનો ભક્ષ બની રહેશે. ઈઝરાયલમાંથી આવતા કાગળો તથા હેવાલો ઉપરથી જાણવા મળે છે કે, મોટાં મોટાં ગીધોની અનેક જાતો અને એ શિકારી પક્ષીઓની સંખ્યા અતિ ઝડપથી હાલમાં વૃદ્ધિ પામી રહી છે, જાણે કે ટૂંક મુદતમાં આવનાર આ મહા યુદ્ધ માટે તેઓ તૈયારી ન કરી રહ્યાં હોય !

## ૬. રશિયા અને અન્ય કેટલીક પ્રજાઓના દેશો પર પ્રભુ અગ્નિ મોકલશેઃ

> "વળી હું માગોગ પર તથા જેઓ દરિયાકિનારે નીડર થઈને રહે છે તેઓ પર અગ્નિ મોકલીશ." (હઝકીએલ ૩૯:૬.)

માગોગ એટલે ગોગ જેનો સરદાર છે તે દેશ, એટલે કે રશિયા. એ રશિયા ઉપર તમે જ દરિયાકિનારે રહેતી કેટલીક અન્ય પ્રજાઓ ઉપર ઈશ્વર અગ્નિ મોકલશે. એ બધીનાં લશ્કરો તો યુદ્ધમાં ઈઝરાયલના પર્વતો પર સંહાર પામ્યાં હશે; પણ તેમના ઘેર વતનના દેશોમાં પણ પ્રભુ અગ્નિ દ્વારા વિનાશ લાવશે. એ રીતે ઈશ્વર તેઓની ઉપર ન્યાયદંડ લાવશે.

"દરિયાકિનારે નીડર થઈને રહેતી" એ કઈ કઈ પ્રજાઓ હશે તે વિષે કંઈ ઉલ્લેખવામાં આવ્યું નથી. જે પ્રજાઓનાં લશ્કરોએ રશિયા સાથે ભાગ લીધો માત્ર એ જ પ્રજાઓની અહીં વાત હોય, તો એમાંની આટલી પ્રજાઓ દરિયાકિનારે આવેલી છે : રશિયાનો ઉત્તર ભાગ આર્કિટક સમુદ્ર પર તથા પૂર્વ સાઈબિરિયન સમુદ્ર પર આવેલો છે. વળી કેટલોક ભાગ પાસિફિક મહાસાગરને કાંઠે આવેલો છે. વળી કાસ્પીઅન સમુદ્ર અને બ્લેક સમુદ્રકાંઠે આવેલા છે.

જો યુગોસ્લાવિયા, રૂમાનિયા, અને બલ્ગેરિયા યુદ્ધમાં જોડાયાં હોય તો તેઓની આમાં ગણતરી થાય. એ ત્રણે દેશો અનુક્રમે આડ્રિઆટિક સમુદ્ર અને બાકીનાં બે બ્લેક સમુદ્રકાંઠે આવેલાં છે. બલ્ગેરિયાનો દક્ષિણ ભાગ એજિયન સમુદ્રકાંઠે છે.

આ ઉપરાંત તોગાર્માહ (તુર્કસ્તાન) પણ બ્લેક સમુદ્ર તેમ જ દક્ષિણે ભૂમધ્ય સમુદ્રકાંઠે આવ્યું છે. ઈરાન કાસ્પીઅન સમુદ્રના તથા ઈરાનના

અખાતના કાંઠે આવેલો છે. ઈથિયોપિયા રાતા સમુદ્રકાંઠે છે. લિબિયા ભૂમધ્ય સમુદ્રકાંઠે છે.

આ સિવાય જે પ્રજાઓનાં નામ આપવામાં આવ્યાં નથી, પણ એમના વિષે આટલો ઉલ્લેખ છે કે, "તથા તારી સાથે એવી ઘણી પ્રજાઓને બહાર લાવીશ" (૩૮:૬), - અને એ બધી યુદ્ધમાં ઊતરી હતી તેઓ પણ આ ગણતરીમાં આવી ગઈ હશે. વળી જે પ્રજાઓ યુદ્ધમાં ન ઊતરી હોય એવી અન્ય કોઈ પ્રજાઓના દેશો પર અગ્નિ ઊતર્યો હશે કે કેમ તે આપણે જાણતા નથી.

જે જે પ્રદેશો પર અગ્નિ મોકલવામાં આવ્યો હશે તે, બહુધા, રશિયાની તરફદારી કરનારા દેશો હશે.

## ૭. યુદ્ધનાં અસ્ત્રોશસ્ત્રો ઇઝરાયલ પ્રજા સાત વર્ષ સુધી બાળવાના કામમાં લેશે :

> "ઇઝરાયલનાં નગરોના રહેવાસીઓ બહાર આવીને યુદ્ધશસ્ત્રોને, એટલે ઢાલો તથા ઢાલડીઓને, ધનુષ્યો, બાણો, હાથભાલા તથા બરછીઓને બાળીને સળગાવી દેશે, ને તેઓ સાત વરસ સુધી તેમને બાળશે. તેથી તેઓ સીમમાંથી કંઈ લાકડાં વીણી લાવશે નહિ, ને વનમાંથી કંઈ પણ કાપી લાવશે નહિ; કેમ કે તેઓ યુદ્ધશસ્ત્રો બાળશે...." (હઝકીએલ ૩૯:૯-૧૦.)

આ કલમો વિષેનું વિવરણ વિસ્તારપૂર્વક અગાઉ આપવામાં આવ્યું છે, જે આના અનુસંધાનમાં જોઈ લેવા વિનંતી છે.

## ૮. લશ્કરોનાં મુડદાંને હામોન-ગોગની ખીણમાં દાટવામાં આવશે :

> "તે દિવસે ઇઝરાયલમાં કબરસ્તાનને સારુ ગોગને સમુદ્રને પૂર્વ કાંઠે જઈને જનારાઓની ખીણ હું આપીશ; તે ત્યાં જઈને જનારાઓને અટકાવશે, અને ત્યાં તેઓ ગોગને તથા તેના સર્વ સમુદાયને દાટશે. લોકો તેને, હામોન-ગોગની ખીણ, એ નામથી ઓળખશે. તેમને દાટી દઈને ભૂમિને સ્વચ્છ કરતાં ઇઝરાયલ લોકને સાત માસ લાગશે. દેશના સર્વ લોકો તેમને દાટશે; પ્રભુ પરમેશ્વર કહે છે કે, હું મારો પોતાનો

મહિમા પ્રગટ કરીશ તે દિવસે તે તેઓને માટે કીર્તિરૂપ થશે.

"તેઓ અમુક માણસોને જુદા કાઢશે જેઓ આ કામમાં જાથુ લાગુ રહે, તેઓ ત્યાં થઈને જનારાઓનાં મુડદાં જેઓ ભૂમિની સપાટી પર રહી ગયાં હોય તેઓને દાટીને ભૂમિ સાફ કરવા સારુ, દેશમાં સર્વત્ર ફરે; સાત મહિના પછી તેઓ શોધ કરે. દેશમાં ફરનારા તેમાં સર્વત્ર ફરે; અને જ્યારે કોઈ માણસ મનુષ્યનું હાડકું જુએ ત્યારે તે તેની પાસે કંઈ એંધાણી ચોઢે, ને પછી દાટનારાઓ તેને હામોન-ગોગની ખીણમાં દાટે. એક નગરનું નામ પણ હામોનાહ [એટલે સમુદાય] પડશે. એમ તેઓ દેશને સ્વચ્છ કરશે." (હઝકીએલ ૩૯:૧૧- ૧૬.)

લાખોના લાખ મુડદાંનો નિકાલ કરવો એ જેવું તેવું કામ નથી. ઈઝરાયલ લોકોને એ કામ પાર પાડતાં સાત મહિના લાગશે. તેઓ એ શબોને બાળશે નહિ, પણ દાટશે. આખો બાઈબલપાઠ બરાબર વાંચતાં એમ લાગે છે કે માત્ર અમુક નીમેલા માણસો જ નહિ, પણ સહુ ઈઝરાયલીઓ આ કામ કરે. 'દેશના સર્વ લોકો તેઓને દાટશે.' (૩૯: ૧૩.) તેમના મહા શત્રુનાં સૈન્યો કાયમ માટે નાશ પામ્યાં છે. એ માટે તેઓ કદાચ ઉમંગથી આ કાર્ય કરશે.

એ પછી, એટલે કે સાત મહિના પછી, **'તેઓ અમુક માણસોને જુદા કાઢશે જેઓ આ કામમાં જાથુ લાગુ રહે." 'સાત મહિના પછી તેઓ શોધ કરે,"** કે કોઈ સ્થળે કોઈ શબ કે હાડકાં કે હાડકું હજી પડયાં છે. તેઓ એવી જગાએ નિશાની ઊભી કરે એ માટે કે એવાં રહ્યાંસહ્યાં હાડકાં કે શબ એકઠાં કરનાર ટોળીઓ એ બધું લઈ જઈને દફનાવે.

આધુનિક ઈઝરાયલમાં ટ્રકો અને મોટર-ખટારા અને તેમનાં ટ્રેઈલરો ભરીભરીને ઠરાવેલા સ્થળે નાખી આવશે. એ ઠરાવેલું સ્થળ 'હામોનાહ' નામનું નગર થશે. એને 'હામોન-ગોગ" પણ કહેવામાં આવ્યું છે. 'હામોન-ગોગ' એટલે "ગોગનો સમુદાય", અને "હામોનાહ" એટલે "સમુદાય". એ ભવિષ્યના નગરનું ભૌગોલિક નામ બે રીતે દર્શાવ્યું છે ;

૧. **"સમુદ્રને પૂર્વ કાંઠે"** -"ન્યુ ઈન્ટરનેશનલ બાઈબલ" ફૂટનોટમાં એટલે કે હાંસિયામાં એનો અર્થ એવો આપ્યો છે : એટલે કે **મૃત સરોવર.** અંગ્રેજીમાં એને 'ડેડ સી' (અથવા મૃત સમુદ્ર) કહ્યો છે. વળી 'ગુડ ન્યુઝ બાઈબલ'માં રીતસરનો 'ડેડ સી' (મૃત સમુદ્ર) શબ્દ બાઈબલપાઠમાં જ વાપર્યો છે. આ મૃત સરોવર યર્દન નદીના છેડે આવેલું છે. એ મૃત

સરોવરનો પૂર્વ ભાગ તે હાલના ઇઝરાયલ અને જોર્ડન રાજ્ય વચ્ચેનો (યર્દન નદીનો પૂર્વ તરફનો)ભાગ.

૨. **"થઈને જનારાઓની ખીણ."** કદાચ મૃત સરોવરના પૂર્વકાંઠાની ખીણનું એવું નામ પડેલું હશે, તેથી 'ગુડ ન્યુઝ બાઈબલ'માં : Travellers' Valley એમ કેપિટલ અક્ષરોમાં આપ્યું છે.

આ બધા વર્ણન પરથી લાગે છે કે કરોડો શબો હશે. બાઈબલપાઠમાં રશિયાના પોતાના લશ્કરની સંખ્યા માટે 'મોટો સમુદાય' (૩૮:૪), અને સાથે આવેલી પ્રજાઓ માટે 'ઘણી પ્રજાઓ' (૩૮:૯) શબ્દ વાપર્યો છે. એટલે તો કરોડો લોકો થયા ! ઇઝરાયલના કદાચ તે સમયના એક કરોડ લોકોમાંનો એક એક જણ ધારો કે સાત મહિનામાં માત્ર ત્રણ ત્રણ મુડદાં દાટે તોયે ત્રણ કરોડ મુડદાં દટાય. આપણે ચોક્કસ સંખ્યા જાણતા નથી. વિપત્તિનાં સાત વર્ષને અંતે હાર-માગદોનનું યુદ્ધ થનાર છે, તેમાં તો વીસ કરોડ કરતાંયે વધારે મોટું સૈન્ય હશે. (પ્રકટીકરણ ૯:૧૬ "તેઓના ઘોડેસવારોની સંખ્યા વીસ કરોડની હતી.")

**"તે ત્યાં થઈને જનારાઓને અટકાવશે"** (૩૯:૧૧) : એના બે અર્થ નીકળી શકે છે : (૧) અધિકારયુક્ત આવૃત્તિ (કિંગ જેમ્સ આવૃત્તિ) આમ આપે છે ; "It shall stop the noses of the passengers," એટલે કે મુડદાંની દુર્ગંધ એટલી ભારે હશે કે એ ખીણ પાસે થઈને જનારાઓએ નાક દબાવીને ચાલવું પડશે; જ્યારે ' ન્યુ ઈન્ટરનેશનલ આવૃત્તિ' આમ આપે છે : "It Will block the way of the travellers," એટલે કે ખીણમાં દાટવા માટે આણેલાં શબોના એટલા બધા ઢગેઢગ ખડકાયેલા હશે કે, જનારા વટેમાર્ગુઓનો રસ્તો બંધ થઈ ગયો હશે.

# પ્રકરણ-૯

# ઈઝરાયલ પ્રજાનો હૃદયપલટો ઈઝરાયલ ઈશ્વરને અર્પિત પ્રજા બનશે

"હું મારું ગૌરવ સર્વ પ્રજાઓમાં સ્થાપીશ, ને સર્વ પ્રજાઓ મેં જે ન્યાય કરીને શિક્ષા કરી છે તે તથા તેમના પર મેં હાથ નાખેલો છે તે જોશે. એમ ઇઝરાયલ લોકો તે દિવસથી માંડીને જાણશે કે હું પરમેશ્વર તેઓનો પ્રભુ છું. વળી બધી પ્રજાઓ જાણશે કે ઇઝરાયલ લોકો તેમના દુરાચારને લીધે બંદીવાસમાં ગયા; તેઓએ મારો અપરાધ કર્યો, ને મેં પોતાનું મુખ તેઓથી અવળું ફેરવ્યું. તેથી મેં તેઓને તેઓના દુશ્મનોના હાથમાં સોંપ્યા, ને તેઓ સર્વ તરવારથી માર્યા ગયા. તેમની અશુદ્ધતા પ્રમાણે ને તેમના અપરાધો પ્રમાણે મેં તેઓને શિક્ષા કરી; અને મેં મારું મુખ તેઓથી અવળું ફેરવ્યું.' (હઝકીએલ ૩૯:૨૧-૨૪.)

"એ માટે પ્રભુ પરમેશ્વર કહે છે કે, હવે હું યાકૂબની (ઇઝરાયલની) ગુલામીની હાલત ફેરવી નાખીશ, ને ઇઝરાયલની આખી પ્રજા પર કૃપા કરીશ; અને હું પોતાના પવિત્ર નામ વિષે આવેશી હોઈશ. તેઓ પોતાની લજ્જા તથા મારી વિરુદ્ધ પોતે કરેલા સર્વ અપરાધની શિક્ષા ભોગવશે, ત્યાર પછી તેઓ પોતાના દેશમાં નિર્ભયતાથી વસશે, અને કોઈ તેમને બીવડાવશે નહિ. એટલે હું તેઓને અન્ય પ્રજાઓમાંથી પાછા લાવ્યો હોઈશ, ને તેઓના શત્રુઓના દેશોમાંથી તેમને મેં ભેગા કર્યા હશે, ને ઘણી પ્રજાઓની નજર આગળ તેઓ મધ્યે હું પવિત્ર મનાતો હોઈશ ત્યારે તેઓ જાણશે કે હું પરમેશ્વર તેઓનો પ્રભુ છું, કેમ કે મેં તેઓને અન્ય પ્રજાઓમાં બંદીવાસમાં મોકલ્યા, ને પાછા તેઓને પોતાના દેશમાં ભેગા કરીને આણ્યા; અને ત્યાર પછી હું તેઓમાંના કોઈને ત્યાં પડતો મૂકીશ નહિ.

અને હું પછી કદી મારું મુખ તેઓથી અવળું ફેરવીશ નહિ; કેમ કે મેં ઈઝરાયલ લોક પર મારો આત્મા રેડયો છે, એમ પ્રભુ પરમેશ્વર કહે છે." ( હઝકીએલ ૩૯:૨૫-૨૯.)

**"ઈઝરાયલ રાજ્યની ભૌગોલિક સ્થિતિ અને તેમનો ઈતિહાસ"** ના પ્રકરણમાં આપણે જોયું કે ઈશ્વરે ઈઝરાયલ પ્રજાને પોતાની પસંદ કરેલી પ્રજા તરીકે તેડી હતી. અને ઈશ્વરના પસંદ કરેલા પાત્રને, બીજા સૌ કરતાં, વધારે ભોગ આપવાનો હોય છે, અને આત્મિક જીવનમાં સજાગ ચાલવાનું હોય છે. એમ બીજી કોઈ પણ પ્રજા કરતાં ઈશ્વરે આ પ્રજાને વધારેમાં વધારે આશીર્વાદો આપ્યા છે, અને સજા પણ બીજી પ્રજાઓ કરતાં આકરામાં આકરી કરી છે એ બધું આપણે ઉપર બતાવેલા પ્રકરણમાં જોઈ ગયા છીએ.

છેલ્લાં બે હજાર વર્ષ સુધી તેઓ દેશની બહાર દુનિયાભરની ૧૦૪ જેટલી પ્રજાઓમાં નાસતા-ફરતા રહ્યા છે. એ બધી ઈશ્વર તરફની સજા હતી. પણ ઈશ્વરે જ તેમના વિષે કહ્યું હતું કે "હું યાકૂબની ગુલામીની હાલત ફેરવી નાખીશ, ને ઈઝરાયલની આખી પ્રજા પર કૃપા કરીશ,...ત્યાર પછી તેઓ પોતાના દેશમાં નિર્ભયતાથી વસશે, અને કોઈ તેમને બીવડાવશે નહિ." (હઝકીએલ ૩૯:૨૫,૨૬.) એ અને બીજાં કેટલાંયે બધાં એવાં ભવિષ્યવચનો પ્રમાણે પ્રભુ તેમને હવે પાછા વચનના દેશમાં લાવ્યો છે, અને તેમનું રાજ્ય પણ સ્થપાયું છે.

ઈશ્વરે ઈઝરાયલ પ્રજાને તેમના અપરાધોની સજા કરવા બીજી પ્રજાઓને પણ સાધન તરીકે વાપરી છે. દાખલા તરીકે, ઈ.પૂર્વે ૬૦૬માં (અને તે પછી ઈ.પૂર્વે ૫૯૭ અને ૫૮૬માં) બાબિલોન સામ્રાજ્યના સમ્રાટ નબુખાદનેસ્સારને ઈઝરાયલની સામે ઈશ્વર ચઢાવી લાવ્યો હતો, અને ઈઝરાયલ પ્રજાને ૭૦ વર્ષની ગુલામીમાં લઈ જવામાં આવી હતી. આમાં નબુખાદનેસ્સારને પ્રભુએ વાપર્યો. (યિર્મેયા ૨૫:૯.) હા, ઈશ્વરે એને વાપર્યો, એ ખરું, છતાં ઈઝરાયલને ગુલામીમાં લઈ જવાની યોજના અને એ પસંદગીની જવાબદારી નબુખાદનેસ્સારની જ રહે છે. એટલે ઈશ્વર સમય આવ્યે નબુખાદનેસ્સારને પણ સજા કરશે, અને કરી પણ ખરી. (યિર્મેયા ૨૫:૧૧,૧૨.)

## પ્રકરણ-૭

# સર્વમાં ઈશ્વરને મહિમા

પહેલા પ્રકરણના અંત ભાગમાં આપણે જોયું તેમ, પોતાનાં કર્મોની પસંદગીની સંપૂર્ણ જવાબદારી માણસની પોતાની રહે છે. અને એ કર્મોનાં પરિણામનું ફળ તેણે ભોગવવાનું રહે છે. આમ છતાં પણ આખરે ઈશ્વરની સનાતન આ યોજના તથા ઈશ્વરના સનાતન ઠરાવો જ પરિપૂર્ણ થાય છે. અને એમ ઈશ્વર જ મહિમાવંત બને છે. માણસોનાં ભલાં કે બૂરાં સર્વ કર્મોને કોઈ અકળ રીતે ઈશ્વર ગૂંથી લઈને પોતાના સનાતન ઠરાવો પ્રમાણે કરે છે. અને આખરે ઈશ્વરને મહિમા મળે છે.

રશિયા પોતાની મનસ્વી ઇચ્છા પ્રમાણે પોતાને નિરીશ્વરવાદી અને ઈશ્વરવિરોધી ગણે છે, અને એવી જ મનસ્વી ઇચ્છાથી તે ઇઝરાયલ ઉપર ચઢાઈ કરનાર છે. રશિયા સાથે આક્રમણમાં જોડાનાર અન્ય પ્રજાઓ પણ પોતાની ઇચ્છાથી જ એમાં જોડાશે. પણ રશિયા તથા એ સર્વ પ્રજાઓનો આખરે એ આક્રમણમાં કાયમી નાશ થશે, અને અંતે એમાં ઈશ્વર જ મહિમાવંત બનશે, એવું ભવિષ્યવચનમાં વારંવાર લખવામાં આવ્યું છે :

**"જેથી સર્વ પ્રજાઓની નજર આગળ હું તારા વડે પવિત્ર મનાઈશ, અને ત્યારે તેઓ મને ઓળખશે." (૩૮:૧૬.)**

"હું મારું પોતાનું માહાત્મ્ય તથા પવિત્રતા વિદિત કરીશ, ને હું ઘણી પ્રજાઓની દ્રષ્ટિમાં પોતાને પ્રગટ કરીશ; ત્યારે તેઓ જાણશે કે હું ઈશ્વર છું." (૩૮:૨૩.)

"દેશના સર્વ લોકો તેઓને દાટશે; પ્રભુ પરમેશ્વર કહે છે કે હું મારો પોતાનો મહિમા પ્રગટ કરીશ તે દિવસે તે તેઓને માટે કીર્તિરૂપ થશે." (૩૯:૧૩.)

પ્રભુ પ્રજાઓ પ્રત્યે ખામોશી રાખે, અને માર્ગો બદલવાની તકો આપ્યા

કરે, પણ જો પ્રજા ન સુધરે અને માર્ગપલટો ન કરે, તો પ્રભુ આખરે તેની ઉપર ન્યાયદંડ લાવે છે. પ્રભુ અહીં રશિયા પર ન્યાયદંડ ઉગામશે, જેથી ઈઝરાયલ લોકો જાણે કે એ જ ઈશ્વર છે, -વિશ્વનો સંચાલક છે. (હઝકીએલ ૩૪:૧૧,૩૦. ૩૫:૪,૯,૧૨. ૩૬:૧૧. ૩૭:૬,૧૩. ૩૯:૨૨.) પ્રભુ રશિયા ઉપર ન્યાયદંડ ઉગામશે જેથી દુનિયાની પ્રજાઓ જાણે કે એ જ ઈશ્વર છે, -વિશ્વનિયંતા છે. (હઝકીએલ ૩૪:૩૦. ૩૫:૧૫. ૩૬:૨૩,૩૬,૩૮. ૩૭:૨૮. ૩૮:૧૬,૨૩. ૩૯:૭, ૨૮.) પ્રભુ એમ કરે છે જેથી એનું પોતાનું નામ સર્વત્ર પવિત્ર અને મહિમાવાન મનાય. (હઝકીએલ ૩૬:૨૨.) ઈઝરાયલનું બદલાણ/પરિવર્તન થાય અને તેને નવું હૃદય મળે માટે પ્રભુ આ બધું થવા દે છે. (હઝકીએલ ૩૬:૨૬,૨૭.) દુનિયાની પ્રજાઓ જાણે કે પ્રભુ ઈઝરાયલને સૌથી આકરી શિક્ષાઓ આપ્યા પછી આખરે તેમને શુદ્ધ કરશે માટે તે આ બધું (બે અધ્યાયમાં આપેલા ભવિષ્યવચનમાંની બાબતો) કરી રહ્યો છે, અને તે સદાસર્વકાળ ઈઝરાયલની મધ્યે પોતાનું રહેઠાણ રાખનાર છે. (હઝકીએલ ૩૭:૨૮.)

માણસ કે પ્રજા પોતાની વ્યર્થ ફિલસૂફીઓમાં અને મિથ્યા અભિમાનમાં અંધ બની જઈને ઈશ્વરને અવગણે, અને ઈશ્વરની સાથે યુદ્ધ આદરે તથા ઈશ્વરને નોટિસ આપે ! પણ ઈશ્વર એક દિવસ એનો અદલ ઈન્સાફ કરશે, અને માણસ કે પ્રજાએ પોતે કરેલી અવળી પસંદગીઓનાં કડવાં ફળ ચાખવાં પડશે, ત્યારે મહિમા તો ઈશ્વરનો જ થશે. ભલે રશિયાનો યુરી ગેગરીન અવકાશમાં જઈને કહે કે મને તો ઈશ્વર ક્યાંયે દેખાયો નહિ ! પણ સર્વવ્યાપી ઈશ્વર આવાં અનેક વ્યર્થ વિધાનો અને ઈશ્વરવિરોધી વર્તનોને સદાય સાંખી લેશે નહિ.

ઈશ્વર એટલા મહાન છે કે માણસ તો શું, પણ પ્રજાઓય તેમની આગળ કંઈ વિસાતમાં નથી. બાઇબલમાં ઈશ્વર અને માણસ વચ્ચેની સરખામણીનું કેવું સચોટ ચિત્ર રજૂ કર્યું છે !

> "કોણે પોતાના ખોબાથી પાણી માપ્યાં છે, ને વેંતથી આકાશ માપી આપ્યું છે, ને કોણે માપામાં પૃથ્વીની ધૂળ મવડાવી છે, ને કાંટાથી પર્વતોને તથા ત્રાજવાંથી પહાડોને તોળ્યા છે ?... પ્રજાઓ ડોલમાંથી ટપકતાં ટીપાં જેવી, ને ત્રાજવાંની રજ સમાન ગણાયેલી છે. દ્વીપો ઊડી જતી રજકણ જેવા છે...પ્રજાઓ તેની (ઈશ્વરની) આગળ કંઈ

વિસાતમાં નથી; તેણે તેઓને શૂન્યરૂપ તથા નહિ જેવી ગણેલી છે.” (યશાયા ૪૦:૧૨-૧૭.)

હા, સનાતન ઈશ્વરની નજરમાં પ્રજાઓ-એ પછી ઈશ્વરવિરોધી રશિયન પ્રજા હોય કે સામટા સાઠ લાખ યહૂદીઓને સંહારી નાખનાર જર્મન પ્રજા હોય, તેઓ સર્વ-ડોલમાંથી ટપકતાં ટીપાં જેવી છે ! એમની કોઈ વિસાત નથી. જરાક કાણી ડોલમાંથી ટપકતાં ટીપાંની શી વિસાત ? -કે ત્રાજવાંની નીચે ચોંટી રહેલી રજની શી વિસાત ? એમ જ ઈશ્વરની આગળ પ્રજાઓની શી વિસાત ?

દુનિયાના ઇતિહાસમાં થઈ ગયેલાં ચાર વિશ્વસામ્રાજ્યોમાંનાં સૌથી મહાન અને શ્રેષ્ઠ બાબિલોનના મહાન સમ્રાટ નબુખાદનેસ્સારને ઈશ્વર સંબંધી થયેલા અનુભવનો સાર તે પોતે આ પ્રમાણે રજૂ કરે છે. અતિ અહંકારમાં છકી ગયેલા આ સમ્રાટની શાન ઈશ્વર ઠેકાણે લાવે છે ત્યારે તે આવી સાક્ષી આપે છે:

“મારી સમજશક્તિ મારામાં પાછી આવી, ને મેં પરાત્પર ઈશ્વરને ધન્યવાદ આપ્યો, અને....તેની મેં સ્તુતિ કરી ને તેને માન આપ્યું; કેમ કે તેનો અધિકાર સદાકાળનો અધિકાર, ને તેનું રાજ્ય પેઢી દરપેઢીનું છે. પૃથ્વીના સર્વ રહેવાસીઓ તેની આગળ કંઈ જ લેખામાં નથી. તે આકાશના સૈન્યમાં તથા પૃથ્વીના રહેવાસીઓમાં પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે : કોઈ તેનો હાથ અટકાવી શકતો નથી, અથવા તું શું કરે છે, એવું કોઈ તેને કહી શકતો નથી.” (દાનિયેલ ૪:૩૪-૩૫.)

ઈ.સનની પહેલી સદીમાં થઈ ગયેલો મહાન મિશનરી તથા મહાન પ્રેરિત સંત પાઉલ તે જમાનાની શ્રેષ્ઠ યુનિવર્સિટીમાં પ્રોફેસર ગમાલિએલનાં ચરણોમાં શીખેલો બહુજ્ઞાની હતો. તે ઈશ્વર વિષે આમ લખે છે :

“આહા ! ઈશ્વરની બુદ્ધિની તથા જ્ઞાનની સંપત કેવી અગાધ છે ! તેના ઠરાવો કેવા ગૂઢ, ને તેના માર્ગો કેવા અગમ્ય છે!” ( રોમનોને પત્ર ૧૧:૩૩)

“તેણે (ઈશ્વરે) માણસોની સર્વ પ્રજાઓને આખી પૃથ્વીના પૃષ્ઠ પર રહેવા સારુ એકમાંથી (આદમમાંથી) ઉત્પન્ન કરી, અને તેણે

**તેઓને સારુ નિર્માણ કરેલા સમય તથા તેઓના રહેઠાણની હદ ઠરાવી આપી."** (પ્રે.કૃ. ૧૭:૨૬.)

પણ અભિમાનમાં, ભ્રષ્ટતામાં કે ઈશ્વરવિરોધી વર્તનમાં જ્યારે કોઈ પ્રજા ભાન ભૂલવા માંડે છે, ત્યારે ઈશ્વર તેને અનેક રીતે ચેતવે છે, હા, વારંવાર ચેતવણી આપે છે. આખરે જો એ પ્રજા ન ચેતે તો તેને ઈશ્વર ઉખાડી નાખે છે! કનાનની અમોરી પ્રજાનો દાખલો લઈએ. ઈશ્વર આબ્રાહમને ભવિષ્યમાં થનાર ઈઝરાયલ પ્રજા સંબંધી આ પ્રમાણે ભવિષ્યવાણી આપે છે, અને એમાં ૪૦૦ વર્ષ પછી અમોરી પ્રજાને કનાનમાંથી ઉખેડી નાખવા વિષે પણ ઉલ્લેખ કરે છે:

> "અને ઈશ્વરે આબ્રાહમને કહ્યું, તું ખચીત જાણ, કે તારો વંશ પરદેશમાં ભટકશે, ને ત્યાંના લોકોની સેવા કરશે. અને ચારસેં વર્ષ લગી તેઓને દુ:ખ દેવામાં આવશે. અને જે લોકોની સેવા તેઓ કરશે તેઓનો ન્યાય પણ હું કરીશ. અને ત્યાર પછી તેઓ ઘણી સંપત્તિ લઈને નીકળશે....અને તેઓ ચોથી પેઢીમાં અહીં પાછા આવશે, કેમ કે **અમોરીઓનાં પાપનો ઘડો હજુ ભરાયો નથી."** (ઉત્પત્તિ ૧૫:૧૩-૧૬.)

ચારસેં વર્ષ વીતી ગયા પછી આ આબ્રાહમવંશી યહૂદી પ્રજાએ મિસર (ઈજિપ્ત)થી નીકળી આવીને કનાનમાંથી અમોરીઓને કાઢી મૂક્યા ! એવું અનેક પ્રજાઓનાં સંબંધમાં બન્યું છે.

બાબિલોનના સમ્રાટ વિષે આ પ્રમાણે ભવિષ્યવચન હતું. નબુખાદનેસ્સાર યરુશાલેમ પર ચઢી આવ્યો (ઈ.પૂર્વે ૬૦૬) તેનાં ત્રણ વર્ષ અગાઉ (ઈ.પૂર્વે ૬૦૯માં) આ પ્રમાણે યર્મિયા પયગંબરે ભવિષ્યકથન લખ્યું:

> "સૈન્યોનો પ્રભુ પરમેશ્વર, ઈઝરાયલનો ઈશ્વર, કહે છે કે, મેં મારી મહાન શક્તિથી તથા મારા લાંબા કરેલા ભૂજથી પૃથ્વીને, અને પૃથ્વીના પૃષ્ઠ પરનાં મનુષ્યોને તથા પશુઓને પણ ઉત્પન્ન કર્યાં. **અને મને યોગ્ય લાગે તેને હું તે આપું છું.** હવે મેં આ બધા દેશો મારા દાસ બાબેલના રાજા નબુખાદનેસ્સારના હાથમાં આપ્યા છે....તેના દેશને માથે નિર્માણ થયેલો સમય આવે, ત્યાં સુધી સર્વ પ્રજાઓ તેની, તેના પુત્રની તથા તેના પૌત્રની સેવા કરશે. **પરંતુ ત્યાર પછી ઘણી પ્રજાઓ તથા મોટા રાજાઓ તેની પાસે** (ખાલદી વંશ પાસે) સેવા કરાવશે." (યિર્મેયા ૨૭:૪-૭.)

અને આ ભવિષ્યવાણી પ્રમાણે જ બન્યું ! નબુખાદનેસ્સાર પછી તેના પુત્રે ગાદી ભોગવી, અને એ પછી નબુખાદનેસ્સારના પૌત્ર બેલ્શાસ્સાર રાજાના સમયમાં એકાએક ખાલદી વંશનો સમય પૂરો થઈ ગયો, અને ઈરાની માદી-ફારસી રાજાઓએ સામ્રાજ્ય ખૂંચવી લીધું ! (દાનિયેલના પુસ્તકના બીજા, સાતમા અને આઠમા તેમ જ અગિયારમાં અધ્યાયોમાં જગતમાં થનારાં રાજ્યો વિષે ભવિષ્યકથનો આપ્યાં છે એ જ પ્રમાણે બધું બની ગયું, હાલ બની રહ્યું છે, અને બાકીનું ભવિષ્યમાં બનશે.)

આ બધી વાતોની રજૂઆત કરવાનું કારણ એટલું જ કે સર્વસમર્થ ઈશ્વરના સનાતન ઠરાવો પ્રમાણે જ બધું બને છે, અને જે કંઈ બને છે તે સર્વમાં તેમનો જ મહિમા થાય છે.

ઈશ્વર કોઈ વ્યક્તિ કે પ્રજાના નાશમાં રાજી નથી; એમાં તેમને કોઈ આનંદ નથી. "ઈશ્વર પ્રેમ છે." (૧ યોહાન ૪:૧૬.) તે અનંત પ્રેમ અને ધીરજથી વ્યક્તિ કે પ્રજાની રાહ જુએ છે કે તે પોતાના અવળા માર્ગોથી ફરે, અને ઈશ્વરને શોધે. માણસ માણસ વિરુદ્ધ, રાજ્ય રાજ્યની વિરુદ્ધ, અને દેશ દેશની વિરુદ્ધ ઈર્ષા, ઝેર, વેર, રાખીને લડી લડીને માનવજાતનું સંપૂર્ણ નિકંદન કરી નાખે, -અને શેતાન એમાં એને ચગવ્યા કરે ! પણ ઈશ્વર પોતાની કોઈ પ્રેમભરી અને ખામોશીભરી સનાતન યોજનાથી એ બધું અટકાવી રાખે છે, અને શેતાનના સર્વનાશની યોજનાને વારંવાર અફળ બનાવે છે ! એમાં જ ઈશ્વરની ધીરજ અને પ્રેમ સમાયેલાં છે.

ઈશ્વર જ્યારે કોઈ વ્યક્તિ કે પ્રજાને શિક્ષા કરે છે, ત્યારે પણ માનો અનહદ પ્રેમ જ એમાં દેખાઈ આવે છે. મા પોતાના વહાલા બીમાર બાળકને દાક્તર પાસે લાવે છે, અને દાક્તરની છરી એની પર ચાલવા દે છે ત્યારે માની આંખ સજળ આંસુથી ભરેલી છે, પણ એ જાણે છે કે એમાં બાળકનું જ હિત છે; એમ જ પ્રભુ થવા દે છે. પ્રભુ તો એટલે સુધી કહે છે કે, "શું મા પોતાના પેટના દીકરા પર દયા ન કરે, એવી રીતે કે તે પોતાના ધાવણા બાળકને વીસરી જાય? હા, કદાચ તેઓ વીસરે, પણ હું તને વીસરીશ નહિ." (યશાયા ૪૯:૧૫.) તે રશિયાને તકો પર તકો આપે છે. અને માના પ્રેમથી રાહ જુએ છે ! રશિયા પોતાના માર્ગોથી ફરે તો કેવું સારું !

પણ પ્રેમનો ઈશ્વર, પવિત્ર અને ન્યાયી પણ છે. તે પાપ, અહંકાર અને

ઈશ્વરવિરોધીપણાને કાયમ ચલાવી લેશે નહિ,-અને ચલાવી લઈ શકે પણ નહિ.

સત્ય શોધીને ઈશ્વરની આ યોજના પ્રમાણે ચાલવા ઈશ્વરે રશિયાને અનેક તકો આપી છે, પણ રશિયા તેનો લાભ લેતું નથી. અને આખરે ઈઝરાયલ સામેના તેના આક્રમણમાં રશિયાનો અને સાથે સાથે તેની સંઘાતે જોડાયેલી પ્રજાઓનો સર્વનાશ થશે ! -અને તેમાં પણ ઈશ્વર મહિમાવંત બનશે.

એ પ્રભુ ઈસુ ખ્રિસ્ત હવે થોડા જ સમયમાં પૃથ્વી પર પાછા આવવાના છે. આજથી લગભગ બે હજાર વર્ષ ઉપર પ્રભુ ઈસુ યહૂદિયા પ્રાંતના બેથલેહેમ નગરમાં દેહધારી બનીને આવ્યા. દુનિયાના સર્વ લોકોની પાપમુક્તિ માટે મુક્તિમૂલ્ય ચૂકવવા ક્રૂસ પર બલિદાન બની જવા આવ્યા, મૃત્યુ પામ્યા, અને ત્રીજે દિવસે મૃત્યુમાંથી સજીવન બનીને સ્વર્ગે સિધાવ્યા. અને હવે પૃથ્વીના લોકોનો ન્યાય કરવાને તથા પૃથ્વી પર રાજ કરવાને આવનાર છે. રશિયા ઈઝરાયલ પર આક્રમણ કરશે એ પછી માંડ પાંચ-છ વર્ષમાં પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરશે.

પ્રભુ ઈસુ આવીને પૃથ્વી પરની સર્વ પ્રજાઓને ઈઝરાયલના દેશમાં એકત્ર કરશે અને યહૂદી પ્રજા સાથે તેઓએ કેવો વર્તાવ કર્યો હતો તે પ્રમાણે તેઓનો ન્યાય કરશે. આગળનાં પૃષ્ઠો ઉપર આ વિષે આપણે જોઈ ગયા છીએ. જે જે પ્રજાઓ ઈઝરાયલીઓને સહાયરૂપ બની હશે તેઓને (જમણી તરફની પ્રજાઓને, એટલે કે ન્યાયીઓને) પ્રભુ ઈસુ પૃથ્વી પરના પોતાના રાજ્યમાં પ્રવેશ આપશે, અને બાકીની પ્રજાઓનો નાશ કરશે. જમણી તરફની પ્રજાઓને તે કહેશેઃ

> "મારા પિતાના આશીર્વાદિતો આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લોઃ કેમ કે 'હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખવડાવ્યું; હું તરસ્યો હતો ત્યારે તમે મને પાણી પાયું; હું પારકો હતો, ત્યારે તમે મને પરોણો રાખ્યો; હું નાગો હતો, ત્યારે તમે મને વસ્ત્ર પહેરાવ્યાં; હું માંદો હતો, ત્યારે તમે મને જોવા આવ્યા; હું કેદમાં હતો, ત્યારે તમે મારી ખબર લીધી."..
>
> "ત્યારે ન્યાયીઓ તેમને પૂછશે કે, 'પ્રભુ, ક્યારે અમે તમને ભૂખ્યા જોઈને ખવડાવ્યું, અથવા તરસ્યા જોઈને પાણી પાયું ? અને ક્યારે અમે

તમને પારકા જોઈને પરોણા રાખ્યા, અથવા નાગા જોઈને વસ્ત્ર પહેરાવ્યાં? અને ક્યારે અમે તમને માંદા અથવા કેદમાં જોઈને તમારી ખબર લીધી?'"

"ત્યારે રાજાઓના રાજા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેઓને ઉત્તર આપશે, 'હું તમને સાચે જ કહું છું કે, આ મારા ભાઈઓમાંના (યહૂદીઓમાંના) એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું."

"પછી ડાબી તરફની પ્રજાઓને પણ તે કહેશે કે, 'ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના અપદૂતોને માટે તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ."' (માથ્થી ૨૫:૩૧-૪૬.)

એ પછી પ્રભુ ઈસુ મહા મહિમામાં પેલી ન્યાયી પ્રજાઓની તેમજ યહૂદીઓની મધ્યે એક હજાર વર્ષ સુધી પરમ શાંતિમય રાજ્ય કરશે. ત્યાં યુદ્ધો નહિ હોય, પણ "પ્રજાઓ પોતાની તરવારોને ટીપીને હળની કોશો બનાવશે, ને પોતાના ભાલાઓનાં દાતરડાં બનાવશે. પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, ને તેઓ ફરીથી કદી પણ યુદ્ધકળા શીખશે નહિ." (મીખાહ ૪:૧-૫. તેમજ યશાયા ૨: ૨-૪.)

અને એ હજાર વર્ષેય વીતી ગયા બાદ આખરે નવું આકાશ અને નવી પૃથ્વી થશે, જેમાં પાપ, પ્રલોભન, શેતાન, મૃત્યુ, રુદન, અને વિયોગ એ સર્વ નાબૂદ કરેલાં હશે. અને "નગરમાં સૂર્ય કે ચંદ્રના પ્રકાશની જરૂર નથી, કેમ કે ઈશ્વરનો મહિમા તેને પ્રકાશિત કરે છે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેનો દીવો છે. તેના પ્રકાશમાં સર્વ પ્રજાઓ ચાલશે, અને પૃથ્વીના રાજાઓ પોતાનું ગૌરવ તેમાં લાવશે....તેઓ સર્વ પ્રજાઓનું ગૌરવ તથા કીર્તિ તેમાં લાવશે. જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે, તથા અસત્ય આચરે છે, તે તેમાં ( નવી પૃથ્વી પર) હશે જ નહિ." (પ્રકટીકરણ ૨૧:૨૩-૨૭.)

એ નવા આકાશ અને નવી પૃથ્વી પર આપણે પવિત્ર હૃદયથી પવિત્ર પ્રભુની સ્તુતિ અને સેવા અહોનિશ કરતાં હોઈશું, અને પ્રભુના પ્રેમપારાવારમાં કલ્લોલ કરતાં રહીશું.-હજાર વર્ષ માટે ?-ના. દશ હજાર વર્ષ માટે ?-ના, ના. દશ કરોડ વર્ષ માટે ?-ના,ના, ના. અનંતકાળ માટે, હા, અનંતાનંત કાળ માટે ! આમીન, અને આમીન.

**તમે ત્યાં આવશો ને ? તૈયાર છો ને ?**

# ભાગ - ૪

## ખાલી
## કબરનો
## ચૂકાદો

વિરોધીઓએ પ્રભુ ઈસુને વધસ્તંભે
જડાવવા આરોપનામું ઘડયું.

પ્રભુ ઈસુ મરણ પામ્યા
અને કબરમાંથી સજીવન થઈને પાછા ઊઠયા
તે સંબંધીનો વિવાદ આ વિભાગમાં
આપવામાં આવ્યો છે.

# પ્રકરણ-૧

## કોર્ટનાં પાત્રો

– એડ = એડવોકેટ = વકીલ
– ખ્રિસ્તીઓના વકીલ = થાદીતસ
– યહૂદીઓના વકીલ = ગમાલીએલ
– જજ = સર કાયાફાસ
– દાવિદ = સેક્રેટરી
– લેવિકસ = કેસ માંડનાર
– ક્લૉડિયસ = સિપાઇઓના સુબેદાર



જજ કાયાફાસ

# પ્રકરણ-૨

# આરોપનામું

સન્માનીય જજ સાહેબ
સર કાયાફાસ
યરુશાલેમની હાઈકોર્ટ, યરુશાલેમ

સન્માનીય સાહેબજી :

આપ નામદારને અરજ કરવાની કે, ઈસુ ખ્રિસ્તને હાકેમ પિલાતની હકૂમતમાં વધસ્તંભે જડવામાં આવ્યા હતા અને તેમને ખોપરીની ટેકરી પાસે આવેલી ખાલી કબરમાં દફનાવવામાં આવ્યા હતા. તે કબર આરિમથાઈના યોસેફની હતી. તેણે તે ઈસુને દફનાવવા આપી હતી.

હવે નવો નીકળેલો ખ્રિસ્તી નામનો પંથ તેઓ ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ છે. તેઓ બધે ફરીને કહે છે કે, ઈસુ ખ્રિસ્ત કબરમાંથી જીવંત થઈને ઊઠયા હતા, તેથી કબર ખાલી છે. આમ કહીને તેઓ અમારા જૂથના લોકોમાંથી માણસોને ભોળવીને લઈ જઈને તેમનો પંથ મોટો કરે છે. અમારું માનવું છે કે, ઈસુના શિષ્યો શબ ચોરી ગયા. બીજા કેટલાકનું માનવું છે કે, વિરોધીઓ શબ ચોરી ગયા હતા.

વળી અઠવાડિયાના પહેલા દિવસે શબને સુગંધી લગાડવા ગયેલી સ્ત્રીઓ માગ્દાલાની મરિયમ, બીજી મરિયમ અને સાલોમીએ મૃત્યુમાંથી ઉત્થાન પામેલા ઈસુને વાડીમાં જોયા હતા.

તેમ જ પિતર, અને યોહાને ખાલી કબરમાં મલમલી વીંટાઓ જોઈને માન્યું હતું કે, ઈસુ ઊઠયા છે. તેમ જ એમ્મૌસ જનારા બે શિષ્યો કહે છે કે, તેઓ એમ્મૌસ જતા હતા, ત્યારે ઈસુ માર્ગમાં અમારી સાથે થયા હતા અને એમ્મૌસમાં અમારા ઘરમાં અમે જમવા બેઠા, ત્યારે તેમને ઓળખ્યા કે તે ઈસુ છે. અમે પાછા યરુશાલેમ ગયા અને શિષ્યોને આ વાત કહી હતી.

ઉપલી મેડી પર એક વખતે ૧૦ અને બીજી વખતે ૧૧ શિષ્યોને ઈસુએ દર્શન આપ્યું હતું. વળી ગાલીલ સમુદ્રને કાંઠે પિતર અને અન્ય શિષ્યો માછલાં પકડતા હતા, ત્યારે ઈસુએ તેમને દર્શન આપ્યું અને તેમની સાથે નાસ્તો પણ લીધો.

વળી પાઉલ પ્રેરિત દમસ્ક જતો હતો, મૃત્યુમાંથી જીવંત થયેલા ઈસુએ દમસ્કના રસ્તા પર તેને દર્શન આપ્યું હતું અને તેને પોતાની સેવા સોંપી હતી. આ ઉપરાંત ગાલીલના પહાડ પર તેમ જ બેથાની પાસેના પહાડ પર પણ ઉત્થાન પામેલા ઈસુ શિષ્યોને દેખાયા હતા.

આપ નામદાર બંને પક્ષના સાક્ષીઓને તપાસી ચુકાદો આપશો કે, કબર કેમ ખાલી છે ? અને ઈસુ મૃત્યુમાંથી ઊઠયા છે અને આ વાતો સંબંધી ચુકાદો આપવા વિનંતી છે.

**લેવિક્સ**
યહૂદી સાન્હેદ્રિમ વતી કેસ માંડનાર

# પ્રકરણ-૩

# પ્રભુ ઈસુનું ટૂંક જીવનવૃત્તાંત

**ગમાલીએલ :** મિ. લોર્ડ, આ કેસમાં ઘણાંને થતું હશે કે આ પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોણ છે ? અને કેવી વ્યક્તિ હતી કે જેની ખાલી કબર વિષે ચુકાદા માટે કોર્ટ કેસ થાય. તો આપ નામદારની મંજૂરીથી પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ટૂંક જીવનચરિત્ર કોર્ટના પ્રત્યેક સભ્યની ફાઈલ માટે આપું છું. તેમનું જીવનવૃત્તાંત બાઈબલના નવા કરાર વિભાગમાં માથ્થી, માર્ક, લૂક, યોહાન ચારે સુવાર્તામાં આપવામાં આવ્યું છે. તેમાંથી વાંચી શકાય.

આ વૃત્તાંત તેમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રભુ ઈસુ માની તરફથી તેમ જ તેમના પાલક પિતા યોસેફ તરફથી દાવિદ રાજાના વંશના - કુળના હતા. તેઓ મરિયમ કુમારીના પેટે પવિત્ર આત્માથી ગર્ભે રહ્યા હતા. અને બેથલેહેમની ગંદી - ગોબરી ગભાણમાં તેમનો જન્મ થયો હતો. તેમના જીવનનો ઘણો ખરો સમય નાઝરેથમાં પસાર થયો હતો. તેમના વિષે બધાનું માનવું એવું હતું કે, તે યહૂદીઓના આવનાર મસીહા હતા. તેઓ નાનપણથી અતિ ધાર્મિક હતા.

તેઓ ત્રીસ વર્ષના થયા ત્યારે યોહાન બાપ્તિસ્ત દ્વારા બાપ્તિસ્મા લઈને જાહેર સેવામાં જોડાયા. તેઓનો શરૂઆતનો સંદેશો હતો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું છે, માટે પસ્તાવો કરો. તેમણે પસંદ કરેલા શિષ્યો પણ એ જ સંદેશો ફેલાવતા હતા.

તેઓ નિયમશાસ્ત્રના આત્મિક અર્થો ઘટાવતા હતા. અને તે ઉપરાંત યહૂદીઓના આગેવાનો સાદુકીઓ અને ફરોશીઓના ઢોંગી વલણ અને તેમના બાહ્યક્રિયાકાંડો સામે તેમને ઉઘાડા પાડતા હતા. અને તેમને ઢોંગીઓ તરીકે ગણાવતા હતા. આમ તેમની અને યહૂદીઓના ધાર્મિક આગેવાનો વચ્ચે વૈમનસ્ય વધતું જતું હતું. પ્રભુ ઈસુ માંદાંઓને સાજાં કરતા અને મરી ગયેલાંને જીવતા કરતા હતા વગેરે ચમત્કારો કરતા હતા. તેથી ઈસુની ખ્યાતિ

વધતી જતી હતી. આથી યહૂદી આગેવાનોએ તેમને મારી નાખવાનો મનસુબો કર્યો હતો. આ માટે તેઓ લાગ શોધતા હતા. પ્રભુ ઈસુના જ યહૂદા નામના એક શિષ્યે વિશ્વાસઘાત કર્યો અને ધાર્મિક આગેવાનોને નિશાની આપી કે, પાસ્ખાપર્વની રાત્રે ગેથસેમાને બાગમાં ઈસુને તેમનું મંડળ પ્રાર્થના કરવા ગયા હશે. તેમાંથી હું જેને ચૂંબન કરું, તે જ ઈસુ ખ્રિસ્ત છે. એમ સમજીને તેમને પકડી લેજો. યહૂદાએ તેના બદલામાં ત્રીસ રૂપિયા લીધા હતા.

ઠરાવેલી રાત્રે યહૂદી ધર્મગુરુઓ મોટું ટોળું લઈને, ફાનસ તથા મશાલો લઈને ગેથસમાને બાગમાં આવ્યા હતા અને યહૂદાના નિશાન પ્રમાણે તેઓએ પ્રભુ ઈસુને પકડી લીધા. યહૂદી આગેવાનો જાહેર જનતાથી બીતા હતા. તેથી તેમને જાહેરમાં નહિ, પણ આ રીતે પકડયા.

તેઓ તેમને રાતોરાત પ્રમુખ યાજકના મહેલમાં લઈ ગયા. કાયદો કહે છે કે, કોઈ પણ ન્યાયસભા રાત્રે બોલાવાય નહિ, પણ યહૂદીઓની વડી અદાલત - સાન્હેદ્રિમ તાબડતોબ રાત્રે બોલાવવામાં આવી. પ્રભુ ઈસુ પર તેઓ દોષારોપણ કરતા હતા કે પોતાને દેવ-પુત્ર ગણાવતા હતા અને બીજું કે, તેમણે એવું કહ્યું હતું કે, આ મંદિરને પાડી નાખો તેને હું ત્રણ દિવસમાં ઊભું કરીશ. આ તો પ્રભુ ઈસુ પોતાના શરીર વિષે બોલ્યા હતા કે, મને મારી નાખશો, તો હું ત્રીજે દિવસે પાછો ઊઠીશ. આવા પાયા વગરના દોષો તેમના પર મૂકવામાં આવ્યા અને નિયમશાસ્ત્રનો એક કાયદો છે, કોર્ટ પણ બે માણસની જુબાની દ્વારા જ માણસને દોષિત ઠરાવી શકે. આવી કોઈ સાક્ષીઓ મળી નહિ. તેમ છતાં તેમને મરણદંડને યોગ્ય ઠરાવવામાં આવ્યા.

મરણદંડની સજા તેમના હાથમાં નહોતી. પણ રોમન હાકેમ પિલાતના હાથમાં હતી. તેઓ તો વહેલી સવારે પ્રેતોરિયામાં એટલે પિલાતના દરબારમાં ઈસુને વહેલી સવારે લઈ ગયા. પિલાત હાકેમે ઈસુને ઘણી બાબતો વિષે પ્રશ્નો પૂછયા અને તેણે જાહેર કર્યું કે, મને તેનામાં કંઈ પણ ગુનો માલૂમ પડયો નથી. અને મરણદંડને યોગ્ય તેણે કાંઇ કર્યું નથી. નિયમ પ્રમાણે પર્વને દિવસે એક કેદીને છોડી મૂકવામાં આવતો હતો. તેથી પિલાતે યહૂદીઓને પૂછયું કે, તમારે સારુ, હું કોને છોડી મૂકું ? જેલમાં બારાબાસ નામનો લૂંટારો છે. તેને, કે આ ઈસુને ? લોકોએ બૂમો પાડીને કહ્યું કે, અમારે માટે બારાબાસને છોડી મૂકો. (બારાબાસ તો લૂંટારો હતો, અને તેણે ઘણાં ખૂનો કર્યાં હતાં.)

પિલાતે પૂછયું કે, તો આ ઈસુને હું શું કરું ? આગેવાનોએ જાહેર જનતાને

પૈસા આપીને ઉશ્કેર્યા હતા એટલે બધા સામટા પોકારી ઊઠયા કે એને વધસ્તંભે જડાવો, એને વધસ્તંભે જડાવો. કારણ કે તે રાજ્યને ખંડણી આપવાની મના કરે છે અને કહે છે કે, હું રાજા છું અમારે તો રોમન કાઈસાર જ રાજા છે. જો તમે તેને છોડી મૂકશો તો તમે કાઈસારના મિત્ર નથી. અને રાજ્યની વિરુધ્ધની વ્યક્તિને ઉત્તેજન આપો છો.

પિલાત અને યહૂદીઓ વચ્ચે ઘણા સમયથી ગજગ્રાહ ચાલતો હતો. એટલે તેણે વિચાર કર્યો કે તેને થોડી ઘણી શિક્ષા કરીને છોડી મૂકું. કારણ કે ઈસુમાં તેને કાંઈ દોષ મળતો ન હતો. ફરી તેણે યહૂદી આગેવાનોને પૂછયું કે, હું આ ઈસુને છોડી મૂકવા માગું છું. પણ યહૂદીઓ અને જનતાએ પોકાર્યું કે, તેને વધસ્તંભે જડાવો, વધસ્તંભે જડાવો. એટલે તેઓના ઘાંટા આખરે ફાવ્યા, (માથ્થી ૨૭:૨૪) પિલાતે પાણી મંગાવીને પોતાના હાથ ધોઈ નાખ્યા અને કહ્યું કે તેના લોહી સંબંધી હું નિર્દોષ છું. ત્યારે યહૂદી આગેવાનોએ પોકાર્યું કે, તેનું લોહી અમારે માથે અને અમારાં સંતાનોને માથે, તેઓના ઘાંટા આખરે ફાવ્યા. પિલાતે ઈસુને યહૂદી આગેવાનોના હાથમાં સોંપી દીધા. તમારે જે કરવું હોય તે કરો.

તેઓ ઈસુને સિપાઈઓ અને ટોળાની વચ્ચે લઈ ગયા અને રાજા તરીકે તેની ઠઠ્ઠા મશ્કરી કરી. તેના મોં પર થૂંક્યા, અને લપડાકો મારી માથે કાંટાનો મુગટ મૂક્યો. પછી તેઓએ ઈસુને રોમન ફટકાનો માર મારવાનો હુકમ આપ્યો. આ કોરડા એ ભયંકર શિક્ષા હતી. ચામડાની વાધરીઓમાં લોખંડની અને હાડકાંની કરચો ગૂંથવામાં આવી હોય અને ફટકા ગુનેગારના શરીરની પીઠ પર મારવામાં આવે, ત્યારે કોરડા ફરી વળીને તેની પીઠ અને પેટ પર વાગતા અને ત્યાંથી માંસના કટકા પેલી કરચો દ્વારા નીકળતા હતા. અને લોહી પણ પુષ્કળ નીકળતું હતું. કેટલીક વાર તો ફટકાઓ સહેતાં જ માણસ મરી જતો હતો. આ પછી તેઓએ ઈસુની આવી લોહી ઝરતી પીઠ પર તેમને લાકડાનો ભારે વધસ્તંભ ઊંચકાવ્યો અને તેમને વધસ્તંભે જડવા માટે ગોલગથા કે ખોપરીની ટેકરી પર લઈ ગયા.

તેઓએ વધસ્તંભને નીચે ઢાળીને તેના પર ઈસુને સુવાડયા અને લોખંડના તીક્ષ્ણ ખીલાઓ તેમના હાથમાં ઠોકીને તેમને વધસ્તંભે જડી દીધા અને તેમના બંને પગોમાં પણ ખીલા ઠોકીને વધસ્તંભે જડી દીધા અને પછી વધસ્તંભ ઊંચો કરીને તેને ખાડામાં નાખ્યો.

તે જ ઘડી એ દુઃખની પરાકાષ્ટા હતી. ત્યારે ઈસુએ વધસ્તંભ પરથી બૂમ પાડી કે, "ઓ બાપ, તેઓને માફ કરો, કારણ કે તેઓ જે કરે છે. તે તેઓ જાણતાં નથી." આ બૂમ તેમણે વારંવાર ઉચ્ચારી હતી.

બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી આખા દેશમાં અંધકાર રહ્યો હતો અને સાંજના ત્રણના સુમારે ઈસુએ બૂમ પાડી કે, "ઓ મારા બાપ, હું તમારા હાથમાં મારો આત્મા સોંપું છું."

દરમિયાન આરિમથાઈનો યોસેફ લાશ ઉતારી લઈને દાટવા માટેની પરવાનગી માગવા ગયો. પિલાત અચંબો પામ્યો કે એટલામાં તે મરી ગયો. સિપાઇઓની ટુકડીના સરદારે ભાલો લઈને ઈસુની કૂખમાં માર્યો. ભાલો ઠેક હૃદયની આસપાસ જે કોથળી હોય છે તેમાં વાગ્યો અને તેમાંથી લોહી અને પાણી નીકળ્યાં. ઘણાં વર્ષોના અનુભવી સરદારે કહ્યું કે તે મરી ગયો છે અને તેણે કહ્યું, કે તે ખરેખર ઈશ્વરપુત્ર હતો.

પછી તેઓ લાશ ઉતારીને લઈ ગયાં અને કાલવરીની ટેકરીની પાસે જ યરૂશાલેમથી દમસ્ક જતા રસ્તાની બાજુએ આરિમથાઇના યોસેફની નવી કબર આવેલી હતી. તે તેણે પોતાને માટે જ ખોદાવી હતી. પછી તેઓએ લાશ ઉતારીને યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે આરિમથાઇમનો યોસેફ અને નિકોદેમસ જે સો શેર જેટલું બોળ અને અગરનું મિશ્રણ લાવ્યો હતો અને મલમલની સિન્દોન પટ્ટીઓ લાવ્યો હતો. તે વીંટાઓ (પટ્ટીઓ) સુગંધી મિશ્રણ લગાડીને ઈસુના હાથો તથા પગો પર વીંટયા અને એ વીંટાઓ મિશ્રણ સાથે શરીરની આસપાસ વીંટયા. પછી તેઓએ શબ ઊંચકીને યોસેફની કબરમાં મૂકયું અને કબરના મોં પર મોટો વજનદાર પથ્થર ગબડાવ્યો. આ પથ્થર નીકમાં સરકાવવો સહેલો હતો. પણ સામી દિશામાં ઊંચો ચઢાવવો તે બહુ કઠણ કામ હતું. એને માટે ઓછામાં ઓછા વીસ માણસો જોઈએ.

આ બન્યું ત્યારે માગ્દાલાની મરિયમ તેમજ ગાલીલની આવેલી બીજી સ્ત્રીઓ આ બધું જોતી હતી. એ પછી જ બન્યું તે આપણી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે.

ઈસુએ પોતાના મૃત્યુ અને ઉત્થાન સંબંધી આ પ્રમાણે આગાહી કરી હતી.

## પ્રભુ ઈસુએ પોતાના મૃત્યુ અને પુનરુત્થાનની કરેલી આગાહીઓ

ત્યારથી માંડીને ઈસુ પોતાના શિષ્યોને જણાવવા લાગ્યો કે, હું યરુશાલેમમાં જાઉં, ને વડીલો તથા મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓને હાથે ઘણું વેઠું, ને માર્યો જાઉં, ને ત્રીજે દહાડે પાછો ઊઠું, એ જરૂરનું છે. માથ્થી ૧૬:૨૧; માર્ક ૮:૩૧; લૂક ૯:૨૨-૨૭.

અને તેઓ પહાડ પરથી ઊતરતા હતા, ત્યારે ઈસુએ તેઓને એવી આજ્ઞા કરી કે, માણસનો દીકરો મૂએલાંમાંથી પાછો ઊઠે ત્યાં સુધી આ જે તમે દીઠું તે કોઈને કહેતા ના. માથ્થી ૧૭:૯, માર્ક ૯:૯; લૂક ૯:૨૨.

અને તેઓ ગાલીલમાં રહેતા હતા ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે, માણસનો દીકરો માણસોના હાથમાં સોંપાશે; અને તેઓ તેને મારી નાખશે, ને ત્રીજે દહાડે તે પાછો ઊઠશે. માથ્થી ૧૭:૨૨, ૨૩; માર્ક ૯:૩૦-૩૨; લૂક ૯:૪૩-૪૫.

ઈસુએ બાર શિષ્યોને એકાંતમાં લઈ જઈને તેઓને કહ્યું કે, જુઓ, આપણે યરુશાલેમ જઈએ છીએ, ને માણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને સ્વાધીન કરાશે, ને તેઓ તેના પર મરણદંડ ઠરાવશે અને ઠઠ્ઠા મશ્કરી કરવાને તથા દોરડા મારવાને તથા વધસ્તંભે જડવાને તેઓ તેને વિદેશીઓને સોંપી દેશે; અને ત્રીજે દહાડે પાછો ઉઠાડાશે. માથ્થી ૨૦:૧૭-૧૯; માર્ક ૧૦:૩૨-૩૪; લૂક ૧૮:૩૧-૩૪.

વિરોધીઓએ પ્રભુ ઈસુ પર તહોમત મૂક્યું હતું કે, તેઓ વધસ્તંભ પર મરી ગયા નહોતા. કેમ કે તેમણે પ્રાણાયામ કરીને શ્વાસ રૂંધી રાખ્યો હતો.

આ વાત જૂઠી અને કાલ્પનિક છે. પ્રભુ ઈસુ તો દુનિયાના લોકોના પાપના મુક્તિમૂલ્ય તરીકે બલિદાન બનવા આવ્યા હતા. સનાતન ઈશ્વર મરી શકે નહિ તેથી મરવા માટે પ્રભુ ઈસુએ બેથલેહેમમાં માનવદેહ ધારણ કર્યો હતો. યહોવાએ તેમના પર આપણા સર્વનાં પાપનો બોજ મૂક્યો હતો. યશાયા ૫૩:૬.

પાઉલ પ્રેરિત રોમનોને પત્રનો ખુલાસો લાગતાં એમ લખાવે છે કે, "તું ચોરી કરનાર ચોર બને એમ જ વ્યભિચારીના પાપ માથે લઈને જાણે કે તેં જ વ્યભિચાર કર્યો છે તેવો તું બન. એવી રીતે દુનિયાનાં પાપો તું માથા પર લે અને તે બધાંને માટે બલિદાન તરીકે શિક્ષા ઊઠાવ."

ઈસુએ સભાન અવસ્થામાં આ બલિદાન દેવાનું પોતે નક્કી કર્યું હતું. એટલે વધસ્તંભ પર જ્યારે તેમને પિત્ત ભેરવેલો સરકો આપ્યો ત્યારે તેમણે તે પીવા ના પાડી અને ન લીધો. આ સરકા મારફતે મગજ તંદ્રામાં પડે તેથી પ્રભુ ઈસુ સભાન અવસ્થામાં દુઃખ ભોગવવા માગતા હતા અને બલિદાન બનવા માગતા હતા. એ જ પ્રમાણે તેમણે વધસ્તંભ પર પ્રાણાયામ કરીને શ્વાસ રુંધી રાખ્યો નહોતો. આ પ્રાણાયામ અને શ્વાસ રુંધવાની વાત તે તો કાદિયાનના ગુલામ મહંમદ નબીએ ઉપજાવી કાઢી છે. એટલે તેઓનું કહેવું છે કે ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યા નહોતા અને કબરમાં ઉતાર્યા ત્યારે તેમનામાં જીવ હતો અને રાત્રે તેમના શિષ્યો આવીને શબ ચોરી ગયા અને દવા સારવાર કરીને તથા ઈસુએ પોતે બનાવેલો મલમ લગાવીને તેઓને સાજા કર્યા. આ બધી કાલ્પનિક કથા ગુલામ મહંમદ નબીએ ગોઠવી કાઢી છે. પરંતુ આપણે જાણીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત તો વધસ્તંભ પર મરણ પામ્યા હતા અને પોતાનો આત્મા બાપના હાથમાં સોંપ્યો હતો. અને સરદારે પણ ભાલો મારીને જાહેર કર્યું હતું કે ઈસુ મરી ગયા છે.

ઈસુએ સભાન અવસ્થામાં પોતાનું બલિદાન દેવાનું પોતે નક્કી કર્યું હતું અને જેમ પિત્ત ભેળવેલો સિરકો તેમણે ના પીધો અને પ્રાણાયામ કરીને શ્વાસ રુંધી રાખ્યો નહોતો. પણ ઈસુ પૂરેપૂરા સભાન રહીને બધું દુઃખ વેઠવા માગતા હતા. એટલે જ તેમણે પ્રાણાયામ કર્યો નહોતો.



INTERIOR OF THE GARDEN TOMB.

*યરુશાલેમથી દમસ્ક જવાના રસ્તા પર આવેલી ગાર્ડન ટુમ્બ*

# પ્રકરણ-૪

# ચોકીદારો અને શિષ્યોની તપાસ

**કોર્ટના સેક્રેટરી, કોર્ટના સેક્રેટરી દાવિદ :** નામદાર જજ માનનીય કાયાફાસ કોર્ટમાં હાજર થઈ ગયા છે. નામદાર જજ સાહેબ કાયાફાસજી : હવે આપણે ખાલી કબરનો ચુકાદો એ કેસ હાથમાં લઈએ. રોમન પાર્ટીના એડવૉકેટ ગમાલીએલ અને ક્રિશ્ચિયન પાર્ટીના એડવૉકેટ શ્રી થાદ્દીતસ તેમજ પંદર ચોકીદારો અને તેમના સુબેદાર શ્રી ક્લૉડિયસ તેઓને હાજર કરો.

**જજ સાહેબ :** સુબેદાર ક્લૉડિયસ અને તમારી સોળ ચોકીદારોની ટુકડીએ કબરની રક્ષા બરાબર કરી હતી ? કબરના મોં પર વજનદાર પથ્થર મૂકવામાં આવ્યો હતો અને તેના પર રોમન સરકારની સીલ મારી હતી. પણ કબર તો ખાલી છે. તો તમે ચોકી કેવી કરી ! તે સંબંધીની વિગત રજૂ કરો.

**સુબેદાર ક્લૉડિયસ :** મી લોર્ડ ! અમે બધા કબરની ચોકી કરી રહ્યા હતા. હવે અઠવાડિયાના પહેલા દિવસે એટલે કે રવિવારે પોહ ફાટવાના સમયે એકાએક ધરતીકંપ થયો. અમે સતેજ બની ગયા. અમે જોયું તો કબર અને કબર પરના પથ્થર વચ્ચેની તિરાડમાંથી અદ્ભુત પ્રકાશનું કિરણ બહાર આવતું હતું અને એ પ્રકાશ મોટો થતો ગયો અને એ પ્રકાશ કબરની બહાર નીકળી ગયો.

અમે ઈસુને યરુશાલેમના રસ્તા પર એક વખત જોયો હતો અને બહાર નીકળી ગયેલા પ્રકાશનો પાછલો ભાગ ઈસુની પીઠના ભાગ જેવો દેખાતો હતો. એકદમ પ્રકાશ અલોપ થઈ ગયો. એવામાં ફરી પ્રકાશ એકદમ ઝબક્યો અને બે આકાશી દૂતો નીચે ઊતર્યા તેમાંના એકે કબરના મોં પરના પથ્થરને ઊંચકીને દૂર હડસેલી દીધો. અમે જોયું તો, કબર તો બિલકુલ ખાલી દેખાતી હતી.

**જજ સાહેબ :** તો સુબેદાર ક્લૉડિયસ "તમે અને તમારી ટુકડીએ પછી શું કર્યું ?"

**સૂબેદાર ક્લૉડિયસ :** મી લોર્ડ ! "અમે શહેરમાં ગયા અને યહૂદીઓના આગેવાનોને મળ્યા અને જે બધું બનેલું અમે જોયું તે તેમને જણાવ્યું. તેઓ દંગ થઈ ગયા અને અમને કહ્યું કે, આવું બધું લોકોને કહેતા નહીં. તમારે તો આટલું જ કહેવું કે અમે ઊંઘતા હતા ત્યારે ઈસુના શિષ્યો આવીને શબને ચોરીને લઈ ગયા. તેટલું જ જણાવવાનું મી લોર્ડ ! અમે ઊંઘતા હતા એમ કહીએ એટલે અમે સરકારના મોટા ગુનેગાર બનીએ છીએ અને અમારા જાન જોખમમાં મૂકાઈ જાય. એટલે અમે આનાકાની કરતા હતા પણ યહૂદીઓના આગેવાનોએ અમને પ્રત્યેકને મોટી રકમ આપી અને અમને તાકીદ કરી કે અમારે માત્ર એટલું જ કહેવું કે ઈસુના શિષ્યો આવીને શબ ચોરી ગયા."

**જજ કાયાફાસ :** યહૂદી પાર્ટીમાં એડવૉકેટ શ્રી ગમાલીએલ, શું એમ જ બન્યું હતું ?

**એડવૉકેટ ગમાલિએલ :** યસ મી લોર્ડ ! મેં પાર્ટીના સોળ સભ્યોને પૂછી જોયું છે અને તપાસ કરી છે અને મારી જાણ પ્રમાણે તેઓએ જુબાની આપી તેમ જ બધું બન્યું છે.

**નામદાર જજ સાહેબ :** ક્રિશ્ચિયનોના એડવૉકેટ થાદ્દીતસ તમે તમારા સાક્ષીઓને એટલે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના શક્ય તેટલા શિષ્યોને હાજર કરો.

**એડવૉકેટ થાદ્દીતસ :** મી લોર્ડ ! રાબ્બી ઈસુના શિષ્યોને બધાંને હાજર કર્યા છે. પિતરને, યોહાનને, થોમાને બધાને હાજર કર્યા છે.

**નામદાર જજ સાહેબ કાયાફાસ :** મી. પિતર, મી. યોહાન તમારી ઉપર તહોમત મૂકવામાં આવ્યું છે કે તમે ઈસુના શિષ્યો રાતે શબને ચોરી લઈ ગયા છો. તો તે આરોપ વિશે તમારે શું કહેવું છે ?

**પિતર :** મી લોર્ડ ! આ વિધાન તદ્દન જૂઠું છે. અને ઔપચારિકતાભર્યું છે. સુબેદારે કહ્યું કે અમે ઊંઘી ગયા હતા ત્યારે શિષ્યો આવીને શબ ચોરી ગયા તો ઊંઘતા માણસોને કેવી રીતે ખબર પડે કે શિષ્યો આવીને શબ ચોરી ગયા. મી લોર્ડ ! અમે બધાં યહૂદીઓની બીક અને ધાકને લીધે બીતાં બીતાં બહાર નીકળતા હતા અને દિવસનો મોટો ભાગ ઉપલી મેડીમાં બારણાં બંધ કરીને સંતાતા રહેતા. અને ડરી ગયેલા શિષ્યો આવી શબ ચોરી કરવાની હિંમત કેવી રીતે કરી શકીએ ! અમારી તો હિંમત ચાલે જ નહીં ! તે ઉપરાંત

અમે શુક્રવાર, શનિવારની રાત્રીઓએ યરુશાલેમમાં હતાં જ નહીં. પણ બેથાનીયામાં મરિયમ, મારથા અને લાઝરસના ઘરમાં સંતાઈ ગયા હતા.

**એડવૉકેટ થાદીતસ :** મી લોર્ડ ! શિષ્ય પિતરે જે કહ્યું તે તદ્દન સાચું છે. તેઓ બધાં યહૂદીઓના ધાકથી બીતાં ફરતા હતાં. પિતર જેવો શિષ્ય એક દાસીથી ડરી જઈને ઈસુનો નકાર કરે અને બીજા શિષ્યો વધસ્તંભ આગળથી નાસી ગયા હતા. એ બધાં શબ ચોરવાની હિંમત કેવી રીતે કરી શકે ?

**યોહાન :** મી લોર્ડ ! સોળ-સોળ સિપાઇઓનો કબર પર ચોકી પહેરો હોય અને કબર પર મોટો પથ્થર મૂકેલો હોય અને કબર પર મહોર મારવામાં આવી હોય એટલું જ નહીં પણ પાસ્ખાનો પૂર્ણ ચંદ્ર પુષ્કળ ચાંદની ફેલાવતો હતો. એવા અજવાળામાં ઓળખાઈ જવાની બીક લાગતી હોય અને પકડાઈ જવાની પણ બીક લાગતી હોય તો શબ ચોરી જવાનો વિચાર પણ અમે કેવી રીતે કરી શકીએ ? આ તદ્દન જૂઠો આરોપ અમારી પર મૂકવામાં આવ્યો છે.

**એડવૉકેટ થાદીતસ :** મી લોર્ડ ! "યોહાને જે કહ્યું તે તદ્દન સાચી હકીકત છે. ગભરુ શિષ્યો શબ ચોરી કરવાનું સાહસ કરી શકે નહીં. કબરના પથ્થરને ખસેડવા માટે વીસ માણસ ઓછામાં ઓછા જોઈએ એ અમે ક્યાંથી લાવીએ અને સોળ-સોળ ચોકીદારની સામેથી અજવાળામાં શબ ચોરવું એ શિષ્યો પર વેર વાળવા માટે ઉપજાવી નાખેલું તરકટ છે."

સોળ સોળ ચોકીદારો હતા તો તેમને કેવી રીતે ખબર પડી કે શિષ્યો શબ ચોરી ગયા ? પરંતુ હું ભાર દઈને કહું છું કે ઊંઘતા ચોકીદારોની સાક્ષી કેવી



*પ્રભુ ઈસુને ભાલો માર્યો*

રીતે માની શકાય ? કબર ખાલી છે એનો અર્થ એવો નથી થતો કે શિષ્યો શબ ચોરી ગયા. પણ પ્રભુ ઈસુ પોતે કહેતા હતા તેમ તેઓ મૃત્યુંજય બની કબરમાંથી નીકળી ગયા.



પ્રભુ ઈસુને ભાલો માર્યો

# પ્રકરણ-૫

## કબરે ગયેલી સ્ત્રીઓની તપાસ

**જજ સાહેબ કાયાફાસ :** ખાલી કબરના કેસના આરોપનામામાં એમ આપવામાં આવેલું છે કે ઈસુ પંથની કેટલીક સ્ત્રીઓ કબરે ગઈ હતી. સેક્રેટરી, તેઓને હાજર કરો. માગ્દાલાની મરિયમ, બીજી એક મરિયમ અને સાલોમી વગેરેને હાજર કરો.

**સેક્રેટરી દાવીદ :** મી લોર્ડ ! તે બહેનોને હાજર કરવામાં આવી છે.

**જજ સાહેબ :** મરિયમ, આરોપનામાનાં જણાવવામાં આવ્યું છે કે તમે કેટલીક બહેનો ઈસુના શબને અર્ચન કરવાને માટે સુગંધી દ્રવ્યો લઈને રવિવારે સવારે કબરે ગઈ હતી. આરોપનામામાં એવું નોંધવામાં આવ્યું છે કે તમે ખોટી કબરે ગઈ હતી. અને મળસ્કાના અંધકારમાં તમે વિહ્વળ બનેલી હોવાને કારણે તથા સ્મૃતિભ્રમને લીધે ખોટી કબરે જઈ ચઢી હતી. સંજોગોવસાત્ તે કબર ખાલી હતી. ત્યાં દૂત બેઠો હતો અને તેણે તમારી ભૂલ થઈ છે તે જાણીને સુધાર્યું. તેણે કહ્યું કે તમે જેને શોધો છો તેને જ્યાં સુવાડવામાં આવ્યો હતો તે કબર તો આ રહી. (માથ્થી ૨૮:૫-૬)

**એડવોકેટ થાદીતસ :** મી લોર્ડ ! કેસ બગાડી નાખવાને માટે કીરસોપ્પે લેક નામના ખ્રિસ્ત વિરોધી લેખકે પોતાના પુસ્તકમાં આવો ખોટો મત પ્રવર્તાવ્યો છે.

**એડવોકેટ થાદીતસ :** મી લોર્ડ ! લેખક કીરસોપ્પે આ જૂઠાણું અથવા જૂઠો મત પ્રવર્તાવ્યો છે. પણ સત્ય હકીકત તો બહેનો જ કહી શકશે.

**માગ્દાલાની મરિયમ :** મી લોર્ડ ! શુક્રવારની સાંજે ઈસુના શબને મલમલની પટ્ટીઓ દ્વારા તેમના હાથો ને પગોમાં બોળ અને અગરુની સુગંધીઓ ભરીને દફનાવવામાં આવેલા તે બધું જ અમે જાતે જોયેલું અમે બરાબર જોયું હતું કે ખોપરી અથવા કાલવરીની ટેકરીની નજદીક દમસ્ક જવાના રસ્તા પાસે આ કબર આવેલી હતી. તે અમને બરાબર યાદ હતું.

અમે બધાં બહેનો રવિવારે મળસકે એ જ કબરે જઈને ઊભાં રહ્યાં. અમે કબર ભૂલ્યાં નહોતાં. અને પાસે બેઠેલા દૂતે અમને કહ્યું હતું કે, "તમે જેને શોધો છો, તે અહીં નથી. એને જ્યાં સુવાડયો હતો તે કબર આ રહી. ઈસુ અહીં નથી પણ તે ઊઠયા છે અને ગાલીલમાં ગયા છે." (માથ્થી ૨૮:૫, ૬)

**સાલોમી :** મી લોર્ડ, અમે બધી સહિયરો ઉપલી મેડીમાં જ્યાં શિષ્યો બધા એકઠા થયા હતા ત્યાં અમે બધી સ્ત્રીઓ ગઈ હતી અને ત્યાં રાબ્બી ઈસુ ખ્રિસ્તને જોયા હતા. તેમના બંને હાથો અને પગોમાં અમે ખીલાના વેહ જોયા.

**એડ. થાદ્દીતસ :** મી લોર્ડ, કેસ ડહોળી નાખવાને માટે અને ખ્રિસ્તીઓની વિરુદ્ધ જાય તે માટે ખ્રિસ્ત વિરોધી લેખક કીરસોપ્પે આવું જૂઠું લખાણ ઊભું કર્યું છે. મી લોર્ડ દૂતે તો આ બહેનોને એમ કહ્યું હતું કે, આ જ ખાલી કબરમાં ઈસુને સુવાડયા હતા, પણ તે પુનરુત્થાન પામીને ઊઠયા છે અને હવે ગાલીલમાં ગયા છે.

**જજ સાહેબ કાયાફાસ :** મળસકું હતું ને પૂર્ણ પ્રકાશ થયો ન હતો, તેથી સાલોમી તેમજ માગ્દાલાની મરિયમને ઈસુનો આભાસ થયો હતો તો આ આભાસ વિશે તમારે શું કહેવું છે.

**માગદાલાની મરિયમ :** મી લોર્ડ અમોને કોઈ આભાસ દેખાયો નથી પણ સાચે જ અમે અમારા રાબ્બી ઈસુ ખ્રિસ્તને જ ખરેખર જોયા હતા. હું નમી નમીને કબરમાં ડોકીયાં કરતી હતી અને રુદન કરતી હતી અને જ્યાં ઈસુનું શબ મૂકવામાં આવ્યું હતું ત્યાં મેં બે દૂતને બેઠેલા જોયા. તેઓએ મને પૂછયું, "બાઈ, તું કેમ રડે છે ?" મેં કહ્યું, "તેઓ મારા પ્રભુને લઈ ગયા છે, અને તેઓએ તેમને ક્યાં મૂક્યાં છે તે હું જાણતી નથી. માટે હું રડું છું." એવામાં મારી પાછળ ઊભેલી વ્યક્તિએ મને પૂછયું, "બાઈ, તું કેમ રડે છે ? તું કોને શોધે છે ? તેઓને માળી ધાર્યા અને કહ્યું, "સાહેબ, જો તમે ઈસુને અહીંથી ઊઠાવી લીધા હોય તો તમે તેમને ક્યાં મૂક્યા છે તે મને કહો એટલે હું તેમને લઈ જઈશ." એવામાં તે વ્યક્તિએ કહ્યું "મરિયમ" આ તો ઈસુનો પરિચિત રણકો હતો. મારામાંથી સાત અશુધ્ધ આત્મા કાઢયા, ત્યારે ઈસુએ મને બોલાવી, તે જ રણકો મેં તરત ઈસુને ઓળખ્યા અને હું બોલી ઊઠી રાબ્બોની! (ગુરૂજી) ઉત્થાન પામેલા ઈસુને ઓળખ્યા, અને મને ખૂબ આનંદ થયો."

# પ્રકરણ-૯

# ઈસુના શિષ્યોની તપાસ

**સાહેબ કાયાફાસ :** કેસના લખાણમાં લખવામાં આવ્યું છે કે પિતર અને યોહાન કબરે આવ્યા હતા, તેઓને હાજર કરો.

**પિતર :** મી લોર્ડ, હું અને મારા સાથીદાર યોહાન અમે ઝડપભેર ચાલતા ઈસુની કબરે આવી પહોંચ્યા હતા. યોહાન પહેલો આવ્યો હતો પણ તે હજી કબરમાં પેઠો નહોતો. પણ હું ઈસુની કબરમાં પેઠો તો હું આભો બની ગયો. ત્યાં ઈસુનું શબ તો નહોતું પણ જે મલમલી પટ્ટામાં તેમના શરીરની આસપાસ બોળ અને અગરુના મિશ્રણ ભરવામાં આવ્યા હતાં. તે મિશ્રણને લઈને તે પટ્ટા અરસપરસ ચોંટી ગયા અને માણસનો આકાર પડયો હોય તેવા તે પડેલા હતા. તે પરથી મને લાગ્યું કે જેમ સાપ કાંચળી ઉતારીને એમાંથી નીકળી જાય અને કાંચળી પડી રહે તેમ પ્રભુ ઈસુ પટ્ટાઓમાંથી નીકળી ગયા હતા અને તેમના આકારરૂપે માત્ર વીંટળાયેલા પટ્ટા જ પડયા હતા. અને ચોંટેલા પટ્ટાઓનો મનુષ્ય આકાર દેખાતો હતો અને ઈસુ ખ્રિસ્ત તેમાંથી બહાર નીકળી ગયા હતા. ઉપરાંત માથે બાંધેલો રૂમાલ પણ પટ્ટાઓથી અલગ માથા તરફના ભાગે વાળેલો પડયો હતો આ પરથી મને સંપૂર્ણ ખાતરી થઈ ચૂકી કે અમારા રાબ્બી ઈસુજી પટ્ટાઓમાંથી નીકળી ગયા છે તેમજ પૂનર્જિવિત થયેલા પ્રભુ ઈસુ કબરની બહાર નીકળી ગયા છે અને કબર ખાલી પડી છે.

**યોહાન :** મી લોર્ડ, હું કબરમાં પેઠો હતો મને મારા સાથીદાર પિતરની જેમ જ મને મહા ખાતરી થઈ ચૂકી કે અમારા રાબ્બી ઈસુ ખ્રિસ્ત પુનર્જિવિત થઈને પટ્ટાઓની બહાર તેમજ કબરની બહાર નીકળી ગયા છે. મલમલી પટ્ટાઓ બોળ અને અગરૂના મિશ્રણ દ્વારા ચોંટી ગયેલા મનુષ્ય આકારમાં પડી રહ્યા હતા. અને કોશેટામાંથી પતંગિયું નીકળી જાય તેમ પ્રભુ ઈસુ બહાર નીકળી ગયા હતા આથી ઈસુની કબર ખાલી છે અને અમારા ગુરુજી ઊઠયા છે તેથી હર્ષથી અમે ત્યાં નાચવા તથા કૂદવા અમે ઘરે જઈને બીજા શિષ્યો

અને લોકોને ખ્રિસ્ત ઊઠયા છે તે વિષે જણાવ્યું. એ દિવસે સાંજે અમે બધા જ ઈસુના શિષ્યો ઉપલી મેડી પર બારણા બંધ કરીને અને અંદરથી આગળા ચઢાવીને યહૂદીઓના ભયથી સંતાઈને બેઠા હતા.

અને બારણું ખોલ્યા વગર પ્રભુ ઈસુ અમારી મધ્યે આવીને ઊભા રહ્યા અને અમને તેમણે 'શાલોમ' કહીને સલામી આપી. અમે હર્ષથી નાચી ઊઠયા. કેમ કે તેમના કહ્યા પ્રમાણે તેઓ મૃત્યુમાંથી પાછા ઊઠયા હતા અને સજીવન થયા હતા. ઈસુના નામને ધન્ય હો.

**નામદાર જજ સાહેબ :** આરોપનામામાં આગળ એમ લખેલું છે કે એમ્મૌસ જનારા બે જણને ઈસુનાં દર્શન થયાં હતાં. તેઓને હાજર કરો અને તેઓ જુબાની રજૂ કરે.

**કલીયોપાસ :** મી લોર્ડ, રવિવારની સાંજે હું અને મારો મિત્ર અમે યરુશાલેમથી ગામ એમ્મૌસ જતા હતા. એમ્મૌસ યરુશાલેમથી બેગાઉ એટલે કે અઢી એક માઈલ જેટલું દૂર છે. રસ્તામાં અમે બન્ને જણા ઈસુના પકડાવા તથા મૃત્યુ સંબંધી વાતો કરતા હતા. એવામાં એકાએક ઈસુ જેવી દેખાતી કોઈ વ્યક્તિ માર્ગમાં અમારી સાથે થઈ અને વાતમાં સામેલ થઈ. અમે એમ્મૌસ પહોંચીને ઘરમાં જતા હતા ત્યારે અમે તે અજાણી વ્યક્તિને અમારી સાથે જમવાનું આમંત્રણ આપ્યું. અમે જમવા બેઠા ત્યારે રોટલી ભાંગતાં ઊંચા હાથ કરીને તેમણે ઈશ્વરનો આભાર માન્યો. આ રોટલી ભાંગવાની અને હાથ ઊંચા કરી ઈશ્વરનો આશીર્વાદ માગવાની રીત બીલકુલ પ્રભુ ઈસુની રીત જેવી બરાબર હતી.

વળી તેમના ઊંચા કરેલા બંને હાથોમાં ખીલાના વેહ પણ અમે જોયા તેથી અમને ખાતરી થઈ કે યરુશાલેમ અમે સાંભળેલી વાત કે ઈસુ ખરેખર મૃત્યુમાંથી ઊઠયા છે તે સાચી લાગી. અમે ખૂબ હરખાયા અને જમવામાં વખત ગાળવા કરતાં તરત જ પાછા ઊઠયા અને બીજા શિષ્યોને ખબર આપવા યરુશાલેમ જવા નીકળ્યા.

**કલીયોપાસ :** અમે યરુશાલેમ જઈ ઉપલી મેડીએ પહોંચ્યા ત્યારે ઉપલી મેડીમાં શિષ્યો ભેગા મળ્યા હતા. અમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને સજીવન થયેલા અમારી સગી આંખે જોયા અને તેઓ ખુશ થયા અમે બધા હરખથી એકબીજાને ભેટયા અને ઈસુના નામની જય પોકારી.

**જજ સાહેબ કાયાફાસ :** આક્ષેપપત્રમાં સંત પાઉલનું નામ પણ લખવામાં

આવ્યું છે તેને પ્રભુ ઈસુનાં દર્શન થયાં હતાં તો હવે સંતપાઉલને જુબાની માટે હાજર કરો.

**જજ સાહેબ કાયાફાસ :** ભાઈ પાઉલ, મારી પાસે આવેલ આક્ષેપનામામાં તમારું નામ રજુ કરવામાં આવ્યું છે કે તમને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું દર્શન થયું હતું. તો તમારી સાક્ષી આપશો.

**સંત પાઉલ :** મારી ઓળખાણ આપતાં હું કહીશ : તોપણ દેહ પર ભરોસો રાખવાનું મારે પણ કારણ છે, જો બીજો કોઈ ધારે કે તેને દેહ પર ભરોસો રાખવાનું (કારણ) છે તો તેના કરતા મને વિશેષ છે. આઠમે દહાડે સુન્નત પામેલો ઇસ્રાએલના સંતાનનો, બિન્યામીનના કુળનો, હેબ્રીઓનો હેબ્રી, નિયમશાસ્ત્ર સંબંધી ફરોશી, (ધર્મના) આવેશ સંબંધી મંડળીને સતાવનાર, નિયમશાસ્ત્રના ન્યાયપણા સંબંધી નિર્દોષ પણ જે વાનાં મને લાભકારક હતાં તે મેં ખ્રિસ્તને લીધે હાનીકારક ગણ્યાં. હું તો પહેલાં એવું જ ધારતો હતો કે ઈસુ નાઝારીના નામની વિરુધ્ધ મારે ઘણું કરવું જોઈએ અને મેં યરુશાલેમમાં તેમ કર્યું પણ ખરું મુખ્ય યાજકો પાસેથી સત્તા મેળવીને સંતોમાંના ઘણાને મેં બંદીખાનામાં નંખાવ્યા, અને તેઓને મારી નાખવામાં આવતા હતા ત્યારે મેં તેઓની વિરુધ્ધમાં મત આપ્યો. મેં સર્વ સભાસ્થાનોમાં ઘણીવાર તેઓને શિક્ષા કરીને તેઓની પાસે દુર્ભાષણ કરાવવાનો પ્રયત્ન કર્યો અને તેઓ પર અત્યંત ક્રોધાયમાન થઈને પર રાજ્યનાં શહેરો સુધી પણ મેં તેઓને સતાવ્યા.

એ જ કામને માટે મુખ્ય યાજકો પાસેથી સત્તા તથા પરવાનો મેળવીને હું દમસ્ક જતો હતો તેવામાં, હે રાજા, મધ્યાહ્ને માર્ગમાં સૂરજના તેજ કરતાં પ્રકાશિત એવો આકાશથી આવેલો પ્રકાશ મેં મારી સાથે ચાલનારાઓની આસપાસ જોયો ત્યારે અમે બધા ભોય પર પડી ગયા, પછી એક વાણી મેં સાંભળી. તેણે હિબ્રૂ ભાષામાં મને કહ્યું કે, શાઉલ, શાઉલ તું મને કેમ સતાવે છે ? આરને લાત મારવી તને કઠણ છે, ત્યારે મેં કહ્યું કે, પ્રભુ તું કોણ છે ? પ્રભુએ એટલે કે ઈસુએ મને કહ્યું કે, હું ઈસુ છું જેને તું સતાવે છે.

**એડવોકેટ ગમાલીએલ :** મી લોર્ડ, મીસ્ટર પાઉલ અમારામાંનો છે. તેણે કહ્યું તેમ તે યહૂદી છે.

**એડવોકેટ થાદીતસ :** મી લોર્ડ, તે ખ્રિસ્તી થયેલો અને અમારા પક્ષનો છે અને ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તે દમસ્કના રસ્તા પર તેમને દર્શન આપ્યું ત્યારથી તે તેમની સેવા કરી રહ્યો છે અને હું ખાતરીપૂર્વક માનું છું કે ઈસુ

મૃત્યુંજય બનીને કબરમાંથી નીકળી આવ્યા છે અને ખાલી કબર તેની સાક્ષી છે.

**એડવોકેટ ગમાલીએલ :** મી લોર્ડ, ભારતના પાકિસ્તાનની ઉત્તરે કાદીયાન ગામ છે. ત્યાંના રહીશ મીરઝા ગુલામમહંમદ તેમણે એવો જૂઠો મત ફેલાવ્યો હતો કે આવનાર ઈસુ ખ્રિસ્ત હું પોતે છું. તેમણે દાવો કર્યો હતો કે જો ઈસુ ખ્રિસ્ત કુદરતી મરણ પામ્યા હોય તો જ મારો પોતાનો દાવો સાચો ઠરે. આથી તેમણે આવી કાલ્પનિક યોજના ઘડી કાઢી અને ફેલાવી પણ ખરી, ગુલામ મહંમદે ફેલાવ્યું છે કે ઈસુએ વધસ્તંભ પર યોગ બળે શ્વાસ રુંધી રાખ્યો એટલે ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા પણ તેમને એવા ને એવા મૂર્છાવસ્થામાં કે યોગાસનમાં મરણ પામ્યા વગરના વધસ્તંભેથી ઉતારીને કબરમાં મૂકી દેવામાં આવ્યા હતા. જો તેઓ વધસ્તંભ પર મરણ પામ્યા ન હતા અને કબરમાં એમ ને એમ મૂકી દેવામાં આવ્યા હતા તો કબરમાંથી જીવતા ઊઠવાની વાત ફોક થાય છે.

**એડવોકેટ થાદીતસ :** મી લોર્ડ, ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર યોગ બળે પ્રાણ રુંધી રાખ્યો હતો અને તેઓ વધસ્તંભ પર મરી ગયા ન હતા એ વાત બિલકુલ જૂઠી છે. ઈસુ ખ્રિસ્ત માણસોનાં પાપોને માટે બલિદાન બનવા આવ્યા હતા તો તે સભાન અવસ્થામાં પૂર્ણપણે તે શિક્ષા ભોગવવા ઈચ્છતા હતા અને પૂર્ણ બલિદાન થવા માગતા હતા.

મી લોર્ડ, જ્યારે ઈસુને તરસ લાગી હતી એમ તેમણે કહ્યું ત્યારે તેમને પિત ભેળવેલો સરકો આપવામાં આવ્યો હતો. પણ તેમણે પીધો નહતો, કારણ કે સરકો લીધાથી માણસનું દુ:ખ ઓછું થઈ જાય અને થોડોક અંભાન થઈને દુ:ખ પામતો નથી.

પણ ઈસુ વધસ્તંભનું દુ:ખ પૂરેપૂરી રીતે ખમવા માગતા હતા તેથી તેમણે સરકો લીધો નહિ. એ જ રીતે પાપીઓ માટે પૂરેપૂરું બલિદાન બને તેથી તે પ્રાણાયામ કે પ્રાણરુંધી રાખવા જેવું કશું કરે નહિ. બીજું કે વધસ્તંભ પર તેમને મૂર્છા આવી નહતી અને ઈસુ પૂર્ણપણે સભાન અવસ્થામાં મરણ પામ્યા તો મૂર્છા કે યોગ બળની વાત એ માત્ર મીરઝાની કલ્પના જ છે.

મી લોર્ડ, મીરઝા પોતાની વાતને આગળ લખાવતાં કહે છે કે, મરણ પામ્યા વગર ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા હતા, રાત્રે શિષ્યો આવીને

તેમના શબને ચોરી ગયા. કબરનો ભારે પથ્થર ઈસુએ પોતે અંદરથી ધક્કો મારીને ઉઘાડયો હતો.

મી લોર્ડ, મીરઝા આગળ ચલાવે છે કે શિષ્યોએ ઈસુએ બનાવેલો મલમ ઈસુને લગાડીને વાપરીને સાજા કર્યા. એ પછી ઈસુ માતા મરિયમને તથા શિષ્ય થોમાને લઈને યરુશાલેમથી કાશ્મીરમાં આવ્યા. કાશ્મીરમાં તેઓ એકસો બાર વર્ષ લગી જીવ્યા, લગ્ન કર્યું તેમને સંતાનો થયાં. એમાંનાં કેટલાંક આજ સુધી હયાત છે.

મી લોર્ડ, આ વાત ટૂંકાવું છું કે ઈસુ કુદરતી રીતે મરણ પામ્યા અને હાલ કાશ્મીરમાં રોઝાબેલ વિસ્તારમાં ઈસુની કબર આવેલી છે. આ બધી મીરઝાની જૂઠી અને ઉપજાવી કાઢેલી વાતો છે. ઈસુ કાશ્મીરમાં આવ્યા જ નથી.

**એડવોકેટ થાદીતસ :** મી લોર્ડ, મીરઝા ગુલામ મહંમદની વાત માત્ર કાલ્પનિક અને જૂઠી છે. ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર સભાન અવસ્થામાં માણસોને માટેનું બલિદાન બની ગયા. તેમણે પ્રાણ રોકી રાખ્યા નહતા કે તેમને મૂર્છા આવી નહતી, વધસ્તંભ પર તેઓ મૃત્યુ પામ્યા અને કબરમાં દાટવામાં આવ્યા. શિષ્યો શબ ચોરી ગયા એ વાત અગાઉ આપણે નકારી કાઢી છે. મેં એના બધા ઝીણવટભર્યા રદિયા આપ્યા છે.

ઈસુએ અંદરથી ધક્કો મારીને ભારે પથ્થર ધકેલી દીધો જે પથ્થર ખસેડવા માટે વીસ માણસો જોઈએ એવા પથ્થરને ઈસુ હડસેલી કાઢે એ ગળે ઊતરે એવી વાત નથી.

મરી ગયેલા ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા અને આપણે જોઈ ગયા તેમ તેઓ કબરમાંથી મૃત્યુંજય થઈ બહાર આવ્યા અને ખાલી કબર તેની સાક્ષી છે.

મીરઝા ગુલામની ઉપજાવેલી કાઢેલી વાર્તા હડહડતી જૂઠી છે.

**યહૂદીઓનો એડવોકેટ ગમાલિએલ :** મી લોર્ડ, આ પ્રસંગે તૂરીનના કફન વિષે ઉલ્લેખ કરવો જરૂરી છે. ઈટાલીના તૂરીનમાં એક કફન સૈકાંથી સાચવી રાખવામાં આવ્યું છે. ઈસુ ખ્રિસ્તને એ કફનમાં કબરમાં સુવડાવ્યા હતા અને કોઈ અજાયબ રીતે ઈસુના શરીરની આખી છબી એ કફનમાં ઊતરેલી બતાવી છે.

એ કફનને અવારનવાર જાહેરમાં ખુલ્લું મૂકવામાં આવે છે અને વિજ્ઞાનીઓ અને જાણકારો તે વિષે અભિપ્રાયો આપે છે.

હમણાં તાજેતરમાં વૈજ્ઞાનિકોએ જાહેર પ્રદર્શન કરાવ્યું હતું અને વૈજ્ઞાનિકોએ એવું જાહેર કર્યું કે કફન ઉપર ઈસુના લોહીના કાળા કાળા ડાઘા છે તે લોહી ઈસુ વધસ્તંભ પર હતા ત્યારનું નીકળેલું લોહી છે. પણ કફન પર પીળાશ પડતા ફિક્કા લોહીના જે ડાઘા છે તે લોહી તો ઈસુ વધસ્તંભ પર હતા ત્યારનું નથી પણ ત્યાર પછી વધસ્તંભ પરથી ઉતારી લીધા પછી કફનમાં વીંટાળ્યા ત્યાર પછી નીકળેલું લોહી છે. મરી ગયેલા માણસને લોહી નીકળે નહિ તે પરથી કહેવા માગે છે કે, ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા.

એનો અર્થ એવો થયો કે મરેલા માણસને લોહી નીકળે નહિ એટલે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરી ગયા નહોતા કારણ કે પાછળથી લોહી નીકળ્યું એટલે કે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરી ગયા નહોતા. ફિફ્થ ગોસ્પલના લેખકે એ લખ્યું.

**એડ. થાદીતસ :** મી લોર્ડ, તૂરીનનું કફન એ ઈસુ ખ્રિસ્તનું જ કફન છે એમ આપણે માની શકતા નથી. યોહાન (યોહાન ૧૯:૪૦)માં આપવામાં આવ્યું છે કે યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે તેઓએ ઈસુનું મુડદું લઈને તેને સુગંધી દ્રવ્યો લગાડીને શણના લૂગડામાં લપેટયું. તેમને કોઈ કફનમાં વીંટાળ્યા નહોતા. નીકોદેમસ સો શેરનું બોળ અને અગરનું મિશ્રણ લાવ્યો હતો તે મલમલની પટીઓ દ્વારા ઈસુના હાથોએ ને પગોએ બાંધવામાં આવ્યા હતા. અને પટીઓમાંથી આખું શરીર પણ બાંધ્યું હતું અને આપણે જોયું તેમ ખાલી કબરમાં યોહાન ને પિતરે એ મલમલી વીંટાઓ પડેલા જોયા હતા. ઈસુ પર ચાદર ઓઢાડવામાં આવી નહોતી. તૂરીનનું કફન એ ઈસુ ખ્રિસ્તનું કફન છે જ નહિ. ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યાર પછી ઈસુને મલમલી વીંટાઓ લગાડીને કબરમાં સૂવાડયા હતા અને અઠવાડીયાના પહેલા દિવસે તેઓ કબરમાંથી બહાર નીકળી આવ્યા હતા અને ખાલી કબર તેની નિશાની છે.

**કોર્ટની મારફતે :** આપણે ઈસુના બધા જ શિષ્યોની તપાસ કરી, બધા જ શિષ્યોના ઘેર બેથાનિયામાં, સર્વત્ર તપાસ કરી તો કોઈ જગ્યાએથી ઈસુનું સંતાડેલું શબ મળ્યું નથી. આમ, ઈસુનું શબ કોઈ સ્થળે સંતાડેલું નથી અને કબર પણ ખાલી છે, અને ઉપરની સાક્ષીઓ પરથી માલુમ પડયું છે કે, ઈસુ કબરમાંથી ખરેખર મૃત્યુંજય બનીને ઊઠી ગયા છે અને કબર ખાલી છે. મલમલી વીંટાઓ માટે ગ્રીક ભાષામાં 'સિન્દોન' શબ્દ વાપરવામાં આવ્યો છે. તેનો અર્થ એ થાય છે કે, હિન્દ કે ભારતમાંથી આવેલું મલમલ.

## પ્રકરણ-૭

# યોસેફ અને નીકોદેમસની જુબાની

**જજ સાહેબ :** આરિમથાઈનો યોસેફ અને નીકોદેમસને હાજર કરો. તેમની જુબાની લેવાની રહેશે. આરિમથાઈના યોસેફ, શું આ કબર તમારી પોતાની હતી ? તમે ઈસુને તેમાં શા માટે સુવાડયા ?

**આરિમથાઈનો યોસેફ :** મી લોર્ડ, યહૂદીઓમાંના ઘણા બધા લોકો પોતાને માટે અગાઉથી કબર તૈયાર રાખતા હતા તેવી જ રીતે મેં આ મારી કબર અગાઉથી પથ્થરમાં ખોદી કઢાવી હતી અને ઈસુ ખ્રિસ્ત મારા હતા અને હું તેમનો છૂપો શિષ્ય હતો. કાલવરીની ટેકરી પાસે દમસ્કના રસ્તા આગળ આ



*જજ ચૂકાદો વાંચે છે*

કબર આવેલી હતી. આગળ સાબ્બાથ હોવાને લીધે સમય ઓછો હતો અને કબર પાસે જ હતી એટલે પિલાતની પાસેથી પરવાનગી મેળવ્યા પછી તરત જ અમે ઈસુને સુગંધીઓ લગાડયા પછી અમે તેમના શબને મારી કબરમાં મૂક્યું હતું.

**જજ સાહેબ :** ઈસુના શરીરને તમે કેવી રીતે સુગંધીઓ ભરી હતી ?

**યોસેફ :** ઈસુના શબને અમે વધસ્તંભ પરથી ઉતારીને મલમલી વીંટાઓમાં વીંટાળ્યું હતું. એ પછી મી લોર્ડ, મારા મિત્ર નીકોદેમસે સો રતલ જેટલું બોળ અગરનું મિશ્રણ આણ્યું હતું તે લઈને મેં તથા મારા મિત્ર નીકોદોમસે ઈસુના હાથો અને પગોએ એ મલમલી પટ્ટીઓ બોળ અને સુગંધી દ્રવ્યો લગાડીને વ઼ીંટયા હતા. હાથો અને પગોને એ મલમલી પટ્ટીઓ વીંટી હતી. માથા પર મલમલનો રૂમાલ બાંધ્યો એ પછી અમે ઈસુના શબને પેલી મારી કબરમાં સુવાડયું હતું.

**માગદાલાની મરિયમ :** મી લોર્ડ, આ સુગંધી દ્રવ્ય ઈસુના શબને લગાડવામાં આવ્યું તે બધી ક્રિયા અમે બધી બહેનોએ નજરોનજર જોઈ હતી અને તેમને કબરમાં સુવાડયા તે પણ અમે નજરોનજર જોયું હતું.

# પ્રકરણ-૮

## ખાલી કબર સંબંધી નામદાર જજનો ચુકાદો

**જજ ચુકાદો વાંચે છે.**

આપણે કોર્ટમાં સાક્ષીઓ તરીકે કબરની ચોકી કરનારા, પંદર સિપાઈઓએ અને તેમના સુબેદારે સાક્ષી આપી કે,

અમે કબરને જાપ્તો રાખીને બેઠા હતા, અને ઊંઘતા હતા એવામાં જ જોરથી ધરતીકંપ થયો અને અમે જાગીને જોયું તો કબર અને પથ્થર વચ્ચેની ફાટમાંથી અજબ પ્રકાશનું કિરણ બહાર આવતું હતું અને એ કિરણ વધારે ઝબકારવાળું બની આખો જ પ્રકાશ બહાર નીકળી ગયો અને તે પ્રકાશ આઘો નીકળી ગયો, ત્યારે અમે તેનો પાછલો ભાગ જોયો અને યરુશાલેમમાં જોયેલી ઈસુની પીઠ જેવો જ તે ભાગ હતો અને થોડી વાર પછી ફરી ધરતીકંપ થયો, અને પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો અને બે આકાશી દૂતો ઊતરી આવ્યા તેમાંના એકે કબરનો વજનદાર પથ્થર ઊંચકીને આઘો ફેંકી દીધો અને તે ત્યાં જઈને બેઠો અને બીજો દૂત ઓશીકે બેઠો.

ચોકીદારોને મેં પૂછયું કે, તે પછી તમે શું કર્યું ? તેઓએ જવાબ આપ્યો કે, અમે શહેરમાં વહેલા વહેલા ગયા અને યહૂદીઓના આગેવાનોને મળીને બનેલી અને જોયેલી બધી જ બીના તેઓને કહી સંભળાવી. આ યહૂદી આગેવાનોએ અમને શીખવ્યું કે, તમારે આ પ્રમાણે કહેવું છે કે, અમે રાતે ઊંઘતા હતા ત્યારે તેના શિષ્યો આવીને ઈસુનું શબ ચોરી ગયા. અને એમ કહીએ તો અમારા જાન જોખમમાં આવે, તેથી આગેવાનોએ અમને કહ્યું કે, અમે તમારા જાન બચાવી લઈશું. તેઓએ અમને છારવવા માટે બધાંને નાણાં પણ આપ્યાં.

આ પરથી સ્પષ્ટ દેખાય છે કે, ઈસુ જાતે ઊઠયા અને કબરની બહાર નીકળી ગયા અને કબર ખાલી પડી. આ વાતને ટેકો આપતી વાતો પણ બીજા બધા સાક્ષીઓએ કરી. ખોટી કબરે બહેનો ગઈ હતી, તે પણ જૂઠી કાલ્પનિક

વાતો છે. અને કેટલીક બહેનોને આભાસ દેખાયો એવો દોષ મૂકવામાં આવ્યો, તે પણ ખોટો ઠર્યો.

વળી પિતર તથા યોહાને કબરમાં જોયું ત્યારે મલમલી વીંટાઓ સુગંધી દ્રવ્યોથી ચોંટી ગયેલા, કબરમાં મનુષ્યના આકારમાં પડેલા જોયા અને માથાનો રૂમાલ પણ એક તરફ વીંટિલો પડયો હતો. તેઓએ કહ્યું કે, સાપ કાંચળીમાંથી નીકળી જાય તેની જેમ મલમલી વીંટાઓ મનુષ્ય આકારમાં પડયા હતા અને ઈસુ તેમાંથી નીકળીને કબરની બહાર નીકળી ગયા હતા.

એમ્મૌસ જનારાઓને તેમના દર્શન થયાં, રોટલી ભાંગતાં તેમણે ઈસુના વેહ જોઈને અને તેમની પ્રાર્થના કરવાની રીતે જોઈને ઈસુને ઓળખ્યા હતા. તેઓ પાછા યરુશાલેમ આવ્યા, ત્યારે ઉપલી મેડીમાં તેમણે અને બધા શિષ્યોએ ફરી ઈસુને જોયા. પછીના દિવસે થોમા શિષ્ય પણ ઉપલી મેડીમાં શિષ્યો સાથે હતો, ત્યારે ઈસુના વેહોમાં આંગળી મૂકીને ઈસુને ઓળખ્યા કે પુનરુત્થાન પામેલા ઈસુ તે જ છે.

તે અગાઉ માગ્દાલાની મરિયમ, અને તેની સાથેની સ્ત્રીઓની સાક્ષી પણ આવી ગઈ. તેમણે ઈસુને જોયા હતા. મરિયમે તો ઈસુના પગ પકડયા હતા, અને ઈસુએ તેને 'મરિયમ' કહીને બોલાવી ત્યારે તેણે અવાજ પરથી તેમને ઓળખ્યા કે તે ઈસુ ગુરુ જ છે. તે પછીથી થોડા શિષ્યોને સમુદ્ર કિનારે ઈસુએ દર્શન દીધું તેથી તેમને ખાતરી થઈ કે, તે પુનરુત્થાન પામેલા ઈસુ જ છે.

વળી છેલ્લે પાઉલની સાક્ષી છે કે દમસ્કના રસ્તા પર તેમને પુનરુત્થાન પામેલા ઈસુનું દર્શન થયું અને તેમણે તેની સાથે વાત પણ કરી.

આ બધા જ પુરાવા દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાની ભાખેલી અગમ વાણીઓ જેમ કબરમાંથી ઊઠી ગયા અને બહાર નીકળી ગયા, અને કબર ખાલી પડી.

વળી શિષ્યોએ શબ ચોર્યું છે કે વિરોધીઓએ શબ ચોર્યું છે, એ આપણે જોઈ ગયા કે આરોપો બિન પાયાદાર છે. તેઓ શબ ચોરી શકે એવી કોઈ શક્યતા જ નહોતી. પિતર જેવો શિષ્ય દાસીથી ડરી જઈને ઈસુનો નકાર કર્યો અને યહૂદીઓના ભયથી તેઓ ડરતા ફરતા હતા. વળી કબરનો જાપ્તો રાખવા ૧૬ ચોકીદારો હતા અને પાસ્ખાપર્વના પૂર્ણ ચંદ્રની ચાંદની પૂર્ણ અજવાળું પાથરી રહી હતી અને કબર પરનો મોટો વજનદાર પથ્થર હટાવવા માટે

ઓછામાં ઓછા વીસ જેટલા માણસો જોઈએ અને શબ ચોરવું એ બહુ ચૂપકીદીથી કરવું પડે. એટલે શિષ્યો માટે અને વિરોધીઓ માટે શબ ચોરવાની વાત અશક્ય બની જતી હતી અને શિષ્યો તો શનિવારની રાતે બેથાનીયામાં સંતાઈ રહ્યા હતા. તેથી શિષ્યોએ શબ ચોર્યું નથી.

આ બધા મુદ્દાઓ પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે, ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને કબરમાંથી બહાર નીકળી આવ્યા છે, તેથી કબર ખાલી છે આ મારો ચુકાદો છે.

**ગમાલીએલ :** મી લોર્ડ, મારે મારા સાથી વકીલ થાદીતસને આટલું પૂછવું છે, જગતના ઇતિહાસમાં આપણે કદીએ કોઈ માણસને મરણ પામેલો અને પાછો સજીવન થઈને ઊઠેલો કદી સાંભળ્યો નથી તો ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામ્યા અને કબરમાં દટાયા અને કબરમાંથી જીવતા થઈને બહાર નીકળી આવ્યા એ કેમ માની શકાય.

**થાદીતસ :** મી લોર્ડ, મારા સાથી એડવોકેટ ગમાલીએલને મારે જવાબ આપવાનો કે, "જો આપણે ઈસુ ખ્રિસ્તના સમયમાં જીવતા હોત તો તેમણે નાઈન નગરની વિધવાના એકના એક દીકરાનું મરણ થયું હતું. અને ઠાઠડી ગામને દરવાજે આવી હતી અને ઈસુ ત્યાં થઈને જતા હતા. ઈસુએ ઠાઠડી ઊંચકનારાને થોભી જવા અને ઠાઠડી નીચે ઊતારવા કહ્યું અને ઈસુએ મૃત યુવાનનો હાથ પકડીને તેને કહ્યું કે ઊઠ, અને જુવાન બેઠો થયો. ઈસુએ વિધવાને કહ્યું કે બાઈ, લે તારો દીકરો, મા તો હર્ષનાં આંસુ પાડવા લાગી અને ઈસુને ચરણે પડીને આભાર માનવા લાગી, વળી ઈસુએ યાઐરસની દીકરી મરણ પામેલી હતી તેને ઘેર જઈને તેનો હાથ પકડીને ઊઠાડી ને જીવતી કરી અને ઈસુએ માબાપને કહ્યું કે, તેને ખોરાક આપો."

આ ઉપરાંત ઈસુના જમાનામાં આપણે જીવતા હોત તો તેમણે બેથાનીયાના મરિયમ, માર્થાના એકના એક ભાઈ લાજરસને ચાર દિવસથી મરેલો અને કબરમાં મૂકેલો હતો તેને ઈસુએ જીવતો કર્યો હતો. તે આપણે સાંભળ્યું હોત.

ઈસુ તો તે કુટુંબના મિત્ર હતા અને લાજરસ માંદો થયો તેની ખબર તેમને મળી હતી પણ તે જઈ શક્યા નહિ. ઈસુ બેથાનીયા ગયા ત્યારે તો લાજરસને મરી ગયે ચાર દિવસ થઈ ગયા હતા. ઈસુ કબરે જઈ રહ્યા હતા ત્યારે બહેન મરિયમે કહ્યું કે, ગુરુજી તેને મરી ગયાને ચાર દિવસ થઈ ગયા

છે અને કબરમાં તે કદાચ ગંધાતો હશે. પણ ઈસુ તો કબરે ગયા અને કબર આગળ જઈને ઈસુએ બૂમ પાડી કે "લાજરસ બહાર આવ" અને મલમલી પટાઓમાં વીંટાળેલો લાજરસ બહાર આવ્યો. ઈસુએ કહ્યું કે તેનાં બંધન છોડી નાખો. લાજરસ જીવતો થઈને બહાર આવીને પ્રભુ ઈસુના પગોમાં પડયો અને આભાર માનવા લાગ્યો અને આંસુ સારતાં બહેનોને ભેટયો. આ આપણે ઈસુના સમયમાં (ઈસુનો જન્મ ઈ.સ. પૂ. ૪ અને મૃત્યુ ઈ.સ. ૨૮) જીવતા હોત તો આ બધા સજીવન થયેલાંની વાતો વિષે આપણે સાંભળ્યું હોત.

આપણે ઈસુના સમયમાં જીવતાં હતાં. મેં તો નાઈનની વિધવાના દીકરા અને લાજરસના મૃત્યુમાંથી સજીવન થયા વિષે સાંભળ્યું અને હું તો સત્ય હકીકતની તપાસ કરવા માટે યરુશાલેમથી બેથાનીઆ આવ્યો હતો અને બધી વાતો સાંભળીને બહુ અજાયબ થયો હતો. હું લાજરસને મળીને ભેટયો પણ હતો.

**જજ સાહેબ :** આ મેં પણ વાત સાંભળી હતી અને હું પણ જાત તપાસ કરવાને માટે યરુશાલેમથી બેથાનીઆ ગયો હતો અને થોડા દિવસ પછી થયેલા જમણમાં આમંત્રણ મળવાથી હું પણ હાજર હતો અને જમણમાં પ્રભુ ઈસુને તથા લાજરસને તેમજ બીજા કેટલાક યહૂદી સગાંવહાલાંઓને બેઠેલાં જોયાં હતાં.

**ગમાલીએલ :** મી લોર્ડ, મેં પણ લાજરસની વાત વિષે સાંભળ્યું હતું. હું બહુ નવાઈ પામ્યો હતો.

**થાદ્દીતસ :** મી લોર્ડ, પ્રભુ ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ચારમાં થયો હતો અને તેમના તેત્રીસ વર્ષના જીવનના પાછલા સમયમાં આ લાજરસનો બનાવ બન્યો હતો.

**થાદ્દીતસ :** ઈસુ તો ઈશ્વર હતા અને જીવનના સ્વામી હતા. ઉત્પત્તિ કાળે માટીમાંથી આદમનું પૂતળું બનાવી તેમાં જીવનનો શ્વાસ ફૂંકનાર અને આદમને સજીવન બનાવનાર ઈસુ ખ્રિસ્ત જ હતા. (સરખાવો યોહાન ૧:૧ થી ૩) ઈસુએ પોતે જ કહ્યું હતું કે, "હું રસ્તો, સત્ય તથા જીવન છું." યોહાન ૧૪:૬

મી. લોર્ડ, જે જીવનનો સ્વામી અને જીવનો બક્ષનાર છે તેને મૃત્યુ પોતાના કબજામાં કેવી રીતે રાખી શકે. એ તો ઈશ્વર હતા. એટલે જ તેઓ મૃત્યુંજય બનીને કબરની બહાર નીકળી આવ્યા એટલે જ કબર ખાલી છે.

યોહાન ૨૪:૬ કલમમાં આપણે વાંચીએ છીએ વળી, ઈસુ ખ્રિસ્ત તેને કહે છે "હું સત્ય, રસ્તો તથા જીવન. આમ, તે જીવનનો આપનાર પ્રભુ હતો."

ઈશ્વર વિષેની વાતો ચર્ચા વિચારણા તથા તર્ક બુધ્ધિથી સમજાવી શકાતી નથી. તો મારો ચુકાદો છે કે ઈસુ ખ્રિસ્ત ઈશ્વર હતા અને તે મૃત્યુમાંથી બહાર નીકળી આવ્યા હોઈ શકે તેથી તેમની કબર ખાલી છે.

મી. લોર્ડ, જે જીવનનો સ્વામી અને જીવનનો બક્ષનાર છે તેને મૃત્યુ પોતાના કબજામાં કેવી રીતે રાખી શકે, એ ઈશ્વર હતા. એટલે જ તેઓ મૃત્યુંજય બનીને કબરની બહાર નીકળી આવ્યા એટલે જ કબર ખાલી છે.

**થાદીતસ :** મી. લોર્ડ, શિષ્યો તેમાંયે પિતર જેવો આગેવાન એક દાસી અને ચાકરથી બી ગયો હતો. યહૂદીઓથી બીતા ફરતા હતા. એવા શિષ્યો ઓચિંતા એકદમ બહાદુર અને નિર્ભય બની જાય કે યહૂદીઓના આગેવાનોની આગળ છડેચોક જઈને તેઓને કહેતા હતા કે, આ ઈસુને તમે મારી નાખ્યો. તો આવા શિષ્યો હિંમતવાન બની જાય એની પાછળ તો કોઈ મોટો બનાવ બની ગયો હોવો જોઈએ.

અને એમ જ વળી આજ સુધી શનિવારને સાબ્બાથવાર વિશ્રામવાર તરીકે પાળવામાં આવતો હતો. પણ હવે કેટલાક સમયથી કોઈ કમિટી કે કોન્ફરન્સમાં ચર્ચા કે ઠરાવ કર્યા વિના અઠવાડિયાનો પહેલો દિવસ એટલે રવિવાર પ્રભુવાર બની જાય અને રવિવાર વિશ્રામવાર તરીકે પાળવામાં આવે, તો એની પાછળ પણ મોટું પરિવર્તન લાવનાર જબરજસ્ત બનાવ બની ગયો હોવો જોઈએ.

મારું માનવું છે કે, મોટો અને પરિવર્તન લાવનાર બનાવ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને પુનરુત્થાન પામ્યા અને એમની કબર ખાલી આજ સુધી છે, એ જ આ પરિણામ લાવનાર મોટો બનાવ કહેવાય. કબર ખાલી છે તે બતાવે છે કે ઈસુ પુનરુત્થાન પામીને ઊઠયા છે. આ બધું સાંભળીને ચુકાદો આપ્યો તેમ તે ખરો છે કે ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને કબરમાંથી બહાર નીકળી આવ્યા, અને કબર ખાલી છે.

♣ ♣ ♣

4
15BGAZ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# લેખકનાં પુસ્તકો

- બોલતા આંકડા(અનુવાદ)
- શબગુફાનો શહિદ(અનુવાદ)
- વધસ્તંભની વાટે(પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઈલમાં
- ગુજરાતી બાઇબલનો ઈતિહાસ
- બાઇબલ કોણે લખ્યું ? ડ્રામા
- ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગે(અનુવાદ)
- ચોથા માગીની કથા(અંગ્રેજીને આધારે)
- અજાયબ ભવિષ્યવચનો - મુક્તિ યોજનાનાં સાત પર્વ
- ઈસુ જીવન દર્શન - સચિત્ર(બાળકો માટે)
- અનોખી ઈઝરાયલ પ્રજા(ચાર આવૃત્તિ)
- બાઇબલ અભ્યાસ(બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ
  ભાગ ૧ થી ૧૦) પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ
- માનવીના દુ:ખમાં ઈશ્વર ભાગ લે ખરો ?(ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ
- યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ?(બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન(પુનર્મુદ્રણ)
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઈઝરાયલ અને બાઈબલ(બીજી આવૃત્તિ)
- ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ(ચાર્ટસ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ)
- બાઇબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ(ભાગ ૧)
- બાઇબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ(ભાગ ૨)
- જોષ જોવાનું પાપ(બીજી આવૃત્તિ)
  બાઇબલનો શબ્દકોશ
- આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસ
  (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- ઈસુના પગલે પગલે
- અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ
  (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- બાઇબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ
- માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ?
- તમારા સંજોગોના સંચાલક
- ખાલી કબરનો ચુકાદો
- વિશ્વવ્યાપી જળપ્રલય